સર્વ વિદ્યાલય, કડીના

# ઋષિકુળ પરંપરાના આચાર્ય

## શ્રી મનુભાઈ જે. પટેલ અભિવાદનગ્રંથ

સંપાદક : મણિભાઈ પ્રજાપતિ



સર્વ વિદ્યાલય, કડીના

# ઋષિકુળ પરંપરાના આચાર્ય

શ્રી મનુભાઈ જે. પટેલ અભિવાદનગ્રંથ

શ્રી મનુભાઈ પટેલનું સન્માન થઈ રહ્યું છે, એ વાત જાણીને મને હરખ થયેલો. વર્ષો વીતે પછી પણ સાર્થક વૃદ્ધત્વનું સન્માન થાય એ ઘટના ખરેખર રળિયામણી ગણાય. ગાંધીયુગમાં એવું પર્યાવરણ (ભાવાવરણ) તૈયાર થયું કે ગામના કે તાલુકાના કોઈ યુવાનને સેવક તરીકે જીવન પસાર કરવાનું મન થાય. આવો કોઈ સેવક સંસારમાં રહીને અન્ય માટે કંઈક કરી છૂટવામાં અનોખો પરિતોષ પામે છે. ગાંધીયુગમાં કેટલાય સેવકો ગ્રામકક્ષાએ કે તાલુકાકક્ષાએ ઊગી નીકળે ત્યારે એ ગામ જુદું પડી આવતું જણાય છે. મનુભાઈ આવા ઊગી નીકળેલા સેવક તરીકે આજે પણ જીવી રહ્યા છે.

આચાર્ય ગરીબ હોય તો ચાલે, પણ ગરીબડો હોય તે ન ચાલે. આચાર્ય નમ્ર હોય તે ચાલે, પણ નમાલો હોય તે ન ચાલે. આચાર્ય હોવું તે જેવીતેવી સંપ્રાપ્તિ નથી, એવું બ્રિટિશ વડાપ્રધાન અને મોટા ગજાના લેખકશ્રી વિન્સ્ટન ચર્ચિલે કહ્યું હતું. મનુભાઈ ખરા અર્થમાં આચાર્ય હતા, લાચાર્ય ન હતા. તેઓ વારંવાર અમેરિકા જતા હોય છે, ત્યાંથી પણ ક્યારેય મને ફોન કરવાનું ચૂકતા નથી. દરેક ગામમાં એક મનુભાઈ હોવા જોઈએ.

— **ગુણવંત શાહ**

●

મુ. મનુભાઈ વિશે લખવાનો અવસર આવ્યો, એ બહુ જ સારું લાગ્યું મને. જીવનમાં મળેલાં કેટલાંક વ્યક્તિત્વ હૃદયમાં આનંદ અને આદરનો આત્મીયભાવ જગવતાં હોય છે, મનુભાઈ એ માંહેલા છે. એ એક સજ્જ વિદ્યાર્થીવત્સલ ને એટલા જ વિદ્યાવ્યાસંગી. એમના વ્યક્તિત્વનો જે વિશેષ એ પહેલી મુલાકાતમાં પમાયો ને ઉત્તરોત્તર પાકો થતો ગયો એ હતો કે સાર્વજનિક જીવન વિશે રચનાત્મક મૂલ્યે રસાયેલ સહજ ઝુકાવ એમનો છે.

— **પ્રકાશ ન. શાહ**

સર્વ વિદ્યાલય, કડીના

# ઋષિકુળ પરંપરાના આચાર્ય

## શ્રી મનુભાઈ જે. પટેલ અભિવાદનગ્રંથ

સંપાદક

**મણિભાઈ પ્રજાપતિ**

**સર્વ વિદ્યાલય કેળવણી મંડળ**
કડી 2024

Sarva Vidyālaya Kadinā
Rushikul Paramparānā Āchārya
Shri Manubhai J. Patel Abhivādangranth
Edited by Manibhai Prajapati.
Published By Vallabhbhai M. Patel
Chairman, Sarva Vidyalay Kelavani Mandal, Kadi-382715

પ્રથમ આવૃત્તિ : જાન્યુઆરી, 2024

પૃષ્ઠ : 20+376

કિંમત ₹ 700

પ્રકાશક
વલ્લભભાઈ એમ. પટેલ
ચૅરમૅન
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ,
સર્વ વિદ્યાલય કૅમ્પસ, રેલવે સ્ટેશન સામે,
કડી, જિ. મહેસાણા, ગુજરાત - 382715

લે-આઉટ-ટાઇપસેટિંગ
શારદા મુદ્રણાલય
201, તિલકરાજ, પંચવટી પહેલી લેન, આંબાવાડી, અમદાવાદ-6.
ફોન : 079-26564279 ઇ-મેઈલ : sharda.mudranalay@gmail.com

મુદ્રક
ભગવતી ઑફસેટ
સી/12, બંસીધર એસ્ટેટ, બારડોલપુરા, અમદાવાદ-380 004
M. 9825326202 email : bhagwatioffset@yahoo.com

वागर्थाविव संपृक्तौ वागर्थप्रतिपत्तये ।
जगतः पितरौ वन्दे पार्वतीपरमेश्वरौ ।।

(कालिदास, रघु. १/१)


મારા શિક્ષકત્વ/આચાર્યત્વના ઘડતરમાં જેમનાં જ્ઞાન-ભક્તિ-કર્મયોગથી રસાયેલા વિશુદ્ધ આચરણમાંથી મને પ્રત્યક્ષ યા પરોક્ષ રીતે જીવન જીવવાનું સંતર્પક ભાથું મળ્યું છે તેવા શિક્ષણ/સમાજજીવનના પ્રાતઃવંદનીય મૂઠી ઊંચેરા જ્યોતિર્ધરો, સર્વશ્રી :



પૂ. છગનભા
(1863-1940)



શ્રી માણેકલાલ એમ. પટેલ
(1926-2012)




શ્રી છગનભાઈ કા. પટેલ
(1902-1971)



શ્રી નાથાભાઈ ના. દેસાઈ
(1909-1971)



શ્રી મોહનલાલ પટેલ
(1927-2020)



ડૉ. દ્વારકાદાસ જોશી
(1917-2009)



ડૉ. વસંત પરીખ
(1929-2007)

ની પાવનસ્મૃતિમાં ૠણસ્વીકારની ભાવના સાથે

'त्वदीयं वस्तु तुभ्यम् समर्पये'

સાદર અર્પણ

સ્થળ : કડી
તા. 21 જાન્યુઆરી, 2024

**મનુભાઈ જે પટેલ**

ગુજરાતને ઘડનાર જે સંસ્થાઓ છે, જેનાથી ગુજરાત ઊજળું છે તેમાં સર્વ વિદ્યાલય સંસ્થાનું સ્થાન ગૌરવભર્યું છે એની યાત્રાએ આવવાનું મળ્યું એને હું મારું સદ્ભાગ્ય ગણું છું

કડી **સ્નેહરશ્મિ**
13-8-88

*

લગભગ વીસ વર્ષ પછી ફરીથી આ સંસ્થાની મુલાકાત લેતાં ત્યારનાં સ્મરણો અને આજના ભાવો મારા દિલમાં ઊઠ્યાં. સંસ્કારો, ભણતર અને આદર્શનો મંગળ સુમેળ છે. એની શુભ અસર સૌના મન ઉપર પડે એ સ્પષ્ટ વર્તાય છે. આચાર્યશ્રી મનુભાઈ ભાવનાશીલ આદર્શ આચાર્ય છે. આજના યુવાનો એક નવી ને પડકાર ભરેલી દુનિયામાં જવાના છે. એ માટે ઉત્તમ તૈયારી ને પ્રેરણા એમને અહીંયાં મળતાં રહો.

કડી **ફાધર વાલેસ**
10-3-89

# મૂલ્યનિષ્ઠ બહુમુખી પ્રતિભાનો દસ્તાવેજ

આકાશ ભણી નજર કરીએ, ત્યારે સાહજિક રીતે જ આપણને સૌથી પહેલાં ઝળહળતો સૂર્ય નજરે પડે છે, પણ એની આજુબાજુ રચાયેલાં તેજવલયો કે હસતાં-રમતાં વાદળાંઓ કે પછી ક્યાંક આકાશી વાદળી રંગમાં ઊપસેલી ભાત એ સઘળું દૃષ્ટિગોચર થતું નથી.

એવી રીતે શિક્ષકને આપણે માત્ર શિક્ષક તરીકે જોઈએ, જાણીએ અને નાણીએ, તો તે સાચા શિક્ષકની પ્રતિભાને ઘણી વાર અન્યાયકર્તા બની રહે છે. હકીકતમાં તો શિક્ષક એ પોતાના જ્ઞાનનું, સંવેદનાનું, આચરણનું, વિચારનું અને કાર્યનું પોતાના વિદ્યાર્થીઓમાં રૂપાંતર સાધે છે અને આ રૂપાંતર સાધવા માટેનો એનો પુરુષાર્થ એ જ એનું ખરેખરું શિક્ષકત્વ.

આવા શિક્ષકત્વનું આકાશદર્શન આપણે 'ઋષિકુળ પરંપરાના આચાર્ય' એ શ્રી મણિભાઈ પ્રજાપતિ સંપાદિત ગ્રંથમાંથી પામી શકીએ છીએ. ૩૭૬ પૃષ્ઠો અને ૧૨૦ લેખોમાં વિવિધ ક્ષેત્રની વ્યક્તિઓએ અર્વાચીન કાળના ઋષિપરંપરાના આચાર્ય એવા શ્રી મનુભાઈ જે. પટેલના જીવનનો સંપૂર્ણ અને સર્વગ્રાહી પરિચય મળી રહે, તેવો પ્રયાસ કર્યો છે. સર્વવિદ્યાલય કડીએ ગુજરાતના શૈક્ષણિક જગતમાં ઘણા મહત્ત્વનાં પ્રદાન કર્યાં છે, પણ એનું એક પ્રદાન અનન્ય બની રહેશે. એણે એ સંસ્થાના પ્રથમ પાંચ આચાર્યોના ચરિત્ર-ગ્રંથો આપ્યા છે. કોઈ સંસ્થા દ્વારા ભાગ્યે જ આવું કાર્ય થતું હશે કે જે સંસ્થા એના પાયાના ઘડતરમાં મહત્ત્વનું પ્રદાન કરનાર આચાર્યોનાં ચરિત્રો આલેખીને સંસ્થાની કેળવણીવિષયક વિભાવના પ્રગટ કરવાની સાથોસાથ આચાર્યપદની ગરિમાની ઓળખ આપતી હોય.

એ ઋષિકુળની પરંપરાનો પાંચમો મણકો એટલે આદરણીયશ્રી મનુભાઈ જે. પટેલનો આ અભિવાદન ગ્રંથ. એક અર્થમાં કહીએ તો આ ચરિત્ર-ગ્રંથનું અધ્યયન એ પ્રત્યેક શિક્ષકને માટે પ્રગતિની પગદંડી બની રહેશે. વળી એમાં પણ આ ગ્રંથના સંપાદક શ્રી મણિભાઈ પ્રજાપતિએ પોતાની આગવી સંપાદન સૂઝથી આમાં સમાવેશ પામેલા લેખોને સાત વિભાગમાં વર્ગીકૃત કરીને આચાર્યશ્રી મનુભાઈ પટેલના સમગ્ર જીવનનો સર્વાંગી પરિચય આપવાનો પ્રયાસ કર્યો છે. વિશેષ તો એમની સાથેની પ્રશ્નોત્તરી રજૂ કરીને એને પૂરો ઘાટ આપ્યો છે. જેમ કોઈ સ્થપતિ મૂર્તિને આખરી ઓપ આપે તેમ.

સામાન્ય રીતે આપણે વિનોબા ભાવેનું એ સૂત્ર વારંવાર પ્રયોજીએ છીએ કે 'આચાર

શીખવે તે આચાર્ય', પરંતુ આ આચાર્ય શ્રી મનુભાઈ પટેલ એવા આચાર્ય છે કે જે વિદ્યાર્થીઓને જ નહીં, બલ્કે પોતાની આસપાસના સમાજના શિક્ષણની ચિંતા કરે છે. પોતાના વતનમાં વિદ્યાનું તેજ પ્રસરે તે માટે શિક્ષણ- સંસ્થા અને હૉસ્પિટલ સર્જે છે. એ સમાજમાં પ્રવર્તતી અંધશ્રદ્ધાનું નિવારણ કરીને એને નવું બળ આપે છે, તો મૂઠી ઊંચેરા માનવીઓ જેવા સાહિત્યકારો અને સમાજસેવકોને પોતાના વિદ્યાધામમાં બોલાવીને વિદ્યાર્થીઓની આંખમાં ઊર્ધ્વ ભાવોનું આંજણ આંજ્યું છે. સર્વોદય અને ગાંધીવિચારને પોતાના જીવનકાર્યમાં ઉગાડે છે. આ એક એવો શિક્ષક છે કે જેને નાની કે સામાન્ય વ્યક્તિઓ તરફ સૌહાર્દ, સાથીઓ પ્રત્યે સંવેદના, જીવનવ્યવહારમાં પ્રમાણિકતા અને વહીવટી પારદર્શકતાનો પરિચય આપ્યો છે. આમ આ એક ગ્રંથ એવા આચાર્યની ઓળખ આપે છે કે જેમનું ભીતર અને બાહ્ય બંને એકરૂપ છે.

૧૯૫૮માં પિલવાઈની શેઠ જી. સી. હાઈસ્કૂલના શિક્ષક તરીકે આરંભેલી એમની કામગીરી આજે સર્વવિદ્યાલય કેળવણી મંડળ કડીના પ્રમુખ તરીકેના મુકામ સુધી પહોંચી છે. એક સંનિષ્ઠ આચાર્ય, વિચારશીલ કેળવણીકાર, સંવેદનશીલ માનવી, સર્વત્ર સંવાદના ચાહક એવા આ કેળવણીના કર્મયોગીને એક અનેરું સન્માન પ્રાપ્ત થયું છે અને તે કડીમાં સંચાલિત એમ. એડ્. કૉલેજનું નામાભિધાન 'આચાર્યશ્રી મનુભાઈ જે. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન' રાખવામાં આવ્યું તે છે. શિક્ષણ પ્રત્યેની અગાધ આસ્થા અને સંસ્થા પ્રત્યેના અતૂટ લગાવનું જ આ મનોહર અને મનભર પ્રતિબિંબ છે.

આવા શિક્ષણના ઋષિની કેટલીય ઘટનાઓ આ અભિવાદન ગ્રંથમાંથી પ્રાપ્ત થાય છે અને એ જ ભાવિ પેઢીને માટે એક માર્ગસૂચક બની રહે છે. એક ઋષિતુલ્ય આચાર્યશ્રીની મનોસૃષ્ટિ અને કાર્યસૃષ્ટિનો વિવિધ ક્ષેત્રની વ્યક્તિઓ દ્વારા પરિચય પ્રાપ્ત થાય છે; જેમ કોઈ કલાકાર એક પછી એક રેખા દોરીને અને એમાં રંગ પૂરીને સમગ્ર ચિત્ર સર્જે તેમ. આ માટે આપણે ગ્રંથ-સંપાદક શ્રી મણિભાઈ પ્રજાપતિના પણ આભારી છીએ.

**ડૉ. કુમારપાળ દેસાઈ**

# ચેરમૅનશ્રીનું નિવેદન

પૂજ્ય છગનભાની તપોભૂમિ એવા સર્વ વિદ્યાલય, કડીના પ્રથમ પાંચ આચાર્યશ્રીઓ સર્વશ્રી પૂ. પોપટભાઈ પટેલ સાહેબ, પૂ. શ્રી બાપુભાઈ ગામી સાહેબ, પૂ. શ્રી નાથાભાઈ દેસાઈ સાહેબ, પૂ. શ્રી મોહનલાલ પટેલ સાહેબ અને પૂ. શ્રી મનુભાઈ પટેલ સાહેબ – તેમની મેધાવીપ્રતિભા સંપન્ન કેળવણીપુરુષ હોવા ઉપરાંત સંસ્થાને પૂર્ણતઃ સમર્પિત અને પ્રતિબદ્ધ બની રહેતાં જનસમાજમાં ઋષિકુળ પરંપરાના આચાર્યશ્રીઓ તરીકે ખ્યાતિ પામ્યા. આ સૌના આચાર્યત્વની સુવાસ આજે પણ પરિસરમાં મહેકી રહી છે. આ શ્રદ્ધેય ગુરુવર્યોની અણીશુદ્ધ કર્તવ્યપરાયણતા અને મંડળના સેવકોનાં અડગ સમર્થન, સંકલ્પબદ્ધત્તા અને ઉમદા સેવાભાવનાના કારણે કડી **'ઉત્તર ગુજરાતનું કાશી'**, **'કડી સોનાની દડી'** અને **'No Study Without Kadi'** જેવી સૂક્તિઓથી અલંકૃત થયું. આજનું સર્વ વિદ્યાલય એક અનોખા શિક્ષણધામ તરીકે ઓળખ પામ્યું છે, તેમાં આ સૌનો કૃતસંકલ્પ વિદ્યાકીય પુરુષાર્થ રહ્યો છે, જેમની ઋણસ્વીકારની ભાવના સાથે નોંધ લઈ આ સૌને અભિવંદના પાઠવું છું.

આચાર્યશ્રી મનુભાઈ પટેલ સાહેબ ઋષિકુળ પરંપરાનું નિર્વહન કરનાર સર્વ વિદ્યાલયના પાંચમા આચાર્ય. તેમણે ૧૯૮૫-૧૯૯૫ સુધી સેવાઓ આપીને સર્વ વિદ્યાલયની મૂલ્યવર્ધિત ગુણવત્તાશીલ શિક્ષણ પૂરું પાડવાની શાખને દ્રઢતર કરવાની સાથે તેના સૌહાર્દ અને સમરસતાપૂર્ણ વાતાવરણનું ઘડતર કરીને તેની ઊર્ધ્વગતિએ વિકાસકૂચના શ્રેયના અધિકારી બની રહ્યા હતા. અધ્યયન-અધ્યાપન ઉપરાંત વિદ્યાર્થીઓના સંસ્કારઘડતરમાં તેમનો પ્રશસ્ય ફાળો રહ્યો છે. પૂજ્ય સાહેબશ્રીનો હું પ્રત્યક્ષ વિદ્યાર્થી રહ્યો છું એટલે તેમનાં શિક્ષકત્વ-આચાર્યત્વ-કુશળ પ્રશાસકનાં પાસાંથી સુપરિચિત છું. આ ઉપરાંત મારા પૂજ્ય પિતાશ્રી સદ્‌ગત ચેરમૅન શ્રી માણેકલાલ પટેલ સાહેબ સાથે તેમના ઉષ્માપૂર્ણ સંબંધો રહ્યા હોવાથી આચાર્ય સાહેબનાં કાર્યપ્રણાલિ અને આચારવિચારની વાતો પ્રસંગોપાત્ત મને કરતા રહ્યા હતા, તેથી હું તેમનાં વિદ્વત્તા અને કાર્યપ્રણાલિથી વિશેષ પરિચિત રહ્યો છું. મારા પિતાજી અને પૂ. સાહેબ વચ્ચે સૌહાર્દપૂર્ણ સંબંધો રહ્યા હતા. પરિણામે તેમના જ આગ્રહથી આચાર્ય સાહેબે વયોચિત સેવાનિવૃત્ત થયા બાદ કડીમાં કૅમ્પસ ડાયરેક્ટર અને ત્યાર બાદ મંત્રીશ્રી તરીકે સેવાઓ આપી હતી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ પ્રતિ તેમની આસ્થા અને સંસ્થાભક્તિ અસાધારણ રહી હોવાથી સમયાન્તરે 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ'ના પ્રમુખપદે રહ્યા અને ઑગસ્ટ ૨૦૨૩થી 'સર્વ વિદ્યાલય કેળવણી

મંડળ'નું પ્રમુખપદ સ્વીકારીને આપણને ઉપકૃત કર્યા છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તેના આચાર્યશ્રીઓ અને સમગ્ર પરિવાર માટે તેમનાં ક્રિયાશીલતા અને વિદ્યાકીય પુરુષાર્થ માટે ગૌરવની લાગણી અનુભવવાની સાથે તેમના સન્માનમાં પોતાનું સન્માન ગણતું આવ્યું છે. મંડળે આ પૂર્વે સદ્‌ગત આચાર્યશ્રીઓ પૂ. બાપુભાઈ ગામી સાહેબ, પૂ. નાથાભાઈ દેસાઈ સાહેબ અને પૂ. મોહનલાલ પટેલ સાહેબના ચરિત્રગ્રંથોના પ્રકાશનમાં સક્રિય સહયોગ આપ્યો છે. આ પરંપરાના અનુસંધાનમાં સેવાનિવૃત્ત આચાર્યશ્રી અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રવર્તમાન સન્માનનીય પ્રમુખ પૂજ્ય મનુભાઈ પટેલ સાહેબના સન્માનમાં અભિવાદનગ્રંથ અર્પણ કરવામાં આવનાર છે. પૂજ્ય સાહેબશ્રીએ અમને આ હેતુ અનુમતિ પ્રદાન કરી તે માટે અમે તેમના ઋણી છીએ. અલબત્ત, આ અનુમતિ પણ તેમણે કંઈક ઉદાસીનતા અને મનોમન વેદના અનુભવવા સાથે અમારા આગ્રહને વશ થઈને આપી છે, તે નોંધવું જ રહ્યું! અમારા સ્નેહાદર સાથેના આગ્રહને સ્વીકારતાં તેમને ઠેસ પહોંચી જ હશે. આ માટે અમે ક્ષમાપ્રાર્થી છીએ.

હું જાણું છું કે તેઓશ્રી સમાજને કંઈક આપવાના પક્ષધર રહ્યા છે, નહીં કે લેવાના. જેનું તાજું ઉદાહરણ એ છે કે વતન ચાણસ્માની ૬૪ પ્રતિભાઓનું ગૌરવપૂર્ણ અભિવાદન કરવાના કાર્યના પોતે મોભી બની રહ્યા, પરંતુ તેમાંથી પોતાની જાતને દૂર રાખી. તેમની આ ત્યાગભાવના અભિનંદનીય છે.

આવા મૂઠી ઊંચેરા ગરવાપુરુષ અને શિક્ષણવિદ પૂજ્ય શ્રી મનુભાઈ પટેલ સાહેબના અભિવાદનગ્રંથ માટે સમાજજીવનના અનેકવિધ સુજ્ઞજનોએ અહોભાવપૂર્વક સંસ્મરણાત્મક અને તેમના બહુઆયામી પ્રદાનને ઉજાગર કરતા લેખો મોકલી આપીને અમારું સ્વપ્ન સાકાર કર્યું છે. આ સૌનો સર્વ વિદ્યાલય પરિવાર વતી આભાર માનું છું. મને પૂર્ણ શ્રદ્ધા છે કે આ ગ્રંથ શિક્ષકો અને આચાર્યોના જીવનપથને પ્રોજ્જ્વલિત કરનાર દીપસ્તંભ સમાન બની રહેશે.

એક હકીકત છે કે માતા-પિતા અને ગુરુનું ઋણ કદાપિ ચૂકવી શકાતું નથી અને તેથી ઋણમુક્ત થવાની ભાવનાથી નહિ, પરંતુ પૂજ્ય આચાર્યશ્રી મનુભાઈ સાહેબનું ગૌરવગાન કરતાં સર્વ વિદ્યાલય પરિવાર કૃતજ્ઞતાની લાગણી અનુભવે છે. પૂજ્ય સાહેબશ્રી સુસ્વાસ્થ્ય સાથે શતાયુ બની રહી અમારો માર્ગ પ્રશસ્ત કરતા રહે તેવી ઈશ્વરને પ્રાર્થના.

કડી

તારીખ : ૨૮ ડિસેમ્બર, ૨૦૨૩

**વલ્લભભાઈ એમ. પટેલ**

પ્રેસિડેન્ટ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર

ચૅરમૅન, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર

ચૅરમૅન, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી

•

# સંપાદકીય

ભારતીય સાહિત્યના શ્રેષ્ઠ નાટ્યકાર અને મહાકવિ કાલિદાસે પોતાના વિશ્વવિખ્યાત નાટક **'अभिज्ञानशाकुन्तलम्'** (૭.૩૫)ના ભરતવાક્યમાં કહ્યું છે કે **'सरस्वती श्रुतिमतां महीयातम्'** (વિદ્વાનોની વાણી સન્માન પામે)ના હાર્દને આત્મસાત્ કરીને ઉચ્ચ ગુણવત્તાશીલ શિક્ષણ થકી સમાજોત્કર્ષ માટે કૃતસંકલ્પ 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', કડીના સેવાપરાયણ આર્ષદ્રષ્ટા કર્ણધારો દ્વારા પોતાના સેવાનિવૃત્ત પ્રથિતયશ કેળવણીપુરુષ આચાર્ય અને વર્તમાનમાં પ્રસ્તુત મંડળના પ્રમુખ તરીકે સેવાઓ આપી રહેલા શ્રી મનુભાઈ જે. પટેલ સાહેબના (૧૯૩૭) જાહેર અભિવાદન સમારોહનું આયોજન કરીને તેમને અભિવાદનગ્રંથ અર્પણ કરીને સન્માનિત કરવાનું નક્કી કરવામાં આવ્યું, તેનું સુફળ એટલે પ્રસ્તુત અભિવાદનગ્રંથ.

આ ગ્રંથ હેતુ પૂજ્ય શ્રી મનુભાઈ પટેલ સાહેબ સાથે જેમનો એક યા બીજા સ્વરૂપે અંતરંગ નાતો રહ્યો છે તેવા શિક્ષકો, આચાર્યો, વિદ્યાર્થીઓ, અધિકારીઓ, સંબંધિત કેળવણી મંડળોના અધિષ્ઠાતાઓ, સ્નેહીજનો, વતન ચાણસ્માનાં સ્નેહીજનો, કુટુંબીજનો વગેરેને તેમનાં સ્નેહસંભારણાં, પ્રદાન વગેરે બાબતોને આવરી લેતા લેખો મોકલી આપવા વિનંતીપત્રો પાઠવવામાં આવ્યા હતા. અમારા આશ્ચર્ય વચ્ચે અમને નવતર અનુભવ થયો કે આ સૌ આમંત્રિતોને કોઈ સ્મૃતિ અપાવવાની પણ જરૂર ન પડી. આ ઉપરાંત કેટલાકે આ ગ્રંથના સંપાદન સંદર્ભે અન્ય સ્રોતોના માધ્યમથી જાણ્યું તેમણે પણ હરખભેર પોતાના લેખો મોકલી આપ્યા. હવે તો પૂજ્ય સાહેબશ્રી ૮૭ વર્ષ પૂર્ણ કરીને ૮૮મા વર્ષમાં પ્રવેશી ચૂક્યા છે અને સેવાનિવૃત્ત થયે ૨૮ વર્ષ જેટલો સમયગાળો પસાર થઈ ગયો હોવા છતાં પ્રાપ્ત લેખો પૈકી ઘણા લેખો તો પિલવાઈમાં શિક્ષક તરીકે ૧૯૫૮માં કારકિર્દી શરૂ કરી હતી ત્યારથી શરૂ કરી ૧૯૬૭થી ૧૯૮૫ સુધી સિપોરમાં એક અનોખા આદર્શ આચાર્ય તરીકે ગુજરાતભરમાં ખ્યાતિ પામ્યા હતા તે સમયગાળાના છે. આ બાબત જ તેમનાં વિદ્યાર્થીવત્સલતા અને નીવડેલ કેળવણીપુરુષનાં દ્યોતક બની રહે છે. આ શિક્ષક/આચાર્ય તો કવિવર ઉમાશંકર જોશીને અભિપ્રેત એવા :

> ***'બાળકને જોઈ જે રીઝે, રીઝે બાળક જોઈ જેને,***
> ***સ્નેહલ સૂરત વત્સલ મૂરત, હૃદય હૃદયનાં વંદન તેને'***

હોઈ સૌ કોઈના સન્માનના અધિકારી બની રહે તે સ્વાભાવિક છે.

પ્રસ્તુત જ્ઞાનયજ્ઞના ઋત્વિજો એવા લેખકોએ લેખસ્વરૂપે આહુતિ આપતાં આ

અભિવાદનગ્રંથ તૈયાર થઈ શક્યો છે. આ માટે આ સૌ પ્રતિ અંતઃકરણપૂર્વક આભારની લાગણી વ્યક્ત કરું છું. આ લેખોનું સાદ્યંત અધ્યયન કરતાં સ્પષ્ટ પ્રતીત થયું છે કે પૂજ્ય મનુભાઈ સાહેબે સંપન્ન કરેલાં બહુવિધકાર્યો તેમજ તેમનું ઊજળું અને પ્રેરણાદાયી શિક્ષકત્વ/આચાર્યત્વને લેખકોએ ઉજાગર કરી આપીને તેમના ભાવિ ચરિત્રકારને કાચી સામગ્રીની ખાણ ધરી દીધી છે અને આ સાથે આપ સૌના હૃદયના ઊંડાણમાં સ્થિત પૂજ્ય સાહેબ પ્રત્યેના આદર અને સ્નેહભાવનાં પણ દર્શન થાય છે. આશા છે કે આ અભિવાદનગ્રંથ તેના વાચકો અને સવિશેષતઃ શિક્ષકો/આચાર્યોના ઊર્ધ્વતર વિકાસ માટે પ્રેરણાદાયી બની રહેશે.

પ્રાપ્ત લેખો પૂ. સાહેબશ્રીનાં અનેકવિધ પાસાંને આવરી લેતા હોવાની સાથે બધા જ લેખકોએ વત્તા-ઓછા પ્રમાણમાં વિવિધ પાસાં વિશે પોતાના અનુભવોની પ્રસ્તુતિ કરી છે. અને તેથી જ વિવિધ ક્ષેત્રોનાં લેખકોના આધારે નીચે દર્શાવ્યા મુજબનાં પ્રકરણોમાં લેખો વર્ગીકૃત કરીને રજૂ કરવામાં આવ્યા છે.

૧. ગુરુવર્યો, કર્મશીલો તથા શિક્ષણવિદોના પ્રતિભાવો

૨. સર્વ વિદ્યાલય પરિવારનો શ્રદ્ધાભાવ

૩. શિષ્યોની ગુરુવંદના

૪. શિક્ષક/આચાર્ય/કર્મચારી પરિવારનાં સ્નેહસંભારણાં

૫. સ્નેહીજનોની સ્નેહવર્ષા

૬. વતનનાં વહાલ

૭. કુટુંબીજનો અને સગાં-સંબંધીઓની અભિવંદના

આ પ્રમાણે વિભાજન કરતાં પણ કેટલાક પ્રશ્નો અનુત્તર રહે છે. જેમ કે, કેટલાક લેખકોના એકથી અધિક સ્તરના સંબંધો અને અનુભવો સાહેબશ્રી સાથે રહ્યા છે, જેમ કે, કોઈ પ્રારંભમાં વિદ્યાર્થી હોય અને સમયાન્તરે શિક્ષક/આચાર્ય, મંડળના સંચાલક, વતનના સાથી, કૌટુંબિક સંબંધ વગેરે. આ સમસ્યાના કારણે આ બધા લેખો લેખકના સાહેબશ્રી સાથેના સંબંધના કે લેખકની પ્રતિભાના કોઈ એક સુસંગત પાસા હેઠળના પ્રકરણમાં સંપાદકીય વિવેક અનુસાર મૂકવામાં આવ્યા છે. આ ગોઠવણી સંદર્ભે કોઈ લેખકના મનમાં સહજ રીતે જ પ્રશ્ન ઉદ્ભવે કે પોતાનો લેખ કયા પ્રકરણમાં હશે? આ સમસ્યાના હલ હેતુ ગ્રંથાન્તે પરિશિષ્ટ-૬ઃ લેખક પરિચયકોશ આપવામાં આવ્યો છે, જે લેખકના પ્રથમ નામના વર્ણાનુક્રમમાં ગોઠવવામાં આવ્યો છે, જેમાં જે-તે લેખકના નામની સામે પોતાનો લેખ કયા પૃષ્ઠ નંબરથી શરૂ થાય છે તે પૃષ્ઠ નંબરનો નિર્દેશ કરવામાં આવ્યો છે. જેના આધારે અપેક્ષિત લેખ સુધી સરળતા અને શીઘ્રતાથી પહોંચી શકાશે. ઉપરાંત ગ્રંથાન્તે કેટલાંક દૃષ્ટિપૂત પૂરક પરિશિષ્ટો આપવામાં આવ્યાં છે, જેનો નિર્દેશ અનુક્રમમાં કરવામાં આવ્યો છે.

પ્રસ્તુત અભિવાદનગ્રંથનું બળવત્તર અને પ્રેરક પાસું 'આચાર્યપ્રવર શ્રી મનુભાઈ પટેલ સાહેબ સાથે પ્રશ્નોત્તરી' છે. સાહેબશ્રીના બહુઆયામી અને બહુશ્રુત વ્યક્તિત્વની ઓળખ માટે અને કેટલીક અણકથી બાબતોને તેમના શ્રીમુખેથી જ સાંભળવાના હેતુસર

સાક્ષાત્કાર (interview) લેવાનું વિચાર્યું, પરંતુ આ પ્રકારના સાક્ષાત્કારની કેટલીક મર્યાદાઓને ધ્યાને લેતાં વિકલ્પ તરીકે સાહેબશ્રી પોતાની અનુકૂળતાએ પોતાનાં કુટુંબ, જીવન, શિક્ષણ, શિક્ષકત્વ/આચાર્યત્વ, સંપન્ન કરેલાં કાર્યો, જીવનદર્શન વગેરે વિશે વિસ્તારથી પ્રત્યુત્તરો પાઠવી શકે તે હેતુસર કેટલાક પ્રશ્નો તેમને મોકલી આપવાનું મુનાસિબ માન્યું. આપણે જાણીએ છીએ તેમ સાહેબશ્રીનું જીવન ગાંધીજીવનદર્શનથી અનુપ્રાણિત રહ્યું છે. તેમનાં વાણી અને વર્તન એકરૂપ રહ્યાં છે. તેમણે પાઠવેલા પ્રત્યુત્તરોમાં નિર્ભીકતાની સાથે જ હૃદયની સચ્ચાઈનો રણકો સહજમાં સંભળાય છે, જે હરકોઈ વાચકને સ્પર્શી જશે તેવો શ્રદ્ધાભાવ ધરાવીએ છીએ અને આમેય વાણીનો મહિમા અપરંપાર છે – **'વાગ્વૈ બ્રહ્મ'** (વાણી જ બ્રહ્મ છે). મહાકવિ ભર્તૃહરિએ પણ કહ્યું છે કે —

**वाण्येका समलंकरोति पुरुषं या संस्कृता धार्यते ।**

**क्षीयन्ते खलु भूषणानि सततं वागभूषणं भूषणम् ॥**

(नीतिशतक, १६)

(જે પુરુષ સંસ્કારી વાણીને ધારણ કરે છે, તે જ વાણી તેને શોભાવે છે. બીજાં બધાં આભૂષણો તો નાશ પામે છે, પરંતુ વાણીનું ભૂષણ તો અક્ષય (નાશ ન પામનારું) ભૂષણ છે).

પ્રસ્તુત ગ્રંથના સંપાદનમાં 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', કડી-ગાંધીનગરના સન્માનનીય ચૅરમૅનશ્રી અને કડી સર્વ વિશ્વવિદ્યાલયના પ્રેસિડેન્ટ શ્રી વલ્લભભાઈ એમ. પટેલ સાહેબનાં સતત માર્ગદર્શન અને હૂંફ મળતાં રહ્યાં છે. પરિણામસ્વરૂપે યોગ્યતમ રીતે આ ગ્રંથનું પ્રકાશન થઈ શક્યું છે, જેની ઋણસ્વીકારની ભાવના સાથે નોંધ લેતાં ગર્વની લાગણી અનુભવું છું.

આ યજ્ઞકાર્યમાં મારા પૂજ્ય ગુરુવર્યો સર્વશ્રી પ્રિ. ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ સાહેબ અને પ્રો. તુલસીભાઈ પટેલ સાહેબનાં માર્ગદર્શન, પદે પદે હૂંફ અને અઢળક સ્નેહભાવ મળતાં રહ્યાં છે. આ ઉપરાંત પરમ શ્રદ્ધેય પ્રો. ડૉ. વિઠ્ઠલભાઈ અં. પટેલ સાહેબનાં પ્રેરણા અને પ્રોત્સાહન અવિસ્મરણીય બની રહેશે. આ ત્રણેયના નિર્વ્યાજ સ્નેહ માટે તેમને સાદર અભિવંદના પાઠવું છું. આ સાથે જ આ જ્ઞાનયજ્ઞનાં આવશ્યક સમિધની સંપૂર્તિમાં સન્મિત્ર શ્રી મહેન્દ્રભાઈ જે. પટેલ (ચાણસ્મા)ની સ્નેહભાવનાની નોંધ લેતાં પ્રસન્નતા અનુભવું છું. પ્રસ્તુત ગ્રંથ તૈયાર કરવાના પ્રારંભથી જ પૂ. મનુભાઈ પટેલ સાહેબના અનેકાનેક મિત્રો, પૂર્વ વિદ્યાર્થીઓ અને સહકાર્યકર શિક્ષકો, આચાર્યો, વહીવટી કર્મચારીઓ, તેમજ સમાજના વિવિધ વર્ગોના સહૃદયી સુજ્ઞજનો તરફથી અદ્યાવધિ આવશ્યક મદદ માટે છલકતાં હૈયે મળેલ પ્રસ્તાવોની સાભાર નોંધ લઈ આ સૌ પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરું છું. આ પૈકી સવિશેષતઃ પૂજ્ય ચંદુભાઈ હી. પટેલ (ચાણસ્મા), શ્રી હરિલાલ વરમોરા, શ્રી કનુભાઈ આઈ. પટેલ, શ્રી હિતેન્દ્રગીરી ગોસાઈ વગેરેનાં મદદ અને સ્નેહભાવ સ્મરણીય બની રહેશે.

કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના કુલસચિવશ્રી એસ. કે. મંત્રાલા તરફથી હૂંફાળો સહયોગ મળતો રહ્યો છે, આ તબક્કે તેમનો પણ આભારી છું. કડી સર્વ વિશ્વવિદ્યાલયનાં યુનિવર્સિટી લાઇબ્રેરિયન અને મારાં ભૂતપૂર્વ તેજસ્વી વિદ્યાર્થિની ડૉ. ઊર્જિતા પટેલ પ્રસ્તુત

ગ્રંથના સંપાદનકાર્યમાં બહુવિધસ્તરે મદદગાર નીવડ્યાં છે. તેમના આત્મસ્ફુરણાથી પ્રેરાયેલ વિદ્યાકીય પુરુષાર્થ અને ઉત્સાહની નોંધ લેતાં પ્રસન્નતા અનુભવું છું. મારા સહકાર્યકર શ્રી અનોપસિંહ ચાવડા પણ કેટલીક સામગ્રીની ડેટા-એન્ટ્રી કરી આપવામાં તેમજ આનુસંગિક કાર્યમાં ઉપકારક નીવડ્યાં હોઈ તેમનો આભારી છું.

અહીં સમાવિષ્ટ કેટલાક લેખોના અંતમાં ખાલી રહેતી જગ્યામાં શિક્ષણ વિષયક કેટલાંક અવતરણો 'વિચારવારસો' / સંપા. ડૉ. બી. એ. પ્રજાપતિ, ડૉ. કનકબાળા જાની, ડૉ. કિરણ જાની અને 'સરસ્વતી કૌમુદી' / સંપા. ડૉ. બી. એ. પ્રજાપતિ અને ડૉ. બાબુલાલ અંકુયા–માંથી સાભાર લીધાં છે. આ સંપાદકો પ્રતિ આભારની લાગણી વ્યક્ત કરું છું.

શારદા મુદ્રણાલય, અમદાવાદના અધિષ્ઠાતા શ્રી મનુભાઈ શાહ (ગૂર્જર પ્રકાશન)નો આ ગ્રંથના મુદ્રણમાં હૂંફાળો સહયોગ મળ્યો છે. આ ઉપરાંત તેમના પ્રોડકશન મૅનેજર શ્રી મનીષ ગજ્જરે ગ્રંથની ડેટા-એન્ટ્રી, ટાઇપસેટિંગ, કવર પૃષ્ઠ ડિઝાઇન અને સાજસજ્જા વિશે અંગત રસ લેતાં કલાત્મક સ્વરૂપે ગ્રંથનું મુદ્રણ થયું છે, જેની નોંધ લેતાં તેમનો આભાર માનું છું.

અમને શ્રદ્ધા છે કે અમારો આ વિનમ્ર પ્રયાસ સુજ્ઞજનોને પરિતોષ આપશે, આમ છતાં કોઈ સ્તરે ઊણપ રહી ગઈ હોય તો ક્ષમાપ્રાર્થી. મહાકવિ કાલિદાસના શબ્દો **'आ परितोषाद्विदुषां न साधु मन्ये प्रयोगविज्ञानम्.'** (अभिज्ञानशाकुन्तलम् १.२)માં સૂર પુરાવીને વિરમું છું. અસ્તુ.

**- મણિભાઈ પ્રજાપતિ**

●

# અનુક્રમ


- મૂલ્યનિષ્ઠ બહુમુખી પ્રતિભાનો દસ્તાવેજ — ડૉ. કુમારપાળ દેસાઈ [7]
- ચૅરમૅનશ્રીનું નિવેદન — વલ્લભભાઈ એમ. પટેલ [9]
- સંપાદકીય — મણિભાઈ પ્રજાપતિ [11]

**1. ગુરુવર્યો, કર્મશીલો તથા શિક્ષણવિદોના પ્રતિભાવો**

1. આદર્શ આચાર્ય — સાધુ ભક્તિપ્રિયદાસ..........1
2. જન્મજાત શિક્ષક અને ગાંધીવાદના હિમાયતી — સ્વામી સચ્ચિદાનંદ.........2
3. આચાર્ય શ્રી મનુભાઈ એક અનોખા વિદ્યાપુરુષ — ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી.........4
4. આદર્શ આચાર્ય — ગુણવંત શાહ..........6
5. જાહેરજીવનનો વિદ્યાજોદ્ધો — પ્રકાશ ન. શાહ.........7
6. મનુભાઈ પટેલ : વિશિષ્ટ વ્યક્તિત્વ — મનસુખ સલ્લા..........9
7. ઋષિ જેવા આપણા મનુભાઈ પટેલ — વિઠ્ઠલભાઈ અં. પટેલ........10
8. 'મનુર્ભવ' એ વેદવચન ચરિતાર્થ કરનાર માનવ, મહામાનવ: પુણ્યશ્લોક શ્રી મનુભાઈ પટેલ — પ્રિ. ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ........13
9. સર્વતોમુખી પ્રતિભા — તુલસીભાઈ પટેલ........15
10. બહુમુખી પ્રતિભાવાન આચાર્ય — આર. સી. રાવલ........18
11. યશસ્વી આચાર્ય અને લોકસેવક — પદ્મશ્રી માલજીભાઈ દેસાઈ.......21
12. એ મનુકાકા હવે અમારા મનુકાકા — તુલા-સંજય.......23
13. આચાર્યકુળના પ્રમુખ — ડૉ. મિહિર જોષી.......25
14. એક મૂલ્યનિષ્ઠ આચાર્યશ્રી — પ્રિ. ગિરીશભાઈ એન. પટેલ.......26
15. મક્કમ મનોબળના માનવી — રણછોડ શાહ.......28
16. કેળવણીના કર્ણધાર — ડૉ. કાનજીભાઈ વી. પટેલ........31
17. એક સ્થિતિપ્રજ્ઞ સારસ્વત — ડૉ. પ્રભુદાસ પટેલ.......35
18. શિક્ષણના જ્યોતિર્ધર — પ્રિ. નર્મદ ત્રિવેદી.......38

## 2. સર્વ વિદ્યાલય પરિવારનો શ્રદ્ધાભાવ


19. સર્વપ્રિય આચાર્યશ્રી — ડૉ. મણિભાઈ એસ. પટેલ....... 41
20. સર્વ વિદ્યાલયની અણમોલ ધરોહર — વલ્લભભાઈ એમ. પટેલ.......45
21. ઋષિતુલ્ય આચાર્ય — મણિભાઈ ઈ. પટેલ (ભમ્મી).......49
22. તપોનિધિ આચાર્યશ્રી — ડૉ. રમણભાઈ જી. પટેલ.......50
23. શ્રદ્ધેય શ્રી મનુભાઈ સાહેબ — લેફ્ટનન્ટ કર્નલ હસમુખભાઈ એમ. પટેલ....... 53
24. સંવેદનશીલ કેળવણીપુરુષ — ડૉ. જયંતીભાઈ એમ. પટેલ.......55
25. વંદનીય ગૌરવપુરુષ — કિરીટભાઈ આર. પટેલ.......57
26. ઋષિકુળ પરંપરાના આચાર્ય — મણિભાઈ પ્રજાપતિ.......60
27. પ્રેરણાસ્રોત આચાર્યશ્રી — ફુલજીભાઈ ડી. પટેલ ....67
28. ઉત્તમ આચાર્યશ્રી — કનુભાઈ એસ. પટેલ.......72
29. સંસ્થાભક્ત મનુદાદા — હરિલાલ વરમોરા.......73
30. સાધુચરિત વ્યક્તિત્વ — કનુભાઈ આઈ. પટેલ ....76
31. મૂલ્યનિષ્ઠ મનેખ.... — શ્યામજીભાઈ એમ. દેસાઈ.......80
32. સર્વ વિદ્યાલયને સમર્પિત આચાર્યશ્રી — જિતુભાઈ સી. નાયક.......86
33. ઔદાર્ય આભ — મનુભાઈ એસ. સોલંકી.......87
34. પ્રેરક વ્યક્તિત્વ — લલિત ગજ્જર.......89
35. સૌમ્યમૂર્તિ સાહેબ — માણેકલાલ એમ. પટેલ.......92
36. પથદર્શક આચાર્યશ્રી — જયંતીભાઈ પટેલ.......94


## 3. શિષ્યોની ગુરુવંદના


37. મારા બાળપણના વિદ્યાગુરુ — આચાર્ય મૃદુરત્નસાગરસૂરિ.......96
38. આધુનિક કાળના ઋષિ — મયૂર કનૈયાલાલ પટેલ.......97
39. સેવાના ભેખધારી — જે. એમ. સુથાર.......99
40. જીવનઘડતરના પ્રેરણામૂર્તિ — ડૉ. સિદ્ધાર્થ શુક્લ......100
41. મહાત્માસમ શ્રી મનુદાદા — ડૉ. પંકજ રણછોડભાઈ પટેલ......101
42. કર્મયોગી શિક્ષક અને આચાર્ય — ડૉ. સુરેશ સી. પંડ્યા......104
43. પથદર્શકનાં દર્શન — મહેન્દ્રભાઈ આર. પટેલ......106
શ્રીમતી ઉષાબહેન એમ. પટેલ
44. પૂજ્ય મનુદાદા — મહિપતસિંહ ડોડિયા......107
45. અમારા કર્મનિષ્ઠ ગુરુવર્યના જીવનનું વાસ્તવિક સત્ય
નરેન્દ્ર પટેલ......109
46. મનુભાઈ સાહેબ વ્યક્તિ નહીં, એક સંસ્થા — મહેશ મહેતા.......112
47. આદર્શ આચાર્યનું જીવંત ઉદાહરણ — ભાનુપ્રસાદ એન. રાજગોર......115
48. પૂજ્ય ગુરુજી સાથેનાં વર્ષ 1967-68નાં સંસ્મરણો — ડૉ. ચુનીલાલ ડી. પટેલ......118

49. સિપોરવાસીઓનાં હૃદયકમળમાં બિરાજમાન પ્રો. ડૉ. વિનોદચંદ્ર બી. પટેલ.....120
50. વિદ્યાર્થીઓના શિલ્પી મનુદાદા કે. બી. પટેલ.....122
51. આત્મીયજન ગુરુવર્ય મહેશકુમાર બાબુલાલ શાહ.....125
52. સંનિષ્ઠ કેળવણીકાર બાબુભાઈ ગંગારામ પટેલ.....126
53. ગુરુવંદના રમણભાઈ એમ. પટેલ.....128
54. શિક્ષણના યુગઋષિ રમણભાઈ ભીખાભાઈ પટેલ.....130
55. નિષ્કામ કર્મયોગી મહેશ મણિલાલ પટેલ.....132
56. મારા જીવનના રાહબર બાબુભાઈ કે. પટેલ.....134
57. અમારા વિદ્યાગુરુ અને માર્ગદર્શક નરોત્તમભાઈ આર. ઉપાધ્યાય.....138
58. ભણતર સાથે ઘડતર ભરતભાઈ બી. વૈદ્ય.....140
59. મનુભાઈ સાહેબ એટલે સિપોર, સિપોર એટલે મનુભાઈ બાબુભાઈ એન. શ્રીમાળી......141
60. પારસમણિનો સ્પર્શ જિતેન્દ્રકુમાર સુખડિયા.....143
61. કેળવણી પુરુષ શૈલેશ શાહ.....144
62. ભાવિ ભારતની ધરોહર પૂ. મનુ દાદા પ્રકાશ જી. કૈલા.....146


## 4. શિક્ષક/આચાર્ય/કર્મચારી પરિવારનાં સ્નેહ સંભારણાં


63. સંસ્કૃતિપુરુષ – જ્યોતિર્ધર ડૉ. રાજુજી એમ. પરમાર.....148
64. શિક્ષણના આજીવન ભેખધારી ડૉ. માનસિંહભાઈ જે. ચૌધરી.....150
65. કર્મયોગી શ્રી મનુભાઈ પટેલ નાથાભાઈ જોઈતારામભાઈ પટેલ.....153
66. કર્મયોગી મનુભાઈ ડાહ્યાભાઈ એન. પટેલ.....155
67. શિક્ષણરત્ન મનુભાઈ મનુભાઈ જી. રાવલ.....158
68. કર્મ એ જ ભક્તિ અને કર્મ એ જ જ્ઞાનના ઉપાસક પ્રભુદાસ પટેલ.....160
69. આચાર્યકુળની ગરિમા ડાહ્યાભાઈ એમ. પટેલ.....162
70. આદર્શ અને સંનિષ્ઠ શિક્ષક રમણલાલ ઈ. પટેલ.....165
71. જીવન ઘડવૈયા રણછોડ કે. પટેલ.....166
72. આદર્શ વિદ્યાલયના આદર્શ આચાર્ય હસમુખભાઈ એમ. પટેલ.....168
73. આર્ષદ્રષ્ટા આચાર્યશ્રી વજેસિંહ આર. વાઘેલા.....170
74. કર્મયોગી કેળવણીકાર હિતેન્દ્રગીરી વી. ગોસાઈ.....172
75. પંચતીર્થનો સંગમ વિષ્ણુભાઈ ઈશ્વરદાસ પટેલ.....174


## 5. સ્નેહીજનોની સ્નેહવર્ષા


76. મારા પ્રેરણામૂર્તિ ડૉ. ડાહ્યાભાઈ. એસ. પટેલ.....175
77. જીવનશિક્ષણ પ્રદાતા અંબાલાલ આર. પટેલ.....178
78. પથદર્શક સાહેબશ્રી ડૉ. રેણુકા આર. સોલંકી.....180
79. સિપોર ગામની કેળવણીના પ્રેરણામૂર્તિ પ્રો. ડૉ. જાગૃતિ એમ. પટેલ......181

**6. વતનનાં વહાલ**

80. અમારા મનુકાકા — ચંદુલાલ હીરાલાલ પટેલ..... 183
81. સંવાદિતાના સાધક — નાથાલાલ જે. સથવારા..... 190
82. આજીવન સેવા સમર્પિત લોકસેવક — પ્રિ. સોમાભાઈ પટેલ 'સોમલ'..... 193
83. સત્ પ્રવૃત્તિના પ્રણેતા પ્રાતઃ સ્મરણીય અમારા મનુદાદા — વસંતભાઈ આત્મારામ પટેલ..... 195
84. નિરપેક્ષ અજાતશત્રુ પ્રતિભા — પ્રો. ભગીરથભાઈ એ. પટેલ..... 197
85. કુશળ વહીવટકર્તા — અંબાલાલભાઈ રાયચંદદાસ પટેલ..... 199
86. પૂજ્ય મનુકાકા — ડૉ. ચંદુભાઈ મોહનલાલ પટેલ..... 201
87. વંદનીય પ્રેરણામૂર્તિ — શોભનાબેન બાબુભાઈ પટેલ..... 203
88. ઉત્તમ કેળવણીકાર અને કુશળ વહીવટકર્તા — વિવેક પ્રહ્લાદભાઈ પટેલ..... 206
89. અનોખી પ્રતિભા — પ્રો. જિતેન્દ્ર કા. વ્યાસ..... 208
90. અવિસ્મરણીય મનુકાકા — પ્રો. ડૉ. મમતાબેન પંડિત..... 215
91. ગાંધીવિચારના ઉપાસક — પ્રો. ઇલાબેન કે. પટેલ..... 216
92. ચાણસ્માનું ગૌરવશીલ ઘરેણું — મહેન્દ્રભાઈ દેસાઈ..... 219
93. વહીવટી 'મનુકળા' — મણિલાલ એમ. પટેલ..... 220
94. મારી દૃષ્ટિએ — અશોકભાઈ સીતારામ પટેલ..... 222
95. ચાણસ્માનું ગૌરવ — સીતારામ કાશીરામ પટેલ..... 224
96. જાહેરજીવનનું વિલક્ષણ વ્યક્તિત્વ — મનુભાઈ શીવરામભાઈ. પટેલ..... 227
97. અદ્ભુત વ્યક્તિત્વ — નારાયણભાઈ આર. રાવળ..... 230
98. ઋષિતુલ્ય મનુકાકા — કેશુભાઈ કે. પટેલ..... 231
99. ચાણસ્મા નગરના મુઠ્ઠી ઊંચેરા માનવી... — ચંદુભાઈ એન. પટેલ..... 233
100. મૂઠી ઊંચેરા ગૌરવપુરુષ — વિષ્ણુભાઈ પી. પટેલ..... 235
101. કેળવણીના શિલ્પી — તારક રમણભાઈ પટેલ..... 236
102. અજાતશત્રુ — રજનીકાન્ત ભટ્ટ..... 238
103. આત્મીય શ્રી મનુકાકા — રોનક સુરેશભાઈ ભાવસાર..... 241
104. વિનમ્રતાની છાયા — સંદીપ પટેલ 'કસક'..... 242

**7. કુટુંબીજનો અને સગાં-સંબંધીઓની અભિવંદના**

105. અમારા 'રામ' — સુભદ્રાબેન નટવરલાલ પટેલ..... 243
106. हमने हर तरह के फूल हार में पिरो लिए — મહેન્દ્ર (મહેશ) જે. પટેલ..... 244
107. મનુભાઈ : અમારા મોટાભાઈ — કલ્પના (પન્ના) મહેન્દ્ર પટેલ..... 251
108. અમારા 'ભઈ'! — અરવિંદ મનુભાઈ પટેલ..... 253
109. સસરા નહીં સવાયા પિતા — શકુન્તલા અરવિંદ પટેલ..... 255
110. પૂજ્ય 'ભઈ' એટલે વટવૃક્ષ ! — રેણુકા નૈષધ પટેલ..... 256

111. મારા 'ભઈ' મારી જીવાદોરી — નીતા પરીખ.....257
112. અમારા બાપુજી 'વાત્સલ્યનો દરિયો !' — કિન્નરી(ચીકા) મહેન્દ્ર પટેલ.....259
113. અમારા બાપુજી ! — કૃપાલિ (ભુન્ની) મહેન્દ્ર પટેલ.... 262
114. મારા મોટા સસરા : સ્નેહનું વટવૃક્ષ — રિયા હર્ષ મહેન્દ્ર પટેલ.... 264
115. Mara Dada (Mota Dada) — Rishva Ujjwal Patel.....265
116. My Biggest Cheerleader - Mara Dada — Devanshi Rahul Patel.... 266
117. પરમ પૂજ્ય મામા અમારા ઘડતરના ઘડવૈયા — મનીષ છનાલાલ પટેલ.... 267
118. દાદા અમારી દીવાદાંડી ! — અની બ્રિમલ પટેલ.....268
119. મનુપ્રસાદઃ અનોખા સ્નેહી-સગા ! — કુ. ઇન્દુબેન પ્રહ્લાદભાઈ પટેલ.... 269
120. અમારા આદરણીય મનુકાકા — રતિલાલ(રતુભાઈ) જે. પટેલ, (રાંધેજા).....271

**પરિશિષ્ટો :**

1 આચાર્યશ્રી મનુભાઈ પટેલસાહેબ સાથે પ્રશ્નોત્તરી — મણિભાઈ પ્રજાપતિ.....273
2 આચાર્યશ્રી મનુભાઈ પટેલના આચાર-વિચારના પ્રેરક પ્રસંગો — મણિભાઈ પ્રજાપતિ, ડૉ. ઊર્જિતા પટેલ.....306
3 આચાર્યશ્રી મનુભાઈ પટેલ વિશે કેટલાક અભિપ્રાયો — મણિભાઈ પ્રજાપતિ, ડૉ. ઊર્જિતા પટેલ..... 314
4 જીવન ઘટનાક્રમ .....325
5 વંશવૃક્ષ .....327
6 લેખક પરિચય કોશ .....329
7 તસવીરોના આયનામાં : આચાર્ય શ્રી મનુભાઈ પટેલ .....353

આ સંસ્થાની મુલાકાત લેવા હું એક વર્ષથી આતુર હતો. આ સંસ્થા પાછળ છગનભાઈ વગેરે વ્યક્તિઓ પોતાનું સર્વસ્વ રેડી રહી છે. એ સાંભળ્યું ત્યારથી અહીં જવાનું મન થયું હતું. આ સંસ્થાને કડીના શહેરીઓ અને વડોદરા રાજ્યના લોકો રક્ષો અને પોષો એ ઇચ્છવાજોગ છે. અહીં તમારાં છોકરાંને મોકલવા તૈયાર થાઓ તો તે સારી કેળવણી પામી શકે છે. અક્ષરજ્ઞાન કરતાં પણ વધુ મૂલ્યવાન આચાર અને વિચારની શુદ્ધિ તેમને અહીં મળશે.

કડી **ગાંધીજી**

તા. ૨૩ જુલાઈ, ૧૯૨૯

ગઈ કાલે રાત્રે મને તમારી સંસ્થા બંડખોર છે તેવું જણાવવામાં આવ્યું અને મેં તમારી સંસ્થાની મુલાકાત રદ કરી હતી, પણ સવારના ફરવા નીકળ્યો અને મનમાં થયું કે મારે આ બંડખોર સંસ્થા જોવી. મેં બારીકાઈથી બધું જોયું. મને લાગે છે કે આને મારા અમલદારો બંડખોર કહેતા હોય તો હું ઇચ્છું છું કે આવાં બંડ મારા રાજ્યમાં ગામેગામ થાય. મેં નવસારી, અમરેલીમાં આવી સંસ્થા ઊભી થાય તેવાં સ્વપ્નાં સેવ્યાં, પણ હું નિષ્ફળ ગયો. અહીં મારું સ્વપ્નું સાકાર થતું જોઉં છું.

કડી **શ્રીમંત સયાજીરાવ ગાયકવાડ**

તા. ૪ જાન્યુઆરી, ૧૯૨૬

# આદર્શ આચાર્ય

**■ સાધુ ભક્તિપ્રિયદાસ**

**।। સ્વામી શ્રીજી ।।**

સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં આચાર્ય તરીકે સેવા આપનાર પ. ભ. શ્રી મનુભાઈ પટેલને ‘અભિનંદનગ્રંથ’ અર્પણ કરી, તેઓનું જાહેર સન્માન કરવામાં આવનાર છે તેવા સમાચાર જાણીને ઘણો જ આનંદ થયો છે.

અમો બંને ચાણસ્માની એ. વી. સ્કૂલમાં ધો.7માં સાથે ભણેલા. અમારી બંનેની વચ્ચે સારી મિત્રતા હતી. આ સમયમાં પૂર્વાશ્રમના મોટાભાઈ શ્રી પ્રહ્‌લાદભાઈ પટેલ બૅંકમાં મૅનેજરપદે હતા. તેઓ અમોને ગણિત, વિજ્ઞાન ભણાવતા. શ્રી મનુભાઈ દરરોજ સાંજે ઘેર આવતા. તેથી ગાઢ મિત્રતા બંધાઈ હતી.

લાંબા સમય પછી મનુભાઈ સર્વ વિદ્યાલય કડીમાં આચાર્યપદે જોડાયા હતા. ત્યારે મારા સહાધ્યાયી પ. ભ. શ્રી ડૉ. રામભાઈ કેળવણી મંડળમાં સેવા આપતા હતા. તેમના દ્વારા શ્રી મનુભાઈ વિશેષ કાર્યો કરતા હતાં તેની જાણ અવારનવાર થયા કરતી. પ્રસંગોપાત્ત તેઓને મળવાનું પણ થતું હતું તેથી પૂર્વેની સ્મૃતિઓ થતી હતી. શ્રી મનુભાઈ એક આદર્શ શિક્ષક, આચાર્ય તો હતા જ સાથે ઉચ્ચ પ્રકારના સજ્જન પણ છે.

શ્રી મનુભાઈને જ્યારે મળવાનું થાય ત્યારે સત્સંગની વાતો થતી ને શ્રી મનુભાઈ તેમાં વિશેષ રસ દાખવતા હતા. ડૉ. રામભાઈ સાથે શ્રી મનુભાઈ દાદર-મુંબઈના શ્રી સ્વામિનારાયણ મંદિરે મળવા આવ્યા હતા. મંદિરની પ્રવૃત્તિ જોઈ રાજી થયા હતા.

કોરોનાની બીમારી તેઓશ્રીને લાગુ પડી હતી, પણ શ્રીજી મહારાજની કૃપાથી સ્વસ્થ થઈ ગયા હતા ને જનસેવાનો દોર ચાલુ રાખ્યો છે. તેઓશ્રીએ પોતાના વતનના ગામ ચાણસ્મા માટે સત્કાર્યો કરતા રહે છે. જે આજે પણ સૌને પ્રેરણાદાયી બની રહ્યાં છે.

ભગવાન સ્વામિનારાયણ શ્રી મનુભાઈને તને, મને, ધને સર્વ પ્રકારે સુખી રાખે ને આ મનુષ્યજન્મ સાર્થક કરે એવી અંતઃકરણપૂર્વકની પ્રાર્થના...

એ જ લિ.

**સાધુ ભક્તિપ્રિયદાસના**

સસ્નેહ જય શ્રી સ્વામિનારાયણ....

સિકંદરાબાદ મંદિર,

તા. 3-1-2024, બુધવાર

●

# જન્મજાત શિક્ષક અને ગાંધીવાદના હિમાયતી

■ સ્વામી સચ્ચિદાનંદ

શિક્ષણનાં ત્રણ સ્તરો છેઃ 1. ભણતર 2. ગણતર 3. ઘડતર. પચાસ-સાઠ વર્ષ પહેલાં ભારતમાં ભણતર હતું જ નહીં. માત્ર વાણિયા, બ્રાહ્મણો બહુ થોડા પ્રમાણમાં જરૂર પૂરતું ભણતા.

અંગ્રેજો આવ્યા અને કેટલાંક રજવાડાંઓમાં બહુ પ્રતાપશાળી રાજાઓ થયા. જેમ કે, વડોદરામાં સયાજીરાવ ગાયકવાડ, ગોંડલમાં ભગવતસિંહજી વગેરે વગેરે. આ લોકોએ પોતપોતાનાં રજવાડાંમાં પ્રાથમિક શિક્ષણ અનિવાર્ય બનાવ્યું. એટલે નીચેની પ્રજા થોડું ભણતી થઈ. પાટીદાર જેવી ગુજરાતની કરોડરજ્જુ સમાન મુખ્ય પ્રજાનો ભણતરનો ઇતિહાસ સાઠથી સિત્તેર વર્ષ સુધીનો જ કહી શકાય. તે પહેલાં પાટીદારો પણ અભણ હતા. પાટીદારોમાં પહેલી પેઢી શિક્ષિત થઈ અને શિક્ષક થઈ. તેણે પોતાનાં સંતાનોને ભણાવ્યાં, એટલે બીજી પેઢી ડૉક્ટર, વકીલ, કે અમલદારો થઈ અને ત્રીજી પેઢી આવતાં-આવતાં તેણે એટલો મોટો કૂદકો માર્યો કે તે માત્ર ભારતમાં જ નહીં, પણ પૂરી દુનિયામાં છવાઈ ગઈ. કારણ કે તેની પાસે ભણતરની સાથે ગણતર પણ હતું. ગણતર એટલે આજીવિકા, સારો વ્યાપાર ધંધો, ઉદ્યોગ વગેરે વગેરેના દ્વારા જીવનધોરણને ઊંચું લાવવાની વિચારણા. આવું ગણતર જે પ્રજા પાસે ન હતું તે માત્ર રોજેરોજની મજૂરી કરીને પેટ ભરતી રહી. એથી વધારે આગળ તે કૂદકો મારી શકતી નહીં, એટલે બધી રીતે પછાત બની ગઈ. ગણતર દ્વારા આજે પાટીદારો અને બીજા પણ કરોડાધિપતિઓ થયા છે. તે સારી વાત છે, પણ ત્રીજો સ્તર જોઈએ એવો ખીલી શક્યો નહીં. ત્રીજો સ્તર એટલે ઘડતર. ઘડતર એટલે મોરલ. વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રમાં ઘડતરનું માપ તો મોરલ પરથી કાઢી શકાય. મોરલનું ક્ષેત્ર ઘણું મોટું છે, પણ ત્રણ ક્ષેત્રો ઘણાં મહત્ત્વનાં છેઃ 1. મની મોરલ 2. સેક્સ મોરલ 3. પાવર મોરલ. અર્થાત્ પૈસાના લેવડદેવડના વ્યવહારમાં વ્યક્તિ અને પ્રજા કેટલી પ્રમાણિક છે. જો તે આ ક્ષેત્રમાં પ્રમાણિક ન હોય અને લુચ્ચી હોય પછી તે મોટો મંત્રી હોય, મોટો ઑફિસર હોય કે મોટો ધર્મગુરુ હોય! ગમે તે હોય, પણ જેનામાં મની મોરલ ન હોય તે ઘડાયેલો ન કહેવાય!

મની મોરલ કરતાં પણ સામૂહિક જીવનમાં સેક્સ મોરલની મહત્તા વધારે છે. સેક્સ મોરલ એટલે કામવાસનાની નૈતિકતા. સેક્સ મોરલ તૂટી જાય એટલે દાંપત્યજીવન પડી ભાંગે. દાંપત્ય જીવનની અનિવાર્ય શરત સેક્સની વફાદારી. જ્યારે સેક્સ બેફામ બને ત્યારે સ્ત્રીઓનું અને પુરુષોનું ઘોર પતન થઈ જાય. આ પતન સર્વનાશ નોંતરી દેશે.

ત્રીજું મોરલ પાવર મોરલ. પાવર મોરલ એટલે સત્તાની ખુરશી માટે બધી નૈતિકતાનો

ત્યાગ કરીને બધા ખોટા રસ્તાઓ અપનાવીને ગમે તે ભોગે ખુરશી પ્રાપ્ત કરવી અને સત્તાધીશ બનવું તે નૈતિક મોરલનો અભાવ કહેવાય! આ ત્રણેય મોરલો જ્યારે વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્રમાંથી સમાપ્ત થઈ જાય અથવા ઓછાં થઈ જાય ત્યારે બરબાદી જ બરબાદી થવા લાગે, પણ જો આ ત્રણેય મોરલો ભરપૂર હોય તો વ્યક્તિ, સમાજ અને રાષ્ટ્ર મહાનતાનાં શિખરે પહોંચી જાય.

શ્રી મનુભાઈ પટેલ મારાં વર્ષો જૂના પરિચિત આચાર્ય છે. તે જન્મજાત શિક્ષક છે અને ગાંધીવાદના હિમાયતી હોવાથી ગાંધીમૂલ્યોના પણ રક્ષક રહ્યા છે. આ બધાના કારણે મારી દૃષ્ટિએ ઉપરના ત્રણેય મૂલ્યો એમનામાં હાજરાહાજર દેખાય છે. આવા ઘડાયેલા માણસો જ બીજાનું ઘડતર કરી શકતા હોય છે.

પાટીદાર સમાજનું સદ્‌ભાગ્ય કહેવાય કે છગનબાપા દ્વારા ઘોર તપસ્યા પછી સ્થાપિત થયેલી કડીની સર્વ વિદ્યાલય સંસ્થાના પ્રમુખપદે શ્રી મનુભાઈની વરણી કરવામાં આવી છે. તેઓ કોઈ ખુરશી કે પદના જરા પણ લાલચી નથી. તેમ છતાં સૌ નેતાઓએ આગ્રહ કરીને એમને આ પદ પર બેસાડ્યા છે. તે ડહાપણનું કામ કર્યું ગણાય. મને ખાતરી છે કે પૂર્ણ વૃદ્ધાવસ્થાએ પહોંચેલા શ્રી મનુભાઈ પટેલ આ પદને દીપાવી બતાવશે અને સંસ્થા દ્વારા પાટીદાર સમાજને વધુ ને વધુ ગૌરવાન્વિત કરશે.

પરમેશ્વર સૌનું ભલું કરે.

•

---

*શિક્ષકના મનમાં એવી ભાવના હોવી જોઈએ કે, "મારો આ વિદ્યાર્થી આજે ભલે ચારિત્ર્યનો નબળો હોય, દુર્જનની પેઠે ચાલતો હોય, તો પણ એનામાં ભલાઈનાં તત્ત્વો સુપ્તપણે છે જ એ જ વિશે મને શંકા નથી. એ સારાં તત્ત્વો અત્યારે સૂતેલાં છે. એને જગાડવાં એ મારું કામ છે. સજા કરવી એ સહેલું કામ છે, મારું જીવનકાર્ય એથી ઊંચું છે દરેકમાં રહેલી ભલાઈ અને સજ્જનતા ઉપર વિશ્વાસ ઊંચો છે. દરેકમાં રહેલી ભલાઈ અને સજ્જનતા ઉપર વિશ્વાસ રાખવા જેટલી આસ્તિકતા મારામાં હોવી જોઈએ. અને એ ભલાઈ જગાડવા માટે હું મારા પ્રયત્નની પરાકાષ્ઠા કરું. શિક્ષક તરીકેની એ જ મારી જીવનસાધના છે.'*

**કાકા કાલેલકર**

---

# આચાર્ય શ્રી મનુભાઈ એક અનોખા વિદ્યાપુરુષ

■ ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી

આચાર્ય શ્રી મનુભાઈ જે. પટેલ મારા ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. વલ્લભ વિદ્યાનગરની એમ. બી. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનમાં હું વર્ષ 1962-63થી 1967-68 દરમિયાન અધ્યાપક હતો. તે ગાળામાં આચાર્ય શ્રી મનુભાઈ બી.એડ્. ડિગ્રીની તાલીમ લેવા એ કૉલેજમાં જોડાયેલ હતા. એક અધ્યાપક તરીકે મારો તેમની સાથે નિકટનો સબંધ રહેતો. મારે વર્ગખંડમાં અધ્યાપન કરવાનું થતું. મારા વિષયો 1. કેળવણીના સિદ્ધાંતો 2. ભારતની શૈક્ષણિક સમસ્યાઓ અને 3. અંગ્રેજી ભાષાની અધ્યાપન પદ્ધતિઓ હતી. એ વિષયોમાં થતી ચર્ચાઓમાં મનુભાઈ પટેલ ઉત્સાહપૂર્વક ભાગ લેતા. તેઓની રજૂઆતમાં તેમનાં અભ્યાસનું મૌલિક ચિંતન જોવા મળતું. વળી, નાનાં જૂથોની ચર્ચામાં વારંવાર મનુભાઈ ચર્ચાનો દોર શરૂ કરતા અને અન્ય તાલીમાર્થીઓને સાંકળી લેતા. તેઓ હંમેશાં પૂર્વ તૈયારી કરીને વર્ગખંડમાં આવતા. કૉલેજમાં યોજાતી પ્રવૃત્તિઓ જેવી કે, 'વક્તૃત્વ સ્પર્ધાઓ', 'પાઠનું નિદર્શન', 'પ્રશ્નોતરી' વગેરેમાં મનુભાઈ હોંશપૂર્વક ભાગ લેતા. પરિણામે યુનિવર્સિટીની ડિગ્રી પરીક્ષામાં તેઓ બીજા સ્થાને ઉત્તીર્ણ થયા હતા.

શ્રી મનુભાઈએ તેમની શિક્ષક તરીકેની કારકિર્દીનો આરંભ શેઠ જી. સી. હાઈસ્કૂલમાં 1958થી 1967 સુધી કર્યો. સિપોર, તાલુકા વડનગરનું આદર્શ વિદ્યાલયનું આચાર્યપદ સંભાળ્યું. સિપોર શાળાની 1967થી 1985 સુધીની જવાબદારી કાર્યકુશળતાથી નિભાવી. તે ગાળામાં તેમણે ગુજરાતના વિખ્યાત વિદ્વાનો જેવા કે શ્રી ઉમાશંકર જોશી, શ્રી યશવંત શુક્લ, શ્રી સુંદરમ્, પન્નાલાલ પટેલ, શ્રી પી. સી. વૈધ, શ્રી બાબુભાઈ જશભાઈ પટેલને શાળામાં નિમંત્રિત કરીને તેમનાં વ્યાખ્યાનો અને નવા અન્ય કાર્યક્રમો ગોઠવ્યા હતા. તે શાળામાં આચાર્ય તરીકે એક સર્વોદય કાર્યકર તરીકે તેમણે ઠાકોર પ્રજામાં સામાજિક ક્રાંતિનાં બીજ રોપ્યાં. આ માટે ઠાકોર સંતાનોને મૂલ્ય કેળવણી આપવાની જોગવાઈ કરી અને સામાજિક સુધારાના અનેક કાર્યક્રમો હાથ ધર્યા.

વર્ષ 1985માં મૂલ્યનિષ્ઠ સર્વ વિદ્યાલય કેળવણી મંડળે શ્રી મનુભાઈને સર્વ વિદ્યાલયમાં આચાર્ય તરીકે નિયુક્ત કર્યા. તે હોદ્દા પર રહી તેમણે સર્વ વિદ્યાલયનું સફળ નેતૃત્વ પૂરું પાડ્યું અને શાળાને ગુજરાત રાજ્યની અગત્યની શાળા તરીકે વિકસાવી તેઓ વર્ષ 1995માં ઉંમર મર્યાદાના કારણે સેવાનિવૃત્ત થયા હતા. સર્વ વિદ્યાલયના આચાર્યની જવાબદારી સંભાળતાં તેમણે શૈક્ષણિક કામની કામગીરીના નિચોડ સમા પુસ્તકોને પ્રકાશિત કર્યાં હતાં. જેવાં કે, ધો-11 ગુજરાતી, હિન્દી, વ્યાકરણ, શાળા સંચાલક, પ્રતિભા વંદના 1-2 જેવાં પુસ્તકો તથા તેમણે આચાર્ય મુખપત્ર 'સારસ્વત'નું દશ વર્ષ સુધી સંપાદન કર્યું હતું.

આચાર્ય શ્રી મનુભાઈની આચાર્ય તરીકેની સમગ્ર શૈક્ષણિક કારકિર્દી રૂપી સેવા સમાન હતી. તેઓએ વિવિધ સંઘો જેવા કે મહેસાણા જિલ્લા માધ્યામિક શિક્ષક સંઘના પ્રમુખ, મંત્રી તરીકે, મહેસાણા જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ તરીકે સેવાઓ આપી હતી. ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ તરીકે પણ સેવાઓ આપેલ છે. વળી, માધ્યમિક શિક્ષણ બોર્ડની કારોબારી સમિતિના સભ્ય તરીકે 1981થી 1989ના ગાળા દરમિયાન કામગીરી કરી હતી. તેઓ હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટી પાટણના સેનેટ સભ્ય તરીકે 1989થી 1993 સુધી સક્રિય રહ્યા.

આચાર્ય તરીકે સર્વ વિદ્યાલય, કડીમાંથી 1995માં નિવૃત્ત થયા, બાદ તેઓને સંચાલક મંડળે કડી કૅમ્પસના ડાયરેક્ટર તરીકે નિયુક્ત કરેલા ત્યાર બાદ તેઓને સર્વ વિદ્યાલય મંડળના મંત્રી અને પ્રમુખ તરીકે નિયુક્ત કરેલા છે. આજે તેઓ સંસ્થાનું પ્રમુખપદ સફળ રીતે શોભાવી રહ્યા છે. એક અનોખા કેળવણીકાર તરીકે તેમને વર્ષ 1993માં ભારતના રાષ્ટ્પતિના વરદ હસ્તે શ્રેષ્ઠ શિક્ષક અવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. વળી, 15 ઑગસ્ટ, 2003ના મહિનામાં ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે પાટણ જિલ્લાના પ્રતિષ્ઠિત કેળવણીકાર તરીકે તામ્રપત્ર અર્પણ કરવામાં આવ્યું હતું.

આચાર્યશ્રી મનુભાઈને એક ઉત્તમ કેળવણીકાર તરીકે મારા અંતરના અભિનંદન છે અને તેઓને પરમ કૃપાળુ પરમેશ્વર લાંબું નિરામય આયુષ્ય આપે તથા આવતાં વર્ષોમાં આરોગ્ય અને સમાજસેવામાં સુદીર્ઘ સેવા આપતા રહે તેવી શક્તિ આપે તેવી પ્રાર્થના સાથે વંદન પાઠવું છું.

કડી સર્વ વિદ્યાલય પરિવારને આચાર્ય શ્રી મનુભાઈનું જાહેર અભિવાદન યોજવા બદલ અભિનંદન.

•

---

*અત્યારે ભારતના દરેક રાજ્યમાં, રાજકારણ, ધર્મ અને સમાજ પર કાબૂ ધરાવનારાઓને શિક્ષણને પોતાની દાસી બનાવવાના એકીસાથે અભરખા થઈ આવ્યા છે અને એને પરિણામે શિક્ષણનું પણ ધ્રુવ ચરણ અધ્રુવ બન્યું છે. દેશમાં જેમ મંદી ને ફુગાવો પોતાનું સામ્રાજ્ય ફેલાવે જાય છે; તેમ શિક્ષણનાં મૂલ્યોમાં પણ મંદી ને ફુગાવાનું તંત્ર સતત ગોઠવાતું જાય છે. આપણે માનવજીવનનાં, શિક્ષણ દ્વારા સ્થિર થનારાં, સ્થાયી મૂલ્યાંકનોના પ્રહરી છીએ અને તેમની રખેવાળી કરવાનો બિનદસ્તાવેજી કરાર કરી બેઠા છીએ.*

**આચાર્ય મનુભાઈ જે. પટેલ**

---

# આદર્શ આચાર્ય

■ **ગુણવંત શાહ**

શ્રી મનુભાઈ પટેલનું સન્માન થઈ રહ્યું છે, એ વાત જાણીને મને હરખ થયેલો. વર્ષો વીતે પછી પણ સાર્થક વૃદ્ધત્વનું સન્માન થાય એ ઘટના ખરેખર રળિયામણી ગણાય.

ગાંધીયુગમાં એવું પર્યાવરણ (ભાવાવરણ) તૈયાર થયું કે ગામના કે તાલુકાના કોઈ યુવાનને સેવક તરીકે જીવન પસાર કરવાનું મન થાય. આવો કોઈ સેવક સંસારમાં રહીને અન્ય માટે કંઈક કરી છૂટવામાં અનોખો પરિતોષ પામે છે. ગાંધીયુગમાં કેટલાય સેવકો ગ્રામકક્ષાએ કે તાલુકાકક્ષાએ ઊગી નીકળે ત્યારે એ ગામ જુદું પડી આવતું જણાય છે. મનુભાઈ આવા ઊગી નીકળેલા સેવક તરીકે આજે પણ જીવી રહ્યા છે.

વર્ષો પહેલાં વહેલી સ્વૈચ્છિક નિવૃત્તિ લીધા પછી મેં 'પંચશીલ' આંદોલન શરૂ કર્યું હતું. ગુજરાતના ઘણા વિસ્તારોમાં પંચશીલ પદયાત્રામાં યોજાતા શિબિરોમાં યુવાનો નિર્વ્યસની અને એકવીસમી સદીનો મિજાજ પારખે તેવી ઘણી વાતો આંદોલનમાં પૂરાં દસ વર્ષ સુધી ગુજરાતનાં ગામોમાં પ્રસરતી રહી. દાન પેટે એકપણ પૈસો ન લેવો એવો મારો આગ્રહ હતો. દસ વર્ષ પછી આંદોલન સમેટી લેવામાં આવશે એવી જાહેરાત પ્રથમ સંમેલનમાં જ કરવામાં આવી હતી. આ આંદોલનને જે આચાર્યોએ સક્રિય સહકાર આપ્યો તેમાં આચાર્યશ્રી મનુભાઈ મોખરે હતા. એમણે પોતાના ખર્ચે સંકલ્પપત્રો છપાવેલા તે હું હજી ભૂલ્યો નથી. મેં તે વર્ષે જ નોકરી છોડી હતી, તેથી હું લગભગ અકિંચન હતો, તોય મળતાં દાન પાછાં વાળતો. આચાર્ય ગરીબ હોય તો ચાલે, પણ ગરીબડો હોય તે ન ચાલે. આચાર્ય નમ્ર હોય તે ચાલે, પણ નમાલો હોય તે ન ચાલે. આચાર્ય હોવું તે જેવીતેવી સંપ્રાપ્તિ નથી, એવું બ્રિટિશ વડાપ્રધાન અને મોટા ગજાના લેખકશ્રી વિન્સ્ટન ચર્ચિલે કહ્યું હતું. મનુભાઈ ખરા અર્થમાં આચાર્ય હતા, લાચાર્ય ન હતા. તેઓ વારંવાર અમેરિકા જતા હોય છે, ત્યાંથી પણ ક્યારેય મને ફોન કરવાનું ચૂકતા નથી. દરેક ગામમાં એક મનુભાઈ હોવા જોઈએ. આવા આદર્શ આચાર્યનું સન્માન થાય ત્યારે મારે સમારંભમાં ઉપસ્થિત રહેવું જોઈએ, પણ 87 વર્ષની ઉંમરે કનડતી તબિયત વચ્ચે આવે છે. પરિણામે દૂર રહ્યો-રહ્યો મનુભાઈને અને એમનું સન્માન કરનાર કડી સર્વ વિશ્વવિદ્યાલય પરિવારને વંદન પાઠવું છું.

●

# જાહેરજીવનનો વિદ્યાજોદ્ધો

■ પ્રકાશ ન. શાહ

મુ. મનુભાઈ વિશે લખવાનો અવસર આવ્યો, એ બહુ જ સારું લાગ્યું મને. જીવનમાં મળેલાં કેટલાંક વ્યક્તિત્વ હૃદયમાં આનંદ અને આદરનો આત્મીયભાવ જગવતાં હોય છે, મનુભાઈ એ માંહેલા છે.

નિકટ પરિચયનો દાવો તો શું કરું? પણ સહેજે ચારેક દાયકા પાછળ ચાલ્યો જાઉં છું તો સિપોરની હાઈસ્કૂલમાં આચાર્ય યશવન્ત શુક્લ અને મને કોઈક અવસરે જોઉં છું. મનુભાઈ, આચાર્યની હેસિયતથી અમારા યજમાન છે.

અવસર તો રૂડો ઉકલ્યો, પણ એની આસપાસ જે વાતો ચાલી, અલપઝલપ પણ જે વિષયો નીકળ્યા એમાંથી મનમાં જે મૂરત ઊપસી એ સંભારું છું તો ખયાલ આવે છે કે એ એક સજ્જ વિદ્યાર્થીવત્સલ ને એટલા જ વિદ્યાવ્યાસંગીનું ચિત્ર હતું, જરૂર હતું, પણ માત્ર એટલું જ નહોતું.

એમના વ્યક્તિત્વનો જે વિશેષ એ પહેલી મુલાકાતમાં પમાયો ને ઉત્તરોત્તર પાકો થતો ગયો એ હતો કે સાર્વજનિક જીવન વિશે રચનાત્મક મૂલ્યે રસાયેલ સહજ ઝુકાવ એમનો છે. ઉત્તર ગુજરાતના રચનાત્મક ક્રિયાકલાપનો મને કંઈક પરિચય છે. મનુભાઈનાં શ્રદ્ધાસ્થાનોમાં ડૉ. દ્વારકાદાસ જોષી અને કંઈક અંશે ડૉ. વસંત પરીખ હોવાની મારી છાપ છે, પણ મનુભાઈના વ્યક્તિત્વની જે રેખાઓ અમારા ચાલુ પરિચયથી ખૂલતી ગઈ એ સંદર્ભમાં – અલબત્ત, કેવળ અનુમાનજોરે – મને સવિશેષ સ્મરણ મોતીભાઈ ચૌધરી અને રિખવદાસ શાહનું થાય છે. સંસ્કારી જાહેરજીવનના એ બેઉ સ્વરાજસિપાહી અને એમની પૂંઠે, ખાસ કરીને મોતીભાઈના વિશેષ સંદર્ભમાં સેવાદળની (વન્સ અપોન અ ટાઇમ સેવાદળની) ધીંગી પરંપરા. ઉત્તર ગુજરાતના જાહેરજીવનમાં તમે આગલી પેઢીમાં સેવાદળનું ઘડતર પામેલા સરસ માણસો જોશો. મનુભાઈ એમાં સીધા સંકળાયા હતા કે કેમ તે હું જાણતો નથી, પણ સેવાદળ કહેતાં ક્યારેક જે વાતાવરણ અનુભવાતું અને જે વારસો વરતાતો, મનુભાઈ અદ્દલોઅદ્દલ એ ધારાના જણ મને તો લાગતા રહ્યા છે.

એમની સાથે પ્રસંગોપાત્ત સામેલ થવાનું બનતું રહ્યું એનાં સ્મરણોમાંથી એક આ ક્ષણે સવિશેષ સામે આવે છે. તત્કાળ ધક્કો હમણે ઑક્ટોબર 2023માં માણસા કને સમૌ ગામમાં સત્તાવનના બે શહીદો, મગન ભૂખણ ને જેઠા માધવજીની ખાંભીઓને પૂરા કદના સ્મારકમાં ફેરવવાની પહેલ થયાના સમાચારનો છે. વાત એમ છે કે 1998ના જાન્યુઆરીમાં, સ્વરાજના સુવર્ણજયંતી વર્ષમાં અમને (રિખવદાસને ને મને) સિપોરમાં આવા જ એક આયોજનમાં જોડાવાનું બન્યું હતું: સત્તાવનના શહીદ મોતીચંદ બેચરદાસ

પાદશાહની સ્મારકસ્મૃતિમાં. આ આખા અવસર સાથે મનુભાઈની દિલી સંડોવણી કંઈક પ્રત્યક્ષ, કંઈક પરોક્ષ હશે એવી મારી છાપ છે.

મનુભાઈને મિશે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ વિશે પણ થોડું લખવાનો લોભ છાંડી શકતો નથી. જૂની ગાથામાં નહીં જાઉં, પણ મારો પરિચય 1974ના અરસાથી, કડીના ડૉ. રામભાઈ પટેલ થકી. સાથે અલબત્ત, ભોળાભાઈ પટેલે કહેલાં સંભારણાં પણ. કેટલાંક વરસ પર એક ઢળતી સાંજે રામભાઈ મને માણેકલાલ પટેલના – આમ તો, કડી વર્તુળોમાં 'સરદાર'ના – જીન પર લઈ ગયા હતા. અમે વાર્તાવિનોદ ને આઇસક્રીમનો આનંદ પણ માણ્યો હતો, પણ આઇસક્રીમથી વધુ મીઠાશ એક દશ્ય અને એના સ્મરણની છે. લાઈટ જરા ઝાંખી હતી. માણેકલાલે ક્યાંકથી ફંફોસીને 'ટાઇમ્સ ઑફ ઇન્ડિયા'નું એક કાપલું કાઢ્યું જેમાં યુનિવર્સિટી-નિર્માણની પ્રક્રિયાની જિકર હતી. તે વંચાવતાં અને તેની વાત કરતાં એમના મોં પર એકદમ દીપ્તિ અનુભવાવા લાગી... ચાલીસનો ગોળો જાણે સાઠ કે સોનો ન થઈ ગયો હોય!

આજે યુનિવર્સિટી સ્તરે પહોંચી ધમધમી રહેલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું જે આભિજાત્ય મને સ્પર્શી ગયું છે તે પોતાના ઉત્તમ શિક્ષકો ને આચાર્યો માટેની એમની ભાવનું છે. કશીક સમજ ને કદરબૂઝ એને સારું ગળથૂથીગત છે કે શ્રેષ્ઠીઓ વચ્ચે શિક્ષકો છેક ખોવાઈ કે ગૌણ બની જતા નથી. બલકે, મોહનભાઈથી મનુભાઈ સુધીના શિક્ષકોને અહીં અનન્ય માન મળતું રહ્યું છે. મનુભાઈનું નામ એજ્યુકેશન કૉલેજ જોડે જોડાય કે આજે એ કેળવણી મંડળ (કડી)ના પ્રમુખ હોઈ શકે તે વિગત આ સંદર્ભમાં તરત સાંભરે છે... સરોવરથી કમળ અને કમળથી સરોવર એમ બેઉ પરસ્પર શોભે છે ને, કંઈક એવો જ ઘાટ આ બૃહદ સંસ્થા અને એના શિક્ષકોનો વરતાય છે!

રૂ-બ-રૂ મળ્યે ઠીક વરસો વીતી ગયાં છે. એક ગંભીર ઑપરેશનમાંથી પસાર થઈ મનુભાઈ પાછા અંગ્રેજીમાં કહે છે તેમ 'લાઇવ ને કિકિંગ' હોવાના વાવડ વખતોવખત મળતા રહે છે. છેલ્લે ક્યારે મળ્યા હતા, કહું? પાટણ યુનિવર્સિટીને ઉપક્રમે વિનોબા સપ્તાહમાં વ્યાખ્યાન આપી અમદાવાદ પાછા ફરતાં ચાણસ્મામાં એમની સાથે થોડો સમય ગાળવાનું બન્યું હતું. ગામમાં તબીબી સેવાનું જે મોટું થાણું સરજાઈ રહ્યું હતું એની વાતોમાં એ સરાબોર હતા, લાઇવ ઍન્ડ કિકિંગ.

●

---

*આપણા વિદ્યાલયોમાં તો વિદ્યાનો લય થતો જણાય છે! આજના શિક્ષણને જીવન સાથે કોઈ સંબંધ રહ્યો નથી. 'પહેલાં ભણી લઈએ પછી નિરાંતે જીવીશું'નો અભિગમ વ્યાપક થયો છે. જીવવું અને શીખવું એ સાથે ચાલનારી નિરંતર પ્રક્રિયા છે એ સમજનો અભાવ જણાય છે. શિક્ષણ એવું હોવું જોઈએ જે લેવામાં બાળકને આનંદ આવે. તેને સરળ અને રસિક શિક્ષણ જ સુપાચ્ય રહેવાનું, પણ આવું બનતું નથી કારણ કે વિદ્યાર્થી જે જગતને અવલોકે છે અને જે જગતને અનુભવે છે તેનો તાળો શાળામાંથી મળતો નથી.*

**અરુણભાઈ દવે**

---

# મનુભાઈ પટેલ: વિશિષ્ટ વ્યક્તિત્વ

■ મનસુખ સલ્લા

કેટલાક માણસોમાં કુદરતે વિશિષ્ટ ડી.એન.એ. મૂક્યા હોય છે, એટલે તેઓ જે કોઈ કામ હાથ પર લે તેમાં સફળ થાય, નોંધપાત્ર થાય, યશસ્વી થાય. મનુભાઈ પટેલ એ પૈકીના છે. તેઓ શિક્ષક થયા, આચાર્ય થયા, ટ્રસ્ટી થયા, સંપાદક થયા, પ્રમુખ થયા – દરેક જગ્યાએ તેમનું કામ વિશિષ્ટ ગણાયું. સૌને તેમની કાર્યક્ષમતા અને દૃષ્ટિનો સુભગ પરિચય થયો.

કેમ આવું રૂડું પરિણામ મળ્યું ? કારણ કે મુરબ્બી મનુભાઈએ કેટલાંક જીવનમૂલ્યોને આત્મસાત્ કર્યાં છે, એ મૂલ્યોને જીવનમાં ઉતાર્યાં છે. તેમાંનો પ્રથમ ગુણ છે અવિરામ પુરુષાર્થ. ખેડૂતપુત્રમાં આ ગુણ સહજ હોય. તેઓએ જ્યાં પણ કામ કર્યું, જવાબદારી સંભાળી અને આજે જૈફ વયે પણ તેમની મુખ્ય છબિ પુરુષાર્થીની છે. ન થાકવાની છે. એટલે તેઓ ધાર્યું નિશાન પાડી શકયાં છે.

તેમનો બીજો ગુણ છે દૃષ્ટિપૂર્વક અભ્યાસ કરવાનો. એટલે તેઓ સતત પ્રયોગશીલ રહ્યા છે. તેમનું શીખવાનું કદી બંધ નથી થયું. ગાંધીજી, વિનોબાજી, વિમલાતાઈ, નાનાભાઈ ભટ્ટ, મનુભાઈ પંચોલી એમ બધાં પાસેથી શીખતા રહ્યા છે, સમજતા રહ્યાં છે. એટલે તેઓ સતત નિત્યનૂતન રહ્યા છે. તાજપ એમના વ્યક્તિત્વનો મહત્ત્વનો ગુણ છે. ચહેરા પર તો ઉંમરને કારણે કરચલીઓ પડે, પરંતુ તેમની વિચારશક્તિ અખંડ રહી છે.

મુરબ્બી મનુભાઈનો ત્રીજો ગુણ છે – જે સારું લાગ્યું, યોગ્ય લાગ્યું, અપનાવવા જેવું લાગ્યું, સમજાયું, ગળે ઊતર્યું તેના માત્ર વખાણ ન કરવાં, પરંતુ એને અમલમાં મૂકવું. અનેક વ્યક્તિઓ સારાં તત્ત્વોની વાત કરતી હોય છે, પરંતુ તેને અમલમાં મૂકવાની ધગશ ધરાવતી નથી હોતી. મુરબ્બી મનુભાઈ તેમાં અપવાદરૂપ છે. તેઓ વિચારને અમલમાં મૂકવામાં માને છે. આવું હોય ત્યાં ઇષ્ટ પરિણામ આવે જ.

મુરબ્બી મનુભાઈનો ચોથો ગુણ છે – સંગઠનશક્તિ. તેમણે જ્યાં જ્યાં કામ કર્યું ત્યાં એકલા નથી ઝઝૂમ્યા, પણ અનેકનો સાથ અને સહયોગ લીધો છે. સૌને સાથે જોડ્યા છે. સાથીદારોને તેમણે ઉચ્ચ ધ્યેય માટે પ્રેરિત કર્યાં છે.

સંસ્થા હોય એટલે પ્રશ્નો હોય જ. કેટલા અગ્રણીઓ ટટ્ટાર રહેવાનું હોય ત્યાં થાબડભાણાશૈલી અપનાવીને જતું કરે, નમતું આપે. (પછી એની જે કિંમત ચૂકવવાની આવે તે ચૂકવતાં હોય છે.) પણ મનુભાઈ એવું ન કરે. એટલે તેઓ કોઈને કડક કે આખાબોલા પણ લાગે, પણ એ સઘળું મૂલ્યાગ્રહમાંથી જન્મેલું હોય છે.

આ સઘળા ગુણોને કારણે તેઓ બધી સંસ્થાઓમાં આચાર્ય કે સંચાલક કે પ્રમુખ તરીકે વિશિષ્ટ બની રહ્યા છે.

•

# ઋષિ જેવા આપણા મનુભાઈ પટેલ

■ વિઠ્ઠલભાઈ અં. પટેલ

સારા સેનાપતિની કિંમત કેટલી? સારા નેતાની કિંમત કેટલી? આ કિંમતો આંકવી અઘરી છે. જો આપણને આ કામ અઘરું લાગે તો તેમને તૈયાર કરનાર ગુરુની કિંમત કેટલી? બહુ જ ભારે સવાલ છે. આપણે મનુભાઈની કિંમત કઈ રીતે આંકી શકીએ? અમારા સમયથી અત્યાર સુધીમાં આપણી સંસ્થાને નામાંકિત આચાર્યો અને શિક્ષકો મળ્યા છે અને તેઓની મહેનતના કારણે આપણે છીએ તે કરતાં વિશેષ સ્વરૂપે સમાજમાં દેખાઈએ છીએ. આપણી સંસ્થાની આબરૂ, આપણી શાખ અને આપણી ઓળખ મનુભાઈ જેવાઓના કારણે જ છે. આપણને ઋષિ સમાન આચાર્યશ્રીઓ મળ્યા તેમાં પૂ. છગનભાનું તપ જોઉં છું.

મનુભાઈની ઓળખાણ ઘણાં વર્ષો પહેલાં થયેલી. મારા પુત્રના લગ્નમાં અમારા વેવાઈ સ્વ. ભાનુભાઈ બાબુભાઈ પટેલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના તે સમયે મંત્રી હતા અને તેમના મિત્ર સ્વ. માણેકલાલ એમ. પટેલ પણ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રી હતા. આ લગ્નમાં મનુભાઈને મળેલો. સર્વ વિદ્યાલયનો જૂનો વિદ્યાર્થી હોઈને મનુભાઈએ મને સર્વ વિદ્યાલયની મુલાકાત લેવા ખાસ આમંત્રણ આપેલું. આ લગભગ ઈ.સ. 1988ની વાત છે. આ મુલાકાતમાં તેમણે વિદ્યાર્થીઓને સંબોધવા પણ આગ્રહ કરેલો. આ મુલાકાત દરમિયાન મનુભાઈનો વિશેષ પરિચય થયો.

હું કેલિફોર્નિયાની હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટીમાં (જે હાલમાં કાલ પોલી, હમ્બોલ્ટ (CAL POLY, HUMBOLDT)ના નામથી ઓળખાય છે) ગણિત શીખવતો હતો. હમ્બોલ્ટમાં તમે ઇચ્છો ત્યાં સુધી ભણાવી શકો. નિવૃત્ત થવાનું તમારી જાતે જ નક્કી કરવાનું રહે. મેં વહેલાં નિવૃત્ત થઈને ગામ માટે કંઈક કરી છૂટવાની ભાવના સાથે ગામમાં નિવાસ કરવાનું પસંદ કર્યું. હું શેરથામાં જ નિવાસ કરું છું. કોઈ દૈવયોગે ડૉ. રામભાઈ પટેલ મને શેરથામાં મળવા આવતાં તેમનો પ્રેમ મને સર્વ વિદ્યાલયમાં ખેંચી લાવ્યો. આ માટે તેમનો ખૂબ જ આભાર. આ ઉપરાંત પૂ. છગનભાના બે પુત્રો રામદાસ અને નારણદાસને મારી કૌટુંબિક બહેનો ગંગાબેન અને નાથીબેન પરણાવેલાં અને આ જ કારણે અમને સર્વ વિદ્યાલય, કડી ભણવા મૂકેલા. આથી સર્વ વિદ્યાલય અમારા માટે માતૃસંસ્થા અથવા કહું કે અમારા લોહીનો લય બની ગઈ છે.

પદ્મશ્રી ગણપતભાઈ મારા એમ. જી. સાયન્સના વિદ્યાર્થી અને તેમની મારા માટેની લાગણી પણ એટલી જ પ્રબળ છે અને મને ગણપત વિદ્યાનગરનું આકર્ષણ પણ એટલું જ રહ્યું છે.

આ બન્ને સંસ્થાઓ મારા માટે ખૂબ જ અગત્યની છે. થોડાક સમય પહેલાં ગણિતની કૉન્ફરન્સમાં ગણપત વિદ્યાનગર ગયેલો અને જે મેં જોયું તે મને ઉત્તર ગુજરાત માટે ખૂબ જ મોટી આશા આપે છે. તેમની સાધના અને ત્યાગભાવના ઉત્તમ ફળદાયી બની રહેશે. ગણપતભાઈ અને મંજુબેન કૅમ્પસમાં જ રહે છે. આ બંનેને વિદ્યાર્થીઓ માટે ખૂબ જ લાગણી છે. વિદ્યાર્થીઓ પણ તેમને પોતાનાં દાદ-દાદી જેટલું માન-સન્માન આપે છે. છગનભાએ આપણી સંસ્થા શરૂ કરી છે. પૂ. ભા માટે વિદ્યાર્થીઓની જેવી લાગણી હતી તેવી જ ગણપતભાઈ પ્રત્યેની લાગણીનો અનુભવ ગણપત વિદ્યાનગરમાં થયો. ખૂબ જ રાજી થવાયું.

કોઈ પણ કાળે પ્રમાણિકતા, સાદાઈ અને પરિશ્રમ અગત્યનાં જ છે. આજે તો આ ખૂબ જ જરૂરી છે. આપણા વિદ્યાર્થીઓની નસેનસમાં આ તત્ત્વવાળું લોહી ફરતું હોવું જોઈએ. આ પ્રકારના ભણતરની ખૂબ જ જરૂર છે અને આપણા સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ શ્રી મનુભાઈની નસેનસમાં આવું જ લોહી ફરે છે. આશા રાખું કે સિપોરની હાઈસ્કૂલ અને સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડીને મનુભાઈએ આગવી ઓળખ અપાવી, તેવી જ આગવી ઓળખ આપણા કડી સર્વ વિશ્વ વિદ્યાલયને અપાવવા કર્મયોગી બની રહેશે અને આ માટે આપણે બધાએ તેમની નેતાગીરી નીચે સંકલ્પબદ્ધ પ્રયાસરત રહેવું જરૂરી બને છે.

મનુભાઈએ સિપોર અને કડીમાં જે કામ કર્યું છે તે શિક્ષણક્ષેત્રે સર્વેને ગર્વ અપાવે તેવું છે. જો મનુભાઈ આટલેથી જ અટકી ગયા હોત તોપણ તેમણે કરેલાં કામોને યાદ કરીને આપણે ગર્વ અનુભવતા હોત, પરંતુ તેનો સંતોષ માની ન અટકતાં નિવૃત્ત થયા પછી વતન ચાણસ્મામાં, શાળાઓ અને હૉસ્પિટલની સેવાઓ માટે વિશેષ પ્રવૃત્ત થયા. તેમણે વતનનું ઋણ ચૂકવવા કર્મઠ બની રહી આ બધાં ક્ષેત્રોને નમૂનેદાર બનાવ્યાં. તેમના વ્યક્તિત્વની ખરી ઓળખ તો એ છે કે આ બધાં ક્ષેત્રોમાં આર્થિક ટેકો તેમના કુટુંબ તરફથી મળતો રહ્યો છે. વતન અને આસપાસનાં ગામડાંઓની જરૂરિયાતોની મનુભાઈ ખૂબ જ કાળજી રાખે છે. તેમની આ કર્તવ્યનિષ્ઠા અભિનંદનીય બની રહે છે.

મનુભાઈ અને તેમનું કુટુંબ ધારે તો ગમે ત્યાં સારામાં સારી સગવડતાવાળું મકાન રહેવા માટે ખરીદી શકે, પણ તેમ કરવાના બદલે ચાણસ્માના વડીલોપાર્જિત મકાનને સગડતાવાળું બનાવીને ચાણસ્મા વચ્ચે જ રહે છે. હું આને સાચી સાદાઈ ગણું છું અને ખાસ તો આર્થિક સમૃદ્ધિ વચ્ચે સાદગીપૂર્ણ જીવન જીવવું એ તેમની સંતપ્રકૃતિનું પ્રતીતિકારક બને રહે છે.

પ્રસંગોપાત્તની મિટિંગોમાં શ્રી મનુભાઈ સાથે મળવાનું થતાં કે મોબાઇલથી થતી વાતચીતોમાં કે પ્રસંગોપાત્તનાં ઉદ્બોધનોમાં મને સાચા અર્થમાં એક વિદ્યાપુરુષ અને કેળવણીપુરુષનાં દર્શન થયાં છે. તેમનાં વિદગ્ધ ઉદ્બોધનોમાં તેમની પોતીકી કોઠાસૂઝ અને વ્યાપક વિષયોને આવરી લેતી વાંચનટેવનો પડઘો સંભળાય છે. સમાજના સ્વસ્થ અને સમરસ ઘડતર માટે તેમના વિચારો આચરણીય અનુભવ્યા છે. શ્વેત ખાદીનાં વસ્ત્રોની ભાવનાનું સાકાર સ્વરૂપ મેં તેમનામાં જોયું છે. તેમનું સરળ અને સ્પષ્ટ કથન સાંભળનારને પણ સ્પર્શી જાય તેવું હોય છે. ગાંધીજીવન મૂલ્યોનું તેમના આચાર-વિચારમાં સહજમાં

દર્શન થાય છે. કોઈની લાગણીને ઠેસ ન પહોંચે તેટલી મૃદુતા અને સામેના વ્યક્તિને સાંભળવાની ધીરજમાં ઉમદા શિક્ષક/આચાર્યત્વની મને સહજમાં પ્રતીતિ થાય છે. મને તેમાંથી ઘણું શીખવાનું મળ્યું છે. તેમની સરળતાભરી જિંદગી અને બીજાને માટે જીવવાનું મને ખૂબ જ સ્પર્શી ગયું છે અને તેમને મારા ખાસ મિત્ર ગણતાં ગર્વ અનુભવું છું. આપણે બધા નસીબદાર છીએ કે આપણી સંસ્થાઓને અને આપણને મનુભાઈ મળ્યા.

●

---

*વિદ્યાર્થીના મુખ ઉપર શિક્ષણના આનંદની પ્રસન્નતા જોવામાં ન આવે તો આપણે શિક્ષણકાર્ય પદ્ધતિમાં ક્યાંક કચાશ છે તેમ લેખીને આપણા શિક્ષણકાર્યને ફલવતું કરવા માટે સહાનુભૂતિભરી કલ્પનાથી વિદ્યાર્થીને કઇ અને ક્યાં મુશ્કેલી હશે તેનો વિચાર કરવો અને એને રસ પડે તેવી રીતે આપણા શિક્ષણકાર્યને અનુરૂપ બનાવવું એ આપણી વ્યાવસાયિક સફળતાનો સાચો માર્ગ છે...*

*અંગ્રેજીમાં કહેવત છે કે, 'પર્વત મહમદ પાસે ન જાય તો કંઈ નહિ, મહમદ પર્વત પાસે જશે.' એ મુજબ તમે વિદ્યાર્થીઓને શોધી કાઢી બોલાવો. હું તમને મદદ કરું...*

**અમૃતલાલ યાજ્ઞિક**

✳

*સરસ્વતીની ઉપાસના, સરસ્વતીની વાડીમાં વિહાર એ આ લોકમાં બ્રહ્મલોકનો અનુભવ કરાવે છે. એનો આનંદ અનુપમ, અસીમ છે, પરંતુ સ્મરણમાં રાખવાનું છે કે એનું ખરું પ્રયોજન જગતને છોડવામાં નહિ, પણ એને રસાન્તરમાં રસવામાં, નવીન દૃષ્ટિએ જોવામાં રહેલું છે.*

**આનંદશંકર ધ્રુવ**

---

# 'મનુર્ભવ' એ વેદવચન ચરિતાર્થ કરનાર માનવ, મહામાનવ: પુણ્યશ્લોક શ્રી મનુભાઈ પટેલ

■ પ્રિ. ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ

બે અકલ્પનીય પ્રસંગો. એ પ્રસંગો વચ્ચે લગભગ 50 વર્ષનો અંતરાલ, છતાં બંને પરસ્પર સંકળાય છે એ મોટું આશ્ચર્ય! એ બે પ્રસંગોનું અહીં સ્મરણ-આલેખન કરું.

(1) ઈ.સ. 1966માં હું મહેસાણાની મ્યુ. આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજમાં અધ્યાપક તરીકે નિયુક્ત થયો. મહેસાણાના પરા વિસ્તારની પહેલી ઓળમાં મારું નિવાસસ્થાન. મકાનના એક ભાગમાં હું પરિવાર સાથે રહું અને એ જ મકાનના આગળના ભાગમાં સિપોર ગામના શ્રી નારાયણભાઈ એ. પટેલ (વીમા અધિકારી અને ઘણી શૈક્ષણિક-સામાજિક સંસ્થાઓ સાથે સંલગ્ન) રહે. અમારા બંને વચ્ચે પારિવારિક સંબંધ બંધાયો. તેઓશ્રી એક વાર મારી પાસે આવ્યા, કહ્યું: 'એક પવિત્ર આત્માને વધાવવાનો છે, સત્કારવાનો છે.' મને સમજાયું નહિ, એટલે એમણે સ્પષ્ટતા કરી કે અમારા સિપોરની આદર્શ હાઈસ્કૂલના આચાર્ય શ્રી મનુભાઈ પટેલનું સન્માનપત્ર તમારે લખવાનું છે. હું અચંબામાં પડી ગયો, કહ્યું: 'શ્રી મનુભાઈને મેં જોયા-જાણ્યા નથી, તો એમનું સન્માનપત્રના લેખનકાર્યને હું કેવી રીતે ન્યાય આપી શકું?' મને અવઢવમાં પડેલો જોઈ મુ. શ્રી નારાયણભાઈએ વિશેષ સ્પષ્ટતા કરી: 'સિપોર ગામની આદર્શ હાઈસ્કૂલના કેળવણી મંડળના હું એક ટ્રસ્ટી, પ્રમુખ છું. અમારા કેળવણી મંડળે શ્રી મનુભાઈનું સન્માન કરવાનું વિચાર્યું છે. એ સંદર્ભમાં આપને હું શ્રી મનુભાઈના જીવનકાર્ય વિશે કેટલાક મુદ્દા આપું છું. આના આધારે તમે શિષ્ટ ભાષામાં ઉત્તમ સન્માનપત્ર લખી શકશો. તમે તો મારા પ્રિય અધ્યાપક છો, શબ્દશિલ્પી છો. તમારા સિવાય સાહિત્યિક શુદ્ધ ભાષામાં સન્માનપત્ર બીજું કોણ લખી શકે?' એમના સદાગ્રહથી કલાત્મક સુંદર ભાષામાં સન્માનપત્ર લખી આપ્યું. મારી દૃષ્ટિએ 'સન્માનપત્ર' દ્વારા મેં સન્માનનીય શ્રી મનુભાઈને માનસિક રીતે વધાવ્યા, એમનું સ્તવન કર્યું, એ સમયે હું 'સંસ્કૃતસ્તોત્ર સાહિત્ય' વિષય, ઉપર પીએચ.ડી. કરતો હતો. 'સ્તોત્ર'ના ઘણા પ્રકારોમાં એક છે 'માનસપૂજા-સ્તોત્ર.' આવા સ્તોત્રમાં કોઈ દેવ કે દેવીની મનોકલ્પિત માનસિક પૂજા કરવાની હોય છે. આ સંદર્ભમાં કહું તો મેં સન્માનપત્ર દ્વારા પૂજ્ય શ્રી મનુભાઈની માનસિક-પૂજા કે 'માનસપૂજા' કરી!

(2) આ સન્માનપત્ર લખ્યા પછી પણ મને શ્રી મનુભાઈનાં 50 વર્ષ પર્યંત પ્રત્યક્ષ દર્શન થયેલાં નહિ. એમનાં પ્રત્યક્ષ દર્શન થયાં છેક લગભગ ઈ.સ. 2021માં. કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગરના પ્રકાશન અધિકારી તરીકે કાર્ય કરતા શ્રી મણિભાઈ પ્રજાપતિ

અને હું એક વાર પાટણ – ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી ગાડી દ્વારા પરત ફરતા હતા ત્યારે ચાણસ્મા ગામ આવતાં મણિભાઈએ કહ્યું: 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખ અને સર્વ વિદ્યાલય, કડીના પૂર્વાચાર્ય વગેરે હોદ્દાઓ ઉપર રહેલા શ્રી મનુભાઈ પટેલ સાહેબની તબિયત અસ્વસ્થ છે, તો એમના ઘેર આપણે મળતા જઈએ.' અમે બંને ચાણસ્માના રૂપાણી માઢમાં રહેતા એમના નિવાસે ગયા. શ્રી મણિભાઈએ મારી ઓળખ કરાવી. મેં પણ હરખથી એમને કહ્યું કે 50 વર્ષ પૂર્વે મેં આપનું 'સન્માનપત્ર' લખેલું. તેઓ પ્રસન્ન-પ્રસન્ન થઈ ગયા. મારું શ્રી મનુભાઈ સાથેનું કેવું અદ્ભુત પ્રથમ મિલન! એ સમયે અમેરિકાથી આવેલા તેમના ભાઈએ અમને ત્રણેને કૅમેરામાં મઢી લીધા, 'સેલ્ફી' લીધી.

તે પછી તો, સમયે-સમયે મણિભાઈએ શ્રીયુત મનુભાઈનાં વિલક્ષણ વ્યક્તિત્વ તેમજ કાર્યોની વિશેષતાઓ જણાવી. આ બધાને આધારે મેં નિષ્કર્ષ તારવ્યો કે મનુર્ભવ (તું માનવ થા) એ વૈદિક આદર્શ સ્વનામધન્ય 'મનુ' ભાઈમાં ચરિતાર્થ થયો છે. એ સાચા અર્થમાં મનનશીલ, ચિંતનશીલ, કર્તવ્યનિષ્ઠ કેવળ 'માનવ' નહિ, પણ 'મહામાનવ' છે. એમનામાં અનેક 'ઐશ્વર્યો'નો સમન્વય થયો છે, જેવાં કે – નિષ્કામ સારસ્વતી પ્રતિભા, શ્રેષ્ઠ શિક્ષકત્વ, શિક્ષણધામોની સર્જનનિષ્ઠા, શૈક્ષણિક સંસ્થાઓનું સુચારુ સંચાલન-કૌશલ, સંવેદનશીલતા, દાનવીરતા ઇત્યાદિ.

મુ. શ્રી મનુભાઈ તો ભગવદ્ગીતામાં નિર્દિષ્ટ નિષ્કામ ભક્તિ, કર્મ અને જ્ઞાનના 'ત્રિયોગી' બની રહ્યા છે. 'જ્ઞાનયોગ'ની તો એમણે જીવનભર સાધના કરી. સિપોર હાઈસ્કૂલના આચાર્ય, સર્વ વિદ્યાલય કડીના આચાર્ય-ડાયરેક્ટર, સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ તરીકેની એમની કર્તવ્યનિષ્ઠાના પ્રતાપે આ સંસ્થાઓ સાચા અર્થમાં 'વિદ્યાધામો' બન્યાં છે. એમની વિદ્યાપરાયણતાના ઉપલક્ષ્યમાં ભારતના રાષ્ટ્રપતિ દ્વારા તેમને 'શ્રેષ્ઠ શિક્ષક' તરીકે નવાજવામાં આવ્યા. જેનું બુદ્ધિચાતુર્ય માનવજાતની સમસ્યાઓના તાણાવાણા ઉકેલે, જેનો જ્ઞાનપ્રદીપ સમાજમાં પ્રસરેલો અજ્ઞાનતાનો અંધકાર ભેદી જ્ઞાનનાં તેજકિરણો પ્રગટાવે, જેની આંખોનું અમૃત ભાવોની મધુરતાનો અનુભવ કરાવે, જેનું વાણી-માધુર્ય પ્રેરણા-પીયૂષનું પાન કરાવી પશુતામાંથી માનવતા તરફ પ્રેરે, જેના હૃદયનું ગુણસૌંદર્ય દુનિયાની કુરૂપતાને સ્થાને સુંદરતાનું વાસંતી વાતાવરણ જન્માવે, જેની હૃદય-વીણાના તાર માનવ-કલ્યાણનું સંગીત રેલાવે, જેના રૂંવાડે-રૂંવાડે ઉદ્ભવેલો પરસેવો દુનિયાની મૂરઝાતી ફૂલવાડીને લહેરાવે, જેના વ્યક્તિત્વનાં સર્વ અંગો સમષ્ટિ સાથે અનુસંધાન કરે અને જેના પગલે-પગલે નવસર્જનનાં કમળ પ્રગટે તેને પુણ્યશ્લોક મહાપુરુષ જાણવો. આવા પુણ્યશ્લોક 'મહામાનવ'નું 'સન્માનપત્ર' આજથી 50 વર્ષ પૂર્વે લખવાનું મને સદ્ભાગ્ય પ્રાપ્ત થયેલું. એ 'સન્માનપત્ર'માં એમના માટે પ્રયોજેલાં બધાં વિશેષણો તેમના દ્વારા સાર્થક થયાં છે.

•

9

# સર્વતોમુખી પ્રતિભા

■ તુલસીભાઈ પટેલ

**ભૂમિકા :**

મનુષ્યજીવન ગહન અને વ્યાપક છે. આદિકાળના ગુફાવાસી માણસથી લઈને આજે અવકાશયુગમાં પ્રવેશેલા માણસે અસાધારણ સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે. આપણું આયુષ્ય મર્યાદિત છે, એટલે એક જીવનમાં તમામ ક્ષેત્રે સિદ્ધિઓ પ્રાપ્ત કરવાનું મુશ્કેલ જ નહીં અશક્ય છે. તેમ છતાં કેટલીક વ્યક્તિઓ કુદરતદત્ત પ્રતિભા તથા અથાક પરિશ્રમ દ્વારા અનેક ક્ષેત્રોમાં સફળતા પ્રાપ્ત કરી શકે છે. આપણે એને સર્વતોમુખી પ્રતિભા કહી શકીએ. પ્રાચીન ગુરુકુળોમાં જે શિષ્ય અનેકવિધ વિષયોમાં પ્રવીણ હોય એને 'સર્વતોભદ્ર' ઉપાધિથી ગૌરવાન્વિત કરવામાં આવતો હતો. આજે પણ અપવાદરૂપ કેટલીક વ્યક્તિઓ એવી છે, જે અનેક બાબતોમાં પ્રભુત્વ ધરાવતી હોય છે. એવી કેટલીક વ્યક્તિઓ પૈકી એક છે: મનુભાઈ પટેલ. એમની પ્રતિભાનાં વિવિધ પાસાં ઉપર પ્રકાશ પાથરવાનો અહીં ઉપક્રમ છે.

**બહુરત્ના ચાણસ્મા**

મનુભાઈનો જન્મ ચાણસ્માના ખેડૂત પરિવારમાં તા. 14-1-1937ના રોજ થયો હતો. ઉત્તર ગુજરાતમાં આવેલું ચાણસ્માનગર કેટલીક વિશેષતાઓ ધરાવે છે. આ નગરની ભૂમિ જ ઉર્વર છે. સમાજનાં વિવિધ ક્ષેત્રોમાં સર્વોચ્ચ પદ સુધી પહોંચનાર વ્યક્તિઓની સંખ્યા, અન્ય નગરોની તુલનામાં સવિશેષ છે. શિક્ષણ, સાહિત્ય, સમાજસેવા, ધર્મ, અધ્યાત્મ, રાજકારણ, વેપાર-ઉદ્યોગ વગેરે ક્ષેત્રોમાં, કચ્છના રણની સમીપ આવેલું આ નગર રણ વચ્ચે મીઠી વીરડી 'રણદ્વીપ' જેવું છે; એમ કહેવામાં જરાયે અતિશયોક્તિ નથી. આમ તો કૃષિપ્રધાન ગામ છે. કષ્ટોની જ વચ્ચે વ્યક્તિની શક્તિઓ ખીલતી હોય છે. કાચી કેરીને પકવવા માટે ગરમીની જરૂર પડતી હોય છે. કોઈ કવિએ સાચું જ કહ્યું છે:

**'फूल कांटों में खिला था, सेज पर मुरझा गया ।'**

મનુભાઈએ ચાણસ્માની પ્રતિભાશીલ વ્યક્તિઓ (21+24)નો પરિચય આપતું સુંદર આકર્ષક પુસ્તક તૈયાર કર્યું હતું. જેમાંથી સુજ્ઞ વાચકોને સમાજસેવા અને પરિશ્રમનો સંદેશ પ્રાપ્ત થાય છે. આ એક દસ્તાવેજી કામ છે.

**તેજસ્વી વિદ્યાર્થી**

શિક્ષણ એ ભાવિ જીવનની ઇમારતનો પાયો છે. મનુભાઈમાં પ્રારંભથી જ અભ્યાસરુચિ હતી. તેઓ એક પ્રતિભાસંપન્ન વિદ્યાર્થી હતા. એમણે એસ.ટી.સી.ની પરીક્ષા બૃહદ મુંબઈ

રાજ્યમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ કરી હતી. એમ.એ. સુધીનું ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરીને શિક્ષણશાસ્ત્રમાં બી.એડ્. તાલીમ પ્રાપ્ત કરી હતી.

**સમર્પિત કેળવણીકાર**

મનુભાઈએ કારકિર્દીનો આરંભ શેઠ સી. જી. હાઈસ્કૂલ પિલવાઈ (1958)માં શિક્ષક તરીકે જોડાઈને કર્યો હતો. અહીં દસેક વર્ષ સુધી ઋષિકામમાં આચાર્યસમી સમર્પિત અને યશસ્વી સેવાઓ આપી હતી. ત્યાર બાદ વડનગરની નજીક આવેલ સિપોરની આદર્શ હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે જોડાયા હતા. પ્રાચીન ભારતના ગુરુકુળનું સ્મરણ કરાવે એવી યશોદાયી સેવાઓ આપી હતી. એમણે અભ્યાસક્રમમાં આવતા કવિ-લેખકો: ઉમાશંકર જોશી, સુંદરમ્, પન્નાલાલ, સ્નેહરશ્મિ વગેરેને વિદ્યાર્થીઓ સમક્ષ પ્રત્યક્ષ કરીને સાહિત્યના શિક્ષણને જીવંત બનાવ્યું હતું. સિપોરની બાજુમાં જ ભાવનાશીલ ડૉક્ટર તથા સહૃદય સેવક ડૉ. દ્વારકાદાસ જોષી, ડૉ. વસંતભાઈ પરીખ વગેરેને શાળામાં આમંત્રીને આરોગ્ય અને સમાજસેવાના ઉદાહરણરૂપ પાઠ ભણાવ્યા હતા. સન 1985 સુધી સિપોરની હાઈસ્કૂલમાં યાદગાર સેવા આપ્યા બાદ સર્વ વિદ્યાલય, કડીમાં આચાર્ય તરીકે જોડાયા હતા. આજે સર્વ વિદ્યાલય કડીની સંસ્થા નાનકડા છોડમાંથી વિકસીને વિશાળ વટવૃક્ષની જેમ ફૂલીફાલી છે. બાલમંદિરથી યુનિવર્સિટી કક્ષા સુધીનું શિક્ષણ આપે છે. આ સંસ્થા વિકાસમાં મનુભાઈનું યોગદાન અનન્ય છે.

**સફળ સંચાલક**

સન 1995માં મનુભાઈ વયનિવૃત્ત થયા. ત્યાર બાદ પ્રારંભમાં કૅમ્પસ ડાયરેક્ટર અને પછી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના મંત્રી ને પ્રમુખ તરીકે સેવા આપે છે. તેઓ કુશળ સંચાલક છે. મંડળ દ્વારા પ્રતિ વર્ષ યોજાતી સાધારણ અને કારોબારી સભાનું એમણે નમૂનારૂપ સંચાલન કર્યું છે. એમાં એમની હૈયાઉકલત અને પ્રજ્ઞાનાં દર્શન થાય છે. વતન ચાણસ્મામાં કેળવણી મંડળના મંત્રી અને મેડિકલ ઍન્ડ સોશ્યલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, ચાણસ્માના મંત્રી તરીકે યશોદાયી સેવાઓ આપી છે. ચાણસ્માની વિવિધ સંસ્થાઓમાં સક્રિય સેવાઓ આપ્યા બાદ 75 વર્ષ વય બાદ સ્વેચ્છાએ નિવૃત્તિ લઈને 'तेन त्यक्तेन भुंजीथाः'નો મંત્ર આત્મસાત્ કર્યો છે. શાળાકક્ષાથી યુનિવર્સિટી સ્તર સુધી શિક્ષણ પ્રદાન કરતી સંસ્થાની સ્થાપનામાં મનુભાઈનું માર્ગદર્શન અને દિશાસૂચન ખૂબ જ મહત્ત્વપૂર્ણ રહ્યું છે. આ ઉપરાંત ગુ.. મા. શિક્ષણ બોર્ડના સભ્ય, ઉ. ગુ. યુનિવર્સિટીના સેનેટ સભ્ય તરીકે એમણે યાદગાર સેવાઓ આપી છે.

**આચારવાન આચાર્ય**

સંત વિનોબાજીએ કહ્યું છે: આચાર દ્વારા શીખવે તે આચાર્ય. મનુભાઈએ આ આદર્શ જીવી બતાવ્યો છે. તેઓ હાડોહાડ શિક્ષણના જીવ તો ખરા જ, ઉપરાંત મૂલ્યનિષ્ઠ અને ધ્યેયનિષ્ઠ વિદ્યાવ્યાસંગી છે. પોતે આચરણ દ્વારા કર્તવ્યપાલન તથા શિસ્તનો સંદેશ આપે છે. ગીતાનો કર્મયોગ એમણે અપનાવ્યો છે. ગાંધીજી, વિનોબાજી, રવિશંકર મહારાજ વગેરેના જીવનદર્શનનો એમના પર પ્રભાવ છે.

મનુભાઈ અનેક સન્માનપત્રોથી વિભૂષિત થયા છે; એમ કહેવાને બદલે એ સન્માનપત્રોને મનુભાઈએ ગૌરવપ્રદાન કર્યું છે, એમ કહેવાનું મન થાય છે. મુખ્ય સન્માનપત્રો પર દૃષ્ટિપાત કરી લઈએ:

- સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા બેસ્ટ ટીચર અવૉર્ડ
- યશસ્વી કેળવણીકાર તરીકે ગુજરાત રાજ્યના મુખ્ય મંત્રી દ્વારા તામ્રપત્ર
- ભારતના રાષ્ટ્રપતિ દ્વારા શ્રેષ્ટ શિક્ષકનો પુરસ્કાર

**સંવેદનશીલ સમાજસેવક**

મનુભાઈએ 'ચંચળબા જેકીશનદાસ મેમોરિયલ ટ્રસ્ટ' તથા 'શાંતાબેન શંભુપ્રસાદ પુરુષોત્તમ ચૅરિટેબલ ટ્રસ્ટ' દ્વારા પોતાના વતન પ્રત્યેની લાગણી સમાજસેવાનો આદર્શ પ્રસ્તુત કર્યો છે. ઉપરાંત વતનની અનેક સેવાકીય પ્રવૃત્તિઓમાં સક્રિય અને સમર્પિત સેવાઓ આપી છે. એમની આ સેવાઓને બિરદાવતાં ક્રાંતિકારી સંત સ્વામી સચ્ચિદાનંદે કહ્યું હતું

'મનુભાઈ બનવા માટે સતત તલવારની ધાર પર ચાલવું પડે.' મનુભાઈ સેવા અને સાદગીનો પર્યાય છે. એમના વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ લાગે છે કે અનેક સંસ્થાઓની જવાબદારીનો ભાર વહન કરતા હોવા છતાં કદાપિ એમણે એવો અણસાર આવવા દીધો નથી. એમનું ભાર વગરનું સહજ અને પ્રેમાળ વ્યક્તિત્વ એમના સંપર્કમાં આવનાર સૌએ અનુભવ્યું છે. શ્વેત કફની, પાયજામામાં એમનું વ્યક્તિત્વ દીપી ઊઠે છે. સાદગી, સરળતા અને સહજતાનું સૌંદર્ય એ એમનું શ્રેષ્ઠ આભૂષણ છે!

13 ઑગસ્ટ, 2023થી મનુભાઈ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ તરીકે સેવાઓ આપવા માટે તેઓ સંમત થયા છે. આદણીય મનુભાઈ સ્વાસ્થ્યપૂર્ણ દીર્ઘાયુ ભોગવે અને આ સંસ્થાને એમની સેવાઓનો દીર્ઘકાળપર્યંત લાભ મળતો રહે એવી હૃદયપૂર્વકની અભિલાષા! અસ્તુ!

•

---

*કેળવણી એવી હોવી જોઈએ કે જેને પ્રતાપે, જગતમાં ધર્માંધતાં ઓછી થાય, આંતરરાષ્ટ્રીય દૃષ્ટિબિંદુનો વિકાસ થાય, વિશ્વબંધુત્વ અને વસુધૈવકુટુમ્બકમ્‌ની ભવ્ય ભાવનાને વેગ મળે. કેળવણી એવી હોવી જોઈએ કે જેનાં બળે, રાષ્ટ્ર રાષ્ટ્ર વચ્ચે ભાઈચારાની લાગણી વધે, અન્યોન્યની સંસ્કૃતિ, સમાજચના તથા ધર્મગ્રંથો પ્રત્યે સન્માનવૃત્તિ પેદા થાય, તેમજ નારીપ્રતિષ્ઠાની લુપ્ત થતી જવલંત ભાવનાનો વિકાસ થાય, એટલું જ નહિ પણ જગતની પ્રજા વૈર, વૈમનસ્ય, સંકુચિતતા તથા લોભ ત્યજી એકમેકને સમજવા પ્રયત્ન કરે, ચાહતાં શીખે, સંતોષી જીવન ગુજારે અને દુર્લભ માનવજીવનનો શુભ કાર્યોમાં સદુપયોગ કરે.*

**જવાહરલાલ નેહરુ**

---

# બહુમુખી પ્રતિભાવાન આચાર્ય

■ આર. સી. રાવલ

મારે મહેસાણા જિલ્લામાં વર્ષ 1990માં જિલ્લા પ્રાથમિક શિક્ષણ અધિકારી તરીકે આવવાનું થયું. તે પહેલાથી જ શ્રી મનુભાઈ પટેલ વિશે એક સંનિષ્ઠ આચાર્ય તરીકેની અમીટ છાપ મનમાં કંડારાયેલી હતી. કચ્છ જિલ્લામાં જિલ્લા શિક્ષણાધિકારી તરીકે કાર્ય કરતો હતો ત્યારે ત્યાં સુધી તેમની સુવાસ પ્રસરેલી અનુભવેલી હતી. કચ્છ જિલ્લામાંથી મહેસાણા ફરજ પર હાજર થતાંની સાથે જ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડીના બે મહાનુભાવોને મળવાની દિલમાં ઇચ્છા હતી. એક સર્વ વિશ્વ વિદ્યાલય ગાંધીનગરના સ્વપ્નદ્રષ્ટા અને અડગ મનોબળ ધરાવનાર શિક્ષણ નિર્માતા સદ્ગત શ્રી માણેકલાલકાકા અને બીજી વ્યક્તિ તે સર્વ વિદ્યાલય કડીના શ્રેષ્ઠ આચાર્યશ્રી મનુભાઈ પટેલ.

જિલ્લામાં ફરજ પર હાજર થતાં જ મેં મારી શરૂઆત સર્વ વિદ્યાલય કડીની મુલાકાતથી કરી. સંસ્થાની મુલાકાતથી ખૂબ જ પ્રભાવિત થવાયું. સંસ્થાનું શૈક્ષણિક પર્યાવરણ અને ભાવાવરણ જોઈ આનંદિત થવાયું. સંસ્થાના બંને મહાનુભાવોને પ્રથમ વખત પ્રત્યક્ષ મળવાનું થયું અને મનમાં અંકિત થયેલી છાપ વધુ દૃઢ બની. ગુજરાત રાજ્યની ઉત્તમ કોટીની શૈક્ષણિક સંસ્થાઓ પૈકીની એક સંસ્થા તે સર્વ વિદ્યાલય, કડી. સંસ્થાના ધુરાવાહકોનું દૂરંદેશીપણું જ સંસ્થાના વિકાસમાં મહત્ત્વનું બની રહ્યું છે, તે જોવા મળ્યું. સંસ્થા માટે મારાપણાનો ભાવ જોવા મળ્યો. તેમનો આતિથ્યભાવ મને આજે પણ નજર સમક્ષ છે અને તેમની પ્રથમ મુલાકાત મારા જીવનમાં કાયમ માટે આદરભાવવાળી અને સ્નેહીજન તરીકેની બની રહી. જે નાતો આજે પણ યથાવત રહ્યો છે.

મનુભાઈ વિશે વાત કરું તે પહેલાં આદરણીય સ્વ. માણેકલાલકાકા અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા એક સંનિષ્ઠ આચાર્યનું નામ એમ.એડ. કૉલેજ સાથે જોડાય અને **"આચાર્ય શ્રી મનુભાઈ જે. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન"** બને તેવી વિરલ ઘટના ભાગ્યે જ જોવા મળે. જે શિક્ષણજગતનું સદ્ભાગ્ય અને ગૌરવ ગણાય. તે માટે આવો નિર્ણય લેનાર વિદ્યાપુરુષને વંદન કરું છું.

બીજી વાત વર્ષ 1985થી 1995 સુધી આચાર્ય તરીકે સુદીર્ઘ સેવાઓ આપનાર અને સેવા નિવૃત્તિ પછી આજ દિન સુધી સંસ્થામાં વિવિધ પદો પર રહી સંસ્થાના વિકાસમાં સહયોગી બનનાર મનુભાઈની સેવાઓની કદર સ્વરૂપે જાહેર અભિવાદન અને અભિવાદન ગ્રંથનો વિચાર મૂકનાર, જેમની સાથે ગુજરાત રાજ્યની શાળાઓની ફી રેગ્યુલેટરી કમિટી (FRC)માં ત્રણ વર્ષ સુધી સાથે કામ કરવાની તક મળી છે તેવા ધ્યેયનિષ્ઠ અને કાર્ય પ્રત્યે પ્રતિબદ્ધ પરમ સ્નેહી મિત્ર શ્રી વલ્લભભાઈ પટેલને દિલથી ખૂબ-ખૂબ અભિનંદન

આપું છું. આ પ્રસંગ સમગ્ર શિક્ષણજગતમાં કામ કરનાર સૌને માટે પ્રેરણાદાયક બની રહેશે તેમાં કોઈ શંકા નથી.

મનુભાઈ એક મૂલ્યનિષ્ઠ, ધ્યેયનિષ્ઠ વ્યક્તિ. શિસ્ત અને નિયમ પાલનના ચુસ્ત આગ્રહી છતાં સ્વભાવે સરળ અને વિનમ્ર. શિક્ષકમાં જિજ્ઞાસા, મિલનસારપણું, સ્ફૂર્તિ, બાળકો માટેનો પ્રેમ અને અભિવ્યંજના જેવાં મૌલિક વલણો હોવાં જોઈએ. જે મને મનુભાઈમાં જોવા મળ્યાં છે. માનવીય મૂલ્યોનું જતન કરવા માટેનો પુરુષાર્થ કરનારા કોઈ પણ સમાજતંત્રમાં નવી પેઢીને આયોજનપૂર્વકની કેળવણી આપવાનું કામ હંમેશાં શિક્ષક-વિદ્યાર્થીના સંબંધો પર જ આધારિત હોઈ શકે.

**'હું આજે જે કંઈ છું તેમાં મનુભાઈ સાહેબે વર્ગમાં કે વર્ગખંડ બહાર આપેલા શિક્ષણનું મોટું યોગદાન છે.'** આવું કહેતા તેમના ઘણા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને મેં સાંભળ્યા છે. કેટલાય વિદ્યાર્થીઓને અને કેટલાક તો સાથી મિત્રોને મુશ્કેલીના સમયમાં સાથે ઊભા રહીને સધિયારો આપ્યો છે. તે તો શ્રી મનુભાઈની મોટાઈ છે. વિવિધ ક્ષેત્રોમાં કાર્ય કરતા તેમના કેટલાય વિદ્યાર્થીઓ, ડૉક્ટરો, એન્જિનિયર્સ, ઉદ્યોગપતિઓ, શિક્ષકો, આચાર્યો, અધિકારીઓ વગેરે આજે દેશ-પરદેશમાં જોવા મળે છે. જે એક આચાર્ય તરીકેની સફળ ભૂમિકા દર્શાવે છે. સર્વ વિદ્યાલય કડીનું સદ્ભાગ્ય ગણું છું કે, મનુભાઈ જેવા આચાર્ય સંસ્થાને મળ્યાં. સર્વ વિદ્યાલય કડીમાં મનુભાઈને મેં કામ કરતા જોયા છે. શાળાનું જીવંત વાતાવરણ, તેમની નેતૃત્વશક્તિ, ઉત્તમ કોટીનું વ્યવસ્થાતંત્ર, બધાને સાથે લઈને ચાલવાની એક વિશિષ્ટ કુનેહ મનુભાઈમાં જોઈ છે. શાળામાં સાહિત્યિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ સતત ધમધમ્યા કરતી હોય તેનું પ્રેરકબળ તેઓ બની રહ્યા હતા.

કડી આવ્યા તે પહેલાં તેઓ સિપોરમાં આચાર્ય તરીકે કાર્ય કરતા હતા. વર્ષ 1990થી 1993ના સમયગાળામાં મારી સિપોર ગામની મુલાકાતો દરમિયાન મારે જેમને મળવાનું થયું તેવા સિપોરના વતની ઉત્તમ શિક્ષકો-આચાર્યો- પ્રાચાર્યોમાં સદ્ગત શ્રી વાઘજીભાઈ સોલંકી કે જે મહેસાણા જિલ્લા શિક્ષણ સમિતિના સદસ્ય હતા. તેમના નાનાભાઈ સદ્ગત શ્રી પ્રતાપભાઈ સોલંકી કે જે વડનગરની કૉલેજમાં પ્રિન્સિપાલ તરીકે કાર્ય કરતા હતા અને સદ્ગત શ્રી શંકરજી ડાભી ઉત્તમ કોટીના પ્રાથમિક શાળાના આચાર્ય. તેઓના મુખે મનુભાઈની કાર્યશૈલી, કર્મઠતા, કાર્ય પ્રત્યેની પ્રતિબદ્ધતા, પ્રમાણિકતા, સમાજ સાથેનું જોડાણ જેવા અનેક સદ્ગુણો સાંભળવા મળેલ. મને પણ યાદ છે કે, સિપોર મહેસાણા જિલ્લાનું છેવાડાનું ગામ પણ તે સમયે શાળાની વિવિધ પ્રવૃત્તિઓ રમતોત્સવ, યુવક મહોત્સવ કે વિજ્ઞાન મેળામાં સિપોરની હાઈસ્કૂલ અગ્રેસર હોય જ. તાલુકાકક્ષાએ, જિલ્લાકક્ષાએ અને રાજ્યકક્ષા સુધી તે શાળાના વિદ્યાર્થીઓ ઝળક્યા જ હોય. શાળાનાં એસ.એસ.સી/ એચ.એસ.સી.નાં પરિણામો, વિવિધ જાહેર પરીક્ષાઓનાં પરિણામો પણ ઉત્કૃષ્ટ કોટીનાં હોય. જેના પરિણામે આ શાળા પોતાની આગવી ઓળખ ઊભી કરી શકી હતી. મનુભાઈએ સિપોર ગામના સર્વાંગી વિકાસમાં ઘણો મોટો ફાળો આપ્યો હતો અને ખરા અર્થમાં તેમણે આચાર્યધર્મનું પાલન કર્યું હતું.

**"સિપોર એટલે મનુભાઈ અને મનુભાઈ એટલે સિપોર."** મનુભાઈને સંગઠનના

વ્યક્તિ તરીકે કાર્ય કરતા અનુભવ્યા છે. મહેસાણા જિલ્લા શિક્ષક સંઘના પ્રમુખ, મહેસાણા જિલ્લા શાળા સંઘના પ્રમુખ, મહેસાણા જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ અને ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ તરીકેની જવાબદારીઓ સુપેરે પાર પાડી છે અને તેમની નેતૃત્વ શક્તિના દર્શન કરાવ્યાં છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સચિવ, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળના નિયામક અને રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામક તરીકેની મારી ફરજો દરમિયાન મેં તેમની રજૂઆતમાં ક્યાંય ઉગ્રતા અનુભવી નથી કે તેમને ઉગ્ર થતા જોયા નથી. તેમની રજૂઆતની શૈલી ધારદાર અને હંમેશાં અસરકારક રહી છે. શાંત-ધીર-ગંભીર, ચોક્કસ બાબતની પ્રશ્નના ઉકેલ સાથે ચોટદાર રજૂઆત કરતા મેં તેમને સાંભળ્યા છે. ક્યારેય ખોટી રજૂઆતો કે માત્ર સ્વાર્થની બાબતો સાથે સંમત ન થઈને સંગઠનની કામગીરી કરવી તે ઘણી જ કઠિન બાબત છે. આમ છતાં તેઓની સાલસતા, વિશ્વસનિયતા અને કર્મઠતાએ તેમને સંગઠનમાં સફળતા અપાવી છે.

શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં તેમનું મોટું યોગદાન રહ્યું છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના શૈક્ષણિક સમિતિના સભ્ય તરીકે અને બોર્ડની કારોબારી સમિતિના સભ્ય તરીકે માધ્યમિક ઉચ્ચતર માધ્યમિક શિક્ષણના વિવિધ વિષયના અભ્યાસક્રમોમાં તેમજ શૈક્ષણિક ગુણવત્તા સુધારણામાં તેમના સૂચનો હંમેશાં ઉપયોગી રહ્યાં છે. સેવાનિવૃત્તિ પછી ટ્રસ્ટે તેમની સેવાઓ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રી/પ્રમુખશ્રી તરીકે લાંબા સમય સુધી લીધી છે. જે ટ્રસ્ટની શાળામાં આચાર્ય હોય તે ટ્રસ્ટના મંત્રી અને હાલમાં પ્રમુખશ્રી તરીકે કામ કરવાની તક તેમની નિષ્ઠા અને કર્મઠતા દર્શાવે છે. ઉત્તમ આચાર્ય/શિક્ષક તરીકેની સેવાઓને ધ્યાને લઈ તેઓને ભારત સરકારશ્રી તરફથી વર્ષ 1993માં **'શ્રેષ્ઠ શિક્ષક'** તરીકેના રાષ્ટ્રીય એવૉર્ડથી સન્માનિત કરવામાં આવ્યા છે. તદ્ઉપરાંત સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર તરફથી **'બેસ્ટ ટીચર અવૉર્ડ'** એનાયત કરવામાં આવેલ છે. વિવિધ સન્માનો અને અવૉર્ડ એક યોગ્ય વ્યક્તિને મળ્યા છે તેનો આનંદ વ્યક્ત કરું છું.

તેમનું વતન ચાણસ્મા, ચાણસ્મામાં તેઓએ વર્ષો સુધી શૈક્ષણિક, આરોગ્ય વિષયક અને વિવિધ સામાજિક સંસ્થાઓમાં ઉત્કૃષ્ઠ સેવાઓ આપી છે. **"તે જ જીવે છે, તે જ જીવે છે, જે સદા મથે ઉન્મત થવા."** ચાણસ્મા તાલુકાના વતની તરીકે હું ગૌરવ અને આનંદની લાગણી અનુભવું છું.

•

# યશસ્વી આચાર્ય અને લોકસેવક

■ **પદ્મશ્રી માલજીભાઈ દેસાઈ**

મુ. શ્રી મનુભાઈ સાહેબ સાથેનાં સંસ્મરણો વાગોળતાં મને યાદ છે કે મારા જિલ્લા સેવાદળના કાર્યકાળ દરમિયાન સિપોર વિદ્યાલયમાં સેવાદળના વર્ગો ચલાવ્યા અને તેમનો નજીકથી પરિચય થયો. પછી તો શિક્ષણક્ષેત્રના અનેકવિધ કાર્યક્રમોમાં તેમને મળવાનું થતું. નિવૃત્તિ પછી ચાણસ્મા સ્થિર થઈને ચાણસ્માની તમામ જાહેર પ્રવૃત્તિઓમાં સક્રિય ભૂમિકા ભજવતા રહ્યા છે. ખાસ તો જનરલ હૉસ્પિટલની સેવાની પ્રવૃત્તિમાં નોમધપાત્ર પ્રદાન કર્યું, ચાણસ્માના જાહેર કામોમાં અગ્રસ્થાને રહ્યા છે.

શ્રી મનુભાઈની એક શિક્ષક, આચાર્ય - ઋષિકુળ પરંપરાના આચાર્ય સમાન તેમની સેવાઓની સુવાસ પિલવાઈ, સિપોર કે કડી સુધી સીમિત ન બની રહેતાં સમગ્ર ગુજરાતને એક યા બીજા સ્વરૂપે મળી છે. ખાસ તો ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ તરીકે બિનહરીફ ચૂંટાઈને આચાર્યત્વની નિષ્ઠા સાથે અને એક નીવડેલ કેળવણીકાર તરીકે શિક્ષણ સુધારણામાં જે સેવાઓ આપી છે, સંઘને દોરવણી આપી છે તે એક ઉમદા ઉદાહરણસ્વરૂપે - mile stone - સમાન દીપી રહી છે. ગુજરાતની શિરમોર કેળવણી સંસ્થા, કડીએ તેમની બહુમૂલ્ય સેવાઓની નોંધ લઈને જે તેમને ગૌરવ આપ્યું છે તે શિક્ષણ સંચાલકો માટે દીપસ્તંભ સમાન છે. ચાણસ્માનું તેઓશ્રી ગૌરવધન છે. નિવૃત્તિનાં પ્રાયઃ 28 વર્ષ બાદ આ સંસ્થાએ તેનું પ્રમુખપદ સોંપવું અને અભિવાદન ગ્રંથ અર્પણ કરી તેમનું જાહેરમાં અભિવાદન કરવું, એમાં શ્રી મનુભાઈ સાહેબની ગુણસમૃદ્ધિની સાથે જ સંચાલક મંડળની અભિવંદનીય ઉમદા ભાવનાનાં દર્શન થાય છે. તેઓશ્રી અમારા ચાણસ્મા નગરનું ગૌરવ છે. મુ. શ્રી મનુભાઈ જેવા મૂઠી ઊંચેરા મહાનુભાવોથી ચાણસ્મા રળિયાત થયું છે.

આવી વિવિધ યશસ્વી કામગીરી બદલ ભારત સરકાર દ્વારા ઈ.સ. ૧૯૯૩માં "શ્રેષ્ઠ શિક્ષક" તરીકે રાષ્ટ્રીય અવૉર્ડથી સન્માનિત કરવામાં આવ્યા. પાટણ જિલ્લાના યશસ્વી કેળવણીકાર તરીકે ૧૫મી ઑગસ્ટ, ૨૦૦૩ના ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા તામ્રપત્રથી વિભૂષિત કરવામાં આવ્યા. આ ઉપરાંત સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા "બેસ્ટ ટીચર અવૉર્ડ"થી પણ સન્માનિત કરવામાં આવ્યા.

મુ. શ્રી મનુભાઈ સાહેબ સાથે સ્નેહનાતો બંધાવવાનું અને જળવાઈ રહેવાનું એક કારણ એ કે મારું કાર્યક્ષેત્ર ગાંધી આશ્રમ, ઝીલીયા, તા. ચાણસ્મા. આ આશ્રમના ઉપક્રમે સવિશેષતઃ મહેસાણા અને પાટણ જિલ્લાઓમાં શિક્ષણના પ્રચાર - પ્રસાર, સર્વોદય અને ગાંધીજીવન-દર્શન આધારિત અનેકવિધ પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલો રહ્યો હોવાથી આ બંને

જિલ્લાઓ મારી કર્મભૂમિ રહ્યા છે. વળી, ચાણસ્મા તો રાજકીય રીતે મારો મતવિસ્તાર. આ વિસ્તારમાંથી ધારાસભ્ય તરીકે પણ ચૂંટાયો હતો. તેથી ચાણસ્મા નગર અને સમગ્ર તાલુકા સાથે મારો ગાઢ પરિચય રહ્યો છે. આ પ્રદેશની પ્રજાએ મને જે સ્નેહભાવ આપ્યો છે, તે સદાકાળ સ્મરણીય બની રહેશે. તેમના સૌના સ્નેહનો હું ઋણી છું. શ્રી મનુભાઈ અમારા ગાંધી આશ્રમ, ઝીલીયા સાથે મમત્વ રાખતા રહ્યા છે. અમારી પ્રવૃત્તિઓથી પ્રસંગોપાત્ત રાજીપો વ્યક્ત કરતા રહી અમને પ્રોત્સાહિત કરતા રહ્યા છે.

હવે પછીનું જીવન નિરામય રીતે લોકસેવામાં વિતાવે તેવી અભ્યર્થના.

•

---

*કૉલેજમાં શિસ્તનો આગ્રહ ધાકથી નહીં તેટલો પ્રેમથી રાખવાનો હું પ્રયત્ન કરતો. મારી છાપ વિદ્યાર્થીઓ પર કડક અધિકારી જેવી પડે તે હું ઇચ્છતો ન હતો. તેમની સાથે વિવાદને પ્રસંગે ખુલ્લા દિલથી ચર્ચા થાય તેવું મારું વલણ રહેતું. અવારનવાર ચર્ચા-વ્યાખ્યાન, મોક પાર્લમૅન્ટ, મૉક કોર્ટ કે એવા હળવા ગંભીર કાર્યક્રમો યોજાતા. તેમાં તેમને પોતાનાં મંતવ્યો ને ટીકાટિપ્પણો મુક્તપણે રજૂ કરવાની છૂટ હતી. રમતો અને સાંસ્કારિક કાર્યક્રમોમાં હું તેમની સાથે છૂટથી ભળતો ને દિલ્લગી કરતો, પરંતુ શૈક્ષણિક કાર્યમાં શિથિલતા લાવે તેવું કોઈ વર્તન હું ચલાવી લેતો નથી; તેથી હું તેમના પ્રત્યે કડક વર્તન રાખું છું એવી છાપ ઊભી થયેલી. શૈક્ષણિક ગુણવત્તાનું ધોરણ ઊંચું લાવીને જાળવી રાખવાનું કામ અધ્યાપકનું છે. અધ્યાપક જ વિદ્યાર્થીનો સાચો નેતા કે માર્ગદર્શક હોવા જોઈએ. તેના દ્વારા જ કૉલેજમાં શૈક્ષણિક વાતાવરણ જામી શકે. આથી આરંભથી જ ઉત્તમ અધ્યાપકો મેળવવાનો આગ્રહ રાખેલો તેમ છતાં માણસની પૂરી પરખ તો તે વર્ષ દરમિયાન કામ કરી બતાવે ત્યારે થાય. મોડાસામાં સ્થિર થઈને રહે એ હેતુથી નિયુક્તિ થતી. બીજી તરફ અનુભવે અધ્યાપકનું કામ કાચું કે ઉપર- છલ્લું જણાય તો તે ગામડામાં ચાલે એ મને સ્વીકાર્ય નહોતું. શરીરનું કોઈ અંગ સડી જાય તો આખા શરીરના હિતમાં તેનું છેદન કરવું પડે તે રીતે કોઈ વ્યક્તિ સંસ્થાને નુકસાનકર્તા માલૂમ પડે તો તેને સંસ્થામાંથી તત્કાળ દૂર કરવી જોઈએ એમ મારું દૃઢ મંતવ્ય હતું.*

**ધીરુભાઈ ઠાકર**

---

# એ મનુકાકા હવે અમારા મનુકાકા

■ તુલા-સંજય

સમયનું વીસમી સદીનું છેલ્લું તપ હજી બાકી હતું. એ વરસોમાં (લગભગ 1987-1988માં) કોલાહલ વિનાના કડીમાં 'શાંત તોમાર છંદ' સમા સર્વ વિદ્યાલયના પરિસરમાં ગાંધીની અહીંની મુલાકાત વેળાના શબ્દોને: 'આ સંસ્થાની મુલાકાત લેવા હું એક વર્ષથી આતુર હતો. આ સંસ્થાની પાછળ છગનભાઈ વગેરે વ્યક્તિઓ પોતાનું સર્વસ્વ રેડી રહી છે, એ સાંભળ્યું ત્યારથી અહીં આવી જવાનું મન થયું હતું.' પામીને – પોતાનામાં સમાવીને બેઠેલા લીમડાઓની એ લાંબી હાર વચ્ચે ઊજળા વસ્ત્રોમાં સંયમના પર્યાય સમા ઝીણું-ઝીણું ચાલતા એ મનુકાકા....

આમ તો મને અને પપ્પા(મધુભાઈ ભાવસાર)ને સર્વ વિદ્યાલયના પુસ્તકાલયના કબાટે-કબાટે અને પુસ્તકે-પુસ્તકે મોહનલાલ પટેલે ફેરવેલા, પણ મનુકાકાએ મારા માટે આ પુસ્તકો સંજય સુલભ કરી દીધાં! એકાદ બે પુસ્તકો ઇશ્યૂ કરાવવાના બદલે અમને બે હાથમાં ભરી શકાય એટલાં પુસ્તકો લઈ જવાની છૂટ મળી.... અને એથી જ તો હું ટાગોર અને શરદબાબુ સુધી પહોંચ્યો. સુન્દરમ્ અને ઉમાશંકરની કવિતાઓ પામ્યો. જે. કૃષ્ણમૂર્તિને સ્પર્શ્યો. ચં. ચી. મહેતાની ગઠરિયાઓ પણ છોડી ને દર્શકને પણ અહીં જ દેખ્યા ને કુન્દનિકાબેનનાં સાત પગલાં આકાશ સાથે અહીં જ ઊડ્યાં!! અમદાવાદની એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગમાં અભ્યાસ પૂર્ણ કરી બહાર નીકળી પરદેશ જવાને બદલે ગામડાંમાં બેસવાનો જે સંકલ્પ મેં અને તુલાએ કર્યો એમાંના થોડાંક કારણોમાંનું એક કારણ મનુકાકા દ્વારા આ સંજય સુલભ કરી આપવામાં આવેલાં પુસ્તકો પણ ખરાં જ!

અમે જ્યારે વિશ્વગ્રામ રચવાનો સંકલ્પ કર્યો, ત્યારે વ્યવસ્થાના ભાગ સ્વરૂપ ટ્રસ્ટ બનાવવાનું નક્કી કર્યું, ત્યારે ખૂબ જ સ્વાભાવિક રીતે સહજને કિનારે મનુકાકા વિશ્વગ્રામના ટ્રસ્ટી પણ બન્યા જે આજે પણ છે.....

મનુકાકાના સ્વભાવનો સ્થાઈભાવ જ રચનાત્મકતા અને એથી જ એ વરસોમાં સર્વોદયની પદયાત્રા હોય કે વિપશ્યનાનો શિબિર હોય, શાળાને સમાંતર આ બધું ચાલ્યા જ કરે. અરે, મારા જેવા જુવાનિયાઓનો સહયોગ લઈને 40-45 ગુજરાતના અવ્વલ દરજ્જાના આચાર્યોને સાથે લઈને શિયાળાની કડકડતી ઠંડીમાં શ્રદ્ધેય વિમલા ઠકારના સાંનિધ્યમાં મનુકાકા માઉન્ટ આબુ પણ પહોંચે.

મનુકાકાને એમના ભરેલા ઘરમાં પણ જોયા છે ને એમના ખાલી ઘરમાં પણ જોયા છે. મેં ડૉ. દ્વારકાદાસ જોષીનું જીવન સાથે ચાલતું 'જીવન તપ' મનુકાકામાં પણ ભાળ્યું

છે ને એથી જ મનુકાકા ભરેલાં ઘરમાં મને એકલા દિસ્યા છે ને ખાલી ઘરમાં એમને ભરેલા ભાળ્યા છે!

છેલ્લાં થોડાંક વરસોથી મનુકાકા મારા માટે મારા અસ્તિત્વનો હિસ્સો બની ગયા છે, મને ખબર ન પડે એ રીતે – અમારા મનુકાકા....

*रफ़्ता रफ़्ता वो हमारे दिल के अरमा हो गए*
*पहले जाँ, फिर जान-ए-जाँ, फिर जान-ए-जानाँ हो गए*
*रफ़्ता रफ़्ता...*

●

---

*કોઈ પણ રાષ્ટ્રની નવરચનાનો આધાર તેની શાળાઓના શિક્ષકોની વિધાયક શક્તિ ઉપર રહેલો છે. રાષ્ટ્રને માટે તે શાળા નવાં માનવ સર્જી શકશે જે શાળાના શિક્ષકો સ્વપ્નદ્રષ્ટાઓ છે, સમગ્ર પ્રાંગણ સહિતની શાળા એ કર્મયોગ શિક્ષકોની સ્વપ્નભૂમિ છે. શાળામાં ભણતું પ્રત્યેક બાળક તેનો શ્રેષ્ઠ સ્વરૂપે વિકસી રહે તેવી પરિસ્થિતિનું નિર્માણ કરવાની ક્ષમતા ધરાવનાર શિક્ષકો જ પુરુષાર્થી શિક્ષકો છે. એજ સાચા નિર્માણનું કામ કરે છે, આ જ સાચી નવરચના છે. શિક્ષણની આ જ સાચી ફિલસૂફી છે અને આ જ તેનો સાચો પ્રાયોગિક પાઠ છે. શિક્ષણનો સિદ્ધાંત અને વ્યવહાર આમાં જ સમાયેલો છે.*

**પ્ર. ત્રિવેદી**

*

*હું જાણું છું કે તેણે શીખવું પડશે કે બધા માણસો ન્યાયપૂર્વક વર્તતા નથી અને બધા માણસો સાચા હોતા નથી, પણ તેને એ શીખવજો કે સમાજમાં જેમ લુચ્ચા માણસો હોય છે, તેમ સારા માણસો પણ હોય છે જ અને સ્વાર્થી રાજદ્વારી માણસો હોય, તેવી જ રીતે ભાવનાવાળા આગેવાનો પણ હોય છે જ. શાળામાં એને એટલું તો જરૂર સમજાવજો કે પરીક્ષામાં ચોરી કરી પાસ થવું, તેના કરતાં નાપાસ થવું એ ઘણું વધારે માનભર્યું છે. તમારાથી બને તો તેને દુઃખમાં પણ હસતાં શીખવજો.*

**અબ્રાહમ લિંકન**

---

# આચાર્યકુળના પ્રમુખ

■ ડૉ. મિહિર જોષી

આદરણીય શ્રી મનભાઈને સૌપ્રથમ મળ્યો સિપોર શાળામાં. તે પહેલાં તેમના વિશે શ્રી. ડૉ. વસંતભાઈ પાસેથી અને ડૉ. દ્વારકાદાસ જોષી સાહેબ પાસેથી તેમના નિષ્ઠાવાન વ્યક્તિત્વ વિશે ઘણી વાતો સાંભળી હતી અને જ્યારે મળવાનું થયું ત્યારે તેમના વ્યક્તિત્વમાં સમાયેલા અનેક ગુણો ઉજાગર થતા તથા વિકાસ પામેલા જોયા.

એમાં સૌપ્રથમ ગુણ તેમનું સ્નેહાળ વ્યક્તિત્વ, વૈચારિક તત્ત્વતા અને સજાગતા. આ ગુણો એમના વ્યક્તિત્વમાં ઓળઘોળ થઈ ગયેલા લાગ્યા.

તેમને અનેક વખત સર્વોદયની ત્રીજા રવિવારની મિટિંગમાં બોલતા સાંભળેલા ત્યારે સમજાયેલું કે તેઓ આધુનિકતમ વિચારોની અભિવ્યક્તિ ખૂબ જ સહજતા અને સરળતાથી કરતા અને આ પૈકી ખાસ કરીને શિક્ષણના ક્ષેત્રે ખૂબ વિવિધતાપૂર્ણ વિચારો વ્યક્ત કરતા. તેમની આ ક્ષમતાને લીધે ગુજરાત રાજ્યના માધ્યમિક સંઘના વર્ષો સુધી પ્રમુખ રહ્યા.

પૂજ્ય વિનોબાજીના આચાર્યકુળના પ્રમુખ તરીકે તેમણે પણ ઘણાં વર્ષો સુધી સેવાઓ આપી. વિદ્યાર્થીઓનો સર્વાંગી વિકાસ થઈ શકે તે માટે અવનવા પ્રયોગો પણ કર્યા હતા.

એક વખત તેમને આમંત્રણ મળેલ કે સિપોર જેવા છેવાડાના ગામની શાળાના પ્રિન્સિપાલની જગ્યા કરતાં ઘણા મોટા ફલક પર પ્રિન્સિપાલ બનવાની તક પણ સાંપડેલી, તેમ છતાં તેમણે તે તક જતી કરી હતી. એટલા જ માટે કે બીજે ક્યાંય પણ ડૉ. દ્વારકાદાસ જોષી અને ડૉ. વસંત પરીખનું સાંનિધ્ય મળી શકે નહિ, એટલે અઠે દ્વારકા એમ લાંબો સમય સિપોરની શાળાને આદર્શ શાળા બનાવવા સ્થિર રહ્યા હતા. પરંતુ કારકિર્દીના અંતિમ દસકામાં કડીના મંડળના આગ્રહને વશ થઈ ભગ્નહૃદયે સિપોરને વિદાય આપી સર્વ વિદ્યાલય, કડીમાં જોડાયા. રાજ્યસ્તરે અને રાષ્ટ્રસ્તરે ખ્યાતિ પામ્યા, પોંખાયા.

આજે જૈફ વયે તેમની સક્રિયતા સાંભળતાં તેમના પ્રતિ શિશ ઝૂકી જાય છે.

સાદર અભિવંદના.

•

# એક મૂલ્યનિષ્ઠ આચાર્યશ્રી

■ પ્રિ. ગિરીશભાઈ એન. પટેલ

એક મૂલ્યનિષ્ઠ આચાર્ય શ્રી મનુભાઈ વિશે લખવું થોડું અઘરું છે. કારણ કે તેમના વિશે જેટલું લખું તેટલું ઓછું છે. તેઓજી શિક્ષક સંઘના પ્રમુખ બન્યા ત્યારથી તેમનો પરિચય થયો. 1960માં મહેસાણા જિલ્લા શિક્ષક સંઘમાં બે ભાગ થયાઃ એક બાજુ માણસા વિભાગના શિક્ષકો અને બીજી બાજુ વિસનગરના શિક્ષકો હતા. તે વખતે બન્ને ગ્રૂપના માન્ય એવા શ્રી મનુભાઈ જિલ્લા શિક્ષક મંડળના પ્રમુખ બન્યા હતા. તેઓશ્રીએ તટસ્થ રહીને સારી એવી કામગીરી કરી તેનો હું સાક્ષી છું. તે વખતે હું ખેરવાની સ્કૂલમાં શિક્ષક હતો.

શ્રી મનુભાઈ 1958માં શિક્ષક થયા. હું 1959માં શિક્ષક થયો. તેમની સાથે મેં ઘણાં વર્ષ કામ કર્યું છે. તેમને નિષ્ઠાપૂર્વક કામ કરતાં મેં જોયા છે. સૌપ્રથમ 1983માં તેઓ આચાર્ય મંડળની માધ્યમિક શિક્ષણની બેઠકોમાં બિનહરીફ સભ્ય બન્યા, હું વાલી મંડળમાં ચૂંટણીલક્ષી બોર્ડનો સભ્ય બન્યો અને શ્રી મનુભાઈ સાથે કામ કરવાની તક મળી. એ પછી ઉત્તર ગુજરાત યુનિવર્સિટી 1987માં થઈ ત્યારે શ્રી મનુભાઈ આચાર્યની એકમાત્ર સીટ ઉપર બિનહરીફ સભ્ય થયા અને સેનેટ સભ્ય બન્યા. હું એજ્યુકેશન ફૅકલ્ટીના ડીન તરીકે બિનહરીફ થયો. ફૅકલ્ટીના ડીન તરીકે સેનેટ સભ્ય થયો. શ્રી મનુભાઈ સાથે મારે પાંચ વર્ષની સેનેટની મિટિંગોમાં સાથે બેસવાની તક મળી. આ બધી મિટિંગોમાં શ્રી મનુભાઈની સાથે કામ કરવાની મને તક મળી અને સૌને સાથે રાખવાની આવડતોવાળી વ્યક્તિની છાપ મારા ઉપર રહી છે.

1972માં શ્રી મનુભાઈ, સિપોર હાઈસ્કૂલમાં આચાર્ય હતા, ત્યારે મહેસાણાની બી.એડ્. કૉલેજના ઑફ કૅમ્પસના કાર્યક્રમ હેઠળ સિપોર હાઈસ્કૂલમાં મેં એક અઠવાડિયું તાલીમાર્થીઓ સાથે નિવાસ કર્યો. શ્રી મનુભાઈએ થાય તેટલી તમામ સુવિધાઓ અમને આપેલી તેને હું ભૂલી શકતો નથી.

શ્રી મનુભાઈ 1995માં નિવૃત્ત થયા. હું બાસઠ વર્ષે કૉલેજમાંથી નિવૃત્ત થયો. શ્રી મનુભાઈનો જન્મ 1937માં થયો. મારો જન્મ 1938માં થયેલ. એટલે શ્રી મનુભાઈ ઉંમરમાં મારાથી મોટા અને હું નાનો છું. તેમણે મને માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્ય થવામાં મદદ કરેલી તેને હું ભૂલી શકતો નથી. શ્રી માણેકલાલ સાહેબ શાળા સંચાલક મંડળના ચૅરમૅન હતા ત્યારે શ્રી મનુભાઈ સાહેબ સાથે દરેક મિટિંગમાં હાજર રહેતા.

વર્ષ 2000માં હું નિવૃત્ત થયો અને 2002માં કડી કેળવણી મંડળ, કડીમાં બી.એડ્. કૉલેજ શરૂ કરી અને ગાંધીનગરની બી.એડ્. કૉલેજમાં આચાર્ય તરીકે નિમણૂક આપી.

તે વખતે શ્રી મનુભાઈ મંડળના મંત્રી હતા. એ વખતે પણ શ્રી મનુભાઈની સાથે કામ કરવાની તક મળી.

સ્વ. શ્રી માણેકલાલ સાહેબ સાથે કામ કરવામાં શ્રી મનુભાઈ ખૂબ જ સફળ રહ્યા, અને સાહેબના પ્રેમને જીતી શકેલા. આજના ચૅરમૅન સરદારભાઈ શિક્ષણક્ષેત્રે સુંદર કામગીરી કરે છે. શ્રી મનુભાઈનો સૌમ્ય સ્વભાવ સરદારભાઈમાં આવ્યો છે અને શ્રી સરદારભાઈની કામ કરવાની રીત પણ મેં જોઈ છે. તેનાથી હું પ્રભાવિત થયો છું.

શ્રી મનુભાઈને એક મૂલ્યનિષ્ઠ વ્યક્તિ તરીકે મેં જોયા છે. તેઓશ્રી આજે ચાણસ્મા ગામની શૈક્ષણિક અને આરોગ્ય સંસ્થાઓમાં માર્ગદર્શન આપવાનું કાર્ય કરે છે. ચાણસ્મા મારા સંબંધીઓનું ગામ છે. શ્રી મનુભાઈની બે બહેનો અને એક દીકરી મારા ગામમાં પરણાવી છે. દીકરી તો મારા કુટુંબમાં છે. શ્રી મનુભાઈ માત્ર આચાર્ય તરીકે જ નહીં પણ સામાજિક સંબંધો જાળવવામાં ખૂબ જ સક્રિય રહ્યા છે.

બહેનો અને દીકરીના દરેક પ્રસંગમાં હાજર રહેતા મેં જોયા છે. આવા એક કર્તવ્યનિષ્ઠ વ્યક્તિ તરીકે આજે પણ એ જ રીતે જીવે છે. આજે પણ સક્રિય રીતે સમાજસેવાનું કાર્ય કરી રહ્યા છે. સચ્ચિદાનંદ મહારાજે પણ શ્રી મનુભાઈ ગુણોના વખાણ કર્યાં છે કેન્દ્ર સરકારે પણ શ્રી મનુભાઈને શ્રેષ્ઠ શિક્ષક તરીકે રત્ન અવૉર્ડ આપી અને તેમનું બહુમાન કર્યું છે. શ્રી મનુભાઈને પરમાત્મા ખૂબ જ દીર્ઘાયુ આપે અને તેમના દ્વારા હજી ઘણી સંસ્થાઓને માર્ગદર્શન મળે એવી પ્રાર્થના સાથે આ લેખ પૂરો કરું છુંઃ જય સચ્ચિદાનંદ.

●

---

*માહિતી અને જ્ઞાન વચ્ચેનો ભેદ શિક્ષકે સમજવો જ રહ્યો. શિક્ષકે માહિતી આપી, બીજા તબક્કામાં જ્ઞાન અને ત્રીજા તબક્કામાં વિદ્યા આપવા માટેનું સામર્થ્ય કેળવવું રહ્યું. માત્ર પગારદાર શિક્ષક નહીં, પરંતુ આગામી પેઢીને ઘડનારો સમાજનો હું જવાબદાર વ્યક્તિ છું... ભાવ તેમણે કેળવવો રહ્યો... શિક્ષકની સુધારણા માટે વ્યક્તિની માનસિકતામાં પરિવર્તન લાવવું તે તેની પ્રાથમિક શરત છે. વ્યક્તિની માનસિકતા અને શિક્ષણ પ્રત્યેના તેના અભિગમમાં પરિવર્તન ન આવે ત્યાં સુધી શિક્ષણ સુધારવાનો કોઈ ઉપાય કારગત નીવડવાનો નથી...*

**નરેન્દ્ર મોદી**

---

# મક્કમ મનોબળના માનવી

■ રણછોડ શાહ

*તુજ સુખની મહેફિલમાં તું સહુને નોતરજે,*
*પણ જમજે અશ્રુની થાળ એકલો,*
*હોંશીલા જગને હસવા તેડું કરજે,*
*સંઘરજે ઉરની વરાળ એકલો.*

\- ઝવેરચંદ મેઘાણી

સામાન્ય રીતે વ્યક્તિ પોતાના વ્યક્તિત્વને ઓળખાવવાના ધખારા સાથે જીવતો હોય છે. સૌ જાણે, સૌ ઓળખે, સૌ પોંખે જેવા વિચારો સાથે જીવનપથ ઉપર આગળ વધે છે, પરંતુ ભારતના સ્વાતંત્ર્યસંગ્રામના સમયગાળામાં તથા આઝાદી પછીના બે-ત્રણ દસકમાં જન્મેલ નાગરિકોમાંથી બહુ જ ઓછામાં પ્રસિદ્ધિનો મોહ હતો. આ પેઢીના લોકો સિદ્ધાંતપ્રિય અને મૂલ્યલક્ષી જીવન જીવ્યા હોય તેવા અનેક મહાન પુરુષોના સીધા સંપર્કમાં તેઓ આવ્યા હોવાથી સાદાઈ, સરળતા, સહજતા, કર્તવ્યપરાયણતા, ફરજપાલન, નિષ્ઠા, સમર્પણ, ત્યાગ વગેરે જેવાં મૂલ્યો તે સમયના પ્રજાના સેવકોના જીવનમાં સહજ રીતે વણાઈ ગયેલાં. આવા જ એક વ્યક્તિત્વના સીધા સંપર્કમાં મારે લગભગ બે દસકા અગાઉ આવવાનું બન્યું અને તે છે શ્રી મનુભાઈ જે. પટેલ. ગુજરાત રાજ્ય આચાર્ય સંઘમાં તેમની પહેલી મુલાકાત થઈ અને ત્યારથી જ હું તેમનાં સિદ્ધાંત, નિષ્ઠા, પ્રામાણિકતા અને મૂલ્યલક્ષી વહેવારનો પ્રશંસક બની ગયો.

સામાન્ય રીતે કર્મચારી સંઘો માત્ર પોતાની જરૂરિયાતો, માંગણીઓ અને હક્કોમાં જ રાચતા હોય છે, તેવો અનેક વખત અનુભવ ઘણાંને થયો છે. વિવિધ કર્મચારી સંઘો વધારે અને વધારે સંપત્તિ તથા લાભો પ્રાપ્ત કરવા માટે સતત સંઘર્ષ કરતા નજરે પડે છે. આઝાદીના અમૃત મહોત્સવના અવસર સુધી પણ તેમાંથી દૂર થઈ શક્યા નથી તે કમનસીબ પરિસ્થિતિ છે. વિવિધ ક્ષેત્રના કર્મચારીઓ મોરચાઓ કાઢે, સરઘસરૂપે ઉચ્ચ અધિકારીઓને મળે, હડતાળ પાડે વગેરે રીતે પોતાની માંગણીઓ રજૂ કરે છે. તેવી જ રીતે શૈક્ષણિક સંઘો પણ કરતા થઈ ગયા.

શ્રી મનુભાઈ દૃઢપણે માનતા કે શૈક્ષણિક સંઘોએ અન્ય કર્મચારીઓના સંઘો કરતાં અલગ રીતે પોતાના હક્કો માટે લડત આપવાની છે. માંગણીઓ સરકાર સમક્ષ હોય છે. સરકાર પાસેથી જે હક્કો અને આર્થિક લાભો મેળવવાના હોય તે મેળવવા માટે ઉગ્ર રજૂઆતો કરવી પડે, પત્રવ્યવહાર કરવો પડે અને સંઘની શક્તિ પણ બતાવવી જ રહી, પરંતુ તેની સજા વિદ્યાર્થીઓને કરી શકાય નહીં. વિદ્યાર્થીઓ ગ્રાહકો નથી તે

તો આપણાં સંતાનો છે. માટે શૈક્ષણિક સંઘોએ વિદ્યાર્થીઓના શૈક્ષણિક હિતને કોઈ પણ પ્રકારે હાનિ પહોંચે કે નુકસાન થાય તેવા કાર્યક્રમો આપવા જોઈએ નહીં. શૈક્ષણિક સંઘમાં બહુ જ થોડા સભ્યો આવી વિચારધારા સાથે સંમત થતા હોય છે. તે સમયે એક સૂત્ર હતું: Creat Tension, to get Pension. મનુભાઈ અને અમારા જેવા બીજા થોડાક મિત્રો શૈક્ષણિક સંસ્થાઓનું વાતાવરણ ડહોળાય તેવા કાર્યક્રમોથી દૂર રહેવામાં માનતા. આ બાબતે સંઘમાં ઉગ્ર ચર્ચાઓ થતી. લાંબા સમય સુધી આ બાબતે વાદવિવાદ થતો. એકબીજા ઉપર વાક્‌બાણો છૂટતાં. જે લોકો અન્ય સંઘો જેવા જ પગલાંનું વિચારતા તેમની દલીલ ક્યારેક સાચી પણ હોય. સરકાર શાંતિથી થતી રજૂઆતો તરફ જે ધ્યાન આપવું જોઈએ તે ન પણ આપતી હોય. ભારત આઝાદ થયાને લગભગ પાંચ દસકા પસાર થયા હોવાથી તે સમયની યુવાનપેઢી આક્રોશપૂર્ણ આંદોલનોમાં માનતી, પરંતુ મનુભાઈ જેવા પીઢનેતાઓ શાંતિપૂર્ણ રજૂઆતમાં માનતા. મહદંશે ત્યારે મનુભાઈ જેવી વિચારધારાવાળા મિત્રો ત્યારના યુવાનોને સાચી વાત ગળે ઉતારવામાં અંશતઃ સફળ થતા.

*વહાલની કંઈ માપણી ન હોય મિત્રો,*
*ત્યાગની સરખામણી ન હોય મિત્રો.*

- ડૉ. કેતન કારિયા

મનુભાઈ હાડોહાડ શિક્ષક છે. તેમના હૈયે સતત વિદ્યાર્થી, વાલી, શિક્ષક અને શિક્ષણ હોવાથી શિક્ષણને અવરોધરૂપ બને તે બાબતોથી તેઓ દૂર રહેતા. વળી મૂલ્યોના અત્યંત આગ્રહી હોવાથી સતત વિચાર અને આચારશુદ્ધિ શિક્ષણમાં દરેક તબક્કે હોવી જ જોઈએ તેવું તેમનું દૃઢ મંતવ્ય છે. અન્યોને પોતાની વાતો શાંતિથી પણ મક્કમતાપૂર્વક રજૂ કરી સમજાવતા, ગળે ઉતારતા મેં તેઓશ્રીને અનેક વાર જોયા છે.

‘આચરે તે આચાર્ય’નું સૂત્ર શ્રી મનુભાઈએ પોતાના ઉદાહરણ દ્વારા સમાજ સમક્ષ સાબિત કર્યું છે. ગાંધી જીવનમૂલ્યોને પોતાનાં વર્તન અને વ્યવહાર દ્વારા અનેક વખત ચરિતાર્થ કરતા નજરે પડ્યા છે. તેઓ હંમેશાં એવું માનતા આવ્યા છે કે આ પૃથ્વી ઉપર અવતરેલ મનુષ્યે પોતાનું કર્તવ્ય ઉત્તમ રીતે નિભાવવું જોઈએ. આ તેમનો જીવનમંત્ર પણ રહ્યો છે. તેમની શિક્ષક, આચાર્ય અને સંચાલક તરીકેની કામગીરીને તેઓ “પોતાની ફરજ’ સમજીને સદાય નિભાવતા રહ્યા છે. પોતાની કામગીરીને તેઓ જવાબદારી સમજે છે. તેથી તેઓ ક્યારેય વિશેષ માનસન્માનની અપેક્ષાથી દૂર રહ્યા છે. ફરજના ભાગરૂપે કાર્ય કર્યું હોય, પણ કાર્ય વિશેષ રીતે કરવાથી કોઈ સન્માન કરે તો તેમણે સ્વીકાર્યું પણ છે, પરંતુ તે પ્રાપ્ત કરવા તેમણે જાતે ક્યારેય પ્રયત્ન કર્યો નથી, તેનો હું સાક્ષી છું.

સાહિત્ય અને શિક્ષણમાં સફળતા પ્રાપ્ત કરેલ મહાનુભાવોના સંપર્કમાં તેઓ સતત રહ્યા હોવાથી તેઓ પણ તે રંગે રંગાયેલા ચોક્કસ નજરે પડે. તેમના ઉત્તમ સંપર્કના કારણે તેઓએ જ્યાં-જ્યાં શિક્ષણની કે સહશિક્ષણની કામગીરી બજાવી છે ત્યાં જે-તે સમયે વિદ્યાર્થીઓ, વાલીઓ અને સંસ્થાઓને તેનો સીધો લાભ પ્રાપ્ત થયો છે. નીતિમય જીવનદર્શન અને આચરણને કારણે સરકારી કચેરીઓમાં ઉચ્ચ અધિકારીઓ સાથે તેમના સંપર્કો ઘનિષ્ઠ છે, પરંતુ ક્યારેય તેનો ગેરલાભ લેવાનો તેમણે વિચાર સુધ્ધાં કર્યો નથી. સાધનશુદ્ધિ તેમના જીવનમાં કેન્દ્ર સ્થાને રહી છે. કોઈની પાસે અયોગ્ય કામ કરાવવું

નહીં અને જાતે કોઈ પણ ખોટા કામમાં ભાગીદાર થવું નહીં તે તેમનો જીવનમંત્ર રહ્યો છે. તેઓ અત્યંત સરળ સ્વભાવના છે. સાદો પોશાક તેમની રહેણીકરણીનો ભાગ છે. અત્યંત મૃદુ સ્વભાવના હોવાથી સૌને પોતાના કરવામાં સફળ રહ્યા છે. પોતાની વાત અન્યોને સમજાવવામાં ઊંચા અવાજને બદલે તેમને મક્કમતામાં વિશ્વાસ રહ્યો છે. તેઓએ સૈદ્ધાંતિક બાબતમાં છૂટછાટ લીધી નથી અને અન્યોને આપી પણ નથી.

'કડી સર્વ વિશ્વવિદ્યાલય' તેમનું સન્માન કરી રહ્યું છે ત્યારે હું મારો અનહદ રાજીપો વ્યક્ત કરી 'એક યોગ્ય વ્યકિત'ને બિરદાવવાના કાર્યમાં સૂર પુરાવું છું. તેઓ લાંબું સ્વાસ્થ્યપૂર્ણ જીવન જીવે અને શિક્ષણ - સાહિત્યની સતત સેવા કરતા રહે તેવી અભ્યર્થના.

આચમનઃ

*વલણ હું એકસરખું રાખું છું આશા-નિરાશા માટે,*
*બરાબર ભાગ લઉં છું જિંદગીના સૌ તમાશામાં.*
*સદા જીતું છું એવું કંઈ નથી, હારું છું બહુધા,*
*પણ નથી હું હારને પલટાવવા દેતો હતાશામાં.*

**- અમૃત ઘાયલ**

●

---

*કેળવણી એવા પ્રકારની હોવી જોઈએ કે જેનાથી માણસ સંસ્કારી બને, કલાપ્રિય બને, રસિક બને, જીવન જીવવાની કળા સમજે અને પ્રગતિશીલ અને ઉદારમતવાદી વિચારો સેવતો થાય. કેળવણીમાં ભાષા, સાહિત્ય, વિજ્ઞાન, ગણિત, ઇતિહાસ અને લલિતકળાઓનું પણ શાસ્ત્રીય જ્ઞાન આપવું જોઈએ. આ બધું શીખવાય તો જ કેળવણી સંપૂર્ણ, વ્યાપક અને સર્વદેશીય થઈ કહેવાય. આ બધું ઠીક છે, પણ આ વિજ્ઞાનના જમાનામાં એક અગત્યની વસ્તુ ન ભૂલાવી જોઈએ. આ 'યંત્રયુગ' છે. યંત્રોની આ યુગમાં બોલબાલા છે અને જયાં સુધી યુવકો આધુનિક વિજ્ઞાનશાસ્ત્રનો તેમજ વિજ્ઞાને સાધેલી સર્વવ્યાપી પ્રગતિનો અભ્યાસ ન કરે ત્યાં સુધી તેમની કેળવણી અધૂરી જ ગણાય. આજની કેળવણીમાં સાહિત્ય, લલિતકળા અને વિજ્ઞાનનો ત્રિવેણીસંગમ અનિવાર્ય છે. જીવનની તીવ્ર હરીફાઈમાં વિજ્ઞાન અનિવાર્ય છે, માટે વિજ્ઞાનને અભ્યાસક્રમમાં અગત્યનું સ્થાન મળવું જોઈએ.*

**જવાહરલાલ નેહરુ**

---

# કેળવણીના કર્ણધાર

■ ડૉ. કાનજીભાઈ વી. પટેલ

*જિન્હે દુનિયા બનાતી હૈ મુકામ ઉનકા નહીં બનતા*
*જમાના ઉનકા હૈ, જો ખુદ બનાતે હૈં મુકામ અપના*

મનુભાઈ જેવા અધ્યયનશીલ સાચુકલા શિક્ષણ ખેડૂતની વાત માંડીને કરવી જોઈએ, પણ તેમ કરતાં શબ્દોની પંગુતા સૌથી મોટો અવરોધ બની જાય છે છતાં...

મનુભાઈ આપશ્રીએ વિવેક અને નમ્રતાથી યાત્રા શરૂ કરી શિક્ષણ ફણગાવ્યું છે. તમારાથી શિક્ષક થઈ જવાયું, તમારાથી શિક્ષક તરીકે જીવી જવાયું અને તે છૂટવાનું પણ નથી. શિક્ષકત્વ તમારામાં અવિભાજ્ય છે. તમે શિક્ષણને સ્વધર્મ અને સ્વભાવધર્મ ગણ્યો છે. ત્યારે મારા જેવા અનેકને પશ્નો થાય છે કે શિક્ષણ કોણ આપી શકે? શિક્ષણ આપવાનો ખરેખરે અધિકાર કોનો? અનેક મિત્રો સાથે ચર્ચા વિચારણના અંતે પણ સંતુષ્ટ પ્રત્યુત્તર ન મળ્યો, પણ જ્યારે મનુભાઈના જીવનમાં ડોકિયું કર્યું ત્યારે તેનો સંતોષકારક પ્રત્યુત્તર મળ્યો.

'જે સુરુચિપૂર્ણ હોય, જેના જીવનનો કોઈ આદર્શ હોય, જેની અભિવ્યકિતમાં હોઈ પ્રાણ હોય, જેને સંસ્કારિતાનું કોઈ સ્વપ્ન હોય, જેની ભાવનામાં કોઈ ભક્તિ હોય, જેની પ્રવૃત્તિમાં કોઈ પ્રાણ હોય, જેના તપમાં તેજ હોય, ત્યાગ હોય, શિક્ષકને પોતાને કોઈ લઘુતા કે શ્રેષ્ઠતાની કોઈ ગ્રંથી ન હોય, તેનામાં તિરસ્કારવૃત્તિ ન હોય, ખટપટ માટે લેશમાત્ર અભિરુચિ ન હોય. શિક્ષક પોતે જ સર્જક, કલાકાર, મૌલિક ચિંતક અને સંનિષ્ઠ વૈજ્ઞાનિક હોય, હસમુખો હોય અને વર્ગમાં સ્વર્ગ બનાવે તેવો હોય તેને જ શિક્ષક થવાનો અધિકાર છે.'

મનુભાઈના વ્યક્તિત્વમાં ઉપર દર્શાવેલા ઘણાબધા ગુણો મેં જોયા છે અને માણ્યા છે. પરિણામે તેઓશ્રી વર્ગમાં સ્વર્ગની અનુભૂતિ ધરાવતા. વિષયમાં નિષ્ણાત અને અઘરામાં અઘરી બાબતો પણ સમાન્ય બાળકને હસ્તગત થાય તે રીતે કુશળતાથી, ધીરજથી અને સમજણપૂર્વક અધ્યાપન કાર્ય કરીને શીખવતા. બાળકોને પ્રભુરૂપ ગણીને તેમની ઉપાસના જીવનભર કરી છે. પરિણામે તેમની છાપ એક આદર્શ અને સંનિષ્ઠ અધ્યાપકની ઊભી થઈ હતી. તેઓ આજે પણ અધ્યયનશીલ છે. તેઓશ્રી એક આદર્શ અને નિષ્ઠાવાન શિક્ષક/આચાર્ય ઉપરાંત કુશળ વહીવટકર્તા અને સારા પ્રશાસક પણ છે. તેઓ નિત્ય નવીન પ્રવાહોથી વાકેફ રહેવા પ્રયત્નશીલ રહેતા. એથી તેમનું સમગ્ર અધ્યાપન કાર્ય તાજગીભર્યું અને પ્રેરક બની રહેવા પામ્યું છે.

મનુભાઈ 1958માં પિલવાઈ હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયા પણ જેણે શિક્ષણને સ્વધર્મ માન્યો છે તે વિદ્યાર્થીઓમાં અને શિક્ષકોમાં પ્રિય ન હોય તે કેમ બની શકે? અને એટલે જ શિક્ષકોના સહકારથી તેઓ શિક્ષક સંઘના પ્રમુખ તરીકે બિનહરીફ વરાયા. શિક્ષણ અને શિક્ષકોના હિતના પ્રશ્નો ઉકેલવામાં પણ બાળકો કેન્દ્રમાં રાખ્યાં છે. બાળકોને શૈક્ષણિક રીતે અવરોધરૂપ બને તેવી શિક્ષણ વિરોધી પ્રવૃત્તિઓમાં સહભાગી બન્યા નથી એટલું જ નહીં, પણ તેનો વિરોધ કરીને સૌ સાથીઓને પ્રવૃત્તિઓ તરફ દોરવા પ્રયત્ન કર્યો છે.

સારા આદર્શ શિક્ષકની છાપ સમગ્ર જિલ્લામાં પ્રસરે છે અને પરિણામે તેઓ 1967થી આદર્શ વિદ્યાલય સિપોરમાં આચાર્ય તરીકે વરાયા. આચાર્ય તરીકેની અને સામાજિક કાર્ય કરવાની તેમની સૂઝ, નિષ્ઠા અને આવડતને કારણે તેમણે સૌનો અનહદ પ્રેમ સંપાદન કર્યો. મનુભાઈ સિપોર શાળામાં જોડાયા ત્યારે શાળાના વિકાસયાત્રાનો નકશો તેમના મનમાં નિશ્ચિત હતો, જેથી શાળાને જિલ્લાની શ્રેષ્ઠ શાળાઓ પૈકી એક શાળા બનાવી. માટે જ કહેવાયું છે કે સિપોર એટલે મનુભાઈની શાળા.

સિપોરમાં આચાર્ય તરીકે જોડાયા ત્યારે તેમણે ક્રમશઃ મહેસાણા જિલ્લા આચાર્ય સંઘના સહમંત્રી, મંત્રી અને પ્રમુખ તરીકેની સેવા બજાવી. તે સમયે મહેસાણા જિલ્લામાં કરેલી સાંઘિક અને રચનાત્મક કાર્યો કરવાની કાર્યદક્ષતાને લીધે રાજ્યના પ્રમુખ તરીકે બિનહરીફ વરાયા. તેમણે મનુભાઈએ સિપોરના આચાર્ય તરીકે કરેલ કાર્યો, મહેસાણા જિલ્લા આચાર્ય સંઘમાં કરેલ સાંઘિક અને રચનાત્મક કાર્યો, રાજ્યના પ્રમુખ તરીકે કઠિન ગણી શકાય તેવી સમસ્યાઓનો ઉકેલ વગેરે બાબતોથી તેમની સુવાસ આખા રાજ્યમાં પ્રસરી તો કડી શહેર આવી પ્રશસ્તિથી વાકેફ ન હોય તે કેવી રીતે બની શકે? કડીના તે વખતના હીરાપારખું સંચાલકોએ આ હીરાને પારખ્યો અને કડી ખેંચી ગયા. ખેંચી ગયા શબ્દ એટલા માટે વાપરું છું કે સિપોરના સંચાલકોની મનુભાઈને જવા દેવાની જરા પણ ઇચ્છા ન હતી. તેમની નાખુશી ભારોભાર હતી, પરંતુ સચ્ચિદાનંદ મહારાજની સમજાવટથી નાખુશી દૂર કરાઈ. પરિણામે ભવ્ય સન્માન સમારંભ યોજાયો. સર્વ વિદ્યાલય કડીમાં આચાર્ય બન્યા પછી મોટી શાળાની જવાબદારી વહન કરવાની હોવાથી સાંઘિક પ્રવૃત્તિઓમાંથી સ્વેચ્છાએ રાજીનામું આપ્યું, પણ શિક્ષણનો જીવ હોવાને નાતે મહેસાણા જિલ્લા શાળા સંઘ, કડીના સંચાલન અને તેમાં થતી શૈક્ષણિક અને પરીક્ષાને લગતી પ્રવૃત્તિની સંપૂર્ણ જવાબદારી સુપેરે નિભાવી.

મનુભાઈએ સેવાકાળ દરમિયાન કરેલ વિશિષ્ટ કાર્યોઃ આગળ જણાવ્યા પ્રમાણે તેઓ જિલ્લામાં અને રાજ્યમાં વિવિધ હોદ્દા પર રહીને અનેક પ્રશ્નોનો ઉકેલ લાવ્યા છે, પણ તે વખતે કઠિન સમસ્યા સમાન પગારધોરણની હતી. તે વખતે નાની શાળા અને મોટી શાળાના આચાર્યોનો પગાર ગ્રેડ જુદો-જુદો હતો. વિચક્ષણ મનુભાઈને લાગ્યું કે આચાર્ય એટલે આચાર્ય, તેમાં શાળાના પ્રકારને સંબંધ ન હોય. આ જટિલ સમસ્યાનો મોટી શાળાના આચાર્યોની નાખુશી વચ્ચે તે વખતના શિક્ષણ મંત્રી સાથે વાટાઘાટો અને સંવાદ દ્વારા ઉકેલ લાવ્યા. મારા મતે આવી જટીલ સમસ્યાનો ઉકેલ માત્ર વાટાઘાટો અને સંવાદથી મનુભાઈ સિવાય બીજું કોણ લાવી શકે? આ સિવાયના અનેક શૈક્ષણિક

અને સાંઘિક પ્રશ્નોના ઉકેલો પણ તેઓ આ રીતે જ લાવ્યા છે.

ખૂબ મોટી સંસ્થા સર્વ વિદ્યાલય કડીમાં આચાર્ય તરીકે બિરાજ્યા પછી સાંઘિક કાર્યો કરવાનો સમય ન મળે તેથી માત્ર મહેસાણા જિલ્લા શાળા સંઘ, કડી (જે કડી સંઘના નામથી ઓળખાતો)ની જવાબદારી સંભાળી અને સુપેરે નિભાવી. શાળા સંઘ કડીના મંત્રી તરીકે પ્રશ્નની સંરચના, બ્લૂ પ્રિન્ટ, કઠિનતા, તારવણી મૂલ્ય, જ્ઞાન, સમજ ઉપયોગિતા અને કૌશલ્યો જેવા વિષયો લઈને અનેક શિબિરો યોજીને શિક્ષકોને તાલીમ આપી અને આદર્શ પ્રશ્નપત્રના નમૂના તૈયાર કરાવ્યા. આ ઉપરાંત સ્વાધ્યાય પ્રશ્નપત્રો, અભ્યાસ ક્રમ આયોજન અને આચાર્યો માટે માર્ગદર્શક ડાયરી તૈયાર કરવામાં તેમનું યોગદાન બહુમૂલ્ય રહ્યું છે. 10+2 ઘટકનો અમલ થયો ત્યારે કેટલાંક પુસ્તકો પ્રસિદ્ધ કર્યાં હતાં અને પ્રોજેક્ટ, સ્વાધ્યાય અને બુકરિવ્યૂની સમજ માટે સેમિનારો ગોઠવી ઉ. મા. શાળાના શિક્ષકોને સમજ આપવામાં તેમનો બહુમૂલ્ય ફાળો છે. આ ઉપરાંત નવા પ્રયોગો કરવામાં પણ તેઓ અગ્રેસર હતા. પાઠ્યપુસ્તક સાથે પરીક્ષાનો નવીન પ્રયોગ પણ તેમના નેતૃત્વમાં હાથ ધરાયો હતો.

કડીની સેવામાંથી નિવૃત્તિ લીધા પછી પણ આદર્શ શિક્ષકનો જીવ કદી ઝાલ્યો રહે નહીં, તેથી ચાણસ્મા કેળવણી મંડળમાં મંત્રી તરીકેની સેવાઓ દરમિયાન Inservice Traing, મૂલ્ય શિક્ષણ, સર્જનાત્મક શિક્ષણ, અસરકારક શિક્ષણ, ગુણવત્તાયુક્ત શિક્ષણ, ભાવાત્મક શિક્ષણ અને સમાજ પ્રત્યે શિક્ષકની ભૂમિકા જેવા વિષયો માટે તજ્જ્ઞોને બોલાવી માર્ગદર્શન આપ્યું. વળી શિક્ષણ સુધારણાના ભાગરૂપે આદર્શ શિક્ષક અને આદર્શ વિદ્યાર્થીનું બહુમાન કરવાનો શિરસ્તો પણ તેમના સમયમાં શરૂ થયો.

કોઈ પણ સંગઠનમાં મહત્ત્વનાં પદો માટે તેઓ ક્યારેય ઉત્સુક બન્યા નથી, પણ સંગઠનના મહત્ત્વનાં પદો તેમના થકી ઊજળાં અને ગૌરવશીલ બન્યાં છે.

- માધ્યમિક શિક્ષક બોર્ડમાં બિનહરીફ ચૂંટાવું, કારોબારી સભામાં સ્થાન મળવું તેમજ વિવિધ સમિતિઓમાં કામ કરવું એ ગૌરવની બાબત છે. તેમાં પણ કહેવાતા ભ્રષ્ટાચારી સભ્યોની વચ્ચે પ્રમાણિકપણે કામ કરીને પદને ગૌરવાન્વિત બનાવેલ છે.
- હે. ઉ. યુનિવર્સિટીના શરૂઆતના સમયમાં બિનહરીફ સેનેટ સભ્ય બનવું.
- સરદાર પટેલ યુનિવર્સિટીનો "બેસ્ટ ટીચર"નો અવૉર્ડ પ્રાપ્ત થવો.
- કેન્દ્ર સરકારે તેમને શ્રેષ્ઠ શિક્ષકનો રાષ્ટ્રીય અવૉર્ડ એનાયત. ત્યારે સૌમુખે કહેવાયું કે ઍવૉર્ડથી મનુભાઈનું ગૌરવ વધ્યું નથી પણ ઍવૉર્ડનું ગૌરવ વધ્યું છે.
- સેવાઓની કદરરૂપે પંદરમી ઑગસ્ટે ગુજરાતના મુખ્યમંત્રીના વરદ હસ્તે તામ્રપત્ર દ્વારા સન્માનિત.
- આ બધાં સન્માનોમાં વિદ્યાર્થીઓ દ્વારા અને સંચાલક મંડળ દ્વારા અપાતું સન્માન સર્વ શ્રેષ્ઠ છે. આપની સેવાઓને ધ્યાને લઈ કડીમાં સંચાલિત એમ. એડ્. કૉલેજનું નામાભિધાન **"આચાર્યશ્રી મનુભાઈ જે પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન"** થવું. આ માટે સન્માનિત અને સન્માન કરનાર બંને અભિનંદનને પાત્ર છે.

જૈફ વયે પદોનો ત્યાગ કરીને પણ આપ ચાણસ્મામાં શૈક્ષણિક સંસ્થાઓથી

સંકળાયેલા રહ્યા છો. 'ચંચળબા જેકિશન મેમોરિયલ ટ્રસ્ટ' અને 'શાન્તાબેન શંભુપ્રસાદ ચૅરિટેબલ ટ્રસ્ટ'નું સંચાલન પણ કરી રહ્યા છો. આ ઉપરાંત કે. બી. જનરલ હૉસ્પિટલના ટ્રસ્ટી અને સંચાલકની ભૂમિકા ભજવી રહ્યા છો. વળી, 'લા. લ. સદાવ્રત સંસ્થા' અને 'સચ્ચિદાનંદ આશ્રમ' ચાણસ્મા જેવી અનેક ધાર્મિક સંસ્થાઓમાં આપની ભૂમિકા લોકોથી અજાણ નથી. વધુમાં 2000થી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રી, 2020થી કડવા પાટીદાર ઉત્તેજક મંડળના પ્રમુખ, અને 2023થી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ તરીકેની ધૂરા આપ સંભાળી રહ્યા છો ત્યારે કહેવાનું મન થાય કે મનુભાઈ સાહેબ આટલી અમાપ શક્તિ આપ લાવ્યા ક્યાંથી ?

મારા અંગત જીવનમાં પણ આચાર્ય સંઘના પ્રમુખ તરીકે અને શાળા સંઘ કડીના પ્રમુખ તરીકે જ્યારે હું હતો ત્યારે કાર્યોને માત્ર પ્રેરણા જ નહીં, પણ પૂર્ણ સહકાર આપી મને ઊજળો બનાવ્યો. રાષ્ટ્રીય અવૉર્ડ માટે ફોર્મ ન ભરવાના મારા નિર્ણયને આપે સકારાત્મકમાં ફેરવવાનું કાર્ય કરી મને શ્રેષ્ઠ શિક્ષકના રાષ્ટ્રીય અવૉર્ડ માટે પ્રેરણા અને સહકાર આપ્યો તેનું ઋણ હું ચૂકવી શકું તેમ નથી. મનુભાઈ,

*આથમતા સૂર્યે કહ્યું, મારા પછી જગતનું શું ?*
*તો એક નાના કોડિયાએ કહ્યું કે હે દાદા !*
*આપ જાઓ, મારાથી બનતું હું બધું જ કરીશ.*
*એ નાનકડું કોડિયું એટલે શ્રી મનુભાઈ*

અંતે

*મળ્યા ન હોત અહીંને ! મનમાં વિચારું,*
*તો ક્યાં મને મળત આ બધું માણવાનું !*
*કંઈક અજાણ્યાને ઓળખાવ્યા, સ્થાન દીધું છે ઘરમાં*
*બધું દૂર નિકટ તેં આણ્યાં, ભાઈ બનાવ્યા ઘરમાં*

એવા વડીલ ભાઈ શ્રી મનુભાઈને સાદર પ્રણામ

•

---

*સર્વ વિદ્યાલયના પાયામાં વિદ્યાર્થીનું સાચું ઘડતર અને ચણતર થાય તે મુખ્ય હેતુ છે. બાળકનો સર્વાંગી વિકાસ થાય અને તે દ્વારા સમગ્ર સમાજનું સાચું પરિવર્તન થાય અને સમગ્ર દેશમાં રાષ્ટ્રીયભાવના, ઐક્ય, સમાનતા અને વિકાસ થાય તે જોવાનું છે. આજે આપણને ગુજરાતનો બહુઆયામી વિકાસ દેખાઈ રહ્યો છે. તેમાં સર્વ વિદ્યાલય અને તેના જેવી શૈક્ષણિક સંસ્થાઓનું ચાલક બળ દૃષ્ટિગોચર થાય છે.*

**આચાર્ય મનુભાઈ પટેલ**

---

# એક સ્થિતિપ્રજ્ઞ સારસ્વત

■ ડૉ. પ્રભુદાસ પટેલ

હું '80ના દાયકામાં શેરથા (જિ. ગાંધીનગર)ની હાઈસ્કૂલમાં આચાર્ય હતો. આ સ્કૂલ જિલ્લાની એક સારી કહી શકાય તેવી જાણીતી અને ઉત્તમ પરિણામો હાંસલ કરનારી હતી. શિક્ષણ ઉપરાંત અનેક સામાજિક અને રાષ્ટ્રીય પ્રવૃત્તિઓ – કાર્ય શિબિરો, પરિસંવાદો અને રાજ્ય યુવક મેળા સુધીનું આયોજન આ શાળામાં થતું. આ બધું ધ્યાને લઈને રાજ્ય સરકારે મને 'ઉત્તમ શિક્ષક'નો અવૉર્ડ એનાયત કરેલો. આ કારણે મારી અને મારી સંસ્થાની સુગંધ સમગ્ર જિલ્લામાં નહીં, ઉત્તર ગુજરાતમાં પ્રસરી. એક દિવસ કડીથી માણેકલાલ સાહેબ અને મંત્રી ધનાભાઈ વકીલ મારી શેરથાની સ્કૂલમાં પધાર્યા. મને આનંદ થયો, મેં બંને સાહેબોને આદરપૂર્વક સત્કાર્યા. ચા પીતાં-પીતાં પટેલસાહેબ બોલ્યા, 'પ્રભુદાસભાઈ કડી એસ.વી.માં શ્રી મોહનભાઈ સાહેબ નિવૃત્ત થાય છે.' મેં કહ્યું, 'હા જાણું છું. તો તેમની જગ્યાએ બીજા આચાર્ય તો જોઈશે ને ?' મેં કહ્યું, 'આપ સક્ષમ છો. બીજા યોગ્ય આચાર્ય શોધી કાઢો.' આપણી એસ.વી. હવે ઉત્તર ગુજરાત નહીં, સમગ્ર ગુજરાતની સારી ગણાતી સ્કૂલ છે.

...અને માણેકલાલ સાહેબ હળવેથી બોલ્યા, યોગ્ય વ્યક્તિ બીજી કોઈ નહિ, તમે જ છો. 'અમે તમને લેવા માટે આવ્યા છીએ.' હું તો આભો જ બની ગયો. મેં નમ્રતાપૂર્વક કહ્યું, 'Sir, I am too little to be a Principal in S. V. Kadi.' વળી આ શેરથાની સંસ્થામાં દસ વર્ષ પૂરાં કરવાનું મારું જેન્ટલમૅન પ્રૉમિસ છે. માટે મને માફ કરો, આપની દરખાસ્તથી મને ઘણો આનંદ અને અહોભાવ થયો છે. તો પછી કડી એસ. વી. માટે યોગ્ય અને સક્ષમ આચાર્યનું નામ સૂચવી શકશો ? મેં નમ્રભાવે કહ્યું. મહેસાણા જિલ્લામાં સિપોર હાઈસ્કૂલમાં ચાણસ્માના શ્રી મનુભાઈ પટેલ જો આવે તો પ્રયત્ન કરો. સિપોરમાં તેમણે સારી જમાવટ કરી છે. અમે આચાર્ય સંઘમાં સાથે છીએ. એક ધીરગંભીર અને મૂલ્યનિષ્ઠ આચાર્ય તરીકેની તેમની છાપ મારા ચિત્તમાં છે.

શ્રી માણેકલાલ સાહેબને મારી વાત ગળે ઊતરી. તેમણે શ્રી મનુભાઈનો સંપર્ક કર્યો. શ્રી મનુભાઈ તૈયાર થયા અને 1985માં તેમણે સર્વ વિદ્યાલય કડીનું સુકાન સંભાળ્યું. સમગ્ર મહેસાણા જિલ્લો ખુશ થયો. મને તો અતિ આનંદ થયો. શ્રી મનુભાઈ લગભગ 10 વર્ષ આચાર્યપદે રહ્યા. મહેસાણા જિલ્લા શાળા સંઘ – મહેસાણા જિલ્લા આચાર્ય સંઘ, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ એમ ઘણીબધી સાત્ત્વિક શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સુકાન સુપેરે સંભાળ્યું.

મારી શાળા ગાંધીનગર જિલ્લામાં આવે તેમ છતાં મહેસાણા જિલ્લા શાળા સંઘમાં

પ્રવેશ આપ્યો, તે અમારું સદ્ભાગ્ય હતું. જિલ્લાની કોઈ પણ શાળાના આચાર્ય માટે માર્ગદર્શિકા રૂપ એક ડાયરી બનાવવાનું કામ મારે શિરે હતું. આ ડાયરી આચાર્ય માટે આશીર્વાદરૂપ બનતી. ડાયરીમાં પ્રવેશ, જી. આર., એલ. સી. ઑર્ડર, પ્રમોશન – પરીક્ષા – નિયમો, રજા અંગેના નિયમો, ઈજાફો, ગ્રાન્ટની ગણતરી, 35% અને 65% ખર્ચ કેમ કરવો, પેન્શન, કર્મચારી ભરતી, પગારપંચ સર્વ પ્રકારની લેટેસ્ટ માહિતી શ્રી મનુભાઈ સાહેબના સીધા માર્ગદર્શન નીચે તૈયાર થતી. આશ્રમમાં વિદ્યાર્થીઓનું ચારિત્ર્યઘડતરમાં તેમણે અગત્યનો ફાળો આપ્યો, તેમનું શૈક્ષણિક વિઝન અને કેળવણી મંડળનું મિશન એકબીજાનાં પૂરક હતાં. પૂ. છગનભાએ રોપેલો શિક્ષણનો વડલો ગાંધીનગર સુધી વિસ્તારવામાં **શ્રી એન. એન. દેસાઈ, શ્રી મોહનભાઈ અને તે પછી શ્રી મનુભાઈનો ફાળો નોંધપાત્ર ગણી શકાય.**

આવા મૂલ્યનિષ્ઠ – સ્થિતપ્રજ્ઞ – સારસ્વત શ્રી મનુભાઈ જેઓ અત્યારે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ પણ છે. તેમના માટેનો એક સન્માનરૂપ અભિનંદનગ્રંથ તૈયાર થઈ રહ્યો છે તે માટે હું મારી પ્રસન્નતા વ્યક્ત કરું છું. તેઓશ્રી ધીર-ગંભીર, શાંત-પ્રશાંત અને વિવેકી સજ્જન છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તેમના માટે આ જે પ્રયત્ન કરે છે તે યથાયોગ્ય છે. જે શાળામાં પૂજ્ય મહાત્મા ગાંધી અને પ્રજાવત્સલ રાજવી સયાજીરાવ પધાર્યા હોય તે શાળાનું ગૌરવ અને ઔચિત્ય જાળવવા શ્રી મનુભાઈ સંપૂર્ણ પાર ઊતર્યા છે. આજે દેશ અને દુનિયામાં હજારો ભૂ. પૂ. વિદ્યાર્થીઓ કડી માટે ગૌરવ સમાન હયાત છે. No study, without Kadi. ઉક્તિ આજે સાર્થક થઈ છે. મને બરોબર ખ્યાલ છે કે સંસ્થાના સંવર્ધન માટે એક વાર માણેકલાલ સાહેબ અને બીજી વાર પ્રવર્તમાન ચૅરમૅન સરદાર વલ્લભભાઈ અમેરિકા ગયા ત્યારે આ સંસ્થાના પૂર્વ વિદ્યાર્થીઓએ તેમની ઝોળી છલકાવી દીધી હતી! હું આ બાબતનો સાક્ષી છું.

તેમનો પુણ્યપ્રકોપ કદી જોયો નથી. એમનાં જીવનમૂલ્યોનો ઉઘાડ આજે સર્વત્ર ફેલાઈ રહ્યો છે – તેમના બહુઆયામી વ્યક્તિત્વની સુગંધ સર્વત્ર ફેલાઈ રહી છે. તેમણે જ્યાં પણ કામ કર્યું ત્યાં પોતાની આગવી પ્રતિભા ઉપસાવી છે. શ્રી મનુભાઈ એક કર્મઠ સારસ્વત તરીકે શોભતા સ્વજન છે. શિક્ષણસેવા માટે તેઓ પારસમણિ પુરવાર થયા છે. તેમનાં સૌજન્યશીલ સ્વભાવ અને કામનિષ્ઠાને કારણે અનેક માન-સન્માન અને અભિનંદનના અવસરો સામે આવીને સોંપડ્યા છે. હું એમની સાથેનાં બધાં સ્મરણો તાજાં કરું છું ત્યારે ઘણીબધી ઘટનાઓ ચિત્તમાં ઊભરાય છે. આવી વ્યક્તિને મિત્ર તરીકે પામીને ધન્યતા અનુભવું છું.

કોઈ એક વ્યક્તિમાં એકીસાથે વિપુલ માત્રામાં અનેક ગુણો, વિશેષતાઓ અને યોગ્યતાઓનો આવિર્ભાવ થવો એ ઘટના ચમત્કાર જરૂર લાગે. તેથી જ તો ગુણાઃ पूजास्थानं गुणीषु, न च लिंगम् न च वयः । વિદ્યાર્થીઓ, વાલીઓ, સમાજ, સત્તામંડળો સૌ એમનાથી પ્રસન્ન છે, કારણ કે એમની પાસે જીવનમૂલ્યોનાં કીમતી આભૂષણો છે. ગમે તેવા વ્યસ્ત જીવનમાં એમની ભદ્રતા અકબંધ રહે. એક સાધારણ કુટુંબમાં જન્મેલી વ્યક્તિ સખત પરિશ્રમ, નિષ્ઠા અને સાચી લગનથી કાર્યરત રહીને અસાધારણ પ્રતિભા હાંસલ કરી શકે તેનો જીવતો-જાગતો દાખલો આપણા શ્રી મનુભાઈ છે. આવું વિરલ વ્યક્તિત્વનું

યોગદાન વર્ષો સુધી લોકો યાદ કરશે. બહુ જ થોડા લોકો આ કક્ષાએ પહોંચી શકે છે!

તેમનો વિદ્યાર્થીઓ માટે પિતાશ્રીનો વાત્સલ્યભાવ, મિત્રો માટે કૃષ્ણ જેવો સખાભાવ, કર્મચારીઓ માટે માર્ગદર્શક ગુરુભાવ અને સમાજ માટે સેવકભાવ ધરાવતા સદાય મિતભાષી અને ફરજ પ્રત્યે પ્રતિબદ્ધતા ધરાવતા શ્રી મનુભાઈને નિરામય શતાયુનું વરદાન સાંપડે એવી અંતઃકરણની પ્રાર્થના તેઓ પરમ સુખ અને શાંતિ પ્રાપ્ત કરે, હવે પછીની તેમની જીવનયાત્રા અને કવનયાત્રા પુરજોશ રહો.

*આપણાં બહમુખી વ્યક્તિત્વનો, થોડોક અંશ પણ પામીએ.*
*તો જીવન ધન્ય થશે અને ખુદને ભાગ્યશાળી માનીએ.*

બ્રોનોસ્કીએ તેમના પુસ્તક ‘Accent of Man’માં માણસની વ્યાખ્યા બાંધી છે – ‘Little higher than the animal, Little lower than the Angle.’ શ્રી મનુભાઈ જેવા એક હજાર આચાર્યો મળે તો? પૃથ્વી ઉપર ચેતનાભર્યું સ્વર્ગ ઊતરે. ‘Dress, Descipline and Duty’ના પ્રભાવક એવા મોહક વ્યક્તિત્વના માલિક શ્રી મનુભાઈ અનેકોના રોલમૉડલ બનશે.

*‘ફૂલ ન વખાણે ફોરમ કેટલી, ચંદન ન ગાય શીતળતા*
*મીઠપવાળો તો માનવી મહેકે, એવા સુજન થકી સુઘડતા.’*

એવું શ્રી મનુભાઈ માટે કહી શકાય.

*નોખી માટીનો, અનોખો માનવી, એનું સાદું જીવન, સાદો ભદ્ર પોશાક*
*સંવેદનશીલ હૃદય, સરળ વ્યવહારજીવન જાણે કે, ખુલ્લી કિતાબ*

શ્રી મનુભાઈએ જન્મ ધારણ કરીને કુળને પવિત્ર કર્યું છે, માતાને કૃતાર્થ કરી છે, અને ધરતીને પુણ્યવંતી કરી છે:

*‘कुलं पवित्रं, जननी कृतार्था, वसुंधरा पुण्यवती च येन।’*

આજે પણ શ્રી મનુભાઈ પ્રત્યે ગુજરાતના સેંકડો સારસ્વતો, સાહિત્યકારો, વિદ્યાર્થીઓનાં પ્રેમ અને લાગણી જોડાયેલાં છે. નિવૃત્તિબાદ પણ કડી સર્વ વિદ્યાલય ઉપરાંત ચાણસ્માની અનેક સામાજિક સંસ્થાઓનો વહીવટ કરી રહ્યા છે. અનેકોના માર્ગદર્શક અને પ્રેરકબળ બની રહ્યા છે. દરેક પ્રત્યે સ્વજન જેવો વ્યવહાર તેમની સાફલ્યતાનું સંભારણું છે. બહુ જ થોડા લોકો આ કક્ષાએ પહોંચી શકે છે. વસ્ત્રોમાં કે વ્યવહારમાં કોઈ જ જગાએ કશી જ તડકભડક નહીં. આવા આરતી ઉતારવા જેવા માણસને કહીએ કે **મનુભાઈ તમારો પરિચય શો હોઈ શકે, તો તેમના સાદા પ્રતિભાવના માર્મિક શબ્દોની કલ્પના કરીને વિરમું છું.**

*હું ધન્ય ધરાની ધૂળ છું, ને જેકિશનનું સંતાન છું,*
*મા ચંચળનો સુત છું, ને પુષ્પાનો ભરથાર છું.*
*પુત્ર અરવિંદનો તાત છું, ને S. V.નો સેવક છું,*
*ધીંગી ધરા ચાણસ્માના રૂપાણી માઢનો નિવાસી છું.*

•

# શિક્ષણના જ્યોતિર્ધર

■ પ્રિ. નર્મદ ત્રિવેદી

*।। स्वे स्वे कर्मण्यऽभिरतः संसिद्धिम् लभते नरः ।।*

સ્વકર્મે પ્રવૃત્ત, સિદ્ધિ નર તે પામતો. મારો, મનુભાઈ સાથેનો, પાંચ દાયકા ઉપરનો પરિચય. સર્વ વિદ્યાલય, કડીના આચાર્ય. સિપોર આદર્શ વિદ્યાલયના આચાર્ય. કડી કૅમ્પસ, ગાંધીનગરના વ્યવસ્થાપક મંડળના સદસ્ય. ચાણસ્મા કેળવણી મંડળના ટ્રસ્ટી અને ચાણસ્માની સેવાભાવી હૉસ્પિટલનાં ટ્રસ્ટીપદો પર સમર્પણભાવથી સેવા કરી નિવૃત્ત થયા ત્યાં સુધી અને પછીની શિક્ષણ અને સમાજ તથા આરોગ્યસેવામાં લીન રહી સેવાધીન બની રહ્યા તેનો આખો ચિતાર મારા મનોચિત્તમાં દઢ થયેલ છે!

સને 1970થી 1990ના દ્વિદાયકામાં રાજ્ય આચાર્ય સંઘના જિલ્લા પ્રતિનિધિ તરીકે રાજ્ય આચાર્ય સંઘની સંસદમાં મહેસાણા જિલ્લાનું પ્રતિનિધિત્વ શ્રી મનુભાઈ પટેલ કરતા. જ્યારે સાબરકાંઠા જિલ્લાનું પ્રતિનિધિત્વ રાજ્ય આચાર્ય સંઘ સંસદમાં હું કરતો. અમારી સંકલ્પબદ્ધતાથી અમે વિશિષ્ટ પદો પામ્યા.

શેઠ જી. સી. હાઈસ્કૂલ, પિલવાઈમાં મ. શિક્ષક અને નિરીક્ષક તરીકે શિક્ષકત્વ ઘડાયું. વિદ્યાર્થીઓમાં, વાલીઓમાં, શાળા-સ્ટાફમાં અને સમાજમાં પ્રતિષ્ઠા પામ્યા. અગરબત્તીની સુવાસની જેમ સેવા સુવાસ સિપોર તા. વડનગર સુધી પ્રસરતાં વર્ષ 1967માં આદર્શ વિદ્યાલય, સિપોરના આચાર્યપદે આરૂઢ થયા. હું એ જ વર્ષ, એ જ તારીખે, શેઠ એલ. પી. હાઈસ્કૂલ, શિણોલ, તા. મોડાસામાં આચાર્યપદે જોડાયો. અમારી વેવલેન્થ અને ટેલીપથી પાવરફુલ હોવાને લઈ એકબીજાના સંપર્કમાં રહ્યા. સિપોર મારું મોસાળ, ધો. 6-7 સિપોર પ્રા. શાળામાં, ધો. 10, 11 બી. એન. હાઈસ્કૂલ, વડનગરમાં ભણ્યો. મોસાળ મારું લોહચુંબક. 'સિદ્ધિ તેને જઈ વરે, જે પરસેવે ન્હાય.' આચાર્ય, વિનોબા ભાવેની કલ્પનાના, હોવા જોઈએ એવું એ માનતા.

સિપોરની આદર્શ વિદ્યાલયને આદર્શ બનાવવા તન, મનથી સંકલ્પબદ્ધ થઈ, નવા મકાનમાં પ્રવેશી, વિદ્યાર્થી સંખ્યા વધતાં શાળા-મકાન નવનિર્માણ પામતું રહ્યું. ઉચ્ચતર માધ્યમિક વિભાગ શરૂ થતાં બે માળનું અદ્યતન મકાન, શાળાબાગ, ઑપન ઍર થિયેટર, શૌચાલય, પ્રાથમિક વિભાગ માટે ખંડ પુસ્તકાલય, પ્રયોગશાળા, વગેરે સુવ્યવસ્થા નિર્માણ થઈ. શાળાને જેવો ઓપ અપાય તેવો ઓપ બાળકોને મળતો હોય છે.

सा विद्या या विमुक्तये । શાળાનો મંત્ર પરિણામે શાળામાં અભ્યાસ કરતાં બાળકોને એવી વિદ્યા આપવી કે જેને લઈ તેને ઢસરડામાંથી મુક્તિ મળે અને આયોજનબદ્ધ કામ,

નોકરી જનસેવામાં જોડાઈ શકે. શ્રી મનુભાઈના નેતૃત્વ તળે શિક્ષકવૃંદ ઉદ્યમી, પ્રામાણિક, સેવાભાવી, વિનયી અને કામગીરીવૃત્તિ ધરાવતું હતું. શાળા, બૉર્ડની પરીક્ષાની ઊંચી ટકાવારી ધરાવતી. વિદ્યાર્થીઓનું કૌશલ્ય ખીલે તે માટે પ્રવૃત્તિ વૈવિધ્ય આપતા. શાળાના તે સમયના વિદ્યાર્થીઓ ડૉક્ટર, એન્જિનિયર, ખેડૂત, પ્રોફેસર, પ્રિન્સિપાલ, સરપંચ, ગ્રામસેવક, વહીવટી સેવામાં ઉચ્ચવર્ગમાં કામ કરી શાળાને ગૌરવ અપાવે છે. માત્ર શાળા જ નહીં, ગામ પણ આચાર્યના નામે ઓળખાતું.

શાળામાં અરવિંદ અને માતાજીના લાડકવાયા સાધક શ્રી સુંદરમ્‌નાં પનોતાં પગલાં થયાં. પરિણામે શાળા પરિસરને આધ્યાત્મિકસ્પર્શ મળ્યો. સર્વોદયપ્રેમી ડૉ. દ્વારકાદાસ જોષી, પૂ. સ્વામી સચ્ચિદાનંદ, ડૉ. વસંત પરીખ, વિદ્વાન પ્રોફેસર પૂર્વ સાંસદ પુરુષોત્તમ જી. માવલંકર. શ્રી યશંત શુક્લ, શ્રી રઘુવીર ચૌધરી વગેરેને શાળામાં નિમંત્રી શિક્ષકો, વાલીઓ અને બાળકોનું ઘડતર કર્યું. મને પણ એક સમારંભમાં, તેમના યજમાનપદનો લાભ મળ્યો હતો. યુવક મહોત્સવ, રમતોત્સવ, રાષ્ટ્રીય સેવાયોજના, સ્કાઉટ ગાઇડ વગેરે પ્રવૃત્તિઓમાં શાળા ગૌરવપૂર્ણ સિદ્ધિ પામતી.

આચાર્ય સંગઠનમાં પીઢ, દક્ષ, શાણા પ્રામાણિક આચાર્યોની ખોટ અમે પૂરતા. શિક્ષકો, આચાર્યો માટે શિબિર, ગોષ્ઠિ, કાર્યશાળા યોજતા અને કર્મશીલો દ્વારા યોજાતી જનસેવાની પ્રવૃત્તિઓમાં સહયોગ દેતા. શ્રી મનુભાઈની આગવી શાખને લઈ ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખપદને દીપાવ્યું. રાજ્યના આચાર્યોને ઉત્તમ નેતૃત્વ પૂરું પાડ્યું. સિપોર કેળવણી મંડળે તેમની વિદાય ટાણે તેમની માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્યપદની સેવા, આચાર્ય સંઘની સેવા, ગ્રામ્યકક્ષાએ શિક્ષણપ્રેરક અને પૂરક પ્રવૃત્તિઓમાં સહભાગીતાને લઈ, શાળાબાગને **'મનુ સ્મૃતિવન'** એવું નામકરણ કરી તકતી લગાવી બાગને મઘમઘતો રાખ્યો. આજે પણ તેમની હયાતી પ્રદર્શિત થતી જણાય છે! ભાગ્યે જ કોઈ આચાર્યને આવું સન્માન તેની શાળાએ દીધું હશે!

કડીની સર્વ વિદ્યાલયમાં – સમાજ દ્વારા સંચાલિત શ્રેષ્ઠ, નામાંકિત. શાળામાં 1985થી વયનિવૃત્ત થયા ત્યાં સુધી એટલે કે 1995 સુધી સેવા આપી. વિશાળ સંખ્યા ધરાવતી શાળા અને પૂ. છગનભાની ગુંજથી ગાજતા છાત્રાલયની દેખરેખવાળી બેવડી જવાબદારી નિભાવી. સમાજ, ધરતી વિકાસ મંડળની સેવા, આર્થિકમંદ બાળકોનાં શિક્ષણ થકી સેવા અને બૌદ્ધિક સેવાથી સમાજમાં પ્રેમ પામ્યા, માદરે વતન ચાણસ્માની હૉસ્પિટલના ટ્રસ્ટી તરીકે તથા ચાણસ્મા હાઈસ્કૂલના ટ્રસ્ટી તરીકે વતનમાં શિક્ષણ, આરોગ્ય, સમાજસેવાનું પુણ્ય પામ્યા.

શ્રી હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણની પ્રથમ સેનેટના સભ્યપદે બિનહરીફ (આચાર્યની સીટ પર) સેનેટર તરીકે વરાયા. અભિનંદન. આ વિસ્તારમાં ઉચ્ચ શિક્ષણને સુચારુ બનાવવામાં તેમનાં વિશાળ અનુભવો, કુનેહ અને દૃષ્ટિનો લાભ મળ્યો. પરિવારની હૂંફ અને માવજત જળવાયાં.

કડી ખાતેના મા. ભક્તિભાઈ પટેલના (U. S. A.)ની માતુશ્રીની સ્મૃતિમાં કાશીબા ગિરધરદાસ મેમોરિયલ અવૉર્ડ ઉત્તર ગુજરાતના શ્રેષ્ઠ આચાર્યને પસંદ કરી આપવાના શુભ કાર્યમાં કે. જી. મેમોરિયલ ટ્રસ્ટ, કડીમાં ટ્રસ્ટી તરીકે તેમણે ઉત્તમ સેવા બજાવી.

પ્રથમ વર્ષનો પ્રથમ એવૉર્ડ. હિંમત હાઈસ્કૂલ, હિંમતનગરના પ્રિન્સિપાલ નર્મદભાઈ એચ. ત્રિવેદીને પૂ. સચ્ચિદાનંદસ્વામી, મંત્રી નીતિન પટેલ, પ્રિ. યશવંત શુક્લ, શ્રી રઘુવીર ચૌધરી અને શેઠ લક્ષ્મીચંદ ભગાજીની શુભ નિશ્રામાં અપાયો. મારું ગૌરવ એ હતું કે શ્રી મનુભાઈ પટેલ પછી મને રાજ્ય આચાર્ય સંઘમાં બિનહરીફ પ્રમુખ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડમાં ચૂંટાયેલ સદસ્ય અને ગુજરાત યુનિવર્સિટીમાં સેનેટ મેમ્બરપદ પામ્યો.

રાષ્ટ્રપતિ દ્વારા શ્રેષ્ઠ શિક્ષક (આચાર્ય) અવૉર્ડ પણ કર્મઠ, વિનયી, દૃષ્ટિસંપન્ન આચાર્ય શ્રી મનુભાઈ પટેલ પામ્યા અને પરિવારનું, સમાજનું ગામનું અને વિસ્તારનું ગૌરવ વધાર્યું. આજે પણ 88 વર્ષની વયે સર્વ વિદ્યાલયના કેળવણી મંડળ, કડીના પ્રમુખ, વતન ચાણસ્મા હૉસ્પિટલના ટ્રસ્ટી અને સમાજસેવક તરીકે સેવાભાવ આપી રહ્યા છે. વિભૂતિને વંદન. અભિનંદન. ઈશ્વરદત્ત જીવન જીવી જનારા, પરમ સ્નેહી મિત્ર, વડીલ શ્રી મનુભાઈને હાર્દિક શુભેચ્છા.

•

---

*કેળવણીનું ચોથું તત્વ તે અમીદૃષ્ટિ છે. પોતાનો સ્વાર્થ જરાય આડે આણ્યા વગર બધાંનું હિત થાઓ, હંમેશનું હિત થાઓ, એ જાતની સદ્‌ભાવના એ અમીદૃષ્ટિ છે. પરોપકાર કેળવણી માટે કેળવાયેલો સદ્‌ગુણ ન હોય. એ સ્વાભાવિક જ હોવો જોઈએ. ''મારે આ જિંદગીમાં શું સાથે લઈ જવું છે કે હું પક્ષપાત કરું! મારે મન બધાં સરખાં, બધાંનું હિત જોઈને જ હું રાજી થાઉ. બીજું સુખ હું જાણું જ નહિ તો પછી તેને માટે હું મથું શી રીતે!" એ જાતની વૃત્તિ તે કેળવણીની વૃત્તિ. સત્તા સાથે છૂટાછેડા કર્યા પછી કેળવણીને હાથે દુનિયાનું અકલ્યાણ થવાનું કારણ જ નથી. જો અજ્ઞાન સાથે, રૂઢિ સાથે અથવા આળસ સાથે કેળવણી માંડવાળ કરે તો તે કેળવણીની આત્મહત્યા છે. પછી એને હાથે દુનિયાનું કયું અહિત નહિ થાય એ કહેવું જ મુશ્કેલ છે. કેળવણી એટલે અખંડ જાગૃતિ, અખંડ શુદ્ધિ અને અખંડ પ્રગતિ. તે આવી અમીદૃષ્ટિ વગર સંભવે નહિ. જેટલાં એકાંગી તત્ત્વો છે તે બધાં કેળવણીનાં વિરોધી છે. જે સંપૂર્ણ છે, સર્વાંગીણ છે, વ્યાપક છે, ચિરંતન છે, તે જ કેળવણીને અનુકૂળ છે.*

**કાકાસાહેબ કાલેલકર**

---

# સર્વપ્રિય આચાર્યશ્રી

■ ડૉ. મણિભાઈ એસ. પટેલ

ચાણસ્મા તાલુકા મથક ખરું, પણ આસપાસના પાટણ અને મહેસાણા નગરો જિલ્લા મથકો હોવાથી તેમનો વિકાસ ઝડપી થયો છે, જ્યારે ચાણસ્માનો વિકાસ મર્યાદિત રહ્યો છે. જંગલોમાંયે પુષ્પો ખીલીને સુવાસ વહાવવાનું ચૂકતાં નથી. એમ દરેક ક્ષેત્રને તેની આગવી પ્રતિભાઓ ખીલવવાનું સૌભાગ્ય પ્રાપ્ત થતું જ રહે છે. શ્રી મનુભાઈ સાહેબના વતન ચાણસ્માની ઘણી આગવી પ્રતિભાઓએ રાજકીય, સામાજિક, કેળવણી અને આરોગ્યક્ષેત્રે યશસ્વી કામગીરી કરીને ગૌરવ અપાવ્યું છે. ચાણસ્માના વિકાસમાં શ્રી મનુભાઈ સાહેબનું ખૂબ યોગદાન રહ્યું છે. શ્રી મનુભાઈ સાહેબને એક પુત્ર શ્રી અરવિંદભાઈ અને બે પુત્રીઓ રેણુકાબેન અને નીતાબેન. તેમને વારસામાં આપેલા સંસ્કારોનું બીજ આજે વટવૃક્ષ બન્યું છે. તેમનો પરિવાર શિક્ષણપ્રેમી છે. તેમના નાનાભાઈ શ્રી મહેન્દ્રભાઈ (મહેશ)ના પણ લેખો કેટલાંક સામયિકોમાં પ્રગટ થતા હોય છે. શ્રી અરવિંદભાઈ કેનેડામાં અને શ્રી મહેન્દ્રભાઈ અમેરિકામાં સ્થાયી થયા છે.

### શિક્ષણ અને કારકિર્દી

તેમણે હાઈસ્કૂલ સુધીનું શિક્ષણ વતન ચાણસ્મામાં મેળવી બી. એડ્.ની પદવી સરદાર પટેલ યુનિવર્સિટી અને એમ.એ.ની પદવી ગુજરાત યુનિવર્સિટીની મેળવી છે. ગૌરવપ્રદ ઘટના એ કે એસ.ટી.સી.ની પરીક્ષામાં બૃહદ મુંબઈ રાજ્યમાં પ્રથમ સ્થાને રહ્યા. 1958થી 10 વર્ષ શેઠ જી. સી. હાઈસ્કૂલ, પિલવાઈમાં શિક્ષક તરીકેની જવાબદારી નિભાવી. તે સમય દરમિયાન આચાર્ય શ્રી છ. કા. પટેલના માર્ગદર્શનથી ઉત્તમ શિક્ષકના ગુણોનું ઘડતર થયું. 1967થી 18 વર્ષ સુધી શ્રી શં. મા. ઉપાધ્યાય આદર્શ વિદ્યાલય, સિપોરમાં આચાર્ય તરીકે સેવાઓ આપી. તે સમય દરમિયાન આદર્શ આચાર્ય તરીકેની નામના ચોમેર ફેલાઈ હતી. આવા શિક્ષણપ્રેમી આચાર્યને સિપોરના સંચાલકો છોડવા તૈયાર નહોતા, પરંતુ માણેકલાલ સાહેબની સમજાવટથી સર્વ વિદ્યાલય શ્રી મનુભાઈ સાહેબ જેવા શિક્ષણ વિકાસના શિલ્પી, શિસ્તના આગ્રહી અને ભાષા પ્રભુત્વવાળા આચાર્ય મળ્યા. કડીમાં 1995થી 10 વર્ષ સુધી પ્રિન્સિપાલ રહીને હાઈસ્કૂલ તેમજ છાત્રાલયના વિદ્યાર્થીઓનો પ્રેમ સંપાદન કરીને આગવી ઓળખ બનાવી. નિવૃત્તિ બાદ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના આગ્રહને વશ થઈને કૅમ્પસ નિયામક તરીકેની જવાબદારી નિષ્ઠાપૂર્વક નિઃશુલ્ક સેવાભાવે નિરપેક્ષ થઈ નિભાવી. મધુર, કર્ણપ્રિય સ્વરે એમની અસ્ખલિત વાણી સાંભળતાં અનેરો આનંદ આવતો હોય છે. સુંદર હસ્તાક્ષરોવાળું લખાણ પહેલી નજરે

વાંચવાનું મન થઈ જાય. સાદો, શુદ્ધ, સ્વચ્છ તેમજ શિક્ષણજગતને શોભે તેવો સફેદ રંગનો ખાદીનો પહેરવેશ એમનો કાયમી પોશાક આગવા વ્યક્તિત્વની ઓળખ બન્યો છે. છાત્રાલયના છાત્રોના જીવનઘડતરમાં મુખ્ય ગૃહપતિ તરીકે તેમની મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે. વિદ્યાર્થીઓને પ્રેરક પ્રવચનોથી શિસ્ત અને સંસ્કારોનાં બીજ રોપતાં સમાજને ઉત્તમ નાગરિકો મળ્યા છે. જેનો યશ શ્રી મનુભાઈ સાહેબને પણ ખરો જ.

આપશ્રીએ શૈક્ષણિક સંઘના મંત્રી તથા પ્રમુખપદે, મહેસાણા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના મંત્રીપદે તથા આચાર્ય સંઘના મંત્રી તથા પ્રમુખપદે, ગુજરાત રાજ્યના આચાર્ય સંઘના પ્રમુખપદે રહીને યશસ્વી સેવાઓ આપી છે. ગાંધીનગરમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના કારોબારી સભ્યપદે પાંચ વર્ષ અને ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડની શૈક્ષણિક સમિતિમાં સભ્યપદે દશ વર્ષ સુધી સેવાઓ આપી છે. 1989થી 1993 દરમિયાન ઉ. ગુ. યુનિવર્સિટી પાટણમાં સેનેટ સભ્ય તરીકે પ્રશંસનીય કામગીરી કરેલ છે.

### અવૉર્ડ

શ્રી મનુભાઈ સાહેબ શિક્ષક/આચાર્ય તરીકેની સેવાઓ માટે ભારત સરકાર દ્વારા 1993માં રાષ્ટ્રપતિના વરદ હસ્તે રાષ્ટ્રીય અવૉર્ડ પ્રાપ્ત કરી બહુમાન પામ્યા હતા, જે આપણા માટે ગૌરવરૂપ છે.

### કડીમાં રહેઠાણ

હાલમાં જ્યાં નાની ગર્લ્સ હૉસ્ટેલ છે. ત્યાં શિક્ષક તેમજ કર્મચારીઓનાં ક્વાર્ટર્સ હતાં. તેમાં ઉત્તરે પ્રથમ ક્વાર્ટસમાં શ્રી મનુભાઈ સાહેબ રહેતા હતા. મારે ઘણી વાર તેમને મળવા જવાનું થતું હતું. તેમનામાં અંગત પ્રસિદ્ધિની વાત ન હોય, પ્રલોભનથી દૂર રહીને, ખોટાં સમાધાનોને ક્યારેય સ્વીકાર ન કરીને સેવાઓમાં માનતા. પુષ્પાબેનનો સ્વભાવ શાંત, સરળ અને મૃદુ હતો. તેઓ સર્વેને પ્રેમપૂર્વક આદરથી આવકાર આપતાં હતાં.

શ્રી મનુભાઈ ઘણા સંઘર્ષોમાંથી પસાર થયા છે. સ્વ. પુષ્પાબેનને ન કલ્પી શકાય તેવી બીમારી હતી. તે સમયે શ્રી અરવિંદભાઈને કેનેડા જવાનું હતું, ત્યારે તેમનો આગ્રહ હતો માતાની સેવા કરવાનો, પણ સાહેબના મુખ પર જરાય દુ:ખની લકીર જણાતી નહોતી અને પુત્રને આગ્રહ કરીને કૅનેડા મોકલ્યો. થોડા દિવસ બાદ પુષ્પાબેન પ્રભુને શરણ થઈ ગયાં હતાં. કોરોનાથી આપણે સૌ વાકેફ છીએ. પણ કોરોનાની વધારે અસર મનુભાઈ સાહેબને થઈ હતી. ડૉક્ટરોની સારવાર અને નાનાભાઈ મહેશભાઈ તથા તેમનાં પત્ની શ્રીમતી પન્નાબહેનની સેવાશુશ્રૂષા થકી દીર્ઘાયુ થતાં તેમની સેવાઓ આપણને મળી રહી છે. કોઈ કવિએ કહ્યું છે કે

*સ્મરણોની ડાળ ન પીળાં પરણ હો,*
*સદા છમ્મ લીલા આપણાં સ્મરણ હો.*

### સંસ્મરણો

કોરાના પહેલાં હું અને ડૉ. રમણભાઈ અને ડૉ. જયંતીભાઈએ પાટણની રાણકી વાવ જોવાનું નક્કી કરેલ. પ્રોગ્રામનું આયોજન કરેલ. પહેલાં બહુચરાજી, શંખલપુર અને

મોઢેરાની મુલાકાત લઈને રસ્તામાં ચાણસ્મા આવતાં મેં સાહેબને ફોન કર્યો ત્યારે તેમણે કહ્યું કે હું સ્કૂલમાં છું, તમે બધા અહીં આવો. અમે સ્કૂલમાં ગયા. ટ્રસ્ટીઓ હાજર હતા. તેમની સાથે પરિચય કરાવ્યો અને ચા-પાણી નાસ્તો કરાવીને સંસ્થા વિકાસની શ્રી વલ્લભભાઈની સમર્પણભાવના અને કાર્યક્ષમતાની તેમણે ઘણી વાતો કરી હતી. ત્યાંથી પાટણની રાણકી વાવ જોઈને અમારા સર્વેના મિત્ર પાટણના ડૉ. મોહનભાઈ પટેલને મળીને કડી પરત આવ્યા હતા.

કોરોના બાદ મારા મોસાળ છમીછામાં સામાજિક પ્રસંગે મારાં પત્ની શ્રીમતી શારદા સાથે તા. 1 ફેબ્રુઆરી, 2021ના રોજ જવાનું થયું હતું. ત્યારે રસ્તામાં આવતા ચાણસ્મામાં અમે તેમના નિવાસસ્થાને મળવા ગયા હતા. અમને સ્નેહભર્યો આવકાર આપ્યો હતો. એ સમયે તેમના પરિવારનાં સૌ સભ્યો હાજર હતાં. બધાંની સાથે જૂનાં સંસ્મરણો યાદ કર્યાં આ મુલાકાત તે અમારા માટે યાદગાર બની ગઈ. એક વર્ષ પહેલાં અમે સામાજિક પ્રસંગે જીતોડા ગયા હતા. જીતોડા ચાણસ્માથી નજીક હોવાથી મેં સાહેબને ફોન કર્યો અને તેમણે કહ્યું કે તમે સીધા હૉસ્પિટલ આવી જાઓ. અમે ત્યાં ગયા. હૉસ્પિટલના ટ્રસ્ટીઓ સાથે પરિચય કરાવ્યો ત્યારે શ્રી મહેન્દ્રભાઈ હાજર હતા અને તેમના દ્વારા લસ્સીનો સ્વાદ માણવા મળ્યો હતો. સાહેબ કહેતા કે અહીંયાં ડૉ. વધારે સમય રહેતા નથી. મોટા શહેર તરફ જતા રહે છે. આ મોટી તકલીફ છે. મેં શ્રી મહેન્દ્રભાઈની સાથે કેટલાક વોર્ડની મુલાકાત લીધી હતી. ખરેખર હૉસ્પિટલ સારી બનાવી છે.

સ્વ. માણેકલાલ પટેલ સાહેબ અને આચાર્ય શ્રી મનુભાઈ સાહેબનાં અનુકંપા અને દૂરંદેશિતાથી એક ઘટનાનો સાક્ષી છું, જે અહીં રજૂ કરું છું: જ્યારે મનુભાઈ સાહેબ સર્વ વિદ્યાલયના આચાર્ય હતા ત્યારે એક વિદ્યાર્થી છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતો હતો. તે વિદ્યાર્થી સુરેન્દ્રનગર જિલ્લાનો એક ખેડૂતપુત્ર હતો. તેના પરિવારની આર્થિક પરિસ્થિતિ સારી ન હતી. ઑફિસમાંથી વારંવાર વિદ્યાર્થીના વાલી પર ફોન જતા હતા ત્યારે વાલીએ પરચૂરણના સિક્કાઓ થેલીમાં લઈને સાહેબની ઑફિસમાં ઢગલો કર્યો હતો. આથી સાહેબને ખ્યાલ આવી ગયો કે વાલીની આર્થિક સ્થિતિ સારી નહીં હોય. તેમણે આ બાબતની જાણ સ્વ. માણેકલાલ સાહેબને કરી હતી, ત્યારે સાહેબે શ્રી મનુભાઈ સાહેબને કહ્યું કે તે પૈસા વાલીને પરત કરો અને વિદ્યાર્થીને ફી વગર ભણાવો.

શિક્ષણ તેમજ સાહિત્યક્ષેત્રે કડી નગરને નામના પ્રદાન કરનાર, અવૉર્ડ પ્રાપ્ત કરનાર શિક્ષક-આચાર્યો અને સાહિત્યકારોનો સન્માન સમારંભ તા. 23-9-1994ના રોજ સંસ્કારભવન કડીમાં યોજવામાં આવ્યો હતો. તે સમયે પ્રોજેક્ટ ચૅરમૅન તરીકે મારી જવાબદારી હતી. આ પ્રસંગે મુખ્ય મહેમાન લાયન ડૉ. દિલીપ શાહ (યુરોલૉજિસ્ટ, પાસ્ટ ડિસ્ટ્રિક્ટ ગવર્નર 323-બી) પધાર્યા હતા. સન્માનિત મહાનુભાવોમાં રાષ્ટ્રીય શ્રેષ્ઠ શિક્ષક અવૉર્ડ વિજેતા (1993) શ્રી મનુભાઈ જે. પટેલ (આચાર્ય, સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી), ગુ. રા. શ્રેષ્ઠ શિક્ષક અવૉર્ડ વિજેતા (1993) શ્રી રમેશભાઈ ત્રિવેદી (કડી), તેમજ સાહિત્યકારો શ્રી મોહનલાલ પટેલ, શ્રી રતિલાલ નાયક, શ્રી યશવંત કડીકર, ડૉ. પ્રસાદ બ્રહ્મભટ્ટ, શ્રી રામજીભાઈ કડિયા, શ્રી ભગવત સુથાર અને દિલીપ રોય વગેરેની ઉપસ્થિતિ હતી. તે સમયે શ્રી માણેકલાલ સાહેબ, ડૉ. રામભાઈ પટેલ અને આર. જે. વ્યાસ સાહેબ

હાજર હતા. સર્વેનો પરિચય કરાવી, સન્માનિત મહાનુભાવોનું પુષ્પગુચ્છ તેમજ સાલથી સન્માન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ઉપસ્થિત ડૉ. દિલીપ શાહે જણાવેલ કે કડીના સાહિત્યસર્જકોને મળવાની ઉત્તમ તક મળી છે. એક કડીથી બીજી કડી જોડાઈને એક મજબૂત સાહિત્ય વર્તુળ બન્યું છે. આ પ્રસંગ બાદ સાહિત્ય વર્તુળનું નામ બદલી શ્રી મોહનલાલ પટેલ સાહિત્ય વર્તુળ બન્યું.

ગાંધીવિચારનો જીવનમાં અમલ કરી આપશ્રીએ ગાંધીમૂલ્યોને જીવંત રાખ્યાં છે. ચાણસ્માનગરની શૈક્ષણિક, ધાર્મિક, સામાજિક, મેડિકલ, વગેરે સેવાકીય સંસ્થાઓના વિકાસ કાર્યોમાં સક્રિય રસ લઈ માર્ગદર્શક રહ્યા છો. આપશ્રી હાલમાં કેળવણી અને આરોગ્યક્ષેત્રે ખૂબ જ સારી સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા વિકાસ કરી રહ્યા છો. આપની સેવાઓ ખરેખર અમારા માટે પ્રેરણારૂપ છે. નિવૃત્તિ બાદ માતા-પિતાના નામે 'ચંચળબા જેકીશનદાસ મેમોરિયલ ટ્રસ્ટ' બનાવી શિક્ષણ પ્રસાર, આરોગ્યસેવા, જરૂરિયાતમંદને આર્થિક સહાય જેવી સેવાકીય પ્રવૃત્તિઓ કરીને આપ યુવાપેઢીને પ્રેરણારૂપ થયા છો. સાહેબ તરફથી આપણી સંસ્થાને માતબર દાન પણ મળેલ છે. તેમના આ કાર્યમાં કવિ ઉમાશંકર જોશીની સુખ્યાત કાવ્યપંક્તિનો પડઘો સંભળાય છે:

*પરાગ જો અંતરમાં હશે તો,*
*એ પાંગરીને કદી પુષ્પ ખીલશે.*

આર્થિક ઉપાર્જન જરૂરી છે, પણ જેને જે સેવાનું કામ સોંપ્યું હોય તેને જવાદારી નિષ્ઠાપૂર્વક નિભાવવી જોઈએ તેવું આપનું સૂચન યોગ્ય હોય છે. ચાણસ્મા રહીને આપ આપણી સંસ્થા માટે સતત ચિંતાશીલ રહો છો. આ ઉંમરે આવું ભાગ્યે જ કોઈક વ્યક્તિ કરી શકે.

87 વર્ષના જૈફ વયે યુવાનને શરમાવે તેવી સ્ફૂર્તિથી કાર્યરત આપણા આદરણીય શ્રી મનુભાઈ સાહેબને પરમાત્મા નિરામય દીર્ઘાયુ બક્ષે જેથી તેઓશ્રીની દિવ્ય પ્રતિભાથી શિક્ષણક્ષેત્ર અને સમગ્ર સમાજ સતત પ્રભાવિત થતો રહે, તેમજ અમને યોગ્ય કામ કરવા માટે પ્રોત્સાહિત કરતા રહો તેવી અમારી સર્વેની હૃદયથી શુભેચ્છાઓ છે.

●

# સર્વ વિદ્યાલયની અણમોલ ધરોહર

**■ વલ્લભભાઈ એમ. પટેલ**

પૂજ્ય શ્રી મનુભાઈ પટેલસાહેબ સર્વ વિદ્યાલયના સેવાનિવૃત્ત પ્રાચાર્ય છે. પ્રવર્તમાન સમયમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના સન્માનનીય પ્રમુખશ્રી તરીકે સેવાઓ આપી રહ્યા છે. તેમની સેવાઓ મેળવીને સર્વ વિદ્યાલય પરિવાર ગૌરવ અને ધન્યતા અનુભવે છે. સાહેબશ્રીના ગૌરવશીલ શિક્ષકત્વ/આચાર્યત્વનો લાભ પિલવાઈ, સિપોર, કડી કે વતન ચાણસ્મા સુધી સીમિત ન રહેતાં એક યા બીજા સ્વરૂપે સમગ્ર ગુજરાતને મળ્યો છે, જે એક ગૌરવપ્રદ ઘટના સમાન છે. સર્વ વિદ્યાલય તેના મૂઠી ઊંચેરા આચાર્યશ્રીઓ/શિક્ષકોથી ઊજળું છે. અને આ પૈકી પ્રારંભકાલીન પાંચ આચાર્યશ્રીઓ સર્વશ્રી પૂ. પોપટલાલ પટેલ-સાહેબ, પૂ. બાપુભાઈ ગામીસાહેબ, પૂ. નાથાભાઈ દેસાઈસાહેબ, પૂ. મોહનલાલ પટેલસાહેબ અને પૂ. મનુભાઈ પટેલસાહેબ તો પ્રાચીન ઋષિકુળ પરંપરાને દીપાવનાર અણમોલ ધરોહર છે. એક મિસાલ છે. તેમનું દીપસ્તંભ સમાન આચાર્યત્વ માત્ર સર્વ વિદ્યાલય કેમ્પસમાં જ નહીં, પરંતુ કડીનગરના જનજીવનમાં સ્મરણીય બની રહ્યું છે. તેમનાં આચાર-વિચાર અને સંપન્ન કરેલાં કાર્યો આજે પણ અમારા માટે દિશાપ્રેરક બની રહ્યાં છે. આ સૌ આચાર્યશ્રીઓ અમારી આસ્થા અને શ્રદ્ધાભક્તિનાં ગુરુશિખરો છે. કોઈ નીતિવિષયક નિર્ણય લેતાં પૂર્વે જ અમારા મનમાં વિચાર સ્ફુરતો રહે છે કે આચાર્યદેવો કેવો નિર્ણય લેત! શ્રદ્ધારૂપી આ વિચારબીજ જ અમારો માર્ગ પ્રશસ્ત કરી રહ્યું છે.

પૂજ્ય સાહેબશ્રી મારા વિદ્યાગુરુ છે. સર્વ વિદ્યાલયમાં તેમના આચાર્યકાળ દરમિયાન ધોરણ ૧૧ અને ૧૨માં મેં અભ્યાસ કર્યો હતો. તેઓશ્રી અમને ગુજરાતીનું અધ્યાપન કરાવતા હતા. અભ્યાસક્રમ અનુસાર ગુજરાતી ભાષા-સાહિત્યના અધ્યાપન સાથે પ્રસંગોચિત ઘટનાઓને વણી લઈને માનવજીવન ઘડતરનું પ્રેરક ભાથું પૂરું પાડતા, જે આજે પણ માનસપટલ ઉપર તાજું જ રહ્યું છે. તેઓશ્રી શિસ્તના આગ્રહી ખરા, છતાં કઠોર શબ્દપ્રયોગ નથી સાંભળ્યો કે કઠોર વર્તન અમે કદાપિ નથી અનુભવ્યું. શિક્ષણકાર્ય દરમિયાન કોઈ વિદ્યાર્થી વર્ગખંડ બહાર ન રહે તેની ખાસ કાળજી રાખતા. મને યાદ છે કે એકાદ દિવસે અમે કેટલાક વિદ્યાર્થીઓ ચાલુ તાસ દરમિયાન ક્રિકેટના મેદાનમાં પ્રેક્ટિસ કરતા હતા. આ બાબતની જાણ તેમને થતાં તુર્ત જ અમને વર્ગખંડમાં હાજર થવા આદેશ કરતાં અમે ચૂપચાપ રમવાનું છોડીને વર્ગમાં બેસી ગયા હતા. શાળાસમય પૂરો થયા બાદ અમને તેમની ઑફિસમાં બોલાવીને વર્ગખંડ શિક્ષણનું મહત્ત્વ સમજાવ્યું અને ભવિષ્યમાં આ પ્રકારનું વર્તન ન કરવા શીખ આપી. અને આ સાથે જ શાળાસમય બાદ ક્રિકેટની પ્રેક્ટિસ/રમત માટે કોચની સગવડ પણ કરી આપી હતી. એક વિદ્યાર્થી

તરીકે માત્ર મેં જ નહીં, પરંતુ અમે સૌ વિદ્યાર્થીઓએ તેમને વિદ્યાર્થીવત્સલ આચાર્ય તરીકે અનુભવ્યા છે.

આચાર્યશ્રી તરીકે તેમણે સર્વ વિદ્યાલયની મૂલ્યવર્ધિત ગુણવત્તાશીલ શિક્ષણ પૂરું પાડવાની શાખને દઢતર કરવાની સાથે તેના સંસ્કારસંપન્ન અને સમરસતાપૂર્ણ વાતાવરણના ઘડતરમાં વિશેષ રસ-રુચિ દાખવી હતી. તેમણે ગુરુકુળને સોહે તે રીતે સુચારુ શાળાપ્રશાસન માટે પ્રસ્થાપિત કરેલી ઉમદા પ્રણાલિઓ અને સંપન્ન કરેલાં કાર્યો આજે પણ રોલ મૉડલ સમાન પ્રેરણાદાયી બની રહ્યાં છે. અને ખાસ તો શાળાના વિદ્યાર્થીઓ માટે અને સવિશેષતઃ આશ્રમવાસી વિદ્યાર્થીઓને સાંધ્યપ્રવચનોમાં મુખ્ય ગૃહપતિ તરીકે જીવનઘડતરનું જે ભાથું પીરસતા રહ્યા હતા તે આજે પણ તત્કાલીન વિદ્યાર્થીઓ માટે જીવનપાથેય બની રહ્યું છે. આ સંદર્ભે સાહેબશ્રીના આશ્રમવાસી વિદ્યાર્થી રહી ચૂકેલા ન્યૂરો ઍન્ડ સ્પાઈન સર્જન ડૉ. પંકજ પટેલે તેમના લેખમાં નોંધ કરેલા શબ્દોઃ 'સાયંની પ્રાર્થનાની અમે રાહ જોતા...! વિદ્યાર્થી આશ્રમની આ અમારી પ્રાર્થના અમારા જીવનઘડતરનું ઊજળું પાસું છે. તેમ કહું તો જરાય અસ્થાને નથી. તે સમયે મધ્યમાં ખાદીના સાદા પહેરવેશમાં બેસતા શ્રી મનુદાદા એક મહાત્માસમ ભાસતા. તેમના દ્વારા જીવનઘડતરનાં પ્રેરક પ્રવચનો માટે અમારી ઉત્કંઠતા તીવ્ર રહેતી અને પ્રાર્થનાબાદ આ પ્રવચનોની ડાયરી બનાવવાની મારી ટેવ આજે પણ યાદ કરું છું અને વ્યવસાયમાં ક્યારેક મૂંઝવણ કે, માનસિક પરિતાપમાં, આ પ્રવચનો મારો ઉત્સાહ અને મારાં મનોબળને મજબૂત બનાવે છે.' વાંચતાં જ પૂ. મનુભાઈ સાહેબ પ્રતિ મનોમન વંદના પાઠવી.

શિક્ષક/આચાર્ય તરીકેના ઊજળા પાસાની સાથે જ માનવીય અભિગમ સાથેનું પ્રશાસક તરીકેનું પાસું પણ પ્રોજ્જ્વલતમ રહ્યું છે. આ સંદર્ભે ઉલ્લેખ કરવો રહ્યો કે વિદ્યાર્થીઓને માનવતાવાદી જીવન ઘડતરના પાઠ શીખવવાની સાથે જ શિક્ષકોનું વ્યવસાયિક ઘડતર કરતા રહીને શાળાનું શિસ્તપૂર્ણ વાતાવરણ જાળવી રાખવામાં શ્રેષ્ઠ આચાર્ય બની રહ્યા હતા. અને તેથી જ તેમને જિલ્લા અને રાજ્યસ્તરના શિક્ષક તથા આચાર્ય સંઘોના પ્રમુખ, તેમજ મહેસાણા જિલ્લાના માધ્યમિક શિક્ષણના વિવિધ સંઘોની સંકલન સમિતિના પ્રમુખ (૧૯૭૯-૧૯૯૫) તરીકેની જવાબદારી સર્વાનુમતે સાંપવામાં આવી હતી. આ કાંટાળો તાજ પણ તેમણે ઉદાહરણસ્વરૂપ નિભાવ્યો હતો. આપણે સૌ જાણીએ છીએ કે વ્યવસાયિક સંઘોનું નેતૃત્વ લોઢાના ચણા ચાવવા બરાબર હોવા છતાં વ્યાપક પરિપ્રેક્ષ્યમાં શિક્ષણના હિતોની જાળવણીને અગ્રતા આપ્યા બાદ જ સંઘોની માંગણીઓને ન્યાય અપાવતા રહ્યા હતા. આ સંદર્ભે સાહેબશ્રીની નિખાલસ કેફિયત માટે પરિશિષ્ટમાં સમાવિષ્ટ સાહેબશ્રી સાથેની પ્રશ્નોત્તરી વાંચી જવા ભલામણ છે.

સમયાન્તરે પૂ. સાહેબશ્રી આચાર્યપદેથી વયોચિત સેવાનિવૃત્ત થતાં મંડળના પ્રેમાદર સહિતના આગ્રહને વશ થઈ તેમણે પ્રારંભમાં કેમ્પસ ડાયરેક્ટર અને બાદમાં મંત્રીશ્રી અને ત્યારબાદ 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ'ના પ્રમુખ તરીકે સેવાઓ આપી અને ઑગસ્ટ ૨૦૨૩થી 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', કડીના પ્રમુખ તરીકે સેવાઓ આપી રહ્યા છે. યોગાનુયોગ હું પણ પ્રારંભમાં મંત્રીશ્રી તરીકે અને વર્ષ ૨૦૧૨થી ચૅરમૅન તરીકે સેવાઓ આપી રહ્યો છું. પૂ. સાહેબશ્રી સાથે છેલ્લા ૩૮ વર્ષથી દિનપ્રતિદિન

ગાઢ નાતો કેળવાતો ગયો છે. પ્રારંભમાં પોતાના ગુરુ, સમયાન્તરે સહકાર્યકર સિનિયર મંત્રી અને હવે મંડળના સર્વોચ્ચ વડા એટલે કે પ્રમુખશ્રી તરીકેના સંબંધો રહ્યા છે. હું તેમનો વિદ્યાર્થી રહ્યો હોવાથી હરહંમેશ મારા પ્રતિ વિશેષ લાગણી રાખતા રહીને મારા પ્રશાસક તરીકેના ઘડતરમાં તેમનો મૂલ્યવાન ફાળો રહ્યો છે. મને આજે પણ યાદ છે કે મારા સદ્‌ગત પિતાશ્રી પણ હરહંમેશ પૂ. સાહેબની વાતને સંપૂર્ણ વિશ્વાસ સાથે સ્વીકારી લેતા. શાળા સંચાલન સંદર્ભેની કોઈ મૂંઝવણભરી સ્થિતિમાં કે શિક્ષકોના પ્રશ્નો માટે સાહેબશ્રીનો અભિપ્રાય અવશ્ય લેતા અને તેમના સૂચનને ગ્રાહ્ય રાખતા હતા. આ ઉપરાંત પૂજ્ય ડૉ. રામભાઈ કાકા અને મારા પિતાશ્રીને તેમની વાતોમાં સાહેબની સંસ્થાભક્તિ, સમર્પિતતા અને કાર્યનિષ્ઠાની પ્રસન્નતા અનુભવતા સાંભળ્યા છે. આ સાથે જ મારે ઋણસ્વીકારની ભાવના સાથે નોંધ કરવી રહી કે મારા પિતાશ્રીના આકસ્મિક અવસાન બાદ એક ગુરુ તરીકે તેમણે જે હૂંફ અને માર્ગદર્શન મને આપ્યાં છે તેને શબ્દોમાં વાચા આપવા અસમર્થ છું. મંત્રીની જવાબદારીમાંથી આકસ્મિક રીતે ચેરમેનની જવાબદારી અદા કરવાની આવી ત્યારથી તેઓશ્રી સાચા અર્થમાં મારા ચાણક્ય બની રહ્યા. કોઈ સમસ્યાના ઉકેલમાં આજે પણ તેઓશ્રી મારી આસ્થાનું કેન્દ્ર છે. તેમણે સૂચવેલ માર્ગ પણ શતપ્રતિશત કારગત નીવડ્યો છે.

મંડળની મિટિંગોમાં તેમનાં મંતવ્યો તલસ્પર્શી અભ્યાસની નીપજ અનુભવ્યાં છે. કોઈ નિર્ણય લેતાં પૂર્વે તેની સંભવિત સારી અને ખરાબ અસરોનું સરવૈયું રજૂ કરીને ખરાબ અસરો કઈ રીતે અટકાવી શકાય તે પણ સમજાવતા રહે છે. તેમની વૈચારિક ચેતનામાં અને નિર્ણય લેવામાં તેમનું શિક્ષકત્વ સતત જાગરૂક રહેતું અનુભવ્યું છે. સંસ્થા સંચાલનમાં નૈતિક મૂલ્યોના પાલનના આગ્રહી બની રહે છે. તેમનું સ્પષ્ટ મંતવ્ય રહ્યું છે કે સંસ્થાનો ઓછો વિકાસ પાલવશે, પરંતુ સંસ્થાએ પોતાના ૧૦૦ વર્ષના ઇતિહાસમાં જે મૂળભૂત મૂલ્યોનું જતન કર્યું છે તેનું અણીશુદ્ધ પાલન અનિવાર્ય છે. પોતે શ્વેતખાદીવસ્ત્રાધારી હોવાની સાથે ગાંધીમૂલ્યોનું પોતાના જીવનમાં આચરણ કરતા રહ્યા છે, તેમજ પૂ. ડૉ. દ્વારકાદાસ જોષી અને ડૉ. વસંત પરીખની સર્વોદય પ્રવૃત્તિના સહકાર્યકર રહ્યા હોવાથી મૂલ્યનિષ્ઠાનું પાલન એ તેમની જીવનપ્રણાલિનો અંતરંગ હિસ્સો બની ગયું છે. તેમનું એક સંતસમાન તેજ અને પ્રભાવક વ્યક્તિત્વ અમારાં યુવાન હૈયાંઓને હરહંમેશ આકર્ષતું રહ્યું છે.

આ સાથે જ મારે ખાસ નોંધ લેવી રહી કે તેઓશ્રી પરંપરાગત વર્ગખંડ શિક્ષક કે આચાર્યની રીતિનીતિથી ઉપર ઊઠીને એક કેળવણીવિદ તરીકે આગવી ઓળખ પામ્યા છે, જેની પાછળ તેમનાં નિરંતર વિદ્યોપાસના, ચિંતન, લેખન અને નિષ્ઠાપૂર્વકનો કર્મયોગ રહ્યાં છે. તેમના આ પાસાની નોંધ આપણા સારસ્વતો, સર્વશ્રી ઉમાશંકર જોષી, પન્નાલાલ પટેલ, સુંદરમ્, ફાધર વાલેસ વગેરેએ લીધી છે. તેમના કેટલાક લેખોમાંથી પસાર થતાં તેમની અધ્યયનશીલતાની સાથે નિર્ભીકતાનાં મને દર્શન થયાં છે. તેમને આ સંદર્ભે મૂલવવા તેમનાં નીચે દર્શાવેલાં ચિંતનગર્ભ વિધાનો પર્યાપ્ત થઈ પડશે.

"શિક્ષણમાં દર્શનનો નહિ પણ સ્પષ્ટ દૃષ્ટિનો અભાવ દેખાવ છે. આવતીકાલના નાગરિકના ઘડતરની પ્રક્રિયામાં મૂળ સ્રોત સુકાયું છે, પરંતુ ક્રિયાકાંડ વધ્યાં છે. આપણે સૌ સવેળા જાગીને અને શિક્ષણના કેન્દ્રમાં બાળકને મૂકીને ત્યાર પછી જ જે-તે વિચાર કરીશું.''

"અત્યારે ભારતના દરેક રાજ્યમાં, રાજકારણ, ધર્મ અને સમાજ પર કાબૂ ધરાવનારાઓને શિક્ષણને પોતાની દાસી બનાવવાના એકીસાથે અભરખા થઈ આવ્યા છે અને એને પરિણામે શિક્ષણનું પણ ધ્રુવ ચરણ અધ્રુવ બન્યું છે. દેશમાં જેમ મંદી ને ફુગાવો પોતાનું સામ્રાજ્ય ફેલાવે જાય છે, તેમ શિક્ષણનાં મૂલ્યોમાં પણ મંદી ને ફુગાવાનું તંત્ર સતત ગોઠવાતું જાય છે. આપણે માનવજીવનનાં, શિક્ષણ દ્વારા સ્થિર થનારાં, સ્થાયી મૂલ્યાંકનોના પ્રહરી છીએ અને તેમની રખેવાળી કરવાનું બિનદસ્તાવેજી કરાર કરી બેઠા છીએ."

"જ્ઞાનગંગાના વિસ્ફોટ અવતરણને ઝીલવા આપણે સૌએ સદાશિવ બનવું પડશે. અન્યથા જાણીતા વિચારક ઈવાન ઈવીચના વિચારો પ્રમાણે સમાજમાંથી શાળાઓ ઝડપથી ભૂંસાઈ જશે. આજના જર્જરિત ઢાંચામાં ચાલતી શૈક્ષણિક સંસ્થાઓનું ભવિષ્ય ઉજ્જ્વળ નથી અને તેથી જ આપણી શાળાઓમાં બાળકોની હાજરી પાંખી બનતી ગઈ છે. આપણી સમગ્ર શિક્ષણસાધનાને નિત્ય નૂતન બનાવવી પડશે. માહિતી / સ્મૃતિ અને પરીક્ષાઓના વિષચક્રને છેદીને આપણે શિક્ષણપ્રક્રિયાને આનંદયાત્રામાં પરિવર્તિત કરવા શ્રદ્ધાપૂર્વક પ્રયત્નો કરવા પડશે અને ત્યારે જ શિક્ષણનું દર્શન સુરેખ અને સ્પષ્ટ બની રહેશે."

આવા મૂલ્યનિષ્ઠ ગુરુ અને સંસ્થાના પ્રમુખ મેળવીને અમે ધન્યતા અનુભવીએ છીએ.

●

---

*આજનું શિક્ષણ માણસને અન્યથી આગળ નીકળતાં શીખવે છે. પ્રત્યેક માણસ પોતે કંઈક થવાની કોશિશમાં નથી, કંઈક અન્ય થવાના પ્રયત્નમાં છે, બીજાથી આગળ નીકળવાની ચેષ્ટામાં લીન છે, આજનું શિક્ષણ વિદ્યાર્થીઓને સૂચવે છે કે તમે ગાંધી બનો, બુદ્ધ બનો, મહાવીર બનો. કોઈ શિક્ષણ એમ શીખવતું નથી કે તમે સ્વયં બનતાં શીખો. ગાંધી, બુદ્ધ, મહાવીર બનવાની જરૂર પણ શી છે ? જે માણસ સ્વયં થવાની ક્ષમતા પ્રાપ્ત કરતો નથી અને કંઈક બીજા થવાની દોડમાં લાગી જાય છે તેના જીવનમાં દુઃખ અને પીડા જ રહે છે.*

**આચાર્ય રજનીશજી**

---

# ઋષિતુલ્ય આચાર્ય

**■ મણિભાઈ ઈ. પટેલ (ભમ્મી)**

શ્રી મનુભાઈ સાહેબને પ્રથમ દૃષ્ટિએ નિહાળતાં જ સોમ્ય, સરળ અને મૃદુ સ્વભાવના આપણને પ્રતીત થાય. શિક્ષણક્ષેત્રે તેમણે મૂલ્યવાન યોગદાન આપી એક આદર્શ ને નિષ્ઠાવાન આચાર્ય તરીકેની તેમની સેવાઓની નોંધ લેતા આનંદ અને ગૌરવ અનુભવું છું.

ખાસ નોંધ લેતાં તેમના વિશે એમ કહી શકું કે ગ્રામ્ય વિસ્તારના હજારો વિદ્યાર્થી ભાઈ-બહેનોનાં ઉજ્જ્વળ ભવિષ્ય બનાવવામાં તેમણે સમગ્ર જીવન સમર્પિત કર્યું છે. આજે તેમના વડપણની છાયાની શીતળતામાં તૈયાર થઈ અમેરિકા, ઑસ્ટ્રેલિયા, કૅનેડા વગેરે અનેક દેશોમાં તેમના હજારો વિદ્યાર્થીઓ મોટા ધંધા, નોકરી, રોજગારમાં પ્રગતિ કરી રહ્યા છે. એવા ઋષિતુલ્ય આચાર્ય તરીકે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રીથી રાષ્ટ્રપતિ સુધીના અવૉર્ડ ને પ્રમાણપત્રો મેળવી સન્માનિત થયા છે, જે આપણાં સૌના માટે ગૌરવવંતી વાત છે. મારા કુટુંબના તેઓ જમાઈ છે. અમારી દીકરી પુષ્પાબેન ખૂબ જ સરળ સ્વભાવ અને મહેમાનોની આગતાસ્વાગતા કરી હંમેશાં મનુભાઈ સાહેબને ધર્મપત્ની તરીકે પૂરેપૂરો સાથ-સહકાર આપતાં રહ્યાં હતાં, જેનું મારે મન ભારે ગૌરવ છે.

સૌથી વિશેષ નોંધપાત્ર બાબત હોય તો વડનગર તાલુકાના સિપોર ગામની હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે અઢાર વર્ષ સુધી એકધારી નિષ્ઠાપૂર્વક અને પ્રામાણિક રીતે ફરજ નિભાવી છે. તેના કારણે સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના હોદ્દેદારો જ્યારે સિપોર લેવા ગયા ત્યારે આખું સિપોર ગામ અને આજુબાજુના ગ્રામ્ય વિસ્તારના મોટી સંખ્યામાં લોકો અને વિદ્યાર્થી ભાઈ-બહેનો વિદાય આપતી વખતે ચોધાર આંસુએ રડ્યાં હતાં. કોથળા ભરાય તેટલાં શ્રીફળ વિદાય વખતે અર્પણ કર્યાં હતાં. આવા ઋષિતુલ્ય આચાર્ય શિક્ષણક્ષેત્રે આજ તારીખ સુધી સતત પ્રવૃત્તિશીલ રહ્યા છે. આજે પણ ચાણસ્મામાં રહી ચાણસ્માની શૈક્ષણિક અને આરોગ્યને લગતી સેવા તેમજ ધાર્મિકસેવા આપી રહ્યા છે.

વડનગર તાલુકાના સિપોર ગામની હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે જોડાયા ત્યારથી વડનગરના ગાંધીવિચારસરણી ધરાવતા ડૉ. દ્વારકાદાસ જોષી, ડૉ. વસંતભાઈ પરીખ, શ્રી રવિશંકર દાદા જેવા અનેક આગેવાનોના પરિચયમાં આવતા તેઓશ્રી સંપૂર્ણ ગાંધીવિચારસરણી અને તેથી જ સ્પષ્ટ અને નિષ્પક્ષપણે વર્તવાનું તેમના સ્વભાવમાં છે. આવા ઋષિતુલ્ય આચાર્યને પ્રણામ કરું છું.

●

# તપોનિધિ આચાર્યશ્રી

■ ડૉ. રમણભાઈ જી. પટેલ

સન્માનનીય શ્રી મનુભાઈ પટેલ સાહેબે સર્વ વિદ્યાલયમાં વર્ષ 1985થી 1995 સુધી આચાર્ય તરીકે સેવાઓ આપીને તેના વિકાસમાં આપેલો ફાળો સદાકાળ સ્મરણીય બની રહેશે. આ લખનાર સાહેબનો પ્રત્યક્ષ વિદ્યાર્થી રહ્યો નથી, પરંતુ સાહેબશ્રીએ આચાર્યશ્રીની જવાબદારી સંભાળી તેનાં પ્રાયઃ બે દશક પૂર્વે આ શાળાનો વિદ્યાર્થી રહ્યો હોઈ, આ શાળા માટે ભારે મોટું ગૌરવ ધરાવે છે. વળી, ડૉક્ટરીના અભ્યાસ બાદ કડી કર્મભૂમિ રહી હોવાથી, તેમજ વર્ષ 2010થી સર્વ વિદ્યાલયના સંચાલક મંડળમાં મંત્રી તરીકેની જવાબદારી વહન કરવાનું શરૂ થતાં મંડળ આયોજિત બેઠકોમાં આચાર્યશ્રી મનુભાઈ સાહેબના અંતરંગ સંપર્કમાં આવવાનું થતું રહ્યું છે. તેમની માનવીય સંવેદનશીલ પ્રકૃતિ અને ગાંધીજીવનદર્શનથી પરિપક્વ વ્યક્તિત્વનાં દર્શન કરી કંઈક પામ્યાની સંતુષ્ટિ અનુભવું છું.

મારી સ્મૃતિ અનુસાર મારે મનુભાઈ સાહેબને સૌપ્રથમ સર્વ વિદ્યાલયમાં તેમની ઑફિસમાં વર્ષ 1989માં આસો માસની નવરાત્રીના દિવસોમાં મળવાનું થયું હતું. યોગાનુયોગ પૂ. સાહેબશ્રી સાથેનાં સંસ્મરણો પણ 2023ની નવરાત્રીના દિવસોમાં શબ્દબદ્ધ કરવા બેઠો છું. તે સમયે મારો ચિ. પુત્ર હર્ષદ (હવે ડૉ. હર્ષદ પટેલ) સર્વ વિદ્યાલયમાં ધોરણ-11માં અભ્યાસ કરતો હતો. તે સમયે અર્ધવાર્ષિક પરીક્ષા નવરાત્રી બાદ તુર્ત જ લેવામાં આવતી હતી. આ પરીક્ષા સંદર્ભે અમે કેટલાક વાલીઓ આચાર્યશ્રી મનુભાઈ સાહેબને તેમની ઑફિસમાં મળવા ગયા હતા. અમે જણાવ્યું હતું કે સાહેબ, આ સમયમાં પરીક્ષા ગોઠવવાથી વિદ્યાર્થીઓ પોતાની મસ્તીમાં નવરાત્રી માણતા રહેતા હોવાથી અભ્યાસમાં બરોબર ધ્યાન આપી શકતા નથી. પરિણામે આ પરીક્ષાનું પરિણામ વિદ્યાર્થીઓની ક્ષમતા મુજબ આવતું ન હોવાથી હતોત્સાહ થઈ જાય છે, જેની અસર વાર્ષિક પરીક્ષા ઉપર થાય છે. વિદ્યાર્થીમાનસને ધ્યાને લેતાં આ પરીક્ષા નવરાત્રી પૂર્વે જ લઈ લેવામાં આવે તો વિદ્યાર્થીઓ નવરાત્રી માણવાની સાથે જ પોતાના અભ્યાસમાં પણ ધ્યાન આપી શકશે. સાહેબે પોતાના નિર્ણય સામે કોઈ દલીલો કર્યા સિવાય શાંતચિત્તે અમારી વાતને હૈયે ઉતારીને જણાવ્યું કે વાત તો તમારી સાચી છે. તમે સૌએ આ વાત મારા ધ્યાને લાવ્યા તે સારું કર્યું. સાહેબશ્રીએ માત્ર શબ્દોમાં આશ્વાસન ન આપતાં આગામી વર્ષોથી અર્ધવાર્ષિક પરીક્ષા નવરાત્રી પૂર્વે જ લેવાનું શરૂ કર્યું હતું. સામેના પક્ષની વાત સાંભળીને હકીકતનો સ્વીકાર કરવાની તેમની દૃષ્ટિને હું વંદન કરું છું.

કેળવણી મંડળની મિટિંગોમાં સાહેબને મળવાનું થતું રહ્યું છે, તેમાં તેમની સૌમ્યશીલ અને શાંત પ્રકૃતિ, કોઈ બાબત વિશે ઉતાવળથી પોતાનું મંતવ્ય ન જણાવતાં સ્વસ્થ અને

સમતોલ ચિત્તે પોઝિટિવ અને નેગેટિવ પાસાનો વિચાર રજૂ કરીને સૌની સહમતિ સાથે નિર્ણય કરવાનું વલણ, સત્યના પક્ષધર બની રહેવા છતાં કોઈ મતાગ્રહી વલણ નહીં વગેરે બાબતો મને ખૂબ જ સ્પર્શી ગઈ છે. સાચી વાત પણ ખૂબ શાંતચિત્તે, હળવાશથી અને પ્રસન્ન મુદ્રામાં રજૂ કરવાની તેમની પોતીકી રીત સૌ કોઈ સત્તાધારીઓએ સમજવા જેવી અને તેને આચરણમાં મૂકવા જેવી છે. તેમનાં પ્રસંગોપાત્તનાં વક્તવ્યો પણ સુચિંતનીય અને પ્રભાવક જોવા મળ્યાં છે. તેમના વ્યક્તિત્વની અન્ય એક ખાસિયત છે આચાર-વિચારમાં એકરૂપતા. તેઓશ્રી માત્ર સફેદ ખાદી પરિધાન ન કરતાં મહાત્મા ગાંધી કથિત ખાદીની ભાવનાનું પણ સાંગોપાંગ પાલન કરતા રહે છે.

આચાર્ય સાહેબના વ્યક્તિત્વનું એક અનોખું પાસું તે સભાસંચાલન. પ્રસંગોચિત સંક્ષિપ્ત અને ધારદાર પ્રસ્તાવના, આવશ્યકતાનુસાર કેળવણીવિદોની સૂક્તિઓની ગૂંથણી અને ખાસ તો બે વક્તાઓ વચ્ચે ખૂબ જ સંક્ષેપમાં સમન્વય સાધવાનું કલાકૌશલ્ય સદાય સ્પર્શી જાય તેવું અનુભવ્યું છે. પ્રસંગોપાત્ત અન્ય સમારોહોમાં જવાનું થયું છે ત્યારે અનુભવ્યું છે કે સરેરાશ વક્તાના ટાઇમની તુલનાએ ઉદ્‌ઘોષક પોતાની વાત રજૂ કરવા બિનજરૂરી સૂક્તિઓની લહાણ પીરસવાના મોહમાં અનાવશ્યક રીતે ઘણો સમય લેતા હોય છે. આવા સમયે સાહેબનું અનાયાસ સ્મરણ થઈ જાય છે. શ્રી મનુભાઈ સાહેબ પાસેથી સભાસંચાલન શીખવા જેવું છે.

સન્માનનીય સાહેબશ્રી પાસેથી ખાસ શીખ લેવા જેવી બાબત એ છે કે પોતાની યુવાવસ્થાથી શરૂ કરી આજ દિન સુધી પોતાના વતન ચાણસ્માની સુખાકારી અને સામાજિક સમરસતા જાળવી રાખવા માટે સમર્પિત બની રહ્યા છે. આ ઉપરાંત સવિશેષતઃ કેળવણી અને આરોગ્ય ક્ષેત્ર માટે તેમની સેવાઓ મહિમાસંપન્ન રહી છે. આ બધાં કાર્યોમાં પોતાનાં પરિવારજનોનો મોટો આર્થિક ફાળો રહ્યો છે. મને એ પણ જાણવા મળ્યું છે કે સેવાનિવૃત્ત થતાં પોતાની બચતનું ટ્રસ્ટ સ્થાપીને આ રકમમાંથી પ્રાયઃ રૂપિયા એકાદ લાખ કે તેથી અધિક રકમનું પ્રાપ્ત વ્યાજ સમાજસેવા માટે ઉપયોગમાં લેતા રહે છે. આ સંસ્મરણો લખતાં તેમના માટે પૂજ્ય સ્વામી સચ્ચિદાનંદજીએ કરેલું વિધાન 'મનુભાઈ બનવા માટે તલવારની ધાર ઉપર ચાલવું પડે' માનસપટલ ઉપર તાજું થાય છે. આ શબ્દો સાહેબના આંતરબાહ્ય વ્યક્તિત્વનાં અથવા બીજા શબ્દોમાં કહું તો એક કેળવણીવિદ્ પ્રતિભાપુરુષનાં દર્શન કરાવે છે. સાહેબને સાદર સલામ!

શાળા સંચાલનની સાથે જ શિક્ષણના અદ્યતન પ્રવાહોથી સુપરિચિત રહેવું, અધ્યયનશીલ પ્રકૃતિ, સર્વોદયીઓ તથા અગ્રણી સાહિત્યકારો સાથેના આત્મીય સંબંધો, વિદ્યાર્થીવત્સલતા અને સાથી શિક્ષકો તથા કર્મચારીઓ સાથે સમરસતાપૂર્ણ વાતાવરણ જાળવી રાખવામાં તેમની કોઠાસૂઝ અભિનંદનીય રહી છે. તેમનાં મૂલ્યનિષ્ઠા, ધ્યેયનિષ્ઠા અને વિદ્યાવ્યાસંગીતાને સલામ ! તેમના ઉમદા સ્વભાવના કારણે જ રાજ્ય શિક્ષક સંઘ, રાજ્ય આચાર્ય સંઘ વગેરેનું પ્રમુખપદ સર્વ સંમતિથી મેળવીને આ પદને ગરિમા આપી હતી. આવા મૂઠી ઊંચેરા માનવ, વિદ્યાપુરુષ અને કેળવણીપુરુષ સૌ કોઈ સંવેદનશીલ વ્યક્તિ માટે વંદનીય બની રહે છે. મારું/અમારું સર્વ વિદ્યાલય આચાર્યપ્રવર શ્રી મનુભાઈ સાહેબ જેવા આચાર્ય મેળવીને ધન્યતા અને ગૌરવની લાગણી અનુભવે છે. તેમણે પુરોગામી આચાર્યશ્રીઓની

ઋષિકુળ પરંપરાનો સુયોગ્ય નિર્વાહ કરીને સર્વ વિદ્યાલયને ભારે મોટું ગૌરવ બક્ષ્યું છે. તેમની નિવૃત્તિનાં પ્રાયઃ 28 વર્ષ બાદ પણ તેમના આચાર-વિચારની સોડમ આજે પણ અનુભવવા મળે છે. તેમની સાથેના શિક્ષકો/કર્મચારીઓને મળવાનું થાય ત્યારે માનભેર તેમનાં સંસ્મરણો વાગોળતાં ગર્વ અનુભવતા રહે છે. આવા મહિમાસંપન્ન આચાર્યશ્રી મેળવવા માટે ભારે શોધ-ખોળ કરીને તેમને આ શાળામાં લાવવા માટે આપણે સૌ આપણા સદ્ગત ચૅરમૅન શ્રી માણેકલાલ એમ. પટેલસાહેબના અને શીલભદ્ર આચાર્ય મોહનલાલ પટેલસાહેબના ઋણી છીએ.

પૂજ્ય સાહેબશ્રીએ વયોચિત સેવાનિવૃત્તિ બાદ પૂ. માણેકલાલ સાહેબ અને સમગ્ર મંડળની લાગણીને માન આપીને પ્રારંભમાં કૅમ્પસ ડાયરેક્ટર તરીકે સેવાઓ આપવાનું ચાલું રાખ્યું અને તે પણ કોઈ જાતના માનદવેતન સિવાય સેવાભાવનાથી પ્રેરાઈને નિવૃત્તિકાળને પ્રવૃત્તિશીલમાં પરિવર્તિત કરીને એક ઉમદા ઉદાહરણસ્વરૂપ બની રહ્યા અને આ પછી મંડળના મંત્રી, અને ત્યાર બાદ કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખશ્રી અને જુલાઈ, 2023થી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીનું પ્રમુખપદ સ્વીકારીને અમને સૌને ઉપકૃત કર્યા છે. નિવૃત્તિબાદ પુત્ર સાથે વિદેશમાં રહેવાના મોહનો ત્યાગ કરીને કર્મભૂમિ કડી અને વતન ચાણસ્માને સમર્પિતભાવે સેવાઓ આપી રહ્યા છે તે એક મિસાલ સમાન છે.

આપણે સૌ સર્વ વિદ્યાલયીઓ ઈશ્વરને પ્રાર્થના કરીએ કે આપણું સર્વ વિદ્યાલય સદાકાળ પૂ. આચાર્યશ્રી મનુભાઈ સાહેબ તેમજ તેમના પુરોગામી આચાર્યો સમાન પ્રતિભાઓથી સંપન્ન બની રહે. આ સાથે જ સાહેબશ્રીની સેવાઓ આ મંડળના પ્રમુખ તરીકે સુદીર્ઘકાળ સુધી મળતી રહે તેમજ તેઓશ્રી સુસ્વાસ્થ્ય સાથે શતાયુ બની રહે એ જ અભ્યર્થના.

●

---

*સુધારાનું પ્રથમ કેન્દ્ર શિક્ષક હોવો જોઈએ. એની સજ્જતામાં સુધારો કરવાને અગ્રીમતા આપવી જોઈએ. એના જ્ઞાનમાં જ નહિ, પણ એનાં કૌશલ્યોમાં અને એટલું જ અગત્યનું એની પ્રતિબદ્ધતા અને મોટિવેશનમાં પણ વધુ દૃઢતા લાવવી જોઈએ.*

***કુલીનચંદ્ર યાજ્ઞિક***

---

# શ્રદ્ધેય શ્રી મનુભાઈ સાહેબ

■ લેફ્ટનન્ટ કર્નલ હસમુખભાઈ એમ. પટેલ

આચાર્યપ્રવર શ્રી મનુભાઈ પટેલસાહેબનું નામ સાંભળતાં જ તેમનો સૌમ્ય અને પ્રેમાળ ચહેરો સામે આવી જાય. તેમનું વતન ચાણસ્મા. તેમનો જન્મ મકરસક્રાંતિ 14મી જાન્યુઆરી, 1937ના મહાપર્વના દિવસે થયેલો. તેઓશ્રી ભણવામાં ખૂબ હોશિયાર હતા. તેઓએ પ્રગતિના પંથે આગળ વધીને M.A, S.T.C., B.Ed. સુધી અભ્યાસ કરેલો અને S.T.C.ની પરીક્ષામાં મુંબઈ રાજ્યમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થયેલા.

શિક્ષક તરીકે શેઠ સી. જી. હાઈસ્કૂલ, પિલવાઈ (1958-1967)માં સેવાઓ આપ્યા બાદ આદર્શ વિદ્યાલય સિપોર, તા. વડનગરના આચાર્ય (1967થી 1985) તરીકે સેવાઓ આપી હતી. આ સમયગાળા દરમિયાન તેઓ શ્રી ઉમાશંકર જોશી, પન્નાલાલ પટેલ, સ્નેહરશ્મિ, બાબુભાઈ જશભાઈ પટેલ વગેરે જેવા મહાનુભાવોના સંપર્કમાં આવેલા. સિપોર ગામના વિકાસમાં તેમણે મોટો ફાળો આપેલ.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળનો આગ્રહ સ્વીકારીને 1985માં આચાર્ય તરીકે જોડાયા અને 1995માં નિવૃત્ત થયા. આ અરસામાં તેઓએ ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણબોર્ડ, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના સેનેટ સભ્ય (1989-'93) અને પૂર્વ વડાં પ્રધાન સ્વ. ઇન્દિરા ગાંધીના 20 મુદ્દા અમલીકરણ સમિતિમાં શિક્ષણના પ્રતિનિધિ તરીકે ત્રણ વર્ષ સુધી નોંધપાત્ર સેવાઓ આપી હતી.

તેમને ભારત સરકાર દ્વારા 1993માં શ્રેષ્ઠ શિક્ષક તરીકેના રાષ્ટ્રીય અવૉર્ડ તથા 15 ઑગસ્ટ, 2003ના રોજ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી દ્વારા 'તામ્રપત્ર'થી વિભૂષિત કરવામાં આવ્યા હતા.

તેમની સેવાઓને ધ્યાનમાં લઈને સર્વ વિદ્યાલય કેળવણી મંડળે કડીમાં સંચાલિત એમ. એડ્. કૉલેજનું નામાભિધાન 'આચાર્ય શ્રી મનુભાઈ જે. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન' કર્યું.

પોતાના વતન ચાણસ્મામાં ત્યાંના કેળવણી મંડળના મંત્રી તરીકે તેમજ મેડિકલ ઍન્ડ સોશ્યલ ડેવલપમેન્ટ ટ્રસ્ટના મંત્રી તરીકે સેવાઓ આપી હતી અને હજી પણ માર્ગદર્શન આપતા રહે છે.

સર્વ વિદ્યાલયસ, કડીના આચાર્ય તરીકે નિવૃત્ત થયા બાદ 'કૅમ્પસ ડાયરેક્ટર' સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડીના મંત્રી તરીકે 2009-2018થી 2019-2020 સુધી અને વર્ષ 2020-21થી ઑગસ્ટ, 2023 સુધી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના પ્રમુખ તરીકે અને 13 ઑગસ્ટ, 2023થી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડીના પ્રમુખ

તરીકે સેવાઓ આપી રહ્યા છે.

ચાણસ્માની સંસ્થાઓ જેવાં કે ચાણસ્મા કેળવણી મંડળ, કે. બી. જનરલ હૉસ્પિટલ, સદાવ્રતી સંસ્થા ટ્રસ્ટ વગેરેમાં ઉદાર હાથે ફાળો આપેલ છે. તદ્ઉપરાંત તેમના દ્વારા સ્થાપિત 'ચંચળબા જેકીશનદાસ મેમોરિયલ ટ્રસ્ટ' અને 'શાંતાબહેન શંભુપ્રસાદ પુરુષોત્તમદાસ ચૅરિટેબલ ટ્રસ્ટ'ના ઉપક્રમે સમાજસેવાનાં કાર્યો કરતા રહે છે.

તેમના પુત્ર શ્રી અરવિંદભાઈ કૅનેડામાં અને ભાઈ શ્રી મહેન્દ્રભાઈ અમેરિકામાં સ્થાઈ થયેલા છે.

પ્રભુ તેમને દીર્ઘાયુ બક્ષે અને સંસ્થા તેમજ સમાજને અવિરત માર્ગદર્શન આપતા રહે તે જ પ્રાર્થના.

●

---

*જ્ઞાનગંગાના વિસ્ફોટ અવતરણને ઝીલવા આપણે સૌએ સદાશિવ બનવું પડશે. અન્યથા જાણીતા વિચારક ઈવાન ઈવીચના વિચારો પ્રમાણે સમાજમાંથી શાળાઓ ઝડપથી ભૂંસાઈ જશે. આજના જર્જરિત ઢાંચામાં ચાલતી શૈક્ષણિક સંસ્થાઓનું ભવિષ્ય ઉજ્જ્વળ નથી અને તેથી જ આપણી શાળાઓમાં બાળકોની હાજરી પાંખી બનતી ગઈ છે. આપણી સમગ્ર શિક્ષણસાધનાને નિત્ય નૂતન બનાવવી પડશે. માહિતી/સ્મૃતિ અને પરીક્ષાઓના વિષચક્રને છેદીને આપણે શિક્ષણપ્રક્રિયાને આનંદયાત્રામાં પરિવર્તિત કરવા શ્રદ્ધાપૂર્વક પ્રયત્નો કરવા પડશે અને ત્યારે જ શિક્ષણનું દર્શન સુરેખ અને સ્પષ્ટ બની રહેશે.*

**આચાર્ય મનુભાઈ જે. પટેલ**

✳

*સાચો શિક્ષક વર્ગખંડની દીવાલોને ઓગાળી જગતને વર્ગમાં લઈ આવતો હોય છે. આપણી પરિસ્થિતિ તો કંઈક જુદી છે. શિક્ષક પોતાના અભ્યાસવિષયને પણ જો યોગ્ય ન્યાય આપતો ન હોય તો અભ્યાસક્રમની મર્યાદાઓને અતિક્રમવાનો કેવી રીતે?*

**દર્શક**

---

# સંવેદનશીલ કેળવણીપુરુષ

■ ડૉ. જયંતીભાઈ એમ. પટેલ

વિનમ્રતા સાથે જણાવું છું કે મૂઠી ઊંચેરા સંવેદનશીલ માનવી અને કેળવણીવિદ આચાર્યશ્રી મનુભાઈ પટેલસાહેબના વ્યક્તિત્વની ઓળખ કરાવવાનું મારું કોઈ ગજું નથી, પરંતુ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સન્માનનીય ચૅરમૅન શ્રી વલ્લભભાઈએ પરમ શ્રદ્ધેય આચાર્ય સાહેબના સન્માનમાં અભિવાદનગ્રંથ તૈયાર કરી તેમનું અભિવાદન કરવાનું મહિમાસંપન્ન કાર્ય હાથ ધર્યું છે ત્યારે આ યજ્ઞમાં આહુતિ આપવાની મારી ફરજ સમજીને સાહેબ સાથેનાં થોડાંક સંસ્મરણો રજૂ કરું છું.

મારા ત્રણ પુત્રો પૈકી બે પુત્રોઃ ચિ. સંતોષ અને રાજેશ-એ શ્રી મનુભાઈ સાહેબના કાર્યકાળ દરમિયાન સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કર્યો હતો. આ નાતે પ્રારંભમાં પરોક્ષ અને કાળક્રમાનુસાર પ્રત્યક્ષ પરિચય તેમની સાથે રહ્યો છે. મારા પુત્રો સાથે તેમના અભ્યાસ અને શાળાની પ્રવૃત્તિઓ વગેરે વિશે પ્રસંગોપાત્ત તેમને પૂછતો ત્યારે તેમણે મને જણાવ્યું હતું કે આચાર્ય સાહેબ શિસ્ત, નિયમપાલન અને સ્વચ્છતાના આગ્રહી છે, પરંતુ કઠોર નહીં. ખાસ તો સાહેબની અધ્યાપન રીતિ-નીતિ તેમને ખૂબ જ ગમી ગઈ હતી. તેઓ કહેતા કે અમે ધોરણ-10મા હતા ત્યારે તેમના પિરિયડનો સતત ઇંતેજાર કરતા. મૂળ પાઠની સાથે તેના લેખક, પાઠની મૂળકૃતિ અને લેખકની અન્ય કૃતિઓ વગેરે વિશે રસભર સમજણ આપતા. આ ઉપરાંત તેમણે તેમના આશ્રમવાસી સહપાઠીઓ પાસેથી સાંભળેલું કે સાંધ્યભોજન સમયનાં સાહેબનાં પ્રવચનોમાં જીવનઘડતરની વાતો જિંદગીનું સંભારણું બની રહે તેટલી સરસ હોય છે. અમે તો આ વાતો સાંભળીને ખરે જ મંત્રમુગ્ધ થઈ જઈએ છીએ. એક આચાર્યશ્રી અને ગૃહપતિની આથી મોટી કઈ ઓળખ હોઈ શકે ?

આ ઉપરાંત મારા પૂ. મોટાભાઈ ડૉ. રામભાઈ પટેલ મંડળમાં મંત્રી હોવાથી શાળાના કાર્યક્રમોમાં તેમની અચૂક હાજરી રહેતી, તેથી તેઓશ્રીના મુખેથી પણ શ્રી મનુભાઈ સાહેબના ઉમદા આચાર-વિચારની ઘણી વાતો સાંભળવા મળી હતી. તેઓશ્રી મને સર્વ વિદ્યાલયના કાર્યક્રમોમાં સાથે લઈ જતા. જેના પરિણામે મારે સાહેબ સાથે પ્રત્યક્ષ સંપર્ક વધવા લાગ્યો. સાહેબ સાથેની ચર્ચા-વિચારણાઓ કે તેમનાં પ્રાસંગિક ભાષણોમાં તેમની પ્રબુદ્ધ વૈચારિક ચેતનાનાં મને દર્શન થયાં છે. તેમના વિચારો મને સ્પર્શી જતા. તેમને સાંભળતો હોઉં ત્યારે અમારા આચાર્ય શ્રી મોહનલાલ પટેલ સાહેબનું સ્મરણ તાજું થાય. સાચા અર્થમાં આ બંને સાહેબો અને તેમના પુરોગામી આચાર્યો સર્વ શ્રી પોપટલાલ સાહેબ, બાપુભાઈ ગામીસાહેબ અને નાથાભાઈ દેસાઈસાહેબ આપણી પ્રાચીન ગુરુકુળ પરંપરાના ઋષિ સમાન આચાર્યો છે કે જેમનાં તપથી સર્વ વિદ્યાલય ગુજરાતની એક શ્રેષ્ઠશાળા તરીકે ઓળખ પામી શકી

છે. એક અન્ય ખાસિયત એ છે કે પોતે સાચી વાતના આગ્રહી બની રહે છે અને તે પણ સ્વસ્થતા સાથે પોતાના મંતવ્યથી કોઈને ખોટું લાગશે તે બાબત ધ્યાને લેતા નથી. જોકે તેમની વાત જ સત્ય આધારિત અને હૃદયસ્પર્શી હોય છે કે જેથી કોઈને ખોટું લાગવાનો પ્રશ્ન જ પેદા થયો નથી. તેમના હૈયામાં સદાય સમાજહિત અગ્રસ્થાને રહ્યું છે.

પૂ. શ્રી મનુભાઈ સાહેબને એક કેળવણીકારની સાથે જ સંતપ્રકૃતિના અદના માનવી તરીકે પણ અનુભવ્યા છે. તેમનામાં શિક્ષકત્વ, આચાર્યત્વ અને મૅનેજમૅન્ટ ગુરુનો સહજમાં સુભગ સમન્વય થયેલો જોવા મળે છે. સિપોરની શાળાને રાજ્યસ્તરે ગુંજતી કરવામાં તેમનો પુરુષાર્થ અભિનંદનીય અને અનુકરણીય રહ્યો છે. આવી જ સંસ્થાભક્તિ સર્વ વિદ્યાલય માટે રહી હતી. તેમનાં કાર્યનિષ્ઠા, સમર્પિતતા અને દૂરંદેશી વહીવટીય સામર્થ્યના કારણે જ શિક્ષક અને આચાર્ય સંઘોનું પ્રમુખપદ સોંપવામાં આવ્યું હતું, જે તેમણે દીપસ્તંભ સમાન દીપાવ્યું હતું.

કડી સર્વ વિશ્વ વિદ્યાલયના આચાર્ય તરીકે વયોચિત નિવૃત્તિ મેળવ્યા બાદ સદ્‌ગત પૂ. માણેકલાલ સાહેબના આગ્રહને માન આપી પ્રારંભમાં કૅમ્પસ ડાયરેક્ટર અને ત્યાર બાદ મંત્રી અને 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ' કડીનું પ્રમુખપદ પણ સંભાળ્યું અને હવે 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ', કડીનું પ્રમુખપદ શોભાવી રહ્યા છે. આ સાથે જ પોતાના વતન ચાણસ્મામાં શિક્ષણ, આરોગ્ય અને અન્ય ક્ષેત્રોમાં સેવાઓ આપી રહ્યા છે. આ સેવાઓ સાથે આ બધી સંસ્થાઓને આર્થિક સહયોગ પણ આપતા રહ્યા છે. ચાણસ્માના બહુઆયામી વિકાસમાં એક સારસ્વત વડીલ તરીકેની તેમની ભૂમિકા સરાહનીય બની રહી છે. તેમણે નિવૃત્તિબાદ બા-બાપુજીના નામે ટ્રસ્ટ બનાવીને તેમાંથી મળતી રૂપિયા એકાદ લાખ જેટલી વ્યાજની રકમ કેળવણી અને સમાજસેવા માટે વાપરતા રહે છે. આવી ઉમદા ત્યાગભાવના વંદનીય, અભિનંદનીય અને અનુકરણીય છે, જે ભાગ્યે જ અન્યત્ર જોવા મળશે.

આચારવાન આચાર્ય એવા શ્રી મનુભાઈ સાહેબ ગાંધીજીવનદર્શન, વિનોબાજી અને સ્વામી સચ્ચિદાનંદથી વિશેષ પ્રભાવિત છે. સર્વોદયી શ્રી બબલભાઈ, ડૉ. દ્વારકાદાસ જોષી અને ડૉ. વસંત પરીખ સાથેનો તેમનો ઘરોબો જગજાહેર છે. સાહેબશ્રી વાદવિવાદ નહીં, પરંતુ સંવાદના પુરસ્કર્તા રહ્યા છે. વર્ગ-4ના કર્મચારી સાથે પણ તેમનો વ્યવહાર પ્રેમભર્યો જોયો છે. તેમના સ્વભાવમાં ઉગ્રતા, હઠાગ્રહ કે સુપર પાવર જોવા મળેલ નથી. આ શબ્દો અહીં લખી રહ્યો છું ત્યારે મારા સદ્‌ગત પૂજ્ય મોટાભાઈ ડૉ. રામભાઈનું સ્મરણ તાજું થાય છે. તેઓશ્રી પણ સાધુચરિત હતા. મારા ભાઈ અને મનુભાઈ બંને સાચા વૈષ્ણવજન. તેમની વચ્ચે સુમધુર સંબંધો રહ્યા હતા. શ્રી મનુભાઈ સાહેબ મૂલ્યનિષ્ઠ શિક્ષણના હિમાયતી બની રહેવાની સાથે શિસ્ત, સાદગી, પ્રામાણિકતા અને નિરભિમાની ગૃહસ્થનાં એટલે કે હું તેમનામાં એક સંતનાં દર્શન કરું છું. તેમણે સાચા અર્થમાં ગીતા સંદેશ આચરણમાં મૂક્યો છે. મારાં ધર્મપત્ની શ્રીમતી ચંપાબેન પટેલના અવસાન સમયે તેમણે આપેલી સાંત્વના, હિંમત અને ખાસ તો મારા સ્વાસ્થ્યને ધ્યાને લઈ આપેલી શીખ આજે પણ મારા હૈયામાં તાજી જ છે. તેમની શીખમાં મને મારા પિતાનાં દર્શન થયાં હતાં. મેં મનોમન અનુભવ્યું હતું કે મારા પિતા સિવાય આવી સલાહ કોણ આપી શકે?

•

# વંદનીય ગૌરવપુરુષ

■ કિરીટભાઈ આર. પટેલ

આચાર્યવર પૂ. મનુભાઈ સાહેબનો હું પ્રત્યક્ષ વિદ્યાર્થી રહ્યો નથી, છતાં ગુરુવર્ય સમાન તેમનો સ્નેહભાવ મને મળતો રહ્યો છે, જેને મારું અહોભાગ્ય ગણું છું. જોકે તેમના સ્નેહભાજન થવાનું શ્રેય તો મુખ્યતઃ મારા સદ્ગત પૂ. પિતાશ્રી ડૉ. રામભાઈ સાહેબના શિરે જાય છે. મારા પિતાશ્રી સર્વ વિદ્યાલયના પૂર્વ વિદ્યાર્થી અને બાદમાં મંડળના મંત્રીશ્રી અને પ્રમુખશ્રી તરીકે તેમણે જીવનપર્યંત સેવાઓ આપી હતી. સર્વ વિદ્યાલય તેમના જીવનવ્યવહારનો એક ભાગ બની ગયું હતું. કોઈ ખાસ કામ હોય કે ન હોય, પરંતુ સર્વ વિદ્યાલયની નિયમિત મુલાકાત સદ્ગત ચૅરમૅન પૂ. માણેકલાલ સાહેબની સાથે અથવા એકલા પણ અચૂક લેતા રહ્યા હતા. તેઓશ્રી પાછલાં વર્ષોમાં બીમાર પડી જવા છતાં સર્વ વિદ્યાલય કૅમ્પસમાં લઈ જવાનો ખાસ આગ્રહ રાખતા. અમે અનુભવ્યું હતું કે તેઓશ્રી ત્યાં જાય ત્યારે તેમનો ઉત્સાહ અને લાગણી જાગી ઊઠતાં તેમની બીમારી ગાયબ થઈ જતી. કોઈ ભાગ્યે જ કળી શકે કે સાહેબ બીમાર છે. સર્વ વિદ્યાલય પ્રત્યે તેમનાં આસ્થા અને પ્રેમના કારણે વિવિધ શાળા/કૉલેજોના આચાર્યો-શિક્ષકો અને વહીવટીય કર્મચારીઓ, અરે સેવકો સુધ્ધાં સાથે આત્મીય સંબંધો ધરાવતા હતા. સૌના સુખદુ:ખની પૃચ્છા કરતા રહેતા હતા. અમે એ પણ અનુભવ્યું હતું કે આ સૌ સાથેના સંબંધો પૈકી પૂ. મનુભાઈ સાહેબના સંબંધોની મીઠાશ અને આદરભાવ કંઈક અલગ જ હતાં. તેમની વચ્ચેના સંબંધો ભારે ઉષ્માપૂર્ણ રહ્યા હતા. મારા પિતાશ્રી અવારનવાર મુ. મનુભાઈ સાહેબનાં સ્વભાવ, કાર્યનિષ્ઠા, માનવીય અભિગમ અને ખાસ તો શાળા સંચાલનની હથોટી વિશે અહોભાવપૂર્વક વાતો કરતા. પૂજ્ય માણેકલાલ સાહેબ પણ વાળુ કર્યા બાદ પ્રતિદિન અમારા ઘેર આવે ત્યારે તેમની વચ્ચેની વાતોમાં મનુભાઈ સાહેબના આચાર્યત્વનાં વખાણ કરતાં અમે સાંભળ્યાં છે. તેઓશ્રી પૂજ્ય મોહનભાઈ સાહેબના ઉત્તરાધિકારી આચાર્ય તરીકે પૂજ્ય મનુભાઈની નિમણૂકને ગૌરવપ્રદ ગણાવતા રહ્યા હતા.

મારા પિતાશ્રીએ પૂ. મનુભાઈ સાહેબની પ્રત્યક્ષ/પરોક્ષ રીતે કરાવેલી ઓળખાણ ઉપરાંત પ્રસંગોપાત્ત તેમને મળવાનું થતું રહ્યું છે, તેમજ મંડળમાં મંત્રીશ્રી તરીકે મારે જોડાવાનું થયું ત્યારે મંડળની મિટિંગોમાં પૂ. મનુભાઈ સાહેબનાં વ્યક્તિત્વ અને પ્રતિભાનાં દર્શન મને થયાં. મેં તેમનામાં એક સાચા કેળવણીકારનાં દર્શન કર્યાં છે. આચાર્ય એટલે શું? અને સર્વ વિદ્યાલય માટે કેવા આચાર્ય હોવા જોઈએ તેનું તાદૃશ ઉદાહરણ એટલે પૂ. મનુભાઈ સાહેબ. તેમની આચાર્ય તરીકેની કારકિર્દી દરમિયાન અને નિવૃત્તિ બાદ કૅમ્પસ ડાયરેક્ટર, મંડળના મંત્રીશ્રી અને 'કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ'ના

પ્રમુખશ્રી વગેરે હોદાઓ ઉપર રહીને તેમણે આપેલી સેવાઓ રોલમોડલ અનુભવી છે. ખાસ તો તેમની માનવીય સંવેદનશીલ પ્રકૃતિ, સ્પષ્ટ કથન, તટસ્થતા અને આ સાથે જ શિક્ષણના હિતમાં ઉચિત નિર્ણય લેવાનું સામર્થ્ય આવકાર્ય અને અનુકરણીય અનુભવ્યું છે. તેમનાં પ્રવચનોમાં પણ અભ્યાસપૂર્ણ વૈચારિક ચેતના જોવા મળી છે. મને અન્યો દ્વારા પણ સાંભળવા મળ્યું છે કે મુખ્ય ગૃહપતિ તરીકે સાંધ્યપ્રાર્થના સમયે વિદ્યાર્થીઓને જીવનઘડતરની જે વાતો કરતા હતા તે સાંભળીને વિદ્યાર્થીઓ ધન્યતા અનુભવતા. આ પ્રવચનોમાં તેમનું વ્યાપક વાંચન-ચિંતન સ્પષ્ટ દેખાઈ આવતું હતું. તેમનાં વક્તવ્યોમાં પ્રેરક ઘટનાઓની ગૂંથણી વિદ્યાર્થીઓને હૃદય સાંસરવી ઊતરી જાય તેવી રહેતી.

પૂ. મનુભાઈ સાહેબનો પીઢ કેળવણીકાર તરીકેનો પ્રત્યક્ષ લાભ મને અંગત રીતે પણ મળ્યો છે. તેમના અનુભવજન્ય જ્ઞાનનો લાભ મેળવી હું ખરે જ ધન્યતા અનુભવું છું. વાત એમ છે કે મારા પુત્ર ચિ. દીપનને અમે તેનું અંગ્રેજી સારું થાય તેવી ભાવનાથી અમદાવાદની લૉ સોસાયટીના બાલમંદિરમાં પ્રવેશ અપાવ્યો હતો. આ પ્રવેશ પણ અમે કોઈની ઓળખાણના આધારે મેળવ્યો હતો. આ શાળાની પસંદગી કરવાનું કારણ એક જ કે આ શાળાની શ્રેષ્ઠ શાળા તરીકે ગણના થતી હતી. આ બાલમંદિરમાં તેણે બે વર્ષ પસાર કર્યાં હતાં. આ સમયગાળામાં મારા પિતાશ્રી અને પૂ. મનુભાઈ સાહેબ અમદાવાદમાં મારા નિવાસસ્થાને અનાયાસ આવ્યા હતા. ચિ. દીપનના અભ્યાસ અંગે વાતચીત નીકળતાં તેમણે અમને સલાહ આપી કે બાળકને માતૃભાષામાં શિક્ષણ આપવામાં આવે તો તે ઝડપથી સમજી શકે છે અને શીખી પણ શકે છે. અંગ્રેજી ભાષાનું જ્ઞાન જરૂરી છે, પરંતુ બાળકના આ સ્ટેજે નહીં. તમે તેને ગુજરાતી માધ્યમમાં દાખલ કરો. તમને ખૂબ જ સરસ પરિણામ મળશે. અમે તેમની સલાહ મનોમન અવઢવ સાથે સ્વીકારી, પરંતુ તેમની સલાહ સો ટચના સોના જેવી પુરવાર થઈ. ચિ. દીપને ગુજરાતી માધ્યમમાં પ્રવેશ મેળવીને અભ્યાસમાં તેજસ્વી બની રહીને ઉચ્ચસિદ્ધિ તો હાંસલ કરી જ છે અને સાથે સાથે અંગ્રેજીમાં પણ કાબેલ થઈ ગયો છે. માતૃભાષાના માધ્યમમાં અભ્યાસ કરવાના કારણે તેની વિચારશક્તિ અને સમજણ પણ વધ્યાં છે. આ બાબત ઉપરાંત અમારી બેન પ્રવીણાનો લગ્નસંબંધ નક્કી કરવામાં પણ તેમની સલાહ અને માર્ગદર્શન ખૂબ જ ઉપયોગી પુરવાર થયાં છે. સારાં સગાં મેળવી અમે ગૌરવ અનુભવીએ છીએ. પૂ. સાહેબનું આ ઋણ અમે ક્યારેય વીસરી ન શકીએ. અમે બે ભાઈઓને (મારા નાનાભાઈ પ્રદીપભાઈ) અમારા ધંધા-વ્યવહારમાં પણ એક યા બીજી રીતે મદદરૂપ નીવડતા રહ્યા છે. કોઈ અડચણ સમયે તેમની સાથે ચર્ચા કરતાં તેમનું માર્ગદર્શન અમને હંમેશાં ઉપયોગી નીવડ્યું છે. મને આજે પણ યાદ છે કે કોઈ જમીનના પ્રશ્ન સંદર્ભે પોતાના અંગત સંબંધોને ખપમાં લાવીને ચાણસ્માના વતની અને ભાજપના અગ્રણી નેતા સ્વ. શ્રી પ્રહ્‌લાદભાઈ પટેલના સુપુત્ર શ્રી વિવેકભાઈને તેમણે રૂબરૂમાં મળીને અમારો જમીનનો પ્રશ્ન ઉકેલી આપ્યો હતો. આવાં કાર્યો સહજ રીતે અનાસક્તભાવે કરતા રહ્યા છે. આજે અમારા પિતાશ્રી હયાત નથી, પરંતુ અમારા કુટુંબ સાથેના સ્નેહભર્યા સંબંધો પૂર્વવત્ જળવાઈ રહ્યા છે. તેમનો પિતૃવત સ્નેહ અમને મળતો રહ્યો છે. તેમની સાથે અમારા સંબંધોને પૂર્વજન્મના ઋણાનુબંધ તરીકે સ્વીકારું છું.

પૂ. સાહેબ સાથેનાં સંસ્મરણો લખતાં મને સર્વ વિદ્યાલયમાં અભ્યાસ દરમિયાન વાંચવામાં આવેલ કવિ ન્હાનાલાલની સૂક્તિ યાદ આવી ગઈ:

*'શી-શી સંભારું ને શી-શી પૂજું પુણ્ય વિભૂતિઓ,*
*પુણ્યાત્માનાં ઊંડાણો તો આભ જેવાં અગાધ છે.'*

આવા લોકોત્તર પુરુષ – પુણ્યાત્મા એવા પૂ. મનુભાઈ સાહેબ – અમારા પરમ વંદનીય છે. ઈશ્વર તેમને સુસ્વાસ્થ્ય સાથે શતાયુ અર્પે તેવી પ્રાર્થના અને સર્વ વિદ્યાલયી તરીકે અક્ષર પુરુષોત્તમ શ્રીજી બાપાને પ્રાર્થના કરું છું કે સર્વ વિદ્યાલયને પૂ. મનુભાઈ સાહેબ જેવા કેળવણીવિદોથી સંપન્ન રાખે.

•

---

*આપણા ઉચ્ચ શિક્ષણની – બલકે તમામ શિક્ષણની મુશ્કેલી એ છે કે એનો જિવાતા જીવન સાથે મેળ નથી. બીજાં પ્રાણીઓની સંતતિ કરતાં માણસની સંતતિને લાંબા સમય સુધી તાલીમ લેવી પડે છે. વધુ ઉચ્ચતર સપાટીએ જીવવાની ટેક્નિકો અને કૌશલો હસ્તગત કરી શકે છે... તેમ છતાં સમાજના જીવનથી યુનિવર્સિટી શિક્ષણનો આજે જેટલો વિચ્છેદ છે તેટલો પૂર્વે ક્યારેય ન હતો.. યુનિવર્સિટીની ઉપાધિઓ પ્રવેશ-પરવાના વિનાના પ્રવાસ પરવાના છે.*

**ઉમાશંકર જોશી**

*

*આજનું શિક્ષણ માણસને અન્યથી આગળ નીકળતાં શીખવે છે. પ્રત્યેક માણસ પોતે કંઈક થવાની કોશિશમાં નથી, કંઈક અન્ય થવાના પ્રયત્નમાં છે, બીજાથી આગળ નીકળવાની ચેષ્ટામાં લીન છે, આજનું શિક્ષણ વિદ્યાર્થીઓને સૂચવે છે કે તમે ગાંધી બનો, બુદ્ધ બનો, મહાવીર બનો. કોઈ શિક્ષણ એમ શીખવતું નથી કે તમે સ્વયં બનતાં શીખો. ગાંધી, બુદ્ધ, મહાવીર બનાવની જરૂર પણ શી ? જે માણસ સ્વયં થવાની ક્ષમતા પ્રાપ્ત કરતો નથી અને કંઈક બીજા થવાની દોડમાં લાગી જાય છે તેના જીવનમાં દુ:ખ અને પીડા જ રહે છે.*

**આચાર્ય રજનીશજી**

---

# ઋષિકુળ પરંપરાના આચાર્ય

■ મણિભાઈ પ્રજાપતિ

શ્રી મનુભાઈ પટેલ એટલે હાડે શિક્ષકનો જીવ, મૂલ્યનિષ્ઠ, વિદ્યાવ્યાસંગી શિક્ષક / આચાર્ય અને ભક્તકવિ નરસિંહને અભિપ્રેત એવા વૈષ્ણવજન. શિસ્ત અને નિયમપાલનના ચુસ્ત આગ્રહી છતાં પ્રસન્ન મુદ્રામાં જોવા મળે. વહીવટીય કોઠાસૂઝ પણ ભારે, જેથી પોતાની શાળાના સંચાલન ઉપરાંત જિલ્લા અને રાજ્ય સ્તરે તેમની સેવાઓ વિસ્તરતી રહેલી જોવા મળી છે. તેમના ઉપર ગાંધીજીવનદર્શનનો પ્રભાવ ઘણો મોટો રહ્યો છે, જે તેમનાં વાણી અને વર્તનમાં સ્પષ્ટ પરિલક્ષિત થાય છે. તેઓશ્રી આર્ષગ્રંથ ભગવદ્ગીતાના કર્મયોગને આત્મસાત કરીને કર્તવ્યપાલન કરતા રહે છે. પોતાના સેવાકાળ દરમિયાન અને ત્યાર બાદ પણ શિક્ષક – આચાર્ય તરીકેની મૂળભૂત ફરજો ઉપરાંત તેમણે લોકહિતના પ્રહરી તરીકે સામાજિક ઉત્તરદાયિત્વ પણ પૂર્ણ સભાનતા સાથે નિભાવ્યું છે. 'સર્વનો સાથ, સમન્વય અને સંકલન' એ એમનો જીવનમંત્ર રહ્યો છે, જે તેમના જીવનની આગવી વિશેષતા બની ને મહોરી ઊઠી છે અને તેથી જ 'પદ્મપુરાણ'ની સુપ્રસિદ્ધ સૂક્તિ **'कुलं पवित्रं, जननी कृतार्था, वसुंधरा च पुण्यवती येन'** ના હાર્દને ખરા અર્થમાં ચરિતાર્થ કરતું વ્યક્તિત્વ એટલે આચાર્યપ્રવર શ્રી મનુભાઈ જે. પટેલ સાહેબ એમ લોકમુખે કહેવાઈ રહ્યું છે. તેમણે સ્વધર્મ-શિક્ષક/આચાર્યધર્મનું વિદ્યાકીય પુરુષાર્થ અને કર્તવ્યનિષ્ઠાથી અણીશુદ્ધ પાલન કરીને શિક્ષક/આચાર્ય એટલે શું? અથવા શિક્ષક/આચાર્ય કેવો હોવો જોઈએ? સમાજજીવનમાં તેની કેવી ભૂમિકા હોવી જોઈએ? તે સિદ્ધ કરી આપીને તેનું સ્વયં એક પ્રોજ્જ્વલિત ઉદાહરણસ્વરૂપ બની રહ્યા છે.

એક આચારવાન આચાર્ય શિક્ષક તરીકેની સેવાઓને ધ્યાને લઈ તેમને ભારત સરકાર દ્વારા 1993માં *શ્રેષ્ઠ શિક્ષક* તરીકેના રાષ્ટ્રીય ઍવૉર્ડથી, તેમજ પાટણ જિલ્લાના *યશસ્વી કેળવણીકાર* તરીકે 15 ઑગસ્ટ, 2003ના રોજ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા તામ્રપત્રથી વિભૂષિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત તેઓશ્રી સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરના *'બેસ્ટ ટીચર ઍવૉર્ડ'*થી પણ અલંકૃત છે. આ બધા ઍવૉર્ડ / પારિતોષિકો પૈકી સર્વોચ્ચ એ ઍવૉર્ડ છે કે સર્વ વિદ્યાલય કેળવણી મંડળે તેમની ઋષિકુળ પરંપરાના આચાર્ય સમ સેવાઓને ધ્યાને લઈ મંડળ દ્વારા કડીમાં સ્થાપિત એમ.એડ્. કૉલેજનું નામાભિધાન *'આચાર્યશ્રી મનુભાઈ જે. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન'* કર્યું. આ મંડળ અને તેની સાથે આચાર્યશ્રી મનુભાઈના વ્યક્તિત્વની પરિચાયક એવી આ એક અસાધારણ ઘટના છે.

શ્રી મનુભાઈ પટેલ (M.A., S.T.C., B.Ed.)નું વતન: ચાણસ્મા, જિલ્લો-પાટણ. તેમનો

જન્મ વતન ચાણસ્મામાં સંસ્કારસંપન્ન પ્રતિષ્ઠિત ગોદડદાસ કસળજી પટેલ પરિવારમાં તા. 14 જાન્યુઆરી 1937ના રોજ થયો હતો. આ કુટુંબના મોટા ભાગના સભ્યો અમેરિકા/કૅનેડા નિવાસી છે. સેવાપરાયણતા, દાનશીલતા અને રાષ્ટ્રભક્તિ આ પરિવારની સાહજિક પ્રકૃતિ છે. શ્રી મનુભાઈના મોટા બાપુજી પુરુષોત્તમદાસના સુપુત્ર એટલે કે તેમના પિતરાઈ ભાઈ શ્રી મણિભાઈ પટેલે (1922) વડોદરા કલાભવનમાં અભ્યાસ દરમિયાન 1942ની ક્રાંતિમાં ભાગ લેતાં અડાસ રેલવે સ્ટેશને થયેલ ગોળીબારમાં શહીદી વહોરી હતી. આ શહીદવીરની અર્ધપ્રતિમા અડાસ રેલવે સ્ટેશને તેમજ ચાણસ્મામાં સ્થાપિત કરવામાં આવી છે. શ્રી મનુભાઈ પ્રારંભથી જ પ્રતિભાશાળી વિદ્યાર્થી તરીકેની ખ્યાતિ ધરાવતા હતા. તેમની તેજસ્વી પ્રતિભાનું ઉદાહરણ એ કે તેમણે *S.T.C.*ની પરીક્ષા સમગ્ર બૃહદ *મુંબઈ રાજ્યમાં પ્રથમ ક્રમે* અને *બી.એડ્*.ની પરીક્ષા સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભવિદ્યાનગરમાંથી **દ્વિતીય** ક્રમે ઉત્તીર્ણ કરી હતી.

તેમણે શેઠ જી. સી. હાઈસ્કૂલ, પિલવાઈમાં શિક્ષક તરીકે 1958થી 1967 સુધી સેવાઓ આપ્યા બાદ આદર્શ વિદ્યાલય, સિપોર, તા. વડનગરમાં 1967થી 1985 સુધી સતત 18 વર્ષ ઋષિકુળના આચાર્ય સમ યશસ્વી સેવાઓ આપી હતી. સિપોરની શાળાને તેમણે એક મૂલ્યનિષ્ઠ શિક્ષણધામ તરીકે વિકસાવી હતી. પરિણામસ્વરૂપે આ શાળા રાજ્યમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી શકી હતી. ખાસ નોંધપાત્ર બાબત એ છે કે તેમણે પોતાની સેવાઓ શાળા-પરિસર સુધી મર્યાદિત ન રાખતાં રાજકીય પ્રવાહોમાં તણાયા સિવાય સિપોરના સર્વાંગી વિકાસમાં ઘણો મોટો ફાળો આપ્યો હતો. ખરા અર્થમાં તેમણે આચાર્યધર્મનું પાલન કર્યું હતું. આ સેવાઓ દરમિયાન તેઓશ્રી એક અદના શિક્ષક – આચાર્ય અને કેળવણીકાર તરીકે ખ્યાતિ પામ્યા હતા. પોતાના કાર્યકાળ દરમિયાન ઉમાશંકર જોશી, યશવંત શુક્લ, સુંદરમ્, પન્નાલાલ પટેલ, સ્નેહરશ્મિ, પી. સી. વૈદ્ય, પુરુષોત્તમ માવલંકર, બબલદાસ મહેતા, બાબુભાઈ જશભાઈ પટેલ, ડૉ. દ્વારકાદાસ જોશી, ડૉ. વસંત પરીખ વગેરે પ્રતિભાપુરુષોને સિપોરની શાળામાં પ્રસંગોપાત્ત સાદર નિમંત્રિત કરીને જ્ઞાનસત્રોનું આયોજન કરતા રહ્યા હતા. આ સૌએ શાળાનું ભાવાવરણ અનુભવીને વ્યક્ત કરેલા હૃદયોદ્‌ગારોમાં શાળા, શાળા પરિવાર અને આચાર્યની સિદ્ધિઓનો રણકાર સાંભળવા મળે છે. આ પૈકી ઉદાહરણ તરીકે ગૂર્જર-ભારતીય સાહિત્યના મૂર્ધન્ય કવિ અને સારસ્વત ઉમાશંકર જોશીએ તા. 15/2/1972ના રોજ સિપોર શાળાની મુલાકાત લેતાં નોંધેલ શબ્દોઃ *"સિપોર આદર્શ વિદ્યાલયના વાર્ષિક ઉત્સવમાં શ્રી સ્નેહરશ્મિ, શ્રી યશવંતભાઈ શુક્લ અને ડૉ. રમણલાલ જોશીના સંગાથમાં ભાગ લેતાં બહુ આનંદ થયો. સ્થળ, વાતાવરણ, ગામના મુરબ્બીઓની સદ્‌ભાવના, બાળકોની શિસ્ત, બધું પ્રસન્નતા ઉપજાવે એવું હતું. આચાર્યશ્રી મનુભાઈ ઉત્તમ વાતાવરણ સર્જી શક્યા છે. શાળા ઉત્તરોત્તર વિકાસ કરે એ જ અભ્યર્થના"* આચાર્યપ્રતિભાને ઓળખવા પર્યાપ્ત બની રહે છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના ભાવભર્યા આગ્રહને સ્વીકારીને 'સર્વ વિદ્યાલયમાં 1985માં આચાર્ય તરીકે જોડાયા અને 1995માં વયમર્યાદાના કારણે અહીંથી સેવાનિવૃત્ત થયા હતા. તેમના સેવાકાળ દરમિયાન 1989માં સવાયા પ્રબુદ્ધ ગુજરાતી ફાધર વાલેસે સર્વ વિદ્યાલયની મુલાકાત કરતાં નોંધેલ શબ્દો શાળા અને આચાર્યને ગૌરવાન્વિત કરે

છે: *"લગભગ વીસ વર્ષ પછી ફરીથી આ સંસ્થાની મુલાકાત લેતાં ત્યારનાં સ્મરણો અને આજના ભાવો મારા દિલમાં ઊઠ્યાં. સંસ્કારો, ભણતર અને આદર્શનો મંગળ સુમેળ છે. એની શુભ અસર સૌના મન ઉપર પડે એ સ્પષ્ટ વર્તાય છે. આચાર્યશ્રી મનુભાઈ ભાવનાશીલ આદર્શ આચાર્ય છે. આજના યુવાનો એક નવી ને પડકાર ભરેલી દુનિયામાં જવાના છે. એ માટે ઉત્તમ તૈયારીને પ્રેરણા એમને અહીં મળતાં રહો."*

આચાર્યત્વના કાર્યકાળ દરમિયાન અને નિવૃત્તિબાદ અદ્યાપિપર્યંત તેઓશ્રી સર્વ વિદ્યાલયને પૂર્ણતઃ સમર્પિત બની રહ્યા છે. શાળા સંચાલનમાં તેમનાં કોઠાસૂઝ, માનવીય વ્યવહાર, વહીવટીય સામર્થ્યના કારણે શાળા-પરિવાર અને સંચાલક મંડળનો વિશેષ પ્રેમ માન-સન્માન મેળવી શક્યા, જે આજે પણ અકબંધ જળવાઈ રહ્યો છે. તેમના નેતૃત્વ હેઠળ શાળા ઉત્તરોત્તર સવાઈ પ્રગતિ સાધી શકી હતી. ખાસ નોંધપાત્ર બાબત એ છે કે તેમણે પોતીકી કાર્યનિષ્ઠા અને ઓજસ્વી પ્રતિભા થકી સર્વ વિદ્યાલયના ઋષિકુળ પરંપરાના તેમના 4 પુરોગામી આચાર્યોની પરંપરાના પાંચમા આચાર્ય તરીકેના માન-સન્માનના અધિકારી બની રહ્યા છે. આચાર્યપ્રવર શ્રી મનુભાઈ સાહેબની કાર્યપ્રણાલી અને પ્રતિભાની નોંધ લેતાં તેમના પુરોગામી સારસ્વત આચાર્ય શ્રી મોહનલાલ પટેલ સાહેબના શબ્દોઃ *'સંસ્થાને સમયે-સમયે ભેખધારી કાર્યકરો મળતા રહ્યા છે. એમાંના એક શ્રી મનુભાઈ જે. પટેલ (ચાણસ્મા) છે. તેમની એમની શક્તિપરીક્ષા તો એ સિપોરની માધ્યમિક શાળાના આચાર્ય હતા ત્યારથી થઈ ચૂકી હતી. એટલે ઈ.સ. 1984માં સર્વ વિદ્યાલયના આચાર્ય નિવૃત્ત થતાં, સિપોરના કેળવણી મંડળને સર્વ વિદ્યાલયના હિત ખાતર વિનવીને મનુભાઈની સેવાઓ મેળવી.... શ્રી મનુભાઈ પાસે કેળવણીકારની દૃષ્ટિ છે. એમની વિચારસરણી સ્વસ્થ છે. ચિંતન સાહિત્યના ચાહક છે. વહીવટ માટેનો ઉત્તમ વિવેક એમની પાસે છે. સંતુલિત સભાસંચાલન એમનો આગવો વિશેષ છે. એજન્ડા પરની સર્વ આઇટમો અંગેની ઝીણામાં ઝીણી વિગતોથી એ એટલા બધા વાકેફ હોય છે કે સભાનું કાર્ય કશા અવરોધ વગર, વેગીલું અને પ્રમુખશ્રીને યશ આપનારું બની રહે છે. આ કાર્ય કૌશલયુક્ત કલા છે એ કોઈ શ્રી મનુભાઈ પાસેથી જાણી શકે'* મનુભાઈને ઓળખવા માટે પર્યાપ્ત બની રહે છે.

આચાર્યશ્રીની જવાબદારી ઉપરાંત તેમણે પોતાની શિક્ષક અને આચાર્યની કારકિર્દી દરમિયાન મહેસાણા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ, મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા-સંઘના પ્રમુખ તથા મંત્રી, મહેસાણા જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ તથા મંત્રી, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ અને મહેસાણા જિલ્લાના માધ્યમિક શિક્ષણના વિવિધ સંઘોની સંકલન સમિતિના પ્રમુખ (1976-1995) તરીકે ભારે નિષ્ઠા અને ખંતપૂર્વક સેવાઓ આપીને શિક્ષણના હિતોની જાળવણી સાથે વ્યવસાયિક સંગઠનોને ન્યાય અપાવવા માટે પૂરું પાડેલ નેતૃત્વ ઉદાહરણસ્વરૂપ બની રહ્યું છે. આ ઉપરાંત ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણબોર્ડ, ગાંધીનગરમાં શૈક્ષણિક સમિતિના સભ્ય તરીકે 10 વર્ષ સભ્ય તથા બોર્ડની કારોબારી સમિતિના સભ્ય (1981-1989), હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના સેનેટ સભ્ય (1989-1993), પૂર્વ વડાપ્રધાન સ્વ. ઇન્દિરા ગાંધીના 20 મુદ્દા અમલીકરણ સમિતિમાં શિક્ષણના પ્રતિનિધિ તરીકે ત્રણ વર્ષ સુધી નોંધપાત્ર સેવાઓ આપી હતી.

પોતાની વ્યવસાયિક ફરજોનું પ્રપત્તિભાવપૂર્વક પાલન કરવા ઉપરાંત કેટલાંક પુસ્તકોનું

લેખન / સંપાદન અન્યોના સહયોગમાં કર્યું છે. આ પૈકી 1. ગુજરાતી – હિન્દી વ્યાકરણઃ એસ.એસ.સી.ઈ. બોર્ડ, ગુજરાત રાજ્યના અભ્યાસક્રમ મુજબ (સન 1963-64-65 માટે / સહ સંપા. અંબાલાલ ન. પટેલ. 2. માધ્યમિક શાળાનું આયોજન, સંચાલન અને વહીવટ (1987)નું લેખન-પ્રકાશન મોડાસાની કૉલેજ ઑફ એજ્યુકેશનના પ્રા. એન. ડી. શેલતના સહયોગમાં કરવામાં આવ્યું છે. આ બંને લેખકો પ્રસ્તુત વિષય ક્ષેત્રના પરિપકવ અનુભવી રહ્યા હોવાથી તેના સૈદ્ધાંતિક પાસાં ઉપરાંત સવિશેષતઃ વ્યવહારિક પાસાં ઉપર આ પુસ્તક વિશેષ ભાર મૂકતું હોવાથી માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળાઓના સંચાલન ઉપરાંત બી.એડ્.ના તાલીમાર્થીઓ માટે ઉપયોગી બની રહે તેટલું સત્ત્વશીલ છે. શાળા-સંચાલન સંબંધી આવશ્યક તમામ બાબતોને 15 પ્રકરણોમાં આવરી લેતું અને જરૂરી પત્રકો, રજિસ્ટર વગેરેના નમૂના પૂરા પાડતું આ પુસ્તક આ વિષયક્ષેત્રની એક હાથપોથી સમાન છે. આ ઉપરાંત ‘ચટોપાધ્યાય કમિશનની ભલામણોનો ભાવાનુવાદ’ (1989) અને ‘ભારત સરકારે મંજૂર કરેલ નવી શિક્ષણનીતિના દસ્તાવેજ’નો ભાવાનુવાદ, કર્યો છે, જેનું પ્રકાશન મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘ, કડી દ્વારા કરવામાં આવ્યું છે. વધુમાં, ‘શિક્ષણઃ આજ અને આવતીકાલ’, શિક્ષણઃ એક દર્શન (1984), ‘નવી શિક્ષણનીતિ અને આચાર્યશ્રી રામમૂર્તિ સમિતિની ભલામણો’, ‘શહીદવીર મણિભાઈ પુરુષોત્તમદાસ પટેલ’ વગેરે 30 થી અધિક અધ્યયનપૂત લેખોનું તથા શિક્ષણ વિષયક 8 પુસ્તકો, જેમ કે જે કૃષ્ણમૂર્તિકૃત ‘શિક્ષણસંવાદ, બર્ટ્રાન્ડ રસેલકૃત ‘કેળવણી વિચાર’, ઉમાશંકર જોશીકૃત ‘કેળવણીનો કીમિયો’ સ્વામી સચ્ચિદાનંદકૃત ‘આપણે અને સમાજ’ વગેરે પુસ્તકોનું રસાસ્વાદન કરતી સમીક્ષાઓ પણ આપી છે. ગુજરાત રાજ્ય આચાર્ય સંઘનું મુખપત્ર ‘સારસ્વત’નું 10 વર્ષ સુધી તંત્રીપદ સંભાળીને તેના તંત્રીલેખોમાં તેમના વિશદ્ વાંચન – ચિંતનની સહજમાં પ્રતીતિ થવાની સાથે કેળવણીકારનાં દર્શન થાય છે. નિવૃત્તિ બાદ ‘પ્રતિભા વંદના-1’ (1998) અને ‘પ્રતિભા વંદના-2’ (2018)નું સંપાદન શ્રી ચંદુભાઈ હી. પટેલના સહયોગમાં કર્યું છે. આ બંને ભાગોમાં ચાણસ્માના (21 + 43) 64 પ્રતિભા પુરુષોનાં ચરિત્રો સંકલિત છે. ગાગરમાં સાગર સમાન અભિવ્યક્તિ અને કલાત્મક પ્રસ્તુતિ શ્લાઘનીય બની રહે છે. તેમના લેખો ક્વચિત્ ‘ઉમિયા જ્યોત’ (સંપા. પ્રો. ભગીરથ પટેલ)માં પ્રકાશિત થતા રહે છે. આ ઉપરાંત સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા 2023થી શરૂ કરવામાં આવેલ ‘ગૃહપતિ પાથેય’ (સંપા. કુમાર પંડ્યા) પત્રિકામાં ગૃહપતિ તરીકેના અનુભવોના આધારે ગૃહપતિઓ માટે ચિંતનનું સંતર્પક ભાથું પીરસતા રહે છે.

સર્વ વિદ્યાલય, કડીના આચાર્ય તરીકે નિવૃત્ત થયા બાદ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રેમાગ્રહને વશ થઈ પ્રારંભમાં ‘કૅમ્પસ ડાયરેક્ટર’ અને બાદમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના મંત્રી તરીકે વર્ષ 2000-2001થી 2019-20 સુધી અને વર્ષ 2020-2021થી ઑગસ્ટ, 2023 સુધી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના પ્રમુખ તરીકે અને 13 ઑગસ્ટ, 2023થી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ તરીકે સેવાઓ આપી રહ્યા છે. મંડળ દ્વારા પ્રતિવર્ષ આયોજિત કરવામાં આવતી સાધારણ અને કારોબારી સભાઓનું તેમણે કરેલું સંચાલન શૈક્ષણિક સંસ્થાઓની સભાઓના સંચાલન માટે શ્રેષ્ઠ નમૂના સ્વરૂપ બની રહે તેવું અનુભવ્યું છે. પ્રસંગોપાત્તનાં તેમનાં

ઉદ્બોધનમાં પણ એક નીવડેલ શિક્ષણવિદ્‌ની કોઠાસૂઝ અને પ્રજ્ઞાનાં દર્શન થાય છે. જેમાં પ્રશિષ્ટગ્રંથોના વાચન અને અનુભવોની સોડમ સહજમાં અનુભવાય છે. આ ઉદ્બોધનોની સરળ ભાષાભિવ્યક્તિ અને અસંદિગ્ધ કથ્ય ધ્યાનાર્હ બની રહે છે.

આચાર્યશ્રીપદેથી નિવૃત્ત થયા બાદ વતન ચાણસ્મામાં સ્થાયી થઈ ચાણસ્મા કેળવણી મંડળના મંત્રી તથા મેડિકલ ઍન્ડ સોશ્યલ ડેવલપમૅન્ટ ટ્રસ્ટ, ચાણસ્માના મંત્રી તરીકે પણ યશસ્વી સેવાઓ આપી. તેમના બહુમૂલ્ય અને દષ્ટિવંત પ્રદાનથી ચાણસ્મામાં શિક્ષણ અને આરોગ્ય વિષયક સેવાઓ વધુ સુદઢ અને અર્થપૂર્ણ બનવા પામી છે. અત્રે ખાસ ઉલ્લખ કરવો રહ્યો કે ચાણસ્માની વિવિધ શૈક્ષણિક – સામાજિક સંસ્થાઓના એક યા બીજા હોદ્દા ઉપર પ્રાયઃ દોઢ દસક સુધી સક્રિયપણે કાર્યરત રહી પોતાની 75 વર્ષની વય સુધી જોડાઈ રહ્યા બાદ આ બધી સંસ્થાઓના હોદ્દાઓનો સ્વેચ્છાએ ત્યાગ કરીને તેના વિકાસ માટે માર્ગદર્શન આપતા રહે છે. અલબત્ત, અપવાદ તરીકે સર્વ વિદ્યાલયના કર્ણધારોના આગ્રહના કારણે પ્રારંભમાં ‘કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ’ના પ્રમુખનો અને બાદમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ તરીકેના હોદ્દા ઉપર રહીને સેવાઓ આપવાનું સ્વીકાર્યું છે.

ડૉ. દ્વારકાદાસ જોષી અને ડૉ. વસંત પરીખ જેવા અગ્રણી સર્વોદય કાર્યકરો તેમના પ્રેરણાસ્રોત રહ્યા છે. પરિણામસ્વરૂપે તેઓશ્રી સ્વયં સર્વોદયના આદર્શોનું મૂર્તિમંત સ્વરૂપ બની રહ્યા છે. અર્થાત્ સર્વોદયના આદર્શોને વિશુદ્ધ આચરણ થકી ચરિતાર્થ કરી રહ્યા છે. તેમની આ ઉદાત્તભાવના અને વ્યક્તિત્વને ઉજાગર કરતી બાબત એ કે પોતાના દ્વારા સ્થાપિત/સંચાલિત ‘ચંચળબા જેકીશનદાસ મેમોરિયલ ટ્રસ્ટ’ અને ‘શાંતાબહેન શંભુપ્રસાદ પુરુષોત્તમદાસ ચૅરિટેબલ ટ્રસ્ટ’ અને પોતાના વતન ચાણસ્માની અન્ય સંસ્થાઓના સહયોગમાં ચાણસ્માના 21 + 43 પ્રતિભાપુરુષોની વંદના કરવાનું કાર્ય (1998-2018) એ તેમની અનુકરણીય, શ્લાઘનીય અને દૂરંદેશિતાપૂર્ણ દષ્ટિ તેમજ પોતાના વતન ચાણસ્માનું હિત તેમના હૈયે કેટલું અગાધ છે તેનું દ્યોતક બની રહે છે. આ બધી વિવિધક્ષેત્રોની પ્રતિભાઓની સૌના સહકારથી સંપન્ન કરેલ પસંદગી, જીવનચરિત્રોનું લેખન / સંપાદન, પ્રકાશન અને સમારોહના ગૌરવપૂર્ણ આયોજનમાં તેમનાં તપઃપૂત પુરુષાર્થ અને પ્રેરણા આપણાં વંદનનાં અધિકારી બની રહે છે. પ્રકાશાન્તરે તો આ ગ્રંથો ચાણસ્માના સાંસ્કૃતિક, સામાજિક, આર્થિક અને શૈક્ષણિક ઇતિહાસના પર્યાય બની રહે છે. આ સાથે જ ખાસ ઉલ્લેખ કરવો રહ્યો કે સમગ્ર ગામના ઉપક્રમે હાથ ધરેલ ‘પ્રતિભા વંદના’ માટે પોતે આ સન્માન મેળવવા માટે આગલી હરોળના હક્કદાર હોવા છતાં પોતાની જાતને આ સન્માનથી દૂર રાખી. અહીં તેમણે **‘त्येन त्यक्तेन भूंजीथा’** (ઈશાવાસ્ય ઉપનિષદ્ -1) અર્થાત્ ‘ત્યાગીને ભોગવી જાણ’ને આત્મસાત્ કરીને વાસ્તવમાં તેનું પાલન કરી બતાવ્યું તેની સહજમાં પ્રતીતિ થાય છે. વધુમાં, નોંધવું રહ્યું કે વિવિધ સમાજસેવી સંસ્થાઓને સમર્પિત બની રહી સમય આપવા ઉપરાંત ઉદારચેતા હૃદયે સમયે-સમયે આર્થિક સહયોગ પણ આપતા રહ્યા છે. તેમણે ચાણસ્મા કેળવણી મંડળ, કે. બી. જનરલ હૉસ્પિટલ, ચાણસ્મા, પટેલ લા. લ. સદાવ્રતી ટ્રસ્ટ, ચાણસ્મા, રામજીમંદિર શતાબ્દી મહોત્સવ, ચાણસ્મા, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વગેરે સંસ્થાઓને દાન આપેલ છે. આ ઉપરાંત પોતાના

દ્વારા સ્થાપિત / સંચાલિત બે ટ્રસ્ટોમાં પ્રતિ વર્ષ એક લાખ રૂપિયા વ્યાજ મળે તેટલી રકમ બૅંકમાં સ્થાયી ભંડોળ તરીકે જમા કરાવેલ છે. વ્યાજ પેટેની આવક આરોગ્ય અને શિક્ષણ માટે વાપરવામાં આવે છે. તેમની આ બધી ગુણરાશિના કારણે જ સ્વામી સચ્ચિદાનંદે કહ્યું હતું કે *'મનુભાઈ બનવા માટે સતત તલવારની ધાર ઉપર ચાલવું પડે.'* શ્રી મનુભાઈના વ્યક્તિત્વને ઉજાગર કરી આપતું ઋષિપુરુષનું આ વિધાન આપણને ઘણીબધી શીખ આપે છે.

તેમનાં પત્ની સ્વ. પુષ્પાબહેન પણ પતિના આદર્શોને ચરિતાર્થ કરવામાં ખરા અર્થમાં સહધર્મચારિણી બની રહ્યાં હતાં. કૅન્સરની બીમારીના કારણે તેઓશ્રી વર્ષ 2003માં સદ્‌ગત થયાં હતાં. તેમના પુત્ર શ્રી અરવિંદભાઈ (બી. ઈ. ગોલ્ડમેડલિસ્ટ, એમ. એસ. યુનિવર્સિટી) છેલ્લાં 20 વર્ષથી કૅનેડામાં સ્થાયી થયેલા છે અને ભાઈ મહેન્દ્રભાઈ બૅંક ઑફ બરોડા, પાટણ શાખામાંથી મૅનેજરપદેથી સ્વૈચ્છિક નિવૃત્તિ મેળવીને છેલ્લાં 12 વર્ષથી અમેરિકામાં સ્થાયી થયેલા છે. સન્માનનીય શ્રી મનુભાઈ સાહેબ હાલમાં, વતન ચાણસ્મામાં નિવાસ કરીને **'स्वान्तः सुखाय तुलसी रघुनाथगाथा'**ની ભાવના સાથે સમાજસેવાનાં કાર્યોમાં વ્યસ્ત રહે છે.

આચાર્યપ્રવર શ્રી મનુભાઈ સાહેબ વિશે તેમના શ્રીમુખેથી જ વિશેષ જાણવાની જિજ્ઞાસાવશ તેમની સાથે સાક્ષાત્કાર ગોઠવવાનું વિચાર્યું, પરંતુ તેઓશ્રી પોતાની અનુકૂળતા મુજબ મોકળાશથી મનની વાત કહી શકે તે હેતુસર કેટલાક પ્રશ્નો તેમને મોકલી આપવામાં આવ્યા હતા. તેમણે નિખાલસતા સાથે પાઠવેલ પ્રત્યુત્તરોમાં સ્પષ્ટ પ્રતીત થયું કે તેઓશ્રી 'શિક્ષણ દ્વારા વ્યક્તિઘડતર અને ગ્રામસમાજના નિર્માણ' માટે આજીવન કટિબદ્ધ બની રહ્યા છે. આ સંદર્ભે તેમના જ શબ્દો જોઈએ: 'પિલવાઈમાં સારા શિક્ષક બનવાનું બાળકને પ્રભુ ગણવાનો ઉત્તમ કર્મયોગ શીખ્યા સાથે અંધશ્રદ્ધા ભૂત-પલીતની વાતો માત્ર નબળા મનની કલ્પના જ છે તેવી સમજ અને નીડરતા, હિંમત પણ એ સમયમાં મળી. જેથી જિંદગીભર અંધશ્રદ્ધાને ક્યારેય સત્ય માની શક્યો નથી. ખેરાળુના બાપુના પાણીમાં ફૂંક મારવાના બુદ્ધિહીન પ્રયોગો સાથે સમગ્ર સમાજ જોડાયો હતો, પણ અમારી બૌદ્ધિકતા અને તર્ક તે માનવા તૈયાર નહોતાં.' તેમણે પિલવાઈમાં શિક્ષક તરીકેની કારકિર્દીના પ્રારંભમાં અંધશ્રદ્ધા નિવારણ વિશે કરેલાં બે કાર્યો દૃઢ મનોબળનાં દ્યોતક છે. તેમણે પોતાના મોટાભાઈ સાથે પિલવાઈમાં શેઠ મંગળદાસના નિર્જન ભૂતિયા બંગલામાં નિવાસ કરીને ભૂતનો ભય દૂર કર્યો. આ ઉપરાંત સાથી શિક્ષકમિત્રોના સહયોગથી પિલવાઈ રોડ ચોકડી પાસેના ઘટાદાર વડલામાં પ્રગટતા ગેબી દીવાઓનું રહસ્યોદ્‌ઘાટન કરીને કલોલથી રાત્રે આવતી ગાડીમાં પિલવાઈ – કણભા રેલવે સ્ટેશનેથી ઊતરતા મુસાફરોને લૂંટવામાં આવતા તેને અટકાવવામાં નિમિત્ત બન્યા. શિક્ષકત્વઘડતર, મૂઠી ઊંચેરા શિક્ષક-આચાર્ય શ્રી છગનભાઈ પટેલનું વ્યક્તિત્વ અને પ્રભાવ, સવિશેષતઃ સિપોરમાં અને બાદમાં કડીમાં આચાર્ય તરીકેની રીતિ-નીતિ, શિક્ષક/આચાર્ય સંઘોના પ્રમુખ તરીકે શિક્ષણનાં હિતોને અગ્રતા આપ્યાં બાદ વ્યવસાયિક સંગઠનોની માંગણી પૂરી કરવા પ્રવૃત્ત બની રહેવું, વ્યવસાયિક જવાબદારીઓ સુપેરે સંપન્ન કરવા ઉપરાંત ચિંતનશીલ લેખનપ્રવૃત્તિ, વતન ચાણસ્માને **'जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी ।'** – સૂત્રને આત્મસાત્ કરીને પૂર્ણતઃ

શ્રદ્ધાભાવ સાથે સમર્પિત બની રહી અનેકવિધ કાર્યો સંપન્ન કરવાં વગેરે વિશે તેમના જ શબ્દોમાં જાણવા માટે તેમણે આપેલા પ્રત્યુત્તરો (પ્રસ્તુત અભિવાદનગ્રંથના પૃ. 273-305) વાંચી જવા વિનંતી છે.

*પૂ. મનુભાઈ સાહેબની માનવીય સંવેદનશીલતા અને અન્યને મદદરૂપ થવાની પ્રકૃતિગત ભાવનાનો મને પ્રત્યક્ષ અનુભવ થયો છે. મારી પુત્રવધૂને વર્ષ 2014માં ઇંગ્લૅન્ડ અભ્યાસ અર્થે મોકલવા હેતુ પૈસાની જરૂર પડતાં મેં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સન્માનનીય ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ સાહેબને વિનંતી કરતાં તેમણે મને લોન આપી હતી. આ લોન અરજીના પ્રથમ મુસદ્દાના કાગળની પાછળની બાજુ કોરી હોઈ અજાણતાં જ તેના ઉપર મેં કોઈ કાર્ય હેતુ પૂ. મનુભાઈ સાહેબને ચિઠ્ઠી મોકલી આપી હતી. આ સમયે કાગળની પાછળનું મેટર શું છે તે વિસરાઈ ગયેલું. પ્રસ્તુત ચિઠ્ઠી મળ્યા બાદ સાહેબે મને સંબંધિત સૂચના આપી દીધી, પરંતુ મારા આશ્ચર્ય વચ્ચે તેમણે મને જણાવ્યું કે મણિભાઈ પૈસા મોકલી આપું ? સાહજિક રીતે જ મેં પૂછ્યું કે શા માટે ? તેમણે લાગણીપૂર્વક કહ્યું કે તમારે પૈસાની જરૂર પડશે. સાહેબ આપને શી ખબર ? ત્યારે તેમણે જણાવ્યું કે મને મોકલેલ પત્રની પાછળની બાજુએ નજર ફેરવતાં જાણવા મળ્યું. તેમણે મને ફરીથી કહ્યું કે તમે સંકોચ ન રાખશો. રૂ. 50,000 મોકલી આપું. પૂ. સાહેબનો ગદ્ગદિત હૈયે આભાર માનતાં જણાવ્યું કે મને ચૅરમૅન સાહેબે લોન આપી છે અને હવે મારે વધુ પૈસાની જરૂર નથી. પરાઈ પીડ અનુભવીને વૈષ્ણવજન હૃદયી મહાનુભાવો આજે આપણને કેટલા મળે ! કોઈએ સાચું જ કહ્યું છે કે* **'परोपकाराय संता विभूतयः'** *– સજ્જનોનો વૈભવ પરોપકાર માટે હોય છે. યોગાનુયોગ મારું મોસાળ અને મારી જન્મભૂમિ પણ ચાણસ્મા છે. આ બાબતથી અજાણ રહેવા છતાં પૂ. મનુભાઈ સાહેબનો અઢળક સ્નેહ મને મળતો રહ્યો છે, જેમાં તેમના ઉદારચરિત વ્યક્તિત્વનાં* દર્શન કરું છું. પૂજ્ય મોહનભાઈ સાહેબ કે જેઓશ્રી ગુરુપરંપરાની પાંચમી પેઢીએ મારા દાદાગુરુ હતા, તેમના અમૃતપર્વની ઉજવણી વર્ષ 2001માં પાટણ યુનિવર્સિટીના પ્રાંગણમાં કરવામાં આવી હતી. આ મહોત્સવ દરમિયાનથી જ પૂ. મનુભાઈ સાહેબ સાથે થયેલો પરિચય ઉત્તરોત્તર વિકસતો જતાં વિશેષ સ્નેહાદરમાં પરિણમ્યો છે. આવા લોકોત્તર પુરુષ પૂ. મનુભાઈ સાહેબને સાદર અભિવંદના પાઠવું છું.

(સરનામુંઃ રૂપાણીનો માઢ, ખાડિયા ચોક પાસે, ચાણસ્મા - 384220, જિ. મહેસાણા મો. 7874761929)

•

# પ્રેરણાસ્રોત આચાર્યશ્રી

■ ફુલજીભાઈ ડી. પટેલ

મુરબ્બી મનુભાઈ સાહેબના ગુણાનુવાદ વિશે લખવાનું થાય ત્યારે અત્રેના કેળવણી મંડળની ભગિની સંસ્થા શેઠ જી. સી. હાઈસ્કૂલના ઇતિહાસની ગર્તામાં જવું આવશ્યક ગણાય! મુરબ્બી શ્રી મનુભાઈ સાહેબની શિક્ષક તરીકેની કારકિર્દી શેઠ જી. સી. હાઈસ્કૂલ, પિલવાઈના પ્રખર આચાર્ય, રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા, શ્રેષ્ઠ શિક્ષક શ્રી છ. કા. પટેલ સાહેબના સાંનિધ્યમાં ઘડાઈ હતી. પિલવાઈ, એટલે વિહોલા દરબારોનું ગામ, ભલભલી વ્યક્તિઓની ધીરજની કસોટી થઈ જાય. શાળાની સ્થાપના અને ઘડતરમાં આચાર્યશ્રી સ્વ. છ. કા. પટેલ સાહેબનું યોગદાન શીર્ષસ્થ હતું. છતાં પણ એક સમયે આચાર્યશ્રી છ. કા. પટેલ સાહેબને મંડળને ચાવીઓ સોંપી દઈ મુક્ત થઈ જવાની પરિસ્થિતિ પેદા થઈ હતી...! આવી મુશ્કેલરૂપ પરિસ્થિતિનું નિર્માણ થતું રહેતું, આવા સમર્પિત આચાર્યના સાંનિધ્યમાં શિક્ષકત્વની શરૂઆતનાં દસ વર્ષ મુરબ્બીશ્રી મનુભાઈ સાહેબ ઘડતર પામ્યા અને નેતૃત્વના ગુણોને પામ્યા અને ત્યાં જ શિક્ષક સંઘના રાજ્યના વડા બનવાનું સૌભાગ્ય પણ તેમને મળેલું!

સર્વ વિદ્યાલયના આચાર્યની ભૂમિકામાં આચાર્યશ્રી મનુભાઈ સાહેબને યાદ કરીએ છીએ ત્યારે, પિલવાઈની શેઠ જી. સી. હાઈસ્કૂલમાં આચાર્યશ્રી પટેલ છગનભાઈ કાળીદાસની વહીવટીય સૂઝ, ચીવટ, સાદગી અને ગાંધીમૂલ્યોના ગુણોનું સિંચન આચાર્યશ્રી મનુભાઈ સાહેબને તેમના સાંનિધ્યમાં મળ્યું છે અને નેતૃત્વના ગુણોનો વિકાસ પણ પિલવાઈમાંથી જ મળ્યો છે. તેવું તેમના સાંનિધ્યમાં ઘણો લાંબો સમય પસાર કરવાનો મળ્યો અમને તેમની સાથેના વાર્તાલાપમાંથી ફલિત થયેલ છે. વારંવાર તેઓશ્રી પોતાની કારકિર્દીના પ્રથમ દસ વર્ષના અનુભવમાં મુરબ્બી આચાર્યશ્રી છ. કા. પટેલ સાહેબને યાદ કરે છે અને તેની ઊંડી ઘેરી છાપને વાગોળતા માલૂમ પડ્યા છે.

હવે યોગાનુયોગ તારીખ ૧ જૂન-૧૯૯૩થી મારે પિલવાઈની શેઠ જી. સી. હાઈસ્કૂલના બિનઅનુભવી આચાર્ય તરીકે આરૂઢ થવાનું બન્યું. આ મારું સાહસ જ હતું અને ફેબ્રુઆરી, ૧૯૯૩માં રાજ્ય આચાર્ય સંઘના અધિવેશનમાં અંબાજી મુકામે મુરબ્બી આચાર્યશ્રી મનુભાઈ સાહેબને મળવા હું આતુર હતો અને મળ્યો! નમસ્કાર કર્યા... મારી પિલવાઈ શેઠ જી. સી. હાઈસ્કૂલના આચાર્ય તરીકે ઓળખ આપી! બે મિનિટ મૌન રહ્યા બાદ મને એમણે કહ્યું, 'થાળીમાં આવેલા લાડુનું કદ માપ્યું તો છે ને?' હું આ માર્મિક વચનમાં ઝાઝું સમજી શક્યો નહીં! અને વિચારના વમળમાં ચકરાવે ચડ્યો. તેમને મને બિન-અનુભવી આચાર્ય તરીકે પિલવાઈની શાળા પસંદગીમાં તમે ભૂલા તો પડ્યા નથી ને! તેવો કદાચ

મર્મ હશે! ત્યારે બહુ પરિચય કે સ્પષ્ટતા મેં ના કરી! અને મને નજરઅંદાજ કર્યો હોય તેવી લાગણી પણ મને થઈ!

યોગાનુયોગ, ૧૯૯૩નું શ્રેષ્ઠ શિક્ષકનું રાષ્ટ્રીય પારિતોષિક મુરબ્બી શ્રી મનુભાઈ સાહેબને મળ્યું. શિક્ષક સ્ટાફમાં જેમાંના ૭૦% સ્ટાફ મિત્રો મુરબ્બીશ્રી મનુભાઈ સાહેબ સાથે શિક્ષક તરીકે ઊંચી પ્રતિભા ધરાવનારા સાથી મિત્રો હતા અને મનુભાઈ સાહેબને મનુકાકાના હુલામણા નામથી સંબોધતા! તેમના સન્માનનો કાર્યક્રમ ગોઠવવાનું મેં આહ્‌વાન કર્યું! બધાએ એકીઅવાજે સ્વીકારી લીધું અને નવેમ્બર, ૧૯૯૩માં શેઠ જી. સી. હાઈસ્કૂલમાં મારા વડપણ નીચે સન્માન સમારંભ યોજવામાં આવ્યો. તેમનાં ધર્મપત્ની સ્વ. પુષ્પાબેન સાથે તેઓ પધાર્યાં હતાં. અમે તેમનું ઉચિત સન્માન પણ કર્યું અને તેમનો પોતાનો શેઠ જી. સી. હાઈસ્કૂલનો ભૂતકાળ (કાર્યકાળ) વાગોળ્યો અને વર્તમાન સમયની શિસ્ત, શિક્ષણપ્રણાલી અને શાળા પર્યાવરણની ઊંચી છાપ એમને લીધી અને નવા આચાર્યની એટલે કે મારી કાર્યપ્રણાલીની (પ્રતિભાની) પૃચ્છા પણ કરી લીધી! મને અંબાજી અધિવેશનના તેમની સાથેના પ્રથમ અનુભવથી મારામાં જે લાઘવભાવ ઊભો થયેલો તેમાંથી અહીં મને શાંતિ પ્રાપ્ત થઈ અને મારી સાથે આચાર્ય ભવનમાં ઘણી હળવાશથી વાતો કરી. સમગ્ર સ્ટાફ સાથે શેઠ શ્રી મંગળદાસ વિદ્યાર્થી આશ્રમમાં મિસ્ટ ભોજન લઈ સારો એવો સમય પસાર કર્યો. કદાચ તેમના અનુગામી આચાર્યની શોધનું બીજારોપણ પણ આ દિવસે જ આ પ્રસંગે જ થયું હશે! તેવું અનુમાન કરી શકાય! યોગાનુયોગ ૧૯૯૪નો રાજ્યનો શ્રેષ્ઠ શિક્ષકનો અવૉર્ડ મને પ્રાપ્ત થયો. શાળાના શિક્ષકોનો આનંદ વધ્યો અને ભવ્ય સન્માન સમારંભ શેઠ જી. સી. હાઈસ્કૂલના પરિસરમાં રાખ્યો. તેનું અધ્યક્ષ સ્થાન મુરબ્બી આચાર્ય શ્રી મનુભાઈ સાહેબને શાળા સ્ટાફ 'સન્માન સમિતિ'એ નક્કી કર્યું. દિવસ હતો ૧૪ ડિસેમ્બર, ૧૯૯૪. તે પહેલાં ૧૦ દિવસ અગાઉ ઉત્તર ગુજરાત શાળા સંઘની મિટિંગ સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં હોઈ, કારોબારી સભ્યના નાતે હું ઉપસ્થિત રહ્યો હતો અને મારી મુલાકાત ચૅરમૅન શ્રી માણેકલાલ સાહેબ, અને ડૉક્ટર રામભાઈ સાહેબ સાથે કરાવીને મનુભાઈ સાહેબના અનુગામી આચાર્ય તરીકે મારી સામે પ્રસ્તાવ આવ્યો. હું અસમંજસ પરિસ્થિતિમાં મુકાયો! તાત્કાલિક 'હા' કે 'ના'નો જવાબ ન આપતાં વિચારવાનો સમય માગ્યો. ક્યાં સુધીમાં જવાબ આપશો? ૧૪ ડિસેમ્બરના રોજ, મારા સન્માન સમારંભમાં મુરબ્બી આચાર્યશ્રી મનુભાઈ સાહેબ અધ્યક્ષ તરીકે ઉપસ્થિત રહેવાના છે, ત્યારે જવાબ આપીશ! તેમ મેં જણાવ્યું અને તેમણે મને તેમની ગાડીમાં ડ્રાઇવરને સૂચના આપી એસ. ટી. સ્ટૅન્ડ સુધી મૂકવા આદેશ કર્યો. મેં ચાલીને જવાનો આગ્રહ રાખ્યો, પરંતુ અમારા આચાર્યોની આ પ્રતિભા અને ગરિમા છે. તેવો રણકાર સાહેબનો મેં સાંભળ્યો! ત્યારે જ મને અનુભૂતિ થઈ કે, તેમણે મને, સર્વ વિદ્યાલયના આચાર્ય તરીકે માનસિક રીતે સ્વીકારી લીધો!

આવડી મોટી પ્રતિભાશીલ સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના પૂર્વ આચાર્ય શ્રી એન. એન. દેસાઈ સાહેબ, આ. શ્રી મોહનભાઈ સાહેબ, અને મુ. શ્રી મનુભાઈ સાહેબ કે, જેઓ માધ્યમિક શિક્ષણ બોર્ડના બિનહરીફ સદસ્ય અને રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખના 'પેગડામાં પગ ઘાલવો' અને તેમના અનુગામી તરીકે હું કેવી રીતે પ્રતિભાશીલ બની

શકું! મન ચકરાવે ચઢ્યું. એક પછી એક દિવસો કપાતા ગયા. જવાબ આપવાનો સમય નજીક આવ્યો...!

મારો સત્કાર સમારંભ આચાર્ય શ્રી મનુભાઈ સાહેબના અધ્યક્ષ સ્થાને ભવ્ય રીતે યોજાયો. મુ. મનુભાઈ સાહેબે મને સાલ ઓઢાડી મારું સન્માન કર્યું અને સ્ટાફમાં ચર્ચાનો વિષય ચાલુ થઈ ગયો. હવે આપણા સાહેબ જૂન, ૧૯૯૫માં આપણી વચ્ચે નથી! મુ. મનુભાઈ સાહેબે ભોજન બાદ આપેલી ખાતરીનો જવાબ માગ્યો. સાહેબ, આ સંસ્થાએ આટલી મોટી પ્રતિષ્ઠા મને અપાવી છે, આપશ્રીએ નજર સમક્ષ નિહાળી છે. તેને હું જલદીથી કેવી રીતે છોડી શકું? હું હાલના તબક્કે નિર્ણાયક જવાબ આપી શકું તેમ નથી. અ-નિર્ણાયક જવાબ સાથે સાહેબ પરત ફર્યા અને પુનઃવિચારવા માટે અનુરોધ કરતા ગયા. પ્રથમ દૃષ્ટિએ મેં ના પાડી, પરંતુ તેઓ મને સર્વ વિદ્યાલયમાં લઈ જવા મક્કમ હતા. સ્ટાફ પણ મને ન છોડવા અને ઓબ્લાઈઝ કરવા કટિબદ્ધ હતો. પછીની મુલાકાત મુ. આચાર્યશ્રી મનુભાઈ સાહેબ સાથે સંસ્કાર તીર્થ આજોલમાં બે-ત્રણ વખત થઈ. મને માનસિક રીતે તૈયાર કરવાનો સઘન પ્રયત્ન તેમણે કર્યો અને આ બાબતનો ખ્યાલ સ્ટાફમાં આવ્યા વગર રહતો નહીં! 'હા'-'ના' – 'હા'-'ના' કરતા સંજોગો એવા ઊભા થયા અને સર્વ વિદ્યાલયમાં ૧લી જૂન-૧૯૯૫થી, આવવાનું થયું.

સર્વ વિદ્યાલયના આચાર્યકાર્યકાળ દરમિયાન મને મુ. શ્રી મનુભાઈ સાહેબનું માર્ગદર્શન અને પથદર્શન ખૂબ જ કામયાબ નીવડ્યું. તેઓ, નિવૃત્ત થયા બાદ મને મુશ્કેલી ના પડે અને જરૂર પડે ત્યાં ગાઇડલાઇન મળી રહે તે માટે નિવૃત્તિ બાદ તેમનાં ધર્મપત્ની શ્રી પુષ્પાબેનની તબિયત નાદુરસ્ત રહેતી હોવા છતાં ૨૦૦૧ સુધી લગભગ નિવૃત્તિ બાદ છ વર્ષ સુધી કૅમ્પસ ડાયરેક્ટર તરીકે સમગ્ર કૅમ્પસના સંચાલનમાં રહ્યા હતા અને એ વખતે તેઓશ્રી અમારા વડીલની ભૂમિકામાં કુટુંબના વડા હોય તેમ અમને સલાહ-સૂચન અને માર્ગદર્શન આપતા રહ્યા હતા. ઘણીબધી મુશ્કેલ પરિસ્થિતિમાં તેમની હૂંફ મને મળી રહી હતી. તેમનો પ્રભાવ કડીના શ્રેષ્ઠીજનો ઉપર પ્રભાવિત હતો. તે અમને ઉપયોગી થતો હતો. તેમની સાથે 'ગૌ-શાળાની ગાયો માટે' ખોળનું દાન નોંધવાની તક મળેલી! સર્વોદયની મિટિંગમાં ડૉ. દ્વારકાદાસ જોષીસાહેબ, ડૉ. મિહિરભાઈ વગેરે જેવા ઊંચા ગજાના પ્રભાવશાળી કાર્યકરો અને સર્વોદય કાર્યકરોની સાથે મુલાકાતથી મારી ઓળખ કરાવીને મને પણ ઊંચું સ્થાન અપાવવામાં તેમની ભૂમિકા વડીલ તરીકેની રહી છે.

આટલાં વર્ષોના અનુભવે હું ચોક્કસ કહી શકું તેમ છું કે, છાત્રાલયના છાત્રોના જીવનઘડતરમાં મુખ્ય ગૃહપતિ તરીકેની જવાબદારીના ગુણો અમને તેમનામાંથી મળ્યા છે. આચાર્યશ્રી મનુભાઈ સાહેબ, છાત્રાલયની ઘડતરની પ્રવૃત્તિને ખૂબ જ પ્રાધાન્ય આપતા. જ્યાં સુધી કૅમ્પસમાં રહ્યા ત્યાં સુધી અચૂક સાંજની પ્રાર્થનામાં તેમની હાજરી હોય જ અને વિદ્યાર્થીઓને પ્રેરક પ્રવચન દ્વારા તેમની શક્તિઓને ઉજાગર કરતા. તેના પરિણામે વિદ્યાર્થીઓનું શ્રેષ્ઠ સંસ્થા ભક્તોનું વિદ્યાર્થીધન સંસ્થાને મળ્યું. આજનો સંસ્થાનો વિકાસ, એ ભૂતપૂર્વ વિદ્યાર્થીધનને આભારી છે, એમ કહું તો ખોટું નહિ કહેવાય! છાત્રાલયના છાત્રોના સંસ્કારને લીધે સમાજને ઉત્તમ નાગરિકો પ્રાપ્ત થયા છે અને આજે તેઓ જે-તે ક્ષેત્રમાં સામાજિક સેવાઓ થકી રાષ્ટ્રની સેવા સમર્પિતભાવે કરી રહ્યા છે.

આ સંસ્થા ૧૦૪ વર્ષ જેટલી પ્રૌઢ થઈ હોવા છતાં તેની તાજગી યુવાન જેવી જ જણાય છે. જે વિદ્યાર્થી આશ્રમના સંસ્કારનું પરિણામ કહી શકાય! તેમજ સમર્પિત ગૃહપતિઓ, અધ્યાપકો અને પારદર્શક સંચાલક મંડળની જાગૃતિને આભારી છે. વિદ્યાર્થી આશ્રમમાં સાંજની પ્રાર્થનામાં દર સોમવારે ગીતાનો અધ્યાય-૨ 'સ્થિતપ્રજ્ઞ'નાં લક્ષણો ગવાય અને વર્ષમાં એકાદ-બે, વખત તેનું વિવેચન કરીને છાત્રોને તેની સમજ પણ આપવામાં આવે.

સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોની ઘેરી અસર આ. શ્રી મનુભાઈ સાહેબના જીવનમાં વણાયેલી હતી. તેનું એક ઉદાહરણ અહીંયાં વિના સંકોચે રજૂ કરીશ તો અસ્થાને નહિ ગણાય! આદરણીય આચાર્ય શ્રી મનુભાઈ સાહેબની બે દીકરીઓ અને એક દીકરો ભાઈ શ્રી અરવિંદ! દીકરીઓ પોત-પોતાનાં ઘેર. દીકરો અરવિંદ ઇલેક્ટ્રિકલ એન્જિનિયર હોઈ વડોદરા સ્થિત પોતાના વ્યવસાયમાં સેટ થયેલો હોવા છતાં તેને અને તેના કુટુંબને કૅનેડાના વિઝા મળેલા હોઈ વિદેશગમનનું અને ત્યાં સ્થિર થવાની તક મળી હતી. ચિરંજીવી અરવિંદ મૂંઝવણ અનુભવતો હતો. આ મૂંઝવણનો ખ્યાલ આચાર્ય શ્રી મનુભાઈ સાહેબને આવી ગયેલો અને ચિ. અરવિંદને પાસે બોલાવીને શાંત ચિત્તે અનુરોધ કર્યો કે, ભાઈ અરવિંદ! જો તને તક મળતી હોય તો વિના સંકોચે તું જઈ શકે છે. આ તેમનાં સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોમાંનું એક લક્ષણ કહી શકાય!

સ્થિતપ્રજ્ઞની બાબતમાં બીજી બાબતની નોંધ લેવાનું ભુલાય તેમ નથી. આચાર્ય શ્રી મનુભાઈનું સમગ્ર કુટુંબ અમેરિકા અને કૅનેડામાં સ્થિત છે, પરંતુ તેમનાં એક નાનાં બહેન કાંતાબહેન શારીરિક અપંગ હોઈ તેમની સેવા અર્થે વતન ચાણસ્મામાં સ્થિત થયા. કેટલી ઊંચી જવાબદારી નિભાવવાની ભાવના!

ત્રીજા પ્રસંગની પણ નોંધ લેવી ઘટે. તેમના અનુજ મહેશભાઈ દસ-બાર વર્ષના હશે! અને માતા-પિતાની છત્ર-છાયા, ગુમાવી દીધી હતી, ત્યારે મોટાભાઈ મનુભાઈએ અને ભાભીશ્રી પુષ્પાબહેને માતા-પિતાની ભૂમિકા નિભાવીને તેમનો ઉછેર કર્યો! ભણાવી-ગણાવી, વ્યવસાયની દૃષ્ટિએ બૅંક ઑફ બરોડામાં સેવા મળી ત્યાં સુધી અને તેમના લગ્ન વ્યવહારની જવાબદારી નિભાવીને એક માતા-પિતાની ભૂમિકા ભજવી સમાજમાં આદર્શ ઊભો કર્યો અને નાનાભાઈ મહેશભાઈએ મોટા ભાઈ શ્રી મનુભાઈ અને ભાભી શ્રી પુષ્પાબહેનને ભાઈ-ભાભી નહીં, પણ માતા-પિતાની ભૂમિકામાં જ આજદિન સુધી બોલ નિભાવીને તેમનાં વચનોને નિભાવેલાં છે. સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોનું આ એક ત્રીજું ઉદાહરણ પણ ધ્યાનમાં લઈ શકાય તેમ છે. ખરેખર તેમણે ભગવદ્‌ગીતાને રગેરગમાં ઉતારેલી છે, તેમ કહું તો ખોટું કે અતિશયોક્તિ ભરેલું નહિ ગણાય!

છાત્રાલયની સોમવારની સ્થિતપ્રજ્ઞનાં લક્ષણોની પ્રાર્થનાની ઘેરી અસર તેમના જીવનમાં આજે પણ તાદૃશ્યમાન થઈ રહી છે. હંમેશાં દરેક વ્યક્તિમાં સારું જ જોવું. હકારાત્મક બાબતોને ગ્રહણ કરવી અને નકારાત્મક બાબતોને કોરાણે મૂકવી તેવો તેમનો આદર્શ હતો. એવા સંસ્થાભક્ત પૂર્વ આચાર્ય અને વર્તમાનમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ તરીકેની મહત્ત્વની ભૂમિકા દ્વારા તેમના જીવનથી અને સેવા-ભાવનાથી સંસ્થાને સંપૂર્ણ સમર્પિત છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને સર્વ વિદ્યાલય પરિવારને તેમની સાપેક્ષ હૂંફ મળતી રહે તેવી અમારી હૃદયની શુભેચ્છાઓ છે.

●

---

*શિક્ષણએ લોકશાહીની પૂર્વશરત છે. શિક્ષણ વિના લોકશાહી શક્ય નથી. આધુનિક લોકશાહીવાદીઓને પ્રજાનું પછાતપણું અનુકૂળ છે અને અનુભવ એમ કહે છે કે જ્યાં સુધી મતદારો અભણ રહે ત્યાં સુધી તેમને ખોટાં વચનોથી, ભાષણબાજીથી જીતવા સહેલા છે. તેથી એક વાર સત્તા પર આવ્યા પછી પણ લોકશાહીવાદી રાજકારણીઓએ પ્રજાને શિક્ષિત કરવાની, ભાવિ લોકશાહી માટેનો પાયો નાખવાની વાતનો અનાદર કર્યો. જો શિક્ષણ પ્રસરે તો જ લોકશાહી જીવનનો અભિગમ બને અને લોકશાહી સમાજની પ્રત્યેક વ્યક્તિ સુધી તે પહોંચે.*

**એમ. એન. રૉય**

*

*સર્જનાત્મક શિક્ષણનો પાયો ચિંતન છે અને ચિંતનનો પાયો આત્માભિમુખતા-આધ્યાત્મિકતા છે. શિક્ષણ અને આધ્યાત્મિકતા માનવીની અભીપ્સાનું અદ્વૈત છે. જેનામાં શિક્ષણ અને આધ્યાત્મિકતાનો સમન્વય હોય તેને શિક્ષક બનવાનો અધિકાર છે. શિક્ષકનું કામ ભણાવવા કરતાં પ્રેરવાનું વિશેષ છે. પ્રેરણા જે કામ કરે છે તે ચીલાચાલુ શિક્ષણથી ઘણું ચઢિયાતું કામ છે.*

**પી. કે. ત્રિવેદી**

---

# ઉત્તમ આચાર્યશ્રી

■ કનુભાઈ એસ. પટેલ

ગુજરાતની નામાંકિત કેળવણી આપતી સંસ્થાઓમાં સર્વ વિદ્યાલય મોખરે છે. જ્યાં હું આચાર્ય તરીકેની ફરજ બજાવું છું. મને સ્વપ્ને પણ ખ્યાલ નહોતો કે આવી આઝાદીપૂર્વેથી શિક્ષણ અને સામાજિક કાર્યના ધ્યેયને લઈને પૂજ્ય છગનભા દ્વારા સ્થપાયેલી અને માણેકલાલ સાહેબ દ્વારા કેળવાયેલી સંસ્થાનું સુકાન મારે ચલાવવાનું બનશે. સર્વ વિદ્યાલયના પૂર્વ પ્રિન્સિપાલશ્રી મનુભાઈ જે. પટેલ સાહેબ સાથે આમ તો વ્યક્તિગત મારે સીધો પ્રત્યક્ષ નાતો નથી, છતાં પણ જે કેળવણીના બગીચાનાં કેટલાંક ફૂલોની સુગંધની વાતો અન્ય છોડ પરસ્પર કરે જ... એવું જ શિક્ષણના આ બગીચામાં પણ છે.

મનુભાઈ સાહેબને આજે પણ તેમની છત્રછાયામાં કામ કરી જનાર કર્મચારીઓ અવિરત યાદ કરે છે. એના પરથી જ ખ્યાલ આવે છે કે **'आचरति इति आचार्य ।'** જેઓએ આચાર્ય તરીકેની મૂળભૂત ફરજો અને વિદ્યાર્થી, વાલી અને સંચાલક મંડળને સાથે લઈ સંસ્થાના વિકાસને ધ્યેય બનાવી કાર્ય કર્યું છે. માટે જ સંસ્થાના સૂત્રધારો આજે પણ વિવિધ શૈક્ષણિક બેઠકોમાં આચાર્યશ્રીઓને ઋષિમુનીઓની ઉપમાથી નવાજે છે, ત્યારે યથાયોગ્ય લાગે છે અને આજે પણ મારે આચાર્યશ્રીની ઑફિસમાં બેસવાનું થાય ત્યારે સામે જ મનુભાઈ સાહેબની રાષ્ટ્રીયકક્ષાએ શ્રેષ્ઠ શિક્ષક તરીકેની પસંદગીની તસવીર જોઈને તેમજ તે સંસ્થામાં મને પણ તેમની જગા પર ફરજ બજાવવાની તક મળી તે માટે ગૌરવ અનુભવું છું.

મનુભાઈ સાહેબ માટે છાત્રો, સમાજની અનેક વ્યક્તિઓ, મંડળના હોદ્દેદારશ્રીઓ અને હું પણ ગૌરવની લાગણી અનુભવું છું. જેઓ સંસ્થાના હાર્દસમા વિદ્યાર્થી આશ્રમના મુખ્ય ગૃહપતિ તરીકે સાયં પ્રાર્થનામાં તેમનાં પ્રેરક પ્રવચનો વિદ્યાર્થીઓ આજે પણ ભૂલ્યાં નથી. તેમનાં પ્રવચનો વિદ્યાર્થીઓના ઘડતરમાં ઉપયોગી પુરવાર થયાં છે. માનનીય મુરબ્બીશ્રી મનુભાઈ સાહેબ નિવૃત્તિ પછી પણ શિક્ષણ અને સામાજિક પ્રવૃત્તિઓનું સતત સંચાલન કરતા રહ્યા છે. ચાણસ્મા કેળવણી મંડળ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીનાં વિવિધ પદો પામી આજે સંસ્થાના પ્રમુખપદે આપની વરણી તે જ આચાર્યપદનું સન્માન છે એવું મને લાગે છે.

સાહેબની ગાંધીવિચારધારા, સાદગીપૂર્ણ વ્યવહારનો અનુભવ તેમની સાથેની ચર્ચાઓમાં હરહંમેશ થયો છે. મંડળની નીતિવિષયક બાબતોમાં પણ બિલકુલ તટસ્થ વલણનો અનુભવ થયેલ છે. બદલાતા સમયમાં જ્યાં જરૂર પડે ત્યાં મનુભાઈ સાહેબ આજે પણ અમારા સૌના પ્રેરક અને માર્ગદર્શક છે. જેઓને કોટી કોટી વંદન.

●

# સંસ્થાભક્ત મનુદાદા

■ હરિલાલ વરમોરા

17/11/1986 પહેલા હું શ્રી મનુભાઈ સાહેબ (મનુદાદા) પાસે મારી નોકરી માટે ભલામણ ચિઠ્ઠી લઈને ગયો ત્યારે દાદાએ કહ્યું આવી ચિઠ્ઠી ના ચાલે. અમારે તો રોકડો રૂપિયો ખખડાવીને (યોગ્ય શિક્ષક) લેવાનો છે. આ ખુમારી જ દાદાની આગવી ઓળખ સદાય માટે રહી છે.

સાહેબના કાર્યકાળ દરમિયાન મારું ખૂબ ઘડતર થયું છે, એ સંબંધે અહીં સાહેબ સાથેના કેટલાક યાદગાર પ્રસંગો આપની સામે મૂકતાં ધન્યતા અનુભવાય છે.

સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી ખાતે મારી નિમણૂક પછી સ્પોર્ટ્સ અને અન્ય વસ્તુઓની ખરીદીમાં સાહેબ કહેતા કે, જો જો હરિભાઈ આપણને કોઈ કહી ના જાય, એટલે મેં સાહેબને કહ્યું કે જો કોઈ કહે કે મેં કોઈ પણ ખરીદીમાં એક રૂપિયો લીધો છે, તો હું નોકરીમાંથી રાજીનામું આપી દઈશ. ત્યાર બાદ સાહેબને સંતોષ થયો હતો. આ બાબતે મને હરપળ પ્રામાણિકતાના પંથે ચલાવ્યો છે. કોઈ પણ વસ્તુ ખરીદતાં પહેલાં દાદા (સાહેબ) અનેકાનેક પ્રશ્નો પૂછતા અને યોગ્ય જવાબ બાદ જ એમના જીવને જંપ થતો. તેઓશ્રી એવું ચોક્કસપણે માનતા કે કોઈ પણ વસ્તુની ખરીદી કામમાં અને કિંમતમાં યોગ્ય હોય તો જ ખરીદવી.

ઉનાળામાં વાર્ષિક પરીક્ષા પહેલાં સ્કૂલ ફરતે લાગેલા મધપૂડાને પાડવાવાળાને બોલાવે ત્યારે એક મધપૂડાને પાડવાનો ભાવ 2000થી 3000નો સાંભળી અમારા બધાંના કાન ખડા થઈ જતા. આ ભાવ સાંભળ્યા પછી અમે ગૃહપતિશ્રીઓ અને છાત્રો ભેગા મળીને મધપૂડા પાડવાનું કહેતા તો દાદા કહેતા કે આપણને પાપ લાગે, ત્યારે અમે કહેતા કે સાહેબ પૈસા આપીએ તોપણ પાપ તો લાગે જ ને! એટલે પછી અમને કહેતા કે સારું તમે બધા મળીને પાડી દો. આમ, પોતાની વાતને આટોપી લઈને સાચી વાતને બહુ જ નમ્રભાવે સહજમાં સ્વીકારતા.

જૂન મહિનામાં શાળા ખૂલે અને વરસાદની સીઝન પણ હોય અને સ્કૂલના મકાન ઉપરથી બે-ત્રણ ટ્રેલર થાય તેટલી કબૂતરની હગાર-ચરક કઢાવવા માટે પણ સાહેબ અમારી સાથે ખડે પગે રહેતા. જ્યારે જ્યારે વરસાદ પડે ત્યારે દાદા છત્રી લઈને કૅમ્પસમાં નીકળી પડે, અમને ગૃહપતિ અને છાત્રોને પણ સાથે લે, પછીથી તો આખા કૅમ્પસમાં જ્યાં જ્યાં પાણી ભરાયાં હોય તે કાઢવા અમે પહોંચી જતા.

બીજાં અનેક કાર્યો છે તે ગણવા જઈએ તો ઘણાં પાનાં લખી શકાય. તેમ છતાં અહીં એક નાનકડો પ્રયાસ કર્યો છે.

### પ્રામાણિકતા અને પરમાર્થ

દાદાની પ્રામાણિકતા અને પરમાર્થના ઉત્તમ ગુણને કારણે ખેરાલુ તાલુકાની સિપોર શાળાનાં બાળકો સુપરવાઇઝર સિવાય પરીક્ષા આપતાં. છતાં એકપણ વિદ્યાર્થી ચોરી કરતો નહિ. એસ. વી. કૅમ્પસના નિયામકશ્રીની જવાબદારી વખતે નિયામકશ્રીનો પગાર લેવાનો તો બાજુમાં રહ્યો પણ સાહેબ પોતાના માટેના ફોનનો પણ ઉપયોગ કરતા તેના અને જમવાના પૈસા પણ આપી દેતા. આ ઉપરાંત, સાહેબ અને તેમનાં ધર્મપત્ની શ્રીમતી પુષ્પાબેન બંને એસ. વી. કૅમ્પસમાં રહેતાં. દરેક પરિવારના દરેક સભ્યની દરકાર કરતાં અને જરૂરિયાત મુજબની દરેક પ્રકારની સેવા પણ કરતાં. કૅમ્પસમાં કે અન્ય જરૂરિયાતમંદ અને યોગ્ય લાયકાતવાળાને યોગ્ય નોકરી અપાવી તેના ઘણા બધા દાખલાઓ છે.

### નિરાભિમાની, નિ:સ્વાર્થી, નિષ્કલંક

સાહેબ રાષ્ટ્રપતિ અવૉર્ડ વિજેતા હોવા છતાં તેમના વર્તન, વિવેકમાં ક્યાંય અને ક્યારેય પણ અભિમાન જોવા મળ્યું નથી. સાવ સરળ વ્યક્તિત્વના તેઓ માલિક છે. ચાણક્યની જેમ આદર્શ માર્ગદર્શક તરીકે મંડળના ટ્રસ્ટીશ્રીઓને પણ સમયે-સમયે યોગ્ય માર્ગદર્શન આપતા. સાહેબના દરેક પ્રકારના વ્યવહાર, વર્તન કે નિર્ણયો નિષ્કલંકિત રહ્યાં છે. આદરણીય શ્રી માણેકલાલ સાહેબ અને બીજા તમામ ટ્રસ્ટીશ્રીઓ યોગ્ય માન સાથે શ્રી મનુદાદાની વાત ધ્યાને લઈ યોગ્ય અમલ પણ કરતા, એ વાતનું દાદાને જરા પણ અભિમાન નહોતું.

### સફાઈ અને સાદગી

એક વાર હું ઉતાવળમાં સ્લીપર પહેરી શ્રી મનુદાદાની મંડળ કાર્યાલયની ઑફિસે ગયો. સાહેબે જોયું તો મને કહ્યું, ‘કેમ હરિભાઈ, સીધા બાથરૂમમાંથી આવો છો કે શું?’ હું તો અવાક્ બનીને મને જ મનોમન જોઈ રહ્યો. ફરી એક વાર બે-ત્રણ દિવસની દાઢી વધી હતી તો દાદાએ કહ્યું, ‘કેમ હરિભાઈ, વર્ષા ઘરનું કામ કરાવે છે કે શું?’

આ ઉપરાંત તેમનો ડ્રેસ ગાંધીવાદી ખાદીના લેંઘા અને ઝભ્ભાનો હોવા છતાં પણ લાગે ખૂબ સરસ. આ લેંઘા-ઝભ્ભાથી તો મારા નાના ભાઈ ચંદુભાઈને ભણશાલી ટ્રસ્ટ રાધનપુરની શાળા, ટંડાવ(તા.વાવ)માં શિક્ષકની નોકરી પણ મળી ગઈ હતી. આ લેંઘા-ઝભ્ભાથી નાનો ભાઈ એવો તો પ્રભાવિત થયો હતો કે તે આજે પણ દરેક પ્રસંગે આવાં લેંઘા-ઝભ્ભા પહેરે છે. (આને કહેવાય ગાંધીવાદી દાદાની સાદગીની અસર)

### કૌટુંબિક જીવન

શ્રી મનુભાઈ સાહેબનાં ધર્મપત્ની શ્રીમતી પુષ્પાબેન અને સાહેબનો સંબંધ ગાંધીજી અને કસ્તૂરબા જેવો જ, સાહેબના બોલે પુષ્પાબેન જે કહે તે કામ કરતાં. સાહેબ અને પુષ્પાબેન વચ્ચે કાયમ હસી-મજાકની વાતો થતી અને સાહેબ મરક-મરક હસતા. તેમના નાનાભાઈશ્રી મહેશભાઈ અને સાહેબ જાણે રામ-લખનની જોડી હોય એવું આજ દિન સુધી મેં જોયું છે. મહેશભાઈ કડી ખાતે બૅંકમાં સર્વિસ કરતા અને હાલે USA છે. કોરોનાકાળ દરમિયાન મનુદાદાને કોરોના થતાં હૉસ્પિટલમાં દાખલ ન કરતાં ઘરે જ

હૉસ્પિટલ જેવી જ તમામ સારવાર અને સેવા નાનાભાઈ શ્રી મહેશભાઈ અને તેમનાં ધર્મપત્ની પન્નાબેને કરી, એ પણ અમેરિકાથી વતન ચાણસ્મામાં આવીને!

દાદાનાં ધર્મપત્ની પુષ્પાબેનનો સ્વર્ગવાસ થયા પછી સાહેબ, ચાણસ્મામાં નિવાસ કરીને પોતાનાં નાનાં બહેનની સેવા ઉપરાંત શાળા-છાત્રાલય અને મંડળના હોદ્દા તેમજ ચાણસ્માની બે-ત્રણ સંસ્થાની જવાબદારી આજપર્યંત નિભાવી રહ્યા છે.

હવે તો દાદા 87 વર્ષ વટાવી ચૂક્યા હોવા છતાં પણ અવિરત સેવામાં રત રહ્યા છે.

આટલી બધી જવાબદારી હોવા છતાં પણ અમે સાહેબના મોં પર ક્યારેય થાક, આળસ કે નિરાશા જેવું જોયું નથી. મનુદાદા બિલકુલ નિઃસ્વાર્થ ભાવે કોઈ જ મહેનતાણા કે વળતરની અપેક્ષા વગર કાર્ય કરી રહ્યા છે. અમે સૌએ મનુદાદાને અમારા જીવનના સાચા રાહબર તરીકે પ્રસ્થાપિત કર્યા છે. છાત્રાલયના સર્વે ગૃહપતિશ્રીઓ અને છાત્ર પરિવાર અમારા લાડીલા સાહેબનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે.

મનુદાદાના આશીર્વાદ અને રાજીપો આગામી દિવસોમાં પણ અમને મળતો રહે તેવી અપેક્ષા સહ – જય ગુરુદેવો નમઃ

●

---

*યુનિવર્સિટીનું વહીવટી તંત્ર નમ્ય હોવું જોઈએ. એણે પરમાર્થી વૃત્તિ ધરાવવી જોઈએ. વહીવટી તંત્ર સમસ્યાઓના નિરાકરણના પ્રયોજન માટે હોય છે અને નહિ કે વિદ્યાર્થીઓના કોમળ લાગણીતંત્ર સાથે ઉન્મત્ત બની નિષ્ઠુરતાથી વર્તવા માટે.. અને તે કેવળ એ જ કારણે કે એ મુદ્દા પરત્વે બૌદ્ધિક અને સહાનુભૂતિભર્યું દૃષ્ટિબિંદુ લેવા માટે માર્ગમાં નિયમો અને વ્યવસ્થા પડ્યાં હોય છે.*

**એમ. સી. ચાગલા**

*

*હું વારંવાર ભારપૂર્વક કહેતો આવ્યો છું કે યુનિવર્સિટીઓનાં ત્રણ પ્રધાન કર્તવ્યો છેઃ બુદ્ધિ, હૃદય અને સમૂહભાવનાનો વિકાસ કરવો. પહેલું કર્તવ્ય જ્ઞાન આપવાનું અને એ દ્વારા બુદ્ધિવિકાસ સાધવાનું; બીજું, જીવનનાં મૂલ્યોને સમજવાનું ને તેને જીવનમાં ઉતારવાનું અને ત્રીજું કર્તવ્ય સમૂહશક્તિ પ્રાપ્ત કરી વિશાળ માનવજીવનના એક અંગરૂપ બની રહેવાનું. આપણા વિદ્યાધામોમાં પહેલી વસ્તુ પર ધ્યાન અપાય છે, બીજીની અવગણના થાય છે અને ત્રીજી વસ્તુ વિશે કોઈને કશી ખબર નથી. ત્રીજી વસ્તુ મારે મન સૌથી મહત્ત્વની છે. આપણા વિદ્યાધામો સમૂહજીવન, સમૂહશક્તિ અને સમૂહભાવનાથી ધબકતાં આશ્રમો બની જવાં જોઈએ.*

**કનૈયાલાલ મા. મુનશી**

---

# સાધુચરિત વ્યક્તિત્વ

■ કનુભાઈ આઈ. પટેલ

*'અમે રે સૂકું રૂનું પૂમડું, તમે અત્તર રંગીલા રસદાર,*
*તરબોળી દ્યો ને તારેતારને, વીંધો અમને વ્હાલા, આરંપાર.'*

મર્મી કવિ સાંઈ મકરંદ દવેની આ પંક્તિઓ મારા જીવનમાં યથાર્થ સાબિત થઈ છે. મને સ્મરણ છે કે, ૧૯૮૫થી ૮૯નો એ સમયગાળો. વઢિયાર પંથકનો સાવ સૂકા રૂનાં પૂમડા જેવો. હું સર્વ વિદ્યાલયમાં આવી પહોંચ્યો અને અહીં, અત્તર રંગીલા રસદાર એવા પૂજ્ય મનુદાદાનું સાંનિધ્ય પામ્યો અને સૂકાં રૂનાં પૂમડાંમાં એક નવી સુવાસ પ્રગટી. નવી તાજગી આવી. રસદાર અત્તરની સોબત જીવનની નવી દિશા ઉઘાડનારી બની રહી. પૂ. મનુદાદાનો સહવાસ જીવનને એક નવી રાહ ચીંધનારો બની રહ્યો. સૂકી ભોમ પર જોનારી આંખો ક્ષિતિજની પાર મંડાઈ. સપનાનું વાવેતર થયું જાણે!

મારે પૂ. મનુદાદાને કાગળ પર ઉતારવાના છે ત્યારે મારી મનોસ્થિતિ મહાકવિ કાલિદાસ જેવી બની રહી છે. મહાકાવ્ય 'રઘુવંશમ્'ની શરૂઆતમાં કવિ કહે છે કે - હું તો નાનો તરાપો લઈને મોટો સાગર તરવાનું સાહસ કરી રહ્યો છું. બસ, મારું પણ કંઈક આવું જ છે. એવરેસ્ટની ઊંચાઈ હું મારા બે હાથ પહોળા કરીને માપી શકું ખરો? હું તો નાના બાળકની જેમ મને ફાવે તેમ, કલમને હૃદયના ભાવો સાથે છુટ્ટી મૂકી લખી રહ્યો છું.

મારા વિદ્યાર્થીઆશ્રમમાં નિવાસ દરમિયાન મનુદાદા મુખ્ય ગૃહપતિ. મમતાની મૂર્તિ અને માનવતાનો મહેરામણ એટલે મનુદાદા. નિત્ય નિર્મળ હાસ્યથી પ્રસન્નતા ભર્યો ચહેરો, મીઠી નજર, માર્મિક વાણી, શિસ્ત અને સંસ્કારના પાક્કા આગ્રહી એવા મનુદાદા એટલે 'સંસારી સાધુ'. એમનો પ્રત્યેક શબ્દ સીધો હૈયાને સ્પર્શતો. એમની દરેક વાત અમારા માટે તો પ્રેરક પ્રવચન જ બની જતી. એમાંય ખાસ તો વિદ્યાર્થીઆશ્રમનું એમનું સાયં પ્રવચન તો જાણે તથાગતની વાણી! અમને સાયં પ્રવચનની રાહ રહેતી.

દાદાની વાતો હંમેશાં મનહૃદયને ઝંકૃત કરી દેતી. એમના વિચારો અધમને મધ્યમ તરફ અને મધ્યમને ઉત્તમ બનવા પ્રેરતા. મેં અનુભવેલા મનુદાદાને એમની શૈલીમાં, ત્રિવિધ પ્રસંગે આલેખું છું. સંસ્કૃતના આ સુભાષિતમાં જે કહેવાયું છે તે મનુદાદા માટે જ છે:

**सेवितव्यो महावृक्षः फलच्छाया समन्वितः ।**
**यदि दैवात् फलं नास्ति छाया केन निवार्यते ।।**

એટલે કે 'મહાવૃક્ષનું સેવન કરવું જોઈએ. જે ફળ અને છાંયડો આપે. નસીબજોગ

ફળ ન આવે તો છાંયડાને કોઈ રોકી શકતું નથી.' મનુદાદા એટલે સુભાષિતમાં કહેવાયેલ મહાવૃક્ષ. આચાર્ય, નિયામક અને વર્તમાનમાં સંસ્થાના પ્રમુખશ્રી તરીકે માર્ગદર્શક બનીને મારા જેવા અનેક વિદ્યાર્થીઓનાં જીવનમાં જ્ઞાનરૂપી પ્રકાશ પાથરનાર ધ્રુવતારક. એક પ્રાતઃ સ્મરણીય વ્યક્તિત્વ. એમને જોયાનું પણ સુખ અને માણ્યાનું પણ સુખ અને અનુભવ્યાનું પણ સુખ. એક સુખરૂપ વ્યક્તિત્વ કહું તો અતિશયોક્તિ નહીં જ ગણાય.

**પ્રામાણિકતા અને પારદર્શિતાઃ**

મગધના મહાઅમાત્ય અને સમ્રાટ ચંદ્રગુપ્તના ઘડવૈયા ચાણક્યનો એક જીવનપ્રસંગ યાદ આવે છેઃ કહેવાય છે કે મગધના મહાઅમાત્યપદે બિરાજમાન ચાણક્ય પોતાના ઘરમાં બે દીવાનો ઉપયોગ કરતા. રાજ્યના કામકાજ વખતે રાજ્યનો દીવો અને વ્યક્તિગત કાર્ય માટે ઘરનો દીવો. આ જ ઘટના મનુદાદા માટે પણ સાચી છે અને એનો હું સાક્ષી છું. વિદ્યાર્થી આશ્રમના ગૃહપતિ તરીકે આવ્યાના શરૂઆતનાં વર્ષોમાં મનુદાદા સાથે કામ કરવાનો અવસર મળ્યો. એક સમયે મનુદાદા પાસે કોઈ કામસર મારે જવાનું થયું. તેઓ ઑફિસના ફોન પર વાત કરી રહ્યા હતા. વાત પૂરી થાય ત્યાં સુધી હું ઊભો રહ્યો. જેવી વાત પૂરી થઈ કે એમણે એક ડાયરી લીધી અને તેમાં કશી નોંધ કરી અને પછી ખિસ્સામાંથી બે રૂપિયા કાઢીને ફોનની બાજુમાં મૂકેલા બૉક્સમાં મૂક્યા. મને નવાઈ લાગી. મારાથી પુછાઈ ગયુંઃ 'દાદા, આ શું કર્યું ? નોંધ લખી અને પછી રૂપિયા મૂક્યા !' દાદાએ મારી સામે જોયું અને પછી એક કાયમી હળવું સ્મિત ફરકાવી કહ્યુંઃ ''આ ફોન પરની વાતચીત મારી વ્યક્તિગત હતી. વ્યક્તિગત ફોન કર્યો હતો તો ખર્ચ સંસ્થા પર કઈ રીતે નખાય?''

મને દાદાની પ્રામાણિકતા અને પારદર્શિતાનો રૂબરૂ અનુભવ થયો. આ તો એક પ્રસંગ માત્ર છે. આવા તો અનેક પ્રસંગો છે. જેનો હું સાક્ષી રહ્યો છું. એમનું શુદ્ધ આચરણ અને સદાચાર અમારા સહુ માટે આદર્શ બની રહેતાં. વળી, તેમની પ્રામાણિક અને સંસ્થાભક્તિ તો અમારું પ્રેરકબળ બની રહેતી.

**સર્વોદય અને ગાંધીવિચારઃ**

સર્વોદયના સિદ્ધાંત અને ગાંધીવિચારના પથ પર ચાલતા મનુદાદામાંથી માનવતાનું મૂલ્ય પામ્યો છું. સાદગી અને સરળતા શીખ્યો છું. સેવા અને સત્યનિષ્ઠા જાણ્યો છું. એમની વહીવટી સૂઝ અને વ્યવહાર કુશળતામાંથી જ એક સફળ અને આદર્શ ગૃહપતિ બનવાનું માર્ગદર્શન મેળવ્યું છે.

એક વખત છાત્રાલયના દસ શૌચાલયનું પાણી અને મળ સેફ્ટીટેન્કમાં જતાં બંધ થઈ ગયાં. એની ફરિયાદ મનુદાદા પાસે પહોંચી. દાદા દોડતા આવ્યા. એમણે જોયું કે બે ગૃહપતિ અને સફાઈ કામદાર તમામ ઔપચારિક પ્રયત્નો કરી ચૂક્યા છે, પણ સફળતા મળી નથી. હાથ પર હાથ ધરીને બેસી રહે તો મનુદાદા શાના ! એમણે મુખ્ય સેફ્ટીટૅન્કનું ઢાંકણું ખોલ્યું, સેફ્ટીટેન્ક અડધી ખાલી કરી અને પછી મને પ્લાસ્ટિકની બે થેલીઓ લેવા મોકલ્યો. હું દોડતો ગયો અને દોડતો આવ્યો. થેલી દાદાના હાથમાં આપી. મનુદાદાએ એ બે થેલીઓ બન્ને હાથમાં પહેરી. એને મોજાં જ બનાવી લીધાં.

પછી મોં પર રૂમાલ બાંધ્યો. એમની તૈયારી જોતાં લાગ્યું કે દાદા સફાઈ કરશે. મેં તરત કહ્યું: 'સાહેબ, તમે રહેવા દો. લાવો હું કરું. તમે કહો તેમ સાફ કરી દઉં.' દાદાએ ટૂંકો જવાબ આપ્યો: "અમે તો જીવી લીધું છે. તમારે ઘણું બાકી છે.'' આટલું કહેતાંની સાથે તો એમણે હાથ મુખ્ય પાઇપમાં નાંખ્યો અને કપડાંનો એક ડૂચો બહાર કાઢ્યો. એ સાથે જ ટૅન્કમાં જમા પાણી અને મળ ધડાધડ વહેતું થયું. એમણે કામ પૂરું કર્યું અને હાથ ધોઈને એ અન્ય કામે વળગ્યા. અમે ગૃહપતિઓ અને સફાઈ કામદાર જોતા જ રહી ગયા. કેટલું સાહજિક જીવન! નિર્દંભ અને નિષ્ઠાવાન વ્યક્તિત્વ! અમે તો મનોમન દાદાને વંદી જ રહ્યા.

આ પ્રસંગે મનુદાદાનું સેવામય સહજ અને સરળ જીવન જોવા મળ્યું. સર્વોદયની ભાવના અને ગાંધીવિચારની નિષ્ઠાનાં દર્શન થયાં.

મનુદાદા સંસ્થાના નિયામક તરીકે સંસ્થાની તમામ ભૌતિક સાધનસંપદાનું ધ્યાન રાખતા અને એનું સુચારુ વ્યવસ્થાપન પણ ગોઠવી દેતા. ગાંધીજીની જેમ નાની-નાની વાતે કરકસર કરે અને સૌને મન નકામી વસ્તુ એ સાચવી રાખે અને સમય આવ્યે એનો ઉપયોગ પણ કરી બતાવે. એક દિવસ મેં કહ્યું: 'સાહેબ, આપણા મુખ્ય દરવાજા પાસેની ગટરનું ઢાંકણું તૂટી ગયું છે. નવું મંગાવવું પડશે.' મનુદાદા તરત બોલ્યા: "કૉલેજના પાછળના મેદાનમાં જમણા ખૂણે લાકડાંનાં પાટિયાં પડ્યાં છે. તેની નીચે એક ઢાંકણ અનામત પડ્યું છે. જાવ, અને લઈ આવો.'' અમે તો રામના હનુમાન. જેવો હુકમ છૂટ્યો છે પગ કૉલેજના મેદાન તરફ વળ્યા. ચાર છોકરાની સાથે હું બતાવેલી જગ્યાએ પહોંચ્યો. જઈને લાકડાંનાં પાટિયાં ઊથલાવ્યાં અને નીચેથી ઢાંકણું મળી આવ્યું. અમે તો જાણે નવા કોઈ હડપ્પીનગરની શોધ કરી હોય એવા આનંદમાં આવી ગયા. ઢાંકણું ઉપાડીને લઈ આવ્યા અને લાવીને ગટર પર લગાવતા હતા કે મનુદાદા હાજર થયા. અમારા કામનું નિરીક્ષણ કર્યું. ઢાંકણું બરોબર લાગી ગયું એટલે દાદાએ ટહુકો કર્યો: "વાહ... સરસ. ઢાંકણું મળી ગયું અને લાગી પણ ગયું અને એ પણ બરોબર...''

અમે દાદાનો અવાજ સાંભળીને તેમની સામે ઊંચું જોયું. એમનો હસતો ચહેરો અમને શાબાશી આપી રહ્યો હતો. એમણે કહ્યું: "સંસ્થામાં હોઈએ તો કઈ વસ્તુ ક્યાં પડી છે? કયા અને ક્યાં ઉપયોગની છે? એનું ધ્યાન રાખવું જ જોઈએ. જેટલું ઝીણું જોશો એટલા વધારે સફળ થશો.'' ગટરનું ઢાંકણું લગાવતાં પણ નવું શીખવા મળ્યું અને મનુદાદાની સૂઝ પ્રત્યે માન થઈ આવ્યું.

મનુદાદાનું જીવન એટલે જ એક જીવતી જાગતી પાઠશાળા. **उपदेक्ष्यन्ति ते ज्ञानं ज्ञानिनस्तत्त्वदर्शिनः ।** ગીતાજીની આ વાતમાં મને મનુદાદાનું સ્મરણ થઈ આવે છે. જ્ઞાનનો ઉપદેશ કરનાર મનુષ્ય જ્ઞાની અને તત્ત્વદર્શી હોવો જોઈએ. જેની પોતાની પાસે કશું ન હોય તે બીજાંને શી રીતે આપી શકે? જે પાત્ર ભરપૂર છે તે બીજાંને કશું આપશે. મનુદાદા એટલે આવું ભરપૂર પાત્ર. જેનામાં તપશ્ચર્યાનું પીઠબળ હોય, જ્ઞાનનું ઊંડાણ હોય અને અનુભવનો નિચોડ હોય એ સાચો ગુરુ. મનુદાદા આવા ત્રિગુણાત્મક. પથ્થર ઠંડોગાર હોય છે, ખરબચડો અને કઠોર હોય છે, પણ નદીના વહેણમાં એને ગોળ થયે જ છૂટકો. બસ, આમ જ... ટાઢીબોળ જડતાને ખંખેરવા મથનારે ધરપત રાખવી જોઈએ.

મનુદાદાએ મારામાં ધીરજનું, ધરપતનું વાવેતર કર્યું છે.

આદર્શ વિચારો અને આચરણના મૂર્તિરૂપ, સૌમ્ય અને સેવાભાવી કર્તવ્યપરાયણ અને એવા પારસમણિના સ્પર્શરૂપ મનુદાદાએ મારા જીવનવિકાસમાં બહુમૂલ્ય ફાળો આપ્યો છે. ગૃહપતિ અને શિક્ષક તરીકેની મારી બહુમુખી પ્રતિભા ખીલવવામાં અને સફળ બનાવવામાં એમનાં માર્ગદર્શન, હૂંફ અને પ્રેરણા હરહંમેશ મળતાં જ રહ્યાં છે. પૂજ્ય ગુરુવર્ય મનુદાદાને શત શત વંદન. અંતે કહેવાનું મન થાય કે -

*એક પીંછું મોરનું શોધતાં-શોધતાં*
*છેક પહોંચી જવાયું છે ગોકુળમાં.*

●

---

*કેળવણીને અત્યારે ત્રણ ભૂમિકામાં વહેંચવામાં આવે છે: પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચ... મ્હારું માનવું છે કે કેળવણી એ ત્રણ કક્ષામાં એકબીજાથી અલગ કરીને વહેંચી નંખાય એવો પદાર્થ નથી. ત્રણે મળીને એક અખંડ ક્રિયા છે એટલું જ નહિ, પણ એ ત્રણ ઉપરાંત ચોથી ભૂમિકા વ્યાવહારિક જીવન પોતે છે. હું વ્યાવહારિક જીવનને કેળવણીનો ઉદ્દેશ માનતો નથી, પણ કેળવણીની એક ભૂમિકા માનું છું... જીવનને વધારે જ્ઞાની, વધારે ઊંચું ખરી સમૃદ્ધિથી વધારે સમૃદ્ધ કરવું એ જ એનો (કેળવણીનો) ઉદ્દેશ છે. કેળવણીનો આ idealiic spiritual conception ભૂલી જવાથી કેળવણી જમીનમાં રગદોળાય છે, રાણી મટી દાસી થાય છે.*

**આનંદશંકર ધ્રુવ**

✳

*જે વિશ્વવિદ્યાલયના કેન્દ્રમાં વિદ્યાપુરુષો હશે, તે જ તેજસ્વી સંસ્થા બની શકશે. કેમ, કે વિદ્યાનું વિતરણ કરનાર વિદ્યાપુરુષ અને ગ્રહણ કરનારા વિદ્યા–અર્થી એ બેનો સંયોગ એ જ આદર્શ વિશ્વવિદ્યાલયની સાચી ભૂમિકા છે.*

**ઉમાશંકર જોશી**

---

# મૂલ્યનિષ્ઠ મનેખ....

■ શ્યામજીભાઈ એમ. દેસાઈ

શિક્ષણ, સાહિત્ય, સમાજસેવાના હિમાયતી, માનવજીવનમાં મૂલ્યોનાં સમર્થન, સંરક્ષણ, સંવર્ધન, તરફ સજાગ અને શિક્ષણજગતમાં સૌ સાથે પરમાર્થી સાંકળરૂપે ધબકતું બહુમુખી વ્યક્તિત્વ એટલે શ્રી મનુભાઈ જે. પટેલ. ''તેઓ શ્રેષ્ઠ શિક્ષણ સંસ્થામાં, મૂલ્યોનું વાવેતર કરતા ગુરુજનોના સાંનિધ્યમાં જ્ઞાન સાથે જીવનઘડતરની કેળવણી પામી, શિક્ષણજગતમાં આગવી ઓળખ ઉપસાવી ચૂક્યા છે''– આ અણસાર મને પિલવાઈના પૂર્વ વિદ્યાર્થી અને મારા ગુરુ (ગ્રામભારતી) શ્રી ઈશ્વરભાઈ શિ. પટેલના માધ્યમથી છેક 1977માં મળ્યો હતો. આ. શ્રી મનુભાઈ સાહેબનો આ રીતે પરોક્ષ આત્મીય પરિચય તો હતો જ. એમાં પાછું 1994થી તો શંખેશ્વરથી ફાજલ થઈ સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ કડીમાં એમના જ સીધા નેતૃત્વમાં કામનો અવસર મળ્યો. એટલે મારું જીવન ધન્ય થયું માનું છું.

અભિવાદન ગ્રંથ નિર્માણ વેળાએ એમના જીવનનાં અન્ય પાસાંઓને (લેખન મર્યાદાને લીધે) સ્પર્શ કર્યા સિવાય, એમની સાથેના અનુભવ, જીવનશૈલી, કાર્યપદ્ધતિ, એમણે કરેલાં કાર્યો અને વિશિષ્ટ વિચારધારા ધરાવતા એમના પ્રેરણાદાયક વ્યક્તિત્વ ઉપર જ પ્રકાશ પાથરવાનું ઉચિત માનું છું.

*દીવાને પોતાનું કોઈ ઘર હોતું નથી,*
*એને જ્યાં મૂકો ત્યાં, અજવાળું પાથરે છે.*

ગળથૂથીમાં જ કેળવણી, ખાનદાન પરિવાર અને આધ્યાત્મિક સંસ્કાર-વારસાનું એમનામાં બીજ રોપાયું હતું. ઘડતર અને ચણતર સાથે ઉત્કૃષ્ઠ કેળવણીરૂપ ધાવણ પામી, એમનું જીવન સરસ રીતે ઘડાયું - કેળવાયું. ઇન્ટર (આગળ ઉચ્ચ શિક્ષણ સુધી પ્રગતિ કરી.) સુધી અભ્યાસ પછી, તેઓ પિલવાઈ ખાતે શિક્ષક તરીકે, શિક્ષણ જેવા પવિત્ર પ્રવાહમાં જોડાયા. કેળવણીકાર્યમાં રાષ્ટ્રીય પારિતોષિક વિજેતા અને ઋષિતુલ્ય વડા શ્રી છ. કા. પટેલના નેતૃત્વમાં તેઓએ શિક્ષણની ધૂંસરી ધારણ કરી. 'હીરે કી પરખ સિર્ફ જોહરી હી જાને' એમ શ્રી છ. કા. પટેલે એમનામાં પડેલ અપાર – અક્ષીણ શક્તિઓને પારખી, અનુભવની એરણે ચમકાવી. વિદ્યાર્થીઓ, વાલીઓ, સાથીઓ અને સંસ્થા સંવાહકો... સૌને એમનાં કાર્યોની સફળતાનો સ્વાદ ચખાડી, મનુભાઈના મન મયૂરને સોળે કળાએ ખીલવવા તક આપી. લગભગ દાયકા જેટલી ઉત્તમ શૈક્ષણિક કારકિર્દી સાથે તેમની સેવાઓની સુવાસ ચોતરફ પ્રસરી ચૂકી હતી. સમગ્ર સેવાકાળ દરમિયાન પોતાના દરેક કાર્યક્ષેત્રે એમણે સારી એવી નામના મેળવી. આજીવન શિક્ષક, આચાર્ય, નિયામક, મંત્રી અને હાલમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી – ગાંધીનગરના પ્રમુખ જેવાં બહુવિધપદો

સહિતનું એમનું જીવતર અને કાર્ય પ્રશંસનીય રહ્યું છે.

**સંનિષ્ઠ શિક્ષકની કાર્યપદ્ધતિ**

જન્મજાત શિક્ષકત્વને પિલવાઈ, સિપોર અને કડીમાં બરાબર ખીલવ્યું. મધુર, કર્ણપ્રિય સ્વરે એમની અસ્ખલિત વાણીને સાંભળવી એ શ્રોતાઓ માટે એક લહાવો ગણાતો. અભ્યાસક્રમના એકમને સાંપ્રત પ્રવાહો સાથે સાંકળી રસપ્રદ રીતે 'વર્ગને સ્વર્ગ'માં ફેરવવાની એમની આગવી હથોટી હતી. સ્વચ્છ, સુંદર અક્ષરની કા. પા. નોંધ એ વર્ગ શિક્ષણના આકર્ષણનું કેન્દ્ર રહેતું. કોઈ પણ વિષય ઉપર અસરકારક અભિવ્યક્તિ, વિષયને સંપૂર્ણ ન્યાય તથા સામે ઉપસ્થિત શ્રોતાઓની વય, કક્ષા, ક્ષમતા અને બુદ્ધિમત્તાને ધ્યાનમાં રાખીને જ્ઞાનના ધોધને વહાવવો એ એમનું આગવું કૌશલ્ય-નજરાણું હતું. જાહેર વ્યાખ્યાન સમયે બાલ, તરુણ, યુવા અને પ્રસંગોપાત્ત વયસ્કોનાં રસ, રુચિ, મનોભાવોનું સામંજસ્ય સાધી વાક્ધારાને પ્રવાહિત કરતા માણવા એ પણ એક લહાવો હતો. ઓપનવર્ગ શિક્ષણ, શૈ. સાં. કાર્યક્રમ, સેમિનાર કે અન્ય કોઈ પણ પ્રવચન વેળાએ તો તમામ રસલહાણ સાથે કહેવતો, રૂઢિપ્રયોગો, શ્લોક તથા સરસ કોટેશનોની રંગછાંટ વર્ણનશૈલીનો ચમત્કાર માણવા મળે જ. એટલું જ નહીં, રજૂઆત સમયે રમૂજ, હાસ્ય, વ્યંગ તથા વક્તા-શ્રોતાઓના સાતત્યપૂર્ણ જોડાણને જાળવી રાખવા ઉચિત અવસરે વચ્ચે-વચ્ચે ટૂંકી પ્રશ્નોત્તરી હોય જ. એક આદર્શ શિક્ષકનાં તમામ કાર્યોની યાદી કર્યા પછી પણ શિક્ષણવિદો, અભ્યાસુઓ કંઈક રહી ગયાનું શોધે તો, એ મુ. શ્રી મનુભાઈના શિક્ષકત્વમાં સમાયેલ હોય જ, મળી રહે. અમારા ઘડતરનો આ પ્રેરણાસ્રોત રહ્યો છે.

શિક્ષક, આચાર્ય, સંચાલક અને શીલવંત શિક્ષણવિદ્ તરીકે તેમના સમગ્ર જીવનમાં ડોકિયું કરતાં તેઓ આચરણ થકી આદર્શના ઉપદેશકરૂપે નિખરી આવે છે. વર્ગખંડ, સભાસ્થળ/વ્યાખ્યાન ખંડ/સભા મંડપ સ્થાને, શૈ. વહીવટી સંમેલનમાં, ટ્રસ્ટીઓની બેઠકમાં તેઓ સમયસર અને અચૂક હાજર હોય જ. સંસ્થાગત કામ, વિવિધ સંગઠનોની સભામાં - અધિવેશનમાં કામ તથા વચનપાલનના માત્ર હિમાયતી જ નહીં, ચુસ્ત આગ્રહી. સાવ સાદું, ભલું-ભોળું, નૈષ્ઠિક, નીતિપરાયણ અને ગર્વિષ્ઠ એવું એમનું વ્યક્તિત્વ સૌની પ્રેરણાની પરબ સાબિત થયું છે.

સાદો, શુદ્ધ, સ્વચ્છ, સ્વ તથા શિક્ષણજગતને શોભે તેવો ખાદીનો લેંઘો-ઝભ્ભો એ એમનો મોટા ભાગે કાયમી પોશાક. યુવા વયે પણ પોતાના શીલ અને આદર્શોને ઉજાગર કરતા વસ્ત્રાવરણમાં જોવા એ પણ એક અનુકરણીય વ્યક્તિત્વની ઓળખ ગણાતી. ગાંધીવિચારનો રંગ એમના વર્તન, વ્યવહાર, આચરણમાં અનુભવાય જ. મૂછમાં મરક મરક હસતો ચહેરો સૌને દિલમાં ટાઢક આપે જ.

છાત્રોના જીવનઘડતરના સિદ્ધાંતોને વરેલ છાત્રવાસી શિક્ષણ સંસ્થાઓમાં જ એમનો સેવાકાળ/જીવતર વ્યતીત થયું છે. માત્ર અક્ષરજ્ઞાન જ નહીં, પણ જીવનઘડતરના પ્રયોગો કરી સંપૂર્ણ સામર્થ્યવાન છાત્રો દીક્ષિત કરવાનું કામ એમના હાથે થયું છે. એમના સાંનિધ્યમાં પોષિત છાત્રોએ સંસ્થાની ઉજ્જ્વળ શાખને વૈશ્વિક કક્ષાએ સ્થાપિત કરી છે. સર્વોદય, સેવાદળ, સ્વાધ્યાય પરિવાર, ગાંધીવિચારની સંસ્થાઓ તથા અનેક રચનાત્મક કાર્ય કરતી સંસ્થાઓ સાથે એમનું જોડાણ રહ્યું છે. શ્રી અરવિંદની શિક્ષણ વિચારધારા અને પોંડિચેરી આશ્રમથી તેઓ પ્રભાવિત છે.

*ખુશખુશાલ સંબંધો એમ જ નથી બનતા,*
*સમજદાર વ્યક્તિનું એમાં રોકાણ હોય છે.*

મનુભાઈના જીવનમાં ઊંડા ઊતરતાં આપણે અનુભવી શકીએ કે, કોઈ પણ બાબતના તલસ્પર્શી અભ્યાસનો એ આત્મા. જ્ઞાનનો ગહન ખજાનો. વિશાળ વાચન, ગહન ચિંતન સાથે શિષ્ટ-સ્પષ્ટ વિચાર વ્યક્ત કરતું અસ્તિત્વ. આવા સઘળા-બહોળા અનુભવોના ઊંજણથી પોષિત એમનું ઓજસ સૌની આસ્થાને આજે પણ આકર્ષિત કરે છે.

સેવાકાલીન સમય અને નિવૃત્તિ બાદ પણ રાજ્યસ્તરે અનેક જગ્યાએ, વિવિધ સ્વરૂપે, એમની સેવાઓ શિક્ષણ/જનસમાજને અવિરત મળતી રહી છે. તેઓશ્રી મહેસાણા જિલ્લા તથા ગુજરાત રાજ્ય શિક્ષક સંઘના પ્રમુખ, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખશ્રી, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરના સભ્ય વગેરે જેવાં પદો ઉપર સતત બિનહરીફ નિયુક્ત થતા રહ્યા હતા. આચારસંહિતા સમિતિનું કામ હોય, રાજ્ય પરીક્ષા બોર્ડ ગાંધીનગરની ગૂંચ હોય, સમસ્યા સમયે સહજપણે રસ્તો કાઢવાનું કામ હોય ત્યારે એમણે રસ દાખવી પોતાના હાથમાં લીધું હોય અને શ્રેય સૌને જ સોંપ્યો હોય. આ લોકતારણની હકીકત છે. નવી શિક્ષણનીતિના સમાહર્તા, જિલ્લા તથા ગુજરાત રાજ્ય કર્મચારી સંકલન સમિતિના સંયોજક તરીકે ખૂબ ઉમદા જવાબદારી અદા કરી છે. મહેસાણા જિલ્લા શાળા સંઘનું કામ સમગ્ર ગુજરાતમાં પ્રભાવી પ્રભુત્વ ફેલાવી ચૂક્યું હતું. પેપરની ગુણવત્તા, વહીવટી શુદ્ધિ અને બહોળા વ્યાપ સાથે એનું આખી શિક્ષણ આલમમાં નામ હતું. શ્રી મનુભાઈએ એના પ્રમુખ તરીકે તથા કડી આવ્યા પછી બંધારણીય રીતે મંત્રીનો હોદ્દો સન્માનનીય રીતે વહન કર્યો છે. શાળાસંઘ દ્વારા અભ્યાસક્રમ આયોજન, વિષયોના સેમિનાર, પરીક્ષા પદ્ધતિની સમીક્ષા વગેરે જેવી અનેક પ્રકારની જવાબદારીઓ બખૂબીથી અદા કરી છે. આટલી વ્યસ્તતા વચ્ચે પણ ધરતી, પાટીદાર સમાજ તથા અન્ય શૈક્ષણિક, સામાજિક સામયિકોમાં તેઓ પોતાની કલમ થકી અનુભવી જ્ઞાન કસબ દાખવતા હતા. જિલ્લાથી છેક ઉપર સુધી સજ્જન સંયોજક-માર્ગદર્શક વ્યક્તિ તરીકે તેઓ અનેકવિધ એકમો, સંગઠનો, સંસ્થાઓ સાથે સતત કાર્યરત રહ્યા જોયા-જાણ્યા છે. કર્મચારીઓથી લઈ સંસ્થાઓના વિવિધ પ્રકારના જટિલ, ગૂંચવાયેલ અનેક પ્રશ્નોનું પ્રેમથી નિરાકરણ લાવવામાં તેઓએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે. લાછડીના શ્રી શંભુભાઈ પટેલને આચાર્ય તરીકે હાજર કરવા માટે મેઉઆદરજના સંચાલક મંડળ અને DEO કચેરી સાથેની સમાધાનકારક ઘટના તથા ફાજલ શિક્ષકોને સમાવવા સામે ઉદારતા દાખવી NOC આપવાનું વ્યવહારુ વલણ જિલ્લા સંકલન સમિતિની-કાબેલિયત સાબિત થયેલ સૌએ અનુભવ્યું છે, મેં નજરે નિહાળ્યું છે. આ તમામ બાબતોમાં શ્રી મનુભાઈનું નિઃસ્વાર્થ, નિષ્કલંક, નિરભિમાની વ્યક્તિત્વ મારે મન, મારા અનુભવો અને સ્વયંના નિરીક્ષણમાં મૂલ્યોની માવજત કરતા 'મુઠ્ઠી ઊંચેરા માનવ' તરીકે ઘણું મૂલ્યવાન – ઊંચેરું છે.

### રચનાત્મક શિક્ષક, આચરણીય આચાર્ય, નિયામક, સંચાલક, કેળવણીકાર

શિક્ષક તરીકે છાત્રોના ઘડતર અને ચણતર ઉપર તેમનું વિશેષ ધ્યાન રહ્યું છે. શાલેય શિક્ષણમાં ઉત્તમ માહિતી જ્ઞાન સાથે મૂલ્ય શિક્ષણના તેઓ પ્રખર પ્રહરી રહ્યા છે.

સમાજજીવન, અધ્યાત્મ, વિજ્ઞાન, ધર્મ અને વૈશ્વિક સ્તરે સતત બદલાતા સાંપ્રત પ્રવાહોને ધ્યાનમાં રાખી શિક્ષણમાં, નિશ્ચિત અભ્યાસક્રમ સાથે એને કેમ વણી લેવું? એ એમની આગવી કુનેહ રહી છે. સહૃદયી, શિસ્તબદ્ધ, વ્યવહારકુશળ વહીવટી તજ્જ્ઞ અને નિયમનના ચુસ્ત આગ્રહી રહ્યાનું સાંભળ્યું, જાણ્યું, જાતે જોયું છે. કન્યા કેળવણીના હિમાયતી અને શિક્ષણમાં નવતર પ્રણાલીઓના ઘડવૈયા તરીકે તેઓએ સ્વ તથા સંસ્થાઓનું કદ વિકસાવ્યું છે. શિક્ષકથી સંચાલક સુધીના વ્યવહારમાં તેઓ વૈવિધ્યપૂર્ણ જીવનમૂલ્યોના રક્ષક-સંવર્ધક રહ્યા છે. તેઓ જીવનમૂલ્યોના સંરક્ષક અને બહોળા સંપર્ક સૂત્રીય વ્યક્તિ પણ રહ્યા છે. મને યાદ આવે છે કે મહેસાણા જિલ્લા શિક્ષણાધિકારી-કચેરી, પાટણ ખાતે પોતાની શાળા સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ કડીને નિયામનુસાર જ આપેલ નિભાવ ગ્રાન્ટમાંથી જરૂરી ખર્ચ પછી વધારાની/વણવપરાયેલ ગ્રાન્ટ પરત લેવા DEO સાહેબને સમજાવી રહ્યા હતા એ મેં નજરે જોયું છે. 'મનુભાઈ! હક/નિયમ મુજબ આપેલ રકમ સંસ્થાને વાપરવાનો અધિકાર છે.' અધિકારીશ્રીના આવા આગ્રહ વચ્ચે પણ એમણે પરત લેવાની અને એ રકમ જરૂરિયાતવાળી અન્ય અભાવગ્રસ્ત નાની સંસ્થાઓને વિવેકાધીન રીતે ફાળવવાની વાતે વિજય મેળવ્યો હતો. ધન્ય એ નૈતિકતાની પળ અને એના સર્જકને! એ વેળાએ 'આવી મૂલ્યનિષ્ઠ ઘટનાઓ ઇતિહાસના પાને અચૂક સ્થાન પામશે.' આવા ઉદ્ગાર શ્રેયાન અધિકારી શ્રી નેલ્સનભાઈ ક્રિશ્ચિયન સાહેબના હોઠે અને મારા હૃદયમાંથી એકસાથે સરી પડ્યા હતા. કંજુસાઈ નહીં, પણ કરકસરયુક્ત, શુદ્ધ વહીવટનું આથી ઉમદા ઉદાહરણ ક્યાં શોધવું?

**માન-સન્માન અને અવૉર્ડ**

શ્રી મનુભાઈને અનેક સન્માન મળ્યાં છે. આ પૈકી સવિશેષતઃ નિવૃત્તિનાં આખરી વર્ષોમાં તેઓશ્રી રાષ્ટ્રીય (શ્રેષ્ઠ શિક્ષક) પારિતોષિક વિજેતા થયા હતા. મહામહિમ રાષ્ટ્રપતિ શ્રી શંકરદયાલ શર્માના હસ્તે એમનું ઉચિત સન્માન થયું હતું. આ બધા ભૌતિક અવૉર્ડ કરતાં મારા નિરીક્ષણ-અવલોકન મુજબ સમગ્ર ગુજરાતના કેળવણી ક્ષેત્રમાં તથા સામાન્ય જનતા સહિત સૌનાં હૃદયમાં એમનું આદરપાત્ર ઊંચેરું સ્થાન છે. આ અવૉર્ડથી ચડિયાતો અવૉર્ડ બીજો કયો હોઈ શકે?

**કેટલીક અવિસ્મરણીય યાદો**

**સંવેદનશીલ વડા**

શંખેશ્વરથી ફ઼જલ થઈ કડીમાં જોડાયો. સંસ્થા તથા આચાર્યશ્રીની પ્રતિભા મુજબ શાળાના કામમાં સમયસર જોતરાઈ જવાની આદત હતી. સેવક શ્રી કેશુભાઈએ સમાચાર આપ્યા. 'શ્રી મનુભાઈ સાહેબ આપને ઑફિસમાં બોલાવે છે.' સૌના ચહેરાને વાંચીને અનુમાન કર્યું કે અહીં ''ઑફિસનું તેડું આવ્યું, તો કંઈક ભૂલ થઈ હોવી જોઈએ.'' રિસેસ સમયે ઑફિસમાં ગયો. સાહેબે ભારે શબ્દોએ ''બેસો!'' કહ્યું. પાણી-ચા મંગાવ્યા પછી બોલ્યા, 'આમ નોકરી શી રીતે પાર પડશે? કુટુંબ-કબીલાની કાળજી નહીં લો, તો ભારે પડી જશે. 'છોડી' – દીકરી અને એની 'મા'ને રડતી મૂકીને ભણાવવામાં ભલું મન પરોવાય છે? ભલા માણસ! આમ નોકરી કરીને કેટલા દિવસ કાઢશો? જાઓ ઘેર!

પુષ્પા એમને ઘેર લઈ ગયાં છે.' કડક પણ સંવેદનાના સૂર વહી રહ્યા હતા. હકીકતમાં સપ્તાહથી નવાં આવેલ મારાં બાળકોમાં નાની એકતા તથા એની મમ્મીને રડતાં જોઈ એમનું દિલ દ્રવી ઊઠ્યું હતું. ઘણી છૂટછાટ માટે ઉદારતા દાખવી હતી, પણ હું કામને વળગી રહ્યો. પછી તો એમણે અને પુષ્પાબાએ ખૂબ કાળજી રાખી મને, મારા પરિવારને ખૂબ સાંત્વન આપ્યું હતું. આવા આચાર્યશ્રી આજે ક્યાં શોધવા? ધન્ય એ પરગજુ દાંપત્યને!

### નાના માણસ તરફ સ્નેહાદર

પુષ્પાબાના અવસાન સમયે પાટણ ખાતે બેસણું હતું. સૌ સમૂહ વ્યવસ્થાએ મુકાયેલ બસમાં પહોંચ્યા. સંસ્થાના સફાઈ કામદાર દશરથની ઇચ્છા અંગે કોઈએ પૃચ્છા પણ કદાચ ન કરી હોય, એવું બની શકે. દશરથ એકલો પરિવહનની બસમાં પહોંચ્યો. સૌની હાજરીમાં મનુભાઈની નજર દશરથ પર પડી. દશરથને પાસે બોલાવી, સ્થિતપ્રજ્ઞે માથે હાથ ફેરવી મૂક મનોભાવને જાણે વાચા ફૂટી હોય તેમ, "દશરથ! હવે પુષ્પાના સ્નેહની ઊણપ હું સમજી શકું છું, પણ એ હવે આપણી વચ્ચે નથી." દશરથ બાળકની જેમ હીબકી ઊઠ્યો. સંસ્થાના નિયામક અને સફાઈ કામદારના આ લાગણીમય પ્રસંગે ઉપસ્થિત સૌ આભા બની રહ્યા.

કોઈ કારણથી પેપર ન મોકલવામાં આવે તો મોટા ભાગે સેવક-પટાવાળાને જ પેપર લેવા કડી આવવાનું બનતું. સીધા પ્રેસમાં ન જતાં, શાળામાંથી વ્યવસ્થા થતી. આ સમયે સંઘના હોદ્દેદાર તરીકે આ. મનુભાઈ આગંતુકને જમવાનું પહેલાં પૂછતા. એક વખત મને પણ આ અનુભવ થયો છેઃ 'પ્રભુ પ્રસન્ન રહે તેમ કરવું, બીજું બધું સદા પરહરવું.'

### અનુકરણીય સંનિષ્ઠ શિક્ષણકાર

તેઓશ્રી હંમેશાં શ્રમ તથા સ્વાશ્રયી તાલીમી શિક્ષણની સાથે કાર્યક્ષેત્રની સંસ્થાઓમાં સાહિત્ય, વિજ્ઞાન, પર્યાવરણ, જીવન જીવવાની પદ્ધતિ, સંગીત, કળા-કૌશલ્યો અને માનવીય મૂલ્યનિષ્ઠ ઘડતરના અનેક કાર્યક્રમો યોજી શિક્ષણ પ્રવૃત્તિને વેગવંતી રાખવામાં જાગ્રત વ્યક્તિત્વ તરીકે એમની ખૂબ ઊંચી પ્રતિષ્ઠા છે. ઉત્તમ કેળવણીકાર મિત્રો તથા વિશેષ વડીલોના જીવંત સંપર્ક અને સહવાસ થકી, શિક્ષણક્ષેત્રે વિવિધ પ્રયોગો કરવામાં સફળ શિક્ષણવિદ તરીકે એમની સવિશેષ સેવાઓ રહી છે. તેમની કેળવણીના સજાગ મહાનુભાવ તરીકેની ઇમેજ દરેક જગ્યાએ ખૂબ વખણાય છે.

### શિષ્ટ સાહિત્યકાર

ઉત્તમ વાચક, પ્રબુદ્ધ વિચારક તથા લેખક, સફળ સમીક્ષક અને સંનિષ્ઠ શબ્દ સાધક તરીકે એમનું સાહિત્યક્ષેત્રમાં યોગદાન છે. (પુસ્તક યાદી મૂકવા માટે પેજ મર્યાદાએ અલિપ્ત રહું છું.) શિક્ષણ, અધ્યાત્મ, પર્યાવરણ, જીવનમૂલ્યો, માનવ ધર્મ, અવિચલ રાષ્ટ્રભાવના, લોક-સમસ્યાઓ, શિક્ષણની બદલાતી તાસીર, વૈશ્વિક પ્રવાહો, જીવનઘડતર કરતી વ્યક્તિઓ અને સંસ્થાઓનું યોગદાન વગેરે-વગેરે વિષયો ઉપર એમના જ્ઞાનનો પ્રભાવ ગુજરાતના શ્રોતાઓ-વાચકો સુધી પહોંચ્યાનું સ્મરણ છે. વિષયનું તલસ્પર્શી અધ્યયન અને ચિંતન કર્યા પછી જ એમની વાણી કે લેખની પ્રવાહિત થતી અનુભવાઈ છે.

### ગુણિયલ પ્રતિભાસંપન્ન વ્યક્તિત્વ

માત્ર વખાણ કરવા નહીં, પણ સૌના અનુભવે તારવેલ એમનું વ્યક્તિત્વ પ્રતિષ્ઠિત પ્રતિભા સંપન્ન દેખાયું છે. સ્પષ્ટ વક્તા તરીકેનું એમનું સ્થાન સૌના હૃદયમાં પ્રસ્થાપિત થયેલું આજે પણ છે. નિખાલસ સ્વભાવ, નિષ્ઠાવાન જીવ, સર્વપ્રિય, પરગજુ મન અને પ્રેરણાપ્રદાન પુરુષ તરીકે તેઓ સૌના અંતઃકરણમાં સ્થાન ધરાવે છે. સારાં કામ માટે હંમેશાં ચીલો ચાતરીને પણ નાવીન્યને નોંતરનાર વ્યક્તિ તરીકે એમની સહજ છાપ છે. સરળ સ્વભાવ, મિલનસાર મનડું અને સતત કાર્યરત જીવ એ એમની કાયમી વિશેષ ઓળખ રહી છે.

### આધ્યાત્મિક અસર

ધાર્મિક વાડાબંધીમાં જકડાયેલ એમને ક્યારેય જોયા નથી. સાત્ત્વિક-વ્યવહારિક જીવન ધર્મના તેઓ પરમ ઉપાસક અને અધ્યાત્મની ઊંડી સૂઝ ધરાવનાર અનોખું માનવપાત્ર રહ્યા છે. ''આચરણ એ જ ઉત્તમ ધર્મ''ના પ્રખર હિમાયતી છે. એમના જીવનવ્યવહારમાં મોટા ભાગે ''કર્મ એ જ ધર્મ''ની અસર જોવા મળે જ. ચાણસ્માના નાગદેવતામંદિરે, કડી સોમેશ્વર આશ્રમે, દર બુધવારે ગાંધીચોકમાં સ્વાધ્યાય પરિવાર સાથે વગેરે-વગેરે જગ્યાએ એમને સામાન્ય નાગરિક થઈ, સહજભાવથી વર્તતા, આધ્યાત્મિક રુચિસહ નિરભિમાનીનો અણસાર આપતા સ્વ આંખે જોયા છે.

### ઊડીને આંખે વળગતાં કાર્યોની આછેરી ઝલક

સેવાકાળ દરમિયાન અનેક ઉપયોગી કાર્યો એમના થકી થયાં છે. અને નિવૃત્તિ બાદ પણ અમે નજરે નિહાળેલ, તેમના પ્રયત્નો થકી થયેલ... માત્ર વિશિષ્ટ કાર્યોને જ આ પ્રમાણે રજૂ કરતાં આનંદ અનુભવું છું.

1. ચાણસ્મા કેળવણી મંડળના ટ્રસ્ટી, પ્રમુખ તરીકે પ્રશંસનીય કાર્ય. વિકાસ માટે લાખોના ભંડોળની સધ્ધરતા મેળવી શક્યા છે.
2. આરોગ્યક્ષેત્રે અદ્યતન સાધનસંપન્ન હૉસ્પિટલ, એમ્બ્યુલન્સ સગવડ અને જરૂરી રકમનું લોકફંડ પ્રાપ્ત કર્યું છે.
3. વિવિધ પ્રકારનાં સંગઠનોમાં સીધું માર્ગદર્શન આપે છે.
4. એકલા રહેતા વડીલો, સાચા અર્થમાં અતિથિ સાધુ, મુસાફરોની સાત્ત્વિક-આરોગ્યપ્રદ રસોડા વ્યવસ્થા... જોવા, સમજવા અને કંઈક શીખવા જેવું કામ છે.
5. સામાજિક, ધાર્મિક વારસાને જાળવવા, એનું ઔચિત્ય સાચવવા પણ ઘણુંબધું વિચારાય અને કરવામાં આવે છે. આવાં અનેક કામોને એમનું માર્ગદર્શન મળતું રહ્યું છે.

આમ શ્રી મનુભાઈ એટલે ચાણસ્માની ધરતીનું ધાવણ ઉજાગર કરનાર મહામૂલું વ્યક્તિત્વ. શિક્ષણક્ષેત્રમાં સર્જક, પોષક અને પરામર્શક મનેખ. શ્રમ, સાદગી, સેવા, સમર્પણ, સદ્‌ભાવ, નિરભિમાન, સમાનતા અને સૌહાર્દના સજ્જન વ્યક્તિ. ઇચ્છિત સ્વપ્નને સાકાર કરનાર મહેનતું માનવ. જીવનની સમસ્યાઓનું સમાધાન સાધતા પ્રજ્ઞાવાન પુરુષ. કર્મણ્ય પંથે ચાલનાર પથિક. આવા મૂલ્યનિષ્ઠ બહુમુખી પ્રતિભાના સહવાસમાં રહ્યાનો આનંદ છે.

•

# સર્વ વિદ્યાલયને સમર્પિત આચાર્યશ્રી

■ જિતુભાઈ સી. નાયક

શ્રી મનુભાઈ જે. પટેલ કે જેઓ મનુદાદાના પ્યારા નામથી ઓળખાય છે. તેઓ સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડીના આચાર્યપદે તેમજ શ્રી વિદ્યાર્થીઆશ્રમ-1ના મુખ્ય ગૃહપતિ તરીકે સફળ કામગીરી માટે જાણીતા છે. વર્તમાન સમયે તેઓશ્રી વયોવૃદ્ધ થયા હોવા છતાં સર્વ વિદ્યાલયના પ્રમુખપદે સેવાઓ આપી રહ્યા છે.

સર્વ વિદ્યાલયની એક પરંપરા રહેલી છે કે વર્તમાન આચાર્યશ્રી પોતાનો નિવૃત્તિકાળ નજીક આવે ત્યારે અનુગામી આદર્શ આચાર્યશ્રીની પસંદગી કરી આપે છે. મનુદાદાની પસંદગી પણ શ્રી મોહનભાઈ સાહેબે આ જ રીતે કરેલી અને શ્રી મોહનભાઈ સાહેબની પસંદગી પર શ્રી મનુદાદા ખરા પણ ઊતર્યા છે. મનુદાદાએ તન, મન અને ધનથી કેવળ શિક્ષણ જ નહિ, પરંતુ બાળકોની કેળવણી અને ઘડતર કરી આપ્યું છે. માટે જ ભારત સરકારે તેમને રાષ્ટ્રપતિ અવૉર્ડ શ્રેષ્ઠ શિક્ષકનું સન્માન આપ્યું છે.

મનુદાદાનો મને સીધો પરિચય અને લાભ બહુ ઓછો પ્રાપ્ત થયો છે, પરંતુ શ્રી વિદ્યાર્થીઆશ્રમ-1-માં 10 વર્ષ સુધી મેં ગૃહપતિ તરીકે મારી ફરજ બજાવી તે સમય દરમિયાન સાહેબ અવારનવાર છાત્રાલયની તેમજ કૅમ્પસની મુલાકાતે આવતા ત્યારે તેમનાં જ્ઞાન અને વાણીનો સીધો લાભ મળતો હતો. મનુદાદાએ પણ પોતાના અનુગામી આચાર્ય તરીકે શ્રી ફુલજીભાઈની પસંદગી કરી આપી હતી. શ્રી ફુલજીભાઈના મુખેથી મનુદાદાની કાર્યપ્રણાલી અનેક વાર છાત્રાલયની સાયં પ્રાર્થના સમય દરમિયાન સાંભળવા મળી હતી.

હું પણ કડી નગરના બાળકોની શિક્ષણની સાથે-સાથે ઘડતર અને કેળવણીની સેવા કરતો ગયો. જેના પરિણામ સ્વરૂપે મને મહેસાણા જિલ્લા અને રાજ્ય શ્રેષ્ઠ શિક્ષકનું સન્માન પ્રાપ્ત થયું છે. આ જ શિક્ષણની સેવાના ગુણ લઈને આજે હું મારા વતનનાં બાળકોની સેવા કરવા માટે આચાર્ય તરીકે ફરજ બજાવી રહ્યો છું.

●

# ઔદાર્ય આભ

■ મનુભાઈ એસ. સોલંકી

*શબ્દમાં છલક-છલક થશે અજવાશ*
*ને આંખમાં બાલકવિ રમશે ફુવારે*
*સાત-સાત રંગધારે અંતપટમાં.*

રાષ્ટ્રપતિ અવૉર્ડ વિજેતા શ્રી મનુભાઈ જે. પટેલ ગાંધીવાદી, સૌના પ્રેરણાસ્રોત, સાદગીપૂર્ણ જીવન, પ્રામાણિકપણે 87 વર્ષ થયાં છતાં પ્રવૃત્તિઓનો 'ગંજ' ભેગો કરો તોય તે મેરુગિરિ (મનુદાદા) આગળ સાવ વાલ જેવું ઊતરે તેમ છે. સૌહાર્દ, સ્નેહ એ જ તેમના સંબંધોની સંપ્રાપ્તિ છે.

શ્રી મનુભાઈ જે. પટેલ સાહેબ સાથેના પ્રસંગોને યાદ કરીને હું તે પળોની યાદમાં ધન્યતા અનુભવું છું. તા. 25-11-1991માં ઉ. મા. વિભાગમાં મદદનીશ શિક્ષક તરીકે જોડાયો તે પહેલાં મારે પાઠ આપવાનો હતો. મને ખબર નહોતી કે મારે શું ભણાવવું ? સામે શ્રી મનુદાદા, શ્રી માણેકલાલ સાહેબ, લઘુકથાના લેખક શ્રી રોય સાહેબ વગેરે બેઠા હતા. તેની જાણ મને નિયુક્તિ પછી થયેલી. મેં જણાવ્યું કે હું 'વિરામચિહ્નો' ભણાવીશ. મેં અલ્પવિરામ (,)થી ભણાવવાનું શરૂ કર્યું. ત્યાં જ મનુદાદાએ જણાવ્યું કે ભાઈ તમે શિક્ષક તરીકે યોગ્ય છો, પણ તમારે શાળાનાં બાળકોને ગુજરાતી ભાષાનું જ્ઞાન પીરસવાનું છે.

શાળાકીય સ્ટેજ સંચાલનમાં મોટા ભાગે શ્રી હરિભાઈ વરમોરા, શ્રી શામજીભાઈ દેસાઈ, હું અને શ્રી કનુભાઈ પટેલ વગેરે પ્રવૃત્ત રહેતા. એક દિવસ શાળાકીય સભા સંચાલન મારા થકી હતું ને શ્રી માણેકલાલ સાહેબને આવવાની વાર હતી.

મેં કાર્યક્રમ શરૂ કરી દીધો ને સાહેબ આવી પહોંચ્યા. મેં તરત જ શ્રી માણેકલાલ સાહેબને જ વક્તવ્ય રજૂ કરવા વિનંતી કરી. સાહેબશ્રીએ વક્તવ્ય શરૂ કર્યું ને મનુદાદા મારી સામે જોઈ મરક-મરક હસતા હતા, મને તો લાગ્યું કે ક્યાંક મારી ભૂલ થઈ કે શું ? પણ મનુદાદાએ કહ્યું કે કોઈ વાંધો નથી.

એક વાર નાની કડી ખાતે સ્પર્ધાઓ યોજાયેલી. અમે કેટલાક શિક્ષકો વિદ્યાર્થીઓ સાથે પ્રવેશ કર્યો અને તત્કાલીન આચાર્ય શ્રી ફૂલજીભાઈ પટેલે જણાવ્યું કે બધા જ અહીં છો તો નિશાળમાં કોણ ? મેં તો કહી દીધું કે હું તો હોઉં જ. મનુદાદા ત્યાં મહેમાન તરીકે હાજર હતા. તેઓ હસી પડ્યા.

શ્રી મનુદાદાને તેમનાં ધર્મપત્ની શ્રીમતી પુષ્પાબેન પૂજ્ય ગાંધીબાપુ ને કસ્તૂરબા જેવાં લાગતાં. જુગતે જોડી જોઈ લો. નારિકેલ પરિપાક જેવું ઉમદા વ્યક્તિત્વ ધરાવતા

શ્રી મનુદાદા વિશે આનંદશંકર ધ્રુવની પરિભાષા આપી શકાય કે, ''The mind has s thousand eyes And the heart but one; yet the light of a whole life dies when love is done.'' છેલ્લે મનુદાદાના સ્વાસ્થ્ય માટે પરમાત્માને પ્રાર્થના કરું છું કે તેઓ જીવનના અંતિમ ચરણ સુધી સ્વસ્થ રહે, તેમના ઉમદા કાર્યમાં કોઈ અવરોધ ઊભો ન થાય એ જ અભ્યર્થના.

*લાખ લીટીએ લખું તોય લખ્યું લખાય નહીં*
*સૂરજ - તાપના જેટલા તીખા, અડ્યા અડાય નહીં;*
*ચંદર - ચાંદની જેટલા મીઠા, ઝાલ્યા ઝલાય નહીં,*
*અંતર - આરત જેટલા ઊંડા, ખેંચ્યા ખેંચાય નહીં.*

એવું ઉમદા વ્યક્તિત્વ ધરાવતા ''સબાર-સંગે'' રહેવાની અમી નજર જેનાથી છૂપી નથી એવા શ્રી મનુભાઈ જે. પટેલ (મનુદાદા)ને કોટિ કોટિ પ્રણામ.

●

---

*વિદ્યાવિતરણનું કાર્ય ખરા અર્થમાં ચાલતું રહે તે માટે સૌપ્રથમ યુનિવર્સિટીના કુલપતિએ વહીવટ ઉપરાંત વિદ્યાકીય નેતાગીરી લેવી જોઈએ. ખરા અર્થમાં કૉલેજો તથા યુનિવસિટીઓ 'ચાલે છે' એવી સ્થિતિ લાવવી જોઈએ. સંસ્થામાં નિયત કલાકો તો વિદ્યાર્થી અને અધ્યાપક શિક્ષણપ્રક્રિયા સાથે ન બધો વખત ગોઠવાયેલી રહે તેવું આયોજન ન થાય તો ટાઇમટેબલમાં કાર્યભાર અમુક પિરિયડનો બતાવ્યાનો કોઈ અર્થ નથી. વિદ્યાર્થી જાતે કાર્ય કરતો, વિચારતો ન થાય અને ફકત ગોખવા તરફ વળે અને પરાવલંબી રહે તેવા ઉચ્ચ શિક્ષણનો કોઈ અર્થ નથી.*

**એચ. એમ. પટેલ**

---

# પ્રેરક વ્યક્તિત્વ

■ લલિત ગજ્જર

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ - કડી સંચાલિત રા. ર. શેઠ શ્રી પ્રા. મ. સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ - કડીના આચાર્ય શ્રી મનુભાઈ જે. પટેલ સાહેબ (1985-1995) ની છત્રછાયામાં મને (લલિતભાઈ પી. ગજ્જર) અવિરત હૂંફ અને હામ મળી રહી છે.

નિવૃત્તિ બાદ સાહેબને કેળવણી મંડળ દ્વારા સર્વ વિદ્યાલય સંકુલની મોટી અને મહત્ત્વની જવાબદારી સોંપવામાં આવી, જે એક યા બીજા હોદ્દા ઉપર આજપર્યંત નિભાવી રહ્યા છે.

કર્મચારીઓ સાથેની કામ લેવાની તેમની આવડત અને આંતરસૂઝ અનોખાં. વાલીગણ, વિદ્યાર્થીગણ, છાત્રાલયના છાત્રો, કેળવણી મંડળ સૌને તેમની વ્યવહારુ કુનેહ ગમી જતી... સૌ તેમની વાત અને વિચારથી કાયમ પ્રભાવિત થતા. એમની લાગણી, પ્રેમ સૌ માટે સમભાવ. પ્રત્યેક કર્મચારીને માનથી સંબોધન કરવું એ તેમની સાહજિક પ્રકૃતિ. કર્મચારીની આવડત પારખીને શાળા-સંસ્થા-કૅમ્પસ પ્રવૃત્તિઓમાં તેનો કેવી રીતે ઉપયોગ કરવો તે સુપેરે જાણતા.

અનેક મહત્ત્વની જવાબદારીઓ અને શિક્ષણક્ષેત્રના અનેકવિધ હોદ્દાઓ પર તેમની માનદ સેવાઓ હોવા છતાં 'હું એક શિક્ષક છું'ની ભાવના આજે પણ અકબંધ છે. કડીની આ સંસ્થાના આદ્યસ્થાપક પૂજ્ય છગનભાનો જીવનમંત્ર 'કર ભલા હોગા ભલા' સાચા અર્થમાં મનુદાદાએ આચરણમાં મૂકેલો મેં અનુભવ્યો છે. ઉત્તર ગુજરાત ઉપરાંત સૌરાષ્ટ્ર, વઢિયાર, કાઠિયાવાડ અને ચોમેરથી આ સંસ્થાની અનોખી શિક્ષણ છાપ હોવાથી દૂર-દૂરનાં ગામડાંઓથી અહીં પ્રવેશકાર્ય માટે વાલી અને વિદ્યાર્થીઓ આવતા. તેમને ધક્કો ના થાય તેની પૂરી કાળજી જાતે જ રાખતા. સવારથી બપોરના એક અને બપોર પછી ફરી પાછા શાળામાં પ્રત્યક્ષ હાજર રહેતા. દૂરથી આવેલ વ્યક્તિઓની પૃચ્છા કરે. છાત્રાલયમાં જમવાની વ્યવસ્થા કરી આપે. વાત ભલે નાની-અમથી લાગે, પણ તેમાં પણ તેમની ચીવટ, લાગણી, વ્યવસ્થા, હૃદયભાવની અભિવ્યક્તિનો પરિચય થાય છે. સમગ્ર કર્મચારીગણ તેમનો પડ્યો બોલ ઝીલે. માત્ર તેમની આભા અને કરુણાથી ભરેલ આંખ! 'પ્યૂન ટુ પ્રિન્સિપાલ' સૌ એક જ ડાળનાં પંખી છીએ. શાળા-સંસ્થા એક જ પરિવાર છે, એ પ્રકારે કામ અને હૃદયભાવનાનાં અમે દર્શન કર્યાં છે. બુનિયાદી વિચારધારાને વરેલા, ગાંધીપ્રવૃત્તિઓને પ્રાધાન્ય, શાળા ઉપરાંત મુખ્ય ગૃહપતિ તરીકેની માનદ સેવા પણ ખરી, જેથી છાત્રાલયની સાંજની પ્રાર્થનામાં તેમની પ્રેરક વાતો છાત્રોના જીવનઘડતરમાં મહત્ત્વની બની રહેતી. આજે પણ છાત્રાલયમાં રહી અભ્યાસ કરી ગયેલ અનેક વિદ્યાર્થીઓ કહે

છે કે, મનુદાદા અમને સરળ શૈલીમાં, હળવી શૈલીમાં ટકોર કરી દેતા અને અમે સૌ છાત્રો વાતને પામી જતા. અમારી મૂંઝવણ મુક્તમને રજૂ કરી શકતા અને ક્યારેક છાત્રાલયમાં નથી રહેવું વિચાર માંડીવાળી સંસ્થામાંથી જ સ્નાતક, અનુસ્નાતક સુધી અભ્યાસ કરવા ટકી જતા.

તમામ સહકર્મચારીઓ સાથે ઉમદા વલણ.... કર્મચારીઓને તેમની, તેમના પરિવારની પૃચ્છા... કંઈ મૂંઝવણ તો નથી ને ? કોઈ પણ કર્મચારીના પરિવારમાં કોઈ દુઃખદ ઘટના બની હોય તો બેસણામાં શાળાપરિવાર સાથે જઈ હૂંફ અને હામ પૂરાં પાડવાં એ તેમની પ્રકૃતિ હતી. નિરભિમાનીપણું તે તેમનો એક ઉમદાગુણ રહ્યો છે. પરિણામે આજે પણ તેમના કાર્યકાળ દરમિયાન જેમણે-જેમણે તેમની છત્રછાયામાં કાર્ય કરલે છે તે સૌના હૃદયસ્થ બન્યા છે. સૌ તેમને મનુદાદાના હુલામણા નામથી ઓળખે છે. આજે પણ તેઓશ્રી સંસ્થાગત કાર્યક્રમમાં આવ્યા છે, તેવી ખબર પડે ત્યારે તેમના સાથી કર્મચારીઓ પાયલાગણ માટે પહોંચી જાય છે.

1993માં મનુદાદાને રાષ્ટ્રીયકક્ષાનો શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો અવૉર્ડ એનાયત કરવામાં આવ્યો હતો. આ કાર્યમાં શાળા, શાળા પછીના સમયમાં ફાઈલ તૈયાર કરવાની કામગીરીમાં સદ્ભાગી થવા માટે ગર્વ અનુભવું છું.

તેમના સુંદર હસ્તાક્ષરો મને ગમે છે. એક અદના શ્રોતા અને વિશેષ તો અદના વક્તા. સરળ અને પ્રસંગોચિત વાત અને વિચાર સૌને સતત સાંભળવાં ગમે. સહકર્મચારીઓને તેમની ફરજોમાં મૂંઝવણ હોય તો તેનો સરળ ઉકેલ લાવે, જેથી કર્મચારીઓને પણ પોતાની વાત-વિચાર સાંભળનાર કુટુંબનો મોભી બેઠા છે, તેવી શુભ લાગણી અનુભવાય. 'હું પ્રથમ એક શિક્ષક છું'ની હૃદયભાવના તેમની જીવન-કાર્યશૈલીમાં અવિરત આજે પણ જોવા મળે છે. શાળા પરિસરના મધ્યસ્થખંડમાં સમાચાર, સુવિચાર, અવનવું, જાણવા જેવું – લલિતભાઈ તમારે જ લખવાનું અને તે કાર્ય મારી ફરજ દરમિયાન ઘણાં વર્ષો નિભાવ્યું હતું.

મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘની તેમની જવાબદારીઓમાં અમારો કેટલોક વહીવટી સ્ટાફ મનમૂકીને કામ કરતો. એ કામ સૌના સાથથી કપરું તો નહિ, પણ મહત્ત્વનું હતું જ. 650 ઉપરાંત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ સાથે કામ કરવામાં સમયાંતરે તેના હોદ્દેદારોની બેઠકોની વ્યવસ્થા, પ્રશ્નો, ઉકેલ એ બધાં કાર્યોમાં સહભાગી મનુદાદાની કાર્યચીવટ અમારા જીવનઘડતરમાં ખૂબ ઉપયોગી બની રહી છે.

અનેક પ્રવૃત્તિઓ સાથે અને મહત્ત્વની જવાબદારીઓ વચ્ચે પણ પોતાને ફાળવવામાં આવેલ શૈક્ષણિક કાર્ય અને પૂરક પ્રવૃત્તિઓની જવાબદારીમાંથી છૂટ લીધા વગર ધો.10ના વર્ગોમાં શૈક્ષણિક કાર્ય કરાવતા, એટલે તો આજે પણ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ કહે છે કે, 'મનુદાદા' અમને ગુજરાતી ભણાવતા. જોડણી અને વાક્યરચનાના ખાસ આગ્રહી. વર્ગખંડની નોટિસ અને સ્ટાફ સૂચના કે અન્ય પત્રવ્યવહારનું કામ જાતે કરવું એવી તેમની ચીવટ.

દાદાની નિવૃત્તિ પછી નાનાં-મોટાં કામ માટે ચાણસ્મા જવાનું બને તો મીઠો આવકાર અને વળતી વખતે બસભાડું લેવું જ પડે અને રૂપાણીના માઢથી પણ દૂર સુધી સાથે ચાલતા જ મૂકવા આવવાનાં અનેક સંસ્મરણોને કેમ ભુલાય ! મનુદાદાના સમગ્ર કાર્યકાળ

દરમિયાન એક નાના કર્મચારી તરીકે પરિવારના સભ્ય તરીકે કાર્ય કરતો હતો અને આજે પણ કરી રહ્યો છું. જાણે આજે પણ હું સંસ્થાનો કર્મચારી જ છું. આજે ગૌરવપૂર્વક કહી શકું છું કે, જાણીતા કેળવણીકાર, રાષ્ટ્રીયકક્ષાના શ્રેષ્ઠ શિક્ષક-આચાર્યશ્રી કેળવણી મંડળના મહત્ત્વના હોદ્દેદારશ્રી, સંસ્થાના પ્રમુખશ્રી 'મનુદાદા' મારા/અમારા આચાર્યશ્રી હતા/ છે. યુવાનને પણ શરમાવે તેવી જીવનશૈલી, નિયમિતતા આજે જૈફ વયે પણ કામમાં ઢીલાશ કે આળસ પ્રથમથી જ નહિ.

નિવૃત્તિમાં પણ પોતાના કાર્યકાળ દરમિયાન સહકર્મી તરીકે ફરજ બજાવનાર કર્મચારી નાનો હોય કે મોટો સમયાંતરે ટેલિફોનિક ખબર-અંતર પૃચ્છા કરતા રહે. આવી હૃદયભાવના પારિવારિક ભાવનાનાં દર્શન કરાવે છે.

સતત વાચન-લેખન અને સુંદર હસ્તાક્ષરો ધરાવનાર મનુદાદાનું લખાણ ક્રમશઃ અભિવ્યક્તિ અને લખવાની પ્રેરણા તેઓશ્રીમાંથી પામ્યો છું. આજે પણ વિવિધ પ્રસંગોચિત તહેવારો ટાણે પોસ્ટકાર્ડ પર કલાત્મક લખાણને દાદા પ્રોત્સાહન પૂરું પાડતા રહે છે. આજે યંત્રયુગની આંધીમાં પણ મારી પોસ્ટકાર્ડ લખવાની ટેવને તેઓશ્રી બિરદાવે છે.

એક અદનું પારદર્શક વ્યક્તિત્વ એટલે માનનીય, વંદનીય, મુરબ્બીશ્રી 'મનુદાદા.' તેમનું સ્વાસ્થ્ય સદાય યુવાન રહે, ઉત્તમોતમ રહે તેવી ઈશ્વરને પ્રાર્થના. તેમણે કેળવણીક્ષેત્રે, સામાજિક ક્ષેત્રે લોકહૃદયમાં અસાધારણ સ્થાન મેળવ્યું છે.

●

---

*કેળવણી એ જીવનવ્યાપી વસ્તુ છે. કેળવણીમાં ઊંડાણ અને વિસ્તાર બંને જોઈએ. ઊંડાણ ન હોય અને વિસ્તાર થાય તો ઝાડ ઊથલી પડે. એકલું ઊંડાણ હોય અને વિસ્તાર ન હોય તો ફળ ન બેસે.*

**નાનાભાઈ ભટ્ટ**

✳

*બધાં મકાનો જમીનદોસ્ત થયા પછી જે બચે તે યુનિવર્સિટી.*

**ઉમાશંકર જોશી**

---

# સૌમ્યમૂર્તિ સાહેબ

■ **માણેકલાલ એમ. પટેલ**

સને ૧૯૮૪-૮૫માં મુ. સ્વ શ્રી મોહનભાઈ સાહેબ સર્વ વિદ્યાલય, કડીના આચાર્ય પદેથી નિવૃત્ત થયા, પછી ટ્રસ્ટીશ્રીઓએ સર્વ વિદ્યાલય, કડીના ભૂતપૂર્વ આચાર્યશ્રીઓએ સ્વ. પોપટભાઈ પટેલ, સ્વ. બાપુભાઈ ગામી, સ્વ. નાથાભાઈ દેસાઈ અને નિવૃત્ત થનાર મુ. સ્વ શ્રી મોહનભાઈ પટેલ સાહેબની હરોળમાં આવી શકે તેવા આચાર્યની શોધ આદરી.

સિપોર તા. વડનગરના આચાર્યશ્રી જેઓ તે સમયે મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘના પ્રમુખ હતા. તેમને સર્વ વિદ્યાલયમાં આચાર્ય તરીકે આવવા કહેવામાં આવ્યું, પણ તેમણે ના પાડી અને કહ્યું કે મને આ ટ્રસ્ટ છોડશે નહીં અને મને પણ અનુકૂળ આવી ગયું છે. છતાં સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ આયાર્યશ્રી મોહનભાઈ સાહેબ અને મા. મંત્રીશ્રી માણેકલાલ સાહેબના આગ્રહને વશ થઈ તેમણે આચાર્ય તરીકે આવવાની મંજૂરી આપી તે સર્વગુણસંપન્ન અને સૌમ્યમૂર્તિ અને પ્રામાણિક આચાર્યશ્રી મનુભાઈ જે. પટેલ.

મૃદુભાષી અને વિદ્યાર્થી પ્રિય એવા શ્રી મનુભાઈ સાહેબે શરૂઆતથી શિસ્ત અને સંયમ અને સંસ્કારના પાઠો ભણાવવાનું શરૂ કર્યું. સવારે 10:00 વાગ્યે શાળામાં આવી જવું અને સાંજે 6:00 વાગ્યે જ ઘરે જવું. કૅમ્પસમાં જ તેમનું નિવાસ-સ્થાન હતું.

મારી એ સમયમાં શાળાના સુપરવાઇઝર તરીકે નિમણૂક થઈ અને સતત તેમના સંપર્કમાં રહી શાળાની શિસ્ત અને અભ્યાસ અંગે ચર્ચાવિચારણાઓ કરી શાળાના શિક્ષણને રુચિકર બનાવવા માટે અમે પ્રયત્નો કર્યા અને શાળાનું પરિણામ અને શિસ્તની ગુણવત્તામાં ઉત્તરોત્તર પ્રગતિ કરવામાં આવી. તે વખતે શાળાના ઉપાચાર્ય તરીકે સ્વ. ગણેશભાઈ પટેલ હતા, જેઓ વર્ષોના અનુભવી અને વિષય નિષ્ણાત હતા, તેમણે પણ શાળાની પ્રગતિમાં સિંહફાળો આપી શ્રી મનુભાઈ સાહેબની સાથે ખભેખભો મિલાવી સુંદર કામગીરી કરી હતી.

શ્રી મનુભાઈ સાહેબ વહીવટ કુશળ, વાક્ચાતુર્ય, સંપન્ન અને વિષય નિષ્ણાંત છે. વિદ્યાર્થીઓ અને શિક્ષકો વચ્ચે કડી બનીને ભાવાત્મક એકતાનો પરિચય કરાવીને સર્વ વિદ્યાલયને સોળેકળાએ ખીલવવા ક્રિયાશીલ બની રહ્યા હતા.

શાળામાં ભાવાત્મક એકતા જાળવવા જ્યારે કોઈ શિક્ષક ફરિયાદ કરે તો તેને આદર્શ વાતો કરી ઠંડો પાડીને મોકલે. તેઓનો વ્યવહાર પક્ષપાત સિવાયનો હતો.

સર્વ વિદ્યાલય, વિદ્યાર્થી આશ્રમ-હૉસ્ટેલથી સંકળાયેલ હોવાથી અનેક જિલ્લાના વિદ્યાર્થીઓ અભ્યાસ કરવા આવતા રહેતા હોઈ સાહેબજી દરરોજ સાંજે પ્રાર્થનાસભામાં હાજરી આપતા અને વિદ્યાર્થીને કોઈ તકલીક ન પડે તેની ખૂબ કાળજી રાખતા હતા.

A man knows by his character તે પ્રમાણે તેમનું જીવન સુચરિત્ર અને સંસ્કારયુક્ત હોવાથી તેમની પ્રતિભા સર્વત્ર ઊપસી આવતી.

શિક્ષણક્ષેત્રે અનેક મહત્ત્વનાં પદો, જેવાં કે, મહેસાણા શાળા સંઘના પ્રમુખ, આચાર્ય સંઘના પ્રમુખ, શિક્ષક સંઘના પ્રમુખ સફળતાપૂર્વક પૂર્ણ કરીને પોતાની કાર્યનિષ્ઠા થકી આ પદોની ગરિમા વધારી છે.

રાષ્ટ્રકક્ષાનો શ્રેષ્ઠ આચાર્યશ્રીનો ઉત્તમ કક્ષાનો અવૉર્ડ સરકારે આપી તેમનું તથા શાળાનું ગૌરવ વધાર્યું છે.

આવા પ્રતિભાવંત આચાર્યશ્રી મનુભાઈ સાહેબ શિક્ષણના જીવ છે અને તેઓશ્રી હમણાં જ સર્વવિદ્યાલય કેળવણી મંડળ – કડીના શિરમોર પ્રમુખ તરીકે સર્વાનુમતે પસંદગી પામતાં સર્વ વિદ્યાલયની પ્રગતિને આગેકૂચ કરવામાં મહત્ત્વનો ફાળો આપતા રહેશે.

શ્રી મનુભાઈ પટેલ સાહેબ નિરામય દીર્ઘાયુ પામે તેવી પરમાત્માને પ્રાર્થના.

●

---

*કેળવણી કહે છેઃ હું સત્તાની દાસી નથી, કાયદાની કિંકરી નથી, વિજ્ઞાનની સખી નથી, કળાની પ્રતિહારી નથી, અર્થશાસ્ત્રની બંદી નથી, હું તો ધર્મનું પુનરાગમન છું. મનુષ્યના હૃદય, બુદ્ધિ, તેમજ તમામ ઇન્દ્રિયોની સ્વામિની છું. માનસશાસ્ત્ર ને સમાજશાસ્ત્ર એ બે મારા પગ છે. કળા ને હુન્નર મારા હાથ છે. વિજ્ઞાન મારું મસ્તિષ્ક છે. ધર્મ મારું હૃદય છે. નિરીક્ષણ અને તક મારી બે આંખો છે, ઇતિહાસ મારા કાન છે. સ્વાતંત્ર્ય મારો શ્વાસ છે. ઉત્સાહ અને ઉદ્યોગ મારાં ફેફસાં છે. ધીરજ મારું વ્રત છે. શ્રદ્ધા મારું ચૈતન્ય છે. આવી હું જગદંબા છું. મારી ઉપાસના કરનાર બીજા કોઈનો ઓશિયાળો નહિ રહે. એની સર્વ કામના મારી મારફતે તૃપ્ત થઈ શકે તેમ છે.*

**કાકાસાહેબ કાલેલકર**

---

# પથદર્શક આચાર્યશ્રી

■ જયંતીભાઈ પટેલ

આદરણીય, વંદનીય આચાર્યશ્રી મનુભાઈ સાહેબના ગુણાનુવાદ વિશે તૈયાર થતા સ્મણિકા ગ્રંથ માટે લેખ લખવાની તક મળતાં, હું ધન્યતા અનુભવું છું.

૧૯૭૩માં વહીવટી કર્મચારી તરીકે મારી માતૃસંસ્થા શેઠ વી. આર. ભારતી વિદ્યાલય, વામજ અને તેમાં ઋષિતુલ્ય આચાર્ય શ્રી સ્વ. જેઠાભાઈ ત્રિવેદી સાહેબનું સાંનિધ્ય મળ્યું. ચાર વર્ષની સેવા બાદ ૧૯૭૬-૭૭માં ૧૦+૨ ઘટકની નવીતરાહમાં વર્ગ ઘટાડાના કારણે સંખ્યાધિક બનવાનું થયું... સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડીમાં જગ્યા હોઈ... વામજની કાર્ય પદ્ધતિના કારણે સ્વ. આચાર્ય શ્રી મોહનભાઈ સાહેબે સર્વ વિદ્યાલયમાં મને સેવાની તક આપી... (મુરબ્બી મનુભાઈ સાહેબની સાથેના અનુભવો કંડારવા માટે) પૂર્વભૂમિકા જરૂર હોઈ આ પૃષ્ઠભૂમિકા હું રજૂ કરું છું) આઠ વર્ષ સુધી કરુણામૂર્તિ સ્વ.શ્રી મોહનભાઈ પટેલ સાહેબનું સાંનિધ્ય મળ્યું. આદરણીય આચાર્ય શ્રી મનુભાઈ સાહેબના સાંનિધ્યમાં વહીવટી કુશળતા માટે શાળા સંઘની જવાબદારી, તેમજ સાહેબ રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ હોઈ, તેમની સાથેના પત્ર-વ્યવહારની કામગીરીમાં મારું ઘડતર નીખરી આવ્યું...!

મુ. આચાર્યશ્રી મનુભાઈ સાહેબ, કરુણામૂર્તિ.. પ્રેમાળ 'મા' જેવા અને વિદ્વત્તાથી સભર પ્રજ્ઞાવાન.. તરીકે આજની તારીખમાં મારા જીવનનો એક ભાગ બની રહ્યા છે. સાહેબ, ૧૯૯૫માં ૩૧ મે નારોજ નિવૃત્ત થયા. ૧૦ વર્ષનું સાંનિધ્ય તેમની સાથે સાંપડ્યું. તે દસ વર્ષના ગાળામાં તેઓશ્રી અમારા કુટુંબના વડીલ હોય, તેવી ભૂમિકામાં રહ્યા. આ ભૂમિકા તેઓશ્રી ૧૯૯૫માં નિવૃત્તિ બાદ ૨૦૦૧ સુધી કૅમ્પસ ડાયરેક્ટર તરીકે રહ્યા ત્યાં સુધી સાપેક્ષ મળી રહી અને ત્યાર બાદ આજ દિન સુધી તેમના વતન ચાણસ્મામાં રહ્યા-રહ્યા પણ સમયાંતરે અમારી પૃચ્છા કરી.. ક્ષેમ-કુશળતાના, સમાચાર લેતા રહેતા અને તેમની હૂંફ અમને હંમેશાં મળતી રહી છે.

તેમના સાંનિધ્યમાં રાજ્ય આચાર્ય સંઘનો પોર્ટફોલિયો, શાળા સંઘની લગભગ ૬૫૦ જેટલી શાળાઓને પરીક્ષાનાં પેપરોની ગોપનીયતા જાળવવાની સાથે સમયસર પહોંચાડવાનું કાર્ય.. તેમની પારદર્શક હિસાબની કાર્યક્ષમતાના ગુણો ખીલવવામાં તેમની હૂંફ, માર્ગદર્શન અને પ્રેરણા અમોને ઉત્તમ કારગત રીતે મળ્યાં છે. તદ્ઉપરાંત સાહેબનું પર્સનલ એકાઉન્ટ ઇન્કમટેક્સની જવાબદારી મને મળેલી અને નિવૃત્તિપર્યંત મેં નિભાવેલી છે. અમારી કાર્યકુશળતા મુરબ્બી શ્રી મનુભાઈ સાહેબના સાંનિધ્યથી પ્રાપ્ત થઈ છે, તેથી તેઓ અમારા ગુરુસ્થાને હૃદયસ્થ છે. આજે પણ જ્યારે-જ્યારે, કડીમાં કેળવણી મંડળના કાજે આવે ત્યારે-ત્યારે, મને અચૂક યાદ કરે અને તેમની દર્શનીય મુલાકાત આપે, ત્યારે

એક નવી ઊર્જા પ્રાપ્ત થતી હોય તેવી અનુભૂતિ થાય છે.

મારી અવલોકન દૃષ્ટિએ મેં, એ નોંધ લીધી છે કે કદાચ સારા શુભપ્રસંગે સાહેબ ન પહોંચી શક્યા હોય, પરંતુ શોકના કે માઠાપ્રસંગે સાહેબની સાપેક્ષ હાજરી સાંત્વના માટે અચૂક હોય જ અને તે વખતે તેમની પૃચ્છા ખૂબ જ સાંત્વના આપતી મળી રહે..! તે મેં અનુભવ્યું છે, સાહેબ આજે ૮૭ વર્ષની ઉંમરે પણ બે-ત્રણ જીવલેણ ચિંતાજનક પરિસ્થિતિમાંથી સાંગોપાંગ પાર ઊતર્યા છે અને તંદુરસ્ત આયુષ્ય ભોગવી રહ્યા છે, ત્યારે ભગવાનને એટલી જ પ્રાર્થના કરીએ છીએ કે હે. પ્રભુ! અમારા આયુષ્ય સુધી સાહેબ શતાયુ નિરામય આરોગ્યમય જીવન ભોગવે અને અમારા જેવા હિતેચ્છુ પરિવારજનોને હૂંફ આપતા રહે..!

•

---

*સમગ્ર કેળવણીનો હેતુ આખરે તો વિદ્યાર્થીને સ્વનિર્ભર, પોતાના પગ પર ઊભો રહે તેવો નાગરિક બનાવવાનો છે. પ્રાથમિક સ્તરે સારી શારીરિક-માનસિક ટેવો પડે. અક્ષરજ્ઞાન અને પાયાની અભિવ્યક્તિ ઉપર કાબૂ આવે. રોજિંદા ઉપયોગના વિશે એ ગણિત, વિજ્ઞાન, ઇતિહાસ-ભૂગોળ વગેરેનું જ્ઞાન તર્ક કરતાં શીખે, તે ધ્યેય હોય. આ તબક્કે શરીર અને મનનો જે ઝડપી અને અપૂર્વ વિકાસ થાય છે તેને પુષ્ટિ મળે અને ઉચ્ચ શિક્ષણ પચાવવાની શક્તિ આવે તેવા પ્રયત્નો કરવાના રહે.*

**કુલીનચંદ્ર યાજ્ઞિક**

---

# મારા બાળપણના વિદ્યાગુરુ

■ આચાર્ય મૃદુરત્નસાગરસૂરિ

પરમ ગુણનિધાન, સૌજન્યશીલ, સુજ્ઞશ્રી મનુભાઈ, ધર્મલાભ...

આજે આપના ગુણવૈભવને વાગોળવાનું મને મન થયું છે. અત્તરની બાટલીમાં રહેતી આપની ગુણસુવાસને અભિનંદનગ્રંથના માધ્યમે જગત સમક્ષ મૂકવાનો મને મોકો મળ્યો છે. ઉપકારીના ઉપકારને યાદ કરવાનો રૂડો મજાનો અવસર દિલના દરવાજે દસ્તક દઈ રહ્યો છે. કલમ ચલાવતાં અત્યંત આનંદની અનુભૂતિ કરી રહ્યો છું, મારો મનમયૂર નાચી રહ્યો છે, કારણ કે... આપ મારા બાળપણના વિદ્યાગુરુ છો, જ્ઞાનદાતા છો, સંસ્કારદાતા છો, ઉપકારી છો. નાનપણમાં જ્યારે હું સિપોરની હાઈસ્કૂલમાં ભણતો હતો ત્યારે આપશ્રીનું જે કડક અનુશાસન જોયું હતું તે આજે પણ મને યાદ આવે છે, આપ જેવા શિક્ષાગુરુ બહુ ઓછા જોવા મળે. 'મા જન્મ આપે છે, શિક્ષક સંસ્કાર આપે છે અને સદ્ગુરુ માર્ગ દેખાડે છે.'

તે સમયે આપે અમને વિદ્યા, વિનય અને વિવેકના જે પાઠ ભણાવ્યા હતા તે જિંદગીમાં ક્યારેય ભુલાય તેમ નથી, આપનો એ અગણિત ઉપકાર જીવનમાં હંમેશાં યાદ રહેશે. એ વખતે આપે આપેલી સંસ્કારની મૂડીસ્વરૂપ આશીર્વાદ લઈને મેં પ્રભુ મહાવીરના માર્ગે સંયમ-સંતજીવનમાં પ્રવેશ કરેલો. આ વાતને 40 વર્ષનાં વાણાં વીતી ગયાં. આજે પણ આપનો એ પ્રેમાળ, સ્નેહાળ, માયાળું સ્વભાવ યાદ આવે છે. લગભગ દર મહિને બે-ચાર વાર લાગણીભર્યો કુશળતા પૂછતો આપનો ફોન મારી ઉપર આવી જ જાય છે, જે એક સંત પ્રત્યેની પ્રીતિ દર્શાવે છે.

વિદ્યાની દેવી મા સરસ્વતીના આપ કૃપાપાત્ર છો. વિદ્યાક્ષેત્રે આપે જે હરણફાળ ભરી છે, જ્ઞાનદાનનું જે મહત્ત્વપૂર્ણ ઉમદા કાર્ય કર્યું છે, અનેક સંસ્થાઓમાં સંકળાઈને જે માનદ્ સેવાઓ આપી છે અને આપને મળેલી શક્તિને સમાજહિતનાં કાર્યોમાં લગાવીને માનવજન્મને સફળ કરવાના જે પ્રયત્નો કર્યા છે, તે ખરેખર પ્રશંસનીય છે, અનુકરણનીય છે, અનુમોદનીય છે, સ્તુત્ય છે...

બસ, આપશ્રી દ્વારા આગળ પણ સમાજ ઉત્કર્ષનાં કાર્યો ખૂબ-ખૂબ થયા કરે અને પ્રભુ આપને નીરોગી કાયા સાથે દીર્ઘાયુ બક્ષે એવી અંતરની અભિલાષા... આપને મળેલી લાખેણી અણમોલ સ્વ-પરના કલ્યાણ કરવામાં પસાર થાય એ જ અંતરનાં આશીર્વાદ...

તિથિ: ભા. વદ 11, સ્થળ: મુંબઈ, કાંદિવલી

•

# આધુનિક કાળના ઋષિ

■ **મયૂર કનૈયાલાલ પટેલ**

'बहुरत्न नाम वसुन्धरा' ઉક્તિ મુજબ આ પૃથ્વી પર ઘણાંબધાં રત્નો પાક્યાં છે. તેમાંના એક એટલે મારા પથદર્શક ગુરુવર્ય અને પૂજનીય એવા શ્રી મનુભાઈ પટેલસાહેબ, જેને અમે મનુદાદાના નામથી નવાજીએ છીએ. નામ જેવા ગુણ અહીં સત્ય પુરવાર થાય છે. ભારતીય સંસ્કૃતિના જનક એવા મનુ મહારાજે આદિ માનવને સંસ્કારી અને દિવ્ય જીવન જીવવાની એક અનોખી પદ્ધતિ આપી તેમ આપશ્રીએ સર્વ વિદ્યાલયની સંસ્થામાં રહી શરીર, મન અને બુદ્ધિની કેળવણી આપી વિદ્યાર્થીઓના સંપૂર્ણ વિકાસમાં ખૂબ જ મોટું યોગદાન આપ્યું છે. સમગ્ર ગુજરાતમાં ખ્યાતિ ધરાવનારી શાળાઓમાં – 'સર્વ વિદ્યાલય'નું નામ અવ્વલ નંબરે આવે છે. તેના પાયામાં આદરણીય 'છગનભા'નું મોટું યોગદાન છે. 'કર ભલા હોગા ભલા'ના મંત્રને જીવનમંત્ર બનાવી, કડી તાલુકાના આજુબાજુનાં બાળકોને શિક્ષણ પ્રત્યે ભૂખ જગાડી એક ઉત્તમ શિક્ષણધામ બનાવ્યું. આ સંસ્થાને આગળ ધપાવવા ભેખધારી આચાર્યશ્રીઓ પૈકી તેમજ નિયામક તરીકે યશસ્વી કામગીરી કરનાર મહાનુભાવોમાંના એક એટલે પૂજ્ય મનુદાદા...

હું જૂન 1995માં ધોરણ-8માં સ્કૂલમાં તેમજ વિદ્યાર્થી આશ્રમમાં રહી મારું માધ્યમિક શિક્ષણ પૂર્ણ કરવા અમદાવાદ જેવા શહેરમાંથી અહીં નાનકડા ટાઉનમાં અભ્યાસ કરવા આવેલ. મારાં મમ્મી-પપ્પા પ્રાથમિક શાળામાં શિક્ષક હોઈ મને પ્રાચીન તપોવન પદ્ધતિના ભાગરૂપે છાત્રાલય શિક્ષણ લેવા માટેનાં ખાસ આગ્રહી હતાં. સ્કૂલમાં આદરણીય ફુલજીભાઈ સાહેબ અને છાત્રાલયમાં પૂજ્ય મનુદાદાનું સાંનિધ્ય મળ્યું. માનવનો સર્વાંગી વિકાસ સાધવા શરીર, મન અને બુદ્ધિનો યોગ્ય વિકાસ થવો જોઈએ અને તે પૂર્ણ કરવાની તક આપ મહાનુભાવ થકી મળી.

છાત્રાલયની સાયંપ્રાર્થનાનું એક અનોખું વાતાવરણ હતું. વિવિધ પ્રાર્થના, ભજન અને સુંદર વૈદિક મંત્રો તેમજ ગીતાજીના અધ્યાય-2ના સ્થિતપ્રજ્ઞના શ્લોકોનું સમૂહમાં પારાયણ કરાવતા. પ્રાર્થનાસભા માટે બધાં બાળકો ખૂબ આતુરતાથી રાહ જોતાં હોય. રામાયણના વસિષ્ઠ જેવો શિષ્યપ્રેમ 'रामेति मधुरां वाणीं विश्वमित्रो-अभ्यभाषत उतिष्ठ नर शार्दूलपूर्वा संध्या प्रवर्तते।' પૂજ્ય મનુદાદા દરરોજ વિદ્યાર્થીજીવનની સુટેવોનું ઘડતર થાય તેવી બોધપ્રદ વાર્તાઓ તેમજ ચરિત્રનિર્માણ થાય તેવી ધ્રુવ, પ્રહ્લાદ, નચિકેતા જેવાં બાળકોની વાર્તા કહી તેમનાં જેવાં થવાની પ્રેરણા પૂરી પાડતા. દરેક છાત્રની નાનામાં નાની ખૂબી જાણવા પ્રયત્ન કરતા.

મારા પિતાશ્રી પૂજનીય પાંડુરંગ શાસ્ત્રીજીના સ્વાધ્યાયકાર્યમાં જોડાયેલ હોઈ તેમના

વિચારોને મને પત્ર દ્વારા સરળ ભાષામાં રજૂ કરતા અને પ્રાર્થનાસભામાં આવા પત્રો બધાં બાળકોની સમક્ષ વાચન કરી અન્ય બાળકોને નવી દિશા ચીંધતા. આમ મને મોટીવેશન દ્વારા મારી પ્રગતિમાં અમૂલ્ય ફાળો આપી સાચા અર્થમાં માનવી બનાવ્યો. ભારતીય સંસ્કૃતિના સંસ્કારદહ પિતાની ભૂમિકા નિભાવી છે. એસ.એસ.સી.માં પણ મારે 87% આવેલ. તેમાં મનુદાદાનો કીમતી ફાળો છે. જેમના ઋણને હું કદી ફેડી શકું તેમ નથી. છાત્રવાસનાં મારાં ત્રણ વર્ષ મારી જીવનની કેડી કંડારવા માટે પર્યાપ્ત હતાં.

હું ધો-9માં હતો ત્યારે એક વખત મહેસાણા જિલ્લાના કલેક્ટર વ્યક્તિવિશેષ તરીકે સર્વ વિદ્યાલયમાં બોલાવેલા. તેમની ગાડી, બોડીગાર્ડ વગેરે ઠાઠ જોઈ હું પ્રભાવિત થયો અને ત્યારથી નક્કી કરેલ કે નોકરી તો બાપુ આવી જ કરાય અને ત્યારથી મેં તે દિશામાં મારા પિતાશ્રી પાસેથી માહિતી મેળવી UPSC એક્ઝામ પાસ કરવાની નેમ લીધી. આગળ જતાં મેં પોસ્ટ ગ્રેજ્યુએશન અંગ્રેજી વિષય સાથે કરી. પૂજનીય પાંડુરંગ શાસ્ત્રીજી (દાદાજી)ના આશીર્વાદથી પ્રથમ પ્રયત્ને જ સિવિલ સર્વિસ ઉત્તીર્ણ કરી. 2006ની બેચમાં IPS બની ઝારખંડ જેવા નક્ષલ પ્રભાવિત રાજ્યમાં 13 વર્ષ S.P તરીકે સેવા કરી છેલ્લાં બે વર્ષથી DIG બોકારોમાં સેવા આપું છું. આવી સિદ્ધિ મેળવવામાં મારા યોગેશ્વર ભગવાન, માતા-પિતા અને મનુદાદા જેવા મહાનુભાવોની શુભેચ્છાઓ જ છે.

●

---

*યુનિવર્સિટીમાં શૈક્ષણિક સ્વાતંત્ર્યના રક્ષક કુલપતિ ગણાય. તે વિદ્યાપુરુષ પણ હોય અને વહીવટી ક્ષમતા પણ ધરાવતા હોય એ જરૂરી છે.*

**એચ. એમ. પટેલ**

✳

*કેળવણી એ.. શિક્ષક અને વિદ્યાર્થી – એક વ્યક્તિ અને બીજી વ્યક્તિ – વચ્ચે ચાલતી પ્રક્રિયા છે. માનવી વચ્ચેના સંબંધોની સંજીવની કેળવણીની આ પ્રક્રિયામાં રહેલી છે. માટે તો, મુખ્યત્વે, કેળવણી આપકેળવણી છે. જે પોતાને સતત શીખવતો રહે છે તે, વખતે, અન્યને એના શિક્ષણમાં મદદરૂપ થઈ શકે અને કેળવણી બે વ્યક્તિઓ વચ્ચેની પ્રક્રિયા હોય તો પ્રેમ જેવું બીજું કોઈ તેનું માધ્યમ ન હોઈ શકે.*

**ઉમાશંકર જોશી**

---

# સેવાના ભેખધારી

■ જે. એમ. સુથાર

સન-1968ના મે મહિનામાં અમે આશરે 35 જેટલા વિદ્યાર્થીઓએ આપની આદર્શ વિદ્યાલય, સિપોરમાં એડમિશન લીધું હતું. મહેસાણા જિલ્લામાં જે નામાંકિત હાઈસ્કૂલો હતી તેમાં આપના વહીવટ હેઠળની આ આદર્શ વિદ્યાલય હાઈસ્કૂલનો પ્રથમ નંબર હતો. આપની વહીવટી કુશળતા, શિસ્તપાલન, ફરજનિષ્ઠા અને નિષ્કામ કર્મયોગીની ભાવના અને સદ્‌ગુણોના કારણે આદર્શ વિદ્યાલય વાસ્તવમાં આદર્શ બની હોવાથી અમારી પસંદગી યોગ્ય રહી. કારણ કે આ આદર્શ વિદ્યાલય માત્ર આપના નામથી જ ઓળખાતી હતી.

અભ્યાસમાં હું તેજસ્વી હોવાથી મારા ભવિષ્યની પ્રગતિને ધ્યાનમાં રાખી મારો આવવા-જવામાં સમય વ્યર્થ ના થાય તે માટે મારે હાઈસ્કૂલમાં જ રહીને અભ્યાસ કરવાનો આપે આગ્રહ રાખતાં મેં મારાં બે વર્ષ આપની સતત નિગરાની હેઠળ વિતાવેલાં, મારા અભ્યાસમાં કોઈ કચાસ ના રહે તે માટે આપ રાતના મોડા સુધી હાઈસ્કૂલમાં રોકાતા અને રાત્રીના નીરવ અંધકારમાં હું આપને નિર્જન રસ્તે એકલા ચાલ્યા જતા જોઈ રહેતો હતો, એટલું જ નહીં વહેલી સવારના પણ મને જગાડી ભણવા માટે પ્રોત્સાહિત કરતા હતા. પરિણામસ્વરૂપે હું ઑલ્ડ એસ.એસ.સી., વડનગર કેન્દ્રમાં દ્વિતીય નંબરે ઉત્તીર્ણ થયેલો. આપની પ્રેમાળ લાગણી અને પ્રોત્સાહનના લીધે મારા જીવનઘડતરના પાયા મજબૂત બનેલા. સને 1974માં હું પી.એસ.આઈ. તરીકે ભરતી થઈ સને 2006માં એ.સી.પી. તરીકે પ્રમોશન મેળવી 2012માં નિવૃત્ત થયેલ છું. આપે સીંચેલાં ફરજ નિષ્ઠા, અથાગ મહેનત અને કર્તવ્ય-પરાયણતાના પાઠનાં બીજ મારા જીવનમાં એક વટવૃક્ષ રૂપે અંકુરિત થતાં આપના આશીર્વાદથી મને રાષ્ટ્રપતિ મૅડલ મળેલો.

આપે સેવાનો ભેખ ધારણ કર્યો છે. આપ શિસ્ત અને સંયમના ચુસ્ત આગ્રહી રહ્યા છો, તેમ છતાં કડક સ્વભાવની અંદર કોમળ હૃદય પણ છુપાયેલું અમોએ જોયું છે. આપ સાહેબ સમાન આચાર્ય અને વહીવટ કુશળ વ્યક્તિ આજના સમયમાં મળવી દુર્લભ છે. મારી કારકિર્દીમાં આપના સાથ, સહકાર અને આશીર્વાદ મને આ જન્મે યાદ રહેશે. પ્રભુ આપને લાંબું અને તંદુરસ્ત આયુષ્ય આપે તેવી પ્રાર્થના.

●

# જીવનઘડતરના પ્રેરણામૂર્તિ

■ ડૉ. એસ. ક. શુક્લ

જ્યારે હું ધોરણ-8માં હતો ત્યારે માનનીય શ્રી મનુભાઈ સાહેબ આદર્શ વિદ્યાલયમાં આચાર્ય તરીકે જોડાયા, ત્યારે શાળાની શૈક્ષણિક અને રમતગમતક્ષેત્રે હાલત ઘણી કથળેલી કહેવાય. માનનીય મનુભાઈ સાહેબના માર્ગદર્શન હેઠળ શાળાએ સંઘભાવનાનો અનુભવ કર્યો. તેમની હૃદયપૂર્વકની મહેનતને પ્રેરણાથી શાળા વિકાસની કેડી આંબતી ગઈ. શાળા રમતગમતક્ષેત્રે રાજ્ય કક્ષા સુધી પ્રતિનિધિત્વ કરવા લાગી. શૈક્ષણિકક્ષેત્રે તેમના માર્ગદર્શનથી શાળાના વિદ્યાર્થીઓ વડનગર કેન્દ્રમાં અગ્રેસર રહેવા લાગ્યા. હકીકતમાં જિલ્લાને રાજ્યકક્ષાએ સિપોરને તેમના સમયગાળામાં આગવું સ્થાન મળવા લાગ્યું. મનુભાઈ સાહેબે એક આદર્શ ઉદાહરણરૂપે સ્કૂલમાં રાત્રે ગરીબ વિદ્યાર્થીઓને રહેવા અને વાંચવાની સગવડ પૂરી પાડી હતી અને તેઓ ગમે તે સમયે આવીને ચેકિંગ પણ કરતા હતા. જ્યારે તેઓ આચાર્ય તરીકે જોડાયા ત્યારે વિજ્ઞાન, ગણિત, અંગ્રેજીના હોશિયાર, મહેનતુ અને ખંતીલા શિક્ષકોને પણ સાથે લાવેલા અને શાળાને ઉચ્ચ શિક્ષણની વ્યવસ્થા મળે તેવી ઉચ્ચ ભાવના કેળવી. તેઓશ્રી સમયપાલન, શિસ્ત અને ચારિત્ર્યઘડતરના ચુસ્ત આગ્રહી હતા. તેઓએ મંડળ અને સિપોરના ગ્રામજન્યોમાં આદર્શ શિક્ષક-આચાર્યની છાપ છોડી છે. આજે પણ ગામના કાર્યક્રમમાં ગ્રામ્યજનો, પૂર્વ વિદ્યાર્થીગણ તેમને આવકારવા આતુર હોય છે. તેઓ એક ઉચ્ચ વહીવટદાર હોવાથી શાળામાં ઉમદા મૂલ્યોને પ્રતિબિંબિત કરેલાં. તેમનાં સર્વ કાર્યો રચનાત્મક અને ભાવાત્મક હોવાથી તેઓનાં સૂચનોનું યોગ્ય અમલીકરણ થતું હતું. તેઓશ્રી રચનાત્મકપ્રવૃત્તિ સાથે જોડાયેલા વ્યક્તિઓને શાળાના કાર્યક્રમોમાં નિષ્ણાત તરીકે આમંત્રિને તેમના વિશષ અનુભવોનો લાભ શાળા પરિવારની સાથે ગ્રામજનોને અપાવતા. તેઓશ્રી વિદ્યાર્થીઓમાં પ્રશ્ન પૂછવાની વૃત્તિ અને પૃથક્કરણાત્મક તર્કશક્તિ જાગ્રત કરવા મહેનત કરતા હતા.

તેઓશ્રી મારી પ્રગતિના શિલ્પકાર છે. આ પદ પર પહોંચવા માટે તેઓશ્રીનાં અથાગ મહેનત, ખંત, ઉચ્ચ આદર્શ મારા માટે પ્રેરણારૂપ રહ્યાં છે. આજે પણ હું જુદી-જુદી કૉલેજોમાં કોઈ પ્રોગ્રામમાં જાઉં ત્યારે મારા જીવનઘડતરના પ્રેરણામૂર્તિ શ્રી મનુભાઈ સાહેબે આપેલ યોગદાનને જરૂર યાદ કરું છું.

●

# મહાત્માસમ શ્રી મનુદાદા

■ ડૉ. પંકજ રણછોડભાઈ પટેલ

મેં વિદ્યાર્થી આશ્રમમાં રહીને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત 'કડી નાગરિક બૅંક પ્રાથમિક શાળા'ના ધોરણ-6 (છ)માં પ્રવેશ મેળવ્યો... હું ગ્રામ્ય વિસ્તારમાંથી આવતો હોઈ, ગ્રામ્ય ટેવોમાં ટેવાયો હોઈ, વિદ્યાર્થી આશ્રમનું જીવન, સમૂહમાં ભોજન અને ઘંટના ટકોરે તેમજ ગૃહપતિઓની ટકોરથી જીવનની રહેન-સહેન અને શિક્ષણપદ્ધતિમાં ગોઠવાવાનું હતું. જીવનના ધ્યેયને સિદ્ધિઓના શિખર ઉપર પહોંચાડવાની તમન્નાથી હું ઝડપથી આશ્રમી જીવનથી ટેવાઈ ગયો, એટલું જ નહીં, પણ મારી રમતગમતની અભિરુચિ વક્તૃત્વમાં 'વાક્છટા' અને શૈક્ષણિક ઊંચાં પરિણામો થકી ગુરુજનોમાં પ્રિય વિદ્યાર્થી તરીકેનું સ્થાન પામ્યો..!

તત્કાલીન સમયમાં આચાર્યશ્રી અને મુખ્ય ગૃહપતિ તથા ગૃહપતિશ્રીઓ તેમજ સમગ્ર કૅમ્પસના અમારા સૌના પરમ આદરણીય નિયામક શ્રી પૂજ્ય શ્રી મનુભાઈ સાહેબ (દાદા)નો પ્રભાવ આટલાં વર્ષો વીતી ગયાં, પરંતુ નજર સમક્ષ સાપેક્ષ દૃષ્ટિમાન થાય છે. કુંજમાં પ્રવૃત્તિઓની પદ્ધતિનો અવાજ.. સંભળાય અને મનુદાદા તેમજ આચાર્યશ્રી ફુલજીભાઈ સાહેબ શું થઈ રહ્યું છે? તે જાણવા અવારનવાર આવે જ..., અને ગૃહપતિ દ્વારા થતી જીવનઘડતરની પ્રવૃત્તિથી મરક-મરક, ખુશ થતા. સૂરજ ઊગે અને સંધ્યાનું આગમન થાય દિવસ ક્યાં પસાર થાય તેની ખબર જ ન પડે..! સાયંની પ્રાર્થનાની અમે રાહ જોતા..! વિદ્યાર્થીઆશ્રમની આ અમારી પ્રાર્થના અમારા જીવનઘડતરનું ઊજળું પાસું છે. તેમ કહું તો જરાય અસ્થાને નથી. તે સમયે મધ્યમાં ખાદીના સાદા પહેરવેશમાં બેસતા શ્રી મનુદાદા એક મહાત્માસમ આજે પણ નજર સમક્ષ કેન્દ્રિત થાય છે.

આશ્રમી જીવનમાં જીવનના અનેક સદ્‌ગુણોનો વિકાસ થાય છે. તેમાંની એક પ્રવૃત્તિ અહીંયાં રજૂ કરવી ઉચિત ગણાશે..! વિદ્યાર્થી "વસ્તુભંડાર" ચલાવવાની જવાબદારી ગૃહપતિશ્રીએ મને અને મિત્ર ધર્મેન્દ્રને સોંપી..! સાંજના પાંચ-છના સમયગાળામાં આ સ્ટોર નજીવા નફાથી સસ્તા દરે ચાલતો..! 12(બાર) માસના અંતે રૂ.1500/-નો નફો થયો.. ગૃહપતિ સાથે કાર્યાલયમાં શ્રી મનુદાદાને આ પૈસા સંસ્થામાં જમા કરવા ગયા.. થોડું વિચાર્યા બાદ દાદાએ કહ્યું.. કેળવણી મંડળને વિદ્યાર્થીઓના આ પૈસાની જરૂર નથી..! બંને વિદ્યાર્થીઓને ₹ 200/- 200/- મહેનતાણા રૂપે આપી.. બાકીની આશ્રમના વિદ્યાર્થીઓ માટે નોટબુક રૂપે સમભાગે વહેંચી દો..! અમને ધન્યવાદ અને આશીર્વાદ આપી, યોગ્ય વ્યવસ્થા કરી આપી. અહીં મને વેપારી બનવાની તાલીમ અને પ્રેરણા પણ મળી હતી. શૈક્ષણિક તેજસ્વી કારકિર્દી લઈને હું તબીબ બન્યો..! અને ધર્મેન્દ્ર શિક્ષક બન્યો...

હું તો માનું છું કે, 1999થી 2005નું વિદ્યાર્થીઆશ્રમનું જીવનઘડતર અને સર્વ વિદ્યાલયનું શિક્ષણ મારા જીવનનો સુવર્ણયુગ હતો. તેમ કહું તો જરાય અતિશયોક્તિ ભરેલું નહીં ગણાય. સમર્પિત નિયામકશ્રી મનુદાદા શિસ્ત અને શિક્ષણના તેમજ ઈતર પ્રવૃત્તિઓના આગ્રહી તેમજ સહાયક ગૃહપતિ સાહેબોએ અમારાં મા-બાપની ભૂમિકા ભજવી છે. તેની છાપ આજ દિન સુધી મારા જીવનમાં અંકિત થયેલી છે. શાલેય શિક્ષણ બાદ મેડિકલનો. પી. જી. મેડિકલનો, સુપર સ્પેશ્યાલિટી ન્યુરોલૉજીનો ઘણો લાંબો સમય અભ્યાસમાં પસાર કર્યો.., ઘણા ઉચ્ચ લાયકાતવાળા અધ્યાપકોના સાંનિધ્યમાં અભ્યાસ કરવાનો અનુભવ પણ થયો, પરંતુ મારા જીવનની ડિઝાઇન તો વિદ્યાર્થી આશ્રમ અને સર્વ વિદ્યાલયમાંથી જ અંકિત થઈ છે એમ કહું તો જરાય ખોટું નહીં ગણાય. 'વિદ્યાર્થી આશ્રમ એ જીવનઘડતરનું ધરુંવાડિયું છે' એવું મનુદાદા કહેતા તે હું આજે ચોક્કસ માનું છું.

પૂ. મનુદાદા કિશોર કુંજમાં જ્યારે-જ્યારે મુલાકાતે આવતા. ત્યારે અમારી જીવનપદ્ધતિનું આશ્રમી પદ્ધતિનું મૂલ્ય પરખતા હતા. તેમના ઉપર ગાંધીજીના જીવનની અને સિદ્ધાંતોની ઊંચી અસર અમે અનુભવી છે. મૃદુ ભાષા.. માર્મિક વચનો.. સાદો પહેરવેશ અને ઉદાહરણો દ્વારા જીવનની શીખ આપતા.. તેઓશ્રી જાડા કાચનાં ચશ્માં પહેરતા.. એ ચશ્માંનું હું તબીબી, ભાષામાં મૂલ્ય તારવું તો.. એક કાચ સૂક્ષ્મદર્શકનો અને બીજો કાચ બાયનોક્યુલરનો હશે..! બહુ જ સૂક્ષ્મ રીતે વ્યવસ્થાનું નિરીક્ષણ અને મૂલ્યાંકન.. અને કિશોરોના ઘડતર માટેની લાંબી દષ્ટિ, અમે અનુભવી છે. અમારા વિદ્યાર્થી આશ્રમની એમની ટીમ..! સર્વાંગીણ હતી. અને તેથી જ અમે સર્વાંગીણ કેળવણીની શિક્ષા 1999થી 2005ના સાત વર્ષના ગાળામાં મેળવી શક્યા છીએ..! આજે પણ હું આટલા વ્યવસાયમાં વ્યસ્ત હોઉં.. અને ગુરુજનોનો મિસકૉલ જોઉં ત્યારે.. જીવન ઘડતરના એ ગુરુઓને અવકાશ મળ્યે ફોનથી વાત કરી ક્ષમા-યાચના માગી લઉં છું. એટલો ઊંચો પ્રભાવ મનુદાદા જેવા ગુરુઓનો મારા જીવન ઉપર અંકિત થયેલો છે.

પૂજ્ય શ્રી મનુદાદા સાંજની પ્રાર્થનામાં અવશ્ય ઉપસ્થિત હોય.. ત્યારે તેઓ મહાત્માસમ ભાસતા. તેમના દ્વારા જીવનના ઘડતરનાં પ્રેરક પ્રવચનો માટે અમારી ઉત્કંઠતા તીવ્ર રહેતી અને પ્રાર્થના બાદ આ પ્રવચનોની ડાયરી બનાવવાની મારી ટેવ આજે પણ યાદ કરું છું અને વ્યવસાયમાં ક્યારેક મૂંઝવણ કે, માનસિક પરિતાપમાં, આ પ્રવચનો મને ઉત્સાહ અને મારાં મનોબળને મજબૂત બનાવે છે. શ્રી મનુદાદાને પ્રાસંગિક મળવાનું થાય. ત્યારે આશ્રમીજીવન અને વિદ્યાર્થીઓના જીવન ઘડતરમાં તેમનો ફાળો મહત્ત્વનો છે. તેમ અવશ્ય વાગોળતા.. અને દોહરાવતા. સ્વાવલંબન, સ્વાશ્રયી રહી જીવન સેવાપરાયણતા અને સાદગી ભરેલું જીવન જીવવા માટે આશ્રમી જીવન બહુ જ ઉપયોગી છે. દાખલા સાથે તેઓ સમજાવતા અને પ્રાર્થના-પ્રવચનમાં દોહરાવતા.., તે વખતની આ સામાન્ય લાગતી બાબતો આજે આ તબીબી જીવનમાં ખૂબ જ ઉપયોગી થઈ પડી છે, ત્યારે વિદ્યાર્થીજીવન અવશ્ય યાદ આવે છે.

સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં તે વખતની તેમની આચાર્ય ઑફિસમાં તેમની બેઠકની જમણી બાજુના શ્યામ ફલક ઉપર ઑઇલ પેન્ટના પીળા કલરથી કાયમી ધોરણે જળવાઈ રહે તેવું સર્વોદય પ્રણેતા પૂ. વિનોબા ભાવેનું ક્વૉટેશન આજે પણ તે, રૂમમાં યથા

સ્થિતિમાં છે. ક્યારેક-ક્યારેક, સમય મળે શાળામાં જાઉં છું ત્યારે વાક્ય વારંવાર વાંચું છું. તે નીચે મુજબ છે.

*જ્ઞાનવાન વિદ્વાન હોય છે.*
*કરુણાવાન માતા હોય છે.*
*શીલવાન સાધુ હોય છે.*

**- વિનોબા ભાવે.**

જ્યારે શિક્ષક તો.., જ્ઞાનવાન, કરુણાવાન, અને શીલવાન – ત્રણેય લક્ષણો ધરાવે છે. આ વાક્યની મારા જીવન ઉપર ઘેરી અસર પડેલી છે. તેની અસર પૂજ્ય મનુદાદાદાના જીવનમાં મેં અનુભવેલી છે.

ગુરુમાતા સ્વ. પુષ્પાબાની તબિયત નાદુરસ્ત થતાં તેમની ઉત્તરાવસ્થામાં સર્વ વિદ્યાલય કેમ્પસની જવાબદારીમાંથી મુક્ત થઈ, માદરે વતન ચાણસ્મામાં જવાનું થયું ત્યારે, પૂ. મનુદાદાના સાથે પ્રાર્થનાનાં પ્રેરક પ્રવચનોથી અમે વંચિત થયાં, જેની ખોટ અમને સાલતી હતી.

પૂજ્ય મનુદાદા આજે 87 વર્ષ જીવનની સંધ્યાનો સમય ગણી શકાય તેવી ઉંમરે સારી તંદુરસ્તી ધરાવે છે. તેમના નિવૃત્તિકાળ અને અત્યાર સુધીના સમયગાળામાં બે વખત જીવલેણ બીમારીમાંથી બેઠા થયા છે. જેમાં અમારા જેવા સેંકડો વિદ્યાર્થીઓની સેવા અને તેમની પ્રાર્થનાથી પૂજ્યશ્રી મનુદાદા 87 વર્ષે નિરામય છે. આ, એક સેવાનો કુદરતી સંકેત કહી શકાય..! સને 2019-20'માં કોરોનાની બીમારીમાં સપડાયા હતા. તેવા સમયે પૂજ્ય શ્રી મનુદાદાને કોરોનામાંથી લાંબી શુશ્રૂષા બાદ તબિયત તંદુરસ્ત બની. હાલ જીવન સંધ્યાના સમયે સારું આરોગ્ય ધરાવે છે, તે તેમની સેવાનું અને પારદર્શક જીવનનું ફળ જ ગણી શકાય..!

મારા જીવનના મૂંઝવણ ભરેલા તબક્કાઓમાં મારા પિતાશ્રીને યોગ્ય માર્ગદર્શન અને સમજ આપીને આ કક્ષાએ સુપર સ્પે. ન્યુરોસર્જનમાં પહોંચવામાં એમનું માર્ગદર્શન મને ઉપયોગી થયું છે. M.B.B.S.., M.S., DNB, NEURO & SPINE SURGERY. સુધીના અભ્યાસમાં ગુરુજનો અને સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ તેમજ વિદ્યાર્થી આશ્રમનો ફાળો શિરમોર છે તેમ દૃઢ રીતે માનું છું. એવી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ અને વિદ્યાર્થી આશ્રમના શિલ્પી એવા શ્રી મનુદાદાને સતાયુ આયુષ્યની કલ્પના કરી વંદના કરું છું.

"જય સર્વ વિદ્યાલય", "કર ભલા હોગા ભલા"

●

# કર્મયોગી શિક્ષક અને આચાર્ય

■ ડૉ. સુરેશ સી. પંડ્યા

પૂજ્ય શ્રી મનુભાઈ જે. પટેલ સાહેબ વિશે શબ્દોમાં વર્ણન કરવું ખૂબ જ અઘરું છે છતાં મારા ગુરુજી વિશે લખતાં મને ખૂબ જ આનંદ અને ગૌરવની અનુભૂતિ થાય છે. મારા અભ્યાસ દરમિયાન તેમની એક કર્મનિષ્ઠ શિક્ષક તરીકેની છાપ મારા મગજ અને હૃદયમાં હંમેશ માટે અંકાયેલી રહેશે.

આદર્શ વિદ્યાલય, સિપોરમાં મારા અભ્યાસની શરૂઆત અને શ્રી મનુભાઈ જે. પટેલ સાહેબની આચાર્ય તરીકેની શરૂઆત એકસાથે થઈ. આ એક જોગાનુજોગ સંયોગ છે. કોઈ પણ વ્યક્તિ કોઈની પાસે ત્રણ રીતે બંધાય છેઃ 1. અભાવથી, 2. ભાવથી અને 3. પ્રભાવથી, પરંતુ હું તેમની જોડે ત્રણેય રીતે બંધાઈ ગયેલો છું.

એક પ્રભાવશાળી સાહેબ જે-તે વખતના M.A, B.Ed., S.T.C. હતા, પરંતુ એક M.B.A.ને ટક્કર મારે તેવો તેમનો કુશળ વહીવટ, આયોજન અને દીર્ઘદૃષ્ટિ આદર્શ વિદ્યાલય સિપોરને સફળતાના શિખરે પહોંચાડી દીધેલ હતી. કેટલાય નૅશનલ સ્કૉલર વિદ્યાર્થી તેમના હાથ નીચે તૈયાર થયા હતા. શિસ્ત અને નિયમિતતા તથા સાદગીભર્યું જીવન કોઈએ શીખવું હોય તો શ્રી મનુભાઈ જે. પટેલ સાહેબ પાસેથી જ શિખાય તેવો મારો અનુભવ છે. સવારે હરહંમેશ સ્કૂલના ટાઇમ પહેલાં તેમની હાજરી તેમજ સ્કૂલ છૂટ્યા પછી બધા જ વિદ્યાર્થીઓ ઘરે જાય ત્યાં સુધી તેઓ હાજર રહેતા.

આદર્શ વિદ્યાલયનું બાંધકામ પણ તેમની હાજરીમાં થયેલું. મને વિજ્ઞાનમાં ખૂબ જ રસ, પરંતુ શાળાની અભ્યાસેતર પ્રવૃત્તિઓ જેવી કે વિજ્ઞાનમેળો, વક્તૃત્વ સ્પર્ધા, નિબંધ સ્પર્ધા તથા અન્ય પરીક્ષાઓમાં પણ ભાગ લેવા ખૂબ જ પ્રોત્સાહિત કરતા હતા. ગણિત, વિજ્ઞાનથી હું લઘુકોણ અને ગુરુકોણ શીખ્યો, પરંતુ જીવન જીવવાનો દૃષ્ટિકોણ મને મારા વંદનીય ગુરુજી એવા શ્રી મનુભાઈ જે. પટેલ પાસેથી શીખવા મળ્યો. જીવન તો બધા જીવે છે, પરંતુ જીવંત જીવન કેવું હોય તે સાહેબ પાસેથી શીખવા મળ્યું.

હું ધોરણ 4થી 11 સુધી પ્રથમ નંબરે રહેતો. ધોરણ 11 પછી મારી ઇચ્છા એમ. એસ. યુનિવર્સિટી, વડોદરા ભણવા જવાની હતી, પરંતુ સાહેબનાં માર્ગદર્શન અને સલાહથી હું અમદાવાદની સેન્ટ ઝેવિયર્સ સાયન્સ કૉલેજમાં ગુજરાતી મીડિયમ સાથે ઉચ્ચ અભ્યાસઅર્થે જોડાયો ત્યાં પણ શ્રી મનુભાઈ જે. પટેલ સાહેબની પ્રેરણા અને સલાહથી હું મારી ડૉ. તરીકેની કારકિર્દી બનાવી શક્યો. એમ.બી.બી.એસ, અને એમ.એસ. (ઇ.એન.ટી.)નો અભ્યાસ પણ બી.જે. મેડિકલ કૉલેજમાં પૂર્ણ કર્યો. અભ્યાસ બાદ પછી અને પ્રેક્ટિસ શરૂ કર્યા પછી પણ આજ સુધી સાહેબ જોડે સંપર્ક ચાલુ જ છે.

સ્કૂલ જીવનનાં સંસ્મરણોની વાત કરીએ તો શીઘ્ર વક્તૃત્વસ્પર્ધા હોય કે સ્વયં શિક્ષકદિન હોય તેમાં સાહેબની પ્રેરણા રહેતી. પ્રો. આચાર્ય ભીમાણીના સંમોહિત કાર્યક્રમ પણ તેમના દ્વારા યોજાયો હતો. તેમની કારકિર્દી વખતે પન્નાલાલ પટેલ, સ્નેહરશ્મિ, ઉમાશંકર જોશી, કવિ શ્રી સુંદરમ્ વગેરેનાં દર્શનનો લાભ અમને મળ્યો હતો.

શ્રી મનુભાઈ જે. પટેલ સાહેબ શાળામાં ફક્ત આચાર્ય તરીકે નહોતા, પરંતુ સિપોર ગામના સર્વાંગી વિકાસમાં પણ રસ લેતા અને ગામમાં સંપ રહે તે માટે શાળામાં રાજકારણને આવતું રોકતા હતા. સર્વોદય કાર્યકર એવા શ્રી સ્વ. દ્વારકાદાસ જોષી સાહેબ, સ્વ ડૉ. વસંતભાઈ પરીખ સાહેબનાં માર્ગદર્શન હેઠળ એમણે સિપોરને શિક્ષણક્ષેત્રે તો મહત્ત્વનું સાબિત કર્યું, પરંતુ રમતગમત ક્ષેત્રે પણ રાજ્યકક્ષા અને દેશકક્ષા સુધી વિદ્યાર્થીઓને પ્રોત્સહિત કર્યા હતા.

સાહેબ વિશે ઘણુંબધું લખી શકાય, પણ મર્યાદાને ધ્યાનમાં લેતાં અહીં મારો લેખ પૂર્ણ કરું છું. પૂ. મનુભાઈ જે. પટેલ સાહેબને મારા કોટિ કોટિ પ્રણામ...

●

---

*પ્રવર્તમાન શિક્ષણ વિષાદ અને વેદનાથી સભર છે; એમ તો ગમે તેવા આશાવાદીયે પણ સ્વીકારવું જ પડશે. આજનું શિક્ષણ એક ઉપક્રમ બની રહ્યું છે; જેને નિજ કેન્દ્ર Centre જ નથી, એવું કોઈ કહે તો તેનો ઇન્કાર પણ શી રીતે થઈ શકે? આપણા તરેહવાર શિક્ષણમાં સુનિશ્ચિત સંગઠન Crystallisationનો સર્વત્ર અભાવ નથી વર્તાતો જાણે? જેને લીધે શૈક્ષણિક અરાજકતા Anarchiesની સ્થિતિ તો નિર્માણ નહિ થાય ને? આમ ને આમ ચાલશે તો શિક્ષણનું બહુમૂલ્ય (Essential) ખોવાઈ તો નહિ જાય ને? નથી લાગતું જે પોતાની જાતને શિક્ષણનો માણસ, a man of ecucation કહેવડાવે છે, જેને શિક્ષણની કંઈક ખેવના છે; તે દરેકે અને તેવા સર્વેએ – આ વિશે ગંભીરતાથી વિચારવું જોઈએ; વિમર્શવું જોઈએ.*

**આચાર્ય મનુભાઈ જે. પટેલ**

---

# પથદર્શકનાં દર્શન

■ મહેન્દ્રભાઈ આર. પટેલ
■ શ્રીમતી ઉષાબહેન એમ. પટેલ

અમે બંને સિપોર ગામની હાઈસ્કૂલનાં વિદ્યાર્થી હતાં. એ વખતે આપ સાહેબ અમારા ગુરુજી હતા. વિદ્યાર્થીઓના સર્વાંગી ઘડતર માટે શાળામાં અનેકવિધ કાર્યક્રમો આયોજન કરતા. એ કાર્યક્રમોમાં ઉત્તમ શિક્ષણવિદોને આમંત્રણ આપીને એમના જ્ઞાન પીયૂષથી વિદ્યાર્થીગણને લાભાન્વિત કરતા. આવા સંનિષ્ઠ, વિદ્વાન ગુરુ મળ્યા, આવી ઉત્તમ શાળામાં અમને ભણવાની તક મળી. અમારું જીવન દીપી ઊઠે એવા સંસ્કાર મળ્યા જે અમારું સૌ વિદ્યાર્થીઓનું સદ્ભાગ્ય છે.

પ્રભાવી હસમુખો ચહેરો, વાણીમાં વિદ્વત્તા, નમ્રતા, સ્પષ્ટતાનો નિખાર, શિક્ષકની પ્રતિભાને શોભાવતો પહેરવેશ એવું આપનું વ્યક્તિત્વ જ્યારે પણ સાહેબની યાદ આવે ત્યારે હજુ એ પ્રતિભા અમારાં નેત્રપટલ સમક્ષ ખડી થઈ જાય છે. બી.એ., બી.એડ્.નું શિક્ષણ પૂરું કરીને મારાં ધર્મપત્ની ઉષાબેન 'ગ્રામભારતી વિદ્યાલય, અમરાપુર'માં ઇન્ટરવ્યૂ આપવા ગયેલાં, ત્યારે ત્યાંના પ્રમુખ શ્રી ઈશ્વરભાઈ સાહેબને ફાઈલ તપાસતાં જાણ થઈ કે – 'ઉષાબેન તો મનુભાઈ સાહેબની શિષ્યા છે!' એટલે ઉષાબેનનું વિશેષ અભિવાદન કર્યું. જોકે શાળાને મળેલી એન.ઓ.સી. મુજબના ઉષાબેનના વિષયો ન હતા, તેથી એમનું ત્યાં સિલેકશન ન થઈ શક્યું. એનાથી ઉષાબેને રંજ થવાના સ્થાને ગૌરવની લાગણી થઈ. કારણ કે મનુભાઈ સાહેબનાં કાર્યોનો શિક્ષણજગતમાં પ્રસરેલો પમરાટ અનુભવ્યો. અમને યુનિવર્સિટીની ડિગ્રીઓથી પણ વિશેષ અને વિશિષ્ટ ડિગ્રી મળી અને તે ડિગ્રીનું નામ 'મનુભાઈના વિદ્યાર્થી!'

'જે સમાજ ઉત્તમ માણસોની કદર કરે છે તે સમાજ ઉત્તમ ગતિ સિદ્ધ કરે.' એ ન્યાયે મનુભાઈ સાહેબને અનેક અવૉર્ડ મળેલા છે. કદાચ હું એમ કહું – અવૉર્ડને સાચા અવૉર્ડ મળ્યા છે તો અતિશયોક્તિ નહીં ગણાય. સાહેબશ્રીએ જ્યાં-જ્યાં સેવાઓ આપી ત્યાં એમની ઉત્તમતાના પ્રગટીકરણથી એ સંસ્થાઓ ભરપૂર લાભાન્વિત થઈ છે. હાલ 87 વર્ષની જૈફ ઉંમરે યુવાનને શરમાવે એવી તત્પરતા અને ઉત્સાહથી સમાજની સેવા કરી રહ્યા છે. 'स्वकर्मणा तमभ्यचर्या' આ ગીતોક્તિને જીવી જનાર કર્મયોગી એવા મનુભાઈ સાહેબને આ શબ્દ પુષ્પરૂપી માળા અમે અર્પણ કરીને અમારી વાણીને વિરામ આપીને શ્રીચરણોમાં વંદન પાઠવીએ છીએ.

•

# પૂજ્ય મનુદાદા

■ મહિપતસિંહ ડોડિયા

1997ના જૂન મહિનામાં શરૂ થતા સત્રથી મારો સર્વ વિદ્યાલય અને વિદ્યાર્થીઆશ્રમ સાથેનો નાતો શરૂ થયો. ભણવામાં થોડો હોશિયાર એટલે કે, ગ્રહણક્ષમતા સારી, પરંતુ તદ્દન ગ્રામ્ય પૃષ્ઠભૂમિમાંથી આવેલો અણઘડ, સ્વચ્છંદી, રિસાળ અને એકંદરે અબુધ જ કહી શકાય એવો હું હતો. જીવનની ઘટમાળની આગવી ચાલ છે, જેની દિશા અને ગતિ આપણા હાથમાં હોતી નથી. સદ્‌નસીબે મારું જીવન મને સર્વ વિદ્યાલય અને ખાસ કરીને વિદ્યાર્થી આશ્રમમાં લઈ આવ્યું. મને ભણવા કરતાં અન્ય ઇતર પ્રવૃત્તિઓ ખૂબ જ આકર્ષતી. આ તમામ અભિરુચિઓને પૂર્ણ કરવા મોકળું મેદાન મળી રહ્યું. મને લાગે છે કે કદાચ મારા જીવન અને કારકિર્દી ઘડતર માટે આથી વિશેષ કોઈ પ્લૅટફૉર્મ શક્ય ન હતું.

વિદ્યાર્થી આશ્રમની (હૉસ્ટેલ નહિ) દિનચર્યા ઘડિયાળના ટકોરે ચાલતી, સવારે સાડા પાંચ વાગ્યે ઊઠવાથી લઈને રાત્રે સૂવા સુધીની બધી પ્રવૃત્તિઓ ચોક્કસ હતી. જૂની શિક્ષણવ્યવસ્થાથી આજની શિક્ષણવ્યવસ્થાના સંક્રમણના એ સમયમાં આશ્રમની આ નિયત વ્યવસ્થા જુનવાણી લાગે, પરંતુ આ વ્યવસ્થા થકી જ મારામાં પ્રગતિશીલ અને આધુનિક કહી શકાય તેવા વ્યક્તિત્વનું ઘડતર થવું એ વિરોધાભાસી ઘટનાને સમજવા માટે સંસ્થાની પ્રવૃત્તિઓ અને તત્કાલીન નિયામકશ્રી પૂજ્ય મનુદાદાને સમજવા પડે.

એ સમયે આપણી સામાજિક વ્યવસ્થાનું સંયુક્ત કુટુંબમાંથી વિભક્ત કુટુંબો બનવા તરફનું પ્રયાણ આરંભ થઈ ચૂક્યું હતું, તેવા સમયે પૂ. મનુદાદાના લીધે જ સંસ્થા સંયુક્ત કુટુંબ જેવી રહેવા પામી હતી. પૂ. ફુલજીભાઈ જેવા ઉત્સાહી છતાં દૂરંદેશી આચાર્યશ્રી, પૂ. હરિભાઈ, પૂ. કનુભાઈ જેવા સંસ્થાને સંપૂર્ણ સમર્પિત ગૃહપતિઓ, સર્વ વિદ્યાલય તથા અન્ય તમામ ભગિની સંસ્થાઓના ગુરુજનો તથા અન્ય તમામ કર્મચારીઓ પૂ. દાદાની પ્રેરણા થકી જ પોતાની સમગ્ર શક્તિઓને વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે ખપમાં લાવી શક્યા હતા. સ્વતંત્રતાની લડત દરમિયાન સાબરમતી આશ્રમમાં ગાંધીજીની ઉપસ્થિતિથી આશ્રમવાસીઓને જે ઊર્જા મળી હશે તેવી જ ઊર્જા તમામને અહીં પૂ. દાદાથી મળવા પામેલ. એમનું સંયમી, સાલસ અને તદ્દન સહજ વ્યક્તિત્વ સંસ્થાના પ્રાણરૂપ હતું. સંસ્થાના તમામ કર્મચારીઓ સંસ્થાની નોકરીને આજીવિકાનું સાધનમાત્ર ગણવાને બદલે જનસેવાનું માધ્યમ ગણતા હોય એવું મને હંમેશાં લાગ્યું છે, એ પાછળ પૂ. દાદાનો જ ફાળો હશે કદાચ. આવડી મોટી સંસ્થા ચલાવવા પૂ. દાદાને ભાગ્યે જ મિટિંગ, ભાષણો જેવી ઔપચારિક્તાઓ કરવી પડી હશે. 'મારું જીવન એ જ મારો

સંદેશ' એ શબ્દો પૂ. ગાંધીબાપુ માટે જેટલા સાર્થક છે એટલા જ પૂ. દાદા માટે હું ગણું. પૂ. દાદાની આગેવાનીમાં 'કર ભલા હોગા ભલા'ના જીવનમંત્રથી સંસ્થા સ્થાપતાં પૂજ્ય છગનભાએ સેવેલાં સપનાંઓ, ઉદ્દેશ્યો ચરિતાર્થ થયાં હશે. પૂ. દાદાને સંસ્થાની અગ્રિમ પ્રગતિના પાયાના પથ્થરરૂપ ગણી શકાય.

પૂ. દાદાનું હોવું જેટલું સંસ્થા માટે મહત્ત્વનું હતું તેટલું જ વિદ્યાર્થીઓ માટે. હું પોતે એનું ઉદાહરણ છું. અભણ ખેડૂત પરિવારમાં જન્મી ડેપ્યુટી કલેક્ટર તરીકેની મારી સફરમાં સર્વ વિદ્યાલય સંસ્થાનો અમૂલ્ય ફાળો છે. શૈક્ષણિક સત્ર કરતાં સાયં પ્રાર્થનાનાં પૂ. દાદાનાં આશીર્વચનોએ વધુ ઘડ્યો હોય એવું આત્મમંથન કરતાં જણાય છે. કાશ પૂ. દાદાનાં એ બધાં પ્રવચનો રેકર્ડ કરી રાખ્યાં હોત. મારાં બાળકોને પણ સંભળાવી શકાત, એવો અફસોસ થાય. દાદાના સંભાષણો રાબની જેમ સડસડાટ ગળે ઊતરી જાય તેવાં સહજ, તેમના વ્યક્તિત્વ જેવા જ સાલસ તેમ છતાં વિશ્વસાહિત્યના અર્ક જેવાં વિદ્વત્તાપૂર્ણ અને બાળમાનસ પર ઊંડી અસર નિપજાવનારાં. જીવનમાં ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહેવાનું પ્રેરણાસ્થાન અહીં જ હશે એવું મને લાગ્યા કરે છે. આવાં વાતાવરણ થકી જ જીવન શિસ્તબદ્ધ બન્યું. સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ ખાસ કરીને રમતગમતથી જ જીવનને આગવો નિખાર મળ્યો. આ વાતાવરણ પામેલ તમામ સહાધ્યાયીઓને પોતપોતાના ક્ષેત્રમાં ખંત અને સ્વાભિમાનથી જીવતા જોયા છે. પૂ. દાદાના સમયમાં સર્વ વિદ્યાલયમાં ભણવા મળ્યું એ જીવનનો લહાવો ગણું છું. પૂ. દાદા તથા તમામ ગુરુજનોનો હૃદયપૂર્વક આભાર માની વંદન કરું છું તથા તેમના નીરોગી અને દીર્ઘાયુ જીવનની કામના સહ સૌને વંદન.

•

---

*હું કેળવણીને – શિક્ષણને એક અતિ મહત્ત્વનું પ્રજાકીય બળ સમજું છું અને કેળવણી આપનાર આખા શિક્ષકવર્ગ પ્રત્યે મને બહુ જ સદ્ભાવ અને ખૂબ માન છે.*

**રમણલાલ વ. દેસાઈ**

---

# અમારા કર્મનિષ્ઠ ગુરુવર્યના જીવનનું વાસ્તવિક સત્ય

■ નરેન્દ્ર પટેલ

ઘણાં વર્ષો પછી હું અને મારો મિત્ર અમારા સરને મળવા તેમના વતન ચાણસ્મા ગયા ત્યારે તેમના ઘરના બેઠકખંડમાં મઢેલા ફોટાઓની દીવાલ ઉપરની કલાત્મક ગોઠવણી જોઈને હું વિચારવા લાગ્યો કે એક સાહિત્યની પ્રતિભા કલાને પણ એટલું જ મહત્ત્વ આપે છે અને તુરંત મને મહર્ષિ અરવિંદે લખેલા એક પત્રની યાદ તાજી થઈ ગઈ, ‘સંગીત, કાવ્ય અને કલા’ એ આત્માની કેળવણીનાં સાધનો છે. તેઓ પોંડિચેરીમાં આવેલા શ્રી માતાજી અને શ્રી અરવિંદના આશ્રમમાં કેટલાક દિવસો રહ્યા છે અને ત્યાંના આધ્યાત્મિક વાતાવરણનો લાભ લીધો છે. તેમના જીવનમાં આવેલી સ્વાસ્થ્ય સંબંધી ત્રણ કપરી કટોકટીઓનો તેમણે વીરતાપૂર્વક સામનો કરેલો એની વાત જ્યારે એમણે અમને સાહજિક રીતે કરી ત્યારે મારું મન એ વિચારવા લાગ્યું કે એક કર્મનિષ્ઠ વ્યક્તિ માત્ર જીવનના બાહ્ય કર્મોમાં જ માત્ર કર્મનિષ્ઠ માનવ નથી, પણ જીવનની આંતરિક ચેતનામાં પણ એટલા જ શક્તિશાળી છે અને એમાંથી આપણને ઘણુંબધું શીખવા મળે છે. એમની સાથે વાત કરતાં-કરતાં તેમના વ્યક્તિત્વનાં કેટલાક અજાણ્યાં પાસાંઓનો પરિચય થઈ જતો અને હૃદય ખુશીથી ભરાઈ જતું. ઘણાં વર્ષો પછી અમારે મળવાનું થયું ત્યારે કંઈક જુદી જ પ્રભા અને ઑરા ધરાવતા અમારા ગુરુ આજે અમારી સાથે નિખાલસ હૃદયથી મૈત્રીભાવે અમને સાંભળી રહ્યા છે અને થોડી ક્ષણો પછી એ બોલી ઊઠ્યાઃ ‘નરેન્દ્ર, સિપોર ગામના લોકોએ મને ખૂબ પ્રેમભાવ આપ્યો છે.’ આ શબ્દો સાંભળીને મારું મન અને હૃદય પુલકિત થઈ ગયાં. અમારા જેવા ઘણાબધા વિદ્યાર્થીઓનું એ સદ્ભાગ્ય હતું કે અમારી હાઈસ્કૂલ આદર્શ વિદ્યાલયના તેઓ આચાર્ય હતા અને ગુજરાતી વિષયના શિક્ષક. મને યાદ આવે છે કે ધોરણ 10ના ગુજરાતી તાસના પ્રથમ દિવસે તેમણે માનવજીવનના રસો ઉપર વક્તવ્ય આપ્યું હતું.

જીવનના આ રસો જ આપણા પ્રાણને ધબકતો રાખે છે એ આપણા પ્રાણની અભીપ્સા, ઝંખના બની રહે છે. વ્યક્તિગત રીતે મારો લગાવ વિજ્ઞાન અને ગણિત જેવા વિષયોમાં વધુ રહેલો છે છતાં એમણે આપેલી કેળવણીએ આજે પણ સાહિત્યમાં રુચિ જાળવી રાખી છે. તેઓ વર્ગખંડમાં બોલી ઊઠતાઃ એક ખેડૂત, એક ડૉક્ટર પણ સાહિત્યકાર બની શકે. સાહિત્યમાં રુચિ, તેની રચનાઓ, તેનું સૌંદર્ય એ મનથી ઉપરનો પ્રેરણાનો વિષય છે, આત્માની અભિવ્યક્તિનો એ સંદેશ છે. અમારા ગુરુ અમને વર્ગખંડમાં ઝવેરચંદ મેઘાણી, કનૈયાલાલ મુનશી, કલાપી વગેરેની રસપ્રદ વાતો કરીને અમને જે સંસ્કારોનું સિંચન કરતા એ બધું અમારા બાલસહજ મન ઉપર અંકિત થઈ જતું. આવા

રસપ્રદ વિષયો ઉપર સ્કૂલમાં સહધર્મીઓનું આયોજન કરી અમારો રસ જાળવી રાખતા. 'શિક્ષણ સાથે કેળવણી' એ એમનો કર્મનિષ્ઠ સિદ્ધાંત હતો. એક વિદ્યાર્થીને આપેલી એ સર્વશ્રેષ્ઠ તેમની દીક્ષા હતી. અમારા આદર્શ વિદ્યાલય, સિપોરમાં ગુજરાતના મૂર્ધન્ય સાહિત્યકારો શ્રી ઉમાશંકર જોશી, શ્રી પન્નાલાલ પટેલ, શ્રી સ્નેહરશ્મિ, શ્રી સુન્દરમ્, શ્રી પુષ્કરચંદરવાકર વગેરેને આમંત્રણ આપીને બોલાવી લાવતા ત્યારે આ બધી વ્યક્તિઓની સાથે તેમને જોવા અમારે માટે ધરતીનું દુર્લભ દૃશ્ય, દુર્લભ લહાવો હતો. એ એક કર્મનિષ્ઠ સેવકની સેવા હતી, જે તેમના જીવનની વાસ્તવિકતાનું વાસ્તવિક સત્ય છે.

શિક્ષણ અને વિદ્યાર્થી વિશેના તેમના વિચારો સાચી કેળવણીનું દર્શન આજે પણ કરાવી રહ્યા છે. 'શિક્ષણ એ માત્ર વેચાણનું સાધન બની જાય ત્યારે એ એનું મૂલ્ય ગુમાવી બેસે છે, પરંતુ શિક્ષણની પાછળ રહેલી તાલીમ એ આત્માની શોધ માટેનું પ્રાથમિક અસરકારક સાધન છે. જે વ્યક્તિને આધ્યાત્મિક સાધના માટેના યોગ-પથ ઉપર મૂકી આપે છે અને વિદ્યાર્થીઓ તો જીવંત શરીરમાં જીવંત આત્માઓ છે.' શ્રી માતાજી (શ્રી અરવિંદ આશ્રમ, પોંડિચેરી)એ આપેલા આ વિચારોનું પ્રતિબિંબ શ્રી મનુભાઈ સરના જીવનમાં અભિવ્યક્ત થતું અનુભવી શકાય છે. અમારા વિદ્યાર્થીજીવનમાં શિસ્તના ખૂબ આગ્રહી, સરળતાથી તેમની નજીક ન જઈ શકાય તેવું તેમનું દેખીતું વ્યક્તિત્વ, પરંતુ બધાના જીવનમાં ગુપ્ત રીતે કે ખુલ્લેઆમ મદદ કરવાની તેમના હૃદયની ભાવના સાચે જ એક કર્મનિષ્ઠ માનવની માનવસેવાનો પરિચય કરાવે છે. વધતી જતી ઉંમર સાથે પણ તેઓ માનવતાના એક નિસ્વાર્થ સેવક બની રહ્યા છે.

તેમનું વતન ચાણસ્મા, કર્મક્ષેત્રોઃ સિપોર, કડી અને તેમની વિદેશની યાત્રાઓ જાણે આ બધાં તેમની સાથે જ રહેતાં હોય અને તે બધાંમાંથી એવું કંઈક ટમટમતું, ઝગમગતું, સ્પંદન કરતું જાણે કંઈક દૂર જતું હો અને નજીક-નજીક પણ આવતું હોય એવું તેમનું વિશિષ્ટ વ્યક્તિત્વ આપણને ખુશીનો અનુભવ કરાવી દે એ જ છે તેમના વાસ્તવિક જીવનની પ્રભા અને એ જ છે વાસ્તવિક સત્યની આભા. કોઈ વિદ્યાર્થી કે વ્યક્તિની પ્રગતિ કે તેના લાભની વાત સાંભળીને એટલા પ્રસન્ન થઈ જાય તે તેમની નૈતિક ઉદારતાનો પરિચય કરાવે છે. કોઈની લાગણીને માન આપીને તેઓ સહજ રીતે માન-સન્માનનો સ્વીકાર કરે છે, પરંતુ એ તો માન-સન્માનથી ઉપર ઊઠેલો જીવ છે. મહર્ષિ અરવિંદ તેમનાં લખાણોમાં જણાવે છેઃ 'શિક્ષણનો પ્રથમ સિદ્ધાંત એ છે કે કશું જ શીખી શકાતું નથી. શિક્ષક કે ગુરુની પોતાની સદાચારની સાધના, તેમના ચૈતસિક ગુણોનો પ્રભાવ વિદ્યાર્થીનું સાચું ઘડતર કરે છે અને શિક્ષક સાચા અર્થમાં માર્ગદર્શક બની ગુરુપરંપરાનાં મૂલ્યો આ જગતને આપે છે. પછી વિદ્યાર્થી એ માત્ર વિષયોનો જ નિષ્ણાત નહીં, પણ આ જગતના કલ્યાણ માટેની તેની ભાવનાઓ લઈને પ્રગતિના પથ ઉપર આગળ વધતો રહે છે અને સાચા અર્થમાં તે કેળવણીને ગ્રહણ કરે છે અને તેથી તેનું વ્યક્તિત્વ નીખરી ઊઠે છે.' આ પ્રકારનું સાચું ધાર્મિક, આધ્યાત્મિક માર્ગદર્શન અમારા ગુરુ શ્રી મનુભાઈના જીવનમાંથી વિદ્યાર્થીજગતને પ્રાપ્ત થયું છે જે એક ઉમદા ગૌરવની વાત છે.

શુભેચ્છાઓથી ભરેલું તેમનું હૃદય, આપણને મૌન આશીર્વાદ આપે અને સામેના

વ્યક્તિની સાચી કદર પણ અવશ્ય કરે. તેમની સૌમ્ય વાણી પણ એટલી જ પ્રિય લાગે. બપોરનો સમય હોય તો ભોજન માટે સૌથી પહેલાં પૂછી લે. દરેકને પોતાના પરિવારના જ સભ્ય ગણે અને તે પ્રમાણે વ્યવહાર કરે. તેમણે મને વર્ષ 1987માં કડીથી એક પત્ર લખ્યો હતો. આ પોસ્ટકાર્ડ મેં તેમને વર્ષ 2022માં બતાવ્યું ત્યારે તેઓ તરત જ બોલી ઊઠ્યા ધન્ય છે તારા કૌશલને, તેં 35 વર્ષ સુધી આ પોસ્ટકાર્ડને સાચવી રાખ્યું છે. તેમની સાથે પસાર કરેલા થોડા કલાકોમાં તેમની વ્યક્તિત્વના જુદા-જુદા પ્રવાહો જરૂર આપણા મસ્તિષ્ક અને હૃદય સુધી સ્પર્શી જાય.

તેઓ વર્ગખંડમાં ક્યારેક કહેતા કે ભણતર પ્રત્યે, હંમેશાં સર્વ સ્થળે જાણવામાં, શીખવામાં રસ જાગતો રહે પછી ભણતરનો વિષય જે કંઈ પણ હોય તે વધારે અગત્યનું છે. અઘરા કાર્યમાં પ્રગતિની તાલીમ મળી રહે, સારલેખન વડે વિચાર કરવાની શક્તિ કેળવાય, વિષયો સારી રીતે ભણો, ક્ષમતા અનુસાર ભણો, પરંતુ જીવનનું શાસ્ત્ર ચૂકી ન જવાય તેનો અમારી પાસે આગ્રહ રાખતા. અંતઃપ્રજ્ઞા, ભયમાંથી કેવી રીતે મુક્ત થવાય આ બધા વિષયો ઉપર સ્કૂલના પ્રાર્થના વિભાગના કાર્યક્રમમાં તેઓનું માર્ગદર્શન, કેટલાક લેખોનું વાચન વગેરે દ્વારા જીવન જીવવાના વિજ્ઞાનને તેઓ પ્રકાશિત કરતા. બસ આ જ તેમણે આપેલી કેળવણી, જ્ઞાનનો પ્રકાશ. આ બધું આજે પણ મારી સ્મૃતિમાં તાજું છે.

શ્રી અરવિંદ આશ્રમ પોંડિચેરીના શ્રી માતાજી આશ્રમનાં બાળકોને પ્લેગ્રાઉન્ડના વર્ગમાં કહેતા; આપણું લક્ષ માત્ર સફળતા નહિ, પરંતુ પૂર્ણતા છે. તમે તો બધા જીવંત શરીરમાં જીવંત આત્માઓ છો. આવું જ કંઈક અમારા ગુરુ પાસેથી અમારી તરફ પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે વહી આવતું.

અંતમાં તેમના જીવનની તપસ્યામાંથી પ્રગટેલી સફેદ પ્રકાશની જ્યોતના જ્યોતિબિંદુઓ ખુલ્લા મનવાળા વ્યક્તિને તેમની અનુકંપાનો અનુભવ સહજ રીતે કરાવશે એવી શ્રદ્ધા સાથે પ્રભુને પ્રાર્થના કે પ્રભુ તેમની સાથે રહે, તેમની સાથે ચાલે, તેમને સારા સ્વાસ્થ્યનું વરદાન આપે જેથી સમાજ, વિદ્યાર્થીજગતને તેમનો લાભ, જ્ઞાન અને માર્ગદર્શન મળતાં રહે. અસ્તુ.

•

# મનુભાઈ સાહેબ વ્યક્તિ નહીં, એક સંસ્થા

■ મહેશ મહેતા

મનુભાઈ જે. પટેલ, ભૂતપૂર્વ આચાર્ય, આદર્શ વિદ્યાલય, સિપોર વિશેની મારી સ્મૃતિઓ અને તેઓની પ્રભાવગાથા વર્ણવવાનો એક નાનો અને નમ્ર પ્રયાસ કરીશ.

હું, મહેશભાઈ પ્રહ્‌લાદભાઈ મહેતા, તેઓનો આજીવન વિદ્યાર્થી. તે સમયનું મારું સરનામું ઊંચી ફળી, તળાવના કિનારે, મુ. સિપોર. શાળાજીવનનાં વર્ષ મેં સિપોરમાં પસાર કર્યાં. અમારા પોતાના અનુભવો તેમજ મારાં મોટાં બહેન (ક્રિષ્નાબહેન), મોટા ભાઈ (જગદીશભાઈ) તેમજ પિતરાઈ ભાઈ-બહેનોએ પણ આદર્શ વિદ્યાલય, સિપોરમાં મેળવેલા શાળાકીય શિક્ષણની સ્મૃતિઓ ચિરસ્મરણીય છે. હું આજે શિક્ષણખાતામાં ડેપ્યુટી ડાયરેક્ટર કક્ષાનો અધિકારી છું. શિક્ષણક્ષેત્રે 35 વર્ષ કરતાં વધુનો અનુભવ છે. અંગ્રેજી ભાષાના ક્ષિક્ષક તરીકે પણ 10 વર્ષ સેવાઓ બજાવેલી છે. હજારો શિક્ષકો, આચાર્યો, સંચાલકો, કેળવણી મંડળના હોદ્દેદારો વગેરેને વિવિધ પ્રસંગોએ મળવાનું થયેલું, પરંતુ કહેવામાં સહેજ પણ અતિશયોક્તિ નથી કે, "મનુભાઈની તોલે કોઈ ન આવે."

મનુભાઈ સાહેબનો સ્નાતક, અનુસ્નાતક કક્ષાએ વિષય કયો હતો, તે યાદ નથી. શક્યતઃ અમારા વર્ગખંડમાં મનુભાઈ સાહેબ કદાચ એકાદ-બે વાર આવ્યા હોઈ શકે, પરંતુ મનુભાઈ સાહેબ અમારી આસપાસના વાતાવરણમાં સતત રહેતા. તેઓનો શુદ્ધ ખાદી-સુતરાઉ વસ્ત્રોનો પહેરવેશ, એક મહોરતું વ્યક્તિત્વ, નીડરતા સાથેનું વર્તન, વિચારોની સ્પષ્ટતા, ભાષાકીય શુદ્ધતા સાથેનું વ્યક્તિત્વ આજે પણ અમારી સ્મૃતિમાં અકબંધ છે. નિયમિતતા, સમયપાલન તો કોઈ તેઓની પાસેથી શીખે! પોતાનો મહત્તમ સમય તેઓ શાળાને આપતા. ઓછું બોલીને પણ શિસ્ત શીખવી શકાય તે તેઓએ સિદ્ધ કર્યું હતું. અમારું ગામ બહુ મોટું. ભૌગોલિક રીતે અને વસતિની રીતે પણ. કુલ વસતિ પૈકી પટેલ, ઠાકોર, બ્રાહ્મણની મોટી વસતિ. સાહેબ જ્યારે નિશાળેથી પોતાના ઘેર આવવા ચાલતાં નીકળે ત્યારે ગામની વચ્ચેથી પસાર થતા પોણા કિલોમીટર જેટલા માર્ગમાં ભાગ્યે જ કોઈ વિદ્યાર્થી તેઓને દેખા દે! અરે, ભૂતપૂર્વ વિદ્યાર્થી પણ ન દેખાય! આ કોઈ ભય કે ડર સાથેની શિસ્ત નહિ, પણ મનુભાઈ સાહેબના વ્યક્તિત્વની ઊંચાઈના કારણે અમારામાં આવેલી સ્વાભાવિક શિસ્ત હતી. કદાચ સાહેબ જોઈ જશે? કંઈક પૂછશે તો ખોટું તો નહિ જ બોલાય! મનુભાઈ સાહેબ આગળ તો ખોટું કેમ બોલાય? એવા બધા સંસ્કારો અમારામાં શાળાજીવનથી જ રોપાયા, તેની પાછળનું મોટું પરિબળ મનુભાઈ સાહેબનું વિરલ વ્યક્તિત્વ.

સાહેબ વર્ષોથી અમારા સૌના વિચારોમાં છવાયેલા છે, ચર્ચાઓમાં કેન્દ્રસ્થાને છે.

તેઓની ઝલક અમારા સંવાદોમાં છલક્યા કરે છે. અમે સહુ ભાઈ-બહેન આજે પણ મળીએ અને શાળાની વાત નીકળે ત્યારે મનુભાઈ સાહેબનો અચૂક ઉલ્લેખ થાય જ. શાળાજીવનના મિત્રો જે આજે વિવિધ ક્ષેત્રોમાં સારાં સ્થાનો પર છે તેઓ સાથે અમે સૌ મળીએ ત્યારે પણ મનુભાઈ સાહેબની તો વાત થાય જ.

અમારા વ્યવસાય ક્ષેત્રમાં શિક્ષકો, આચાર્યો, સંચાલકો, વિદ્યાર્થીઓ, સ્વૈચ્છિક સંસ્થાના પ્રતિનિધિઓ માટેના કાર્યક્રમોમાં અધ્યક્ષ, મુખ્ય મહેમાન, તજ્જ્ઞ વક્તા તરીકે વક્તવ્ય આપવાની વાત હોય ત્યારે અમારી પ્રસ્તુતિમાં ઘણી વાર મનુભાઈ સાહેબનો ઉલ્લેખ હોય જ. આજે જિલ્લા કે રાજ્ય કક્ષાના શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો અવૉર્ડ મેળવવા ધમપછાડા કરતા કેટલાક સારસ્વતોને જોઉં છું ત્યારે મનુભાઈ સાહેબને તે સમયે મળેલા રાષ્ટ્રીય કક્ષાના અવૉર્ડની વાત સહેજે સ્મરણે ચડી જાય છે. મનુભાઈ સાહેબને અવૉર્ડ એનાયત કરવો એ શિક્ષણખાતાની અદમ્ય ઇચ્છા હતી. મનુભાઈ સાહેબનાં કેટલાંય સંખ્યાબંધ વર્તન અને પારદર્શક વ્યવહારથી એક પ્રતિભા ઊપસી હશે કે જેના કારણે એક શૈક્ષણિક રીતે પછાત તાલુકાની શાળાના આચાર્ય હોવા છતાં તેઓ રાજ્ય આચાર્યસંઘના પ્રમુખ તરીકે પસંદ થયા હશે! તેઓએ આ હોદ્દાને નવી ગરિમા બક્ષી હતી. તેઓના નિષ્ઠાવાન પ્રયાસોથી શાળામાં ગૌરવ લઈ શકાય એવા વિવિધ ક્ષેત્રોના અગ્રણીઓને વિવિધ કાર્યક્રમોમાં બોલાવી વિદ્યાર્થીઓને તેઓનાં વક્તવ્યોનો લાભ આપી શકાયો. આજે પણ વર્ષમાં એક વાર ક્યારેક બે વાર પણ મનુભાઈ સાહેબ પાસે દોડી જવાની ઇચ્છા થાય છે. તેઓનાં ચરણો પાસે બેસવાની પણ ઇચ્છા થાય છે. તેઓ માથા પર હાથ મૂકે, ખભા પર હાથ મૂકે ને માતા સરસ્વતીની આશિષ છલકે, એવી ઇચ્છા થતી રહે છે.

આવું થવાના કારણે બધી વ્યગ્રતા દૂર થાય તેમજ એક નવી ઊર્જા મળે અને આશીર્વાદ પ્રાત થાય, એવી સતત ઇચ્છા રહે છે. કારણ કે, શાળાજીવન દરમિયાન તો સાહેબની નજીક જઈ શકાતું નહોતું. તે અમે સ્વીકારેલી એક સાદર શિસ્ત હતી. અમારા શાળાજીવનના મિત્રોનાં બેથી ત્રણ 'વૉટ્સ-એપ ગ્રૂપ' આજે પણ કાર્યરત છે. અવારનવાર ગેટ-ટુ-ગેધરનું પણ આયોજન થાય છે. વૉટ્સ-એપ વાર્તાલાપોમાં તેમજ પ્રત્યક્ષ મુલાકાતોમાં પણ મનુભાઈ સાહેબને સૌ પૂરા આદર સાથે યાદ કરે છે.

મનુભાઈ સાહેબ અમારા ગામમાં લાંબો સમય રહ્યા. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ-કડી દ્વારા તેઓને આચાર્ય તરીકે પસંદ કરીને એક મોટા ફલક પર તેઓની કામગીરીનો લાભ મળી રહે માટે પસંદ કરવામાં આવ્યા. મનુભાઈ સાહેબને સિપોરમાંથી જવાની ઘડી આવી ત્યારે આખું ગામ ડૂસકાં ભરતું હતું. એ વખતનાં દૃશ્યો આજે પણ યાદ આવે છે. ભાગ્યે જ કોઈ ગુરુજન આટલો પ્રેમ સંપાદિત કરી શક્યા હશે. મનુભાઈ સાહેબને છોડવા કોઈ જ તૈયાર નહોતું.

આ કેવું વ્યક્તિત્વ હતું કે બહુ ઓછા વિદ્યાર્થીઓ સાથે સીધો સંવાદ કર્યો હોવા છતાંય સહુને મનુભાઈ સાહેબ પોતાના લાગે. મનુભાઈ સાહેબ શાળામય હતા. શાળાને જીવતા હતા, શાળાને શ્વસતા હતા. કહો કે, તેઓના શ્વાસમાં શાળા ધબકતી હતી. તેઓના સમગ્ર ચિંતનમાં સતત શાળા જ રહેતી. મનુભાઈ સાહેબના આર્દ્ર જીવનથી બહુ લોકોએ પ્રેરણા લીધી છે. એ જ કારણે આજે સાહેબના હજારો વિદ્યાર્થીઓ અમેરિકા,

ઇંગ્લૅન્ડ, કૅનેડા, યુરોપ, મુંબઈ, વડોદરા, અમદાવાદ તેમજ વિવિધ રાજ્યોમાં અસરકારક અને પ્રભાવી રીતે વિવિધ ક્ષેત્રોમાં કામ કરી રહ્યા છે. જેમ કોઈ વ્યક્તિ શક્તિપીઠમાં ભાવક નવી ઊર્જા પ્રાપ્ત કરવા જાય, તેમ ચાણસ્મા ખાતે 'રૂપાણીનો માઢ'માં આવેલા તેમના નિવાસસ્થાને તેઓના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ આજે પણ જાય છે. હું પોતે પણ જાઉં છું. આ જ તેઓની અત્યાર સુધીની કામગીરીની સાચી ભાવવંદના છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ મનુભાઈ પટેલ સાહેબના સન્માન માટે ગૌરવશીલ જાહેર અભિવાદન સમારોહ યોજી રહ્યું છે તે ખૂબ જ આનંદ, ગૌરવ અને સંતુષ્ટિની વાત છે.

કરી-કરીને સતત એક જ વાત મનમાં ઘૂમરાયા કરે છે કે, આજના ધમાલિયા જીવનમાં, વેપારીકરણના સમયમાં, વ્યક્તિત્વ-બદલાવની બડાશો મારતા કહેવાતા મેનેજમેન્ટ ગુરુઓએ સંશોધન કરવું રહ્યું કે, નિયમિત, ક્રમબદ્ધ પારદર્શકતા તેમજ સાચા અને શુદ્ધ ભાવ સાથેની કામગીરી હજારો વિદ્યાર્થીઓ તેમજ વાલીઓ માટે કેવી રીતે ચુંબકીય આકર્ષણ ઊભું કરતી હોય છે! નાહકની ખોટી બૂમાબૂમ ક્યારેક ઘોંઘાટ સર્જતી હોય છે. સમય અને સંવેદના ઉભયને ધ્યાને લઈને અહીં અટકવાનો વિચાર કરીને મારી સ્મરણયાત્રાને અર્ધવિરામ આપું છું.

સદૈવ સ્નેહ સાથે બોધરૂપ સ્વીકારેલા મનુભાઈ સાહેબ, આપને નતમસ્તક નમન.

●

---

*શિક્ષકની અલ્પજ્ઞતા શિક્ષણને નડે છે, પરંતુ શિક્ષણની અર્ધદગ્ધતા તો સમગ્ર પ્રવાહને કનડે છે. તેને લીધે સત્ત્વશીલતા અટકે છે અને ખોટાં મૂલ્યો ટકે છે. આ વાત સરકારને અને સમાજને સમજાવવા કોણ કોચિંગ ક્લાસ શરૂ કરશે? રૂઝવેલ્ટ કહેતા કે, 'નિશાળ નહિ જોઈ હોય તો રેલવેનું એકાદ પાર્સલ ચોરાશે, પરંતુ ભણેલો તો આખી રેલવે જ ચોરી જશે.' રે શિક્ષણ! શિક્ષણનો વિપર્યાસ!*

**આચાર્ય મનુભાઈ જે. પટેલ**

---

# આદર્શ આચાર્યનું જીવંત ઉદાહરણ

■ ભાનુપ્રસાદ એન. રાજગોર

શ્રી મનુભાઈ પટેલસાહેબ એટલે આદર્શ આચાર્યનું જીવંત ઉદાહરણ, આદર્શ વિદ્યાલય, સિપોરના આદર્શ આચાર્ય. આદર્શ વિદ્યાલય, સિપોરને તેના નામ પ્રમાણે 'આદર્શ' બનાવનાર ઉત્તમ આચાર્ય.

મને આદર્શ વિદ્યાલય, સિપોરના વિદ્યાર્થી હોવાનું ગૌરવ છે – એનું કારણ પૂજ્ય શ્રી મનુભાઈ પટેલસાહેબ આદર્શ વિદ્યાલય, સિપોરના આચાર્ય હતા તે છે. મને ગૌરવ છે – એક આદર્શ આચાર્યના વિદ્યાર્થી હોવાનું, મને ગૌરવ છે – એક ઋષિતુલ્ય ગુરુજીના શિષ્ય હોવાનું. મેં ઈ.સ. 1979માં આદર્શ વિદ્યાલય, સિપોરમાં ધોરણ-5માં પ્રવેશ મેળવ્યો હતો. ધોરણ-5થી ધોરણ-10 સુધી એટલે કે ઈ.સ. 1979થી ઈ.સ. 1985 સુધી મેં અહીં અભ્યાસ કર્યો હતો. આ ઉપરાંત ઈ.સ. 1985થી ઈ.સ. 1987 સુધી ધોરણ-11/12નો અભ્યાસ સર્વ વિદ્યાલય, કડી ખાતે પણ સાહેબના આચાર્યપણા નીચે અભ્યાસ કરવાનું સદ્ભાગ્ય સાંપડ્યું હતું. શાળાને આદર્શ બનાવવા માટે શ્રી મનુભાઈ સાહેબે ઉત્તમ નેતૃત્વ પૂરું પાડીને કર્મઠ અને નિષ્ઠાવાન આચાર્ય તરીકે વિદ્યાલયને દીપાવ્યું હતું.

શાળામાં શૈક્ષણિક કાર્યની સાથે-સાથે સહશૈક્ષણિક પ્રવૃત્તિઓના આયોજન દ્વારા વિદ્યાર્થીઓને શ્રેષ્ઠ નાગરિક તરીકે તૈયાર કરવામાં આવે તે માટે શ્રી મનુભાઈ સાહેબ અંગત કાળજી અને તકેદારી રાખતા. શિક્ષકગણ પાસેથી શ્રેષ્ઠ કામગીરી કરાવવા માટે તેઓ હંમેશાં તત્પર રહેતા. સાહેબની પ્રેરણા અને માર્ગદર્શનથી શાળામાં વક્તૃત્વસ્પર્ધા, નિબંધસ્પર્ધા, ગીતસ્પર્ધા, ચિત્રસ્પર્ધા રમતગમતસ્પર્ધા જેવી સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ સમગ્ર વર્ષ દરમિયાન સમયાંતરે યોજાતી રહેતી હતી. જેથી વિદ્યાર્થીઓની પ્રતિભા બહાર લાવવામાં અને તેમનો સર્વાંગીણ વિકાસ કરવામાં ખૂબ જ મદદ મળતી.

આદર્શ વિદ્યાલય, સિપોરમાં તે સમયે આજુબાજુનાં ગામોમાંથી પણ ઘણા વિદ્યાર્થીઓ અભ્યાસ અર્થે આવતા હતા. આ વિદ્યાલયને 'શ્રેષ્ઠ' વિદ્યાલય બનાવવામાં શ્રી મનુભાઈ સાહેબનું સૌથી મોટું યોગદાન હતું. શાળાની પ્રાર્થનાસભાથી લઈને શૈક્ષણિક અને સહઅભ્યાસિક પ્રવૃત્તિઓના આયોજનમાં આગવી સૂઝ અને દૃષ્ટિ સ્પષ્ટપણે દેખાઈ આવતી હતી. શાળાનું શૈક્ષણિક કાર્ય ઉત્તમ થાય તે માટે શ્રી મનુભાઈ સાહેબ શિક્ષકગણને માર્ગદર્શન આપતા તેમજ તેમનાં કાર્યનું નિરીક્ષણ પણ કરતા. શાળાકીય પરીક્ષાઓ ગેરરીતિમુક્ત વાતાવરણમાં લેવાતી. તેઓશ્રી શિસ્તના ખૂબ જ આગ્રહી હતા.

શાળામાં ભીંતપત્રો પર સમાચાર, સુવિચાર, જાણવા જેવું વગેરે નાવીન્યસભર વિગતો રજૂ કરવામાં આવતી હતી. શાળાની દીવાલો પર અને વર્ગખંડોમાં પ્રેરણાત્મક સૂત્રો અને

સુવિચારો પ્રદર્શિત કરવામાં આવતા હતા. શાળાની દીવાલ પર લખેલું એક સૂત્ર તો મને હજુ પણ યાદ છે... 'વાત કરો થોડી, કામ કરો દોડી' દરેક વર્ગખંડને ઋષિમુનિઓ, મહાપુરુષો, વૈજ્ઞાનિકો વગેરેનાં નામ પરથી વિશિષ્ટ ઓળખરૂપ નામ આપવામાં આવ્યાં હતાં. દરેક વર્ગખંડમાં દરેક વર્ષની વાર્ષિક પરીક્ષામાં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરનાર તેજસ્વી વિદ્યાર્થીની વિગતો રજૂ કરતા સાઈનબોર્ડ લગાવવામાં આવતાં હતાં. તે જ રીતે આચાર્ય ખંડની સામેની દીવાલ પર સાઈન બોર્ડમાં ધોરણ-10 અને ધોરણ-12ની બોર્ડની પરીક્ષામાં શાળામાં પ્રથમ સ્થાન મેળવનાર તેજસ્વી તારલાઓની વિગતો રજૂ કરવામાં આવતી હતી. જેથી અન્ય વિદ્યાર્થીઓને પ્રેરણા મળતી હતી. મને ગૌરવ છે કે મારું નામ પણ આ સાઈનબોર્ડમાં અંકિત થયેલું છે. તેમના કાર્યકાળ દરમિયાન આદર્શ વિદ્યાલયે, સિપોર એક વિદ્યાપીઠનો દરજ્જો પ્રાપ્ત કરી શકે તેવી શૈક્ષણિક અને સહશૈક્ષણિક સિદ્ધિઓ શાળાએ મેળવી હતી. રમતગમતક્ષેત્રે શાળાના વિદ્યાર્થીઓએ માત્ર તાલુકા, જિલ્લા અને રાજ્યકક્ષાએ જ નહિ પરંતુ રાષ્ટ્રીયકક્ષાએ પણ નોંધપાત્ર સિદ્ધિઓ પ્રાપ્ત કરીને શાળાનું ગૌરવ વધાર્યું હતું. શાળામાં યોજાતા સાંસ્કૃતિક કાર્યક્રમો પણ શાળાની આગવી પરંપરા હતી. યુવા ઉત્સવોમાં શાળાના વિદ્યાર્થીઓ સિદ્ધિઓ પ્રાપ્ત કરતા હતા.

શ્રી મનુભાઈ સાહેબનું વ્યક્તિત્વ જ એવું હતું કે તેમને જોઈને વંદન કરવાનું મન થાય. સિપોર ગામના રસ્તા પરથી જ્યારે સાહેબ પસાર થતા ત્યારે તેમની ગૌરવવંતી ચાલ અને પ્રભાવશાળી વ્યક્તિત્વ સૌને દેખાઈ આવતું. સાહેબ એક આદર્શ આચાર્ય હતા. તેમનામાં નૈતિક મૂલ્યો શિખરસ્થ હતાં. તેઓ અત્યંત પ્રામાણિક, નિષ્ઠાવાન, કર્મઠ, ચારિત્ર્યવાન, મહેનતુ અને સિદ્ધાંતવાદી વ્યક્તિત્વ ધરાવતા હતા. આદર્શ વિદ્યાલય, સિપોરના ભવન પર શ્રી મનુભાઈ સાહેબે લખાવેલ આ વાક્ય સાચે જ સાર્થક બનતું હતું, "શાળા અમારી તીર્થભૂમિ, જ્ઞાનગંગા જ્યાં વહે.'' સાચે જ તે સમયે આદર્શ વિદ્યાલય, સિપોર એ અમારી તીર્થભૂમિ જ હતી. શિક્ષણના માધ્યમથી વિદ્યાર્થીઓમાં મૂલ્યસંવર્ધન દ્વારા ઉત્તમ નાગરિકો તૈયાર કરવાનું ઉમદાકાર્ય સાહેબના અમૂલ્ય માર્ગદર્શન મુજબ ગુરુજીઓ દ્વારા કરવામાં આવતું હતું.

પૂ. સાહેબશ્રી મારી ઉપર સવિશેષ પ્રેમ વરસાવતા હતા. તેઓશ્રી દ્વારા મને શાળાની સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ જેવી કે શાળાનાં ભીંતપત્રો પર સુવિચારોનું લેખન કાર્ય સોંપવામાં આવતું હતું. ઉપરાંત, ગામમાં જાહેરસ્થળો પર ભીંતચિત્રો પર શાળામાં ઉજવાતા રાષ્ટ્રીય તહેવારોમાં સહભાગી થવા માટે આમંત્રણ આપવા અંગેની સૂચનાઓ લખવા માટેની કામગીરી પણ સાહેબ દ્વારા મને સોંપવામાં આવતી. જે કામગીરી હું હરખભેર સ્વીકારતો અને ખૂબ જ સારી રીતે પાર પાડતો હતો. મને આ કામગીરીમાં ખૂબ જ આનંદ આવતો હતો. શાળાની સહશૈક્ષણિક પ્રવૃત્તિઓ જેવી કે નિબંધસ્પર્ધા, વકતૃત્વસ્પર્ધા વગેરેમાં હું હરહંમેશ ભાગ લેતો અને મોટા ભાગે પ્રથમ સ્થાન પ્રાપ્ત કરતો.

સ્વયં શિક્ષણદિનની ઉજવણી પણ શાળામાં ખૂબ જ ધામધૂમથી થતી. રાષ્ટ્રીય તહેવારોની ઉજવણીમાં ગામની પ્રાથમિક શાળાના તમામ બાળકો અને ગુરુજીઓ પણ સામેલ થતાં. પ્રાથમિક અને માધ્યમિક શાળાનાં બાળકો દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમો રજૂ થતા. જે નિહાળવા માટે સમગ્ર સિપોર ગામના નાગરિકો ખૂબ જ મોટી સંખ્યામાં ઊમટી

પડતા હતા. શાળાનો વાર્ષિકોત્સવ તેમજ ધોરણ-10 અને ધોરણ-12ના વિદ્યાર્થીઓના વિદાય અને શુભેચ્છા કાર્યક્રમ પણ ખૂબ જ ઉત્સાહપૂર્વક યોજાતો હતો. જેમાં દર વર્ષે જુદાં-જુદાં ક્ષેત્રોના મહાનુભાવોને મુખ્ય મહેમાનો તરીકે ઉપસ્થિત રાખવામાં આવતા હતા. અનેક મહાનુભાવોએ આદર્શ વિદ્યાલય, સિપોર ખાતે આવા કાર્યક્રમોમાં ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને ઉત્તમ માર્ગદર્શન પૂરું પાડેલ હતું.

આમ, ઈ.સ.1967થી ઈ.સ. 1985 સુધી આદર્શ વિદ્યાલય, સિપોરના આદર્શ સુકાની બનીને સાહેબે શાળાને શૈક્ષણિક અને સહશૈક્ષણિક સિદ્ધિઓના શિખર સુધી પહોંચાડી હતી. આદર્શ વિદ્યાલય, સિપોરનું નામ સાહેબની ઉત્તમ પ્રકારની કામગીરીના કારણે ગૌરવભેર લેવામાં આવતું હતું. એક ઉત્તમ કોટિના શિક્ષણવિદ્ તરીકે તેમણે આદર્શ વિદ્યાલય, સિપોરને પોતાની નિષ્ઠાપૂર્વકની મહેનત અને સમર્પણ ભાવનાથી શ્રેષ્ઠતમ શાળા તરીકે સ્થાપિત કરી હતી. પૂ. સાહેબે પોતાના કાર્યકાળ દરમિયાન માત્ર શાળાના આચાર્ય તરીકે જ નહિ, પણ સિપોર ગામના સન્માનીય લોકસેવક તરીકે પણ ઉમદા કામગીરી કરી હતી.

ઈ.સ. 1985માં શ્રી મનુભાઈ સાહેબ સર્વ વિદ્યાલય, કડી ખાતે આચાર્ય તરીકે જોડાયા, ત્યારે આદર્શ વિદ્યાલય, સિપોરમાં ધોરણ-11/12માં વિજ્ઞાન પ્રવાહ ચાલતો ન હતો. તેથી મારા સહિત આદર્શ વિદ્યાલય, સિપોરના કેટલાક વિદ્યાર્થીઓ સાહેબના આચાર્યપણા નીચે અભ્યાસ કરવાનો વધારે લાભ મળે તે હેતુથી ધોરણ-11/12માં સર્વ વિદ્યાલય, કડી ખાતે અભ્યાસ કરવા માટે ગયા હતા. સર્વ વિદ્યાલય, કડીમાં પણ ઉમદા આચાર્ય તરીકે નેતૃત્વ પૂરું પાડીને પ્રશંસનીય કામગીરી કરી હતી.

તેઓશ્રીએ ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્ય તરીકે, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ તરીકે તેમજ ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના સેનેટ સભ્ય તરીકે પણ સરાહનીય કામગીરી કરી હતી. તેઓશ્રીની બહુમૂલ્ય સેવાઓને ધ્યાને લઈને ભારતના મહામહિમ રાષ્ટ્રપતિશ્રી દ્વારા તેઓશ્રીને શ્રેષ્ઠ શિક્ષકનો રાષ્ટ્રીય અવૉર્ડ પણ એનાયત કર્યો હતો.

મારા જીવનનું ઘડતર કરવામાં શ્રી મનુભાઈ સાહેબનું યોગદાન ખૂબ જ છે. તેઓશ્રીના જીવનમાંથી મને ઘણું શીખવા મળ્યું છે. મારી કારકિર્દીના વિકાસમાં તેઓશ્રીનું અમૂલ્ય યોગદાન રહ્યું છે, તેનો હું ઋણસ્વીકાર કરું છું. પૂજ્ય ગુરુજી શ્રી મનુભાઈ સાહેબને કોટિ કોટિ વંદન. પરમ કૃપાળુ પરમાત્મા સાહેબશ્રીને દીર્ઘાયુષી અને નિરામય બનાવે અને શિક્ષણજગતને પોતાનું મૂલ્યવાન માર્ગદર્શન આપતાં રહે તેવી પ્રાર્થનાસહ.

•

# પૂજ્ય ગુરુજી સાથેનાં વર્ષ 1967-68નાં સંસ્મરણો

■ ડૉ. ચુનીલાલ ડી. પટેલ

અમારી જિંદગીના ઘડતરમાં ઘણી વ્યક્તિઓ આવેલી, પરંતુ પૂજ્ય મનુભાઈ સાહેબનો ફાળો અદ્વિતીય છે, જે કદાચ આ કલમે કે શબ્દોથી વર્ણવવો મુશ્કેલ છે. અમારી શૈક્ષણિક અને બૌદ્ધિક ઘડતરની શરૂઆત વડનગર તાલુકાના સિપોર ગામની આદર્શ સ્કૂલથી થઈ. તેમાં અમારા ગામના પૂજ્ય વંદનીય સર્વશ્રી રામભાઈ પટેલ, પૂ. અંબુભાઈ પટેલ, પૂ. પ્રતાપભાઈ સોલંકી, પૂ. રેવાભાઈ પટેલ, પૂ. પ્રભુદાસ પ્રજાપતિ, પૂ. બળદેવભાઈ પટેલ, પૂ. લક્ષ્મણભાઈ પટેલ, પૂ. પરમાનંદ શાહ, પૂ. રતિલાલ શાહ, પૂ. શંભુભાઈ ઓઝા, પૂ. રતિભાઈ પટેલ, પૂ. મંછાભાઈ પટેલનો ફાળો સવિશેષ રહેલ.

આપ સાહેબશ્રી વર્ષ 1967-68માં આદર્શ સ્કૂલ, સિપોર આવ્યા તે દિવસથી અમારામાં ભણવા અંગેનો દિવ્ય સંચાર શરૂ થયો હોય તેવું લાગવા લાગ્યું. જ્યારે અમો ધોરણ 11મા આવ્યા ત્યારે આજુબાજુ 10થી 12 ગામના વિદ્યાર્થીઓ 4થી 8 કિલોમીટર જેટલું અંતર કાપી પગપાળા ભણવા આવતા, જેમાંથી 50થી 60 વિદ્યાર્થીઓ ધોરણ 11મા હતા, તે સર્વેનો મુસાફરીમાં સમય ઘણો જ બગડતો હોવાથી આપ સાહેબે અમો પ્રત્યે અમી દૃષ્ટિ રાખી તમામ વિદ્યાર્થીઓ માટે સ્કૂલમાં જ રહેવા-જમવાની સગવડો સાથેની હૉસ્ટેલનું આયોજન કર્યું. આમ, અમારી જિંદગીનો નવો અધ્યાય અહીં શરૂ થયો. માત્ર હૉસ્ટેલનું આયોજન જ નહિ, પણ ગુરુકુળ પરંપરાના સમય દરમિયાન ઋષિમુનિઓ જે રીતે ગુરુકુળ આશ્રમ ચલાવતા તે મુજબનું આયોજન કર્યું. આ પ્રકારનું આયોજન કદાચ અમારાં માતાપિતા પણ ન કરી શક્યાં હોત. આપ હૉસ્ટેલમાં સવારે વહેલા આવી જતા તેમજ રાત્રે 11-12 સુધી અમો અભ્યાસ કરતા ત્યાં સુધી હાજર રહેતા. આપશ્રીએ અન્ય શિક્ષકો શ્રી રતિભાઈ પટેલ અને શ્રી લક્ષ્મણભાઈ પટેલને પણ વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદરૂપ થવા હાજર રહેવા માટે જણાવતા. એસ.એસ.સી. માટે શ્રી વી. જે. કુટમુટિયા તથા શ્રી શાહનાં જે પખવાડિક મૅગેઝિન આવતાં તે આપશ્રી રેપર ખોલ્યા વિના અમને વાંચવા આપતા. અમો અમારા ગામ ગયા હોવાના કારણોસર નિશાળમાં હાજર ન રહી શકવાથી, અભ્યાસમાં વિક્ષેપ પડવાથી આપ સાહેબશ્રી મને અંગત રીતે ફ્રી પિરિયડમાં ભણાવતા જે બાબત અવિસ્મરણીય છે. સ્કૂલમાં અભ્યાસપૂર્ણ કર્યા પછી મારી સર્વિસ કચ્છ ખાતે હોવાથી 20 વર્ષ પછી વિસનગર બસ સ્ટેશને અચાનક આપશ્રીને મળવાનું થયું તે દરમિયાન આપ સાહેબશ્રીએ મને ઓળખીને નામજોગ બોલાવ્યો તે હું મારું અહોભાગ્ય સમજું છું. સામાન્ય રીતે એક આચાર્યશ્રીની સેવાના કાર્યકાળ દરમિયાન તેઓના હાથ નીચેથી હજારોની સંખ્યામાં વિદ્યાર્થીઓ પસાર થતા હોય છે. છતાં પણ

20 વર્ષના સમયગાળા પછી પણ આપશ્રીએ મને ઓળખીને નામજોગ બોલાવ્યો તે ક્ષણ મારા માટે ગર્વપૂર્ણ હતી. આપ સાહેબશ્રીએ અમારા અભ્યાસ પ્રત્યે વિશેષ કાળજી લીધેલ તેથી એસ.એસ.સી.માં નિશાળમાં મારો બીજો નંબર આવ્યો હતો. જેના ઇનામ સ્વરૂપે પાંચ રૂપિયા મને મળેલ જે અત્યાર સુધી કવર સાથે મેં સાચવી રાખેલ છે. આપ સાહેબશ્રીની નિષ્ઠાભરી મહેનતની સરકારશ્રી ક્યારે કદર કરશે તેની રાહ મેં ઘણાં વર્ષો જોયા બાદ જ્યારે આપશ્રીને રાષ્ટ્રીય અવૉર્ડ મળ્યો ત્યારે તે રાષ્ટ્રીય અવૉર્ડ મને મળ્યો હોય એવી અનુભૂતિ થયેલ.

કોઈ વિદ્યાર્થીઓ હૉસ્ટેલમાં ગેરવર્તણૂક કરે તો તેમને પોતાની આગવી શૈલીથી માર્ગદર્શન આપતા. હૉસ્ટેલમાં રસોઈ કરતા ભાઈશ્રીને હેરાન કરવા વિદ્યાર્થીઓ ખોરાક ખાવામાં અતિરેક કરતા અને રસોઈ ખૂટવાડતા, પણ આપશ્રીએ કોઈ વિદ્યાર્થીઓને આ બાબતે ટકોર કરેલ નથી, પરંતુ રાત્રે પ્રાર્થનામાં વાર્તા સ્વરૂપે માર્ગદર્શન આપતા. તે વાર્તા આજે પણ મને યાદ છે, જેનો સારાંશ હતો કે –

"એક ગામમાં એક ડૉક્ટરે દવાખાનું ખોલ્યું, 6 મહિના સુધી એક પણ દર્દી ન આવ્યો, એટલે ડૉક્ટર, સરપંચ પાસે ગયા અને કહ્યું કે આપના ગામમાં તો કોઈ બીમાર પડતું જ નથી કે શું ? ત્યારે સરપંચે કહ્યું કે અમારા ગામમાં લોકો ભૂખ લાગે ત્યારે જ ખાય અને સાત રોટલીની ભૂખ હોય તો પાંચ રોટલી ખાય એટલે બીમાર પડતા નથી." આમ, આપ આડકતરી રીતે સચોટ ઉદાહરણ સાથે ઉપદેશ આપતા.

આપ સાહેબશ્રીએ માત્ર અભ્યાસ પૂરતું નહિ, પણ અભ્યાસપૂર્ણ થયા પછી એસ.એસ.સી.ની માર્કશીટની કેટલી ખરી નકલોની જરૂર પડશે તેનું પણ ધ્યાન રાખેલ. હું આપની પાસે 5 માર્કશીટની ખરી નકલ કરાવવા માટે આવેલ પણ આપશ્રીએ 20 નકલોની જરૂર પડશે તેમ કહી માર્કશીટની 20 ખરી નકલો કરી આપેલ, જે નકલો વપરાયા વગરની બાકી રહેલ તે મેં આજદિન સુધી સાચવી રાખેલ છે. આપ સાહેબશ્રી વિદ્યાર્થીઓના અરસપરસના એકબીજાના સાથેના કેવા સંબંધો હતા, તે પણ ધ્યાન રાખતા, અભ્યાસ પૂર્ણ થયા પછી મારા મિત્ર બંસી શુક્લ બીમાર પડતાં આપશ્રીએ મને M. G. SCIENCE COLLEGE, AHMEDABAD ખાતે પત્ર લખેલ કે બંસી શુક્લ બીમાર છે, તું જરૂર મળવા આવજે, પણ તે સમયે મારી પરીક્ષા ચાલુ હોઈ તાત્કાલિક મળવા પહોંચવું શક્ય ન હોવાથી 15 દવસ પછી મળવા ગયેલ તે બાબતનો રંજ આજદિન સુધી મારા મનમાં રહી ગયેલ છે.

આપશ્રીએ મારું જીવનઘડતર કર્યું, મારા અને મારા પરિવારના જીવનને ઉન્નત બનાવવામાં આપનો સવિશેષ ફાળો રહેલો છે. આપશ્રી સાથેનાં મારાં સંસ્મરણો અખૂટ છે, પરંતુ શબ્દોની મર્યાદાના કારણે મારે અહીં વિરામ આપવો પડે છે. આપ સાહેબશ્રીને તેમજ આપના તમામ કુટુંબીજનોને મારા તથા મારા કુટુંબ તરફથી સહસ્ર સહસ્ર વંદન.

•

# સિપોરવાસીઓનાં હૃદયકમળમાં બિરાજમાન

■ પ્રો. ડૉ. વિનોદચંદ્ર બી. પટેલ

આદરણીય પરમ પૂજ્ય માનનીય શ્રી મનુભાઈ જે. પટેલસાહેબના અભિવાદનગ્રંથ માટે બે શબ્દો લખવાની તક મળતા હું આનંદ અનુભવું છું. જોકે આકાશના તારલાઓ ગણ્યા ગણાય નહીં, વીણ્યા વિણાય નહીં તેમ માનનીય મનુભાઈ સાહેબના ગુણગાન ગાતાં પાર આવે એમ જ નથી. તેમ છતાં પુલકિતભાવે તેમના વિશે લખતાં આનંદ અનુભવું છું.

સિપોર ગ્રામવાસીઓ વતી હું પ્રત્યક્ષ વિદ્યાર્થી પ્રો. ડૉ. વિનોદચંદ્ર બાબુલાલ પટેલ, મા. સાહેબશ્રીને કોટિ કોટિ વંદન કરું છું. સાહેબશ્રી અમારા સર્વેના હૃદયકમળ ઉપર બ્રહ્માજીની જેમ બિરાજમાન છે. સાહેબશ્રીના જેટલા ગુણગાન ગાઈએ તેટલા ઓછા છે. કારણ કે પૂ. સાહેબનું અમારા હૃદયકમળમાં ગોવિંદ જેટલું જ સ્થાન રહ્યું છે.

*गुरु गोविंद दोनों खड़े किसको लागु पाय ।*
*बलिहारी गुरु आप की, गोविंद दियो बताय ।।*

*गुरु ब्रह्मा गुरु विष्णु, गुरुः देवो महेश्वरः।*
*गुरुः साक्षात् परं ब्रह्मः तस्मै श्री गुरुवे नमः ।।*

હું આદર્શ વિદ્યાલય સિપોરમાં ભણતો હતો, ત્યારે સાહેબ અમારા આચાર્યશ્રી હતા. દરરોજ સવારે સમૂહપ્રાર્થનામાં સાહેબશ્રી પંડિત વિષ્ણુશર્માની પંચતંત્રની બોધકથાઓની જેમ પ્રેરકકથાઓ કહીને અમને આદર્શ વિદ્યાર્થી અને આદર્શ નાગરિક બનાવવાનો પ્રયત્ન કરતા, જે આજે પણ અમને દૃષ્ટિગોચર થાય છે. આજે પણ ગ્રામજનો શ્રી મનુભાઈ સાહેબનું નામ પડવાથી કે તેમને રૂબરૂ મળવા આનંદઘેલા બની જાય છે. જેવી રીતે નાનું વાછરડું સંધ્યા સમયે ગોચરમાં ચરીને પાછી ફરેલી પોતાની ગાયમાતાને જોઈને હર્ષઘેલું થઈ જાય છે તેમ.

આ પ્રસંગે સૌ પહેલાં તો હું અમારી સિપોર ગામના તત્કાલીન કેળવણી મંડળનો આભાર માનું છું કે જેમણે સાચા ઝવેરીની જેમ સાચો હીરો પારખીને પિલવાઈ હાઈસ્કૂલમાંથી સિપોર ગામમાં આદર્શ વિદ્યાલયના સુકાની તરીકે સાહેબશ્રીને પ્રસ્થાપિત કર્યા. આજે તેમનું એ સદ્કાર્ય સિપોર ગામ માટે આશીર્વાદરૂપ સાબિત થયું છે. સાહેબશ્રી સાચા અર્થમાં પારસમણિ છે. આથી જ તો તેમના સાંનિધ્યમાં રહેલા વિદ્યાર્થીઓનું કલ્યાણ થઈ ગયું. કોઈ આદર્શ વિદ્યાર્થી બની ગયો, તો કોઈ આદર્શ નાગરિક, આદર્શ ડૉક્ટર, આદર્શ એન્જિનિયર, આદર્શ શિક્ષક, આદર્શ

ચારિત્ર્યવાન બની ગયા. તેનું તાજું ઉદાહરણ તેમના શિષ્ય રઘુજી ઠાકોર કે જેમની ડભોડા ગામે શિક્ષક તરીકેની વયનિવૃત્તિ થતાં ભવ્યાતિભવ્ય વિદાય સન્માન યોજાઈ ગયો. આવા તો અનેક દાખલાઓ આજે આપી શકાય. સાહેબના આવવાથી ગામમાં કન્યાકેળવણીની પણ હોડ લાગી. ગામની દરેક દીકરીઓ ભણવા લાગી અને ભણી-ગણીને જ્યાં ગઈ ત્યાં ગામનું અને સાહેબનું નામ રોશન કર્યું. પી.ટી. ઉષાની સાથે દોડસ્પર્ધામાં ગયેલી સિપોર ગામની રમીલા પટેલ એ સમયની વીરબાળા આજે ઇન્કમટૅક્સ વિભાગમાં ઊંચા હોદ્દા પર બિરાજમાન છે. જે સાહેબની દેન છે. આજે આદર્શ વિદ્યાલયના વિદ્યાર્થીઓ દેશ-વિદેશમાં જુદાં-જુદાં ક્ષેત્રોમાં આગળ પડતા છે અને સાહેબની શોભા વધારી રહ્યા છે. આ બધો યશ મનુભાઈ સાહેબને અને તત્કાલીન કેળવણી મંડળને ફાળે જાય છે.

પૂ. સાહેબે હોશિયાર તથા ગરીબ બાળકો માટે હાઈસ્કૂલમાં રાત્રિવર્ગો શરૂ કરેલા. જેમાં બાળકોને હૉસ્ટેલ જેવી સુવિધા પૂરી પાડીને વિવિધ વિષયોના શિક્ષકોને વિશેષ અધ્યાપનકાર્યનો લાભ આપતા અને પોતે પણ દરરોજ રાત્રિના સમયે બાળકોની કાળજી લેતા, જેનાથી વિદ્યાર્થીઓના પરિણામમાં ઘણો ફાયદો થતો અને આજે તેમનું જીવન સોના જેવું થઈ ગયું છે. સાહેબના આ વિચારે ગામનાં ઘણાં છોકરાંઓનું જીવન સુધારી દીધું છે. આથી જ સિપોર ગામ માટે કહેવત પડેલી છે કે – ઘેર-ઘેર સરકારી નોકરિયાત. સાહેબશ્રીએ અમારા સિપોર ગામની કાયાપલટ કરી નાખી છે. આથી જ આજે પણ મનુભાઈ સાહેબ માટે અને તેમની અમી નજરનો પ્રસાદરૂપે લાભ લેવા પડાપડી કરી દે છે. સાહેબશ્રી જ્યારે સિપોર ગામમાં નોકરી કરતા હતા ત્યારે જ્યારે ગામમાં નીકળતા ત્યારે ગામની અને માર્ગની શોભા વધી જતી. વિદ્યાર્થીઓ અને ગામલોકો વિનમ્રભાવે ઊભા રહી સાહેબને નમસ્તે કહેતા જે દૃશ્ય ''न भूतो न भविष्यति।'' જેવું હતું. સાહેબને જોઈને રખડું છોકરાઓ સંતાઈ જતાં, તો વળી, હોશિયાર છોકરાઓ સ્ટેચ્યૂની જેમ ઊભા રહી જતા અને સાહેબને નમસ્કાર કરી સાહેબની અમી દૃષ્ટિનો પ્રસાદ લેતા. આજે સિપોરના ગામની જે આર્થિક, સામાજિક, રાજકીય, વ્યાવસાયિક કે શૈક્ષણિક પ્રગતિ છે તે પૂ. સાહેબશ્રીની દેન છે. છેલ્લે એટલું કહી મારી કલમને વિરામ આપીશ કે સાહેબનો મહિમા અપરંપાર છે:

*असितगिरि समं स्यात् कज्जलम् सिन्धुपात्रे, सुरतरुवर शाखा लेखनी पत्रमुर्वी,*
*लिखति यदि गृहीत्वा शारदा सर्वकालं तदपि गुरुवर्यस्य गुणानां पारं न याति ।।*

•

# વિદ્યાર્થીઓના શિલ્પી મનુદાદા

■ કે. બી. પટેલ

સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં અને વિદ્યાર્થી આશ્રમમાં રહીને ભણ્યા, ગણ્યા અને રમ્યા તે એક સંભારણું બનીને રહી ગયું છે. વિદ્યાર્થી આશ્રમ એટલે ગુરુકુળ પરંપરાને યાદ અપાવે તેવું એક વિદ્યાક્ષેત્ર. તે સમયના અમારા આચાર્યશ્રીને ગૃહપતિઓ પણ સાચા અર્થમાં ગુરુપરંપરાને વરેલા હતા. તેનું કારણ ઋષિતુલ્ય મનુભાઈ સાહેબ. ગ્રામ્ય જીવનમાંથી ભણવા માટે આવેલા ત્યારે કેટલીક વસ્તુઓનો ગમો, અણગમો, ફાવતું નથી આવું ઘણુંબધું થતું છતાં પણ વારંવાર ગુરુજનોના સહવાસથી અને વચનોથી છાત્રવાસમાં ગોઠવાઈ ગયા. આ બધી જ બાબતોમાં અમારા માટે પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મનુભાઈ સાહેબ જોડાયેલા હોય જ. સાંજ પડે અને પ્રાર્થનાની ઇંતેજારી, કારણ મનુભાઈ સાહેબનું પ્રાર્થના-પ્રવચન.

પ્ર-એટલે શ્રેષ્ઠ, આમ જેમની વાતોમાંથી શ્રેષ્ઠ વચનો મળતાં તેવાં સરળ પ્રવચનો દ્વારા વિદ્યાર્થીઓને મનમાં કોઈ પણ મૂંઝવણ ઊભી થાય અને આ વચનો સાંભળે એટલે એ મૂંઝવણમાંથી મુક્ત. માટે જ મનુભાઈ સાહેબના પ્રાર્થના-પ્રવચનોની હરહંમેશ ઇંતેજારી રહેતી. મનુભાઈ સાહેબ એટલે જેઓમાં જ્ઞાન કર્મ અને ભક્તિ ત્રણેય ગુણોનાં દર્શન હરહંમેશ થતાં.

પ્રાર્થનાસભામાં જે ધૂન બોલાતી,

*સાચી વાણીમાં શ્રી રામ, સાચા વર્તનમાં શ્રીરામ,*
*જન સેવામાં પામીશું પ્યારા રામ રામ રામ.... .*

આ ધૂનના તમામ શબ્દો મનુદાદાના જીવનમાં સાર્થક થયેલા જોઈ શકું છું. જેમની વાણી દ્વારા જે વચનો કહેવાતાં તે જ તેમના વર્તનમાં જોવા મળતાં હતાં અને હંમેશાં વિદ્યાની સેવાકીય પ્રવૃત્તિમાં મગ્ન રહેતા અનુભવ્યા છે.

શિસ્ત, ક્ષમા અને કરુણાનો સમન્વય એટલે મનુભાઈ સાહેબ. સાહેબ દ્વારા અપાયેલા વિવિધ પ્રવચનોમાંથી હું ત્રણ વાતો શીખ્યોઃ

### જીવનઘડતર માટે શિક્ષણ

પ્રાર્થનાસભામાં સાહેબ દ્વારા કહેવાયું ''મુક્તિ અપાવે તે વિદ્યા'', માત્ર પુસ્તકિયા કીડા ન બનતાં જીવનમાં ભણતર સાથે ગણતર પણ હોવું જરૂરી છે અને તેવા સ્પષ્ટ અને સરળ ઉદાહરણો દ્વારા અમારા જીવનમાં જીવનઘડતરની કેટલીએ વાતો માર્ગદર્શનરૂપ

બની છે.

આજે હું પોલીસ વિભાગમાં પી. આઈ. તરીકે નોકરી કરું છું. તેમાં મનુભાઈ સાહેબ દ્વારા કહેવાયેલી વાતો આજે પણ મને સારા કર્મ માટે આંગળી ચીંધી જાય છે. સાહેબ દ્વારા કહેવાયેલ વાર્તા આપણને જોનાર આપણો આત્મા જ છે.

જેમાં સાહેબે એક ગુરુના બે ચેલાઓનું ઉદાહરણ આપેલું. ટૂંકમાં કહું તો ગુરુગાદી માટે ગુરુએ બંને ચેલાની પરીક્ષા કરવા માટે હાથમાં જીવતી ચકલી આપી અને કહ્યું કોઈ ન જુએ તેવી જગ્યાએ જઈને આને મારી નાખો. એક ચેલો કામ પૂર્ણ કરી અને પરત આવ્યો અને બીજો મોડી રાત્રે પાછો આવ્યો અને ગુરુના ચરણોમાં જીવતી ચકલી મૂકીને કહ્યું. ગુરુદેવ આપના દ્વારા જ કહેવાયું હતું કે કોઈ પણ એવી જગ્યા નથી કે જ્યાં પરમ ચૈતન્યતત્ત્વની હાજરી ન હોય એટલે કોઈ વ્યક્તિ મને જોનાર નહોતું પણ મારા અંદર બિરાજમાન મારો જ રામ પરમ ચૈતન્યતત્ત્વ મને જુએ છે. તે ડરથી હું આ કૃત્ય કરી શક્યો નહીં. બસ આ વાતનો મર્મ આજે પણ મને મારા વ્યવસાયમાં ઘણી વખતે માર્ગદર્શનરૂપ થાય છે. આ છે સાહેબના જ્ઞાનનો પરિચય.

**વ્યસનમુક્ત જીવન**

એક વખત અમારો સહપાઠી કોઈ વ્યસની પદાર્થને આરોગતાં પકડાયો (તમાકુ) અને તે દિવસે સાયં પ્રાર્થનામાં સાહેબ દ્વારા વ્યસનમુક્તિનાં વિવિધ ઉદાહરણો અપાયાં જેમાં તમાકુના ખેતરને વાડ હોતી નથી, કારણ તેને કોઈ જ પશુ-પ્રાણી પણ ખાતું નથી. જેમાં તેઓએ ગધેડાનું ઉદાહરણ આપીને કહેલું કે ગધેડો પણ તમાકુને ખાતો નથી અને જો તે આપણે ખાઈએ તો ગધેડાની કક્ષાથી પણ આપણે ગયેલા ગણાઈએ. આ વાત હું જ્યારથી ડિપાર્ટમેન્ટમાં જોડાયો ત્યારથી લઈને આજદિન સુધી ગમે તેવા સ્ટ્રેસમાં આવી ગયો હોવા છતાં પણ વ્યસનમાંથી આબાદ રહ્યો છું. તે વિદ્યાર્થીઆશ્રમના ઋષિતુલ્ય મનુભાઈ સાહેબના આવા સરળ અને સચોટ ઉદાહરણોને કારણે જ શક્ય બન્યું છે.

**વાચન**

સાહેબ દ્વારા ઉત્તમ વાચન પદ્ધતિ વિશેનો ઊંડો ખ્યાલ પ્રવચનમાં રજૂ થયો. જે ભણતા ત્યારે ચોક્કસ અમલ કરવાનો પ્રયત્ન કરેલો, પણ બી.એસસી., બી.પીએડ.(ગોલ્ડ મેડાલિસ્ટ) થયા પછી ગણિત-વિજ્ઞાનના શિક્ષક તરીકે જોડાયા. ત્યાર બાદ પણ સાહેબ શ્રી મનુભાઈ સાહેબનાં પ્રવચનોનો પ્રભાવ એટલો હતો કે GPSC એક્ઝામ આપવાનો પણ ચસ્કો લાગ્યો અને ત્યારે સાહેબના વાંચન વિશેના પ્રવચનોની એક-એક વાતો યાદ કરી. જેમાં નિયમિત વાચન, એક જ બેઠક ઉપર રહીને સતત વાચન અને તેનું ચિંતન આ પદ્ધતિ મને પોલીસ ખાતાની પરીક્ષામાં સફળતા અપાવનારી નીવડી અને જ્યારે PIના interview committee સમક્ષ હાજર થયો ત્યારે N.C.C 'C' Certificateના બે ગુણ મળ્યા. જેનો આ પરીક્ષમાં સફળ થવામાં ખૂબ મોટું યોગદાન હતું. ત્યારે સાહેબ દ્વારા N.C.C રાખવાનો જે આગ્રહ હતો તેનું મહત્ત્વ સમજાયું. જેથી મારી આ સફળતાનો તમામ શ્રેય મનુભાઈ સાહેબને જાય છે. જે સાહેબની વિદ્યાભક્તિનું પરિણામ છે. આવા ઉત્તમ કર્મ કરી ભગવાન પર ભરોસો રાખવાનું જ્ઞાન સાહેબનાં પ્રવચનો (ગીતાજીના

શ્લોકો) દ્વારા મળ્યું છે.

*कर्मण्येवाधिकारस्ते मा फलेषु कदाचन ।*
*मा कर्मफलहेतुर्भुर्मा ते सङ्गोऽस्त्वकर्मणि ।। (2.47)*

તમને ફક્ત તમારાં કાર્યો પર જ અધિકાર છે, ફળ પર ક્યારેય નહીં. ક્રિયાના ફળને તમારો હેતુ ન બનવા દો અને તમારી આસક્તિને નિષ્ક્રિયતા ન થવા દો.

આજે પણ જ્યારે સવારનું સ્નાન કરવા બેસીએ ત્યારે સાહેબ દ્વારા સ્નાન કરવાની અપાયેલી પદ્ધતિ જે ભોજન કરતી વખતે મળતું અડધું લીંબું અને તેનું છોતરું શરીર પર ઘસી નેપ્કીનથી સાફ કરવું અને પછી સ્નાન કરવું અને તેલ વડે માલિશ કરવી આ વાતો કેમ ભૂલી શકાય. શરીરશૌષ્ઠવ માટેની સુંદર એવી આ વાતો આજે પણ જીવનમાં લાગું પડે છે. ભોજન કરતી વખતે વાણિયાજી બનીએ તે વાત કેમ ભૂલી શકાય. આવી અનેક વાતો એમના દ્વારા અમારા જીવનબાગને ખીલવનારી બની છે. એવા વિદ્યાપ્રેમી અને વિદ્યાર્થીઓને પોતાનાં જ સંતાનો ગણનાર એવા ઋષિતુલ્ય મનુભાઈ સાહેબ માટે આ વેદની સૂક્તિ... ***सर्वे भवन्तु सुखिनः सर्वे सन्तु निरामयाः...*** યથાયોગ્ય છે. જેઓના વિદ્યાજ્ઞાનથી વિદ્યાર્થીઓ સુખી રહે, નિરામય રહે, કલ્યાણ જુએ અને ક્યારેય દુઃખી ન થાય તેવી જ વાતો હરહંમેશ રહેલી છે. તેવા સાહેબ આજે પણ 87 વર્ષે બીમારીઓના વાવાઝોડાઓનો સામનો કરીને આજે પણ નિરામય છે તે જોઈને આનંદ સાથે નવી ઊર્જા પ્રાપ્ત થાય છે. આ તબક્કે આશ્રમ પરિવારના મુખ્ય ગૃહપતિશ્રી, ગૃહપતિશ્રીઓ અને સંસ્થાના સંવાહકોને યાદ કરતાં આંનદ અનુભવું છું અને મારા જીવનબાગને ખીલવવામાં જેઓનું માર્ગદર્શન અને પ્રેરણા હરહંમેશ મળતાં રહ્યાં છે તેવા મનુભાઈ સાહેબને શત શત વંદન...

•

# આત્મીયજન ગુરુવર્ય

■ મહેશકુમાર બાબુલાલ શાહ

હું આદરણીય પૂજ્ય શ્રી મનુભાઈ જે. પટેલસાહેબનો (આદર્શ વિદ્યાલય, સિપોર)નો વિદ્યાર્થી હતો. આ ઉપરાંત સાહેબશ્રી અમારા મકાનમાં 10થી 12 વર્ષ સુધી સતત એકધારા એક આત્મીયજન તરીકે રહ્યા હતા, જેથી સાહેબશ્રી મારા કુટુંબ સાથે એકદમ નજીકથી પરિચિત હતા અને આજે પણ સાહેબશ્રી અમારા કુટુંબ સાથે ગાઢ આત્મીયતા ધરાવે છે. સાહેબે આદર્શ વિદ્યાલય, સિપોરમાં સતત 18 વર્ષ સુધી ઋષિકુળના આચાર્યસમ યશસ્વી સેવાઓ આપી હતી. સાહેબશ્રીના 18 વર્ષનાં કાર્યકાળ દરમિયાન મારા મોટા બાપા બુદ્ધિલાલ સલ્લુભાઈ શાહે સિપોર કેળવણી મંડળના પ્રમુખ તરીકે સેવાઓ આપી હતી અને અમારા સગા બુદ્ધિલાલ દલીચંદ પટવાએ મંડળના મંત્રી તરીકે સેવાઓ આપી હતી. સાહેબશ્રીના કાર્યકાળ દરમિયાન આ બંને કુશળ વહીવટકર્તાઓનો તેમને સાથ-સહકાર મળ્યો હતો.

સાહેબ શાળામાં સવારે 9 વાગે જતા અને સાંજે 7 વાગે પાછા આવતા. શાળાને મંદિર સમજી સાધના કરતા એક તપસ્વી, ઋષિ કહીએ તો ખોટું નથી. **'આચારને આચરે તે આચાર્ય'** – વિનોબા ભાવેનું સૂત્ર સાહેબે પોતાના જીવનમાં સાર્થક કરી બતાવેલ છે. આગવી કોઠાસૂઝ ધરાવતા, નિષ્ઠાવાન, કર્તવ્યપાલન કરનાર, ચારિત્ર્યવાન, સદા મુખ પર મધુર હાસ્ય રેલાવીને બાળકો તેમજ પોતાના સ્ટાફ પરિવાર વચ્ચે જીવનાર વ્યક્તિ એટલે આદરણીય પૂજ્ય સાહેબ **'ખોટું કરવું નહીં અને ખોટું ચલાવી લેવું નહીં'** એ સાહેબશ્રીનો જીવનમંત્ર હતો.

આમ, પૂજ્ય સાહેબ ખરા અર્થમાં આચાર્યધર્મનું પાલન કરીને આદર્શ વિદ્યાલય, સિપોરને મૂલ્યનિષ્ઠ શિક્ષણધામ તરીકે વિકસાવ્યું હતું. આદર્શ વિદ્યાલય, સિપોરને **'મનુ તપોભૂમિ'** કહીએ તોપણ ખોટું નથી. આ પ્રસંગે હું પૂજ્ય મનુભાઈ સાહેબનાં પત્ની સ્વ. પુષ્પાબહેનને પણ ભૂલી શકું તેમ નથી. જેઓ વ્યવહારકુશળ અને પ્રેમાળ વ્યક્તિત્વ ધરાવતાં હતાં. આજે પણ સ્વ. પુષ્પાબહેનનો વિરલ આત્મા મારા સ્મૃતિપટ પર જીવંત છે. પૂજ્ય સાહેબના મારા પર પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે ઘણા ઉપકાર રહેલા છે. જે ઉપકારને હું ક્યારેય ભૂલી શકું તેમ નથી અને એ ઉપકારનું ઋણ પણ ક્યારેય ચૂકવી શકું તેમ નથી.

અંતમાં આદરણીય પૂજ્ય શ્રી મનુભાઈ સાહેબનાં ચરણોમાં કોટી કોટી વંદન પાઠવું છું.

•

# સંનિષ્ઠ કેળવણીકાર

■ બાબુભાઈ ગંગારામ પટેલ

પ્રેરણામૂર્તિસ્વરૂપ ઉત્કૃષ્ઠ સન્માનનીય લબ્ધપ્રતિષ્ઠ શ્રી પૂજ્ય મનુભાઈ પટેલ સાહેબના જીવન-કવન સંદર્ભે બે શબ્દો લખી રહ્યો છું, ત્યારે અનેકવિધ પ્રવૃત્તિઓના પ્રણેતાસ્રોત એવા વિશાળ વટવૃક્ષ સમા અડગ પરોપકારી, ધ્યેયનિષ્ઠ, આદર્શ શિક્ષક, શિસ્તના આગ્રહી એવા શિક્ષણવિકાસના શિલ્પી, ભાષા પ્રભુત્વવાળા, સરસ્વતીના ઉપાસક, ગાંધીવિચારક અને પ્રેરણામૂર્તિ ચાણસ્માનું ગૌરવ એવા મારા જીવનઘડતરના ગુરુ શ્રી મનુભાઈ સાહેબને કોણ નથી ઓળખતું ?

સદાયે જેમણે બહુજન હિતાય, બહુજન સુખાયની ઉક્તિને સાર્થક કરવા સતત અને સખત મહેનત કરી તેની ફલશ્રુતિનાં દર્શન નજર સમક્ષ છે. આવા આદર્શ પ્રતિભા પ્રેરણાદાયી વ્યક્તિત્વને સ્નેહસભર બે હાથ જોડી વંદન.

આવા વિરલ વિભૂતિનો જન્મ ચાણસ્મામાં પિતા જેકીશનદાસ અને માતા ચંચળબાના સંસ્કારી પરિવારમાં સને 1937માં થયો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ માદરે વતન ચાણસ્મામાં લીધું, ત્યાર બાદ અમદાવાદમાં શિક્ષણ મેળવ્યું. એસ.ટી.સી. પરીક્ષામાં પ્રથમ અને બી.એડ્.માં સરદાર યુનિવર્સિટીમાં બીજું સ્થાન મેળવ્યું.

પોતાના જીવનની કારકિર્દીની શરૂઆત ગુજરાતની ખ્યાતનામ શિક્ષણસંસ્થા પિલવાઈ (તા. વિજાપુર)માં સને 1958થી દસ વર્ષ સુધી શેઠ જી. સી. હાઈસ્કૂલમાં શ્રેષ્ઠ આચાર્ય, શ્રી છ. કા. પટેલના નેજા હેઠળ કરતાં ઉત્તમ શિક્ષણનું ઘડતર થયું. ત્યાર બાદ આદર્શ વિદ્યાલય સિપોરમાં 18 વર્ષ સુધી આચાર્યશ્રી તરીકે સેવા કરી. તેમજ ખ્યાતનામ સંસ્થા કડીમાં 10 વર્ષ સુધી પ્રિન્સિપાલ તરીકે સેવા કરી. આમ તેઓએ 36 વર્ષ સુધી શિક્ષણની જ્યોત ગાંધીચીંધ્યા માર્ગે પ્રજ્વલિત રાખી. નિષ્ઠાવાન આચાર્યપદેથી 1995માં નિવૃત્ત થયા. ત્યાર બાદ તેમણે સર્વ વિદ્યાલય કેળવણી મંડળમાં કૅમ્પસ નિયામક તરીકેની જવાબદારી નિષ્ઠાપૂર્વક, નિઃશુલ્ક સેવાના ભાવે નિભાવી.

જ્યારે હું સને 1963માં ધો.8માં પિલવાઈની શેઠ જી. સી. હાઈસ્કૂલમાં અભ્યાસ કરતો હતો ત્યારે સંસ્થામાં 'બંસરી' મુખપત્ર દર મહિને પ્રસિદ્ધ કરવામાં આવતું. આ મુખપત્રના વિચારના પ્રેરણાસ્રોત મનુભાઈ સાહેબ હતા. આ પત્રિકામાં વિદ્યાર્થીઓની કવિતાઓ, વાર્તાઓ, નિબંધો વગેરે છાપવામાં આવતાં. બાળકોમાં પડેલ સુષુપ્ત શક્તિઓને ઉજાગર કરવાનો આ એક સારો વિચાર હતો. મેં મારી મૌલિક કવિતા 'નાનકડી બંદૂક' વિશે મારા વિચારો વ્યક્ત કર્યા હતા, જ્યારે આ કવિતા મુખપત્રમાં છપાઈ ત્યારે મને

ઘણો આનંદ થયો અને મારા વિચારો પ્રગટ કરવાનું મોકળું મેદાન મળ્યું. આજે હું મારા મૌલિક વિચારો પ્રગટ કરવામાં પાછી પાની કરતો નથી. આનું શ્રેય મારા ગુરુ મનુભાઈ પટેલસાહેબના ફાળે જાય છે.

આ ઉપરાંત ગાંધીનગરમાં ગુજરાત માધ્યમિક શિક્ષણબોર્ડના કારોબારી સભ્યપદે પાંચ વર્ષ તેમજ મહેસાણા જિલ્લાના વિવિધ સંઘોની સંકલન સમિતિના પ્રમુખપદે રહી સંકલન સેવા આપી છે. તેમજ ઉ. ગુ. યુનિવર્સિટી પાટણમાં સેનેટ સભ્ય તરીકે પ્રશંસનીય કામગીરી કરેલ છે. તેમજ ચાણસ્માનગરીની શૈક્ષણિક, ધાર્મિક, સામાજિક, કૌટુંબિક, મેડિકલ, સેવાકીય સંસ્થાઓના વિકાસકાર્યોમાં સક્રિય રસ લઈ માર્ગદર્શક રહ્યા છે. ચાણસ્મા કેળવણી મંડળ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રાણ ફૂંકીને કાયાપલટ કરવાનો સિંહફાળો રહ્યો છે. તેમજ સમાજ ઉપયોગી કાર્યોમાં જીવનપર્યંત પ્રવૃત્ત રહ્યા છે. આમ આપની શિક્ષણની સંનિષ્ઠ સેવાઓ માટે ભારત સરકારે સને 1993માં રાષ્ટ્રપતિના વરદ હસ્તે રાષ્ટ્રીય અવૉર્ડ એનાયત કરી બહુમાન કર્યું. તેમજ 15મી ઑગસ્ટ, 2003ના રોજ પાટણ જિલ્લાના યશસ્વી શિક્ષણકાર તરીકે ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદી સાહેબના વરદ હસ્તે તામ્રપત્ર અર્પણ કરી સન્માનિત કરાયેલ છે.

મને કહેતાં આનંદ થાય છે કે આપે નિવૃત્તિ બાદ માતા-પિતાનાં નામે મેમોરિયલ ટ્રસ્ટ બનાવી, શિક્ષણ પ્રસાર, આરોગ્યસેવા, જરૂરિયાતમંદોને આર્થિક મદદ જેવી સેવાપ્રવૃત્તિઓ કરીને આપ યુવા પેઢીને દિશાસૂચન કરી પ્રેરણા આપી રહ્યા છો એ મારે મન ગૌરવની વાત છે.

આજે 86 વર્ષની જૈફ વયે યુવાનને શરમાવે તેવી સ્ફૂર્તિથી કાર્યરત મારા ગુરુ મનુભાઈ સાહેબને પરમાત્મા નિરામય દીર્ઘાયુ બક્ષે, જેથી આપશ્રીની દિવ્ય પ્રતિભાથી શિક્ષણક્ષેત્ર અને સમગ્ર સમાજ સતત પ્રભાવિત થતો રહે એ જ પરમ કૃપાળુ પરમાત્માને પ્રાર્થના.

•

---

*પ્રત્યેક દેશમાં શિક્ષણવ્યવસ્થા ત્યાંની રાષ્ટ્રીય ચેતના, સંસ્કૃતિ અને પરંપરાઓની સર્વોચ્ચ અભિવ્યક્તિ હોય છે. કારણ કે, કોઈ એક રાષ્ટ્ર બીજા રાષ્ટ્ર જેવું હોતું નથી, તેથી શિક્ષણની સમસ્યાઓની વ્યાખ્યાઓ પણ એટલી જ સંખ્યામાં છે જેટલી વિશ્વમાં દેશની સંખ્યો.*

***આંતર રાષ્ટ્રીય શિક્ષણપંચનો અહેવાલ, ૧૯૭૧***

---

# ગુરુવંદના

■ રમણભાઈ એમ. પટેલ

*गुरु गोविंद दोनों खड़े किसको लागु पाय ।*
*बलिहारी गुरुदेव की, जिसने गोविंद दियो बताय ।।*

મારું પ્રાથમિક શિક્ષણ મારા વતનનું ગામ લવારપુર ખાતે થયું. માધ્યમિક શિક્ષણ ઈશનપુર મોટા ખાતે થયું ત્યાં મને એક ગુરુ મળ્યા ગૂર્જરસાહેબ. તે હંમેશાં વિદ્યાર્થીઓના હિતેચ્છુ. કારકિર્દી બનાવવા તે સમયે વિદ્યાર્થીઓ દૂર-દૂરની શાળાઓમાં ભણવા જાય. ગામડાંઓમાં પ્રાથમિક શાળાઓ તો હોય, પણ માધ્યમિક શાળાઓ તો ખૂબ ઓછી, એટલે બીજા ગામની માધ્યમિક શાળાઓમાં જવું પડતું. ઈશનપુર મોટામાં ધોરણ-8 અને 9નો અભ્યાસ કર્યા પછી ગૂર્જરસાહેબે મને કહ્યું કે, ‘રમણ, તારે પિલવાઈ શિક્ષણ મેળવવા જવું જોઈએ.’ તે સમયે કડી, પિલવાઈ વિસનગરની શાળાઓમાં ઉત્તમકક્ષાનું શિક્ષણ મળતું અને હું પિલવાઈ માધ્યમિક શાળામાં ધોરણ-10નો અભ્યાસ કરવા માટે ગયો અને ત્યાં મને એક આદર્શ ગુરુ મનુભાઈ સાહેબ મળ્યા. હું 1963માં પિલવાઈ અભ્યાસ કરતો હતો, ત્યારે સાહેબનું એક અલગ વ્યક્તિત્વ હતું. વિદ્યાર્થીઓ તેમના વર્ગની રાહ જોઈને બેઠા હોય. ભણાવવાનું તો કાર્ય ઉત્તમ હતું, પરંતુ જીવન ઉપયોગી ભાથું તેઓ સતત પિરસ્યા કરતા હતા. તેમની કહેલી વાતોનું આજે પણ હું પાલન કરું છું. મનુભાઈ સાહેબ 1958માં પિલવાઈમાં શિક્ષક તરીકે જોડાયેલા અને પછી 1967માં તેઓ ખેરાલુ તાલુકાના સિપોર ગામની માધ્યમિક શાળામાં આચાર્ય તરીકે જોડાયા.

સાહેબની પ્રેરણાથી મેં બીએસ.સી. કર્યું અને હું પણ શિક્ષક બન્યો અને છેલ્લે ગાંધીનગર પાસેના શાહપુર ગામની માધ્યમિક શાળામાં આચાર્ય પણ બન્યો. પિલવાઈના મારા શિક્ષણ દરમિયાન સાહેબશ્રી સતત અમને કહેતાં કે કામ કરતા રહો... અને તેમની એ પ્રેરણા આજે પણ મારા જીવનમાં એક સંસ્કારરૂપે પડી છે. આજે મારી ઉંમર 77 વર્ષની છે છતાં હું ખૂબ જ પ્રવૃત્તિશીલ છું તેનું કારણ આવા ગુરુઓના આશીર્વાદ છે.

એક આદર્શ શિક્ષક જ્યાં પણ જાય ત્યાં હંમેશાં ઉજાસ ફેલાવતો હોય છે. મનુભાઈ સાહેબ 1967માં સિપોરમાં આચાર્ય તરીકે જોડાયા અને 18 વર્ષ આચાર્ય તરીકે સેવા આપી. તે સમય દરમિયાન કડી સર્વ વિદ્યાલય શિક્ષણ માટેનું ઉત્તમ શિક્ષણધામ ગણાતું. ત્યાં એક-એકથી ચડિયાતા શિક્ષકો શિક્ષણની જ્યોત જલાવતા હતા, ત્યારે મનુભાઈ સાહેબને કડી વિદ્યાલયનો આચાર્યપદનો કાર્યભાર સંભાળવાની જવાબદારી સોંપાઈ. તેમના સેવાકાળ દરમિયાન તેઓ કડી વિદ્યાલયને તેમની ઉત્તમ અને ઉમદા કાર્યશૈલીથી ગૌરવ

અપાવ્યું. સને 1993માં શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો રાષ્ટ્રપતિ અવૉર્ડ તેમને એનાયત થયો તે મારા જેવા અનેક વિદ્યાર્થીઓ માટે ગૌરવપૂર્ણ બાબત છે.

કર્મઠ વ્યક્તિ ક્યારેય નિવૃત્ત થતી નથી. તે હંમેશાં પ્રવૃત્તિશીલ રહેતી હોય છે. તેનું આદર્શ ઉદાહરણ મનુભાઈ સાહેબ છે. 1995માં કડી સર્વ વિદ્યાલયના આચાર્ય તરીકે સેવાનિવૃત્ત થયા, પરંતુ આ સંસ્થાને તેમની સેવાઓની ખૂબ જરૂર હતી, એટલે ટ્રસ્ટીઓએ તેમને કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રી તરીકેની જવાબદારી સોંપી અને તેમણે એ જવાબદારી બખૂબી નિભાવી. જીવનના અંતિમ પડાવનો તબક્કો છતાં જ્યેષ્ઠ ઉંમરે પણ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ તરીકેની જવાબદારી ઉપાડી લેવાનું અને તેને સહર્ષ સ્વીકારીને કામ કરવાનું અદમ્ય સાહસ મનુભાઈ સાહેબ જ કરી શકે.

ડિસેમ્બર, 2022માં મારા જીવનનાં 75 વર્ષ અને લગ્નજીવનનાં 60 વર્ષ પૂરાં થયાં. અમેરિકાસ્થિત મારા પુત્ર અને સમગ્ર પરિવારની ઇચ્છા હતી કે આ પ્રસંગ ધામધૂમથી ઊજવીએ. ગાંધીનગરમાં છેલ્લાં ત્રણેક વર્ષથી સિનિયર સિટીઝન ગ્રૂપ બનાવીને 100 જેટલા સભ્યોને જોડ્યા છે. આ ગ્રૂપ દ્વારા અનેક શૈક્ષણિક અને સામાજિક પ્રવૃત્તિઓ અમે કરીએ છીએ. આ ગ્રૂપના તમામ સિનિયર સિટીજન પણ મારા 75 વર્ષની ઉજવણી શાનદાર થાય તેવું ઇચ્છતા હતા. ગાંધીનગરસ્થિત કડી કૅમ્પસમાં આવેલ નાથીબા હૉલમાં 1000 સંબંધીઓ અને મિત્રોની ઉપસ્થિતિમાં યોજાયેલ કાર્યક્રમમાં મેં ગુરુવંદના કાર્યક્રમ પ્રથમ રાખ્યો. મારા જીવનમાં પથદર્શક બનેલા મનુભાઈ સાહેબ અને ગજ્જરસાહેબની ગુરુવંદના કરવી એ મારા જીવનનું અહોભાગ્ય કહેવાય. તે પ્રસંગે મનુભાઈ સાહેબ આવ્યા અને અમેરિકાથી આવેલા મારા પુત્ર અને સમગ્ર પરિવારને તેમના આશીર્વાદ મળ્યા તેનાથી હું મારા ધન્યભાગ સમજું છું.

છેલ્લે એક નાનકડી પ્રેરણદાયી વાત જે મનુભાઈ સાહેબ અમને કહેતા તેનો ઉલ્લેખ અહીં કરું છું. આજકાલ ઘર, ઑફિસ કે રસ્તાઓ પર સી.સી. ટી.વી. કૅમેરા લાગ્યા હોય છે, એટલે કોઈ પણ વ્યક્તિ કંઈક ખોટું કરે તો તરત જ તેની નજર કૅમેરા પર જાય અને કૅમેરા જુએ છે, એટલે તે ખોટું કરતાં ડરે છે, એમ આપણને કોઈક જુએ છે તેવો પ્રસંગ. એક ખેતરમાં આંબો હતો. આંબા પર પુષ્કળ કેરીઓ. કેરીઓ જોઈને લલચાયેલા એક વડીલ આંબા પર ચડ્યા અને તેના નાના દીકરાને કહ્યું જો બેટા ચારેબાજુ નજર રાખજે કોઈ જોઈ જાય તો મને કહેજે હું આંબા પરથી ઊતરી જઈશ. પેલા છોકરાએ તેના બાપને કહ્યું બાપુજી, કોઈ માણસ તો આપણને નથી જોતું, પણ ઉપરથી ભગવાન આપણને જોઈ રહ્યા છે. ખોટું કરતાં દશ વાર વિચાર કરજો.... ભગવાન આપણને જોઈ રહ્યો છે. આવાં માર્મિક ઉદાહરણો સાથે જીવનઘડતરની પ્રેરણા આપનાર મનુભાઈ સાહેબને શત શત વંદન. તેમના દીર્ઘાયુષ્ય માટે ઈશ્વરને પ્રાર્થના. મને આ ગુરુ મળ્યા તેવા સૌને આવા ગુરુ મળે અને તેમના જીવન ધન્ય થાય તેવી સદ્ભાવના.

•

# શિક્ષણના યુગઋષિ

■ **રમણભાઈ ભીખાભાઈ પટેલ**

શ્રી મનુભાઈ સાહેબે રાત-દિવસ શિક્ષણમાં જ રત રહીને ખરેખર જ તપ કર્યું છે. એમના એ તપના પ્રતાપે જ આપણી શાળા દીપી ઊઠી છે. શ્રી મનુભાઈ સાહેબ, પ્રાચીનકાળના આશ્રમ પદ્ધતિમાં શિક્ષા આપતા ઋષિસમાન – તપસ્વી આચાર્ય છે. પિલવાઈના છ. કા. પટેલની કર્મઠતા તેમનામાં ઊતરી પડી છે.

શાળાની વિવિધ પ્રવૃત્તિઓની માહિતી – યાદી કે આકૃતિ સ્વરૂપે આપણે રૂમોની અંદર અને બહાર લૉબીમાં જોઈ શકીએ છીએ. મહાપુરુષોના ફોટાઓ, તેમના જીવનસંદેશ, નકશાઓ વગેરે તથા વિવિધ પ્રકારનું જ્ઞાન અને સમાચારો આપતાં લખાણ પાટિયાં પર મુકાય છે. વળી, અમુક રૂમોને ખાસસૂચક અર્થમાં વિશિષ્ટ નામ અપાયેલાં છે. આ બધું શાળાની મુલાકાત લેનાર સહુ કોઈને આકર્ષી જાય છે. આ બધામાં શાળાના 'હેડ'ની વહીવટી કુશળતા અને શિક્ષકગણના સાથ-સહકારનાં દર્શન થાય છે.

વળી, શાળાની ઝીણામાં ઝીણી બાબતો પણ તેમના ધ્યાન બહાર હોતી નથી. ઘણા વિદ્યાર્થીઓને વ્યક્તિગત ઓળખે. પ્રવેશ મેળવતી વખતે જ વિદ્યાર્થીનો અને તેના વાલીનો પરિચય મેળવે. દશમા-અગિયારમા ધોરણના કયા વિદ્યાર્થીએ કયો વિષય રાખ્યો છે તે પણ વ્યક્તિગત રીતે જાણે. કોણ – કોની સાથે ક્યાં વાંચે છે, તે પણ જાણે. તેના વાલી તેને અભ્યાસમાં મદદ કરે છે કે નહિ તે પણ જાણે.

અમને એ વખતે રાત્રે વાંચવા માટે શાળામાં બોલાવતા, સૂવા માટે પણ શાળામાં સગવડ કરી આપતા. વિદ્યાર્થીઓ પ્રત્યેની નિકટતા કેળવનાર અને વિદ્યાર્થીના પરિવાર સાથે ઓતપ્રોત રહેનાર એ સાચા શિક્ષક અને આદર્શ આચાર્ય બની શક્યા. રવિવાર હોય કે રજાનો બીજો કોઈ દિવસ હોય, પણ તેમને ઑફિસમાં બેસીને કામ કરતા વારંવાર જોયા છે. શાળાના ચાલુ દિવસોમાં પણ સવારના તેઓ શાળામાં હોય. અર્થપ્રાપ્તિને મહત્ત્વ ન આપીને શિક્ષણ સાધનામાં રત રહ્યા છે.

શિક્ષણ સિવાયની બાબતો પ્રત્યે પણ તેમનો ઊંડો રસ દેખાઈ આવે. શાળા સામેનું સુઘડ મેદાન, સુંદર બગીચો, વૃક્ષો વગેરે ધ્યાન ખેંચે છે. બાળકોને નૈસર્ગિક આનંદ મળે અને વિશેષ જ્ઞાન મળે એ માટે વર્ષમાં ત્રણ-ચાર નાના-મોટા પ્રવાસોનું આયોજન પણ ખરું. ઉમાશંકર જોશી, સુંદરમ્, પન્નાલાલ પટેલ જેવા ઘણા-ઘણા સાહિત્યકારો, સંતો, મહંતો, સાક્ષરો, મહાપુરુષોના આગમનથી આ સંસ્થા અને ધરતીને તેમણે પાવન કરાવી છે.

સંઘોમાં સક્રિય રહીને તેમણે સંઘશક્તિ વધારી. જિલ્લા અને રાજ્ય આચાર્ય

સંઘના પ્રમુખ રહ્યા. માધ્યમિક શિક્ષણબોર્ડના સભ્ય રહીને શિક્ષણ સુધારણા માટે તેઓ પ્રયત્નશીલ રહ્યા. ‘કામ કરો’ના હિમાયતી હોવાને કારણે શાળાનું નામ રાજ્યભરમાં રોશન કર્યું છે. શિક્ષણના કોઈ ને કોઈ પ્રશ્ન બાબતે લગભગ મનુભાઈનું નામ આવે જ. ‘હા ! સિપોરવાળા મનુભાઈને ?’ એવું ઘણી વાર સાંભળવા મળ્યું છે. ઘણી વાર ગામનું નામ પુછાય ત્યારે પેલા મનુભાઈવાળું સિપોર ને ! એવું પણ સાંભળવા મળ્યું છે. જેમ વસંતભાઈ અને વડનગર એકબીજાનાં લગભગ પર્યાય સમાન છે, તેમ મનુભાઈ અને સિપોર એકબીજાનાં પર્યાય બની ગયાં હોય તેમ અનુભવ્યું છે અને તેમાં મનુભાઈ અને સિપોર બંનેનું ગૌરવ વધ્યું છે.

15મી ઑગસ્ટ હોય, 26મી જાન્યુઆરી હોય કે ધોરણ 10-12ના વિદ્યાર્થીઓની વિદાય હોય કે પછી શાળાનો વાર્ષિક ઉત્સવ હોય. આવા ઘણા કાર્યક્રમો યોજીને તેઓએ માત્ર શાળાનાં બાળકોને જ નહિ, પરંતુ ગામ આખાને આમંત્રણ આપીને વિવિધ મનોરંજન, માહિતીપ્રદાન કરતા સામાજિક, સાંસ્કૃતિક અને રાષ્ટ્રીય કાર્યક્રમોનો લાભ આપ્યો છે. તે ગામની પ્રજા ક્યારેય ભૂલી શકે તેમ નથી. આ કાર્યક્રમોમાં કેળવણી મંડળ, શાળાના વંદનીય ગુરુગણ, પ્રાથમિક કુમારશાળા, કન્યાશાળા, બાલમંદિર વગેરે સંસ્થાઓનો પૂરો સહકાર રહેતો.

ગામની અનેક પ્રવૃત્તિઓમાં પણ તેમણે નિષ્પક્ષ વર્તન રાખીને યોગ્ય માર્ગદર્શન આપી મદદ કરી છે. દુષ્કાળ રાહત કે પૂરગ્રસ્તોને મદદ માટેનો પ્રસંગ હોય, પણ તેઓ ગામના આગેવાનો સાથે ઘેર-ઘેર ફરીને અનાજ, કપડાં, ઓઢવા-પાથરવાનું પણ ઉઘરાવેલું. નેત્રયજ્ઞ કે દંતયજ્ઞ જેવાં સેવાભાવી કાર્યોમાં પણ અગ્રેસર રહેતા. તેમના જ શબ્દોમાં કહીએ તો શાળાની પ્રવૃત્તિઓને શાળાના દરવાજા સુધી જ સીમિત રાખી નહોતી, પણ ગામ આખા સુધી વિસ્તારી હતી.

એમનાં ધર્મપત્ની પૂજ્ય પુષ્પાબહેને સાહેબનાં કાર્યો માટે આપેલાં ત્યાગ, સમર્પણ અને સહકારની પણ કદર કરીએ એટલી ઓછી છે. મનુભાઈની ચોમેર સફળતા અને સુવાસમાં તેમણે ધૂપસળીની બેઠક-સ્ટૅન્ડનું કામ કર્યું છે. પુષ્પાબહેનને લાખ-લાખ વંદન.

•

# નિષ્કામ કર્મયોગી

■ **મહેશ મણિલાલ પટેલ**

સિપોર ગામના આદર્શ વિદ્યાલયને વાસ્તવિક રૂપે આદર્શ બનાવનાર ઋષિસ્વરૂપ એવા મારા પરમ આદરણીય શ્રી મનુભાઈ સાહેબનાં પદચરણોમાં વંદન. આપ મારે મન સદૈવ પ્રાતઃસ્મરણીય રહ્યા છો.

આપે નિસ્વાર્થ અને સમર્પણભાવે સિપોર જેવા ગામડાં-ગામની સ્કૂલનું સિંચન કરીને સ્કૂલને રાજ્ય સ્તરે ગુંજતી કરી હતી. રમત-ગમત ક્ષેત્રે સ્કૂલને રાષ્ટ્રીય સ્તરે પહોંચાડેલી. આપના વ્યક્તિત્વમાં ભારોભાર રાષ્ટ્રપ્રેમ અમે અનુભવ્યો છે. સવારે શરૂ થતી સ્કૂલે પહોંચીએ તો પ્રાર્થના પહેલાં ગ્રામોફોન રેકર્ડમાંથી 'મેરે દેશ કી ધરતી સોના ઊગલે, ઊગલે હીર મોતી' જેવાં દેશભાવનાનાં ગીતોના સૂર રેલાતા હોય. નિત્ય પ્રાર્થનામાં કબીર, તુલસી, વિવેકાનંદ, ઓશો વગેરેનું એક દૃષ્ટાંત અચૂક હોય. વિદ્યાર્થીઓના વ્યક્તિત્વઘડતરની આપને ઊંડી સૂઝ સમજ હતી. પરીક્ષાલક્ષી અભ્યાસ ઉપરાંત વિદ્યાર્થીના વ્યક્તિત્વઘડતર માટેની ઇતર પ્રવૃત્તિઓ સમગ્ર વર્ષ દરમિયાન ચાલતી જ રહેતી. વક્તૃત્વસ્પર્ધા, ચિત્રસ્પર્ધાઓ, ગદ્ય કાવ્યપઠન, નાટ્ય અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ અખૂટ ચાલતી રહેતી.

હું સામાન્ય આર્થિક પરિસ્થિતિવાળો ખેડૂતપુત્ર હતો. મને કોઠારી પ્રકાશનના અંકો આપ સાહેબ અચૂક યાદ કરીને આપતા હતા. મારી તેજસ્વી વિદ્યાર્થી તરીકેની કારકિર્દી જળવાઈ રહે માટે મારા ખેડૂત પિતાનું પણ કાઉન્સેલિંગ સમયે-સમયે કરતા રહેતા. સને 1974થી 1980 દરમિયાનના મારા સિપોર હાઈસ્કૂલના અભ્યાસકાળ દરમિયાન મારા ઉપર આપના વ્યક્તિત્વ અને માર્ગદર્શનની ઊંડી અસર રહી છે. ન્યૂ. એસ.એસ.સી.નો અભ્યાસ પૂર્ણ કરીને ધોરણ-11-12 વિજ્ઞાનપ્રવાહનો અભ્યાસ અન્ય હાઈસ્કૂલોમાં કરવાનો હતો, ત્યારે સતલાસણા હાઈસ્કૂલ, વિસનગર નૂતન હાઈસ્કૂલ અને અમદાવાદ નૂતન ફેલોશિપ હાઈસ્કૂલના આચાર્યશ્રીઓને મારા માટે ખાસ ભલામણ કરેલી કે મારી હાઈસ્કૂલના આ તેજસ્વી વિદ્યાર્થીને અચૂક એડ્‌મિશન આપવું પડશે. મને ઘરે બોલાવીને વિશેષ માર્ગદર્શન આપતા. સને 1982થી 1994ના મારાં કૉલેજકાળ અને કારકિર્દીના શરૂઆતનાં વર્ષો દરમિયાન હું એમનાથી સંપર્ક વિહોણો રહેલો. 1994માં હું એમને કડી સર્વ વિદ્યાલયના કેમ્પસમાં મળવા ગયેલો ત્યારે ટીકા કે અણગમાનો એક પણ શબ્દ સંભળાવ્યા વિના ફરીથી એ જ માર્ગદર્શન અને મદદના ભાવ સાથે આવકારેલો.

ન્યૂ એસ.એસ.સી.ના ક્લાસમાં સાહેબ અમને ગુજરાતી વિષય ભણાવતા હતા. મને સારી રીતે યાદ છે કે ગુણસુંદરીનો ઘરસંસારવાળો પાઠ ભણાવતાં એમણે આખી નવલકથા સરસ્વતીચંદ્ર સમજાવી દીધેલી, જે મારા માનસપટલ ઉપર એક ચલચિત્રની

માફક આજે પણ અંકિત થયેલી છે. વિદ્યાર્થી તેમજ શિક્ષકો માટે શિસ્તના આગ્રહી હોવા છતાં ન્યૂ એસ.એસ.સીના પૂરા વર્ષ દરમિયાન એમનો ગુજરાતી વિષયનો પિરિયડ માણવાનો જે અનોખો આનંદ માણેલો એ અવર્ણનીય છે. સાહેબ એવું કહેતા કે એમણે સ્કૂલ અને કૉલેજકાળમાં ખૂબ જ વાચન કરેલું અને સારાં ચલચિત્રો અચૂક જોયેલાં. આનો મારા ઉપર ખૂબ જ ઊંડો પ્રભાવ પડેલો અને આજ વાતે મારામાં વાચનની પ્રવૃત્તિ ઠાંસી-ઠાંસીને ભરી અને આની અસર હેઠળ મને સ્કૂલ અને કૉલેજકાળ દરમિયાન જ પન્નાલાલ પટેલ, ન્હાનાલાલ, ઉમાશંકર જોશી, ક. મા. મુનશી, ચુનીલાલ મડિયા, દર્શક, ઈશ્વર પેટલીકર જેવા ઘણાબધા લેખકો અને કવિઓને વાંચવાની પ્રેરણા મળેલી. ગાંધીના સત્યના પ્રયોગો, લિંકન અને સરદારની આત્મકથા, રવીન્દ્રનાથ ટાગોરની ગીતાંજલિ, ટૉલ્સ્ટૉય, શેક્સપિયર, સનાતન ધર્મના ગ્રંથ ભગવદ્ગીતા, રામાયણ, અને મહાભારત પણ વાંચવાની પ્રેરણા મળેલી.

ચાણસ્મામાં સાહેબના ઘરે 5000 કરતાં પણ વધારે પુસ્તકોની લાઇબ્રેરી છે, પણ સાચું કહું તો સાહેબ પોતે એક હરતું-ફરતું પુસ્તકાલય છે. સ્કૂલના વાર્ષિકોત્સવ તેમજ અન્ય પ્રસંગોએ સાહેબે આમંત્રિત કરેલા પન્નાલાલ પટેલ, ચુનીલાલ મડિયા, દર્શક, પી. સી. વૈદ્ય, બાબુભાઈ જશભાઈ પટેલ, સચ્ચિદાનંદ મહારાજ જેવા ઘણાબધા મહાનુભાવોને માણવાનો અવસર પ્રાપ્ત થયેલો.

ભગવદ્ગીતાને જીવનમાં ભારોભાર આત્મસાત કરી હોય એવા નિષ્કામ કર્મયોગી અને આટ-આટલાં માન-સન્માન પ્રાપ્ત કર્યાં હોવા છતાં નિરભિમાની અને નિર્લેપ, નિસ્વાર્થ વ્યક્તિત્વ અને સમાપર્ણનો ભાવ આજસુધી જાળવી રાખનાર, નાનાં-મોટાં સૌની સાથે ભળી જાય એવા પરમ આદરણીય સાહેબશ્રીને પરમ કૃપાળુ પરમાત્મા ચિરાયુ બનાવે, સુસ્વાસ્થ્ય આપે અને એમનો કેળવણી અને સેવાનો યજ્ઞ આજીવન અવિરત ચાલતો રહે, વહેતો રહે એ જ પ્રભુના ચરણોમાં પ્રાર્થના.

●

# મારા જીવનના રાહબર

■ બાબુભાઈ કે. પટેલ

*કોઈએ માટીના ઢેફાને પૂછ્યું,*
*તારામાં આ સુગંધ ક્યાંથી આવી ?*
*ઢેફાએ જવાબ આપ્યો,*
*હું ગુલાબના ક્યારામાંથી આવું છું !*

આ ગુલાબનો ક્યારે એટલે શ્રી શં. મા. ઉપાધ્યાય આદર્શ વિદ્યાલય, સિપોર અને ગુલાબ એટલે પ. પૂ. પ્રિ. મનુભાઈ સાહેબ અને ઢેફાં એટલે અમારા જેવા વણ-કેળવાયેલા વિદ્યાર્થીઓ. જેઓ સ્વયં ગુલાબ બનીને રહ્યા અને અમારા જેવા વિદ્યાર્થીઓના પ્રેરણાસ્રોત બની રહ્યા એવા પ. પૂ. પ્રિય શ્રી મનુભાઈ સાહેબ વિશે જેટલું લખીએ એટલું ઓછું છે.

મારી સ્મરણશક્તિને તાજી કરું તો સને 1966ની 12મી જૂને હું સિપોર હાઈસ્કૂલમાં ધોરણ-6માં દાખલ થયો. અમારા કરશનપુરા ગામના સિત્તેરથી વધુ વિદ્યાર્થીઓ સિપોર હાઈસ્કૂલમાં ભણવા આવે. એકાદ વર્ષ 'ધણી વગરના ખેતર' જેવી સ્થિતિ શાળામાં જોવા મળી, પણ જ્યારે 1967માં આચાર્ય તરીકે એક પ્રતિભાવંત વ્યક્તિત્વ ધરાવતા, ગોરાબદન અને ઊંચી કાયા ધરાવતા સાહેબનો પ્રવેશ થયો ત્યારે સિપોર હાઈસ્કૂલની ધરતી હરિયાળીથી ખીલી ઊઠી. અમે તો તે વખતે ધોરણ-7માં ભણતા નાનાં બાળકો કહેવાઈએ, પણ મૂલ્યનિષ્ઠ આચાર્યશ્રી પ્રાર્થનાનો બેલ પડે ત્યારે દરવાજે પ્રવેશદ્વાર આગળ ઊભા હોય અને અમને પાંચ કિ.મી. દૂર ગામડાંમાંથી આવતાં થોડું મોડું થઈ ગયું હોય ત્યારે આચાર્યશ્રીનો પ્રભાવ જોઈને અમોને તો પરસેવો છૂટી જતો. તેઓ કશું બોલે નહીં, પણ સાહેબનો ભય અમારા મનમાં સતાવતો.

એક શિષ્ય તરીકે જ્યારે હું સાહેબશ્રીના પરિચયમાં આવ્યો ત્યારે પ્રથમ પરિચયે જ મેં તેમના ઉમદા અને માનવીય ગુણોથી સંપન્ન બહુશ્રુત વિદ્વાન તરીકેની આચાર્યની ગરિમાનાં દર્શન કર્યાં. જ્ઞાન અને માનવતાના પૂજારી તરીકેની છાપ મારા જીવનમાં ચિરસ્મરણીય બની રહી. તેઓ જેટલા કડક સ્વભાવના હતા એટલા જ મૃદુ પણ હતા. સ્ટાફનો કોઈ કર્મચારી પણ મોડા પડવાની હિંમત ન કરી શકે તેવો તેઓશ્રીનો પ્રભાવ હતો, પરંતુ સ્ટાફમાં કોઈને પણ તકલીફ હોય તો સહાયરૂપ પણ થતા. શિક્ષણની બાબતમાં ક્યારેય 'બાળકોના શિક્ષણના ભોગે ચલાવી ન લેવું' એ એમનો જીવનમંત્ર હતો.

હું શાળામાં ભણ્યો ત્યાં સુધી મારા વર્ગમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થતો તેથી શિક્ષકોમાં વિશેષ જાણીતો હતો. તેમ છતાં મારું લક્ષ્ય તો પૂ., મનુભાઈ સાહેબની ક્રિયાશીલતા પ્રતિ

જ રહેતું. પ્રાર્થનામાં કે કોઈ સભામાં એમની શિખામણો કે સૂચનો જીવનમાં ઉતારવાનો હું પ્રયત્ન કરતો. પ્રોક્ષીતાસમાં સાહેબ પણ ક્યારેક આવી જાય. તેમના અક્ષરો એટલા બધા સુંદર કે અમે પણ તેમના જેવા અક્ષરો કાઢવાનું શિખ્યા. એક વાર વર્ગમાં પૂ. મનુભાઈ સાહેબે બધા વિદ્યાર્થીઓને પૂછેલું, 'મને શું થવું ગમે ?' કોઈ કહે, 'હું ડૉક્ટર બનીશ.' કોઈ કહે, 'હું એન્જિનિયર બનીશ.', તો કોઈ કહે, 'હું સૈનિક બનીશ.' જ્યારે મારો વારો આવ્યો ત્યારે હું એમની પ્રતિભાથી અને વર્ગખંડની તેઓશ્રીની કાર્યશૈલીથી અંજાઈ ગયેલો હોઈ એ વખતે મેં કહેલું, 'હું શિક્ષક બનીશ' અને હું શિક્ષક બન્યો. ત્યાર બાદ સાહેબશ્રીની પ્રેરણાથી જ આચાર્ય પણ બની શક્યો.

મારા જીવનના બીજા રાહબર એ વખતના અમારા ભાષાના વિદ્વાન શિક્ષક પૂ. પ્રતાપસિંહ સોલંકી સાહેબને પણ ભૂલી શકાય તેમ નથી. જેઓ પાછળથી વડનગર આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજના પ્રિન્સિપાલ તરીકે આરૂઢ થયેલા. આ ઉપરાંત શ્રી વજેસિંહ વાઘેલા સાહેબ, શ્રી બળદેવભાઈ પટેલ સાહેબ, શ્રી પ્રભુદાસ પ્રજાપતિ સાહેબ, શ્રી રતિભાઈ પટેલ સાહેબ, શ્રી રતિભાઈ શાહ સાહેબ, શ્રી પરમાનંદ શાહ સાહેબ, શ્રી ત્રિકમભાઈ પટેલ સાહેબ, શ્રી બાબુભાઈ પટેલ સાહેબ તથા વ્યાયામ શિક્ષક શ્રી અંબુભાઈ પટેલ સાહેબનો પણ અમારા જીવનના વિકાસમાં યત્કિંચિત ફાળો રહેલો જ છે. જે ભૂલી શકાય તેમ નથી.

એ વખતે અમારા વિસ્તારમાં સિપોર સિવાય બીજે ક્યાંય હાઈસ્કૂલ નહોતી અને અમારાં જેવાં અંતરિયાળ ગામડાંઓમાં સુવિધાઓનો પણ અભાવ હતો, ત્યારે પૂ. મનુભાઈ સાહેબે શાળામાં રાત્રિ વાંચનની પણ વ્યવસ્થા કરેલી. જેનો લાભ અમારા કરશનપુરા ગામના વિદ્યાર્થીઓએ પણ લીધેલો. પૂ. મનુભાઈ સાહેબ એટલે સાચા અર્થમાં 'સો ટચનું સોનું' તેઓશ્રી ચોક્કસ કારણ વિના શાળા છોડે નહિ. તેઓ સવારે 9-00 વાગે શાળામાં આવી જાય અને રાત્રે 9-00 વાગ્યા પછી રાત્રિ શાળામાં બાળકોની કાળજી લીધા પછી ઘરે જાય. એવા સમયબદ્ધતાને વરેલા સાહેબશ્રીનાં જેટલાં વખાણ કરીએ એટલાં ઓછાં છે. તેઓશ્રી કોઈ પણ કાર્ય માટે એટલા બધા નિયમિત તથા બાળકોના હિતકારી કે જેથી આજુબાજુનાં તમામ ગામોનાં વાલીઓ તથા બાળકોમાં પ્રિયપાત્ર અને સલાહકર્તા બની રહ્યા. અમારા આનર્ત પ્રદેશના દરેક ગામના નાગરિકો પૂ. મનુભાઈ સાહેબપ્રતિ માનથી જોતા.

હું બી.એસસી; બી.એડ્. કરીને હારીજ તાલુકાના રોડા ગામે ઉ. બુ. વિદ્યાલયમાં જોડાયો, તેના બીજા મહિને વિજાપુરમાં જી.ઈ.બી.માં નોકરીનો ઑર્ડર આવતાં સાહેબની સલાહ લેવા શાળામાં રજા મૂકીને સિપોર આવેલો. સમગ્ર શાળા પરિવાર ખાડિયા વિસ્તારમાં એક નાટકનો શૉ જોવા ગયેલ. પૂ. મનુભાઈ સાહેબ પણ તેમાં હતા. હું બે કલાક બહાર ગયેલ. પૂ. મનુભાઈ સાહેબે મને જી.ઈ.બી.માં જવાની ના પાડી અને કહ્યું કે જગ્યા થયે નજીકમાં લાવી દઈશું. બે વર્ષ બાદ સિપોર હાઈસ્કૂલમાં અનામતની જગ્યા પર નિમણૂક પણ કરી, પણ મને કાયમી જગ્યા ભાલુસણા હાઈસ્કૂલમાં મળવાથી ચાર દિવસ સિપોર નોકરી કરી ભાલુસણા હાજર થયો. ફરી પાછું સંખ્યા ઘટતાં ફાજલ પડવાનું થતાં હું પૂ. મનુભાઈ સાહેબને મળ્યો. તેઓ તે વખતે માધ્યમિક શિક્ષણ બોર્ડના સદસ્ય હોવાથી

એવો નિયમ લાવેલા કે કોઈ મંડળમાં બે જગ્યા પડે તો એક જગ્યા એન.ઓ.સી.થી ભરવી અને બીજી જગ્યા ફાજલથી ભરવી. પૂ. મનુભાઈ સાહેબની ભલામણથી જ મને વિસનગર નૂતન સર્વ વિદ્યાલયની શાખા ર. જો. પટેલ નૂતન સર્વ વિદ્યાલય, કાંસામાં ગણિત-વિજ્ઞાનના શિક્ષક તરીકે ફાજલ શિક્ષક તરીકે હાજર કર્યો. મને જ્યાં-જ્યાં ગૂંચ ઊભી થઈ ત્યાં-ત્યાં સાહેબનો જ સહારો મેં લીધો છે.

હું જ્યારે બામનાથ હાઈસ્કૂલ, બામણવામાં નવેમ્બર, 1987માં આચાર્ય તરીકે નિમાયો ત્યારે અમારી વિજાપુર તાલુકાની શાળાઓ કડી શાળા સંઘ સાથે જોડાયેલી નહોતી, પરંતુ અમો કડી શાળા સંઘ સાથે જોડાયેલા એટલે કે મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘનું કાર્યાલય કડી હતું અને તેનું સંચાલન શ્રી મનુભાઈ સાહેબ કરતા હતા. હું પણ સંઘની કારોબારીમાં હોવાથી તેમની સાથેનો ગુરુ-શિષ્યનો નાતો ગાઢ બનવા પામેલ. સાહેબને નિવૃત્ત થયા પછી શાળા સંઘનું સંચાલન શ્રી પી. આર. પટેલે સંભાળ્યું. ત્યાર બાદ કાર્યાલય મહેસાણા આવતાં છેલ્લે મેં મહેસાણા જિ. માધ્યમિક શાળા સંઘના પ્રમુખ તરીકે સુકાન સંભાળેલ. માર્ચ, 2012ની S.S.C./H.S.C. પરીક્ષાના વિદ્યાર્થીઓના શુભેચ્છા સમારોહમાં મુખ્ય મહેમાનપદે પૂ. મનુભાઈ સાહેબને મારી શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, કાંસા એન. એ. વિસનગરમાં આમંત્રિત કરતાં અમારી સંસ્થાના સંસ્થાપક શ્રી પ. પૂ. લક્ષ્મીપ્રસાદ શાસ્ત્રી તેમજ શ્રી ભાનુપ્રસાદ શાસ્ત્રીજીને વિશેષ આનંદ થયેલો. મારું પણ નિવૃત્તિ વર્ષ હોઈ મને મારા ગુરુજીને મારી શાળામાં મહેમાનપદે લાવવાનો વિશેષ આનંદ થયો.

પૂ. મનુભાઈ સાહેબની વિશેષ પ્રતિભાની વાત મારે કરવી છે. નવેમ્બર, 1994માં શ્રી સ્વામિનારાયણ ગુરુકુળમાં આચાર્યની જગ્યા પર ઇન્ટરવ્યૂ થયા પછી અમારા ટ્રસ્ટી શ્રી કાનજીભાઈ પટેલ (વાલમવાળા)એ મને તેમના ઘરે બોલાવેલ. તે વખતે શોભાસણ હાઈસ્કૂલના આચાર્યના ઇન્ટરવ્યૂ માટે પાટણથી શ્રી કાનજીભાઈ સાહેબ (એક્સપરિમેન્ટલ) અને ઊંઝાથી વિનુભાઈ રાવલ સાહેબ આવેલા. તેમના ઘરે સંબંધીના નાતે જમણવાર રાખેલો. તે બધાંની હાજરીમાં મેં કહ્યું, 'સાહેબ, હું શ્રી મનુભાઈ સાહેબનો સિપોર હાઈસ્કૂલનો વિદ્યાર્થી છું. આપશ્રી સાહેબને પૂછી શકો છો અને અભિપ્રાય લઈ શકો છો.' શ્રી કાનજીભાઈએ તરત જ કહ્યું, 'જો તમે મનુભાઈ સાહેબના વિદ્યાર્થી હોય તો અમારે કોઈને પૂછવું નથી. તમે ક્યારે આચાર્ય તરીકે હાજર થાઓ છો તે કહો અને મને આચાર્યનો ઑર્ડર મળી ગયો. અભિપ્રાય આપનારના નામમાં કેટલી તાકાત હોય છે તેનું પૂ. મનુભાઈ સાહેબ ઉત્તમ દૃષ્ટાંત છે.

પૂ. મનુભાઈ સાહેબના આચાર્ય તરીકેના સેવાકાર્ય દરમિયાન જ સાચા અર્થમાં સિપોર હાઈસ્કૂલને 'કેળવણીના ધામ' તરીકે પ્રસ્થાપિત કરી શકાયું. તેઓશ્રી દ્વારા જ સેવાના ભેખધારી સર્વોદયી કાર્યકરો જેવા કે, ડૉ. દ્વારકાદાસ જોશીદાદા, ડૉ. વસંતભાઈ પરીખ, શ્રી બબલભાઈ મહેતા, શ્રી ઉમાશંકર જોશી, સુંદરમ્, પન્નાલાલ, સ્નેહરશ્મિ, શ્રી યશવંત શુક્લ, શ્રી પી. સી. વૈદ્ય, શ્રી પુરુષોત્તમ માવલંકર, શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ કે જેઓ ગુજરાતના મુખ્ય પ્રધાનપદે રહી ચૂક્યા છે, તેવા વિદ્વાન અને પ્રતિભા ધરાવતા કવિઓ અને લેખકોને શાળામાં આમંત્રિત કરી અમારા જેવા તે વખતના વિદ્યાર્થી અવસ્થા ધરાવનારાઓના માનસપટ પર એક સુંદર આભા ઉજાગર કરવાનો યશ પૂ.

મનુભાઈ સાહેબને જ આપવો રહ્યો.

કરશનપુરા ગામની દીકરીઓને માધ્યમિક શિક્ષણ ગામમાં જ મળે તેવી ભાવના સાથે અમારા ગામના જી.ઈ.બી.માં સુપરિન્ટેન્ડિંગ એન્જિનિયર શ્રી રામભાઈ ટી. પટેલ સાહેબે પ્રયત્નો કરતાં શ્રી મનુભાઈ સાહેબના સહકારથી કરશનપુરા હાઈસ્કૂલની સ્થાપના થઈ શકી, એટલું જ નહીં પણ કરશનપુરા હાઈસ્કૂલનો સ્ટાફ પણ સાહેબશ્રી દ્વારા જ ભરાયો હતો. આ બાબતે તેઓશ્રીનો જેટલો આભાર માનીએ એટલો ઓછો છે. માત્ર કરશનપુરા જ નહીં, પણ સિપોરથી આશરે આઠ કિ.મી.ના અંતરે આવેલ ગોરીસણા ગામ જેની આજુબાજુ બક્ષીપંચના ગામડાં આવેલાં હોઈ તેઓના શિક્ષણ માટે સિપોર ખૂબ દૂર પડતું હોઈ ગોરીસણા ગામમાં પણ હાઈસ્કૂલ ઊભી કરવામાં સંપૂર્ણ યોગદાન આપવા બદલ સૌ ગામજનો પૂ. મનુભાઈ સાહેબના ઋણી છે.

પ્રભાવશાળી આચાર્ય તરીકે પોતાની છાપ મૂકીને સિપોર હાઈસ્કૂલમાંથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત સર્વ વિદ્યાલય, કડીમાં આચાર્યપદની ગરિમા શોભાવવા ગયા તે અમારા સૌ માટે ગૌરવની બાબત છે. જે કામ પ્રિ. શ્રી પ્રતાપભાઈ સોલંકીના સાંનિધ્યમાં પૂ. મનુભાઈ સાહેબનો ગ્રંથ બનાવવાનું અમે વિચારેલું, પણ સાહેબશ્રીની મંજૂરી ન મળતાં છેવટે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા ગ્રંથ પ્રસિદ્ધ થઈ રહ્યો છે ત્યારે અમોને પણ ગૌરવની લાગણી થાય એ સ્વાભાવિક છે.

સરકારશ્રી દ્વારા સામે ચાલીને રાજ્ય તેમજ રાષ્ટ્રનો ‘શ્રેષ્ઠ શિક્ષક’ તરીકે અવૉર્ડ અપાય તે કદાચ રાજ્યની આ પ્રથમ ઘટના હશે! આ તમામ આદર્શોને ચરિતાર્થ કરવામાં સ્વ. પુષ્પાબહેન ખરા અર્થમાં સહધર્મચારિણી બની રહ્યાં હતાં. પુત્ર અરવિંદભાઈ તેમજ નાનાભાઈ શ્રી મહેન્દ્રભાઈ તેમજ તેમના કુટુંબ સાથે સંયુક્ત પરિવાર ટકાવી રાખવામાં પણ પૂ. મનુભાઈ સાહેબનો ફાળો મહત્ત્વનો રહ્યો છે. આટલી જૈફ વયે પણ માત્ર કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત નહિ, ચાણસ્માની શિક્ષણ તેમજ આરોગ્યની સંસ્થાઓમાં પણ યોગદાન આપી રહ્યા છે તે નાની-સૂની વાત નથી. માનનીય શ્રી મનુભાઈ સાહેબનો અભિવાદનગ્રંથ તૈયાર કરવાનું બીડું ઝડપનાર ચૅરમૅનશ્રી વલ્લભભાઈ પટેલ સાહેબનો આભાર માનવો જ રહ્યો.

આમ પ. પૂ. મનુભાઈ સાહેબ સાથેના અનુભવોને વાગોળવા હોય તો ‘ગણ્યા ગણાય નહીં’ જેવી સ્થિતિ થાય. છેલ્લે સાહેબ વિશે એટલું તો કહીશ જ કે –

*આપ તો ખુશ્બૂ હો, હવાઓં મેં બિખર જાઓગે,*
*સવાલ હમ ફૂલ કા હૈ, હમ કહાઁ જાયેંગે?*

•

# અમારા વિદ્યાગુરુ અને માર્ગદર્શક

■ નરોત્તમભાઈ આર. ઉપાધ્યાય

હું 1959માં શેઠ જી. સી. હાઈસ્કૂલ પિલવાઈમાં ધોરણ 10માં દાખલ થયો અમે વિદ્યાર્થીઓ શેઠ મં. ર. છાત્રાલયમાં રહેતા અને મનુભાઈ સાહેબ મિત્રો સાથે શેઠના બંગલામાં રહેતા હતા. છાત્રાલયમાં ભોજન સાથે લેતા હતા. ત્યારથી સાહેબ શ્રી સાથે સંપર્કમાં આવેલ. અમારા વર્ગ ધોરણ 10અમાં સાહેબ આવતા 1960માં એપ્રિલ માસમાં નિરંજનભગત રચિત ‘પથ્થર થરથર ધ્રૂજે હાથ હરખથી જુદ્ધા ને જડ એવી વેદના કોણ બુજે’ આ સરસ રીતે ભણાવેલ કાવ્ય આજે 63 વર્ષે મારા કાનમાં ગૂંજે છે.

સાહેબશ્રીએ વિદ્યાનગર યુનિવર્સિટીમાંથી બી. એડ. કરેલું. આ સમાચાર માધ્યમિક શિક્ષકના મુખપત્ર મહેસાણાથી પ્રસિદ્ધ થયા હતા. સાહેબશ્રીને બેસ્ટ ટીચર અવૉર્ડ પણ મળેલો.

મનુભાઈ સાહેબે 12/06/1967 ના રોજ સિપોર કેળવણી મંડળ સંચાલિત આદર્શ વિદ્યાલયના આચાર્ય તરીકે ઑર્ડર લીધો. મિત્રોએ પાટણમાં પૂછ્યું ક્યાં ઑર્ડર લીધો. આ શાળાનું મંડળ બહુ વગોવાયેલ હતું. ગામમાં ધોબી, મોચી અને હેડ માસ્ટર ટકતા નથી, એવી ઉક્તિ ત્યારે પ્રચલિત હતી.

હવે મંડળે નિર્ણય કર્યો કે જે કોઈ આચાર્ય આવે તેને પૂર્ણ સહયોગ આપવો. સાહેબે મંડળ સાથે ટેક્નિક વાપરી. મને સ્ટાફની નિમણૂકનો અધિકાર આપો. મંડળ સંમત થયું. શાળા સરસ રીતે ચાલવા માંડી. ધોરણ 5થી 7નો એક એક વર્ગ, ધોરણ આઠના ચાર વર્ગ, ધોરણ 9ના ચાર વર્ગ, ધોરણ 10ના ત્રણ વર્ગ અને ધોરણ 11ના બે વર્ગ ચાલતા. મંડળના મિત્રો સતલાસણા શાળાની યાદ દેવડાવતા. મનુભાઈ સાહેબે કહ્યું આપણે સતલાસણાની પ્રતિકૃતિ બનાવીશું. શાળા રવિવારે પણ ચાલુ રહેતી. શાળા પ્રવૃત્તિનો વિગત આપતો ‘ઉત્થાન’ અંક પ્રતિવર્ષ પ્રસિદ્ધ થતો. સાહેબ સમગ્ર નાગરિકો અને વાલીઓના સંપર્કમાં રહેતા. સાહેબને મહેસાણા જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ અને રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ બન્યા ત્યારે શાળા રાજ્યમાં પ્રતિષ્ઠિત બની. સાહેબશ્રીએ અંગત રસ લઈ આઈ.ટી.આઈમાં સિવિલ ડ્રાફ્ટસમૅન અને સર્વેયરના વર્ગો શરૂ કરાવેલા.

તારીખ 12-06-67થી તારીખ 12-06-85 સુધી સાહેબે શાળાનું સુકાન સંભાળ્યું. જ્યારે સિપોર છોડવાની વાત આવી ત્યારે ગામે અત્યંત દુઃખ અનુભવેલું. તેઓશ્રીએ સ્વીકારેલ કે સિપોરના જેવું મમત્ત્વ અન્યત્ર નથી. કોઈ વાર નવીન સર્વ વિદ્યાલયમાં આવતા અને જરૂરી માર્ગદર્શન આપતા. કડી ગયા પછી પ્રત્યેક વર્ષે એકાદ વાર શાળામાં પધારતા રહ્યા છે.

સિપોર છોડ્યા પછી માણેકલાલભાઈએ કહેલું કે સિપોરની શાળાને કોઈ પણ તકલીફ હશે ત્યારે કડી મંડળ શાળા સાથે રહેશે. 2006માં સુવર્ણ જયંતી સમયે સાહેબના સન્માન અર્થે શાળાના મેદાનમાં એક હેક્ટર જમીનમાં મનુભાઈ સ્મૃતિવનની સ્થાપના કરવામાં આવી.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી સાહેબશ્રીના સન્માનમાં અભિવાદન ગ્રંથ તૈયાર કરી અર્પણ કરી રહ્યું છે, તે ધન્યવાદને પાત્ર છે. સાહેબ માન-સન્માનથી અલિપ્ત રહ્યા છે. સાહેબ સર્વોદયવાદી છે. વડનગરમાં ડૉ. દ્વારકાદાસ જોશી અને ડૉ. વસંતભાઈ પરીખના સંપર્કમાં રહેતા. આજે પણ સાહેબ ચાણસ્મા કેળવણી મંડળ, હૉસ્પિટલ તથા અન્ય પ્રવૃત્તિઓમાં સક્રિય છે.

ગુરુજીને કોટી કોટી પ્રણામ.

●

---

*શિક્ષણની સમગ્ર વ્યવસ્થામાં શિક્ષક એ સૌથી વધુ મહત્ત્વનું ચાલકબળ છે. એ જ અભ્યાસક્રમને અમલી બનાવનાર ચાલકબળ છે. એ જ વિદ્યાર્થીનો Role Model છે. શિક્ષણના સૂક્ષ્મ પરિમાણોને વિદ્યાર્થીઓમાં સંકલિત કરવા માટેનો એ એકમાત્ર Agent છે. માટે જ શિક્ષક નૈતિકમૂલ્યોના પુરસ્કર્તા તરીકે એનો critical ભાગ ભજવે છે. એ સમાજની અપેક્ષા છે.*

*

*આપણે સમૃદ્ધ બનીએ, શિક્ષક તરીકે આપણું જ્ઞાન, આપણી નિષ્ઠા, આપણી અર્પણ ભાવના, ટાગોરે કહી છે તે આપણી 'શ્રદ્ધા', આપણામાંની, આપણા વ્યવસાયની – આપણા વિદ્યાર્થીઓની 'શ્રદ્ધા' પુનઃ પ્રગટાવીએ, પ્રજવલાવીએ, પાવન કરીએ, નૈતિક સંદેશના વાહક તરીકેનો આપણે (Role) ધર્મ ફરી સુદૃઢ કરીએ, સમાજ ભલે સડી રહ્યો હોય, આપણે ઉગારો કરીએ, સડેલાને ધરબી દઈએ.*

**દાઉદભાઈ એ. ઘાંચી**

---

# ભણતર સાથે ઘડતર

■ ભરતભાઈ બી. વૈદ્ય

માનનીય મનુભાઈ પટેલ સાહેબે અમારા નાનકડા સિપોર ગામની શાળાને વર્ષ 1967થી 1985 સુધી સતત એક આગવા મૂલ્યનિષ્ઠ શિક્ષણધામ તરીકે વિકસાવી સમગ્ર જિલ્લામાં અને તાલુકામાં એક આગવી ઓળખ ઊભી કરી હતી. તેમણે પોતાની સેવાઓ શિક્ષણ સુધી મર્યાદિત ન રાખતાં રાજકારણથી અલિપ્ત રહીને સિપોર ગામના વિકાસમાં પણ આગવું યોગદાન આપ્યું હતું.

તેઓ શિસ્તના આગ્રહી, તેમણે શિક્ષણ માટે પોતાની જાતને સમર્પિત કરી. શાળા એ જ એમનું નિવાસસ્થાન બન્યું હતું. તેઓએ ગામના દરેક પરિવાર સાથે ઘરોબો કેળવ્યો હતો. મારા પિતાશ્રી ડૉ. બાબુબાઈ વૈદ્ય સાહિત્યમાં વિશેષ રુચિ ધરાવતા હોવાને કારણે અમારે ઘરે અવારનવાર આવીને ચર્ચા કરે, તદઉપરાંત ખાસ કરીને બાનાં સુખદુઃખના સમાચાર અવશ્ય લઈ તેમાં સહભાગી થતા. તેમની નિખાલસતા અને કૌટુંબિક પ્રેમ અમે ક્યારેય ભૂલી શકીએ તેમ નથી.

અમો એવા ભાગ્યશાળી વિદ્યાર્થીઓ છીએ કે આવા ગુરુજીની છત્રછાયામાં અમારું ભણતર સાથે ઘડતર થયું. આજે અમો જે કાંઈ છીએ તે તેમને આભારી છીએ.

શ્રી મનુભાઈ પટેલ સાહેબ રાષ્ટ્રપતિ ચંદ્રક વિજેતા, ઉપરાંત યશસ્વી કેળવણીકાર બિરુદ મુખ્યમંત્રીશ્રીના હસ્તે પ્રાપ્ત કરવા યશભાગી નીવડ્યા છે તેનું અમને ગૌરવ છે.

સાહેબે કરેલી અમૂલ્ય સેવાઓ કદીય વિસરાય તેમ નથી. પરમ કૃપાળુ પરમાત્મા એમને તંદુરસ્ત રાખે, તેઓ સ્વસ્થ રહે અને સામાજિક તથા શૈક્ષણિક સંસ્થાઓને તેમનું માર્ગદર્શન મળતું રહે તેવી પ્રાર્થના કરીએ છીએ.

●

# મનુભાઈ સાહેબ એટલે સિપોર, સિપોર એટલે મનુભાઈ

■ બાબુભાઈ એન. શ્રીમાળી

એક વાર સ્વામી સચ્ચિદાનંદ મહારાજે કહેલું કે, "મનુભાઈ બનવું હોય તો તલવારની ધાર ઉપર ચાલવું પડે." શ્રી મનુભાઈના વ્યક્તિત્વને ઉજાગર કરી આપતું ઋષિપુરુષનું આ વિધાન બધાંને ઘણીબધી શીખ આપે છે.

પૂ. મનુભાઈ સાહેબે (1937) શેઠ શ્રી સી. જી. હાઈસ્કૂલ પિલવાઈમાં શિક્ષક તરીકે 1958થી 1967 સુધી સેવાઓ આપ્યા બાદ 1967થી સતત 18 વર્ષ સુધી આદર્શ વિદ્યાલય સિપોર (હાલની શં. મા. ઉપાધ્યાય આદર્શ વિદ્યાલય)માં આચાર્ય તરીકે યશસ્વી સેવાઓ આપી હતી. સિપોરની આ શાળાને એક મૂલ્યનિષ્ઠ શિક્ષણધામ પ્રસ્થાપિત કરવા માટે તેઓશ્રીએ અથાગ પ્રયત્નો કરી આ શાળાની નામના સમગ્ર ગુજરાતમાં ફેલાવી હતી. એમના જીવનનો આદર્શ ખરા અર્થમાં આ શાળાને 'આદર્શ' બનાવતો રહ્યો. સમય જતાં તેમનું ઘર એક 'લોક અદાલત' બની ગયું હતું.

સાહેબશ્રીના કાર્યકાળ દરમિયાન ઉમાશંકર જોશી, યશવંત શુક્લ, બબલદાસ મહેતા, સુંદરમ્, પન્નાલાલ પટેલ, સ્નેહરશ્મિ, પી. સી. વૈદ્ય, પુરુષોત્તમ માવળંકર, પુષ્કર ચંદરવાકર, બાબુભાઈ જે. પટેલ, ડૉ. દ્વારકાદાસ જોશી, ડૉ. વસંતભાઈ પરીખ વગેરે પ્રતિભાશાળી પુરુષોની આ શાળામાં પ્રસંગોપાત્ત અવરજવર રહેતી. તેથી જ આ શાળા પોતાની આગવી ઓળખ ઊભી કરી શકી હતી. પોતાની સેવાઓ શાળા પરિવાર સુધી મર્યાદિત ન રાખતા સિપોરના સર્વાંગી વિકાસમાં ઘણો મોટો ફાળો આપ્યો હતો.

સાહેબશ્રીની સુગંધ ચોતરફ પ્રસરી તેમ તેમનાં માગાં આવતાં રહ્યાં, પરંતુ સિપોર ગામના આગેવાનો સર્વશ્રી સ્વ. પ્રે. ધુ. શુક્લ, સ્વ. માધવલાલ પટેલ (સ્વાતંત્ર સેનાની), સ્વ. વાઘજીભાઈ સોલંકી, સ્વ. પ્રતાપજી સોલંકી, ડૉ. બી. સી. વૈદ્ય તથા ગામ આગેવાનોએ તેમને બીજી જગ્યાએ જતા રોક્યા, પરંતુ કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના માણેકલાલ સાહેબ તેમને લઈ જઈને જંપ્યા. આમ, તેઓશ્રી સિપોર છોડીને 1985થી સર્વ વિદ્યાલય, કડીમાં આચાર્ય તરીકે જોડાયા. મનુભાઈએ આ સંસ્થાનું ગૌરવ વધારવામાં અગત્યનો ફાળો આપ્યો. 1995થી તેઓશ્રી વયોચિત્તને કારણે સેવાનિવૃત્ત થયા.

તેમણે પોતાની વ્યાવસાયિક ફરજોનું પાલન કરવાની સાથે-સાથે (1) ગુજરાતી/હિન્દી વ્યાકરણ – ધોરણ 11, (2) શાળા સંચાલન, (3) પ્રતિભા વંદના (ક) 1998 અને (ખ) 2018 પુસ્તકોના લેખન-સંપાદન ઉપરાંત (4) સારસ્વત સામયિકનું 10 વર્ષ સુધી સંપાદન કર્યું છે.

તેમણે આચાર્યની જવાબદારી ઉપરાંત વિવિધ સંઘોના પ્રમુખ તરીકે તેમજ અન્ય આનુસંગિક સંસ્થાઓમાં દૃષ્ટિપૂત અને પ્રશસ્ય સેવાઓ આપી હતી.

સેવાનિવૃત્ત થયા બાદ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રેમાગ્રહને વશ થઈ કડીના મંત્રી, કડવા પાટીદાર ઉત્તેજક મંડળ કડીના પ્રમુખ અને 13 ઑગસ્ટ, 2023થી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ તરીકે સેવાઓ આપી રહ્યા છે.

આચાર્ય પદેથી નિવૃત્ત થયા બાદ વતન ચાણસ્માની जननी जन्मभूमिश्च स्वर्गादपि गरीयसी એ ભાવનાને હૈયે ધરી વતનમાં સ્થાયી થઈ ચાણસ્મા કેળવણી મંડળના મંત્રી, મેડિકલ સોશિયલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ ચાણસ્માના મંત્રી તરીકે પોતાની 75 વર્ષની વય સુધી જોડાઈ રહ્યા બાદ આ બધી સંસ્થાઓના હોદ્દાઓનો સ્વેચ્છાએ ત્યાગ કરી તેના વિકાસ માટે જરૂર પડે તો માર્ગદર્શન આપી રહ્યા છે.

તેઓ શ્રી સર્વોદયના આદર્શોનું મૂર્તિમંત સ્વરૂપ બની રહ્યા છે. તેમની આ ઉદાત્ત ભાવનાને ચરિતાર્થ કરતી બાબતે એ છે કે પોતાના દ્વારા સ્થાપિત/ સંચાલિત ચંચળબા જેકીનદાસ મેમોરિયલ ટ્રસ્ટ અને શાંતાબેન શંભુપ્રસાદ પુરુષોત્તમદાસ ચેરીટેબલ ટ્રસ્ટ અને પોતાના ગામની અન્ય સંસ્થાઓના સહયોગમાં ચાણસ્માના 21+44 પ્રતિભાપુરુષોની વંદનાનું કાર્ય (1995 - 2018)એ પોતાના વતન ચાણસ્માનું હિત તેમના હૈયે કેટલું અગાધ છે તેનું દ્યોતક બની રહે છે. પોતે આ સન્માનથી દૂર રહી ગીતામંત્ર – તેન त्यक्तेन भूंजीथा। અર્થાત્ ત્યાગીને ભોગવી જાણ એ આત્મસાત્ કરી વાસ્તવિક જીવનમાં પાલન કરી બતાવ્યું. વધુમાં નોંધવું રહ્યું કે સમાજસેવી સંસ્થાઓને આર્થિક સહયોગ પણ આપતા રહ્યા છે. પ્રતિવર્ષ એક લાખ રૂપિયા વ્યાજ મળે તેટલી રકમ બેંકમાં સ્થાયી ભંડોળરૂપે જમા કરાવી છે. વ્યાજની આ આવક તેઓશ્રી આરોગ્ય અને શિક્ષણ માટે વાપરવા કરાવી છે.

તેઓશ્રીની સેવાઓને લક્ષમાં લઈ સિપોરની શાળાના બગીચાને “મનુભાઈ તપોભૂમિ” નામ આપેલું છે, જ્યારે કડીમાં સંચાલિત એમ. એડ્. કૉલેજનું નામાભિધાન આચાર્યશ્રી મનુભાઈ જે. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન કરેલ છે. શિક્ષક તરીકેની સેવાઓને ધ્યાનમાં લઈને ભારત સરકાર દ્વારા 1993માં શ્રેષ્ઠ શિક્ષકનો રાષ્ટ્રપતિ અવૉર્ડ તેમજ પાટણ જિલ્લાના યશસ્વી કેળવણીકાર તરીકે 15 ઑગસ્ટ, 2003માં રાજ્યના મુખ્યમંત્રી દ્વારા તામ્રપત્રથી વિભૂષિત કરવામાં આવ્યા હતા.

તેમનાં પત્ની સ્વ. પુષ્પાબેન ખરા અર્થમાં પતિના આદર્શોને ચરિતાર્થ કરવામાં સહધર્મચારીણી બની રહ્યાં હતાં. તેમના પુત્ર શ્રી અરવિંદભાઈ (ગોલ્ડ મેડાલિસ્ટ એમ. એસ. યુનિવર્સિટી) છેલ્લા 20 વર્ષથી કૅનેડામાં સ્થાયી થયેલા છે. અજાતશત્રુ એવા ગુરુવર્ય શ્રી મનુભાઈ સાહેબને કોટિ કોટિ વંદન.

•

# પારસમણિનો સ્પર્શ

■ જિતેન્દ્રકુમાર સુખડિયા

સાહેબશ્રીની કર્મભૂમિ સિપોરમાં વર્ષ 1967થી 1985. આ 18 વર્ષ એટલે આદર્શ વિદ્યાલયનો 'આદર્શ સુવર્ણકાળ' હા, આ 18 વર્ષ સિપોરના ભાગ્યમાં આ મહાન વ્યક્તિત્વની અમૂલ્ય હાજરી એટલે જાણે 'મા સરસ્વતીનું વરદાન.' સાહેબશ્રીનું પ્રતિભાશાળી વ્યક્તિત્વ, બાળકોને શિક્ષિત કરવાની અનેરી કોઠાસૂઝ, એમનું વિશાળ જ્ઞાન, નિષ્ઠા તથા સંસ્થા પ્રત્યેની પ્રામાણિકતાની સિપોરની ભાગ્યશાળી જનતા પર એવી અસર થઈ કે જાણે પારસમણિનો સ્પર્શ એમના સાંનિધ્યમાં સંસ્થામાં અભ્યાસ કરવાની જે વ્યક્તિઓને સોનેરી તક મળી એ વ્યક્તિઓમાં અમૂલ્ય સંસ્કારોનું સિંચન થયું. જેના થકી તેઓ તેમના આખા પરિવારનો ઉદ્ધાર કરવામાં સફળ થયા અને આ ભાગ્યશાળી વ્યક્તિઓના સંસ્કારની દિવ્યધાર આજે પણ તેમના વારસામાં દર્શનીય છે.

આદર્શ સ્કૂલની સાથે-સાથે સમગ્ર ગામના ઉદ્ધારની નિઃસ્વાર્થભાવના સાથે સાહેબશ્રી સિપોરના કાર્યકાળ દરમિયાન ગામની પ્રતિષ્ઠિત હસ્તીઓ મુરબ્બીશ્રી પ્રેમશંકરભાઈ શુક્લ, શ્રી બુદ્ધિલાલ પટવા, શ્રી બુદ્ધિલાલ શાહ, શ્રી શિવશંકરભાઈ ઉપાધ્યાય, શ્રી ડૉ. બાબુલાલ, વગેરે સાથે સુમેળ સાધી સમગ્ર ગામના વિકાસમાં પણ મહત્ત્વનું યોગદાન આપેલું છે.

સદ્નસીબે મને પણ આદરણીય સાહેબશ્રીના સાંનિધ્યમાં આદર્શ વિદ્યાલયમાં અભ્યાસ કરવાની અમૂલ્ય તક મળેલ છે. હું આજે પણ સ્કૂલમાં જાઉં ત્યારે સ્કૂલના ખૂણે-ખૂણે સાહેબશ્રી સાથે સંકળાયેલાં સંસ્મરણો મારા સ્મૃતિપટ પર જીવંત થાય, લાગે કે જાણે સાહેબશ્રી એટલે **આદર્શનો આત્મા** સાહેબશ્રીનું વ્યક્તિત્વ, એમનું સાહસ, એમની પ્રતિભા, એમની શાલીનતા, એમનું વિશાળ જ્ઞાન, એમની પ્રામાણિકતા તથા એમની નિઃસ્વાર્થ લાગણી અને પ્રેમને હું વંદન કરું છું. સાહેબશ્રીનો વિદ્યાર્થી હોવું એ મારા માટે ગૌરવની વાત છે.

●

# કેળવણી પુરુષ

■ **શૈલેશ શાહ**

*વાવ્યો હશે ને છોડ જો ક્યાંયે ગુલાબનો*
*તો આપ પણ સુવાસના વાહક બની શકો.*

મારે વાત કરવી છે મનુભાઈ સાહેબની, તેઓ મારા વિદ્યાગુરુ છે. એમના હાથ નીચે સિપોરમાં ભણ્યો છું અને મારા જેવા ૫૦૦૦૦ ઉપરાંત વિદ્યાર્થીઓના તેઓ વિદ્યાગુરુ રહી ચૂક્યા છે. એમનો જીવ શિક્ષકનો, પણ એમને વિદ્યાર્થી ઉપરાંત, વિદ્યાર્થીના પરિવારને પણ સંસ્કાર્યો છે. તેઓ શિસ્ત અને નિયમપાલનના ચુસ્ત આગ્રહી છતાં હંમેશાં પ્રસન્નમુદ્રામાં જણાય.

આદર્શ વિદ્યાલય, સિપોરમાં ૧૯૬૮થી ૧૯૮૫ સુધી સતત ૧૮ વર્ષ આચાર્યપદે રહી સિપોરને નંદનવન બનાવ્યું છે, હરિયાળું બનાવ્યું છે. વિદ્યાર્થીઓના હૃદયની બૅંકમાં એમણે સુસંસ્કારની મૂડી જમા કરાવી છે. સિપોરમાં એમની પહેલાં અને પછી પણ અનેક સાહેબો આચાર્યપદે આવ્યા અને ગયા, પરંતુ આજે પણ પાંચમી સપ્ટેમ્બર, શિક્ષકદિન આવે ત્યારે મોબાઇલના ફેસબુક પર મનુભાઈ સાહેબનો ફોટોગ્રાફ મુકાય છે અને એમના વિદ્યાર્થીઓ દ્વારા તેમનું સાદર સ્મરણ કરાય છે. પ્રત્યેક વિદ્યાર્થીના હૃદયસિંહાસન ઉપર એમનું સ્થાન છે, કેમ કે એ વિદ્યાર્થીઓના હૃદયમાં જ્ઞાનનો દીપ પ્રગટાવ્યો છે.

એમના સમય દરમિયાન પ્રતિભાવાન પુરુષોને સિપોરમાં આમંત્રી સ્કૂલમાં વાર્ષિકોત્સવ ઊજવ્યા છે. ઉમાશંકર જોશી, સુંદરમ્, યશવંત શુક્લ, પન્નાલાલ પટેલ, સ્નેહરશ્મિ, પી. સી. વૈદ્ય, પુરુષોતમ માવલંકર, બબલદાસ મહેતા, બાબુભાઈ જશભાઈ પટેલ, ડૉ. દ્વારકાદાસ જોષી, ડૉ. વસંતભાઈ પરીખ, વગેરે પ્રતિભાપુરુષોનાં પાવન પગલાંથી સિપોરને રળિયાત બનાવ્યું છે. સિપોરથી તેમની એક શ્રેષ્ઠ શિક્ષક, શ્રેષ્ઠ આચાર્ય સાહેબ, શ્રેષ્ઠ કેળવણીકાર તરીકેની સુવાસ ચોમેર પ્રસરી. પરિણામે સર્વ વિદ્યાલય, કડીએ એમને આચાર્યપદ માટે આમંત્રણ આપ્યું અને ૧૯૮૫માં સર્વ વિદ્યાલય કડીમાં આચાર્ય તરીકે જોડાયા અને ૧૯૯૫માં વયમર્યાદાના કારણ સેવાનિવૃત્ત થયા.

આ દરમિયાન એમણે ગુજરાતી-હિન્દી વ્યાકરણ ધોરણ-૧૧, શાળાસંચાલન, પ્રતિભાવંદના - ૧-૨ પુસ્તકોનું લેખન/સંપાદન ઉપરાંત 'સારસ્વત' સામયિકનું સંપાદન કર્યું.

આચાર્યશ્રીની જવાબદારી ઉપરાંત જિલ્લા અને રાજ્યસ્તરનાં વિવિધ સંગઠનોના મંત્રી અને પ્રમુખ તરીકે સંભાળેલી જવાબદારી સદાકાળ સ્મરણીય બની રહી છે. વધુમાં હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના સેનેટ સભ્ય (૧૯૮૯થી ૧૯૯૩), પૂર્વ

વડાપ્રધાન સ્વ. ઇંદિરા ગાંધીના ૨૦ મુદ્દા અમલીકરણ સમિતિમાં શિક્ષણ પ્રતિનિધિ તરીકે ત્રણ વર્ષ સેવાઓ આપી. સર્વ વિદ્યાલય કડીના આચાર્યપદેથી નિવૃત્ત થયા બાદ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના મંત્રી તરીકે ૨૦૦૦થી ૨૦૨૦ સુધી, અને ૨૦૨૦-૨૧થી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના પ્રમુખ તરીકે સેવાઓ આપી. અને હવે ઑગસ્ટ 2023થી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ તરીકે સેવાઓ આપી રહ્યા છે.

વતન ચાણસ્મામાં સ્થાયી થઈ સેવાની જ્યોત જલતી રાખી છે. ચાણસ્મા કેળવણી મંડળના મંત્રી તથા મેડિકલ ઍન્ડ સોશિયલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ ચાણસ્માના મંત્રી તરીકે બહુમૂલ્ય સેવાઓ આપી છે. પોતાની ૭૫ વર્ષની વય સુધી વિવિધ શૈક્ષણિક સામાજિક સંસ્થાઓના હોદ્દા પર સક્રિયપણે કાર્યરત રહ્યા. ત્યાર બાદ સ્વેચ્છાએ એ હોદ્દાઓનો ત્યાગ કરી જરૂર પડ્યે માર્ગદશન આપતા રહે છે. ચાણસ્માના ૨૧+૪૪ પ્રતિભાપુરુષોની વંદના કરવાનું કાર્ય સૌના સહકારથી ગૌરવપૂર્ણ રીતે સંપન્ન કર્યું. તેઓશ્રી વિવિધ સમાજસેવી સંસ્થાઓના વિકાસના આધારપુરુષ રહ્યા છે. તેમણે ચાણસ્મા કેળવણી મંડળ, કે. બી. જનરલ હૉસ્પિટલ, ચાણસ્મા, રામજીમંદિર શતાબ્દી મહોત્સવ ચાણસ્મા, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ - કડી વગેરે સંસ્થાઓને દાન આપેલ છે. આ ઉપરાંત પોતાના દ્વારા સ્થાપિત/સંચાલિત બે ટ્રસ્ટોમાં પ્રતિવર્ષ એક લાખ રૂપિયા વ્યાજ મળે તેટલી રકમ બૅંકમાં સ્થાયી ભંડોળ તરીકે જમા કરાવેલ છે. વ્યાજની આવક આરોગ્ય અને શિક્ષણ માટે વાપરવામાં આવે છે. તેમની આ બધી ગુણરાશિના કારણે સ્વામી સચ્ચિદાનંદે કહ્યું હતું કે મનુભાઈ બનવા માટે સતત તલવારની ધાર પર ચાલવું પડે.

કડીના પૂર્વાચાર્ય સ્વ. મોહનભાઈ શ્રી મનુભાઈ પટેલ વિશે કહે છેઃ ‘સંસ્થાને સમયે-સમયે ભેખધારી કાર્યકરો મળતા રહ્યા છે એમાંના એક શ્રી મનુભાઈ જે. પટેલ (ચાણસ્મા) છે. એમની શક્તિપરીક્ષા તો તેઓ સિપોરની માધ્યમિક શાળાના આચાર્ય હતા ત્યારથી થઈ ચૂકી હતી.’

એમની સેવાઓને ધ્યાને લઈને તેમને ભારત સરકાર દ્વારા ૧૯૯૩માં શ્રેષ્ઠ શિક્ષક તરીકે રાષ્ટ્રીય અવૉર્ડ, પાટણ જિલ્લાની યશસ્વી કેળવણીકાર તરીકે ૧૫-૮-૨૦૦૩ના રોજ માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા તામ્રપત્રથી વિભૂષિત કરવામાં આવ્યા. આ ઉપરાંત અનેકવિધ સન્માનોથી સન્માનિત કરવામાં આવ્યા છે.

આજે ૮૭ વર્ષની ઉંમરે પણ તેઓ વિવિધ સંસ્થાઓની સેવામાં કાર્યરત છે. એમને કોટી કોટી વંદના કરતાં મારે એટલું જ કહેવું છેઃ

*શ્વાસ ફૂલોના અને ટહુકાઓ પણ હરદમ રહો,*
*આપના આયુષ્યનું આ વૃક્ષ લીલુંછમ રહો.*

•

# ભાવિ ભારતની ધરોહર પૂ. મનુદાદા

■ પ્રકાશ જી. કૈલા

સૌ મિત્રો, ગુરુજનો અને આશ્રમી જીવનકાળના મારા તમામ સહપાઠીને મારા હેતથી નમસ્કાર..

આજ એવા વટવૃક્ષ વિશે વાત કરવાનો લાભ મળ્યો જે વૃક્ષની ડાળીઓ દેશ-વિદેશમાં ફેલાયેલી છે. આ વટવૃક્ષ એટલે પૂ. છગનભાએ વર્ષો પહેલાં રોપેલો નાનો છોડ.. સર્વ વિદ્યાલય આશ્રમ, કડી. જે આજ અનેકના જીવનનો પ્રાણવાયુ બનીને સમાજને સત્કાર્યો અને સારા નાગરિકો આપવામાં સર્વ વિદ્યાલય આશ્રમ સફળ થયો છે.

મારા આશ્રમી જીવનની શરૂઆત ૧૯૯૮માં થઈ, જેમાં ચિંતા, તરંગો અને મનમાં ચાલી રહેલી વાતો જેવી કે, વતનથી આટલું દૂર ભણવા જવાનું થયું તો ત્યાં કેવા મિત્રો મળશે, કેવું જમવાનું મળશે અને કેવા ગુરુનો ભેટો થશે? પરંતુ જેમ જેમ દિવસો પસાર થયા તેમ બેલના ટકોરા સાથે તાલ મેળવતાં શીખી ગયો,

સાંજની પ્રાર્થના આશ્રમી જીવનની મુખ્ય નિવ કહું તો અતિશયોક્તિ નથી, તેમાં સાંભળવા મળતાં પ્રવચનો જેમાં, કર્મનિષ્ઠ આચાર્ય શ્રી પૂ. ફુલજીભાઈ સાહેબના મુખેથી ઇતિહાસની વાતો, પૂ. હરિભાઈ સાહેબના મુખેથી શિસ્તના પાઠ, પૂ. કનુભાઈ સાહેબના મુખેથી લોકવાર્તા અને લોકગીત, પૂ. મનુભાઈ સાહેબના મુખેથી ગઝલ અને પૂ. નિલેષભાઈ સાહેબના હાથેથી શિક્ષા અને આર્મી તાલીમના પાઠ, તેમજ ઘડતરના પાઠ આપનાર પૂ. મનુદાદા જેને અમે વિદ્યાર્થીઓ પૂ. દાદાના નામથી સંબોધતા.

પૂ. મનુદાદા સાંજે અચૂક પ્રવચન આપતા, પૂ. મનુદાદાના મુખેથી ઘડતરનું ભાથું પીરસાતું હોય ત્યારે દરેક વિદ્યાર્થીઓ શાંતિ અને ઉત્સુકતાથી શ્રવણપાન કરતા, જેમાંની થોડીક વાતો અત્રે લખવા પ્રયત્ન કરું છું, આ વાતો અઢી દાયકા પહેલાં સાંભળેલી પણ આજ દિન સુધી હૈયામાં સ્થાન પામેલી છે. તો વાગોળીએ પૂ. મનુદાદાના મુખેથી સાંભળેલા પ્રેરક પ્રવચનો...

ત્રણ મિત્રો વાળી વાત બહેરો, મૂંગો અને લંગડો.. પરીક્ષા સમયે ધીરજ અને કાળજી રાખી લખવાની વાતો.. – રિઝલ્ટ વિશે વાત કરતા ત્યારે પૂ. મનુદાદા કહેતા, અમે ભણતા ત્યારે એક વિદ્યાર્થી રિઝલ્ટ વિશે બીજા મિત્રને પૂછે ત્યારે 'Who is Second? એવો પ્રશ્ન પુછતો કેમ કે, પોતે First છે એવુ એ નક્કી માનતો.. એ બાબતે ઉપમા આપી અને આત્મવિશ્વાસનો પાઠ શીખવતા.

– વૃક્ષથી છુટ્ટા પડેલા પાંદડાની કોઈ કિંમત નથી. એમ પાંદડાની ઉપમા આપી

પૂ. મનુદાદા સંપ અને એકતાના પાઠ શીખવતા...

– ખાણમાંથી નીકળેલો ગ્રેફાઈટ પથ્થર જે એનેક કઠિન પરિસ્થિતિનો સામનો કરીને સંપૂર્ણ ઘડાય છે, જયારે હીરો બને છે ત્યારે અમૂલ્ય ઘરેણામાં સ્થાન પામે છે, એમ ઘસાયા વગર ચળકાટ કે નિખાર નથી આવતો એવું કહીને, કટાઈને નાશ પામવા કરતા ઘસાય ને ઉજળું બનવું સારું એ પાઠ શીખવતા..!! પૂ. મનુદાદાની આ વાતો અર્જુનના તીરની માફક મારા માનસપટ પર ચિહ્નિત થઈ ગઈ છે.!!

– પૂ. મનુદાદા કહેતા કે આપણું જીવન કાતરના બે-ભાગ જેવું છે, કાતરનો એક ભાગ ભણતર અને બીજો ભાગ ઘડતરનો છે. બન્નેમાંથી જો એક ભાગ ધાર વગરનો હશે તો કાપડ કે કાગળ કાપવા અસમર્થ છે, આ ગર્ભિત જ્ઞાન આપીને બાળકોના જીવન ઘડતરમાં પાયાનું જતન પૂ. મનુદાદાએ કર્યું છે.

– વફાદારી, નિષ્ઠા અને સમર્પણની ગૂઢ વાતો તેમજ અમૂલ્ય પાઠ પૂ. મનુદાદાના મુખેથી સાંભળવા અને શીખવા મળતા.

હું આજે ગજ ગજ છાતી ફુલાવીને કહી શકું કે, સંયમ, નિયમ અને સત્યતાના પાઠ શીખવા માટે સર્વ વિદ્યાલય આશ્રમનો કોઈ પર્યાય નથી.

હું ભણવાની શરૂઆતના પહેલા દિવસે રડ્યો અને પાંચ વર્ષ આશ્રમમાં ભણી અને આશ્રમી સુવર્ણકાળને છેલ્લા પ્રણામ કરતી વખતે રડયો. બન્ને વખતે આંખમાં આંશુ હતા પણ ફેર ઘણો હતો, આ તફાવતને શબ્દોમાં વ્યક્ત ન કરી શકું પણ તમે આશ્રમી મિત્રો અનુભવી ચુક્યા છો.

પૂ. મનુદાદાનું સરળ, સૌમ્ય અને સમર્પિત જીવન દરેક વિદ્યાર્થીઓ પર ખૂબ ઊંડી છાપ ઉપસાવી ગયું છે.

પૂ. છગનભાનો સંદેશ.. "કર ભલા હોગા ભલા" આ સંદેશને જીવી જાણનાર તપોમૂર્તિ પૂ. મનુદાદાને નત મસ્તક ગુરુ વંદન, પૂ. મનુદાદાએ દીર્ઘદ્રષ્ટિથી ઉજ્જ્વળ ભારતની કલ્પના તો કરી, સાથે સાથે એ કલ્પનાને સાર્થક કરવા પ્રાણવાયુ બનીને આશ્રમી બાળકોને જીવન ઘડતરના પાઠ શીખવ્યા. પૂ. મનુદાદા જેવા ભારતના ખરા હિતચિંતક અને નિઃસ્વાર્થી એવા મહાન વ્યક્તિત્વને મારા સાષ્ટાંગ પ્રણામ.

પૂ. મનુદાદા વિશે આશ્રમી જીવનની વાત વાગોળવા બેસું તો પુસ્તકો ભરાય. અત્યારે કલમ ખૂબજ ગતિ કરીને શબ્દોની આગળ નીકળવા પ્રયત્નો કરી રહી છે પણ મારા લખાણને અહીં વિરામ આપું છું..!!

•

# સંસ્કૃતિપુરુષ – જ્યોતિર્ધર

■ ડૉ. રાજુજી એમ. પરમાર

जननी कृतार्था मही पुण्यवती च येन । એવા કળિયુગના ચાણક્ય 'શ્રી મનુભાઈ પટેલ' મારા પિતૃ, ગુરુ, સખા સમાન છે. હું એમને કહી શકું કે –

`तुम्हारे मेरे नाते अनेक, चाहिए जो भाये ।'

મારા પરમ વંદનીય મનુદાદામાં શિક્ષક, આચાર્ય, કેળવણીકાર, સાહિત્યકાર, સર્વોદય કાર્યકર, શિક્ષણ સંસ્થાઓના સંચાલક, ઋષિતુલ્ય મહાન જ્યોતિર્ધરોનો પ્રાદુર્ભાવ થયો છે. તેઓ `वसुधैव कुटुम्बकम् ।'ની જીવનશૈલી ધરાવે છે.

પૂ. મનુદાદાએ જે ક્ષેત્રોમાં કાર્ય કર્યું છે એ સર્વે ક્ષેત્રો સોળેકળાએ ખીલી ઊઠ્યાં છે. એમણે જે જે સંસ્થામાં પગ મૂક્યા એ સંસ્થા, ગામ, શહેર નામાંકિત થઈ ગયાં છે. મારા શ્રદ્ધેય મનુદાદા સતયુગની વિભૂતિ છે. પરમ કૃપાળુ પરમાત્માએ સતયુગના આદર્શો અને કર્મો કળિયુગમાં પુનઃ સ્થાપિત કરવા એમને જન્મ આપ્યો છે. એમનાં સતયુગી કાર્યોનાં સ્પર્શથી જે-તે ક્ષેત્રો મહેકી ઊઠી કીર્તિમાન બન્યાં છે.

મારા અત્યંત પૂજ્ય-પ્રિય શ્રી મનુદાદા સાથેનું મારું મિલન તેઓ આદર્શ વિદ્યાલય, સિપોરના આચાર્ય હતા ત્યારે થયું અને મારા આજીવન માર્ગદર્શક દાદા બની ગયા. એમનાં પ્રેમ અને પ્રેરણાથી મેં પણ આચાર્ય તરીકે એમની રાહે કાર્ય કરવાનું ચાલુ કર્યું. શ્રી મનુદાદાને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા શ્રેષ્ઠ શિક્ષકનો અવૉર્ડ 1994માં મળ્યો અને એમના અનુયાયી, પુત્રવત્, શિષ્ય એવા મને એ જ અવૉર્ડ 1997માં મળ્યો.

આનંદ અને આશ્ચર્યની વાત તો એ છે કે પૂ. મનુદાદા સાથેની મારી ટૂંકી મુલાકાતમાં પણ એમણે મારા પર એટલું વહાલ વરસાવ્યું છે કે તેઓ આજીવન મારા દિલમાં વસી ગયા છે. એક મહામાનવનો મારા જીવનમાં જે પ્રેમ મળ્યો છે, તે અવિસ્મરણીય છે. પૂ. દાદાની કરુણા, પ્રેમ અને મારા પરના વિશ્વાસનો એક પ્રસંગ નોંધું:

મારી સ્કૂલમાં બી. એડ્.ના તાલીમાર્થીઓની એક ટીમ લેસનની તાલીમ માટે આવી. એમાં એક તાલીમાર્થી સારો ગાયક હતો, તેથી મારા વધારે પરિચયમાં આવ્યો અને એના પરિવારની દર્દકથા મને કહી. એને બી. એડ્.ની પરીક્ષા પછી તાત્કાલિક નોકરીની જરૂરિયાત હતી. બી. એડ્. પાસ કરી એ મને ફરી મળ્યો. પછી મેં નક્કી કર્યું કે મારા મનુદાદાની સર્વ વિદ્યાલય જેવી વિશાળ સ્કૂલમાં એને નોકરી મળશે અને મારા દાદા એને ઝટ નોકરી અપાવી પણ શકશે. આમ વિચારી મેં મારા દાદા પર એક ચિઠ્ઠી લખી એ યુવાનને આપી અને મનુદાદા પાસે મોકલ્યો. મનુદાદાએ કોઈ પૂછપરછ વિના

ફક્ત મારા પરના અગાધ સ્નેહને લીધે એને સર્વ વિદ્યાલય કડીમાં નોકરી આપી, એના જીવનને દાદાની કરુણાએ ઉગાર્યું. ધન્ય છે એમની ઉદારતા અને લાગણીશીલતાને!

મનુદાદાએ શ્રીમદ્ ભગવદ્ગીતાને રોમરોમમાં સ્વીકારીને પ્રત્યેક કર્તવ્ય એના ઉપદેશ અનુસાર આચર્યું છે. એમને મળેલા અનેક અવૉર્ડ્સથી અવૉર્ડનું ગૌરવ વધ્યું છે. અસાધારણ સિદ્ધિ-પ્રસિદ્ધિ હોવા છતાં એટલા વિનમ્ર અને નિરભિમાની છે કે એમને કદાપિ લોકપ્રિયતા, મહાનતા, માન-સન્માન, ઍવૉર્ડ્ઝ વગેરેનો ઘમંડ કે અભિમાન થયું નથી.

સાનંદાશ્ચર્ય તો એ છે કે ગુજરાત તથા રાષ્ટ્રના સર્વોત્તમ સાહિત્યકારો, લોકસેવકો, ધર્મનિષ્ઠો, રાજકીય મહાનુભાવો વગેરેને મનુદાદાએ આદર્શ વિદ્યાલયમાં આમંત્રિત કરીને શાળા અને સિપોર ગામને એમનાં પાવન પગલાંથી તીર્થધામ અને ઐતિહાસિક નગરી જેટલો ગર્વ અપાવ્યો છે. મને પણ મનુદાદાએ આદર્શ વિદ્યાલય સિપોરમાં જ પ્રથમ મુલાકાત આપી પોતાનો બનાવ્યો છે.

સરકારશ્રીએ શિક્ષણમાં જે નવતર પ્રયોગો કર્યા એ પૈકીની મોટા ભાગની જવાબદારી શ્રી મનુદાદાને આપી હતી. એમની સાથે એકાદવાર મુલાકાત થઈ હોય એ માણસ પણ એમના વ્યક્તિત્વને, પ્રેમાળ સ્વભાવને ભૂલી શકતો નથી.

શ્રી મનુદાદા જાતિ-ધર્મના વાડામાં માનતા નથી. એમનો એક જ ધર્મ છે – 'માનવ ધર્મ.' મંત્ર છે – `वसुधैव कुटुम्बकम् ।' તથા 'હું માનવી, માનવ થાઉં તો ઘણું.' એટલે તો સર્વોદયના આદર્શોનું એમણે પાલન કર્યું છે. મનુદાદાનો વતનપ્રેમ પણ અદ્ભુત છે. કવિ શેખાદમ આબુવાલાની આ પંક્તિઓ દાદાએ ચરિતાર્થ કરી છે:

*વતનની ધૂળથી માથું ભરી લઉં*
*પછી ઉમ્રભર આ ધૂળ મળે ન મળે.*

મારી આપ સૌને પણ વિનંતી છે કે સૌ પ્રાર્થના કરી પ્રભુને વિનવીએ – 'હે પરમ કૃપાળુ પરમાત્મા! અમારા પૂજ્ય મનુદાદાને નિરામય દીર્ઘાયુ આપજો.' હે મારા દિવ્ય દાદા!

*`तुम जीयो हजारो साल, साल के दिन हो पचास हजार ।'*

•

# શિક્ષણના આજીવન ભેખધારી

■ ડૉ. માનસિંહભાઈ જે. ચૌધરી

પરમ વંદનીય, કેળવણીકાર, દાનવીર, કર્મવીર અને શિક્ષણના આજીવન ભેખધારી શ્રી મનુભાઈ જે. પટેલની પ્રતિભાવંત સેવાઓને અંજલિ આપવા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી-ગાંધીનગરના ચેરમૅન શ્રી વલ્લભભાઈ એમ. પટેલ સાહેબશ્રી મનુભાઈ માટે અભિવાદનગ્રંથ તૈયાર કરી રહ્યા છે. અતિ આનંદ અને ગૌરવની બાબત છે. આ ગ્રંથ સહુ સુજ્ઞજનો માટે અવશ્ય પ્રેરણારૂપ બનશે.

મારા પરમ મિત્ર મનુભાઈ વિશે મને લખવાની તક આપી છે, તે બદલ મંડળ અને ચેરમૅનશ્રીનો હું આભાર માનું છું.

મનુભાઈની નજીક આવવાનો અવસર તેઓ આચાર્ય તરીકે સિપોર આવ્યા ત્યારે સ્કાઉટિંગ પ્રવૃત્તિના ઉપક્રમે શાળામાં મળવાનું થયું, ત્યારથી આજદિન અમો એક જ માળાના મણકા સમાન બની રહ્યા છીએ. તેમને પ્રાથમિક શિક્ષણ સમયે કડી તાલુકાના રાજપુરના વતની અને અત્યારે BAPS સ્વામિનારાયણ મંદિર, દાદરના સદ્‌ગુરુ પૂજ્ય ભક્તિપ્રિય સ્વામીનો સથવારો મળેલ. શિક્ષણના સારથિ અને ધાર્મિક રીતે અદ્વિતીય સંતના સંગે રંગાયેલા મનુભાઈના ઘડતરમાં સદ્‌ગુણોનું સિંચન થયેલું છે. ભક્તિપ્રિય સ્વામી પટેલ-કુળના છે. મહેસાણામાં BAPS સ્વામિનારાયણમંદિરે સ્વામી પધારે ત્યારે મનુભાઈને મળવા બોલાવે જ. આવો અણમોલ યોગ થયો એ ભગવાનની જ દેન છે.

તેમનો જન્મ 14-1-1937ના દિવસે ચાણસ્મા, તા. પાટણ જિલ્લામાં થયો હતો. પ્રાથમિક શિક્ષણની શરૂઆતથી જ તેઓશ્રી પ્રતિભાશાળી વિદ્યાર્થી હતા. તેમની પ્રતિભા અને તેજસ્વિતાનાં અનેક ઉદાહરણો છે. દ્વિભાષી મુંબઈ રાજ્યમાં તેમણે એસ.ટી.સી.ની પરીક્ષા સમગ્ર રાજ્યમાં પ્રથમ નંબરે પાસ કરી હતી. મનુભાઈ પટેલ એટલે એક મૂલ્યવાન, ધ્યેયનિષ્ઠ, શિસ્તાધીન અને નિયમપાલનના ચુસ્ત આગ્રહી શિક્ષક. તેમને જ્યારે જોઈએ ત્યારે પ્રસન્ન મુદ્રામાં જ તેમનાં દર્શન થાય છે.

તેઓશ્રી પ્રાપ્ત કાર્યને સિદ્ધિ-અસિદ્ધિ કે ફળની અપેક્ષા છોડીને ભગવાનની આજ્ઞા સમજીને કરે છે. શ્રદ્ધા, વિશ્વાસ અને ભક્તિભાવે મન, વાણી અને વર્તનથી ભગવાનને શરણે જઈને જીવનની તમામ કાર્યવાહી કરતા, નયનગૌચર થતા જોઉં છું. તેમના આ માર્ગમાં કર્મયોગની સાધના જ રહી છે. બીજા શબ્દોમાં કહું તો, ‘તેઓશ્રી ભગવદ્‌ ગીતાના કર્મયોગને આત્મસાત્‌ કરીને કર્તવ્યપાલનની કેડી ઉપર ચાલી રહ્યા છે.’

શિક્ષક તરીકે શેઠ સી. જી. હાઈસ્કૂલ, પિલવાઈ, તા. વિજાપુરથી સેવા શરૂ કરી,

ત્યાર બાદ આદર્શ વિદ્યાલય, સિપોર, તા. વડનગરમાં આચાર્ય તરીકે ધુરા સંભાળી. આ શાળામાં 18 વરસ ઋષિકુળના આચાર્ય જેવી સેવાઓ આપી શૂન્યમાંથી સર્જન કરી, મહેસાણા જિલ્લામાં અને રાજ્યમાં પોતાની આગવી ઓળખ ઊભી કરી છે. સિપોરમાં અનેક પ્રતિભાશાળી મહાનુભાવોએ જેમ કે, ઉમાશંકર જોશી, સુંદરમ્, પન્નાલાલ પટેલ, સ્નેહરશ્મિ, પુરુષોત્તમ માવલંકર (પ્રોફેસર અને લાસ્કી ઇન્સ્ટિટ્યૂટના પ્રમુખ) પૂર્વ મુખ્યમંત્રી શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ, ડૉ. દ્વારકાદાસ જોષી (સર્વોદયના ભેખધારી) વગેરે. પાવન પગલાં પાડી શિક્ષણની કામગીરીને અનહદ પ્રશંસા કરી છે. તેમણે સિપોરની શાળાને પ્રતિષ્ઠિત શિક્ષણધામ તરીકે વિકસાવી હતી.

1985માં સર્વ વિદ્યાલય કડીમાં આચાર્ય તરીકે જોડાયા. મહેસાણા જિલ્લાના આચાર્ય સંઘના પ્રમુખ, રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ, મા. શિક્ષણ બોર્ડના વરસો સુધી કારોબારી સભ્ય, 'સારસ્વત' માસિકના તંત્રી અને સેવાદળના સંનિષ્ઠ કાર્યકર તરીકે ખૂબ જ ઉમદા કામગીરીઓ કરી છે. 1995માં વયમર્યાદાને લીધે નિવૃત્ત થયા. અનેક શૈક્ષણિક, સામાજિક અને આરોગ્ય સંસ્થાઓમાં કડી, ચાણસ્મા, સિપોર અને ગાંધીનગરમાં પ્રશંસનીય અને સંનિષ્ઠ સેવાઓ આપી છે. આજે પણ આપી રહ્યા છે. સર્વ વિદ્યાલય કડીના આચાર્ય તરીકે નિવૃત્ત થયા પછી પૂજ્ય, વંદનીય અને મારા પરમ સ્નેહી સ્વ. માણેકભાઈ સાહેબે (વલ્લભભાઈના પિતાશ્રી) તેમને કડીમાં 'કૅમ્પસ ડાયરેક્ટર' તરીકે નિયુક્ત કર્યા હતા. આચાર્ય હતા ત્યારે છાત્રાલયની કામગીરી પણ સંભાળતા. પૂ. માણેકભાઈ અને મનુભાઈએ મને સર્વ વિદ્યાલયમાં આચાર્ય તરીકે સેવા આપવા અનુરોધ કર્યો હતો, પણ મારે નિવૃત્તિમાં બે વરસ બાકી હોવાથી ત્યાં ના ગયો અને ફૂલજીભાઈ આચાર્ય તરીકે આવ્યા. નિવૃત્તિ બાદ મનુભાઈ પ્રારંભમાં કેળવણી મંડળના મંત્રી તરીકે અને હવે પ્રમુખ તરીકે સેવાઓ આપી રહ્યા છે. શ્રી વલ્લભભાઈની સાથે ખભેખભા મિલાવી કામ કરતા મેં જોયા છે, જાણ્યા છે અને અનુભવ્યા છે. સર્વ વિદ્યાલય કડી કેળવણી મંડળે યુનિ. ઊભી કરી છે. આમ તો હવે સવિશેષ વતન ચાણસ્મામાં રહી એમની સેવાઓ અવિરત આપી રહ્યા છે. તા. 13-8-2023થી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવતાં સેવાઓ આપી રહ્યા છે.

તેમણે ચાણસ્મામાં કેળવણી મંડળના મંત્રી તથા મેડિકલ અને ડેવલપમેન્ટ ટ્રસ્ટ ચાણસ્માના મંત્રી તરીકે ખૂબ જ પ્રશંસનીય સેવાઓ આપી છે. ચાણસ્માની વિવિધ શૈક્ષણિક, સામાજિક સંસ્થાઓના વિવિધ હોદ્દાઓ ઉપર લાંબા સમય સુધી સેવાઓ આપી એક અનોખી પ્રતિભાનાં દર્શન કરાવ્યાં છે. 75 વરસની ઉંમરે વિવિધ હોદ્દાઓ ઉપરથી સ્વેચ્છાએ ત્યાગ કર્યો છે, છતાં વિકાસનાં કામોમાં માર્ગદર્શન આપી રહ્યા છે. એક સમયે ચાણસ્મા ગામના ઉપક્રમે ''પ્રતિભા વંદના'' માટેના કાર્યક્રમમાં પોતે આ સન્માન મેળવવા માટે પ્રથમ હરોળના હક્કદાર હોવા છતાં પોતાની જાતને આ સન્માનથી દૂર રાખી. પોતાના થકી સ્થાપિત/સંચાલિત 'ચંચળબા જેકીશનદાસ મેમોરિયલ ટ્રસ્ટ' અને 'શાંતાબેન શંભુપ્રસાદ પુરુષોત્તમ ચૅરિટેબલ ટ્રસ્ટ'માં પ્રતિ વરસે એક લાખ રૂપિયા વ્યાજ મળે તેટલી માતબર રકમ બૅંકમાં સ્થાયી ભંડોળ તરીકે મૂકેલા છે. આ આવક આરોગ્ય અને શિક્ષણમાં વાપરવામાં આવે છે. કડી સર્વ વિદ્યાલયમાં પણ તેમણે માતબર દાન

આપેલ છે. તેમના દીકરા અરવિંદભાઈ કૅનેડામાં સ્થાયી થયેલા છે. તેઓ પણ મનુભાઈનો દાતા તરીકેનો વારસો જાળવી રહ્યા છે. અમો સૌ મનુભાઈના વ્યક્તિત્વને ઉજાગર કરી આપતા ઋષિપુરુષનું નામ ઉલ્લેખ કરતાં ગૌરવ અને હર્ષની લાગણી અનુભવીએ છીએ.

1993માં 'શ્રેષ્ટ શિક્ષક'નો અવૉર્ડ ભારત સરકારે આપેલ છે. તે પ્રસંગે તેમની સાથે દિલ્હી હાજર રહેવાનો મને અવસર સાંપડેલ. તેમને અનેક અવૉર્ડ્ઝ અને સન્માનોથી નવાજવામાં આવેલા છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીએ તેમની ઋષિકુળ પરંપરાના આચાર્ય તરીકેની સેવાઓને ધ્યાને લઈ એમ.એડ્. કૉલેજનું નામ ''આચાર્યશ્રી મનુભાઈ જે. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન'' કર્યું છે. આ એક સાધારણ અને પ્રશંસનીય ઘટના છે.

''બહુરત્ન વસુંધરા'' આ ઉક્તિને ચરિતાર્થ કરનાર કેટલાય મહાપુરુષોએ આ ધરતી પર જન્મ લઈ પોતાના જીવનને સાર્થક બનાવ્યું છે. આ મહાન વિભૂતિઓ અત્યારે પ્રવર્તમાન નથી, છતાં તેમનાં નામ જગતના ગ્રંથ ભંડારોમાં શોભી રહ્યાં છે, આપણી સમક્ષ જેઓએ સારું જીવન પસાર કરી, પોતાના વ્યક્તિત્વને ઉજ્જ્વળ કર્યું છે, તેવું જીવન મારા આદરણીય મનુભાઈ પટેલે પસાર કર્યું છે. તેમના વિશે જેટલું લખું તેટલું ઓછું છે.

ગુજરાત રાજ્ય અવૉર્ડ ટીચર્સ ફેડરેશનની સ્થાપના મેં 1991માં કરી ત્યારથી આજદિન સુધી તેમનો સાથ અને સહકાર મળતો રહ્યો છે.

પુરુષાર્થી વ્યક્તિના જીવનનાં અનેક પાસાંઓ હોય છે. પારિવારિક, શૈક્ષણિક, સામાજિક વગેરે. 86 વર્ષની જૈફ વયે મુખાકૃતિ પરની લકીરો પ્રસન્નચિત્તે અને હેતાવળું હાસ્ય દૃષ્ટિગોચર થઈ રહ્યું છે. શિક્ષણે જ તેમના જીવનને રળિયાત બનાવ્યું છે. તેમના અભ્યાસકાળથી આજદિન સુધીની સફરે તેમની તેજસ્વિતા, દિવ્યતા અને ભવ્યતાનાં દર્શન કરાવ્યાં છે. શિક્ષણના ભેખધારીનું શેષ જીવન નિરામય, આરોગ્યવાન રહે તેવી ભગવાનના ચરણે પ્રાર્થના. છેલ્લે તેમના માટે બે લીટી ટાંકી વિરમું છું:

*નથી ખબર અમારે પંથ શી આફત પડી છે,*
*ખબર છે એટલી કે શિક્ષણની હાકલ પડી છે.*
*કદમ છે અસ્થિર જેનાં, તેને રસ્તા નથી જડતા,*
*અડગ મનના મુસાફરને (મનુભાઈને) હિમાલય પણ નથી નડતો.*

•

# કર્મયોગી શ્રી મનુભાઈ પટેલ

■ **નાથાભાઈ જોઈતારામભાઈ પટેલ**

શ્રી મનુભાઈ પટેલની કર્મનિષ્ઠ સેવાઓને ધ્યાનમાં લઈને તેમના જીવનચરિત્રને શબ્દદેહ આપવાનું સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી દ્વારા નક્કી થયું તેથી મનુભાઈ સાથેના સંબંધોના નાતે અને તેથી વિશેષ શિક્ષણજગતના મિત્રભાવના નાતે આનંદ થાય તે સ્વાભાવિક બાબત છે. મન ખૂબ જ પ્રફુલ્લિત થયું.

શિક્ષણજગતમાં પિલવાઈની શેઠ જી. સી. હાઈસ્કૂલમાં સહકર્મચારીના નાતે, કેટલાંક વર્ષો સાથે વિતાવ્યાં. શાળામાં સાથે હોઈએ એટલું જ નહીં, પરંતુ રહેવાસમાં પણ પિલવાઈ ગામની જાણીતી મંગલ સોસાયટીમાં મારું અને મુરબ્બી મનુભાઈનું રહેઠાણ પાસ-પાસે, એટલે શાળાના સમય પહેલાં અને પછી, પણ સાથે રહેવાનો સધિયારો મળ્યો. એ સમય જીવનનો મૂલ્યવાન રહ્યો હતો. શ્રી મનુભાઈ પિલવાઈમાં વિનયન પ્રવાહની, ઇન્ટર પરીક્ષા પાસ કર્યા બાદ કુટુંબની આર્થિક જરૂરિયાતને ધ્યાનમાં લઈને અમારા આચાર્ય શ્રી છ. કા. પટેલસાહેબ દ્વારા સેવાનિષ્ટ થયા. તે પૂર્વે મારાં ધર્મપત્ની અ. સૌ. શ્રીમતી હીરાબેન અને મુ. શ્રી મનુભાઈ, 'મામા-ફોઈના' નાતે, 'ભાઈ-બહેન' થાય તેથી કૌટુંબિક રીતે તેઓ મારા સાળા થાય! પરંતુ આ સંબંધ વ્યવસાયમાં અમે ક્યાંય આગળ ધર્યો નથી. મુ. શ્રી મનુભાઈ નવયુવાન અને સાહિત્યનો ઊંડાણથી અભ્યાસ અને ખેડાણ કરી ભાષાના જ્ઞાતા, વિદ્વાન હતા. તેમ કહું તો જરાય અસ્થાને નહીં ગણાય! તેમની વાચનશક્તિ તીવ્ર હતી અને તેના ફળસ્વરૂપે શાળા સમય સિવાય 'મંગલ સોસાયટી'માં લગભગ શિક્ષકો-પ્રોફેસરો મહત્તમ રહેતા અને મળતા ત્યારે, વાંચેલી અગત્યની જીવન ઉપયોગી બાબતોનો રસાસ્વાદ તેમના દ્વારા થતો રહેતો હતો. તેથી તેઓ અમારી ટીમમાં સન્માનનીય અને આદરણીય બની ગયા હતા, તેઓ મનુભાઈ નહીં પણ બધા મિત્રો માટે 'મનુકાકા'ના હુલામણા નામથી પ્રેરણામૂર્તિ હતા.

તેમની વાચનશક્તિ અને અભ્યાસ કરવાની તીવ્ર આકાંક્ષાને કારણે વિનયનમાં એક્સટર્નલ અભ્યાસ કરી બી.એ. અને એમ.એ. થયા અને પછીથી વ્યાવસાયિક લાયકાત મેળવવા બી.એડ. પણ થયા. અને આ પૂર્વે એસ.ટી.સી.ની પરીક્ષા સમગ્ર મુંબઈ રાજ્યમાં પ્રથમ ક્રમે પાસ કરી હતી. લગભગ દસ વર્ષ જેટલો સમય શેઠ જી. સી. હાઈસ્કૂલમાં રાજર્ષિ સમાન મુરબ્બી આચાર્યશ્રી છ. કા. પટેલ (છગનભાઈ કાળીદાસ પટેલ સાહેબ) ના સાંનિધ્યમાં પસાર કર્યો!

અહીં મુરબ્બી મનુભાઈના 'જીવન અને કવન' વિશે વિશેષ લખતાં પહેલાં તેમના જીવન ઉપર ઊંડી છાપ પડેલી છે તેવા આચાર્ય સ્વ. શ્રી છ. કા. પટેલ સાહેબના ગુણો

વિશે સમજ મેળવવી આવશ્યક ગણાશે! અમારા આચાર્ય સ્વ. છગનભાઈ કા. પટેલ સાહેબ નિષ્ઠાવાન અને ખાદીધારી, સરપર ટોપી, સ્વચ્છ સુઘડ ધોતી અને ઝભ્ભાનો પહેરવેશ, મિતભાષી શિક્ષકો સાથે કામ લેવામાં ચોક્કસ અંતર જાળવી રાખવું, અને વર્તનથી જ શિસ્ત શીખવવી. નખશિખ પ્રમાણિક. સંસ્થાના સંસાધનોનો કરકસરપૂર્વક ઉપયોગ કરવો... છાત્રાલયના મુખ્ય ગૃહપતિ તરીકે છાત્રોનું ઘડતર અને પ્રાર્થનામાં – પ્રેરક પ્રવચનો દ્વારા પ્રેરણા આપવી. એ તેમનો નિત્યક્રમ હતો. તેમજ લેખનની નોટો લીટીએ-લીટી, વાંચી યોગ્ય સૂચનો સાથે છાત્રાલયમાં જ મોડે સુધી જાગીને તપાસવી વગેરે-વગેરે ગુણોને શ્રી મનુભાઈ આજે પણ યાદ કરતા આનંદ અનુભવે છે. સાદગી ભરેલી રહેન-સહેન જીવનપદ્ધતિને શ્રી મનુભાઈ સાહેબે તેમના જીવનમાંથી પ્રાપ્ત કરી હશે અને આજ દિન સુધી તેઓશ્રી એમના અનુગામી તરીકે ખાદીધારી રહ્યાનો મને ખ્યાલ છે. આ ગુણોની ઊંડી છાપ મુરબ્બી શ્રી મનુભાઈ ઉપર જીવનકાલીન પડેલી છે. તેઓ શ્રી આચાર્યશ્રી સ્વ. છ. કા. પટેલ સાહેબના સાંનિધ્યમાં એક દસકા જેટલો સમય રહ્યા! એ દરમિયાન તેમના સાંનિધ્યમાં નેતૃત્વના ગુણોને લીધે તેઓશ્રી મહેસાણા જિલ્લા અને ત્યાર બાદ રાજ્ય શિક્ષક સંઘના બિનહરીફ પ્રમુખ નિયુક્ત થયા હતા.

તાલીમી અનુ-સ્નાતક થયા બાદ, મુ. સિપોર, તા. ખેરાલુ ગામનું કેળવણી મંડળ મુરબ્બી મનુભાઈને તેમના ગામની શાળાના આચાર્ય તરીકે લેવા આવ્યું હતું તેનો હું સાક્ષી છું. આચાર્ય શ્રી છ. કા. પટેલ સાહેબની પ્રેરણાથી તેઓ 'સિપોર'માં આચાર્ય તરીકે જોડાયા, ત્યાં શૈક્ષણિક અને સામાજિક સંબંધોમાં ઊંચી સિદ્ધિ હાંસલ કરી અને માન-સન્માન પામ્યા. ત્યાર બાદ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ તેમને મુરબ્બી આચાર્ય શ્રી મોહનભાઈ સાહેબના અનુગામી આચાર્ય તરીકે આગ્રહ કરીને લઈ ગયા. ત્યાં પણ સફળ આચાર્ય તરીકે, ત્યાર બાદ કૅમ્પસ ડાયરેક્ટર, પછીથી મંત્રી અને હાલ પ્રમુખ તરીકેની ઉત્તમ સેવાઓ બજાવી રહ્યા છે.

જીવનની લાંબી મજલ દરમિયાન જીવનસંગીની પુષ્પાબેનનો સથવારો ગુમાવ્યો અને નિવૃત્તિ બાદ જીવલેણ શારીરિક બીમારીથી પણ સાંગોપાંગ ઊભા થયા અને છેલ્લે-છેલ્લે બે વર્ષ પહેલાં કોરોનાગ્રસ્ત થયા અને ગંભીર બીમાર થયા, પણ હજુ તેમની સેવાઓ શિક્ષણજગતને, ચાણસ્માની હૉસ્પિટલને, ચાણસ્માના કેળવણી મંડળને અને કુટુંબમાં ડિસેબલ નાનાં બહેન કાંતાબહેનને તેમની હૂંફની જરૂર હોઈ, કુદરતી રહેમથી તેઓ ૮૭ વર્ષની ઉંમરે પણ સારું આરોગ્ય ધરાવે છે.

આપણે સૌ ભગવાનને પ્રાર્થના કરીએ કે પ્રભુ તેમની સેવાઓ બરકરાર રાખવા શતાયુ બક્ષે. સતમ્ જીવમ્ શરદ ॥

•

# કર્મયોગી મનુભાઈ

■ ડાહ્યાભાઈ એન. પટેલ

મનુભાઈ મૂળે ધરતીપુત્ર, ખેડુપુત્ર. ધરતીપુત્રની નિખાલસતા – ઉદારતા, ખમીર, સરળતા ને સુભગ સમન્વય એટલે શ્રી મનુભાઈ. તેમની શિક્ષણયાત્રા પિલવલાઈથી શરૂ થઈ. પિલવાઈમાં એક ઉમદા શિક્ષકની છાપ મૂકી તેઓએ પિલવાઈ છોડ્યું.

ઈ.સ. 1967થી 1985 સુધી સિપોરમાં આચાર્યનો કાર્યભાર સંભાળ્યો. ખેરાલુ તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં શિક્ષણની ધૂણી ધખાવી – વિદ્યાજ્યોત પ્રગટાવી – એ અંતરિયાળ વિસ્તારમાં જ્ઞાનનાં અજવાળાં પ્રગટાવવામાં રાત-દિવસ, ટાઢ-તડકો જોયાં નહીં. સતત કાર્યરત મનુભાઈએ શિક્ષણની સાથે ગામના વિવિધ સામાજિક કાર્યમાં સહભાગી બની નેતૃત્વ કરી પોતાનાં કાર્યો દ્વારા ગામને સામાજિક-સાંસ્કૃતિક રીતે ઉજાગર કરવામાં – ગામને આદર્શ ગામ બનાવવાનો સતત અથાક પુરુષાર્થ કર્યો.

અનેક સમસ્યાઓ સાથે – મુશ્કેલીઓ સામે અડીખમ ઊભા રહેલા મનુભાઈનો જીવનપથ ''અસિધારા પર ચાલવા'' જેવો વિકટ રહ્યો. એ વિકટ પથ પર ચાલતા મનુભાઈને જોઈએ બરકત વિરાણીની ગઝલ સ્મરણે ચડે છે.

*જીત પર હસતો રહ્યો ને હાર પર હસતો રહ્યો,*
*ફૂલની શૈય્યા ગણી અંગાર પર હસતો રહ્યો,*
*જિંદગી એટલી ઝિંદાદિલીને દાદ દે,*
*તેં ધરી તલવાર તો હું ધાર પર હસતો રહ્યો.*

તેમના આ પ્રચંડ પુરુષાર્થે સિપોરને મહેસાણા જિલ્લામાં વિદ્યાધામ તરીકે પ્રસિદ્ધ કર્યું. સિપોરના એ વિદ્યાધામમાં આજીવન સેવાના ભેખધારી રાષ્ટ્ર સમર્પિત જીવન જીવતા શ્રી બબલભાઈ મહેતા, શ્રી દ્વારકાદાસ જોષી, ડૉ. વસંતભાઈ પરીખ વગેરેને અવારનવાર આમંત્રિત કરી વિદ્યાજ્યોત વધુ પ્રજ્વલિત કરી. એ વિદ્યાને સંતોનાં પુનિત પગલાંથી પાવન કરી.

ગુરુકુળ પરંપરાના ઋષિપુરુષ મનુભાઈએ સિપોરને યુનિવર્સિટી તરીકે વિકસાવ્યું. આચાર્ય ધારે તો રણમાં પણ વીરડી વહેતી કરી શકે તેનું જ્વલંત ઉદાહરણ એટલે મનુભાઈ.

શ્રી મનુભાઈએ ઈ.સ. 1985માં સિપોર છોડ્યું. આજે પણ સિપોર એ વિદ્યાપુરુષને – સમાજપુરુષને સાદર સાથે યાદ કરે છે. મનુભાઈ સાચા ગુરુકુળઋષિ છે. તેમની સાદગી, વિનમ્રતા પ્રશંસનીય અને અનુકરણીય ક્યાંય ઉગ્રતા કે રઘવાટ નહીં. જાડી ખાદીનો ઝભ્ભો, જાડી ખાદીનો કુર્તો (લેંઘો) આંખે ચશ્માં એવા મનુભાઈને જોઈને પેલી

સૂફીવાણી યાદ આવ્યા વગર રહે નહીં.

*ખુદા મિલતા હૈ, ઈન્સાન હી નહીં મિલતા*
*યે ચીજ વો હૈ કિ આજ દેખી કહીં-કહીં મૈંને.*

ઈ.સ. 1985થી તેમણે કડી સર્વ વિદ્યાલયના આચાર્ય તરીકે કડી વિદ્યા સંકુલનો સર્વ ભાર-જવાબદારીઓ સ્વીકારી. આ કાર્યભાર ઉપરાંત મહેસાણા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ, જિલ્લા શાળા આચાર્ય સંઘના પ્રમુખ અને રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ તરીકેની જવાબદારીઓ નિષ્ઠાપૂર્વક સંભાળી. ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડમાં શિક્ષણ સમિતિમાં સક્રિય સભ્ય તરીકે રહી. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં સેનેટ સભ્ય તથા 20 મુદ્દાના અમલીકરણ સમિતિની સભ્ય તરીકેની તેમની કામગીરી પ્રશંસનીય રહી.

મહેસાણા જિલ્લા શાળા સંઘના પ્રમુખ તરીકેની સેવાઓ અવિસ્મરણીય રહી. તેમણે જિલ્લા સંઘને અનેકવિધ શૈક્ષણિક પ્રોગ્રામો થકી જીવંત બનાવાયો. તેમની છત્રછાયા નીચે સંઘના મહામંત્રી તરીકે કામ કરવાની તક મને મળી, સૌને સાથે રાખી સૌના સહકારથી સંઘને જીવંત બનાવ્યો. તેમનું વ્યક્તિત્વ અદ્‌ભુત છે. માનવીમાં તેમની શ્રદ્ધા સાચે જ અમૂલ્ય કલ્પનાતીત છે. માનવીમાં તેમની અખૂટ શ્રદ્ધા જ્હોન કીટ્સના એ શબ્દો સ્મૃતિ પર અંકિત થાય છે કે –

"Those who trust us made us." એ છ શબ્દોનો જાદુ તેમના સાંનિધ્યમાં રહેનાર મારા જેવા માટે પ્રેરણાદાયી રહ્યો છે. વિવિધ શૈક્ષણિક સંઘોની સંકલન સમિતિના પ્રમુખ તરીકેની તેમની કામગીરી આપણને સદાય પ્રેરણાદાયી બની રહેશે. મૂલ્યો સાથે તેમણે કદી પણ બાંધછોડ કરી નથી. મૂલ્યોના પ્રહરી તરીકે મનુભાઈ મારા જેવા અદના શિક્ષકને સદાય પ્રેરણાદાયી બની રહ્યા છે.

આ એક જ વ્યક્તિને કેટલા અવૉર્ડો ભારત સરકાર દ્વારા 'શ્રેષ્ઠ શિક્ષકનો' અવૉર્ડ, સરદાર પટેલ યુનિવર્સિટી વિદ્યાનગરનો 'બેસ્ટ ટીચર' અવૉર્ડ, ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી દ્વારા 'તામ્રપત્ર'થી વિભૂષિત. કેટલી તપશ્ચર્યા, કેટલી ઉમદા શૈક્ષણિક અને સામાજિક સેવાઓ, કેવી અદ્‌ભુત જીવનસાધના.

તેમની અવર્ણનીય સેવાઓની ચિરસ્મૃતિરૂપે કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળે એમ. એડ્. કૉલેજ ઑફ એજ્યુકેશનનું "આચાર્યશ્રી મનુભાઈ જે. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન" નામાભિધાન કર્યું. કેવી વિરલ ઘટના, કેવું અદ્‌ભુત સન્માન અને એ સન્માનને યોગ્ય ઋષિપુરુષને સાદર વંદન.

ઈ.સ. 1995માં નિવૃત્ત થઈ તેમણે સમાજને જીવન સમર્પિત કર્યું છે. પોતાના વતન ચાણસ્મામાં સામાજિક સેવાઓ, શૈક્ષણિક સેવાઓ, આરોગ્ય સેવા દ્વારા તમામ સામાજિક સેવાઓમાં નવા પ્રાણ પૂર્યા. સંસ્થાઓ સુચારુ રીતે કામ કરે તે માટે તેમના ભગીરથ પ્રયત્નો આજે પણ ચાલુ છે. સેવાઓની સાથે આખી જિંદગીની કમાણી તેમણે સમાજના ચરણે ધરી. એક લાખ રૂ. જેટલું વ્યાજ આવે તેટલી રકમની ઉમદા સખાવતનો આવા કોઈક વિરલ વિદ્યાપુરુષ જ કરી શકે!

મનુભાઈનું કૌટુંબિક જીવન પણ તેમનાં ઉજ્જ્વળ કાર્યો જેવું ઉજ્જ્વળ છે. તેમનાં ધર્મપત્ની સ્વ. પુષ્પાબેનનું આતિથ્ય પણ અદ્ભુત. એ તો અમારા જેવાએ માણ્યું હોય તે જ કલ્પી શકે. વિસરાતી જતી સંયુક્ત કુટુંબભાવના, ત્યાગ, સહિષ્ણુતા, ઘસાઈને ઊજળા થવાની ભાવનાના આવા વાતાવરણમાં પૂ. મનુભાઈનો સંયુક્ત પરિવાર સાચે જ સમાજની મોંઘી અમીરાત છે. ચાર-ચાર પેઢીના સંયુક્ત પરિવારની સર્વને માટે ઘસાઈ જવાની ઉમદાભાવના આપણા જેવા માટે દિવ્યર્શન છે. સિત્તેર સભ્યોના એ કુટુંબમાં નોકર-ચાકર સિવાય પરિવારનાં બધાં બહેનો-ભાઈઓ સાથે મળીને કાર્ય કરે છે. દૃશ્ય વિરલ છે. આ તો સૌનું મજિયારું છે તેવી ભાવના. એ ભાવનાના પ્રેરણાદાતા – એ ભાવના રખેવાળ મનુદાદાની છત્રછાયા નીચે પરિવાર આનંદથી રહે છે. ત્યારે પેલા કવિની પંક્તિ રમણે ચડે છે.

*અમારા એ દાદા વિપુલ વડના ઝુંડ સરખા,*
*વિશાળ શીળી છાયા અમ સર્વ સંતાપ હરતા.*

જીવનના સત્યાશી વર્ષે યુવાનને શરમાવે તેવા ઉત્સાહથી કાર્યરત પૂ. મનુભાઈને શત શત પ્રણામ.

જય ભારત.

•

---

*આચાર્યનું સાચું કાર્ય તો એ યોગ્ય શિક્ષકો મેળવી તેમની ઉત્તમ શક્તિનો લાભ વિદ્યાર્થીઓને મળે તેવું વાતાવરણ સર્જવાનું. શિક્ષકો સાથે સ્નેહ, સમભાવ ને આદરથી વર્તવું એ આચાર્યનું ખરું લક્ષણ છે. સત્તાના રૂઆબથી નહિ, પણ વિદ્યાર્થીહિતથી પ્રેરાઈને શિક્ષકનું ગૌરવ વધે તેવી આચાર્યની પ્રતિભાથી ખરી કેળવણી માટેનું તેમ જ શિક્ષકની ઉત્તમ શક્તિઓ પ્રગટ થાય તેવું વાતાવરણ સર્જી શકાય.*

**અમૃતલાલ યાજ્ઞિક**

---

# શિક્ષણરત્ન મનુભાઈ

■ **મનુભાઈ જી. રાવલ**

શિસ્ત, શિક્ષણ, સંયમ અને સંસ્કારોને આત્મસાત્ કરવાની સંપૂર્ણ ક્ષમતા એક સાચા શિક્ષકમાં જ હોય છે. શિક્ષકનું પદ મેળવવું કદાચ સરળ હોઈ શકે, પરંતુ આજીવન શિક્ષકના સદ્ગુણો આત્મગ્રહી દરેક ક્ષેત્રે સંસ્કારોની દીપજ્યોતિ પ્રગટાવતા રહેવાનું કાર્ય સાચો શિક્ષક જ કરી શકે. આજે એક એવા સાચા, સરલ, મૃદુભાષી, મિતભાષી, સત્યભાષી, સંનિષ્ઠ શિક્ષકની વાત કરવી છે, જેમણે શિક્ષણજગતને એમની આગવી કાર્યદક્ષતાથી પ્રભાવિત અને પ્રકાશિત કર્યું છે. માતા ચંચળબા અને પિતા જયકીશનદાસના વહાલસોયા મનુભાઈએ સમાજમાં આદર્શ શિક્ષક, આદર્શ આચાર્ય, આદર્શ વહીવટકર્તા અને આદર્શ વ્યક્તિના સદ્ગુણો અંકિત કર્યા છે. એમનો જન્મ તા. 14 જાન્યુઆરી, 1937ના દિવસે ચાણસ્મા મુકામે થયો. જન્મનો દિવસ જ ઉત્તરાયણનો રહ્યો અને એટલે જ ઉત્તરાયણના ગુણો જીવનકાર્યમાં પ્રતિબિંબિત થયા. જેમ ઉત્તરાયણનો દિવસ ઉત્તર દિશા તરફ ગમન સૂચવે છે એમ એમનાં કાર્યોની સુવાસ ઉત્તરોત્તર પ્રસરતી રહી છે. વિદ્યાર્થીકાળમાં શ્રી મનુભાઈની જ્ઞાન પ્રાપ્તિની અપાર ઝંખના જોવા મળી છે, એટલે જ એસ.ટી.સી.ની પરીક્ષામાં સમગ્ર બૃહદ મુંબઈ રાજ્યમાં અવ્વલ નંબર પ્રાપ્ત કરી ગામની, કુટુંબની અને સમાજની શાન દીપાવી. આગળ જતાં સરદાર પટેલ યુનિવર્સિટીમાંથી બી.એડ્. પરીક્ષામાં સમગ્ર યુનિવર્સિટીમાં દ્વિતીય ક્રમ પ્રાપ્ત કરી ચાણસ્માનું ગૌરવ વધાર્યું.

વર્ષ 1958થી 1967 સુધી વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત શેઠ જી. સી. હાઈસ્કૂલ પિલવાઈથી કરી. આ સમય સ્વતંત્ર ભારતનો પ્રથમ દસકો પૂર્ણ થયાનો સમય હતો. શ્રી મનુભાઈનું જીવન ભારતીય સંસ્કારો-શિક્ષણ અને સંસ્કૃતિથી રંગાયેલું છે. એ બધા ગુણોનું પ્રતિબિંબ એમના વ્યાવસાયિક જીવન પર પણ પડ્યું. અનેક વિદ્યાર્થીઓના પ્રબળ રાષ્ટ્રપુંજથી ભરેલા જીવનઘડતરના તેઓ માર્ગદ્રષ્ટા બન્યા. 1967થી 1984 સુધી આદર્શ વિદ્યાલય સિપોર ખાતે શાળાના આચાર્યનું સુકાન સંભાળી શાળાના સર્વાંગી વિકાસમાં યશસ્વી ફાળો આપ્યો. 1968માં મેં શિક્ષકની કારકિર્દી સિપોરથી શરૂ કરી. મને સાચા, સંનિષ્ઠ શિક્ષક બનવાની પ્રેરણા મનુભાઈમાંથી મળી. એમણે સર્વ વિદ્યાલય, કડી ખાતે આચાર્યની જવાબદારી સ્વીકારી. સફળ વહીવટકર્તા, સફળ માર્ગદ્રષ્ટા અને સફળ શિક્ષક અને આ બધાય વચ્ચે સફળ માનવીના દરેક ગુણોની છાપ સમાજ પર અને યુવાનો પર છોડી યુવાનોને સાચી દિશા ને દૃષ્ટિ આપવાનું કાર્ય કર્યું. વિદ્યાર્થીઓના જીવનને રાષ્ટ્રસેવા અને રાષ્ટ્રપ્રેમના માર્ગ સાથે કારકિર્દી ઘડતરનો રાહ ચીંધ્યો. શ્રી મનુભાઈએ વ્યાવસાયિક કારકિર્દીમાં એક સાચા કર્મયોગી તરીકે સાધના કરી, જેની ફલશ્રુતિ સ્વરૂપે

1993માં શ્રેષ્ઠ શિક્ષક તરીકેના રાષ્ટ્રીય અવૉર્ડથી સન્માનિત કરવામાં આવ્યા જેના તેઓ આજીવન હક્કદાર હતા.

જીવનનાં વર્ષોએ 58 વર્ષનો પડાવ પ્રાપ્ત કર્યો, એટલે સરકારી ધોરણે 1995માં કડી સર્વ વિદ્યાલયમાંથી નિવૃત્તિ મેળવી. શ્રી મનુભાઈ તો કાર્યઊર્જાના ધોધનું જીવંત ઉદાહરણ, અઠ્ઠાવન વર્ષે પણ એ જ ઊર્જા એમના કાર્યમાં જોવા મળતી. જે પ્રથમ દિવસે હતી, એટલે જ શક્તિ અને જ્ઞાનને પારખવામાં ક્યારેય પાછું નથી પડી એવી શ્રેષ્ઠ સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળે શ્રી મનુભાઈની સેવાઓનો લાભ ચાલુ રાખવા એમને સંસ્થાના નિયામકપદે પ્રતિષ્ઠિત કર્યા.

શ્રી મનુભાઈની કારકિર્દીને માત્ર એક સફળ શિક્ષક, સફળ આચાર્ય ને સફળ નિયામક તરીકે જ મૂકીશું તો ઘણું ઓછું ગણાશે. આ જ સમયગાળામાં તેઓએ વિદ્યાર્થી અને શાળાને તો શ્રેષ્ઠ પ્રદાન કર્યું જ, પરંતુ સાથે-સાથે શૈક્ષણિક સંઘમાં પણ સક્રિય રહીને શિક્ષકોના રાહબર બની રહ્યા. મહેસાણા જિલ્લામાં શિક્ષક સંઘના મંત્રી તરીકે અને ત્યાર બાદ આચાર્ય સંઘના મંત્રી અને પછી આ બંને સંઘોના મંત્રી અને પ્રમુખ તરીકે સેવા અર્પી. 1976થી 19 વર્ષ સુધી મહેસાણા જિલ્લાના વિવિધ સંઘોની સંકલન સમિતિના પ્રમુખ તરીકે ખૂબ ઉમદા સેવા કરી. સેવાની સરવાણી અહીં પૂરી નથી થતી. પાંચ વર્ષ સુધી ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના કારોબારી સભ્ય તરીકે, દસ વર્ષ ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડના શૈક્ષણિક સમિતિના સભ્યપદે સેવા પ્રદાન કરી. 1989થી 1993 ચાર વર્ષ ઉ. ગુ. યુ. પાટણના સેનેટસભ્ય તરીકે સેવા અર્પી.

શિક્ષક અને શિક્ષણને સ્પર્શતા દરેક પહેલુને પોતાની મેધાવી શક્તિથી અપ્રતિમ સેવા પ્રદાન કરનાર શ્રી મનુભાઈને 15મી ઑગસ્ટ, 2003ના રોજ તત્કાલીન યશસ્વી મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે તામ્રપત્રથી સન્માનિત કરાયા. શ્રી મનુભાઈ માદરે વતનનું ઋણ કેમ ભૂલે. ચાણસ્મા કેળવણી મંડળના મંત્રી તરીકે સેવા આપી. ચાણસ્માની શૈક્ષણિક, ધાર્મિક અને સામાજિક સંસ્થાઓના વિકાસમાં અમૂલ્ય, બહુમૂલ્ય ફાળો આપ્યો.

'ચંચળબા જયકીશનદાસ મેમોરિયલ ટ્રસ્ટ'ની સ્થાપના કરી વિવિધ સેવાકીય પ્રવૃત્તિઓમાં આગવું પ્રદાન કર્યું. 1937થી 2023 આ 86 વર્ષની સફર બાદ રખેને એમ માનતા કે એ આરામ કરશે. એ જ જોમ અને જુસ્સો અને એ જ ઋજુતાના સ્વામી શ્રી મનુભાઈ ઑગસ્ટ 2023થી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ તરીકેની એક નવી ઇનિંગ્સ શરૂ કરી છે.

ખરેખર રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીના આદર્શોને હૃદયસ્થ કરનાર શ્રી મનુભાઈની 86મા વર્ષે કાર્યશૈલી, કાર્યદક્ષતા જોઈ એમને શત શત વંદન, નમસ્કારસહ કહું છું કે,

*શેર સી તાકાત હૈ, સમંદર સા હોંસલા હૈ,*
*હિમાલય સા વિશ્વાસ હૈ,*
*ઐસે બાહોશ શિક્ષણરત્ન મનુભાઈ હમારે સાથ હૈ.*

•

# કર્મ એ જ ભક્તિ અને કર્મ એ જ જ્ઞાનના ઉપાસક

■ પ્રભુદાસ પટેલ

વર્ષ ૧૯૭૪માં વંદનીય પૂજ્ય મનુભાઈ સાહેબના સંપર્કમાં આવવાનો પ્રસંગ મને સાંપડ્યો હતો, જે જીવનપર્યંત સ્મરણીય બની રહ્યો છે. સિપોરની નજીકના ગામ કરશનપુરામાં ધોરણ ૮થી શરૂ થતી માધ્યમિક શાળામાં પૂજ્ય મનુભાઈ સાહેબે આચાર્ય તરીકે મારી વરણી કરી મને અહીં જોડાવા માટે પ્રોત્સાહિત કર્યો. મારી ફરજ દરમિયાન તેમના તરફથી મને અને કેળવણી મંડળના પદાધિકારીઓને સંસ્થાના વિકાસ અને શિક્ષણ ગુણવત્તા સુધારણા માટે દિશાસૂચન અને પ્રેરક માર્ગદર્શન મળતાં રહ્યાં. મારી દરેક મુશ્કેલીમાં હું જ્યાં અટક્યો ત્યાં મારી પડખે ઊભા રહી મને સપ્રેમ મદદ કરી છે. તે માટે તેમનો ઋણી છું.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ સેક્ટર-૨૩, ઘ-૬, ગાંધીનગરમાં ૧૯૮૪થી આચાર્ય તરીકે હું જોડાયો. ત્યારથી પૂજ્ય મનુભાઈ સાહેબ તરફથી સર્વ વિદ્યાલય, કડીના આચાર્ય તરીકેની તેમની ફરજ દરમિયાન ૧૯૮૫થી મને પ્રોત્સાહન અને માર્ગદર્શન મળતાં – તે મારું સદ્‌ભાગ્ય ગણું છું.

પિલવાઈ અને સિપોરની શૈક્ષણિક સંસ્થાઓમાં પૂજ્ય મનુભાઈ સાહેબે નિષ્ઠા, કુશળતા અને સમભાવ થકી કર્મયોગ વડે સંસ્થાઓનો વિકાસયોગ સાધ્યો. શાસ્ત્રકારો, કવિઓ, લેખકો, ચિંતકો અને વિવેચકોને શૈક્ષણિક સંસ્થાઓમાં આમંત્રિત કરી સંસ્થા અને સમાજને ઉમદા ઘડતરનું દૃષ્ટિવંત કાર્ય તેમણે કર્યું છે. વિદ્યાર્થીઓને પ્રેરણા અને માર્ગદર્શનથી લાભાન્વિત કર્યાં છે.

સર્વ વિદ્યાયલ, કડીની શિક્ષણ સેવાની સુવાસ તેમના થકી જિલ્લા ઉપરાંત આખા રાજ્યમાં પ્રસરી છે. નિષ્ઠાવાન, કુશળ વહીવટકર્તા અને સફળ આયોજક તરીકેનો તેમનો પ્રભાવ પ્રશંસનીય છે. ઉમદા શિક્ષણ થકી શ્રેષ્ઠ શિક્ષક, શ્રેષ્ઠ આચાર્ય અને યશસ્વી કેળવણીકાર તરીકે નામાંકિત થઈ સંસ્થાને ગૌરવ અપાવેલ છે. વયોચિત્ત નિવૃત્તિ પછી સંસ્થામાં કૅમ્પસ ડાયરેક્ટર, મંત્રી અને પ્રમુખ તરીકે પદાધિકાર સંભાળી સંસ્થાની આચાર્ય ઋષિપરંપરાને જાળવી રાખી છે. તેનો ખૂબ આનંદ અનુભવું છે. શ્રદ્ધેયનું સન્માન સંસ્થાનો સ્વધર્મ સમજી સંસ્થાએ કરેલ આયોજન ખૂબ જ સુખદ અને પ્રશંસનીય છે. સંસ્થાએ સાહેબની શિક્ષણસેવાને ધ્યાનમાં લઈ 'આચાર્યશ્રી મનુભાઈ જે. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન' નામાભિધાન કરી સાહેબને અસાધારણ માનભર્યા અવૉર્ડથી નવાજિત કર્યા છે તેનો આનંદ છે.

રાજ્ય આચાર્ય સંઘ, માધ્યમિક શિક્ષણ બોર્ડ, જિલ્લા શિક્ષક સંઘ, પાટણ યુનિવર્સિટી સેનેટ સભ્ય અને રાજ્ય કર્મચારી સંકલન સમિતિના અનેકવિધ હોદ્દાઓનો સ્વધર્મ સુપેરે નિભાવી ન્યાયસંગત પ્રણાલીથી જે-તે સંઘો અને સંસ્થાઓને યોગ્ય દોરવણી અને માર્ગદર્શન પૂરાં પાડ્યાં છે. 'સારસ્વત' ઉપરાંત અન્ય સામયિકોનું યોગ્ય સંવાદનકાર્ય કરી સમાજને માર્ગદર્શન અને દિશાસૂચન કર્યું છે.

સર્વોદયના સિદ્ધાંતોને આત્મસાત્ કરી જિલ્લા અને રાજ્યના સર્વોદયના કાર્યકરો અને પદાધિકારીઓ સાથે સંકલન સાધી સર્વોદયનું ભગીરથ કાર્ય પાર પાડ્યું છે.

ગાંધીજીવનને અપનાવી આજીવન જીવનશૈલી થકી સાતત્યતા, અલિપ્તતા અને સાત્ત્વિકતા (ઓમ્ તત્ સત્) કેળવી અનેકોના જીવનવિકાસને પ્રભાવિત કરેલ છે.

જન્મ સાથે મળતી ત્રણ કુદરતી સૃષ્ટિ સંસ્થા, સમાજ અને શરીર સંસ્થાનો સ્વધર્મ સમજી તપ, દાન અને યજ્ઞ થકી સાહેબે પોતાનું જીવન યજ્ઞમય કરેલ છે. ચાણસ્માની શૈક્ષણિક અને આરોગ્ય વિષયક સંસ્થાઓમાં કર્મ એ જ ભક્તિ અને કર્મ એ જ જ્ઞાન સમજી સેવાયજ્ઞ ચાલુ રાખ્યો છે જે સૌને માટે હિતકારી છે.

અંગત જીવનમાં બે મેમોરિયલ ટ્રસ્ટ બનાવી ટ્રસ્ટને વર્ષે દહાડે મળતી એક લાખ જેટલી વ્યાજની રકમ વિવિધ સંસ્થાઓમાં દાન કરી સમાજઋણ અદા કરેલ છે. જે ગૌરવપ્રદ છે.

પૂજ્ય મનુભાઈ સાહેબ જૈફ વયે પણ કૌટુંબિક અને પારિવારિક સંબંધો તાજા, સ્વસ્થ, તંદુરસ્ત અને પ્રેરક રાખી રહ્યા છે અને પોતે પણ સ્વસ્થ રહ્યા છે. જે આનંદપ્રદ છે. તેમના થકી ઘણીબધી વ્યક્તિઓએ આર્થિક રીતે સભર બની પોતાના જીવનમાં વિકાસ કર્યો છે. આમ, પૂજ્ય મનુભાઈ સાહેબની સ્વથી પરમ તરફની અનાસક્ત ભાવે તેમની જીવનયાત્રા સ્ત્યુત્ય અને વંદનીય છે. પરમ કૃપાળુ પરમાત્મા તેમને દીર્ઘાયુષ્ય બક્ષે તે સાથે શત શત પ્રણામ.

●

---

*ભલે વેપારીઓને માથાથી છેક પગ સુધી પેટ હોય, પણ શિક્ષકોએ તો ક્રાંતિકારીઓની જેમ પેટને ગૌણ બનાવવું આવશ્યક છે. શિક્ષકે જ્ઞાનનો વેપાર કરવાનો ન હોય.*

**દાદા ધર્માધિકારી**

---

# આચાર્યકુળની ગરિમા

■ ડાહ્યાભાઈ એમ. પટેલ

મુરબ્બી આચાર્યશ્રી મનુભાઈ સાથેનાં સંસ્મરણોને શબ્દસ્થ કરવા ખૂબ જ કપરું કાર્ય રહ્યું. તેમના વિશે લખતાં, તેમને ક્યાંક અન્યાય ન કરી બેસું તેની બીક રહ્યા કરી, છેવટે મનથી નક્કી કર્યું કે મનુભાઈને જેવા જોયા-અનુભવ્યા તેવા જ શબ્દથી પ્રગટ કરવાનો પ્રયત્ન કરવો. મારી ભાષાભાવના કે રજૂઆતની પદ્ધતિની મર્યાદાઓના સ્વીકાર સાથે હૃદયમાં સાચવીને રાખેલી ભાવનાને પ્રગટ કરવાનું સાહસ કરું છું. તેમના પ્રત્યેનો આદર પ્રગટ કરવા અને ભાવિ પેઢીને પણ તેમના જીવનકાર્યમાંથી પ્રેરણા અને બળ મળી રહેશે તેવી ઊજળી આશા સાથે, આચાર્યશ્રી મનુભાઈ વિશે લખવું જ જોઈએ એવું મારું દઢપણે માનવું છે.

હું ૧૯૭૭ની સાલમાં નવીન સર્વ વિદ્યાલય, વડનગરના ઉચ્ચતર માધ્યમિક વિભાગમાં શિક્ષક તરીકે જોડાયો. તે વખતે ૧૦+૨ની તરાહ અમલમાં આવી હતી. મનુભાઈને તે પહેલાં એકાદ બે વખત જોયેલા, પરંતુ તેમના અને તેમની આદર્શ હાઈસ્કૂલ/સિપોર વિશે ઘણું સાંભળેલું. અમારા વિસ્તારમાં સિપોર હાઈસ્કૂલ એક ‘તપોભૂમિ’નું સ્થાન ગણાતું. જ્યાં ઋષિપરંપરાને શોભે તે રીતે પ્રકૃતિના ખોળે સરસ્વતીની સાધના કરી, અનેક વિદ્યાર્થીઓના જીવનઘડતરનું કામ તેઓ કરી રહ્યા હતા. તેથી જ મને સિપોરની શાળામાં શિક્ષક થવાનું મન થયેલું. મારા બાપુજી સાથે તેમની સર્વોદય વિચારસરણીને કારણે સારો સંબંધ. નોકરીની ભલામણ માટે તેમને મળ્યા, પરંતુ ઇન્ટરવ્યૂમાં મારા કરતાં વધુ ઊંચા ટકાવાળો અન્ય ઉમેદવાર હોવાથી મારી પસંદગી ન થઈ. પસંદગી ન થયાના દુઃખ કરતાં, મનુભાઈની નિશ્રામાં વ્યક્તિત્વઘડતરની તક ન મળી, જેનો અફસોસ રહ્યા કર્યો. થોડા સમય બાદ મને નવીન સર્વ વિદ્યાલય વડનગરમાં શિક્ષકની નોકરી મળી, પરંતુ મારા જીવનમાં એક આદર્શ સારસ્વત તરીકે તેઓ આજપર્યંત રહ્યા છે. કેવા આચાર્ય થવું? તો જવાબ મળતો કે મનુભાઈ જેવા!

શિક્ષકના વ્યવસાયમાં જોડાયા બાદ તો મનુભાઈ સાહેબ સાથેનો સંપર્ક વધતો ગયો. તેમને નજીકથી ઓળખવાનો અવસર મળ્યો. સર્વોદય વિચારસરણીથી રંગાયેલું વ્યક્તિત્વ, પૂજ્ય દ્વારકાદાસ જોષી અને પૂજ્ય ડૉ. વસંતભાઈ પરીખના સથવારે જેમનું સંવિત ઘડાયું છે એવા પ્રાણવાન આચાર્ય મનુભાઈના વર્તન અને વ્યવહારમાં સૌજન્યતા અને સેવાભાવ ડોકાયા વગર રહેતાં નહીં. નાની કે મોટી વ્યક્તિ સાથે પણ મૃદુતાથી મક્કમપણે વાત કરવી એ એમના વ્યક્તિત્વનું આગવું લક્ષણ રહ્યું છે.

આજથી ૫૫ વર્ષ પહેલાં ગામડાની શાળામાં આચાર્ય તરીકે પલાંઠીવાળી શાળા

ચલાવવી એ કપરું કામ હતું. શાળાઓ આજે દેખાય છે તેવી ભૌતિક રીતે સમૃદ્ધ ન હતી. અભાવોની વચ્ચે રહી, જ્ઞાનની જ્યોતને જલતી રાખવાની હતી. તેમાંય શાળા માટે દાન મેળવવું, સગવડો ઊભી કરવી, ઉત્તમ શિક્ષણ આપવું, સંસ્કારોનું સિંચન કરવું, સમાજ અને સંચાલકોનો વિશ્વાસ સંપાદન કરવો અને સાથે-સાથે લોકસેવાનાં કાર્યો તો ખરાં જ. આચાર્ય મનુભાઈએ આ બધું આત્મસાત કર્યું હતું. એક ઋષિને શોભે તે રીતે શાળાને 'આશ્રમનો દરજ્જો' અપાવ્યો હતો. ફૂલ બગીચામાં ઊગે એ તેની પ્રકૃતિ છે, પણ રણમાં ઊગે એ તેનું પરાક્રમ છે. આજે તેમના વિદ્યાર્થીઓ સમાજનાં વિવિધ ક્ષેત્રોમાં દીપમાળા બની, ઝળહળી રહ્યા છે. સમગ્ર સમાજને પ્રકાશ અને પ્રગતિને પંથે દોરી રહ્યા છે. તેનું સાચું શ્રેય આચાર્ય મનુભાઈને ફાળે જાય છે. વિદ્યાર્થીઓનું જીવનઘડતર કેમ થાય તેને જ જીવનમંત્ર બનાવી, શાળામાં ધબકતા રહ્યા. સિપોરની શાળા સાચા અર્થમાં નામ પ્રમાણે આદર્શ શાળા હતી. શાળાનું મેદાન, પુસ્તકાલય, વર્ગખંડો કે બગીચામાં પણ શૈક્ષણિક દૃષ્ટિકોણ જોવા મળે જ! દૃષ્ટિવાન આચાર્ય જ આ કરી શકે. સાચા અર્થમાં મનુભાઈની એ તપોભૂમિ હતી. આજે પણ એ ભૂમિ પ્રેરણા આપી રહી છે.

મનુભાઈએ માત્ર પોતાની શાળા જ નહીં, સમગ્ર ગુજરાતની શાળાઓને શૈક્ષણિક નેતૃત્વ પૂરું પાડ્યું છે. મને પણ શૈક્ષણિક સંઘોમાં નેતૃત્વ કરવાની પ્રેરણા મનુભાઈ પાસેથી જ મળેલી. તેઓ આચાર્યકુળમાં અમારાથી થોડીક આગળની પેઢીમાં રાજ્ય આચાર્ય સંઘનું સર્વોચ્ચ સુકાન સંભાળતા હતા. ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડમાં અનેક સમિતિઓમાં સક્રિય રહી, તેમના જ્ઞાનનો લાભ શાળાઓ અને સરકારને મળ્યો છે. તેમની શિક્ષણક્ષેત્રની ઉત્તમ સેવાઓને ભારત સરકારે શ્રેષ્ઠ શિક્ષકના અવૉર્ડથી સન્માનિત કરી છે. આ સન્માન સમગ્ર સારસ્વત કુળનું હતું. એમણે સારા તેજસ્વી વિદ્યાર્થીઓ જ તૈયાર કર્યા છે તેટલું જ નહીં, પરંતુ સારા શિક્ષકો પણ પકવ્યા છે. આજે મનુભાઈ સાહેબ પાસે તૈયાર થયેલા અનેક શિક્ષકો શાળાઓમાં ક્યાંક આચાર્ય, શિક્ષક, કે સંચાલક તરીકે ધબકી રહ્યા છે. સમાજમાં સુધારા કાયદાઓથી જ નહીં, પરંતુ આવા શિક્ષણવીરોથી થયા છે. શિક્ષણથી જ સમાજ સુખી અને સમૃદ્ધ બની શકશે તેવા દૃઢ વિશ્વાસ અને સંકલ્પથી સમગ્ર જીવન, શિક્ષણને ખોળે સમર્પિત કર્યું. આજે પણ શિક્ષણજગત માટે મનુભાઈ દીવાદાંડી સમાન છે. બાળકમાં જ તેમણે ભગવાન જોયા અને તેની સેવામાં જીવન ખર્ચી નાખ્યું, તેવા સેવાભાવી, વિદ્યાર્થીપ્રેમી મનુભાઈનો 'અભિવાદનગ્રંથ' તૈયાર થાય તે સમગ્ર સારસ્વતગણ માટે ગૌરવપ્રદ ઘટના છે. આ ગ્રંથ મનુભાઈને સમગ્રતાથી જાણવા માટે જરૂર ઉપયોગી થઈ પડશે તેમાં બે મત નથી.

શિક્ષકનું પ્રધાન લક્ષણ એ વિદ્યાર્થીઓ પ્રત્યેનો પ્રેમ છે. મનુભાઈના મન અને હૃદયમાં વિદ્યાર્થીનો કેમ વિકાસ થાય, માતાને જેમ સંતાનો માટે ઉમળકો જાગે, તેમ મનુભાઈના હૈયામાં હંમેશાં વિદ્યાર્થી પ્રત્યેનું હેત અને તેના વિકાસની ઝંખનાનો ધબકાર સંભળાય જ. શિક્ષક ભલે પ્રતિભાશાળી કે વિદ્વાન ન હોય, પણ વત્સલ અને નિષ્ઠાવાન હશે, તો તેનું ઉત્તમ પરિણામ જરૂર આવશે જ. નિષ્ઠા હશે તો દૃષ્ટિ મળી રહેશે. મનુભાઈ આનું સાક્ષાત સ્વરૂપ છે.

*"બાળકને જોઈ જે રીઝે, રીઝે જોઈ જે બાળ,*
*વત્સલ મૂરત, સ્નેહલ સૂરત, હૃદય હૃદયના વંદન તેને."*

ઉમાશંકરભાઈ જોશીની આ પંક્તિઓ મનુભાઈને અક્ષરશઃ લાગુ પડે છે. હમણાં હમણાં, અસરકારક દષ્ટિવાન આચાર્યોની શિક્ષણજગતમાં ભારે અછત વર્તાય છે. ભૌતિક રીતે સમૃદ્ધ શાળાઓમાં, આચાર્યની ખુરશીમાં વૈચારિક રીતે દરિદ્રતા ધરાવતા નિસ્તેજ આચાર્યો જોવા મળે છે ત્યારે હૃદય દુઃખી દુઃખી થઈ જાય છે. આવા આચાર્યો ખુરશીથી શોભે છે, જ્યારે મનુભાઈ જેવા સેવાભાવી, નિષ્ઠાવાન અને સમર્પિત આચાર્યથી, ખુરશી શોભી ઊઠતી. સમગ્ર શાળાનું કાળજું અને કલગી એટલે જ આચાર્ય. મનુભાઈ સાહેબ માટે આ બધું લખવાનું મન એટલા માટે થાય છે કે સારા આચાર્ય બનવાની અભિપ્સાવાળી કોઈક વ્યક્તિના હૃદયમાં મનુભાઈ ઊતરી જાય અને સમાજને એક સાચો સેવાભાવી આચાર્ય મળે તેવી ઊજળી આશા સાથે લખું છું.

ઢળતી ઉંમરે પણ મનુભાઈ જુદી-જુદી અનેક સેવાભાવી, શૈક્ષણિક સંસ્થાઓમાં કાર્યરત રહી, પ્રાણ પૂરી રહ્યા છે. ક્યારેક તેમની આધ્યાત્મિક વાણી 'ઉમિયા જ્યોત' કે અન્ય સામયિકોમાં વાંચવા મળે છે, ત્યારે દિલને ટાઢક મળે છે. આ 'અભિવાદનગ્રંથ' તૈયાર કરવાનું બીડું ઝડપનારને પણ હૃદયથી અભિનંદન આપી, વંદન કરું છું. સમાજના શ્રેષ્ઠ વ્યક્તિત્વોનાં કર્મોની સુવાસને સાચવીને, નવી પેઢીમાં ઉતારવાનો આ ભગીરથ પ્રયત્ન છે. વિચારોનું વાવેતર ક્યારેય નકામું જતું નથી. સમય અને સંજોગો મળતાં એ જરૂર ઊગે જ છે. મનુભાઈના જીવનમાંથી શ્રદ્ધા અને ધીરજપૂર્વક સદ્‌વિચારોનું વાવેતર કરવાનું બળ મળે છે અને પ્રભુ આપને શક્તિ આપે એવી પ્રાર્થના સહ...

અને છેલ્લે, ભગવદ્ ગીતાના પવિત્ર વિચાર **"नहि कल्याणकृत कश्चिद दुर्गतिं तात गच्छति ।"** મનમાં સ્મરણ કરી, મનુભાઈને મનોમન પ્રણામ કરી, મારી વાત પૂરી કરું છું.

*"ગુણથી ભરેલા ગુણીજન દેખી, હૈયું મારું નૃત્ય કરે,*
*એ સંતોના ચરણકમળમાં મુજ જીવનનું અર્ઘ્ય રહે."*

●

# આદર્શ અને સંનિષ્ઠ શિક્ષક

■ રમણલાલ ઈ. પટેલ

શ્રી મનુભાઈ પટેલ સાથેનો મારો સૌ પ્રથમ પરિચય તેઓ જ્યારે સિપોર હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે હતા ત્યારે થયો હતો. ડૉ. દ્વારકાદાસ જોષી અને ડૉ. વસંત પરીખ અમારા વર્તુળમાં, અમારા આદર્શ, આદરણીય, માર્ગદર્શક અને પ્રેરકબળ પૂરું પાડનાર અમારા રાહબર, જેના એક અનોખા અબંધારણીય વર્તુળનાં અમો બધા અનુયાયીઓ. મનુભાઈ એક આદર્શ અને સંનિષ્ઠ શિક્ષક એટલે કે શિક્ષકોના સન્માનનીય, શિક્ષકોના સંગઠક અને શિક્ષક સંઘના અગ્રીમ આગેવાન. એમનાં માર્ગદર્શનથી અને સહકારથી માધ્યમિક શાળાના શિક્ષકોને નોકરીમાં કાયમી સંરક્ષણ પ્રાપ્ત થયું. જેમાં એમનો અગ્રીમ ફાળો રહ્યો છે.

આચાર્ય મનુભાઈ એટલે આચાર્ય સંઘમાં આદરણીય તેમજ માર્ગદર્શક. માધ્યમિક શિક્ષણમાં કોઈ પણ મુશ્કેલી હોય ત્યારે એના નિવારણ માટે સક્રિય રહી, જ્યાં-જ્યાં અને જ્યારે-જ્યારે રજૂઆત કરવાની થાય ત્યારે-ત્યારે ખડા પગે અને અડીખમ રીતે આગેવાની લેવાની એમની તૈયારી અભિનંદનીય રહી છે. શિક્ષક તરીકે શિક્ષક સંઘમાં તેમજ આચાર્ય થયા પછી આચાર્ય સંઘમાં તેઓ હંમેશાં રાહબર અને સક્રિય રહ્યા. સમાજસેવાનાં કાર્યોમાં પણ અગ્રેસર.

ભારતમાં જ્યારે કટોકટી લાદવામાં આવી તે સમયમાં મારા જેવા કેટલાક લોકો ઉપર આવી પડેલી મુશ્કેલીના સમયે મનુભાઈ હંમેશાં આશ્વાસનરૂપ હતા. એ સમયે કેટલાક એવા પ્રશ્નો ઊભા થયા જેને કારણે અમારી સંસ્થા સંકટમાં આવી. મનુભાઈ એવા કપરા સમયે મને માર્ગદર્શક રહ્યા એટલું જ નહીં એ સમયકાળમાં જ્યારે ગુજરાતમાં મોટા ભાગના રચનાત્મક કાર્યકરો પણ મુશ્કેલીમાં મુકાયેલા અને જેલવાસ પણ ભોગવેલ ત્યારે મનુભાઈ સ્વસ્થ રહી ઉપયોગી બનવા પ્રયત્નશીલ રહેલા. સિપોર પછી મહેસાણા જિલ્લાની અગ્રિમ કેળવણી સંસ્થા સર્વ વિદ્યાલય, કડી ખાતે આચાર્યપદે રહી તેના વિકાસમાં અગ્રિમ ફાળો આપ્યો અને આજે પણ અગ્રસ્થાને કાર્યબોજ વહાવી રહ્યા છે.

નિવૃત્તિ પછી મોટા ભાગના લોકો પ્રવૃત્તિહીન થતા હોય છે, જ્યારે મનુભાઈએ પ્રમાદીપણું ન દાખવતાં ચાણસ્મા ખાતે શિક્ષણક્ષેત્રે તથા આરોગ્યક્ષેત્રે કાર્યરત છે. એમનું આરોગ્ય કથળેલું ત્યારે પણ એમને હસ્તકની પ્રવૃત્તિઓમાં તેઓ નિષ્ક્રિય ન બનતાં પ્રવૃત્તિશીલ જ રહ્યા છે. ઈશ્વરને પ્રાર્થના કે તેઓશ્રી સુસ્વાસ્થ્ય સાથે શતાયુ બની રહે.

●

# જીવન ઘડવૈયા

**■ રણછોડ કે. પટેલ**

ગુજરાતની ખ્યાતિ પ્રાપ્ત શેઠ જી. સી. હાઈસ્કૂલ, પિલવાઈમાં તા. 15-6-64ના રોજ શિક્ષક તરીકેની નોકરી મળી. જે સ્કૂલમાં ભણ્યો તેના વંદનીય આચાર્યશ્રી છગનભાઈ કા. પટેલે મને નોકરી આપી. શ્રી ગાંડાભાઈ એલ. પટેલે મને ઑર્ડર અપાવ્યો, જેમનો ઋણસ્વીકાર કરું છું.

માનનીય મનુભાઈ, એક નિષ્ણાત ગુજરાતી શિક્ષક તરીકે મારા માટે પ્રેરણારૂપ બની ગયા. મને નમૂનાના પાઠ તરીકે 'પથ્થર થર-થર ધ્રૂજે' કાવ્ય સમજાવ્યું. મારા હૃદયમાં તે ઊતરી ગયું હતું.

મારી કસોટીરૂપે માનનીય ગાંડાભાઈ સાહેબે હિન્દી વિષયમાં નિબંધનો પાઠ આપવા કહ્યું. મેં ''અનિવાર્ય સૈનિક શિક્ષા'' નિબંધનો પાઠ આપ્યો. માનનીય છગનભાઈ મારી પાસે ખુરશીમાં બેસીને મારું નિરીક્ષણ કરી રહ્યા હતા. અંતે પાઠ પૂરો થતાં મારા માટે જે શબ્દો છગનભાઈ સાહેબે કહ્યા તે, ''આજે રણછોડભાઈએ ઉત્તર પ્રદેશનો ભૈયો ભણાવતો હોય એવું વાતાવરણ પેદા કર્યું.'' બંનેએ મારી કસોટી કરી. માનનીય મનુભાઈ તો મારા વડીલ હતા. યુવાનીનો તરવરાટ જ્યારે તેમને દેખાય ત્યારે મને મલકાતા હાસ્ય સાથે મીઠો ઠપકો પણ આપતા અને હું એમની આજ્ઞાનું પાલન કરતો.

મનુભાઈ મારા માટે પ્રેરણારૂપ રહ્યા છે. સિપોરમાં આચાર્ય તરીકે હતા ત્યારે મારા કામ માટે મળવા ગયેલો. સવારની શાળા હતી. અમે બંને ઘરે ગયા. પૂ. પુષ્પાબહેને જમવાનું બનાવ્યું હતું. અમને પ્રેમથી જમાડ્યા. પ્રેરકબળ આપનાર સાહેબશ્રીને માણેકલાલ સાહેબ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી લઈ ગયા હતા. આચાર્યની જવાબદારી સોંપી. સાહેબે કડીમાં ઘણું કામ કર્યું. માણેકલાલના કૃપાપાત્ર બન્યા. ગાંધીનગરની કડી સ્કૂલની પણ જવાબદારી સોંપી અને કડીની શાળા એક યુનિવર્સિટી બની છે. જેમાં મનુભાઈ અને માણેકલાલનો સિંહફાળો છે.

મારા ભાણાને ધો. 9માં દાખલ કરાવવો હતો. મેં સાહેબને ફોન કર્યો. ક્યાં એડ્‌મિશન લેવું છે. મેં કહ્યું, ગાંધીનગર મળે તો સારું. અલ્યા 80ના વર્ગમાં. મેં કહ્યું, 81મો દાખલ કરો. પ્રભુદાસ આચાર્યે એડ્‌મિશન આપી દીધું. આવા પરોપકારી સ્વભાવના સાહેબ છે.

અંબાલાલ નરસિંહદાસ પટેલ શેલાવીના એવા શિક્ષક હતા. બધી ભાષાઓ, ગણિત પણ શિખવાડતા હતા. રાષ્ટ્રભાષા રત્નની પરીક્ષાનું મારું ફૉર્મ ભરી દીધું. હિન્દી શિક્ષક

તરીકેના અનુભવને કારણે પાસ થઈ ગયો.

મનુભાઈ સાહેબને મળવાની તીવ્ર ઇચ્છા હતી. મારા ગામના સેવાભાવી બાબુભાઈ પટેલ શેલાવીમાં સેવા આપવા જાય છે. સંસ્થાનું સંચાલન મારા પ્રિય શિષ્ય બાબુભાઈ સંભાળે છે. તેમની ઇચ્છા આર. કે. સાહેબને મળવાની હતી.

ડૉ. ગોવિંદભાઈની બીજી પુણ્યતિથિએ શેલાવી જવા માટે બાબુભાઈએ ગાડીની સગવડ કરી આપી હતી. નાથીબા વિદ્યાલયના આચાર્ય મને શેલાવી લઈ ગયા અને સુખરૂપ ચડાસણા મૂકી ગયા હતા. અમે સવારે શેલાવી પહોંચ્યા ત્યારે મનુભાઈ સાહેબ ઑફિસમાં બેઠા હતા. હું ગયો ત્યારે ઊભા થઈને મને એવું આલિંગન આપ્યું જાણે બે આત્મા એક થયા છે. મારું મન આનંદવિભોર બની ગયું.

એમનું મલકાતું હાસ્ય, કોમળ હાથનો સ્પર્શ અમને જલદી છૂટા પડવા ન દેતો. આવા નિખાલસ માણસ મળે ત્યારે જીવન ધન્ય બની જાય છે. મારી ઉંમર 75 વર્ષ. મનુભાઈની ઉંમર 87 વર્ષ. સાહેબે પોતાનું શરીર સાચવ્યું છે. મારા અંતરની ઇચ્છા છે કે મારા જીવનના ઘડવૈયા સદી પૂરી કરે એવી યોગેશ્વર કૃષ્ણને પ્રાર્થના. આવા નિર્લેપ, 'જન સેવા એ જ પ્રભુ સેવા' કરનાર મહાન વિભૂતિને કેમ ભુલાય. શત જીવ શરદ.

માનનીય છગનભાઈને રાષ્ટ્રપતિ અવૉર્ડ મળ્યો. ચારેબાજુથી અભિનંદન મળવા લાગ્યાં, ત્યારે મનુભાઈએ પોતાની આગવી સૂઝથી સન્માન સમારંભ રાખ્યો. સંસ્થાનાં માનપાનમાં વધારો કર્યો. ષષ્ટિપૂર્તિના વિચારે માનનીય છગનભાઈ સાહેબને વીસ હજાર જેવી ભેટો મળી. પાંચ હજાર સાહેબે આપ્યા. છગનભાઈ સાહેબના પચીસ હજારના દાનથી કૉલેજમાં હૉસ્ટેલનો બ્લૉક બનાવ્યો.

સ્મૃતિગ્રંથનો વિચાર મનુભાઈનો હતો. મંજૂરી મળતાં સારા લેખો મંગાવીને પ્રેરણાદાયક ગ્રંથ બનાવ્યો.

એક નિષ્ઠાવાન મનુભાઈએ પોતાના શિક્ષણકાર્યની સાથે-સાથે આવાં ઘણાં કાર્યો કર્યાં છે અને અમારી પાસે કરાવ્યાં છે. સાહેબ સારા સ્વાસ્થ્ય સાથે દીર્ઘાયુ બની સમાજોપયોગી કાર્યો કરતાં રહે એ જ પ્રાર્થના.

•

# આદર્શ વિદ્યાલયના આદર્શ આચાર્ય

■ હસમુખભાઈ એમ. પટેલ

શિક્ષકત્વથી ભરેલું નખશિખ વ્યક્તિત્વ એટલે મનુભાઈ જે. પટેલસાહેબ. સર્વોદયી વિચારને વરેલું મન. તેમના જીવન અને કવન પર ઉત્તર ગુજરાતનાં ગાંધી-વિનોબાને સમર્પિત ઋષિતુલ્ય દ્વારકાદાસ જોશી (વડનગર)ના કાર્યોની અસર વધારે. સિપોર તથા આસપાસનાં ગામોનું કલેવર બદલવામાં મનુભાઈ સાહેબનું યોગદાન ખૂબ મહત્ત્વનું રહ્યું છે. સત્તર વર્ષથી પણ વધારે સિપોરની ધરા પર તેમણે તપ કર્યું અને તેના ફળ-સ્વરૂપે આજે ગુજરાતના ખૂણે-ખૂણામાં તેમના શિષ્યો જોવા મળે છે, જે તેમનાં સંભારણાં વાગોળે છે. આદર્શ વિદ્યાલય સિપોરમાં શાળાના આતિથ્યને માણવા ગુજરાતના વરિષ્ઠ લોકસેવકો, સમાજસુધારકો, ઉચ્ચ કોટીના શિક્ષણવિદોએ શાળાની ધરતીને પોતાના ચરણકમળની રજથી પાવન કરી છે. તે મનુભાઈ સાહેબની કર્તવ્યનિષ્ઠાને આભારી છે.

શિક્ષણને સાચા અર્થમાં ચરિતાર્થ કરવા શિક્ષણકાર્યને આધ્યાત્મિકકાર્ય માની પોતાના કર્મને સમાજ ઉપયોગી બનાવવાનો પ્રયત્ન કર્યો છે. સાચા અર્થમાં કેળવણીને જીવન ઉપયોગી બનાવવા મનુભાઈ સાહેબ સતત જીવનભર મથતા રહ્યા.

'શિક્ષકનું સાચું ઘર વિદ્યાર્થીનું હૃદય છે. મનુભાઈ શિક્ષક તરીકે વિદ્યાર્થીઓના હૃદયમાં સતત ધબકતા રહ્યા છે. શિક્ષકનું એક આગવું રજવાડું હોય છે. જે રજવાડાંનો રાજા હોય છે.' આની અનુભૂતિ મનુભાઈ સાહેબના વિદ્યાર્થીઓના હૃદયમાં જોવા મળે છે. તેના અમે સાક્ષી છીએ. સિપોર આદર્શ વિદ્યાલયના આચાર્ય તરીકે જ્યારે અમે શાળામાં 'બૃહદ ભૂતપૂર્વ વિદ્યાર્થી સંમેલન.' (2009) યોજ્યું ત્યારે અવિરત વહેતું ગુરુ-શિષ્યના ભાવનાત્મક ઝરણાંના પ્રવાહમાં અમે પણ ઝબોળાયા અને ભીંજાયા. અચાનક મારા પ્રવચનમાં હૃદયના ઊંડાણમાંથી શબ્દો સરી પડ્યા કે શાળામાં કોઈ એક ભૂભાગ પર 'મનુભાઈ તપોભૂમિ' હોય તો કેવું સારું ?

હકડેઠઠ ભરેલી સભાએ મારાં સૂચનનો જરા પણ વિલંબ કર્યા વગર સહર્ષ સ્વીકારી લીધું અને તેના ફળસ્વરૂપે દાનની સરવાણી વહેવા લાગી. અમારા પગમાં તાકાત આવી 'મનુભાઈ તપોભૂમિ' આકાર પામી તેમાં આજે... સરસ મજાનો બગીચો અથાગ પરિશ્રમથી, જાત-મહેનતથી બનાવેલ 'ભારતદર્શન' નકશો. તે ભારતદર્શન નકશો મંડળના આર્થિક સહયોગથી તૈયાર કર્યો. જેમાં દેશની મુખ્ય નદીઓ, હિમાલયદર્શન, અરબી સમુદ્ર, હિન્દ મહાસાગર, બંગાળનો ઉપસાગર, કૈલાસપતિ શંકર તથા અખંડ ભારતવર્ષનો નકશો સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. કેટલીય સંસ્થાઓને પ્રેરણા પૂરી પાડી છે. બગીચામાં જુદાં-જુદાં ફૂલ-ઝાડનાં રંગબેરંગી ઝુંડ ફૂલોની સાથે ઝૂલતાં નજરે

પડે છે. સવાર-સાંજ આવતાં વિવિધ પક્ષીઓનો કલરવ મનુભાઈ તપોભૂમિને જીવંત રાખી શોભામાં અભિવૃદ્ધિ કરે છે. સરસ મજાનું 'પક્ષીઘર' પક્ષીઓને તૃપ્ત કરે છે. પર્વતમાંથી કલકલ કરતું નાનું ઝરણું મનને મોહી લે છે. નજરને સ્થિર કરતો 'ૐ પર્વત'ની સાથે અડીખમ સ્વર્ણિમકુંભ તો ખરો જ! બાળકોનું પ્રવૃત્તિ દ્વારા ઘડતર થાય તે અમારો ઉદ્દેશ. 'મનુભાઈ તપોભૂમિ'માં સાર્થક થતો અનુભવાયો છે. આજે પણ આ બધું જોતાં મનુસ્મૃતિ તાજી થયા વગર રહેતી નથી.

આદર્શ વિદ્યાલય, સિપોરના આચાર્યશ્રી તરીકેના મારા કાર્યકાળમાં મનુભાઈ સાહેબ સાથેનો નાતો ખૂબ જ આત્મીય તથા પ્રેરણાત્મક રહ્યો છે. શાળાના પ્રસંગોને તેમણે પોતાના સમજી માર્ગદર્શન પૂરું પાડ્યું છે. તેઓએ મને ચાણસ્માની હાઈસ્કૂલનું નેતૃત્વ સંભાળવા પણ આમંત્રણ આપેલું. જેનો વિનમ્રતાથી અસ્વીકાર કરી સિપોરમાં જ રહેવાનું જણાવેલું.

માનનીય શ્રી નરોત્તમભાઈ એમ. પટેલ (એન્જિનિયર)ના અમૃત મહોત્સવ (2006) પ્રસંગે સાહેબશ્રી શાળામાં પધારેલા. પછી તો પ્રેમભર્યો સંબંધ વધતો ગયો. 2007માં શાળાના સુવર્ણજયંતી સમારોહમાં તેઓ મુખ્ય મહેમાન તરીકે પધાર્યા હતા. સાથે સ્વામી સચ્ચિદાનંદ મહારાજના સાંનિધ્યનો લાભ પણ મળ્યો હતો.

શાળાના સન્માન અને વાર્ષિકોત્સવમાં તા. 17-7-2016ના રોજ મહામહિમ રાજ્યપાલ શ્રી ઓ. પી. કોહલી સાહેબના સાંનિધ્યમાં અમે કાર્યક્રમ માણ્યો. તા. 24-2-2019ના રોજ આદર્શ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, વિશિષ્ટ નાગરિકો અને દાતાશ્રીઓના સ્નેહમિલન સમારંભમાં પધારેલા સૌનું સન્માન મનુભાઈ સાહેબના હસ્તે કરાવવાનો લાભ અમારી સંસ્થાને મળ્યો. તા. 29-9-2019ના રોજ જિલ્લા કાનૂની સત્તામંડળ અને આદર્શ વિદ્યાલયના ઉપક્રમે યોજાયેલ જિલ્લા કાનૂની શિક્ષણ શિબિરમાં જિલ્લા સેક્રેટરી જજ શ્રી સોનીસાહેબ તથા તાલુકા મૅજિસ્ટ્રેટ શ્રી ઠક્કરસાહેબ સાથે સમારંભમાં પ્રમુખસ્થાન શોભાવેલું. તા. 24-10-2021માં મારા વિદાયવંદના સન્માન સમારંભમાં અધ્યક્ષપદ શોભાવી આશીર્વાદ વર્ષાવેલા. સદર કાર્યક્રમો એટલા માટે અહીં પ્રસ્તુત કર્યા છે કે માનનીય મનુભાઈ સાહેબનો આદર્શ વિદ્યાલય તેવું દર્શાવવા માત્ર સિપોરની ભૂમિ સાથે કેવો અતૂટ સંબંધ જોડાયેલો છે.

બાળકની અને વાલીઓની આંખમાં રહેલાં સ્વપ્નાંઓને ખૂબ સારી રીતે સાકાર કરવામાં સફળ રહ્યા છે. 'મનુભાઈ એટલે સિપોરનો પડઘો જ્યાં-ત્યાં સંભળાય છે, તે આજેય જીવંત રીતે અનુભવાય છે.'

•

# આર્ષદ્રષ્ટા આચાર્યશ્રી

■ વજેસિંહ આર. વાઘેલા

વિરાટ વ્યક્તિત્વને મારી અલ્પમતિ અને વામણા શબ્દો દ્વારા વ્યક્ત કરવું અશક્ય છે. કિન્તુ સેતુબંધની ખિસકોલી માફક પૂજ્ય મનુભાઈ સાહેબના અભિવાદન-ગ્રંથના સહભાગી બનવા માટે મારી જાતને ધન્ય માનું છું. કવિ કલાપીએ ગાયું છે કે...

*'માણ્યું તેનું સમરણ કરવું એય એક લ્હાણું'*

સફેદ વસ્ત્રોમાં સજ્જ, ધીમા પણ મક્કમ પગલે વિદ્યાલય તરફ ડગ ભરતા શ્રી મનુભાઈ સાહેબને જોવા એક લ્હાવો હતો. ત્યારે પાનના ગલ્લા ઉપર 'કરફ્યૂ' પડે, દુકાનદારો વાતચીત બંધ કરે અને પછી કહે આચાર્ય સાહેબ જાય છે. અભિવાદન કરતાં અને રસ્તે મળતા ગ્રામજનોને ઋજુ સ્મિતથી આવકારે. સવારે વહેલા શાળાએ જાય. શાળા છૂટ્યા પછી ક્યારે ઘરે આવે તે નક્કી જ નહીં. ક્યારેક રાત્રે પણ શાળામાં આંટો મારે. મરાઠાઓ માટે કહેવાતું 'જીન ઘર, જીન તખ્ત' એમ સાહેબ માટે 'શાળા ઘર, શાળા તખ્ત'. 'આદર્શ' શબ્દે વિદ્યાર્થીઓ અને ગ્રામજનોને ઘેલા કર્યા હતા. વ્યવસાયઅર્થે બહાર પડતાં વિદ્યાર્થીઓ પોતાની દુકાન, ફૅક્ટરી કે આજીવિકાના સ્થળ સાથે 'આદર્શ' શબ્દ જોડતા. અમારું દિવાળી, ઉનાળુ વૅકેશન એક દિવસ વહેલું પૂરું થાય. પૂર્વ દિવસે સ્નેહમિલન સાથે ભાવિ આયોજન વિશે ચર્ચા કરાય. ઉનાળુ વૅકેશનમાં ટાઇમટેબલ મળી જાય. 'વાત કરો થોડી કામ કરો દોડી' આ મંત્રને સાહેબે ચરિતાર્થ કર્યો હતો. સાહેબ ક્યારેય કોઈ કામમાં આગળ આવતા નહીં; ફૂલોના હારમાં તેઓ દોરાનું કામ કરતા હતા.

શૈક્ષણિક પરીક્ષાનાં પરિણામ તો ઉજ્જવળ હોય જ. પછી ધો-10 કે ધો-12ની બોર્ડની પરીક્ષા હોય. સાથે-સાથે અન્ય ક્ષેત્રોમાં શાળા શિરમોર હતી. શાળાએ રમતક્ષેત્રે એક આગવી ઓળખ ઊભી કરી હતી. દર વર્ષે એક-બે વિદ્યાર્થીઓ રાષ્ટ્રીય સ્તરે રમે. ખેલકૂદના કારણે જ શાળાના વિદ્યાર્થીઓએ ક્યાંક I.T.ના ઑફિસર તો ક્યાંક ડી. એસ. પી. સાહેબના કમાન્ડો તરીકે સેવા આપી છે. આર્મીમાં જોડાઈને તો ઘણાંએ દેશસેવા કરી છે. એક વર્ષે શાળાના સાત જેટલા વિદ્યાર્થીઓએ C. P. Ed. કર્યું. સારા ગુણ સાથે ઉત્તીર્ણ થઈ બીજા જ વર્ષે સેવારત થયા. સરકારની સ્કીમ હતી – જે શાળા જિલ્લાકક્ષાએ ખેલકૂદમાં ચેમ્પિયન બને તેને ખાસ અવૉર્ડ/રોકડના રૂપમાં અપાશે. સાહેબની પ્રેરણાથી શાળા સતત ત્રણ વર્ષ ચેમ્પિયન રહી અને અવૉર્ડ મેળવતી રહી. શિક્ષણની સાથે-સાથે સાહેબ પોતે પ્રોત્સાહન આપી જરૂરિયાતો પૂરું પાડે. બાળકોને શાળામાં રહેવાની સગવડ આપે. રમવા આવતાં બાળકો માટે પોષ્ટિક આહારની વ્યવસ્થા કરે. બાળકોમાં મોટા ભાગે બક્ષીપંચ અને આર્થિક રીતે પછાત હતાં. ખેલકૂદક્ષેત્રે શાળાની નામના જાણીને

'નેશનલ એથ્લેટીક કોચ' શ્રી આર. સુંદર રાજુએ શાળામાં બે વાર કોચીન કૅમ્પ કર્યા હતા. શાળામાં 15મી ઑગસ્ટ, 26મી જાન્યુઆરી કે અન્ય તહેવારો ઊજવાતા, તેમાં શિરમોર એ વાર્ષિકોત્સવ. દર વર્ષે કંઈક નવીનતા હોય જ. ઉમાશંકર જોશી, સુંદરમ્, યશવંત શુકલ, પન્નાલાલ પટેલ, સ્નેહરશ્મિ, પી. સી. વૈદ્ય, ડૉ. વસંત પરીખ, રઘુવીર ચૌધરી વગેરેએ પાવન પગલાં કર્યાં છે પૂ. સચિદાનંદ મહારાજ-દંતાલી/ચાણસ્માએ બેથી વધુ વખત પધારી સંસ્થાને આશીર્વાદ આપ્યા છે.

સાહેબ સંસ્થાના મોભી હતા. અમારી તો ચિંતા કરે જ. સાથે-સાથે મેદાન અને મેદાનની ચારેબાજુ ઊગેલ વૃક્ષોની એટલી જ માવજત કરે. એક-બે પ્રસંગો જણાવ્યા વગર રહી શકતો નથી. વાર્ષિકોત્સવ પ્રસંગે મહેમાન પૂ. સચ્ચિદાનંદ મહારાજ દંતાલી પધારવાના હતા. બન્યું એવું કે તે દિવસે જ ધુળેટીનો તહેવાર આવતો હતો. ટેલિફોનિક સગવડ નહીં. રૂબરૂ જવું પડે. મહારાજને રૂબરૂ મળી પરત આવતાં રાતના 1-00 વાગ્યો. સાહેબને સમાચાર આપવા ઘરે ગયો, તો દાદરો ખુલ્લો. સાહેબ વાંચે. અવાજ સાંભળીને સાહેબ બોલ્યા. આવી ગયા. નાસ્તા-પાણી કરાવીને ઘરે મોકલ્યો. હું ન આવ્યો ત્યાં સુધી સાહેબ જાગતા રહ્યા. કેટલી ચિંતા! પરિવારના ત્રિભોવનદાસ શુક્લ બીમાર પડ્યા. સારવાર માટે મુંબઈ જવું પડ્યું. અસાધ્ય બીમારીની ખબર પડતાં જ સાહેબ જરૂરી કાગળો સાથે મુંબઈ ગયા. તેમના અવસાન પછી બીજા જ મહિને તેમનું પરિવાર (ફૅમિલી) પેંશન ચાલુ થઈ ગયું. પરિવારના કોઈક સભ્યને કોઈની આગળ હાથ લાંબો ન કરવો પડે એટલા માટે 'આદર્શ ધિરાણ મંડળી'ની રચના કરી અને સુચારુ સંચાલન કર્યું. અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ કે કોઈ કુદરતી હોનારત હોય ત્યારે ગામસમિતિની રચના કરી ગુપ્ત મદદ કરાવે. ગ્રામજનો પણ તેમનો બોલ ઝીલીને ઊમટી પડે. આમ એક અદના શિક્ષક, આચાર્ય, કેળવણીકાર ને સમાજ ચિંતક તરીકે ઊભરી આવ્યા. સાથે-સાથે વિવિધ સંઘોના પ્રમુખ તથા અન્ય હોદ્દાઓ ઉપર નિષ્ઠા અને ખંતપૂર્વક સેવાઓ આપી છે.

સાહેબની પ્રગતિમાં સ્વ. પુષ્પાબેનનો ફાળો અનન્ય છે. તેમની આતિથ્ય ભાવના બેમિશાલ હતી. ભાઈ મહેન્દ્રભાઈ અને ચિ. અરવિંદકુમાર પોતેપોતાનાં ક્ષેત્રોમાં યશસ્વી પ્રગતિ કરીને માનભેર જીવન જીવે છે. સાહેબે ઘર, કુટુંબ, સમાજનું સાચા અર્થમાં ઘડતર કર્યું છે.

સાહેબ મૂઠી ઊંચેરા માણસ તો છે જ; સાથે-સાથે તેમણે માણસો ઘડ્યા છે. બંગાળી કવિ ચંડીદાસે કહ્યું છે કે,

*'શૂન હે માનુષભાઈ*
*સાબાર ઉપર માનુષ્ય સત્ય,*
*તાહાર ઉપર નાઈ'*

તેઓ શ્રેષ્ઠ માનવ છે. એ જ એમની કમાઈ છે. આપણી મોટી મૂડી છે.

અંતમાં ઈશને! અંતરની આરત ..........! સ્વસ્થ શરીર સાથે કુટુંબસેવા સહ માનવ સેવા થતી રહે, એ જ અભ્યર્થના ..........!

તા. 11-10-2023 રેંટિયા બારસ – 2079

•

# કર્મયોગી કેળવણીકાર

■ હિતેન્દ્રગીરી વી. ગોસાઈ

કર્મયોગી કેળવણીકાર માનનીય મનુભાઈ જે. પટેલસાહેબ એટલે સિપોરનું અજવાળું. એક એવી જ્યોત જેણે પોતાની શિસ્ત, સંયમ અને સંસ્કારરૂપી પ્રેમધારાથી સિપોર અને આસપાસનાં ગામોમાં અનેક ઘરે દીવડા પ્રગટાવ્યા. જે આજે પોતાની સફળ કારકિર્દી દ્વારા પોતાના જીવનને સંતૃપ્ત રીતે જીવીને ગામ તથા સમાજની શોભા વધારી રહ્યા છે. આદર્શ આચાર્ય, કુશળ વહીવટકર્તા, સંનિષ્ઠ સારસ્વત મનુભાઈ સાહેબના સમગ્ર વ્યક્તિત્વનું ઊડીને આંખે વળગે તેવું કોઈ પાસું હોય તો તે છે વિદ્યાર્થીઓ સાથે જીવંત સંબંધો. 'વિદ્યાર્થી દેવો ભવ:'માં માનતા મનુભાઈ સાહેબની આત્મીયતાના સિપોર અને આસપાસનાં ગામોના અસંખ્ય લોકો સાક્ષી છે. મનુભાઈ સાહેબે પોતાની જાતને સિપોર શાળા અને ગામના વિકાસમાં એટલી બધી ઓતપ્રોત કરી દીધી હતી કે 1967થી 1985 સુધીના સમયગાળામાં શિક્ષણજગતમાં સિપોર એટલે 'મનુભાઈનું સિપોર' તરીકે ઓળખાતું હતું. આજે પણ અકબંધ રહેલો આ સંબંધ એકબીજાની ઓળખ સમાન જીવંત બની રહ્યો છે. આજે પણ આદર્શ વિદ્યાલય કે ગામના વિકાસની વાત હોય, કોઈ વિશેષ પ્રસંગ હોય તો મનુભાઈ સાહેબનું માર્ગદર્શન, આશીર્વાદ, શુભેચ્છાઓ મળી જ રહે છે. તારીખ 12-6-1967થી સાહેબનું આદર્શ વિદ્યાલયમાં આચાર્ય તરીકે આગમન થયું જાણે સિપોરમાં શિક્ષણના નવા સૂર્યોદયની શરૂઆત થઈ. 1967થી 1985 સુધીનો 18 વર્ષનો સમયગાળો આદર્શ વિદ્યાલય માટે સુવર્ણયુગ સમાન હતો. સાહેબે સિપોરની શાળાને એક 'આદર્શ શાળા' તરીકે વિકસાવી સમગ્ર ગુજરાતમાં આદર્શ વિદ્યાલય સિપોરનું નામ ગુંજતું કરેલું. મનુભાઈ સાહેબના નેતૃત્વમાં શાળાએ અનેકવિધ પ્રવૃત્તિઓમાં સમગ્ર રાજ્યમાં અગ્રેસર રહીને આગવી આભા ઊભી કરી છે. ગુજરાતના અનેક મહાપુરુષો, લોકસેવકો, સાહિત્યકારો, કેળવણીકારોએ શાળાની મુલાકાત લઈ મનુભાઈ સાહેબની કામગીરીને બિરદાવી પ્રસન્નતા વ્યક્ત કરી હતી.

આજે પણ આદર્શ વિદ્યાલયની મુલાકાતે જ્યારે કોઈ પૂર્વ વિદ્યાર્થી આવે છે ત્યારે અચૂક મનુભાઈ સાહેબને અહોભાવથી યાદ કરીને ધન્યતા અનુભવે છે. શાળા અને મંડળ માટે આ બાબત આનંદ અને ગૌરવની બની રહે છે. આજે પણ સાહેબની હાજરી કે હોંકારા માત્રથી આદર્શ વિદ્યાલયમાં દાનની સરવણી વહેતી હોય છે અને પૂર્વ વિદ્યાર્થીઓ સાહેબને યાદ કરી શાળા માટે યથાશક્તિ દાન કરે છે. પોતાના વિદ્યાર્થીઓ સાથે સાહેબે રાખેલો જીવંત નાતો એમના આચાર્યપદને અમર બનાવી દે છે. ભારત સરકાર દ્વારા 1993માં શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો રાષ્ટ્રીય અવૉર્ડ સાહેબને મળ્યો ત્યારે સૌથી વધુ આનંદ

એમના સિપોરના પૂર્વ વિદ્યાર્થીઓ અને આદર્શ વિદ્યાલયને હતો. કારણ કે સાહેબ હંમેશાં એમના પ્રત્યેક વિદ્યાર્થીના હૃદયમા વસેલા છે. એક શિક્ષક, આચાર્ય શું જાદુ કરે છે એ જોવું હોય તો 1967થી 1985 સુધીના સિપોરનો અભ્યાસ અવશ્ય કરવો પડે. સમગ્ર સિપોર ગામના ઘડતરનું વિરલ કામ સાહેબના હસ્તે થયું છે.

મનુભાઈ સાહેબના માર્ગદર્શનમાં તૈયાર થયેલા અનેક વિદ્યાર્થીઓ આજે દેશ દુનિયામાં સિપોરનું ગૌરવ વધારી રહ્યા છે એ સાહેબને જ આભારી છે. આજે પણ સિપોર, કડી, ચાણસ્મા અને સમગ્ર ગુજરાતની અનેકવિધ સંસ્થાઓને સાહેબનું માર્ગદર્શન મળી રહે છે. ભાઈચારાની ભાવનાથી ઓતપ્રોત થઈ સાહેબે અનેકનાં દિલમાં આગવું સ્થાન પ્રાપ્ત કર્યું છે. ઢળતી ઉંમરે લોકસેવા, લોકજાગૃતિ, શિક્ષણસેવા અને સેવાકીય પ્રવૃત્તિઓમાં આજે પણ ધૂણી ધખાવી અડીખમ ઘેઘૂર વડલા જેવા પ્રવૃત્તિમય રહી આપણા સૌને પ્રેરણાબળ પૂરું પાડી રહ્યા છે. આદર્શ વિદ્યાલયના પરિસરમાં 'મનુભાઈ તપોભૂમિ'નું નિર્માણ અમારા માટે હંમેશાં પ્રેરણાબળ પૂરું પાડે છે. સુંદર મજાનો ભારતનો નકશો, ૐપર્વત, પંખીઘર, અને પક્ષીઓથી સભર વૃક્ષો પ્રત્યેક મુલાકાતીને મનુભાઈ સાહેબની યાદ સાથે આનંદની અનુભૂતિ કરાવે છે. મનુભાઈ સાહેબ પોતે તો સતત સક્રિય રહ્યા, પણ સાથે-સાથે નવી પેઢીને સાથે લઈને તેમના રાહબર રહ્યા છે. નવી પેઢીને સતત માર્ગદર્શન આપતા રહ્યા છે. સાહેબનું સમગ્ર જીવન પરહિતસાધક જેવું રહ્યું છે. એ આપણા સૌ માટે ગૌરવ અને આનંદની અનુભૂતિ કરાવે છે.

●

---

*શિક્ષક એવો હોવો જોઈએ કે તે ગમે તેવા રો મટીરિયલને પણ કંડારી શકે, સમજાવી શકે તે જ સાચો શિક્ષક.*

**ભાઈકાકા**

*

*બધું રસાતળ જવા બેઠું છે એવું બોલવાનું મરી પરવારેલા શિક્ષકોને જ વધારે ફાવે છે. આચાર્યની અંદરની ગરીબી નિશાળ કે કૉલેજ પર અને શિક્ષકોની ગરીબી વર્ગ પર છવાઈ જાય છે.*

**ગુણવંત શાહ**

---

# પંચતીર્થનો સંગમ

**■ વિષ્ણુભાઈ ઈશ્વરદાસ પટેલ**

જેમનાં કાર્યોની સુવાસ છેક ભારતના રાષ્ટ્રપતિભવન સુધી પહોંચી હોય એવા પરમ વંદનીય મનુભાઈ સાહેબ માટે કંઈક લખવું એ કપરી પરીક્ષા આપવા જેટલું મુશ્કેલ છે, પણ સાહેબની પ્રતિભાને પોંખવા હું નમ્ર પ્રયત્ન કરું છું. આજથી લગભગ ત્રીસેક વર્ષ પહેલાં હું વીરમગામ તાલુકાના શિહોર ગામની કુમાર બી. એચ. ગાર્ડી સર્વોદય વિદ્યાવિહારના આચાર્ય તરીકે સેવાઓ આપતો હતો. 1993માં અમારી શાળાએ વાર્ષિકોત્સવમાં. માનનીય મનુભાઈ સાહેબને મુખ્ય મહેમાન તરીકે આમંત્રિત કરેલા. સાહેબે અમારી આવી નાનકડી શાળાના આમંત્રણને સહર્ષ સ્વીકાર્યું. જેથી શાળા પરિવારને ખૂબ આનંદ થયો. અમે એમની ઉપસ્થિતિથી ગૌરવાન્વિત થયા. સાહેબશ્રીએ શિક્ષણ અને સંસ્કૃતિ વિશે મનનીય પ્રવચન આપ્યું. શાળાનું શૈક્ષણિક વાતાવરણ કેવું હોય એ વિશે અમારી નાનકડી શાળાની શૈક્ષણિક, સહઅભ્યાસિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તેઓએ બિરદાવી હતી.

મનુભાઈ સાહેબને મેં વિનંતી કરી કે “સાહેબશ્રી આપ મારા ઘરે રાત્રી રોકાણ કરો. ત્યાં તમારી સુવિધાઓ સચવાશે એટલું જ નહિ આપની સાથેના પ્રત્યાયનથી મને ઘણુંબધું શીખવા મળશે.” ત્યારે સાહેબે કહ્યું કે હું કોઈ વિશિષ્ટ વ્યક્તિ નથી. હું બધાંની સાથે અહીં શાળામાં જ રાત્રિ રોકાણ કરીશ. સાહેબના આવા નમ્ર વિવેકને વશ થઈને હું પણ એમની સાથે શાળામાં જ રોકાઈ ગયો. મન ભરીને ખૂબ બધી વાતો કરી. એમના જ્ઞાનપીયૂષને મેં મન ભરીને પીધું. સાહેબશ્રીની એ સાદગી અમારા હૈયામાં વસી ગઈ! તેઓની સહજતા અને સરળતાનો પ્રત્યક્ષ અનુભવ મને મળ્યો.

આપશ્રીએ ‘‘योगः कर्मषु कौशलम् ।’’ સૂત્રને ચરિતાર્થ કરી જીવનલક્ષ સિદ્ધ કર્યું છે. આપનું સમર્પણ અને તર્પણ શિક્ષણના આકાશને સદાય અજવાળતું રહ્યું છે અને રહેશે. ધ્રુવતારકની જેમ તમારી ચમક સૌને ગતિ, મતિ અને પ્રગતિ તરફ દોરી જશે. ભાવકોને પંચતીર્થોના પાવન સંગમનાં જ્યાં દર્શન થાય એવા એક આદર્શ શિક્ષક, આદર્શ આચાર્ય, આદર્શ વહીવટકાર, આદર્શ કેળવણીકાર અને આદર્શ સમાજસેવક મનુભાઈ સાહેબના ચરણોમાં વંદન સહ મારી ઊર્મિઓને અહીં વિરામ આપું છું.

*કરીએ સાર્થક જીવનદર્શન એમનું*
*ચલો જીવીએ જીવ્યા જેવું એમનું*

●

# મારા પ્રેરણામૂર્તિ

■ ડૉ. ડાહ્યાભાઈ. એસ. પટેલ

મારા મોટાભાઈ ગોપાળભાઈ શંકરભાઈ પટેલ સિપોર આદર્શ વિદ્યાલય હાઈસ્કૂલના ચેરમૅન તરીકે સેવા આપતા હતા ત્યારે સિપોર ગામના અગ્રણી કાર્યકરો જેવા કે સ્વતંત્રસેનાની માધવલાલ માવજીદાસ પટેલ, સરપંચ પ્રેમશંકર શુક્લ, ડૉ. બાબુભાઈ વૈદ્ય, પ્રહ્‌લાદભાઈ જોષી, શંકરસિંહ ડાભી, વાઘજીભાઈ સોલંકી, ગોવિંદભાઈ પટેલ પૂર્વ આચાર્ય સિપોર હાઈસ્કૂલ તથા સ્કૂલના નિયામક મંડળના સભ્યોના આગ્રહ અને લાગણીને ધ્યાનમાં લઈને મોટાભાઈએ મનુભાઈ સાહેબને 1967માં સિપોર હાઈસ્કૂલમાં આચાર્યશ્રી તરીકેની નિમણૂક આપી હતી.

મનુભાઈ સાહેબની હાઈસ્કૂલમાં નિમણૂક પછી થોડાંક વર્ષોમાં આજુબાજુનાં તમામ ગામોનાં વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓ હાઈસ્કૂલમાં પ્રવેશ લેતાં થયાં અને બાજુનાં તમામ ગામોમાં શૈક્ષણિક અને સામાજિક અને શિસ્તપાલનનો અમલ થતો ગયો. બાજુનાં ગામો જેવાં કે, કરશનપુરા, ખાનપુરા, ખાણા, અંબાવાડા, ઉણાદ, રસુલપુર, બાદરપુર, રાવલપુરા, રેડલક્ષ્મીપુરા, મઢાસણા અને અમારાં સાતસો સમાજનાં ગામોને મનુભાઈ સાહેબની શિક્ષણ-પદ્ધતિનો લાભ મળ્યો. સર્વેના સહકારથી સિપોર ગામની હાઈસ્કૂલ અને આજુબાજુનાં ગામોનો વિકાસ-પ્રગતિમાં વધારો થયો.

સિપોર શાળાને કેળવણીધામ તરીકે પ્રસ્થાપિત કરી અને શાળાને મૂલ્યનિષ્ઠ શિક્ષણધામ તરીકે વિકસાવીને શાળામાં પ્રસંગોપાત્ત શ્રી ઉમાશંકર જોશી, પન્નાલાલ પટેલ, સુંદરમ્, સ્નેહરશ્મિ, પી.સી.વૈદ્ય, પુરુષોત્તમ માવલંકર, બબલદાસ મહેતા, બાબુભાઈ જશભાઈ પટેલ, ડૉ. દ્વારકાદાશ જોશી, ડૉ. વસંત પરીખ જેવા અનેક પ્રતિભાશાળી પુરુષોને આમંત્રિત કરતા. આ સૌના આગમનથી સિપોર શાળાની આગવી ઓળખ ઊભી થઈ. બાર હજારથી અધિક વસ્તી ધરાવતા સિપોર ગામ અને બાજુનાં ગામોની મોટી જનસંખ્યાને શાળાના જુદા-જુદા સાંસ્કૃતિક, ધાર્મિક અને સામાજિક કાર્યક્રમોમાં મળેલ જે મનુભાઈ જ કરી શકે.

સિપોર ગામમાં તમામ જ્ઞાતિના લોકો વસે છે અને પાઘડીપને વસેલું છે. વડનગરથી 7 કિ. મી.ના અંતરે આવેલું છે. પ્રાથમિક શાળાથી હાઈસ્કૂલ સુધીનો ગામ-બજારનો રસ્તો દોઢ કિ.મી. જેટલો છે. સાહેબ હાઈસ્કૂલમાં જાય અને ઘરે પરત આવે ત્યારે તમામ પરિવાર શિસ્તબદ્ધ નમન કરે. મનુભાઈ સાહેબ થોડી વાર ઊભા રહીને બાળકો અને વડીલો સાથે વાર્તાલાપ કરી અને શાળા અને ગામની પ્રગતિમાં કેવી રીતે સાથે મળીને વધારો કરી શકાય તેનાં સૂચનો લઈને અમલીકરણ દિશામાં આગળ વધે. ગામમાં શિસ્તનું પાલન ઑટોમેટિક થવા લાગ્યું. 1967માં લાઇટની વ્યવસ્થા ન હતી ત્યારે પેટ્રોમેક્સ,

મીણબત્તી, દીવાથી રાત્રી શાળામાં વાંચન ચાલતું. લગભગ 1968માં વીજળી આવેલ. ગામમાં સ્વચ્છતા, વીજળી, ગટર, પાણી અને આવશ્યક તમામ વસ્તુઓની પણ મનુભાઈએ ચિંતા કરીને તેનો જાતે ઉકેલ લાવ્યો હતો. ગામનું પર્યાવરણ જાળવવા ગામમાં, સ્કૂલમાં અને આજુબાજુની શાળાઓમાં વૃક્ષારોપણ કરાવીને તેનું જતન કરવાની ખાસ કાળજી રાખીને ગામનો વિકાસ કર્યો હતો.

સિપોરની હાઈસ્કૂલમાં 1967થી 1985 સુધી બેસ્ટ આચાર્ય તરીકેની સેવાઓ આપીને સિપોર તથા આજુબાજુના પંથકમાં સન્માનીય લોકસેવક તરીકે ખ્યાતિ પામ્યા હતા. તેમણે શાળામાં યશસ્વી સેવાથી શાળાની પ્રગતિને ચાર ચાંદ લગાવ્યા. 1985માં કડીના ભાવભર્યા આગ્રહને સ્વીકારીને કડી સર્વ વિદ્યાલયમાં આચાર્ય તરીકે જોડાઈને 1995માં વય મર્યાદાના કારણે નિવૃત્ત થયા હતા. તેમણે કરેલાં કાર્યોના ફળસ્વરૂપે તેમને 1993માં શ્રેષ્ઠ શિક્ષક તરીકેના રાષ્ટ્રીય અવૉર્ડથી તેમજ પાટણ જિલ્લાના યશસ્વી કેળવણીકાર તરીકે 15 ઑગસ્ટ, 2003ના રોજ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રી દ્વારા તામ્રપત્રથી વિભૂષિત કરવામાં આવ્યા હતા. 2023થી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ તરીકે નિયુક્ત થવાના સમાચારથી સિપોર પંથક હાઈસ્કૂલના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ અને ગ્રામજનો ગર્વની લાગણી અનુભવે છે.

મનુભાઈ સાહેબની 1967થી સિપોર હાઈસ્કૂલમાં આચાર્યશ્રી તરીકે નિમણૂક થયેલ અને મેં નૂતન સર્વ વિદ્યાલય વિસનગરમાં ધોરણ-8માં એડ્મિશન લીધેલ. તેમની સાથે મને અભ્યાસ કરવાનો મોકો ન મળેલ, પણ તેમની સાથે અભ્યાસમાં જોડાયેલ હોય તેવો અનુભવ થતો હતો. સિપોર ગામમાં દિવાળી, ઉનાળુ અને ધાર્મિક પ્રસંગોમાં વિસનગરથી વતનમાં આવવાનું થાય ત્યારે મનુભાઈ સાહેબને અચૂક મળતો. તેમનાં લખેલાં પુસ્તકો, તેમની શૈક્ષણિક પદ્ધતિ અને શિસ્ત-પાલન મને ખૂબ જ પ્રેરણારૂપ રહ્યાં અને મારા જીવનમાં ખૂબ જ ઉપયોગી નીવડ્યાં. હું આણંદ-વેટરીનરી કૉલેજમાં અભ્યાસ પછી બનાસડેરી (પાલનપુર) અને મધુરડેરી(ગાંધીનગર)માં નોકરી દરમિયાન વતનમાં આવું ત્યારે ગામના વિકાસની વાતો જાણવા મળતી.

1975-76 આણંદ, વેટરનરી કૉલેજમાં મને જાદુ અને હિપ્નોટીઝમમાં ખૂબ જ રસ હતો. હિપ્નોટીઝમની બુકોનું વાંચન કરી ને પ્રેક્ટિસ કરીને સેલ્ફ કોન્ફિડન્સ વધારતો હતો ત્યારે મનુભાઈ સાહેબે સિપોર હાઈસ્કૂલની રાત્રી શાળાના 10 જેટલા વિદ્યાર્થીઓ ઉપર હિપ્નોટીઝમ સાયન્સનો ઉપયોગ કરીને અંગ્રેજી, ગણિત વિષયો કેવી રીતે મજબૂત બને તેનો પ્રયોગ કરવા તક આપેલ અને 1980માં સિપોર હાઈસ્કૂલના પટાંગણમાં હિપ્નોટીઝમનો કાર્યક્રમ કર્યો હતો. કાર્યક્રમ ખૂબ જ સફળ થતાં મારામાં આત્મવિશ્વાસ વધ્યો અને 1980થી 1990 સુધી ગુજરાતના મોટા ભાગના જિલ્લાઓમાં વિવિધ – સંસ્થાઓના લાભાર્થે મારો પ્રોગ્રામ સફળ થયો. એન. ડી. ડી. બી. કૅમ્પસમાં ડૉ. વર્ગીશ કુરિયન સાહેબના આમંત્રણથી આણંદમાં ખૂબ જ સફળ કાર્યક્રમ થયેલ અને છેલ્લે 1990માં સિપોર ગામમાં ભવ્ય હિપ્નોટીઝમ પ્રોગ્રામ કર્યા બાદ પ્રોગ્રામ ન કરવાનો સંકલ્પ લીધેલ. આ સર્વેમાં મનુભાઈ સાહેબની પ્રેરણા અને શરૂઆતમાં 1980માં સ્કૂલમાં આપેલ તકને આભારી છે.

મનુભાઈ સાહેબનાં ધર્મપત્ની પુષ્પાબહેન પણ ખૂબ સરળ, નિખાલસ અને સેવાભાવી

સ્વભાવનાં હતાં. સિહોરના તમામ પરિવારોને બહેનો સાથે હળીમળીને રહીને બહેનાના વિકાસમાં પણ માર્ગદર્શન આપતાં હતાં. ગામના અન્ય સામાજિક કાર્યક્રમમાં હાજરી આપીને ગામને પરિવાર જેમ સમજીને રહેતાં હતાં. માર્ગદર્શન પૂરું પાડેલ તેમની પ્રેરણા બાળકો અને બહેનો ખાસ લેતાં અને તમામ – સામાજિક, સુખ-દુઃખના પ્રસંગોમાં સામેલ થતાં હતાં.

મને સિપોર હાઈસ્કૂલના 30-10-2022ના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો સ્નેહમિલન કરવાનો મોકો મળ્યો છે. ગામની તમામ જ્ઞાતિની કમિટી બનાવીને મનુભાઈ સાહેબેના પ્રમુખસ્થાને કાર્યક્રમ કરવાનું આમંત્રણ આપેલ ત્યારે સાહેબે – આમંત્રણ સ્વીકારેલ અને આજુબાજુનાં તમામ ગામોના અને સિપોર ગામના (1957થી 2000) સુધીના તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં હાજરી આપીને સ્નેહમિલન કાર્યક્રમને સફળ બનાવેલ. 'વતનવંદન' તથા સિપોર હાઈસ્કૂલમાં ભણેલ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓના કાર્યક્રમમાં મનુભાઈ સાહેબે ખૂબ જ ઉપયોગી અને ગામના વિકાસમાં વિદ્યાર્થીઓ કેવી રીતે ઉપયોગી થાય, નોકરી-ધંધામાં અન્ય ગામના લોકોને કેવી રીતે મદદરૂપ થઈ શકાય તેનું સુંદર માર્ગદર્શન આપેલ અને ખૂબ જ આનંદ વ્યક્ત કરેલ. આ કાર્યક્રમમાં શાળાના સર્વ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને બહેનો તથા ગામના વડીલોએ પણ હાજરી આપીને કાર્યક્રમને ખૂબ જ સફળ બનાવ્યો હતો.

•

---

*શિક્ષકો, ખાસ કરીને શાળાના શિક્ષકો, પર એક વ્યક્તિના જીવનને ઘડવાની જવાબદારી છે. બાળપણ એ એવી આધારશિલા છે જેના પર સમગ્ર જીવનનું માળખું ઊભું થાય છે. બાળપણમાં જેવું બીજ વાવવામાં આવે છે, તેવું જ જીવનવૃક્ષ રૂપે ખીલી નીકળે છે. બાળપણમાં વિકાસના પ્રારંભિક તબક્કે જે કેળવણી આપવામાં આવે છે, તે કૉલેજ કે યુનિવર્સિટીમાં મેળવાતાં શિક્ષણ કરતાં અતિ મહત્ત્વની છે.*

**એ. પી. જે. અબ્દુલ કલામ**

---

# જીવનશિક્ષણ પ્રદાતા

**■ અંબાલાલ આર. પટેલ**

મારું વતન કરશનપુરા, તા. વડનગર. ખેડૂતપુત્ર હોવાના નાતે નજીકની સંસ્થા આદર્શ વિદ્યાલય, સિપોરમાં જૂન, 1965માં ધોરણ-6માં અભ્યાસ અર્થે દાખલ થયો, આજુબાજુનાં 15થી વધુ ગામોમાં બાળકો સિપોર હાઈસ્કૂલ ભણવા આવતાં, પરંતુ સને 1967માં ચાણસ્માના વતની અને શિક્ષણવિદ્ એવા શ્રી મનુભાઈ સાહેબની આચાર્ય તરીકે સિપોર હાઈસ્કૂલમાં નિમણૂક થતાં આખા વિસ્તારનો શિક્ષણ માહોલ બદલાઈ ગયો.

સાહેબની કામગીરી માત્ર સિપોર પૂરતી ન રહેતાં, આજુબાજુનાં ગામો સાથેનો સંપર્ક સતત જાળવી રાખતાં તમામ ગામોનાં બાળકો તેમજ વાલીઓમાં શિક્ષણનો ઉત્સાહ ઊભરી આવ્યો અને અમારા વિસ્તારના શિક્ષણના શિલ્પી તરીકેની તેમની છાપ ચારેતરફ ફેલાવા લાગી.

અમારો વિસ્તાર પશુપાલન, ખેતમજૂરી, ખેડૂતવર્ગનો હોઈ સમગ્ર વિસ્તારનાં બાળકો માટે શિક્ષણ આપવાનું ઉમદા, ભગીરથ કાર્ય શ્રી મનુભાઈ સાહેબ દ્વારા થયું છે. તેઓ અમારા વિસ્તારના સાચા માર્ગદર્શક, પથદર્શક રહીને સમગ્ર વિસ્તારનો શિક્ષણના માધ્યમથી ''આર્થિક સમૃદ્ધ'' થવામાં ભાગીદાર બન્યા છે. તેનું ફળ આજે અમે મેળવી રહ્યા છીએ.

**આ પ્રસંગે મારે બે સત્ય વાતની રજૂઆત કરવી છે**

1. સિપોરથી અમારું ગામ કરશનપુરા 5 કિલોમીટરના અંતરે આવેલું છે. દીકરીઓના શિક્ષણ માટે કરશનપુરાથી બહાર જવું ન પડે માટે કરશનપુરામાં એક નવી શાળા બનાવવાની ગ્રામજનોની ઇચ્છા હતી. તેથી અમારા ગામના શ્રી રામભાઈ હા. પટેલ સાહેબની પ્રેરણાથી અને પૂજ્ય મનુભાઈ સાહેબના સહકારથી અને 1974માં કરશનપુરા ગામે અંબિકા વિદ્યાલય, કરશનપુરાની સ્થાપના થઈ. તેમાં નિમણૂકોમાં પણ શ્રી મનુભાઈ સાહેબની અમૂલ્ય શિક્ષણસેવા રહી છે.

2. સિપોરથી 12 કિલોમીટર દૂર ગોરીસણા ગામ છે. જે બાણગંગા પ્રદેશ તરીકે ઓળખાય છે. સમગ્ર વિસ્તારમાં બક્ષીપંચની વસ્તી રહે છે. ગોરીસણા ગામે 1978માં બદલી થઈ ને શિક્ષક તરીકે હાજર થયો. ત્યારે ગામનાં બાળકોને અભ્યાસ માટે સિપોર સુધી આવવું ન પડે માટે હાઈસ્કૂલ કરવાનો વિચાર થયો. તે વખતે ગોરીસણા ગામમાં ધોરણ 1થી 5ની પ્રા. શાળા હતી. જેમાં માત્ર ધો. 5માં 17 બાળકો અભ્યાસ કરતાં હતાં. જે ગામની પ્રાથમિક શાળામાં ધો. 6-7ના વર્ગો ના હોય ત્યાં માધ્યમિક શાળા કેમ શરૂ થાય ?

તે કલ્પના કરવી એક સપનું હતું. તે સમયે માધ્યમિક શાળા કરવા માટે પ. પૂ. મનુભાઈ સાહેબ સાથે પત્રવ્યવહાર, ચર્ચા, માર્ગદર્શન મેળવી અંબિકા કેળવણી મંડળ, ગોરાસણાની રચના કરવામાં આવી હતી. ત્યાર બાદ અરજી કરવાથી પાટણથી શિક્ષણાધિકારી કચેરીના અધિકારી જાન્યુઆરી 1980માં પ્રાથમિક શાળા ગોરીસણામાં તપાસ માટે આવેલા. શાળાની ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ થઈ વિઝિટબુકમાં જ્યાં ધોરણ-5નાં 17 બાળકો હોય ત્યાં માધ્યમિક શાળા શરૂઆત થાય તેમ નથી. તેઓશ્રીએ દૂધ મંડળી ગોરીસણામાં કેળવણી મંડળના પ્રમુખ-મંત્રી તથા અન્ય સભાસદો સાથે મિટિંગ કરી કહેલ કે આ ગામમાં માધ્યમિક શાળા થઈ શકે તેમ નથી. સાંજના 5-00 વાગ્યા હતા, સૂર્યાસ્ત થવાની તૈયારી હતી. વાહનવ્યવહારનો અભાવ હતો. આચાર્યશ્રી મનુભાઈ સાહેબ સિપોર રહેતા હતા તેમના વિના આ અધિકારીને કોઈ સમજાવી શકે તેમ ન હતું, તેથી તાત્કાલિક વાહન કરીને અધિકારીશ્રીને સિપોર હાઈસ્કૂલના આચાર્યશ્રી મનુભાઈ સાહેબના ઘરે લઈ ગયા. ત્યાં જમવાની વ્યવસ્થા તથા રાતવાસો કરાવ્યો. સાહેબશ્રીનાં ધર્મપત્ની પૂ. પુષ્પાબેનનું સૌએ આતિથ્ય માણ્યું. પૂ. મનુભાઈ સાબેહની સચોટ સમજાવટથી અધિકારીશ્રી સંમત થતાં ગોરીસણાને માધ્યમિક શાળાની જૂન સને 1980થી મંજૂરી મળી. હાલ ગોરીસણા શાળામાં 700થી વધુ બાળકો ભણે છે, તેનો સંપૂર્ણ યશ શિક્ષણના શિલ્પી પૂ. મનુભાઈ સાહેબને જાય છે.

પરમપૂજ્ય વંદનીય શ્રી સ્વ. છગનબાપાના સૂત્ર ''કર ભલા હોગા ભલા'' સૂત્રને સાર્થક કરના પૂ. મનુભાઈ સાહેબનું અમારા વિસ્તારમાં જાગૃતિ લાવવામાં તેમજ જીવનનું શિક્ષણ મેળવવામાં મહત્ત્વનું યોગદાન છે.

અંતમાં અમારા સમગ્ર વિસ્તાર વતી પૂ. પ. મનુભાઈ સાહેબને કોટિ કોટિ વંદન કરું છું. માનવસેવાના શિલ્પી ને ગુરુજીને નમસ્કાર... વંદન... વંદન.

બાણગંગાપ્રદેશ, આનંદપ્રદેશના સમગ્ર વિસ્તાર વતી શિક્ષણના શિલ્પી શ્રી મનુભાઈ સાહેબનો જાહેર અભિવાદનનો અને આયોજનનો વિચાર મૂર્તિમંત કરનાર સર્વ આયોજક, વડીલોને સૌને કોટિ કોટિ વંદન. જય ઉમિયા!

•

# પથદર્શક સાહેબશ્રી

■ ડૉ. રેણુકા આર. સોલંકી

પરમ પૂજ્ય સાહેબશ્રીએ જ્ઞાનરૂપી ઝરણું વહેતું કરી અનેક વિદ્યાર્થીઓનાં જીવનને પ્રજ્જ્વલિત કર્યું છે. આવા ગરવા પરમ આદરણીય મનુભાઈ સાહેબનો આભિવાદનગ્રંથ તૈયાર થઈ રહ્યો છે, એ સાંભળી મને પણ સાહેબ વિશે લખવાની ઉત્સુકતા જાગી. સાહેબના વ્યક્તિત્વનો પરિચય પપ્પાથી થયેલો. જાણે મારા જ પરિવારની વ્યક્તિ હોય એટલી નિકટતા. શિક્ષણ, સાદગી અને સમર્પણના ત્રિવેણી સંગમનાં દર્શન આદરણીય સાહેબમાં કર્યાં છે. મેં સાહેબ પાસે પ્રત્યક્ષ શિક્ષણ નથી લીધું, સિપોર ગામમાં પ્રવેશતાં જ આબાલ વૃદ્ધ સહુના મુખે તેમનાં શિક્ષણકાર્યની અનુભૂતિ થાય, પરંતુ મારા પરમ વંદનીય પિતૃતુલ્ય શ્વશુર પ્રિ. પ્રતાપસિંહ સોલંકી સાહેબના માધ્યમથી પૂ. સાહેબ વિશે ઘણું સાંભળ્યું છે. મારો શ્વશુરગૃહે પ્રવેશ થયો ત્યારથી પ્રાયઃ દરરોજ સાહેબશ્રી વિશે પ્રિન્સિપાલ સોલંકી સાહેબના શ્રીમુખેથી તેમના ઉમદા ચરિત્રની એક નીવડેલા આચાર્યશ્રી – કેળવણીપુરુષરૂપ વ્યક્તિત્વની ઘણી જ ઘણી વાતો સાંભળી છે આ બધી વાતોમાંથી હું ઘણું શીખી છું.

સિપોર ગામના દરેક વ્યક્તિના હૃદયમાં હર્ષોલ્લાસ અનુભવ્યો છે. કોઈ ગામ કે સમાજ આવાં માનવરત્નોથી જ શોભતો હોય છે. પ્રતિભાશાળી વ્યક્તિત્વ, મુખાકૃતિ ઉપર સદાય પ્રસન્નતા, તેમની વાણીમાં મૃદુતા, શિક્ષકનો જીવ, સતત કાર્યશીલ રહેવું એવું સાહેબશ્રીનું કર્મનિષ્ઠ જીવન છે. આવાં શિક્ષણરત્નો પોતાના જીવનકાર્ય થકી સુવાસ લોકમાનસ સુધી પહોંચાડે છે. સાહેબ વિશે કહેવાનું મન થાય કે,

*વટવૃક્ષ બની સદાયે છાંય આપી છે,*
*સ્નેહ, ઉષ્માભર્યો પ્રેમ સદાય આપી,*
*શિક્ષણથકી વિદ્યાદાન કરી પથદર્શક બની,*
*સાચી દિશા બતાવી જીવનના ઘડવૈયા બની,*
*અનેકનું જીવનઘડતર કર્યું.*

શ્રેષ્ઠ શિક્ષક માટેના રાષ્ટ્રપતિ અવૉર્ડથી સન્માનિત એવા વંદનીય સાહેબે પોતાનું જીવન શિક્ષણસેવા માટે સમર્પિત કરી દીધું છે. સાચા અર્થમાં પારસમણિ કહીએ એવા સાહેબશ્રીને લાખ-લાખ વંદન.

●

# સિપોર ગામની કેળવણીના પ્રેરણામૂર્તિ

■ પ્રો. ડૉ. જાગૃતિ એમ. પટેલ

શ્રેષ્ઠ શિક્ષકના રાષ્ટ્રપતિ અવૉર્ડથી વિભૂષિત ઋષિતુલ્ય આચાર્યશ્રી તથા કેળવણીકાર એવા પરમ વંદનીય મનુભાઈ સાહેબનો અભિવાદનગ્રંથ તૈયાર થઈ રહ્યો છે એ જાણી મારું હૃદય આનંદવિભોર થઈ ગયું. પૂજ્ય સાહેબશ્રીનાં ચરણોમાં કોટિ કોટિ પ્રણામ કરીને મારી લાગણીઓને કાગળે કંડારું છું.

પૂજ્ય સાહેબશ્રીએ પિલવાઈની જી. સી. હાઈસ્કૂલથી શિક્ષક તરીકે કારકિર્દીની શરૂઆત કરી 1967માં. મારા વતન-ગામ સિપોરની હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે જોડાયા અને 1985 સુધી સેવાઓ આપીને સિપોર ગામ તથા આસપાસનાં ગામોની રોનક બદલી નાખી. અનેક વિદ્યાર્થીઓ તથા પરિવારોની ઉજ્જ્વળ કારકિર્દીના નિમિત્ત બન્યા. સિપોરમાં તેમણે શિક્ષણથકી આરંભેલ સેવાયજ્ઞની વાત અવર્ણનીય છે.

સાહેબશ્રીએ મહેસાણા જિલ્લા સંઘના પ્રમુખપદે તથા ગુજરાત રાજ્ય માધ્યમિક આચાર્ય સંઘના પ્રમુખપદે રહી, શિક્ષકો અને શિક્ષણજગતના અનેક પ્રશ્નોને પોતાની આગવી સૂઝથી ઉકેલી શિક્ષક અને શિક્ષણના હિતમાં અનેક પ્રશંસનીય કાર્યો કર્યાં છે. શિક્ષણજગતની તેમની ઉત્તમ કામગીરીને બિરદાવતા ભારત સરકાર દ્વારા શ્રેષ્ઠ શિક્ષક તરીકે રાષ્ટ્રીય અવૉર્ડથી તેમજ ગુજરાત સરકાર દ્વારા તામ્રપત્રથી પુરસ્કૃત કરવામાં આવ્યા છે. આ ઉપરાંત નાનાં-મોટાં અનેક સન્માનો સાહેબશ્રીને એનાયત થયાં છે જે શિક્ષણપ્રેમી સમાજ માટે ગૌરવની ઘટના છે.

વિદ્યાર્થીઓ તથા શિક્ષકો માટે સાહેબશ્રીનું વ્યક્તિત્વ – **"वज्रादपि कठोराणि मृदुनि कुसुमादपि ।"** રહ્યું છે. સાહેબશ્રી સિપોરની હાઈસ્કૂલમાં પ્રાર્થનાસભામાં હંમેશાં દશ મિનિટનું પ્રેરક વક્તવ્ય રજૂ કરતા ત્યારે સાહેબશ્રીના જ્ઞાનસભર, કર્ણપ્રિય વક્તવ્યને સાંભળવા વિદ્યાર્થીઓ તથા શિક્ષકો પણ અધીરા બની જતા, આવી તેમની વાણી અને વ્યક્તિત્વના પ્રભાવને તેમના સંપર્કમાં આવનાર સર્વ જાણે છે.

પૂજ્ય સાહેબશ્રી સિપોરની સ્કૂલમાં આચાર્ય તરીકે રહ્યા તે સમય દરમિયાન સિપોરની શાળાએ પ્રગતિનાં અનેક સોપાનો સર કરેલાં તેના પાયામાં પૂજ્ય સાહેબશ્રીની કર્તવ્યનિષ્ઠા તથા તેમના નેતૃત્વ નીચે કામ કરતા શિક્ષકોની સેવા છે. શૈક્ષણિક કાર્યને ઉત્તમ કરવા માટે સાહેબશ્રીએ રાત્રિ અભ્યાસ વર્ગો તથા પૂરક વર્ગોનું આયોજન કરેલું. પરિણામે સિપોરની શાળા સમાજની શાળા બની શકી. **"त्येन त्यक्तेन भुंजीथा ।"**– (ઈશાવાસ્ય ઉપનિષદ-1) મંત્રને તેમણે સાર્થક કર્યો છે તથા **"उत्तिष्ठत जाग्रत प्राप्य वरान्निबोधत ।"** (કઠોપનિષદ-1-3-14) વિધાનમાંથી પ્રેરણા લઈને સ્વામી વિવેકાનંદે આ યુગમાં ધ્યેય વાક્ય

આપ્યું કે, 'ઊઠો, જાગો અને ધ્યેય પ્રાપ્તિ સુધી મંડ્યા રહો.' એને સાહેબશ્રીએ જીવનમંત્ર બનાવ્યો, પરિણામે સ્વયં જાગ્યા અને અનેકને જગાડ્યા.

મારી અંગત વાત કરું તો પૂજ્ય સાહેબશ્રીનું અમારા પરિવાર ઉપર ખાસ ઋણ એ છે કે – જે-તે સમયે મારા પિતાશ્રીને શિક્ષક બનવા માટે પૂ. સાહેબશ્રીની જ પ્રેરણા અને માર્ગદર્શન રહ્યાં છે. મારા પપ્પાએ શિક્ષક બન્યા પછી અમારા પરિવારની દીકરીઓને યોગ્ય માર્ગદર્શન, સંસ્કાર તથા સગવડો આપી ઉચ્ચ શિક્ષણ પ્રાપ્ત કરાવી ઊંચા સ્થાને પહોંચાડી છે, તેના પાયામાં સાહેબશ્રીના પુણ્યકર્મનો પ્રભાવ રહ્યો છે.

મેં જ્યારે પીએચ.ડી.ની ડિગ્રી 1998માં પ્રાપ્ત કરી ત્યારે પૂજ્ય સાહેબશ્રીએ ખાસ આગ્રહપૂર્વક સિપોરની સ્કૂલમાં મારો સન્માન સમારોહ રખાવેલો અને સાહેબશ્રી પ્રમુખ તરીકે ઉપસ્થિત રહેલા તે ક્ષણને યાદ કરીને હું ધન્યતા અનુભવું છું.

મૃદુભાષી, ધીરગંભીર અને નિષ્ઠાવાન એવા સાહેબશ્રીના કર્તવ્યપાલન, સાદગી તથા સેવાના ગુણોની સુવાસ સતત ફેલાતી રહી છે. સિપોર ગામની નાનામાં નાની સેવાપ્રવૃત્તિના તેઓ પ્રેરણામૂર્તિ રહ્યા છે. તેથી જ સિપોરના જનહૃદયમાં આજદિન સુધી સાહેબશ્રીનું આગવું અને અનેરું સ્થાન અંકિત થયેલું છે.

"**पावका नः सरस्वती ।**" (ઋગ્વેદ-1, 3, 10) આ વેદનું વિધાન છે તથા ગીતામાં પણ કહ્યું છે કે ``**न हि ज्ञानेन सदृशं पवित्र मिह विद्यते ।**" (ગીતા-4-38) આ જગતમાં જ્ઞાન જેવું પવિત્ર બીજું કંઈ નથી તે જ રીતે સાહેબશ્રીની વિદ્યા પવિત્ર છે તથા અન્યને પવિત્ર કરનારી બની રહી છે.

સાહેબશ્રીએ છ દાયકાથી વધુ શિક્ષણ અને સેવાકાર્યથી અનેકના જીવનમાં અજવાળું પાથર્યું છે, અનેકના પથદર્શક બન્યા છે, હજારો લોકોને ઉત્તમ જીવનની પ્રેરણા આપી છે. નિવૃત્તજીવનમાં પણ સતત પ્રવૃત્ત એવા સાહેબશ્રીની સમગ્ર ગુજરાતભરમાં શિક્ષણથકી જાણીતી બનેલી કડી કેળવણી મંડળની સંસ્થાના અનેક હોદ્દાઓ ઉપર પ્રશંસનીય સેવાઓ રહી છે. હાલ સાહેબશ્રી કડી કેળવણી મંડળના પ્રમુખ તરીકે સેવાઓ આપી રહ્યા છે. આજે જ્યારે સાહેબશ્રીના સન્માન માટે કડી કેળવણી મંડળ અભિવાદનગ્રંથ તૈયાર કરવા જઈ રહ્યું છે ત્યારે કડી કેળવણી મંડળ અને સમગ્ર શિક્ષણજગત માટે આનંદ અને ગૌરવનો પ્રસંગ છે.

અંતમાં પરમ દયાળુ પરમાત્માને પ્રાર્થના કે સાહેબશ્રીને નિરામય શતાયુ બનાવે અને સમાજને સેવાકાર્યમાં તેમની અવિરત પ્રેરણા મળતી રહેશે તેવી શ્રદ્ધા સાથે અભવંદના.

•

# અમારા મનુકાકા

■ ચંદુલાલ હીરાલાલ પટેલ

*આવન જાવન એ છે પ્રવાહિતા પ્રકૃતિની,*
*ને પ્રવાહમાં સહજ થૈ જીવવું તે આપણી.*

ચાણસ્માનાં પાંચમાં પૂછતાં ખાનદાન ખોરડાંઓમાંનું એક તે ગોદડ કસળચંદના પરિવારનું ખોરડું. તે આપણા મનુકાકાની પૈતૃક ધરોહર. નામ અને કામ પરસેવો પાડીને જ સચવાય. વ્યથાને વેઠીને, હસીને ને સહીને જ સચવાય, તો જ તે દમકદાર રહે, નહીં તો ભૂંસાતાં વાર ન લાગે. બધા ભાઈઓની હયાતી જતાં જેકીશનદાસના હાથમાં આ ખોરડાની આબરૂ સાચવવાની જવાબદારી આવી. આ જેકાભા (અમારા હોઠે ચડેલું નામ.) તે મનુભાઈના પિતાશ્રી. સામાજિક મોભો સચવાય અને આબરૂ પણ જળવાય એ રીતે કુટુંબના તમામ વ્યવહારો કુશળતાથી પાર પાડવામાં આર્થિક સમસ્યાઓ કદીક-કદીક આવી જાય. આવા કોઈક સમયગાળા દરમિયાન મનુકાકાનો અભ્યાસ આગળ વધતો ચાલ્યો. અમદાવાદની એલ. ડી. આર્ટ્સ કૉલેજમાં દાખલ થયા. પિતાનો પ્રેમ અને લાગણી છતાં કુટુંબને સહાયભૂત થાય એવી એક ઊંડી ઝંખના પુત્ર મનુ પ્રત્યે જાગતી અને શમી પણ જતી. મનુભાઈને આનો આછો અણસારો પણ વરતાતો. ઇન્ટર આર્ટ્સની પરીક્ષા આપી પણ પરિણામ વિશે લબઢબ મનુભાઈના મનમાં ચાલી રહી હતી. આવા સમયે જ પિલવાઈની શેઠ જી. સી. હાઈસ્કૂલના આચાર્યશ્રીનું તે શાળામાં શિક્ષક તરીકે જોડાવાનું કહેણ આવ્યું. તે સ્વીકારાયું. એક વિદ્યાર્થી અભ્યાસ છોડી શિક્ષક બનવા તૈયાર થઈ ગયો હતો. પરિણામ તો સારું આવ્યું પણ હવે તો આ પ્રવાહમાં તરવું જ રહ્યું. સહજ થઈ જીવવું રહ્યું. દરમિયાન શિક્ષકની કારકિર્દીમાં એસ.ટી.સી. (શિક્ષક માટેની તાલીમી જરૂરિયાત અને ઉપયોગી) પરીક્ષા નોકરી દરમિયાન યોગ્ય નિર્દેશકની નિશ્રામાં લેવાય. આ પરીક્ષા માટે આચાર્યશ્રી છ. કા. પટેલની સલાહને સ્વીકારી. આચાર્યશ્રી છગનભાઈની હૂંફ, પણ તાવણી પણ આકરી. એસ.ટી.સી.ના પાઠના નિર્દેશનમાં અઢળક સૂચના આવે. આ નવોસવો યુવા શિક્ષક નિરાશ થઈ જાય. વળી પાછા ટટાર થૈ વળગી પડે. શિક્ષણને લગતાં આચાર્યશ્રી દ્વારા સૂચિત પુસ્તકો વાંચવાં જ પડે અને પરીક્ષા આપી. પરિણામ આવ્યું સમગ્ર મુંબઈ રાજ્યમાં પ્રથમ સ્થાન મેળવી ઉત્તીર્ણ થયા. ઉત્સાહ અને આત્મવિશ્વાસ ઊભરાયો. આ જીવને હવે તો સાચા શિક્ષક થવાની તરસ જાગી હતી. તેને છિપાવવી હતી.

"ચાલવાના અર્થને જાણ્યા પછી, થોભવાની વાત તો વળગણ કહેવાય'"

અને આ તરવરિયો યુવા સાધક પોતાની અંદરના શિક્ષકત્વને મઠારતો રહ્યો.

બી.એ.ની ડિગ્રી એકસ્ટર્નલ વિદ્યાર્થી તરીકે હાંસલ કરી. એમ.એ.ની ડિગ્રી વિસનગરની આવન-જાવનની ખેપ કરી પ્રાપ્ત કરી. બી.એડ્.ની ડિગ્રી વલ્લભવિદ્યાનગરની કૉલેજમાં અભ્યાસ કરી પ્રાત કરી. કોઈ પણ ક્ષેત્રમાં સફળ થનારનેય શિક્ષકનો સાથ જોઈએ જ. સાચા અને સારા શિક્ષક થવા માટે આંતરિક અને બાહ્ય બળો સાથે બાથ ભીડવી જ રહી. યોગ્ય સંજોગો પણ ઊભા થાય છે. આ સંજોગોને વધાવે તે જ વૃદ્ધિ પામે. આવું જ કૈંક આ શિક્ષક માટે થયું. મહેસાણા જિલ્લા શિક્ષક સંઘની ચૂંટણી લડ્યા અને જીત્યા. શિક્ષક સંઘની સક્રિયતા દરમિયાન પોતાનામાં રહેલી શક્તિઓને ખોળતા અને પામતા પણ રહ્યા. નિર્ભીકતાથી અને ક્ષમતાથી ઝળહતા રહ્યા. સાચા શિક્ષત્વને પામવાની ખેડ ખેડતા રહ્યા. આ જણ ખરતા તારાની જેમ ખસતી ક્ષણોના લિસોટામાં પણ જાતને જોતરતા રહ્યો. સિપોરના શિક્ષણજગતના આવા એક પ્રવાસી સાથીદાર શ્રી પ્રતાપભાઈની નજરમાં વસતાં સિપોરની આદર્શ હાઈસ્કૂલના આચાર્ય માટે યોગ્ય જણાયો. પરિણામસ્વરૂપે સને ૧૯૬૭માં તે હાઈસ્કૂલના આચાર્ય બન્યા. અસ્પષ્ટ વંટોળ વચ્ચે સરળ અને પ્રામાણિક ધૈર્ય જીવવાની કળા જ સાધના છે. અવસરને ઉત્સવમાં ફેરવે તેનાં વધામણાં ન થાય તો જ આશ્ચર્ય. મનુભાઈના સ્પર્શથી શાળા દીપવા માંડી શિક્ષણથી, પ્રવૃત્તિઓથી, અક્ષરોથી અને સાત્ત્વિક વ્યક્તિઓની આવનજાવન થકી શાળા ચેતનવંતી લાગવા માંડી અને સાથે જ મનુભાઈનો માંહ્યલો કોળતો રહ્યો. મનુભાઈનું વ્યક્તિત્વ એ રીતનું ઘડાતું જતું હતું કે ''મહેકે જો ભી હાથ મિલાયે.'' તેમના થોડાક સંપર્કમાં આવનાર તેમનો આશક ન થાય તો જ નવાઈ. સિપોરની આ શાળાની શાખને આપશ્રીએ સિપોરને વિશેષ ભાવથી જાણી લઈ ઉત્કટ ભાવભરી દૂરદર્શિતા થકી વિશિષ્ટ આભા અર્પી. આપની ધૈર્યભરી માવજત અને શાળા પ્રત્યેની આસ્થા, કૈંક કરી છૂટવાનો ઉત્સાહ અને સમગ્ર વાતાવરણનો ક્યાસ કાઢ્યા પછી સંસ્થાનો વધુ ઊંચે સ્થાને લઈ જવાની તમન્નાએ પરિણામ બતાવવાં શરૂ કર્યાં. આ દરમિયાન આપનો ઉત્તમ આચાર્ય થવાપણાનો ઉછેર પણ આ સંસ્થામાં થતો ચાલ્યો. જે આપશ્રીના ઘડતરનું બીજું પગથિયું હતું. પિલવાઈમાં છ. કા. પટેલનો પ્રેમભાવ અને માર્ગદર્શન આપને સારા અને સાચા શિક્ષક તરીકે ઉપસાવવામાં હૂંફાળુ વાતાવરણ આપને પ્રદાન કરવામાં કેળવણી મંડળના સંચાલકશ્રીઓ - શ્રી પ્રેમશંકર શુક્લ, શ્રી બાબુભાઈ વૈદ્ય, શ્રી માધવલાલ પટેલ, શ્રી વાઘજીભાઈ સોલંકી અને શ્રી ગોપાળભાઈ પટેલ, શ્રી ઈશ્વરભાઈ પટેલ, શ્રી નરોત્તમભાઈ પટેલ, શ્રી લક્ષ્મણભાઈ મિસ્ત્રી, શેઠશ્રી બુદ્ધિલાલ સલુભાઈ, શ્રી રણછોડભાઈ પટેલ, દેવશંકરભાઈ ત્રિવેદી વગેરેનો અગ્રીમ ફાળો રહ્યો છે. આ ઉપરાંત ગ્રામજનો, આપના બાવડાંમાં બળ પૂરનાર આપનો શિક્ષક સમુદાય અને અન્ય સહાયકો, આપનો શાળાનો છાત્રગણ વગેરે પણ કારણભૂત ગણીએ તો યોગ્ય ગણાય. આપના ઊભરતા જતા પ્રભાવી વ્યક્તિત્વને આંકવામાં કદાચ ઊણા ઊતરાય પણ આપની ઊંચાઈ વધતી જાય છે તે નજરમાંથી બહાર જઈ શકે તેમ નથી. આપશ્રીને આ ભૂમિમાં જ ડૉ. દ્વારકાદાસ જોષી, ડૉ. વસંત પરીખ, બબલભાઈ મહેતા, નારાયણ દેસાઈ, નવલભાઈ શાહ જેવા સર્વોદયી કાર્યકરોની સંગત મળી. આપના અથાક પ્રયત્નોથી શાળામાં સાક્ષરશ્રીઓ અને મહાનુભાવો જેવા કે – શ્રી ઉમાશંકર જોશી, શ્રી પન્નાલાલ પટેલ, શ્રી સુંદરમ્, શ્રી સ્નેહરશ્મિ, શ્રી યશવંત શુકલ, શ્રી પુરુષોત્તમ માવલંકર, શ્રી

ગોરધનદાસ ચોખાવાલા, શ્રી ઠાકોરભાઈ દેસાઈ, શ્રી બાબુભાઈ જસભાઈ, શ્રી પી.સી. પરીખ, શ્રી ગોરધનભાઈ પટેલ વગેરેને બોલાવી ગ્રામજનોને અને શાળાના કાર્યકરોને અનોખી અને સાત્ત્વિક લ્હાણી કરી. ઘરેડભર્યા વાતાવરણના બદલે નાવિન્ય સભર શિક્ષણ પીરસવાની આપની આ અનોખી દેણ હતી.

આવા સંપર્કો દ્વારા આપનામાં અદષ્ટ શક્તિઓ વિકસિત થતી રહી. આ દરમિયાન તેમજ તેના નજીકના ભૂતકાલીન શિક્ષક સંઘની કામગીરી અને તત્કાલીન આચાર્ય સંઘની કાર્યવાહી ચાલતી હતી. આ બધામાં ચીલાચાલુ ઘરેડથી ઊફરા થઈ આપનું પ્રદાન ઊંડા અભ્યાસુ તરીકે પ્રસ્થાપિત થઈ ચૂક્યું હતું. આપશ્રી કુશળ સંગઠન અને સમન્વયદર્શી તરીકે ઊભરતા રહ્યા આપશ્રીની સંઘોના પ્રશ્નોની રજૂઆત તર્કપૂર્ણ, અર્થપૂર્ણ અને પ્રશ્નકેન્દ્રી થઈ ઉકેલવામાં સરળતાભરી છે તેમ સામેની સરકારી પ્રણાલિકામાં વિશ્વસનીયતા સ્થાપિત થવામાં સફળ રહી છે. આમ બન્ને સંઘોની આપની કાર્યપ્રણાલી હેતુલક્ષી ચીલાચાલુ ઘરેડના બદલે દિશાસૂચક બનાવવામાં આપનો સિંહફાળો રહ્યો છે. આચાર્ય સંઘમાં રહી આપની સફળ કામગીરીની પ્રશંસા ગુજરાતની શિક્ષણજગતની તમામ શાળાઓના વ્યાપમાં પ્રસરી ચૂકી. આથી જ તો આપનાથી પ્રેરિત થઈ અનેક વ્યક્તિઓ સંઘીય પ્રવૃત્તિમાં સામેલ થઈ ઉત્સાહથી કામ કરવામાં દિશાસૂચન પામી છે. આમાં મારી જાતને સામેલ કરવામાં મારું ગૌરવ છે એમ માનું છું.

આટલી બધી વ્યસ્તતા વચાળે આપશ્રીના સિપોર નિવાસની ક્ષણો પણ આપને ને આપના કુટુંબને ગમતીલી રહી છે. આપશ્રીની કુટુંબવત્સલતાની અને સદ્ગત પુષ્પાકાકીની પ્રેમભાવથી ઊભરાતી છત્રછાયામાં નાના ભાઈ, પુત્ર, પુત્રીઓ, ભત્રીજા, ભાણેજડાં વગેરે ઉછેર પામવાની સાથે અભ્યાસિક, વ્યવસાયિક અને વ્યવહારિક માળખામાં ગોઠવાતાં રહ્યાં. આપના આ સમયમાં કુટુંબભાવનાની ભારતીય સંસ્કાર મુજબની અનોખી ભાવના વ્યાખ્યાયિત થયા મુજબ આપના બન્નેના જીવનમાં આચરાતી જોવા મળી છે. આવી આદર્શ વિભાવના કોઈ પણ ભાર વિના આત્મસાત્ થઈને સહજ રીતે આપ બંનેની વડીલોપાર્જિત ગરવાઈમાં રૂપાંતરિત થતી જણાય તે આપના નજીકના સંપર્કમાં આવનારને વરતાય જ. આપશ્રીની આ વિભાવના નિવૃત્તિ બાદમાં ચાણસ્મા નિવાસમાં જાણવા મળે, જો તેમનું આતિથ્ય માણવા મળ્યું હોય તો.

આપશ્રીની આભા દ્વારા સભાસંચાલન, વક્તૃત્વશક્તિ વગેરે સહજ જ શ્રોતાગમ્ય, દિશાલક્ષી, પ્રસંગોચિત અને સ્થાનલક્ષી તેમજ ધ્યેયલક્ષી પણ બનતાં રહ્યાં. સમૂહ વચ્ચે આપણા શબ્દોને પણ સાંભળવા અને જ્યારે એકલા હોઈએ ત્યારે આપણા વિચારોને આ બાબત આપના વ્યક્ત અને અવ્યક્ત જીવનમાં વણાતી રહી છે. આવું સહજ થતું સંયોજનથી આપના ચારિત્ર્યનું અભિન્ન પાસું નિખરતું રહ્યું છે.

આપની આવી સર્વતોમુખી સુવાસે જ આપશ્રીને સર્વ વિદ્યાલય, કડીમાં આચાર્યશ્રીની નવનિયુક્તિના સમયે તેના સંચાલક મંડળના ધ્યાન બહાર ન જ રહે તેથી આપશ્રીને તે સ્થાન ગ્રહણ કરવા સન્માનભેર આમંત્રણ આપ્યું. આથી અંતર-વલોણાથી ઘવાયેલ ચિત્તે સિપોરની શાળાનો, તેના સંચાલકોનો, વિદ્યાર્થીગણનો, ગ્રામજનોનો પ્રેમ અંતરે ગોપાવી આપશ્રી આપના સામાર્થ્યનો વિશેષ ઉઘાડ થાય તેવી કોઈ કુદરતી યોજનાને આધીન

થયા. આમ, આપની કારકિર્દીનું વહેણ પણ "વરસાદ પડે અને ખળખળતું વહેણ, શોધતું રસ્તો આપમેળે'' એમ આપશ્રીને સર્વ વિદ્યાલયના પટાંગણ સુધી દોરી ગયું અને આમ જ પરમ પૂજ્ય છગનભાના પુણ્ય પુરુષાર્થથી ધ્યેયલક્ષી આ સંસ્થામાં આપશ્રીનું પદાર્પણ સને ૧૯૮૫માં થયું.. સાધક માટે તો આખી સૃષ્ટિ સાધનાખંડ છે અને આખું જીવન સાધકનું અનુષ્ઠાન છે. આવી ઉચ્ચ ભાવના સાથે અને આપશ્રીના પૂર્વ સૂરિઓએ ઊભી કરેલી આદર્શની દીવાદાંડીને નજરઅંદાજ ન થાય તે રીતે આરંભ કર્યો. સંસ્થાના પૂર્વ સૂરિઓ શ્રી પોપટલાલ ગુલાબચંદ પટેલ, શ્રી બાપુભાઈ વી. ગામી, શ્રી નાથાભાઈ ના. દેસાઈ, શ્રી મોહનભાઈ બી. પટેલ વગેરેની છબી અને સુચારુ સંચાલનને લક્ષમાં લઈ આપની દૃષ્ટિસંપન્ન શક્તિને ઊર્ધ્વગામી બનાવી સંસ્થામાં કાર્યરત થયા. ચાલુ સ્થિતિને અવલોકી તેની ખૂબીઓ અને સુધારો માગતી બાબતોની પણ સૂક્ષ્મ નોંધ લીધી આપના ગતિશીલ ચિત્ત દર્પણમાં. ખૂબ ધીરજથી વિચારી લીધી. તેમની પાસે રાખેલી સંસ્થાની ધુરાના સંચાલનમાં અપેક્ષાઓ સંસ્થાના સંચાલક મંડળના ધૂરીણો શ્રી માણેકલાલ પટેલ, ડૉ. શ્રી રામભાઈ પટેલ, શ્રી ધનાભાઈ વકીલ, શ્રી પુરુષોત્તમદાસ પટેલ (દાસકાકા), શ્રી નટુભાઈ પટેલ (ભાણાભાઈ), ડૉ. શ્રી મણિભાઈ, શ્રી ખોડાભાઈ પટેલ, ચૅરમૅનશ્રી વલ્લભભાઈ, ડૉ. શ્રી કનુભાઈ પટેલ, ડૉ. ભરતભાઈ પટેલ વગેરે અને સંસ્થામાં રસ લેતા અન્ય મહાનુભાવોની મુલાકાતો દ્વારા તેમના તાજા પરિચયમાં પણ વધુ દક્ષતાની અસર વર્તાય તેવી આપની કાર્યશૈલી હતી. શાળાની અને અન્ય સંકળાયેલી સંસ્થાઓ વિશે છાત્રાલયની વ્યવસ્થા પદ્ધતિ, છાત્રનિવાસી વિદ્યાર્થી ગણના પ્રશ્નો વગેરે દ્વારા આપશ્રી અવગત થતા ગયા. શાળાની સમગ્રતાને ખ્યાલમાં લઈ આપશ્રી આપની દૃષ્ટિ મુજબ ઘડવાની સજ્જતા કેળવતા રહ્યા. પોતાની નિજતાના નિખાર સાથે સમગ્ર સંસ્થાના ભાવાવરણને પ્રતિકૂળ ન થાય તે રીતે વર્તતાં જતા વિધ વિધ અનુભવોમાંથી પણ જાતને તૈયાર કરતા રહ્યા. નિજી આભા અને વિશિષ્ઠ કાર્યશૈલીથી શાળાનાં તમામ અંગો સાથે સંકળાયેલ વ્યક્તિઓ, સંચાલકો, શિક્ષકગણ, વિદ્યાર્થીગણ અને અન્ય કાર્યવાહકોમાં પ્રસ્થાપિત થઈ ઉપસતા રહ્યા. સૌની વિશ્વસનિયતા પ્રાપ્ત કરતા રહ્યા. નાના મોટા પ્રશ્નો ઊભા થાય ત્યારેય તમારી કાર્યશૈલી સહજ રીતે ચાલતી રહી. પ્રશ્નો સહજતાથી ઉકેલાતા રહ્યા. મહેસાણા આચાર્ય સંઘના પ્રમુખ, મહેસાણા માધ્યમિક શિક્ષણ સાથે સંકળાયેલ વિવિધ સંઘોની સંકલન સમિતિના પ્રમુખ, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ, મહેસાણા જિલ્લા શાળા સંઘના મંત્રી તેમજ આવી પડતી અન્ય શૈક્ષણિક કે અન્ય શિક્ષણેત્તર પ્રવૃત્તિઓમાં આપશ્રીના યોગદાન સાથે જ સર્વ વિદ્યાલય, કડીના સંચાલનમાં સહજતા અને સરળતાને આંચ આવવા દીધી નથી.

આમ, આપની સર્વગ્રાહી દૃષ્ટિ સંપન્નતાથી સહજ રીતે પ્રાપ્ત થતી ગુજરાત રાજ્ય શિક્ષણ બોર્ડના કારોબારી સભ્ય (૧૯૮૧-૧૯૮૯) તરીકેની, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના સેનેટ સભ્યની, ઇંદિરા ગાંધી ૨૦ મુદ્દા સમિતિની સેવાઓની જવાબદારી અદા કરી સર્વ વિદ્યાલય, કડીની સંસ્થાને પણ પોતાની યશ પ્રાપ્તમાં નમ્ર થઈ સહભાગિતા આપતા રહ્યા. આપની સારસ્વતના સાધના કલમ દ્વારા પણ ચાલતી રહી છે.

(૧) ગુજરાતી/હિન્દી વ્યાકરણ ધો. ૧૧ (૨) શાળા સંચાલન (૩) પ્રતિભા વંદના-

૧(૧૯૯૮) અને ૨(૨૦૧૮). આ ઉપરાંત આપશ્રીએ ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના મુખપત્ર – 'સારસ્વત'નું સતત ૧૦ વર્ષ સુધી તંત્રી તરીકે સંચાલન પણ કર્યું છે. આપની પ્રતિભાની યોગ્યતાને પ્રમાણી ભારતના રાષ્ટ્રપતિ દ્વારા અપાતો શ્રેષ્ઠ શિક્ષક અવૉર્ડ સને ૧૯૯૩માં એનાયત થયો. જે ઍવૉર્ડની યથાર્થતા સિદ્ધ કરવા રૂપ છે. સને ૨૦૦૩માં પાટણ જિલ્લાના યશસ્વી કેળવણીકાર તરીકે સન્માનતાં મુખ્યમંત્રીશ્રીના હસ્તે તામ્રપત્ર અર્પણ કર્યું છે. સરદાર પટેલ યુનિવર્સિટીના 'બેસ્ટ ટીચર ઍવૉર્ડ' દ્વારા સન્માનિત થયા છો.

સને ૧૯૯૫માં આચાર્ય તરીકે નિવૃત્ત થયા બાદ આપની શક્તિઓને પ્રમાણી પ્રારંભમાં કેમ્પસ ડાયરેક્ટર તરીકે સેવા અર્પવાની મંડળની લાગણીનો સ્વીકાર કર્યો. ત્યાર બાદ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના મંત્રી તરીકે સેવાઓ સતત વીસ (૨૦) વર્ષ સુધી અને સને ૨૦૨૦થી લગભગ ત્રણ વર્ષ સુધી કડવા પાટીદાર કેળવણી મંડળ, કડીના પ્રમુખ તરીકે સેવાઓ અર્પીને તેમજ ૧૩ ઑગસ્ટ-૨૦૨૩થી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ તરીકે સેવાઓ અર્પવા દ્વારા સદર મંડળના સન્માનના અને મંડળ સાથેની આત્મીયતાના ભાગીદાર બન્યા છો. ત્યારે આપના આવા કાર્યને પ્રમાણવામાં અમને કદાચ અમારી લાગણીઓની ઓછપ અનુભવવાનો અહેસાસ થાય છે.

સતત શુભ દર્શન થકી રાજી થતા આ મનુકાકા નિવૃત્ત થઈ ચાણસ્મામાં કાયમી નિવાસી થયા. આપશ્રીના માનસને શૂન્યવત્ થઈ જીવવું એ શક્ય જ નહોતું. તેમજ ચાણસ્માને તો આવા કર્મઠ કાર્યકરની તરસ હોય તે સહજ છે. 'ભૂખી શબરીનાં બે-એક બોર આરોગી, જનમ ભૂખીને તું જમાડી જા.' કવિ સુંદરમ્‌ની પંક્તિઓના ટહુકાનો જવાબ આપતા હોય તેમ અમારા નગરની ઘણીબધી સંસ્થાઓ સાથે સક્રિય થવા માંડ્યા. સાથે જ જરૂરિયાત મુજબ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીની કાર્યવાહી અર્થે કડી અને ગાંધીનગરની ખેપ જૈફ ઉંમરે પણ કરતા રહી ઘણી બધી સંસ્થાઓમાં આપની સત્ત્વશીલ દૃષ્ટિનું અને કર્મઠતાનું ઊંજણ આંજતા રહ્યા છો. અગાઉ પી. પી. પટેલ હાઈસ્કૂલના આચાર્ય તરીકે પ્રસ્થાપિત કરવાની માગણીને ન સ્વીકારવાનું કોઈ કારણ હશે પણ હવે તો એ જ શાળા અને કેળવણી મંડળ સંચાલિત શાળાઓમાં કાર્યરત થવામાં અનહદ ઉત્સાહ દાખવ્યો. ચાણસ્મા કેળવણી મંડળમાં સહમંત્રી તરીકે ૧૦ (દસ) વર્ષ અને મંત્રી તરીકે ૧૨ (બાર) વર્ષ સેવા અર્પી. આપશ્રીની આવી સરાહનીય કાર્યવાહીથી મંડળની તમામ સંસ્થાઓ ચેતનવંતી બનતી રહી છે. આપના સાથમાં સદ્‌ગત શ્રી પુરુષોત્તમભાઈ પી. પટેલ, સદ્‌ગત શ્રી કાન્તિભાઈ પી. પટેલ, સદ્‌ગતશ્રી મનુભાઈ બી. પટેલ, સદ્‌ગત શ્રી કેશવલાલ એ. પટેલ, શ્રી પ્રભુભાઈ માધવલાલ પટેલ, શ્રી જયંતીભાઈ વાડીલાલ પટેલ, શ્રી નાથાભાઈ જે. સથવારા, શ્રી ચંદુભાઈ હી. પટેલ, શ્રી પ્રભુદાસ એમ. પટેલ(શાસ્ત્રી) અને શ્રી પી.એ. પટેલ (ગુજરાત વિદ્યાપીઠ) વગેરેની હાજરી આપશ્રીને હૂંફ આપતી રહી. ગર્લ્સ હાઈસ્કૂલનાં તે વખતનાં આચાર્યાશ્રી કુ. શોભનાબેનને ગુજરાત રાજ્યનો શ્રેષ્ઠ શિક્ષકનો અવૉર્ડ મળ્યો છે. તે સન્માનનીય બહેન આજેય શાળા મંડળના મંત્રી તરીકે અને મેડિકલ અને સોશિયલ ડેવલપમેન્ટ ટ્રસ્ટના સંચાલનમાં સક્રિય છે. મંડળ સંચાલિત હાઈસ્કૂલ (અગાઉની એ. વી. સ્કૂલ, ચાણસ્મા)ના શતાબ્દી મહોત્સવના ભવ્ય ઉજવણીમાં અન્ય સાથીદારો સાથે રહી તે ઉત્સવને યાદગાર બનાવ્યો. આપશ્રી ઉપરોક્ત મેડિકલ

ટ્રસ્ટના ૫(પાંચ) વર્ષ સહમંત્રી અને ૧૦(દસ) વર્ષ મંત્રી તરીકે રહી વિવાદોને ટાળવામાં અને સુમેળભર્યા વાતાવરણના સર્જનમાં આપશ્રીની ભૂમિકા યશસ્વી રહી છે. હાલ પણ આપશ્રી તેજ ટ્રસ્ટના ટ્રસ્ટી તરીકે રહી સક્રિયતા સાથેની પ્રગતિશીલ અને સાર્થક ભૂમિકા ભજવતા રહ્યા છો. ગામની બધી જ જ્ઞાતિજનોમાં પથરાયેલી યોગ્ય વ્યક્તિઓને જોડવામાં આપની ભૂમિકાને બિરદાવવી રહી.

આ ટ્રસ્ટના સંચાલનમાં સદ્‌ગત શ્રી પી. પી. પટેલ, શ્રી નથ્થુભાઈ લાલદાસ પટેલ, શ્રી કાનજીભાઈ બેચરદાસ પટેલ, શ્રી રતિભાઈ એસ. પટેલ, શ્રી બાબુભાઈ સી. પટેલ, શ્રી અરવિંદભાઈ પી. શાહ, શ્રી અંબાલાલ આર. પટેલ, શ્રી મહેન્દ્રભાઈ અમથાભાઈ દેસાઈ (મંત્રી, મજૂર મહાજન સંઘ), મુ. શોભનાબેન, શ્રી ભવાનીભાઈ પટેલ વગેરેનો સાથ સહકાર મળતો રહ્યો છે. સંસ્થાની પ્રગતિમાં આર્થિક સંપન્નતા ભાગ ભજવે છે. આ અનુસંધાને આપની સક્રિયતાને આંકવી રહી. શ્રી મીઠાભાઈ કે. પટેલ, શ્રી કિરીટભાઈ એસ. પટેલ, શ્રી રતિભાઈ એસ. પટેલની કરોડો રૂપિયાની સખાવત મળતી રહી છે.

સને ૧૯૪૨ની સ્વાતંત્ર્ય ચળવળમાં આપના પિતરાઈ ભાઈ શહીદવીર મણિભાઈ જે તેમના જેવા કૉલેજના સાથીઓ સાથે અડાસ ગોળીબારમાં શહાદતને પામ્યા હતા તેની સ્મૃતિમાં શહીદ સ્મારક ઊભું કરી તેનું ઉદ્‌ઘાટન સ્વામીશ્રી સચ્ચિદાનંદજી (દંતાલી) દ્વારા કરાવી લોકાર્પણ કરવાની પવિત્ર કામગીરી આપશ્રીની પ્રેરણાથી થઈ. ત્યાર બાદ શહીદવીર મણિભાઈનાં સદ્‌ગત પત્ની પાર્વતીબેનનું સન્માન આદરણીય સંતશ્રી સચ્ચિદાનંદજી મહારાજ દ્વારા જ થયું હતું.

મહાત્મા ગાંધીની સ્મૃતિમાં ચાણસ્મામાં ગાંધી વિનય મંદિર સ્થાપિત થયું. (લોકફાળા અને સરકારશ્રીની ભાવનાથી જગા ફાળવણી દ્વારા) આપશ્રી દ્વારા તે સંસ્થામાં ઊંડો રસ લઈ સદ્‌ગતશ્રી કાન્તિભાઈ બી. પટેલના દાન અને ચાણસ્મા કેળવણી મંડળના સહયોગથી તેના પટાંગણને ઉપયોગમાં લઈ શારદાબા સંસ્કાર ભવનના સર્જનમાં ભાગ ભજવ્યો છે. તેમાં મહિલા પુસ્તકાલય, જ્ઞાન કૌશલ્ય કસોટી જેવી પ્રવૃત્તિઓ આપ દ્વારા પ્રોત્સાહિત થતી રહી છે.

શ્રી લાલજીદાસ લક્ષ્મીદાસ સદાવ્રત ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે વર્ષોથી સેવા અર્પણ કરી સ્વેચ્છાએ નિવૃત્ત થયા છો. આ ટ્રસ્ટ દ્વારા ચાલતા નવા રામજી મંદિર(1918)નાં શતાબ્દી મહોત્સવની ભવ્ય ઉજવણીમાં આપની સતત દોરવણી મળતી રહી છે. આર્થિક સહયોગ મેળવવા દાતાશ્રીઓના સંપર્ક માટે અથાક પ્રયત્નોમાં શરીરશ્રમ ઉઠાવીને ય ભક્તિભાવપૂર્વક સેવાની સુવાસ આપશ્રી પ્રગટાવતા રહ્યા છો.

ચાણસ્મા - પાટણના હાઈવે નજીક ગાયત્રી શક્તિપીઠની સામે આવેલા સચ્ચિદાનંદ યોગાશ્રમની સદ્‌ગત શ્રી સચ્ચિદાનંદજી મહારાજ (ચાણસ્મા) પ્રેરિત પ્રવૃત્તિઓમાં રસ લેતા રહ્યા છો. હજુ પણ તેવી પ્રવૃત્તિઓમાં સક્રિયતા દાખવી આપના આધ્યાત્મિક પાસાને માંજતા રહ્યા છો. આ આશ્રમમાં વધુ સમય ફાળવીનેય શહીદવીરની પત્ની પાર્વતીબેન કદરદાન સેવા-સાધના કરતાં રહ્યાં હતાં તેનું પુણ્ય સ્મરણ કરવું રહ્યું.

આ બધામાં કાર્યરત રહેતાં આપશ્રીની ઈર્ષ્યા કરનારાઓને બાધક બની આક્ષેપો કરવાની પ્રવૃત્તિને લક્ષ્યમાં ન લેતાં સતત પ્રવૃત્તિઓને જ નજરમાં રાખવામાં આપશ્રીની

વિવેકાધીન દૃષ્ટિ અને સમયોચિત સજાગતા જ કારણભૂત માલૂમ પડી છે. આપશ્રીની ખમૈયા વૃત્તિને વંદન.

વતનમાં રહેવું ઊજળા થઈને રહેવું એ કાંકરા ચાવવા જેવું કઠિન છે. ઈર્ષાળુઓના હાથ સજ્જનતાને હરાવી શકતા નથી. 'મેરુ ડગે પણ મનડાં ન ડગે જેનાં' એ ગંગાસતીના ઉદ્‌ગારો આપશ્રીને સાંત્વના આપતા લાગે છે. આવી પડતી વિષમ ક્ષણોમાં દરેકનું મન આળું થઈ જાય છે. ત્યારે જ એવું લાગે 'આંસુઓનાં પડે પ્રતિબિંબ એવા દર્પણ ક્યાં છે? કહ્યા વિના બધું સમજે એવાં સગપણ ક્યાં છે?' આવા પ્રસંગે આપનાં કુટુંબીજનોનો અવારનવાર મળતો સાથ આવી સ્થિતિમાં આશ્વાસક બનતો રહ્યો છે. આપનાં ધર્મપત્ની પુષ્પાબેનનો સધિયારો કુદરત દ્વારા ઝૂંટવાઈ જતાં અકારું લાગે તે સ્વાભાવિક છે. આપનાં દરેક કાર્યમાં પુષ્પાકાકીની મૂગી સહાનુભૂતિ મળતી રહેતી હતી. ચાણસ્માના આપના નિવાસ દરમિયાન આપના પિતરાઈ મોટાભાઈ શંભુપ્રસાદ, નાનાભાઈ મહેશભાઈ અને તેમનાં ધર્મપત્ની પન્નાબેન, પુત્ર અરવિંદભાઈ, પુત્રવધૂ શકુંતલાબેન તથા ભત્રીજાઓ ચતુરભાઈ, રતિભાઈ, કિરીટભાઈ, બાબુભાઈ, પ્રકાશભાઈ, રમણભાઈ દ્વારા જરૂરી સધિયારો અને ધીરજ અર્પતી હૂંફ મેળવવા આપશ્રી ભાગ્યશાળી રહ્યા છો. નિવૃત્તિ પછીનો આપશ્રીનાં ચાણસ્મા નિવાસનો નિર્ણય પૂરો વિવેકભર્યો લાગે પણ તે એક સાહસભર્યું પગલું હતું. આપશ્રીએ આવી એકલતાને પણ મધુરતા અર્પવામાં આપશ્રીના કુટુંબીજનોની અવરજવરને લાગણીપૂર્વક આવકારી એક જ રસોડે જમવાની સ્નેહભરી વ્યવસ્થા પણ કારણભૂત છે. લગભગ કોઈક વખતે જ આપના રસોડામાં એકલા આપનો અને આપની બહેનની જમવાની રસોઈ બની હશે. આપના ત્યાં આપશ્રીના રસોડાની મધુરતા અને પ્રેમભરી સરભરા, આત્મીયતા ભરી બનાવતી અસર તેનો આસ્વાદ લેનાર અભ્યાગતથી કેમ વિસરાય? આપશ્રીના સિપોરના નિવાસમાં સર્જાયેલ કુટુંબભાઈની સ્મૃતિ સંભારવા સાથે આપના એકલવાસ અરે ભૂલ્યો આપશ્રીની સહાનુભૂતિ પ્રાત કરતી બહેનનો સગવડ સાચવવા સાથ કદીય ભારરૂપ થઈ શક્યો નથી.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડીના સૌ પદાધિકારીશ્રીઓએ શ્રી મનુભાઈનું અભિવાદન કરી સન્માનગ્રંથ અર્પણ કરવાનો પ્રશસ્ય નિર્ણય લીધો છે તે બદલ આપ સૌનો હૃદયપૂર્વકનો આભાર વ્યક્ત કરતાં આનંદ અનુભવું છું.

અંતમાં કવયિત્રી દેવિકા ધ્રુવની નીચેની યાદગાર પંક્તિઓ ટાંકીને સમાપન કરું છું. આભાર.

*દીપ જલે જો ભીતર સાજન,*
*રોજ દિવાળી આંગન આંગન,*
*અખંડ જ્યોતે ઝળહળ સૌને*
*વંદન સહ અભિનંદન...*
*અભિનંદન.... અભિનંદન....*

•

# સંવાદિતાના સાધક

■ નાથાલાલ જે. સથવારા

સંવાદિતાના સાધક શ્રી મનુભાઈ જે. પટેલ મારા નિકટના મિત્ર છે. છેવાડાના માનવીનો વિચાર કરનાર ગાંધીવિચારને વરેલા, માદરે વતનમાં 'મનુકાકા'ના હુલામણા નામથી ઓળખાય છે. અદ્વેષ, મૈત્રી અને કરુણાના ઉપાસક છે.

મનુકાકા એટલે હિંમત અને પ્રેમ. અમે ચાણસ્મા હાઈસ્કૂલમાં સહાધ્યાયી હતા. અમે સેવાદળના સ્વયંસેવક હતા. આ સમયગાળા દરમિયાન પ્રવાસ, રમતગમત, રાત્રિ છાત્રાલય, રાષ્ટ્રીય ગીતો, ધ્વજવંદન, ગણવેશ, કવાયત વગેરે પ્રવૃત્તિઓ પ્રાણવાન હતી.

શિક્ષણ અને આરોગ્યમાં સૌને સાથે રાખીને ચાલો એવો તેમનો જીવનમંત્ર. કે. બી. જનરલ હૉસ્પિટલ અને ચાણસ્મા કેળવણી મંડળમાં તંદુરસ્ત પ્રણાલિકાઓ ઊભી કરવામાં તેમનો ફાળો નોંધપાત્ર છે. સંસ્થા માટે દાતા અને કાર્યકર્તાની જરર પડે, ત્યારે મનુકાકા તત્પર રહ્યા.

મનુકાકા કહે છે કાર્યકરે નિરંતર કાર્યરત રહેવાનું છે, પણ સાથોસાથ ક્ષણભર માટે પણ કામનો ભાર કે ચિંતા લગારે રાખવાની નથી.

મનુભાઈ નિવૃત્ત જીવન માદરે વતન ચાણસ્મામાં પસાર કરવા આવતા જતા રહ્યા ત્યારે શિક્ષણ અને આરોગ્ય ક્ષેત્ર કાર્યકર્તા અને દાતાઓને પ્રોત્સાહક બની રહ્યા, ચાણસ્મા કેળવણી મંડળ, કે. બી. જનરલ હૉસ્પિટલ, મહાત્મા ગાંધી વિનય મંદિર, સ્વામી સચ્ચિદાનંદ યોગાશ્રમમાં સૌને સાથે રાખીને વિનમ્ર ભાવે સક્રિય સેવા બજાવી. હૉસ્પિટલ અને મહાત્મા ગાંધી વિનય મંદિરમાં તેમનું નેતૃત્વ અને માર્ગદર્શન નોંધપાત્ર છે.

સને ૧૯૫૩માં મહાત્મા ગાંધી વિનય મંદિર ચાણસ્મા માટે આશરે ૧૧૫૦ ચો.વાર. જમીન સંપાદન કરી બે માળનું સગવડવાળું પાકું મકાન બાંધવામાં આવ્યું. પ્રારંભિક વર્ષોમાં વિદ્યાર્થી પ્રવૃત્તિ, વ્યાયામ પ્રવૃત્તિ, રેંટિયા પ્રવૃત્તિ, વૃક્ષારોપણ, રાષ્ટ્રભાષા હિન્દીનો પ્રચાર, જ્ઞાન કૌશલ્ય પરીક્ષાઓનું સંચાલન, સેવાદળ, રાત્રિ છાત્રાલય, રેડક્રોસ, મહિલા સિવણ વર્ગ, વાંસ ઉદ્યોગ, વ્યાખ્યાનમાળા, શૈક્ષણિક પ્રદર્શન, આંગણવાડી જેવી રચનાત્મક પ્રવૃત્તિઓ ચલાવવામાં આવી. સંજોગોવસાત્ સને ૧૯૭૦થી ૨૦૦૦ના ગાળામાં પ્રવૃત્તિ પ્રચાર ઓસરી ગયો. ભૂકંપથી સંસ્થાનું મકાન જર્જરિત થઈ ગયું. એવામાં શ્રી મનુભાઈ જે. પટેલ નિવૃત્તિ બાદ માદરે વતન ચાણસ્મામાં સ્થાયી થતાં તેઓશ્રીએ ચાણસ્મા પ્રગતિ મંડળના મિત્રો પાસેથી દાન મેળવી મહાત્મા ગાંધી વિનય મંદિરનું રિનોવેશન કરાવ્યું. આ ઉપરાંત દૈનિક પ્રાર્થના સંમેલન માટે તેમજ નાના મોટા સમારંભો માટે હૉલની જરૂર

હતી. શ્રી મનુભાઈએ આ માટે શ્રી કાન્તિભાઈ બી. પટેલને વિનંતી કરી દાન મેળવ્યું અને શારદાબા સંસ્કાર ભવનનું નિર્માણ થયું.

મહાત્મા ગાંધી વિનય મંદિર રાષ્ટ્રપિતાનું સ્મારક છે. ચાણસ્મા ખાતે લોકફાળાથી બાંધવામાં આવ્યું છે. સામે જ પૂર્વ દિશામાં ગર્લ્સ હાઈસ્કૂલ છે. વિનય મંદિરનું કાર્યાલય, સભાખંડ, મહિલા પુસ્તકાલય સાધનસજ્જ છે. શારદાબા સંસ્કાર ભવનનો દૈનિક પ્રાર્થનાસંમેલન અને વ્યાખ્યાનમાળા માટે ઉપયોગ થાય છે. વિદ્યાર્થીઓ માટે ઇનામી સ્પર્ધાઓ, જ્ઞાનકૌશલ્ય પરીક્ષાઓ યોજવામાં આવે છે. આ બધું શ્રી મનુકાકાના નેતૃત્વ અને માર્ગદર્શનથી ગોઠવાયું છે. ડૉ. દ્વારકાદાસ જોષી અને ડૉ. વસંત પરીખ જેવા અગ્રણી સર્વોદય કાર્યકરો તેમના પ્રેરણાસ્રોત છે. શ્રી મનુભાઈ ગાંધી આશ્રમ, ઝીલીઆના સંપર્કમાં પણ રહે છે.

આ ઉપરાંત સ્વામી સચ્ચિદાનંદ યોગાશ્રમ, સ્વ. મણિભાઈ પી. પટેલ શહીદ સ્મારક, નગર પ્રવેશદ્વાર – ચાણસ્મા માટે તેમનું માર્ગદર્શન પ્રેરક રહ્યું છે. ચંચળબા મેમોરિયલ ટ્રસ્ટ અને શાંતાબેન ચેરિટેબલ ટ્રસ્ટની રચના બદલ શ્રી મનુકાકા ધન્યવાદને પાત્ર છે.

તેમણે ચાણસ્મા કેળવણી મંડળ, કે. બી. જનરલ હૉસ્પિટલ, પટેલ લાલજી લક્ષ્મીદાસ ટ્રસ્ટ, રામજીમંદિર શતાબ્દી મહોત્સવ, ચાણસ્મા અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી વગેરે સંસ્થાઓને દાન આપેલ છે.

ડૉ. લેમાર્ટના વરદ્ હસ્તે મનુકાકાને બેસ્ટ ટીચરનો અવૉર્ડ મળેલ છે. રાષ્ટ્રપતિ અવૉર્ડ વિજેતા છે. ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ તરીકે નેતૃત્વ સંભાળ્યું છે.

સ્વામી સચ્ચિદાનંદ પરમહંસ (દંતાલી) કહે છે કે મનુકાકા બનવા માટે તલવારની ધાર પર ચાલવું પડે. ચાણસ્મા કેળવણી મંડળ સંચાલિત શાળાઓમાં આદર્શ વિદ્યાર્થી અને આદર્શ શિક્ષક અવૉર્ડની પ્રણાલિકા શરૂ કરી. શાળામાં ગ્રાન્ટનો પ્રશ્ન હોય, રમતગમતની જમીનનો પ્રશ્ન હોય કે બાંધકામનો પ્રશ્ન હોય ત્યાં સક્રિય બની ઉકેલ લાવવામાં માર્ગદર્શક બન્યા છે. બક્ષીપંચ જાતિનાં પછાત બાળકો માટે આશ્રમશાળા (કારોડા) માટે અમારી સાથે રહીને મિત્રોને અપીલ કરી સંસ્થાને આર્થિક રીતે પ્રગતિશીલ બનાવી. આચાર્ય શ્રી ચંદુભાઈ હીરાલાલ પટેલના સહયોગથી પ્રતિભાવંદના ભાગ-૨ પ્રસિદ્ધ કરી કાર્યકર્તા અને દાતાઓનું માન-સન્માન કર્યું.

વિવાદ નહીં પણ સંવાદ તેમનો જીવનમંત્ર છે. ૧૫ ઑગસ્ટ, ૨૦૦૩ના રોજ પાટણ મુકામે તે વખતના મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે પાટણ જિલ્લાના યશસ્વી શિક્ષણકાર તરીકે તામ્રપત્રથી સન્માનિત કરવામાં આવ્યા હતા. આજે ચાણસ્મા કેળવણી મંડળ શાન્તાબેન શંભુપ્રસાદ શિક્ષણ સંકુલ નામાભિધાન શ્રી મનુભાઈ માટે ગૌરવપ્રદ છે. એન્જિનિયરશ્રી પી. પી. પટેલ વ્યાયામ સંકુલ અને કંકુબા ઑડિટોરિયમ જમીન માટે શ્રી મનુભાઈએ પ્રશંસનીય કાર્યવાહી કરેલ છે. સને ૧૯૫૫માં અમે એસ.એસ.સી. વર્ગમાં હતા. શ્રી પી. સી. પરીખ અમારા પ્રિન્સિપાલ હતા. મનુભાઈ, નારણભાઈ અને હું અમારી વિદ્યાર્થી ત્રિપુટી હતી. અમે આચાર્યશ્રીના ઘરે પણ જતા. તેમનાં બોધવચનો સાંભળવામાં અમને રસ પડતો. તેઓશ્રી પણ અમને આવકારતા હતા. આ અમારું સુખદ સંસ્મરણ છે.

મેડિકલ ઍન્ડ સોશિયલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ દ્વારા ચાણસ્મા મુકામે હૉસ્પિટલ ચાલે છે. જેમાં છ ડૉક્ટર અને નવ ટ્રસ્ટીઓ છે. દર્દીઓને રાહત દરે સારવાર મળે છે.

હૉસ્પિટલ ભવ્ય મકાન સાથે વિવિધ વિભાગોમાં સાધનસજ્જ છે. શ્રી. મનુભાઈ જે. પટેલ ચાણસ્મા નગરના કર્મનિષ્ઠ પુરુષ અને હૉસ્પિટલના પીઢ ટ્રસ્ટી છે. દેશવિદેશમાંથી દાન પ્રાપ્તિ કરતા રહે છે. ટ્રસ્ટીઓ અને દાતાઓનો સારો સહયોગ છે. સર્વ રોગ નિદાન કૅમ્પ પણ યોજવામાં આવે છે.

અમે શ્રી મનુકાકા સાથે હરદ્વાર, સૌરાષ્ટ્ર વગેરે સ્થળોનો પ્રવાસ કર્યો છે. દેવદર્શન, પ્રકૃતિદર્શન, સમાજદર્શન થયું. પારિવારિક ભાવનાની પ્રતીતિ થઈ. આસ્તિકતાનો અહેસાસ થયો. મારી તબિયત નાજુક હોઈ શ્રી મનુકાકાએ મારી વિશેષ સંભાળ લીધી, તે ભૂલી શકું તેમ નથી. તેમના બારણે આવેલ અનેક અતિથિઓ આવકાર પામે છે.

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા શ્રી મનુભાઈનું જાહેર અભિવાદન અને અભિવાદનગ્રંથ અર્પણ કરવાના નિર્ણયથી અમને આનંદ થયો છે. મનુકાકા એટલે Forgive and Forget, મનુકાકા એટલે Friend. Philosopher and Guide.

અંતમાં શ્રી મનુકાકાનાં ધર્મપત્ની સ્વ. પુષ્પાબેનનું સ્મરણ કરી તેમની સાદર વંદના કરું છું. અસ્તુ !

●

---

*શિક્ષક ચેતનાનો માળી છે. પોતાની આસપાસ બાળકો, કિશોરો, તરુણો ખીલે છે એમાં પોતાનો સર્જનાત્મક ફાળો છે અને એના ખ્યાલ બહાર હોતું નથી... એ ઉંમરે – એ સંજોગોમાં વિદ્યાર્થી એમાંથી પુષ્કળ ચૈતન્ય-પોષણ મેળવે છે – એ પણ એના ધ્યાન બહાર રહેતું નથી.*

*

*જીવનઘડતરમાં માધ્યમિક શાળાના શિક્ષકોનો પ્રભાવ પ્રમાણમાં વધારે પડે છે એવું મને હંમેશાં લાગ્યા કર્યું છે. પ્રાથમિક શાળાનો અનુભવ કેટલોક વિસરાઈ પણ જાય છે અને કૉલેજ વખતે પાકા ઘડા જેવા જોઈએ છીએ. માધ્યમિક શાળામાં જેને સારા શિક્ષક મળ્યા તે સદ્ભાગી.*

**ઉમાશંકર જોશી**

---

# આજીવન સેવા સમર્પિત લોકસેવક

■ પ્રિ. સોમાભાઈ પટેલ 'સોમલ'

જન્મ મનુષ્યના હાથમાં નથી; પરંતુ જન્મ પછીના મનુષ્યના જીવનઘડતરમાં ઘણાં પરિબળો ભાગ ભજવે છે, જે તેના વ્યક્તિત્વને, તેના જીવન પ્રત્યેના અભિગમને ઘડે છે. આ અભિગમ તેની કારકિર્દીના ઘડતરમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. એમાંયે વ્યક્તિની કારકિર્દી ઘડતર દરમિયાન પોતાની ઇચ્છા મુજબનો પસંદગીનો વ્યવસાય પ્રાપ્ત થાય, જીવન અને વ્યવસાય એકબીજાની પસંદગીનાં હોય તો બંને એકબીજાને દીપાવે છે અને પોતાને અને સંસ્થાને ગૌરવ અપાવે છે.

શ્રી મનુભાઈનો મને વર્ષોથી નિકટનો પરિચય છે. વતન એક, વ્યવસાય એક શિક્ષણનો. ચાણસ્મા હાઈસ્કૂલના શિક્ષણ દરમિયાન તેઓ મારાથી બે વર્ષ પાછળ ખરા, પરંતુ આઝાદીની લડતનાં અને રાષ્ટ્રીય જાગૃતિનાં એ વર્ષો દરમિયાન ચાણસ્મા ગામમાં થતી સામાજિક, શૈક્ષણિક અને જાહેરજીવનની સર્વ પ્રવૃત્તિઓમાં અમે સહયોગી રહ્યા હતા. આચાર્યપદેથી સેવાનિવૃત્તિ પછી તેઓ વતન ચાણસ્મામાં સ્થાયી થયા અને હું અમદાવાદમાં એટલે સંપર્ક ઓછો થયો તેમ છતાં પરસ્પર સંવાદ અદ્યાપિપર્યંત નિકટનો અને જીવંત રહ્યો છે, એટલે જ હું શ્રી મનુભાઈ વિશે કહી શકું કે તેઓ નખશિખ આજન્મ શિક્ષક છે. શિક્ષક-આચાર્ય હોવાનાં ગૌરવ અને શાલીનતા એમના વ્યક્તિત્વમાં સહજ રીતે જ દૃષ્ટિગોચર થતાં સૌને જોવા મળે છે.

પિલવાઈમાં શિક્ષક તરીકે અને સિપોરમાં અને કડી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલમાં આચાર્યપદે રહ્યા તે બધાં વર્ષો દરમિયાન તેમણે વિદ્યાવ્યાસંગી શિક્ષક દ્વારા થતા ઉત્તમ શિક્ષણકાર્યનો અને આચાર્ય તરીકે શાળા-સંચાલન દરમિયાન વહીવટી કુશળતાનો તેમજ શિસ્તના આગ્રહી, છતાં વિદ્યાર્થીઓ પ્રત્યેની વત્સલતાનો આદર્શ પ્રસ્થાપિત કરીને આ સર્વે શિક્ષણ સંસ્થાઓને પણ ગૌરવ અપાવ્યું છે.

શ્રી મનુભાઈ તેમની શિક્ષક-આચાર્ય તરીકેની સેવાઓ દરમિયાન શિક્ષણના ક્ષેત્રની વિવિધ આનુષંગિક પ્રવૃત્તિઓમાં પણ સક્રિય રહ્યા હતા. ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ, મહેસાણા જિલ્લા આચાર્ય સંઘ અને શાળા-સંઘના પ્રમુખ તરીકે પણ તેઓ કાર્યરત રહ્યા હતા. એમની શિક્ષક-આચાર્ય તરીકેની યશસ્વી સેવાઓને લક્ષમાં લઈ ભારત સરકારે વર્ષ 1993માં રાષ્ટ્રપતિ દ્વારા શ્રેષ્ઠ શિક્ષક અવૉર્ડથી કેળવણીકાર તરીકે તેમને રાજ્યના મુખ્યમંત્રીશ્રી દ્વારા તામ્રપત્રથી, ઉપરાંત વલ્લભવિદ્યાનગર યુનિવર્સિટી દ્વારા બેસ્ટ ટીચર અવૉર્ડથી અલંકૃત કરાયા હતા.

શિક્ષક અને આચાર્ય તરીકે શ્રી મનુભાઈ સમગ્ર શિક્ષણજગતને પ્રેરણાસ્રોત સમા

છે. સાદગીપૂર્ણ જીવન અને સમાજસેવા પણ એમના વ્યક્તિત્વનાં ઉજ્જ્વળ અને પ્રશસ્ય પાસાં છે. એમના વૈચારિક આદર્શો અને કારકિર્દીના ઘડતરમાં ત્રણ મહાનુભાવોનો ઋણસ્વીકાર તેઓ કરે છેઃ (1) શેઠ જી. સી. હાઈસ્કૂલ, પિલવાઈના તત્કાલીન આચાર્ય (સ્વ.) છગનભાઈ કા. પટેલ જેમના હાથ નીચે તેમને આરંભમાં જ શિક્ષક તરીકેના ઉત્તમ ઘડતરની તાલીમ મળી. (2) વડનગરના સન્માનનીય સર્વોદય કાર્યકર શ્રી દ્વારકાપ્રસાદ જોશી, જેમણે સામાજિક સેવાની એમની વિચારધારા ઘડવામાં ઉલ્લેખનીય ફાળો આપ્યો, અને (3) એમના ત્રીજા પ્રેરણાસ્રોત તે કડી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના સર્વ પ્રિય વત્સલ આચાર્ય સ્વ. નાથાલાલ ના. દેસાઈ. આ ત્રણ ઉપરાંત એમના પ્રેરણાસ્રોતસમા બીજા બે મહાનુભાવોનો પણ ઉલ્લેખ કરવો રહ્યો. તેમાં એક તે મુ. બબલભાઈ મહેતા અને બીજા ડૉ. વસંત પરીખ. અને એટલે જ સિપોરની હાઈસ્કૂલના આચાર્યપદે હતા તે દરમિયાન શિક્ષણકાર્ય અને શાળાના ઉત્તમ વહીવટની સાથે-સાથે ગામના સર્વાંગી વિકાસ માટેની સર્વ પ્રવૃત્તિઓમાં પણ ઓતપ્રોત રહ્યા હતા અને કડી સર્વ વિદ્યાલયમાં પણ મુ. નાથાલાલ ના. દેસાઈ, પોપટલાલ ગુલાબદાસ, મોહનલાલ પટેલ જેવા પ્રતિભાવંત અને સેવાસંનિષ્ઠ પૂર્વાચાર્યોએ શિક્ષણજગતનાં જે ધોરણો અને ઉચ્ચ આદર્શો પ્રસ્થાપિત કર્યા તેને સ્વીકારી, આવકારી આદર્શોના અભ્યાસ કર્યા.

સેવાનિવૃત્ત થયા પછી શ્રી મનુભાઈ વતન ચાણસ્મામાં સ્થાયી થયા ત્યારથી ચાણસ્માનાં ચાણસ્મા કેળવણી મંડળ, મહાત્મા ગાંધી વિનય મંદિર, કે. બી. જરનલ હૉસ્પિટલ, સચ્ચિદાનંદ આશ્રમ, સદાવ્રતી ટ્રસ્ટ, રામજીમંદિર શતાબ્દી મહોત્સવ જેવી ઘણી સંસ્થાઓમાં તેઓ હાજર રહી તેનું સંચાલન સુપેરે થાય એ માટે માર્ગદર્શન આપે છે. તેમણે માતાપિતાની સ્મૃતિમાં ટ્રસ્ટ બનાવીને તે ટ્રસ્ટ દ્વારા શિક્ષણ, આરોગ્ય જેવી પ્રવૃત્તિઓમાં આર્થિક મદદ પણ કરે છે. મનુભાઈ આજન્મ શિક્ષક અને સેવાનો જીવ એટલે ચાણસ્મામાં 86 વર્ષે પણ તેઓ સતત સેવાપ્રવૃત્ત છે. હકીકતમાં તેમની કડીની શિક્ષણસંસ્થાએ તેમને સેવાનિવૃત્તિ પછી પણ અદ્યાપિપર્યંત જોડી રાખીને તેમની સેવાનો લાભ લઈ રહી છે. સંસ્થા પોતાના કોઈ આચાર્ય નિવૃત્ત થાય એ પછી પોતાના કોઈ શિક્ષણધામનું નામ નિવૃત્ત આચાર્યના નામ સાથે જોડે એવી કલ્પના પણ ભાગ્યે જ થાય, પરંતુ આ કેળવણી મંડળે એમ.એડ્. કૉલેજનું નામ ''આચાર્ય શ્રી મનુભાઈ જે. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન'' કરીને ઉચિત સન્માન કર્યું છે. એ માટે કડી સંસ્થા પણ અભિનંદનને પાત્ર છે. વિશેષતઃ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ તરીકે પણ સંસ્થાએ તેમની વરણી કરી છે. મારા પરમ મિત્ર મનુભાઈ સંપૂર્ણ નિરામય આરોગ્ય સાથે ગમતી પ્રવૃત્તિઓમાં સેવાપ્રવૃત્ત રહે એવી શુભેચ્છાઓ સાથે આપના આ અભિનંદનગ્રંથ માટે આપને અને વિશેષતઃ કડી સંસ્થાને અભિનંદન.

•

# સત્ પ્રવૃત્તિના પ્રણેતા પ્રાતઃ સ્મરણીય અમારા મનુદાદા

■ વસંતભાઈ આત્મારામ પટેલ

શિક્ષણક્ષેત્રે સમર્પિત એવા પ્રાતઃ સ્મરણીય મનુદાદાએ ચાણસ્માનગરને આગવી ઓળખ અપાવી છે. એક આદર્શ શિક્ષક તરીકે કે પછી શાળાના ઉત્કૃષ્ટ આચાર્ય તરીકે તેમણે કરેલી શિક્ષણ ઉપાસના વંદનીય છે. જે સંસ્થા 'નો સ્ટડી, વિધાઉટ કડી' તરીકે સુખ્યાત હતી તે કડી સર્વ વિદ્યાલયના પ્રિન્સિપાલ તરીકે તેમણે આપેલી સુદીર્ઘ સેવાઓ આજે પણ વિદ્યાર્થીજગતમાં પ્રશંસનીય રહી છે. આમ, જીવનનાં મહામૂલાં 39 વર્ષ તેમણે શિક્ષણક્ષેત્રે સમર્પિત કર્યાં છે.

માત્ર શૈક્ષણિકક્ષેત્રે જ નહીં, ચાણસ્માની શૈક્ષણિક, ધાર્મિક, સામાજિક, તબીબી તેમજ સેવાકીય ક્ષેત્રે કાર્યરત્ સંસ્થાઓમાં સક્રિય રહીને તેમણે આ સંસ્થાઓમાં નવા પ્રાણ પૂર્યા છે. તેમની પછીની પેઢીના અમને સૌને ચાણસ્માની વિવિધ સંસ્થાઓમાં કાર્યરત્ કરી તેઓએ અમારા માર્ગદર્શક મોભી તરીકેની ફરજ અદા કરી છે.

આવા મનુદાદા અમારા 'રૂપાણી પરિવાર'ના મોભી અને ચાણસ્મા ગામના આદરણીય વડીલ. ચાણસ્મામાં આશરે 2000 ઘર પાટીદાર પરિવારનાં છે, એમાં મારો પરિવાર પણ ખરો. આદરણીય મનુદાદાનો ઘણોખરો પરિવાર અમેરિકામાં સ્થાઈ થયો છે. મનુદાદાએ ચાણસ્માને વિવિધ પ્રવૃત્તિઓથી હંમેશાં ધમધમતું રાખ્યું છે. તેઓ ચાણસ્માની લગભગ દરેક સદ્પ્રવૃત્તિઓ સાથે તન-મન-ધનથી જોડાયેલા રહ્યા છે.

મારા દાદા મણિલાલ જીવણલાલના કુટુંબ સાથે મનુદાદાને સ્નેહ-સંબંધ વર્ષોથી. હું વ્યાપાર ધંધાર્થે અમદાવાદ સ્થાઈ થયો, પરંતુ વતન ચાણસ્મા દર મહિને નિયમિત જવાનું થાય. જો મનુદાદા ચાણસ્મામાં હોય તો તેમને અવશ્ય મળવાનું થાય. મળે ત્યારે વ્હાલથી કહે, 'બા-બાપુજી અને ઘરનાં સર્વે મઝામાં ને? અને જો આજે ક્યાંય જવાનું નથી, આપણે મારા ઘરે સાથે જમીશું.' તેમનો પુત્રવત્ પ્રેમ પામવાને હું સદ્ભાગી રહ્યો છું. આદરણીય મનુદાદાએ ચાણસ્મામાં આવેલી પી. પી. પટેલ સ્કૂલ જે અત્યારે હાલ શાંતાબેન વિષ્ણુભાઈ સરસ્વતી સદન નામે ઓળખાય છે. જેનાં 75 વર્ષ પૂર્ણ થવાથી તેના અમૃતમહોત્સવનું સુપેરે સંચાલન કર્યું હતું.

આદરણીય મનુદાદાએ તેમના દ્વારા સંચાલિત 'મેડિકલ એન્ડ સોશ્યલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ'ના નેજા હેઠળ ચાલતી કે. બી. જનરલ હૉસ્પિટલ અને સંતોકબેન કાનજીભાઈ પટેલ પ્રસૂતિગૃહના પ્રમુખ તરીકેનો પદભાર સોંપતાં કહ્યું કે, 'જો વસંત, અમદાવાદમાં તો તું ઘણી ધાર્મિક અને સેવાકીય સંસ્થાઓ સાથે જોડાયો છું, પણ સાથે-સાથે વતનની સંસ્થાઓમાં રસ લઈ વતનના લોકોની સેવાનાં કાર્યો પણ સંભાળ.' તેમના શબ્દોને આદેશ

ગણી મેં તેમણે સોંપેલાં કાર્યોને શિરસ્થ કર્યાં છે. આજે તેમના કુશળ માર્ગદર્શન હેઠળ હું આ જવાબદારી નિષ્ઠાપૂર્વક વહન કરતો રહ્યો છું.

અત્યાર સુધી તો આ હૉસ્પિટલ અને પ્રસૂતિગૃહના ખર્ચને પહોંચી વળવા મનુદાદાના યુ.એસ.એ.માં રહેતા પરિવારજનો તેમજ તેમના સંપર્કો થકી જ ફંડ મળી રહેતું, પરંતુ મને જ્યારે પ્રમુખપદની જવાબદારી સોંપી છે ત્યારે મારી એવી ભાવના ખરી કે મનુદાદાના આશીર્વાદથી અહીંના સંપર્કો થકી માતબર દાન ભેગું કરી હૉસ્પિટલના વાર્ષિક ખર્ચને સરભર કરવા પ્રયત્નશીલ રહેવું. તેમની પછીની પેઢીના મારા જેવા ઘણાઓને મનુદાદાએ વિવિધ જવાબદારી સોંપી વતનનાં સદ્કાર્યોમાં પ્રવૃત્તિશીલ કર્યો છે.

હાલમાં જ ચાણસ્માના રામજીમંદિરની શતાબ્દી અવસરે મળ્યા ત્યારે તેમણે મને બાજુમાં બેસાડી કહ્યું કે, 'વસંત, અમદાવાદના ઘણાં ધાર્મિક કાર્યોમાં તું રચ્યોપચ્યો રહે છે, હવે આપણા આ રામજીમંદિર માટે પણ આપણે કાંઈક કરવું જોઈએ.' મનુદાદાને વિશ્વાસ છે કે, મારા જેવા ઘણાંઓ તેમનો પડ્યો બોલ ઝીલી તેમણે સોંપેલું કામ કરવા તત્પર રહે છે.

અમારા મનુદાદા હંમેશાં પ્રસિદ્ધિ કે મિથ્યા-પ્રલોભનોથી દૂર રહ્યા છે. તેઓ ક્યારેય ખોટાં સમાધાનો સાથે સહમત થયા નથી. શિસ્તના આગ્રહી અને સરસ્વતીના ઉપાસક એવા મનુદાદા સાચા અર્થમાં અજાતશત્રુ છે. 1993માં રાષ્ટ્રપતિ દ્વારા શ્રેષ્ઠ શિક્ષકનો અવૉર્ડ મેળવનાર આવા અમારા પ્રાતઃસ્મરણીય મનુદાદાના મૂઠી ઊંચેરા શિક્ષકત્વને અને તેમના યશોદાયી પ્રદાનને બિરદાવવાના અવસરે મને તેમના વિશે સંસ્મરણાત્મક લેખ લખવા યશભાગી બનાવ્યો તે બદલ હું પ્રકાશક સમિતિનો આભારી છું.

●

---

*આચાર્યમાં થોડીક વિદ્વતા ઓછી હશે તો ચાલશે, પણ વિદ્યામૂલ્ય, શિક્ષક પાસેથી તેની ઉત્તમ શક્તિવાળું કાર્ય કઢાવવાની કુનેહ અને વિદ્યાર્થી વિકાસમાંથી નિષ્પન્ન થતો આનંદ ખરા આચાર્યમાં જોઈએ.*

**અમૃતલાલ યાજ્ઞિક**

---

# નિરપેક્ષ અજાતશત્રુ પ્રતિભા

**■ પ્રો. ભગીરથભાઈ એ. પટેલ**

પ્રસિદ્ધિ અને પ્રલોભનથી દૂર રહી, ખોટાં સમાધાનોનો અસ્વીકાર કરનાર, ન્યૂનતમ જરૂરિયાત સાથે ખાદી અપનાવી, શિસ્તના આગ્રહી એવા શિક્ષણ વિકાસના શિલ્પી, સુંદર હસ્તાક્ષરો ને ભાષાના પ્રભુત્વવાળા, સરસ્વતીના ઉપાસક, ગાંધીવિચારક અને પ્રેરણામૂર્તિ અને નિરપેક્ષ અજાતશત્રુ પ્રતિભા એવા શ્રી મનુભાઈનો પિતાશ્રી જેકીશનદાસ અને માતૃશ્રી ચંચળબાના સંસ્કારી પરિવારમાં 1937માં ચાણસ્મામાં જન્મ થયો. હાઈસ્કૂલ સુધીનું શિક્ષણ વતન ચાણસ્મામાં મેળવી, અમદાવાદ શહેરમાં એમ.એ. બી.એડ.ની પદવી મેળવી, એસ.ટી. સી. પરીક્ષામાં બૃહદ મુંબઈ રાજ્યમાં પ્રથમ અને બી.એડ્.માં સરદાર પટેલ યુનિવર્સિટીમાં દ્વિતીય સ્થાન મેળવ્યું.

સને 1958થી દસ વર્ષ સુધી શેઠ જી. સી. હાઈસ્કૂલ, પિલવાઈમાં શ્રેષ્ઠ આચાર્ય શ્રી છ. કા. પટેલના નેજા હેઠળ ઉત્તમ શિક્ષક તરીકેનું ઘડતર થયું. 1967થી 1985 સુધી શ્રી શં. મા. ઉપાધ્યાય આદર્શ વિદ્યાલય, સિપોરમાં આચાર્યશ્રી તરીકે સેવા કરી. ત્યાર બાદ મહાત્મા ગાંધીજી દ્વારા રાષ્ટ્રીય શાળાનું બિરુદ પામેલી 'નો સ્ટડી વિધાઉટ કડી'ના કથનથી પ્રખ્યાત થયેલી શાળા સર્વ વિદ્યાલય, કડીમાં 1985થી 1995 સુધી પ્રિન્સિપાલ તરીકે શિક્ષણ વિકાસના શિલ્પી બની અદ્‌ભુત લોકચાહના મેળવી. કુલ 36 વર્ષ શિક્ષણની જ્યોત ગાંધીચીંધ્યા માર્ગે પ્રજ્વલિત રાખી નિષ્ઠાવાન આચાર્યપદેથી 1995માં નિવૃત્ત થયા.

નિવૃત્તિ બાદ સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ભાવનાત્મક આગ્રહને વશ થઈ કૅમ્પસના નિયામક તરીકેની જવાબદારી નિષ્ઠાપૂર્વક, નિઃશુલ્ક સેવાભાવે નિરપેક્ષભાવે નિભાવી.

આપશ્રીએ શૈક્ષણિક સંઘના મંત્રી તથા પ્રમુખપદે, મહેસાણા જિલ્લા મા. શિક્ષણ સંઘના મંત્રીપદે, મહેસાણા જિલ્લાના આચાર્ય સંઘના મંત્રી તથા પ્રમુખપદે, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખપદે રહી યશસ્વી સેવાઓ આપી. 1976થી 19 વર્ષ સુધી મહેસાણા જિલ્લાના વિવિધ સંઘોની સંકલન સમિતિના પ્રમુખપદે રહી શુદ્ધ સંકલનની સેવા આપી. ગાંધીનગરમાં ગુજરાત માધ્યમિક શિક્ષણબોર્ડના કારોબારી સભ્યપદે પાંચ વર્ષ અને ગુ. મા. શિક્ષણબોર્ડની શૈક્ષણક સમિતિમાં સભ્યપદે દસ વર્ષ સેવાઓ આપી. 1989થી 1993 દરમિયાન ઉ. ગુ. યુનિવર્સિટી, પાટણમાં સેનેટ સભ્ય તરીકે પ્રશંસનીય કામગીરી કરેલ. ભૂતપૂર્વ વડાપ્રધાન શ્રીમતી ઇંદિરા ગાંધીના 20 મુદ્દા કાર્યક્રમ અમલીકરણ સમિતિમાં શૈક્ષણિક પ્રતિનિધિ તરીકે ત્રણ વર્ષ સેવા આપેલ.

શ્રી મનુભાઈ જે. પટેલ સમાજ ઉપયોગી કાર્યોમાં જીવનપર્યંત પ્રવૃત્ત રહ્યા છે. શિક્ષણની સંનિષ્ઠ સેવાઓ માટે ભારત સરકાર દ્વારા 1993માં રાષ્ટ્રપતિના વરદ હસ્તે

રાષ્ટ્રીય અવૉર્ડ એનાયત થતાં સન્માનિત થયા. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર દ્વારા ડૉ. લેમાર્ટના વરદ હસ્તે 'બેસ્ટ ટીચર' અવૉર્ડ મેળવી બહુમાનિત થયા. 15મી ઑગસ્ટ 2003ના રોજ પાટણ જિલ્લાના યશસ્વી શિક્ષણકાર તરીકે તત્કાલીન ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના વરદ હસ્તે પાટણમાં તામ્રપત્ર અર્પણ કરી સન્માનિત કરવામાં આવ્યા હતા.

ગાંધીવિચારનો જીવનમાં અમલ કરી આપશ્રીએ ગાંધીમૂલ્યોને જીવંત રાખ્યાં છે. ચાણસ્મામાં મહાત્મા ગાંધી વિનય મંદિરના મંત્રીપદે રહી અનેક વિચારશીલ અને પ્રેરક પ્રવૃત્તિઓ કરી રહ્યા છો. ચાણસ્માનગરની શૈક્ષણિક, ધાર્મિક, સામાજિક, કૌટુંબિક, મેડિકલ, સેવાકીય સંસ્થાઓના વિકાસકાર્યોમાં સક્રિય રસ લઈ માર્ગદર્શક રહ્યા છો. ચાણસ્મા કેળવણી મંડળ સંચાલિત શૈક્ષણિક સંસ્થાઓમાં પ્રાણ ફૂંકીને કાયાપલટ કરવામાં આપનો સિંહફાળો રહ્યો છે. લાંબા સમય સુધી કેળવણી મંડળના મંત્રીપદે, મેડિકલ ઍન્ડ સોશિયલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, ચાણસ્માના મંત્રીપદે સક્રિય સેવાઓ પ્રદાન કરી છે.

આપશ્રી દ્વારા માતા-પિતાના નામે સ્થાપિત 'ચંચળબા જેકીશનદાસ મેમોરિયલ ટ્રસ્ટ'ના ઉપક્રમે ચાણસ્મા નગરની પ્રતિભાઓની વંદના કરવાનું દૃષ્ટિનું દ્યોતક છે. સૌના કાર્ય અને સહયોગ આપશ્રીની દૂરંદેશી માત્ર ચાણસ્મા માટે જ નહીં, પરંતુ પ્રત્યેક ગામ કે નગરજનો માટે પ્રેરણાદાયી બની રહેશે. 'જેકીશનદાસ મેમોરિયલ ટ્રસ્ટ' બનાવી શિક્ષણપ્રસાર, આરોગ્યસેવા, જરૂરિયાતમંદને આર્થિક મદદ જેવી સેવાપ્રવૃત્તિ કરીને આપ યુવા પેઢીને દિશાસૂચન કરી પ્રેરણા આપી રહ્યા છો.

86 વર્ષની જૈફ વયે યુવાનને શરમાવે તેવી સ્ફૂર્તિથી કાર્યરત આપણા 'મનુકાકા'ને પરમાત્મા નિરામય દીર્ઘાયુ બક્ષે જેથી આપશ્રીની દિવ્ય પ્રતિભાથી શિક્ષણ ક્ષેત્રે અને સમગ્ર અવાજ સતત પ્રભાવિત થતો રહે અને આ સાથે જ અમને સૌને આપશ્રીમાંથી પ્રેરણા સદાય મળતી રહે.

•

---

*સાચો કેળવણીકાર કોઈ ચોક્કસ ઉકેલો હાથમાં પકડાવતો નથી, પણ ઉકેલો શોધવાની પ્રક્રિયા માણસમાં કામ કરતી થાય એમાં મદદરૂપ બને છે. અંગ્રેજી શબ્દ 'એડયુકેશન' પાછળના લૅટિન મૂળનો અને સંસ્કૃત પર્યાય 'વિનય'નો અર્થ પણ માણસના ચૈતન્યને બહાર આણવું–પ્રેરવું એવો જ છે. આ કેળવણીનો કીમિયો લગભગ માનાં જેવાં પ્રેમ અને ધીરજ જેનામાં છે તેવો શિક્ષક અજમાવી શકે.*

**ઉમાશંકર જોશી**

---

# કુશળ વહીવટકર્તા

**■ અંબાલાલભાઈ રાયચંદદાસ પટેલ**

કેળવણીકાર શ્રી મનુભાઈ જે. પટેલનો જન્મ તા.૧૪-૦૧-૧૯૩૭ના રોજ ચાણસ્મામાં ખાનદાન અને સમૃદ્ધ કુટુંબમાં થયો. તેઓશ્રીના પિતાનું નામ જેકીશનદાસ ગોદડદાસ પટેલ અને માતાનું નામ ચંચળબેન પટેલ. તેઓશ્રીએ M.A., S.T.C., B.ed. સુધીનો અભ્યાસ કરેલ છે. પ્રારંભિક શિક્ષણથી જ તેઓશ્રી પ્રતિભાશાળી વિદ્યાર્થી તરીકેની ખ્યાતિ ધરાવતા હતા. તેજસ્વી પ્રતિભાનું ઉદાહરણ એ કે તેમણે S.T.Cની પરીક્ષા મુંબઈ રાજ્યમાં સર્વ પ્રથમ ક્રમે ઉત્તીર્ણ કરી હતી.

તેઓશ્રીએ શેઠ સી. જી. હાઈસ્કૂલ પિલવાઈમાં શિક્ષક તરીકે ૧૯૫૮થી ૧૯૬૭ સુધી સેવાઓ આપ્યા બાદ સિપોર તા. વડનગરમાં ૧૯૬૭થી ૧૯૮૫ સુધી સતત ૧૮ વર્ષ ઋષિકુળ પરંપરાના આચાર્ય સમ યશસ્વી સેવાઓ આપી હતી. સિપોરની શાળાને તેમણે એક મૂલ્યનિષ્ઠ શિક્ષણધામ તરીકે વિકસાવી હતી. ડૉ. દ્વારકાદાસ જોષી, ડૉ. વસંતભાઈ પરીખ અને અન્ય મહાનુભાવો સિપોરની શાળામાં પ્રસંગોપાત્ત પધારતા હતા. તેમણે પોતાની સેવાઓ શાળા પરિસર સુધી મર્યાદિત ન રાખતાં સિપોરના સર્વાંગી વિકાસમાં ઘણો ફાળો આપ્યો હતો. ખરા અર્થમાં તેમણે આચાર્યધર્મનું પાલન કર્યું હતું. તેઓશ્રી એક અદના શિક્ષક આચાર્ય કેળવણીકાર તરીકે ખ્યાતિ પામ્યા હતા.

તેઓશ્રી સને ૧૯૮૫માં સર્વ વિદ્યાલય કડીમાં આચાર્ય તરીકે જોડાયા અને શિક્ષણક્ષેત્રે સુંદર કામગીરી કરી નામના મેળવી. તેઓશ્રીને ભારત સરકાર દ્વારા ૧૯૯૩માં શ્રેષ્ઠ શિક્ષક તરીકેના રાષ્ટ્રીય અવૉર્ડથી નવાજવામાં આવ્યા. તેઓશ્રી સને ૧૯૯૫માં વયમર્યાદાના કારણે સેવા નિવૃત્ત થયા હતા. ત્યાર પછી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સંચાલકોના પ્રેમાગ્રહને વશ થઈ તેઓશ્રીને સંસ્થાના મંત્રી તરીકેનો હોદ્દો આપવામાં આવ્યા. તેમજ કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ કડીના પ્રમુખ તરીકે નિમવામાં આવ્યા.

આ ઉપરાંત તેઓશ્રીએ મહેસાણા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ તરીકે, મહેસાણા જિલ્લા આચાર્ય સંઘના પ્રમુખ તરીકે, ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગરમાં શૈક્ષણિક સમિતિના સભ્ય તરીકે, ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણના સેનેટ સભ્ય તરીકે સેવામાં આપી.

તેઓશ્રીએ નિવૃત્ત થયા બાદ વતન ચાણસ્મામાં રહેવાનું રાખ્યું અને ચાણસ્મા કેળવણી મંડળ, લા. લ. સદાવ્રત ટ્રસ્ટ, મેડિકલ એન્ડ સોશિયલ ડેવલોપમેન્ટ ટ્રસ્ટ કે. બી. જનરલ હૉસ્પિટલ, મહાત્મા ગાંધી વિનય મંદિર વગેરે સંસ્થાઓમાં સક્રિય રસ લઈ સંસ્થાઓનો વિકાસ કર્યો અને હાલમાં તેઓશ્રીની સેવાઓ ચાલુ છે. જ્યારે તેઓ

અમેરિકા જવાના હતા તે વખતે મને ચાણસ્મા બોલાવીને કે. બી. જનરલ હૉસ્પિટલ ચાણસ્માના મંત્રી તરીકેનો ચાર્જ આપ્યો. હું છેલ્લાં ૧૨ વર્ષથી મંત્રી તરીકે સેવાઓ આપી રહ્યો છું. તેઓશ્રી પાસેથી મને ઘણું જાણવા મળ્યું અને અનુભવવા મળ્યું છે. તેઓશ્રીનું વ્યક્તિત્વ પ્રભાવશાળી છે. તેઓશ્રી શિસ્ત અને સત્યના આગ્રહી છે. તેઓશ્રી પ્રોગ્રામ મેનેજમેન્ટ સારી રીતે કરી શકે છે. આ અંગેનો અનુભવ ચાણસ્માના રામજીમંદિર શતાબ્દી મહોત્સવમાં થયો. આ પ્રોગ્રામમાં મોટો ખર્ચ થાય તેમ હતો. છતાં તેઓશ્રીએ આ પ્રોજેક્ટ દાતાઓ આગળ મૂકી વધુ દાન મેળવી મહોત્સવ સારી રીતે ઊજવ્યો અને ચાણસ્માનું નામ રોશન કર્યું. આ હૉસ્પિટલને અમેરિકા સ્થિત મુખ્ય દાતાશ્રી મીઠાભાઈ અને જયંતીભાઈ તરફથી તેમજ શ્રી મનુકાકાના સંયુક્ત કુટુંબના સભ્યો તરફથી દર વર્ષે દાન અપાતું રહે છે. એન.આર.આઈ. શ્રી રતુભાઈ, શ્રી કિરીટભાઈ, મહેશભાઈ વગેરેનો આર્થિક સહયોગ મોટો છે.

ચાણસ્માના મુખ્ય પ્રવેશદ્વારના સૌજન્યદાતા સ્વ. શંભુપ્રસાદ પુરુષોત્તમદાસ પટેલ છે. તેઓશ્રીના સંયુક્ત કુટુંબ પરિવારના સભ્યોએ સારું શિક્ષણ મેળવેલ છે અને તમામ સભ્યો અમેરિકામાં ધંધા-નોકરીમાં સ્થિર થયા છે. તેમજ પરિવારની દીકરીઓને પણ અમેરિકા લઈ ગયા છે. જેમાં તેઓની ઉમદા ભાવના જણાઈ આવે છે.

તાજેતરમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડીના પ્રમુખ તરીકે તેમની સર્વાનુમતે વરણી થઈ તે સમાચાર જાણી અમો આનંદની લાગણી અનુભવીએ છીએ. આ શુભ સમાચાર જાણતાં ચાણસ્માની વિવિધ સંસ્થાઓએ શ્રી મનુભાઈ જે. પટેલને સાલ ઓઢાડી સન્માનિત કર્યા.

તેઓશ્રીનાં પત્ની સ્વ. પુષ્પાબેન પણ પતિના આદર્શોને ચરિતાર્થ કરવામાં ખરા અર્થમાં સહધર્મચારીણી બની રહ્યાં હતાં. તેમના પુત્ર શ્રી અરવિંદભાઈ (બી.ઈ. ગોલ્ડ મેડાલિસ્ટ. એમ. એસ. યુનિવર્સિટી) અને ભાઈ મહેન્દ્રભાઈ બૅંક ઑફ બરોડા, પાટણ શાખામાંથી મૅનેજરપદેથી સ્વૈચ્છિક નિવૃત્તિ મેળવીને છેલ્લાં ૧૨ વર્ષથી અમેરિકા સ્થાયી થયેલા છે.

શ્રી મનુભાઈ જે. પટેલ હાલમાં વતન ચાણસ્મામાં નિવાસ કરીને સ્થાનિક સંસ્થાઓના વહીવટમાં સેવાઓ આપી રહ્યા છે અને બહારની કેળવણી સંસ્થાઓને મુખ્યપદે રહીને માર્ગદર્શન આપી રહ્યા છે. તેઓશ્રીની શારીરિક તંદુરસ્તી સારી રહે અને લાંબું જીવન જીવે એવી પ્રભુ પ્રાર્થના કરીએ છીએ.

•

# પૂજ્ય મનુકાકા

■ ડૉ. ચંદુભાઈ મોહનલાલ પટેલ

હું ચાણસ્મા ગામનો વતની છું. મારું નામ ડૉ. ચંદુભાઈ મોહનલાલ પટેલ છે. મારું બાળપણ અમારા દાદા વખતના ઘર-બેચર રામસંગની નવેળી-માં પસાર થયું હતું. પૂજ્ય મનુકાકાના પિતાશ્રી જેકાભા (જેકીશનદાસ) પટેલની પછીત અમારી નવેળીની સામે જ પડતી હતી. તે વખતે પણ મનુકાકાના પિતા શ્રી જેકીદાદાએ અમારા ખાડિયા વિસ્તારમાં નોખું-અનોખું દેખાઈ આવે એવું ભવ્ય ત્રણ માળનું મકાન બનાવ્યું હતું. જે મકાન આજે પણ અડીખમ ઊભું છે. લાકડાનાં બારી-બારણાં તથા બારસાખની કોતરણી ને રંગપૂરણી આજે પણ ધ્યાન ખેંચે છે. ખાસ વાત કહેવાની કે મનુકાકાના મકાનમાં તે જમાનામાં પણ ખાળકૂવા કરાવીને પાણીના નિકાલની વ્યવસ્થા આરોગ્યપ્રદ રીતે કરવામાં આવી હતી. જેના મહત્ત્વની આજે એક આરોગ્ય અધિકારી તરીકે ખાસ નોંધ લઈ ઉલ્લેખ કરવો જરૂરી માનું છું.

મનુકાકાનો જન્મ 1937માં થયો હતો અને મારો જન્મ 1943માં. આમ હું મનુકાકા કરતાં ઉંમરમાં સાત વર્ષ નાનો છું.

બાળપણમાં જ્યારથી શાળાએ જવાની સમજણ આવી અને ભણવાની શરૂઆત કરી ત્યારે રોજ સવારે મનુકાકા રૂપાણીના માઢમાંથી તે વખતે સફેદ શર્ટ અને ખાખી ચડ્ડીમાં જ શાળાએ જતા જોયેલા. ચાણસ્મામાં પ્રા. શાળા અને હાઈસ્કૂલનું શિક્ષણ એમણે પૂરું કરેલ અને પાછળ-પાછળ અમે પણ એ જ શાળામાં ભણેલાં અને 1961માં એસ. એસ. સી.ની પરીક્ષા પાસ કરી. અમદાવાદની એમ. જી. સાયન્સ કૉલેજમાં બે વર્ષ અભ્યાસ કર્યો. સારા માર્ક્સ આવવાથી અમદાવાદની બી. જે. મેડિકલ કૉલેજમાં પ્રવેશ મેળવી 1969માં એમ. બી. બી. એસ. પૂર્ણ કર્યું.

મનુકાકાના હાઈસ્કૂલ પછીના કૉલેજ શિક્ષણ વિશે મારી પાસે કોઈ વિશેષ માહિતી નથી, પરંતુ વૅકેશનમાં ચાણસ્મા આવીએ ત્યારે તેઓશ્રી શિક્ષક તરીકે જોડાયેલ છે તે જાણ્યું.

મનુકાકાની ખાસ એક આગવી પર્સનાલિટી નાનપણથી જ મારા ધ્યાન પર આવેલ. સફેદ સુઘડ વસ્ત્રોમાં સજ્જ સદાય ચશ્માં સાથે હસમુખો ચહેરો જ દેખાય. તેમનો બંધ બટનવાળો આખી બાંયનો ઝભ્ભો અને લેંઘો ખાસ પહેરવેશ જોવા મળેલ. અવારનવાર રેશમી કલરનો પણ બટનવાળો આખી બાંયનો ઝભ્ભો હોય.

ડૉક્ટરની પદવી મેળવ્યા પછી હું સરકારી સેવામાં અમારા ગામના નજીકના આરોગ્યકેન્દ્ર બ્રાહ્મણવાડામાં જોડાયેલ, એટલે શરૂઆતમાં છ-સાત વર્ષ સતત ચાણસ્મા

ગામમાં સંપર્કમાં રહ્યો. ઉનાળાના વૅકેશન દરમિયાન મનુકાકાનો મેળાપ જરૂર થતો.

મારી જિલ્લા આરોગ્ય અધિકારી તરીકેની ફરજના સમયગાળા દરમિયાન વૅકેશનમાં ગામમાં મનુકાકા ચાણસ્મા આવે એટલે તેમનો ભેટો થાય ખબર-અંતર પૂછવાનું રાખે.

મનુકાકા ગામમાં ચાલતા જ નજરે પડે. મને પણ ગામમાં બધે ચાલતા જવાની ટેવ એટલે બધા જોડે પરિચય જળવાઈ રહ્યો છે.

નિવૃત્તિ પછી હું હાલ ગાંધીનગર સ્થાયી થયેલ છું. શરૂઆતમાં 10 વર્ષ તો હું નિયમિત દર ત્રણ મહિને ચાણસ્મા 15-20 દિવસ રોકાવા મારા ઘરે જતો. હવે મનુકાકા પણ નિવૃત્ત જીવન ચાણસ્મામાં ગાળતા હોવાથી તેમની સાથે મળવાનું થતું રહેતું.

તેમણે ગામની અમારી લાલજીદાસ લક્ષ્મીદાસ સદાવ્રત ટ્રસ્ટ સંસ્થા, રામજી મંદિર તથા ચાણસ્મા હાઈસ્કૂલમાં માનદ્ સેવાઓ આપેલ જે મેં નજીકથી નિહાળેલ છે.

અમારો વધારે પરિચય ચાણસ્માના નિવૃત્ત કર્મચારીઓની માસિક મિટિંગમાં થયેલ. હું દર ત્રણ માસે આરોગ્ય વિશે વડીલોને લગતા રોગો વિશે સમજ આપતો તેમાં મનુકાકા અવશ્ય હાજરી આપતા.

પછી તો અવાર-નવાર મુલાકાતો વધતી ગઈ અને નજીકનો પરિચય થયો. ચાણસ્મા હાઈસ્કૂલ અને અમારા ગામની જનરલ હૉસ્પિટલમાં તેમણે લાંબા સમય સુધી માનદ્ સેવાઓ આપેલ અને ઘણા પ્રસંગે મળવાનું પણ થયેલ. હાલ પણ ચાણસ્માની મુલાકાત દરમિયાન મનુકાકાને અવાર-નવાર અવશ્ય મળવાનું થાય.

તેમની આચાર્ય તરીકેની સિપોર હાઈસ્કૂલની યશસ્વી કારકિર્દીનાં વખાણ ઘણાં જ સાંભળેલ.

એક હસમુખો ચહેરો, સૌમ્ય વ્યક્તિત્વ, નિરભિમાની, સદાય ચાલતા અને સર્વને મળતા તથા નિવૃત્તિ પછી પણ માદરે વતનમાં રહી સતત તેના જ ઉત્કર્ષમાં કાર્યરત રહેતા મનુકાકાની એક અનોખી છબી મારા મનમાં તરવરવા લાગે. ઋષિતુલ્ય ઉચ્ચ વ્યક્તિત્વને પ્રણામ સહ વિરમું છું.

•

# વંદનીય પ્રેરણામૂર્તિ

■ શોભનાબેન બાબુભાઈ પટેલ

ચાણસ્માના વતની, અમારા સૌના પ્રેરણામૂર્તિ અને પથદર્શક પૂજ્ય મનુકાકાનો જન્મ ચાણસ્માનગરના સુસંસ્કૃત એવા ગોદડદાસ કસળદાસ પરિવારમાં થયો. નાનપણથી જ માતાપિતાની છત્રછાયામાં સુસંસ્કારો, નિષ્ઠા, પ્રામાણિકતા અને નમ્રતાનાં બીજ રોપાયાં. શૈક્ષણિક કારકિર્દીમાં તેઓશ્રી એમ.એ., એસ.ટી.સી., તથા બી.એડ્‌.ની પદવીઓથી વિભૂષિત થયા. વિત્તોપાર્જનને બદલે વિદ્યાપ્રદાનનો ભેખ લીધો. ઈ.સ. 1958માં શેઠ જી. સી. હાઈસ્કૂલ, પિલવાઈમાં શિક્ષક તરીકે જોડાયા. 1967થી અંતરિયાળ ગામ સિપોરમાં આચાર્ય તરીકે જોડાયા. એક નિષ્ઠાવાન આદર્શ આચાર્યના ગુણો આત્મસાત્‌ કરી સૌના આદરપાત્ર બન્યા. 1984 સુધી સિપોરમાં શિક્ષણની જ્યોત જલતી રાખી 1985થી ગુજરાતની ખ્યાતનામ રાષ્ટ્રીય શાળા સર્વ વિદ્યાલય, કડીમાં આચાર્ય તરીકે જોડાયા. ત્યાં 1995 સુધી શિક્ષણયજ્ઞના તપસ્વી બની રહ્યા.

આ સમય દરમિયાન તેઓશ્રી મહેસાણા જિલ્લાના વિવિધ શૈક્ષણિક સંઘોમાં, ગુજરાત રાજ્ય આચાર્ય મહામંડળમાં તથા મહેસાણા જિલ્લાના વિવિધ શૈક્ષણિક સંઘોની સંકલન સમિતિના પ્રમુખ જેવા મહત્ત્વના પદ પર રહી સંવાદી ભૂમિકા નિર્માણ કરી સુમેળભરી કામગીરી બજાવી સૌનો પ્રેમ અને વિશ્વાસ સંપાદન કર્યો. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડની કારોબારી સભ્ય તરીકે પાંચ વર્ષ સુધી મૂલ્યનિષ્ઠ અને સત્ત્વશીલ શિક્ષણના વિકાસ માટે સવિશેષ પ્રયત્ન કરેલો. બોર્ડની શૈક્ષણિક સમિતિમાં દસ વર્ષ સુધી સભ્ય પદે રહી અભ્યાસક્રમોના ઘડતર, પ્રશ્નપત્રોની સંરચના તથા શિક્ષણવિકાસની સુંદર અને વિશ્વસનીય કામગીરી બજાવેલ છે. આ બધા જ મહત્ત્વના પદ પર તેઓશ્રી દરેક વખતે સર્વાનુમતે જ નિમાયા છે. હર હંમેશ ચૂંટણીને ટાળી છે જે શિક્ષણજગત માટે ગૌરવ લેવા જેવી બાબત છે. દરેક ક્ષેત્રે પ્રામાણિક, નિષ્ઠાવાન સેવાને પરિણામે એક આદર્શ કેળવણીકાર અને સમાજસેવાની સુવાસ ચોમેર પ્રસરતાં ભારત સરકારે 1993માં તેમને 'ઉત્તમ શિક્ષક'નો રાષ્ટ્રીય અવૉર્ડ એનાયત કર્યો, ત્યારે તે સમયના શિક્ષણ નિયામકે કહ્યું હતું કે મનુભાઈને અવૉર્ડ મળવાથી અવૉર્ડની કિંમત અને સિદ્ધિ વધી છે. તેઓશ્રી પ્રસિદ્ધિથી હરહંમેશ દૂર રહ્યા છે.

શ્રી મનુકાકાના કડીના કાર્યકાળ દરમિયાન મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘનું મુખ્ય કાર્યાલય કડીમાં હતું. 1985થી 1995 સુધી પૂજ્ય મનુકાકા આ સંઘના મંત્રી અને પ્રમુખપદે રહી પરીક્ષા સંચાલન, અભ્યાસક્રમ આયોજન, પ્રશ્નપત્રો-સ્વાધ્યાય પત્રોના સંપાદનની કામગીરી ખૂબ જ ગોપનીય, વિશ્વસનીય, પ્રામાણિક અને વફાદારીપૂર્વક

યશસ્વી રીતે સંભાળી સંઘને સારી પ્રતિષ્ઠા અપાવી ગૌરવ વધાર્યું હતું. આ સમયે હું વડનગર તાલુકાના સુંઢિયા ગામે કન્યા વિદ્યાલયમાં આચાર્ય તરીકે ફરજ બજાવું. આ સંઘની સામાન્ય સભામાં દર વર્ષ જવાનું થાય ત્યારે સભા સંચાલનના તેમના વક્તવ્યમાં સંઘની કામગીરી, પરીક્ષા સંચાલન પ્રશ્નપત્ર સંરચના વગેરે બાબતોની સાથે-સાથે એક આચાર્ય તરીકેની આદર્શ ભૂમિકાની વાતો સદષ્ટાંત સરળ અને સહજ રીતે વણી લેતા કે આપણે સાંભળ્યા જ કરીએ અને કંઈક ને કંઈક શીખીને જઈએ. તેમાંથી મને મારા કર્મયોગનો અમૂલ્ય મંત્ર 'કર્મ એ જ પૂજા' આત્મસાત્ થયો. શિક્ષણને કર્મ નહિ, ધર્મ સમજીએ, વિદ્યાલયોને મંદિર સમ માનીએ અને વિદ્યાર્થીઓમાં પ્રભુનાં દર્શન કરીએ. આ બાબત મને મારા કર્મયોગમાં સદાય પ્રેરણા અને પ્રોત્સાહન આપતી રહી.

સર્વ વિદ્યાલય, કડીના આચાર્યપદેથી 1995માં સેવાનિવૃત્ત થયા બાદ પૂજ્ય સ્વ. માણેકદાદાના અતિ આગ્રહથી તેઓશ્રી સર્વ વિદ્યાલય, કડી કેમ્પસના નિયામક, માનદ્ મંત્રી, તથા કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના પ્રમુખ અને તાજેતરમાં ઑગસ્ટ-2023થી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ તરીકે સેવાઓ આપી રહ્યા છે. નિવૃત્તિ પછી 'ચંચળબા જેકીશનદાસ મેમોરિયલ ટ્રસ્ટ' બનાવી શિક્ષણ, આરોગ્ય, અશક્ત વડીલ અને જરૂરિયાતમંદ વ્યક્તિઓની આર્થિક સેવાનો યજ્ઞ શરૂ કરી **'त्येन त्यक्तेन भूंजीथा।'**ના મંત્રને આત્મસાત્ કરી વાસ્તવિક રીતે પાલન કરી બતાવ્યું.

**'जननी जन्मभूमिश्च स्वर्गापि गरीयसी'**ની ભાવના હૈયે ધરી સેવાનિવૃત્ત થયા બાદ વતન ચાણસ્મામાં આવીને ચાણસ્મા નગરનો સેવાયજ્ઞ શરૂ કર્યો. ચાણસ્મા કેળવણી મંડળ, ચાણસ્માના મંત્રી, મેડિકલ ઍન્ડ સોશિયલ ટ્રસ્ટ, ચાણસ્માના મંત્રી તરીકે જોડાઈ તેનાં વિકાસકાર્યોમાં સક્રિય થયા. પ્રતિ વર્ષ યોજાતી મંડળોની સાધારણ અને કારોબારી સભાના તેમના સભા સંચાલનમાં એક નીવડેલ શિક્ષણવિદ્‌ની કોઠાસૂઝ અને પ્રજ્ઞાનાં દર્શન થયાં છે. ચાણસ્મા કેળવણી મંડળના મંત્રી તરીકેના તેમના કાર્યકાળમાં મંડળના હીરક મહોત્સવની ઊજવણીમાં આર્થિક ફંડ એકત્ર કરવું, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું સન્માન, પ્રાથમિક વિભાગના નવીન મકાનનું નિર્માણ, દાતાઓના સન્માનના ભવ્ય કાર્યક્રમો દ્વારા મંડળને આર્થિક સધ્ધર બનાવી પોતાની વિશિષ્ઠ યશોદાયી સેવાઓ અને કાર્યોથી મંડળનું ગૌરવ વધારેલ છે. શ્રી જયંતીભાઈ પ્રભુદાસભાઈ (જે. વી. પટેલ), નાથાભાઈ સથવારા, સ્વ બચુભાઈ જેવા તેમના સહયોગી કાર્યકર સાથીઓની સાથે રહી સતત સેવાયજ્ઞથી પ્રાથમિક શાળાનું ત્રણ માળનું અદ્યતન સુવિધાવાળું ભવ્ય મકાનનું નિર્માણ કર્યું. આ ઉપરાંત ચાણસ્મા નગરની અન્ય સંસ્થાઓ જેવી કે મેડિકલ ઍન્ડ સોશિયલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, લાલજીદાસ લક્ષ્મીદાસ સદાવ્રત ટ્રસ્ટ, મહાત્મા ગાંધી વિનય મંદિર ટ્રસ્ટ અને અન્ય બધી જ સંસ્થાઓમાં સક્રિય રસ લઈ સૌને સાથે રાખી સુમેળભર્યો વિકાસ કરવામાં અને સંસ્થાઓને ગતિશીલ રાખવામાં તેઓશ્રીનું મહત્ત્વનું યોગદાન રહેલું છે.

ચાણસ્માનગરમાં પૂજ્ય મહાત્મા ગાંધીજીની સ્મૃતિમાં યુવાનોએ ફંડ એકત્ર કરી 'મહાત્મા ગાંધી સ્થાનિક સ્મારક ફંડ' સંચાલિત મહાત્મા ગાંધી વિનય મંદિરની 1953માં સ્થાપના કરવામાં આવી. તેમાં યુવાનોના ઘડતર, વ્યક્તિત્વ વિકાસ અંગે, વ્યાયામની, જ્ઞાન-કૌશલ્ય, સેવાદળની પ્રવૃત્તિઓ થતી હતી. લગભગ 30 વર્ષ સુધી આ સંસ્થામાં આવી પ્રવૃત્તિઓ

થતી રહી, ત્યાર બાદ 20 વર્ષ સુધી આ સંસ્થા બિલકુલ નિષ્ક્રિય સ્થિતિમાં હતી. બે માળનું તેનું પોતાનું મકાન પણ જર્જરિત હાલતમાં હતું. પૂજ્ય મનુકાકા ચાણસ્મામાં આવીને સ્થિર થયા ત્યારે આ સંસ્થાને પુનઃ કાર્યાન્વિત કરવા માટે ટ્રસ્ટીઓની ફેરબદલી, મકાન રિનોવેશન માટે ફંડ એકત્ર કરી મકાનનું રિનોવેશન કરાવવામાં અને ફરીથી આ સંસ્થાને પ્રવૃત્તિઓથી ધબકતી કરવામાં તેમનો સિંહફાળો રહ્યો છે. તે સમયે તેમને મળ્યો મોટા ગજાના કોન્ટ્રકટર એન્જિનિયર સ્વ. શ્રી કાન્તિભાઈ બી. પટેલનો સથવારો. આ બંને મહાનુભાવોએ જ્યારે મહાત્મા ગાંધી વિનય મંદિરની સામે ગર્લ્સ હાઈસ્કૂલની બાળાઓને ખુલ્લા મેદાનમાં તડકામાં સમૂહપ્રાર્થના કરતી જોઈ ત્યારે તેમનુ હૃદય દ્રવી ઊઠ્યું. કાન્તિભાઈનું દાન, પૂજ્ય મનુકાકાની દીર્ઘદૃષ્ટિ અને પ્રભુદાસભાઈની મહેનત અને જાત નિરીક્ષણમાંથી મહાત્મા ગાંધી વિનય મંદિરની સાથેની તેને સંલગ્ન ખુલ્લી જગ્યામાં સુંદર મજાનું 'શારદાબા સંસ્કારભવન' આકાર પામ્યું. પરિણામે ચાણસ્માનગરને એક સારા અને મોટા પ્રાર્થનાહૉલની ઊણપ પૂર્ણ થઈ. મહાત્મા ગાંધી વિનય મંદિરમાં મહિલા પુસ્તકાલયની સ્થાપના કરી. સારાં પુસ્તકો વસાવવા આર્થિક સહયોગ મેળવવામાં સતત પ્રયત્નશીલ રહી 1000 જેટલાં પુસ્તકો આ પુસ્તકાલયમાં વસાવવામાં આવ્યાં છે. મહિલાઓ અને બાળકોને લગતી પ્રવૃત્તિઓ, શિબિરો, રમતગમત પ્રવૃત્તિઓ, સ્વરોજગારલક્ષી કાર્યક્રમો કરવા સતત માર્ગદર્શન આપી અમને પ્રોત્સાહિત કરતા રહ્યા છે. મહાત્મા ગાંધી વિનય મંદિરના નેજા નીચે ચાણસ્માનગર અને આજુબાજુના વિસ્તારના ખૂબ જ ઊંચી પ્રતિભા ધરાવતા મહાપુરુષોનાં જીવનચરિત્રો અને તેમની પ્રતિભાની ઝાંખી કરાવતું પુસ્તક 'પ્રતિભા વંદના ભાગ-1 અને 2'નું સંપાદન કરી પ્રકાશન કરવામાં તેઓશ્રીએ શ્રી ચંદુભાઈ એચ. પટેલને સાથે લઈ ખૂબ જહેમત ઉઠાવી સાચા અર્થમાં વતન પ્રેમને ઉજાગર કર્યો છે. પરમ શ્રદ્ધેય સ્વામી શ્રી સચ્ચિદાનંદ મહારાજ-દંતાલી, માનનીય જય નારાયણભાઈ વ્યાસની ઉપસ્થિતિમાં હયાત પ્રતિભાઓનું અભિવાદન અને 'પ્રતિભા વંદના ભાગ-2'નું વિમોચનના ભવ્ય કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું.

પૂજ્ય મનુકાકા સ્વભાવે સરળ, સહૃદયથી પ્રશ્નોને સાંભળનાર, કઠિન પરિસ્થિતિને કુનેહથી ઉકેલનાર, સતત કાર્યશીલ, કોઈ પણ કાર્યક્રમને ભવ્ય રીતે સંપન્ન કરવા ઝીણવટભરી બાબતોની કાળજી રાખતા, સૌને સાથે રાખી કામ કરતા પ્રત્યક્ષ જોવાની અને માણવાની અમને અનેક વાર તક મળી છે. કોઈના માટે ક્યારેય ઘસાતું ન બોલવું, સર્વ પ્રત્યે સમદૃષ્ટિ રાખવી તે તેમનો પ્રેરણા લેવા જેવો ગુણ છે.

*'કોઈ મારા માર્ગમાં કંટક ભલેને પાથરે,*
*પણ પુષ્પ તેના માર્ગમાં વેરીશ હું વેરીશ હું.'*

આ પંક્તિ પૂજ્ય મનુકાકાએ પોતાના જીવનમાં ચરિતાર્થ કરી છે તેમ કહેવામાં કશું જ ખોટું નથી. પૂજ્ય મનુકાકાએ પોતાના જીવનમાં એક-એક સદ્‌ગુણોને એકત્ર કરી સાધના કરી જીવનને સુગંધિત કર્યું છે. વિશ્વાસ અને શ્રદ્ધાનો ખજાનો એટલે શ્રી પૂજ્ય મનુકાકા. નિઃસ્વાર્થ સેવાનો ઘૂઘવતો સાગર એટલે પૂજ્ય મનુકાકા.

•

# ઉત્તમ કેળવણીકાર અને કુશળ વહીવટકર્તા

■ વિવેક પ્રહ્‌લાદભાઈ પટેલ

મારા પિતાશ્રી પ્રહ્‌લાદભાઈ પટેલના આકસ્મિક અવસાન પછી મારે ચાણસ્માના કાર્યક્રમમાં જવા-આવવાનું થતું રહ્યું છે. આ સમય દરમિયાન મનુકાકા સાથે મારો પરિચય થયો. મનુકાકા શિક્ષણનો જીવ. નખશિખ શિક્ષક. વળી, આચાર્ય હોવાને નાતે કાર્યક્રમનું આયોજન કરવાની ઊંડી સૂઝ ધરાવતા એટલું જ નહિ સંજોગવશાત્‌ જો કાર્યક્રમમાં ફેરફાર કરવાનો હોય તો તરત જ આયોજનમાં ફેરફાર કરતા. આમ તેઓશ્રીની ત્વરિત નિર્ણય લેવાની શક્તિ દાદ માગી લે તેવી છે.

મનુકાકા સાથે સંસ્થાની મિટિંગમાં શિક્ષણના સ્તરને સુધારવાની ચર્ચા થતી, ચીલાચાલુ પ્રવાહમાંથી બહાર નીકળી નિર્ણય કરવાનો હોય તો તેઓ સૌને સ્પષ્ટપણે કહી દેતા કે સમય બદલાય તેમ માણસે માણસના વિચારોને પણ બદલાવા જોઈએ. ગામમાં શૈક્ષણિક સ્તરે શ્રેષ્ઠ સ્કૂલ બને, વિદ્યાર્થીઓને બહાર અભ્યાસ માટે ન જવું પડે, અને ક્યાંક ત્રુટી જણાય તો તેને સુધારવા હંમેશાં તેઓ પ્રયત્નશીલ રહેતા.

ચાણસ્મા ગામની શૈક્ષણિક, સામાજિક તેમજ આરોગ્યવિષયક સંસ્થાઓ સાથે તેઓ જોડાયેલા છે. તેમની કામ કરવાની અનોખી પદ્ધતિથી મને તેમની પાસેથી ઘણું શીખવા મળ્યું છે. મહાત્મા ગાંધી વિનય મંદિરમાં સ્વ. મૂળચંદકાકા એક સમયે ટ્રસ્ટી હતા. મારા પિતાશ્રી તેમજ મનુકાકા તેમનું ખૂબ માન-સન્માન જાળવતા, ક્યારેક નાદુરસ્ત તબિયતને કારણે સ્વ. મૂળચંદકાકા ચાણસ્મા મિટિંગમાં ન આવી શકે તેમ હોય ત્યારે ખુદ મનુકાકા ટ્રસ્ટીઓ સાથે સ્વ. મૂળચંદકાકાના નિવાસસ્થાને અમદાવાદ મિટિંગમાં પહોંચતા. મનુકાકામાં મેં ક્યારેય આળસ જોઈ નથી. તે હંમેશાં કામ કરવામાં ઉત્સાહિત રહેતા અને સમયસર કામ પૂર્ણ થાય તેની ચીવટ રાખતા. મનુકાકામાં સાચા શિક્ષકનાં દર્શન થયાં છે, એટલે જ તો ભારત સરકાર દ્વારા તેમને 1993ના વર્ષનો ‘શ્રેષ્ઠ શિક્ષક’નો અવૉર્ડ મળ્યો હતો. ઉપરાંત ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા મનુકાકાને ‘તામ્રપત્ર’ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા. આવા શિક્ષણપ્રેમી, કેળવણીકાર અને બહમુખી પ્રતિભા ધરાવતા સેવાનિષ્ઠ મનુકાકાની કાર્યશૈલીથી આકર્ષાઈને મનુકાકાને સર્વ વિદ્યાલયના પ્રમુખની જવાબદારી સોંપી આવકારવામાં આવ્યા છે.

મનુકાકાએ માત્ર શિક્ષણમાં જ નહિ, પરંતુ લેખનકાર્ય અને સંપાદન કાર્યમાં પણ ઉમદા કાર્ય કર્યું છે.

સાચું કહું તો મારા પિતાશ્રીના અકાળે અવસાન પછી ચાણસ્મા ગામ સાથેનો, ગામની વિવિધ સેવાભાવી સંસ્થાઓ સાથે મારો સંબંધ મનુકાકા થકી વધુ ગાઢ બન્યો.

મનુકાકાની કાર્યશૈલી, નિષ્ઠા, નિઃસ્વાર્થ ભાવનાથી મારામાં ગામના વિકાસ માટે – ખાસ કરીને શિક્ષણસંસ્થાઓ માટે કંઈક કરી છૂટવાની પ્રેરણા મને મળી છે. કદાચ મને જ નહીં, પણ મારા જેવી અનેક વ્યક્તિ માટે મનુકાકાનું જીવન પથદર્શક બની રહેશે. આજે પણ વતનપ્રેમ અને વતનના વિકાસ માટે તેઓ પ્રેરણા આપી રહ્યા છે.

મનુકાકા એક નીડર, ધ્યેયનિષ્ઠ, ઉત્તમ કેળવણીકાર અને કુશળ વહીવટકર્તા અમારી સંસ્થા-સમાજને પ્રાપ્ત થયા છે, ત્યારે પ્રભુને એક જ પ્રાર્થના કરવાનું મન થાય કે મનુકાકા બાકીનું જીવન સ્વસ્થતાપૂર્વક અને નીરોગી રહી સમાજ-સંસ્થાને ઉપયોગી કાર્ય કરતા રહે, યુવાનોને પ્રેરણા આપતા રહે. મનુકાકાને મારા શત શત વંદન.

●

---

*અત્યારે ભારતના દરેક રાજ્યમાં, રાજકારણ, ધર્મ અને સમાજ પર કાબૂ ધરાવનારાઓને શિક્ષણને પોતાની દાસી બનાવવાના એકીસાથે અભરખા થઈ આવ્યા છે અને એને પરિણામે શિક્ષણનું પણ ધ્રુવ ચરણ અધ્રુવ બન્યું છે. દેશમાં જેમ મંદી ને ફુગાવો પોતાનું સામ્રાજ્ય ફેલાવે જાય છે; તેમ શિક્ષણનાં મૂલ્યોમાં પણ મંદી ને ફુગાવાનું તંત્ર સતત ગોઠવાતું જાય છે. આપણે માનવજીવનનાં, શિક્ષણ દ્વારા સ્થિર થનારાં, સ્થાયી મૂલ્યાંકનોના પ્રહરી છીએ અને તેમની રખેવાળી કરવાનું બિનદસ્તાવેજી કરાર કરી બેઠા છીએ.*

*

*શિક્ષણમાં દર્શનનો નહિ પણ સ્પષ્ટ દૃષ્ટિનો અભાવ દેખાય છે. આવતીકાલના નાગરિકના યોગ્ય ઘડતરની પ્રક્રિયામાં મૂળ સ્રોત સૂકાયું છે; પરંતુ ક્રિયાકાંડ વધ્યાં છે આપણે સૌ સવેળા જાગીને અને શિક્ષણના કેન્દ્રમાં બાળકને મૂકીને ત્યાર પછી જ જે-તે વિચાર કરીશું.*

**આચાર્ય મનુભાઈ જે. પટેલ**

---

# અનોખી પ્રતિભા

■ પ્રો. જિતેન્દ્ર કા. વ્યાસ

શ્રી મનુભાઈ જે. પટેલ એટલે શિક્ષણપ્રેમી, શિક્ષણમાં પોતાનું હૃદય રેડનાર, શૈક્ષણિક અને સામાજિક સંસ્થાઓને પોતાના તેજપુંજથી પ્રકાશિત કરનાર વતનપ્રેમી અનન્ય પ્રતિભા. અભ્યાસકાળથી તેજસ્વિતા ધરાવનાર, S.T.C. પરીક્ષામાં સમગ્ર બૃહદ્ મુંબઈ રાજ્યમાં પ્રથમ ક્રમ પ્રાપ્ત કરનાર, પિલવાઈથી શિક્ષક તરીકેની કારકિર્દીનો પ્રારંભ કરનાર, પછી આચાર્યપદે રહી સિપોરને શિક્ષણધામ બનાવનાર, શાળાના અનેક વિદ્યાર્થીઓને અનેક સર્જકો અને લોકસેવકોના સંસર્ગનો લાભ અપાવનાર અને સિપોરના સર્વાંગી વિકાસમાં ફાળો આપનાર ઋષિ. એ પછી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના આગ્રહભર્યા આમંત્રણને માન આપી, 1985થી આચાર્ય તરીકે જોડાનાર અને જિલ્લાની તેમજ રાજ્યની અનેક સંસ્થાઓમાં વિવિધ હોદ્દાઓ પર રહી સેવા કરનાર પ્રાજ્ઞપુરુષ. કડીની સ્કૂલના આચાર્યપદેથી નિવૃત્ત થયા બાદ આરંભમાં કડીના કેમ્પસ ડાયરેક્ટર, બાદમાં મંત્રીશ્રી, ત્યાર બાદ કડવા પાટીદાર કેળવણી મંડળ ઉત્તેજક મંડળના પ્રમુખ અને તા. 13-8-2023થી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખસ્થાને વિરાજનાર મહાન વ્યક્તિ.

સર્વ વિદ્યાલય કડી સાથેનું તેમનું સંધાન મણિકાંચનયોગ કહેવાય. એમણે કડીની સંસ્થાના વિકાસમાં પોતાનું હૃદય રેડ્યું છે, તો સંસ્થાએ પણ એમની કદર કરી M.Ed. Collegeનું નામ 'આચાર્ય શ્રી મનુભાઈ જે. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન' આપી એમનું સન્માન કર્યું છે. અનેક માન-સન્માનો આવીને એમને મળતાં રહ્યાં છે. કોઈ શિક્ષણનો જીવ એવો નહિ હોય કે જે એમને ઓળખતો ન હોય. આ બધું છતાં હું ચાણસ્માનો વતની હોઈ મને વિશેષ આદર છે. ચાણસ્માની નોખી-નોખી પ્રતિભાઓને પારખનાર એમની અનોખી પ્રતિભાને કારણે એને માટે આધારસ્થાનો છે નિમ્નલિખિત બે ગ્રંથો: 1. પ્રતિભાવંદના 50, પ્રકાશક: મનુભાઈ જે. પટેલ.પ્રકાશન વર્ષ: 1998, 2. Pratibha Vandana – 2 સંપાદક: મનુભાઈ જે. પટેલ. અને ચંદુલાલ હી. પટેલ. પ્રકાશન વર્ષ: માર્ચ, 2018. બંને પુસ્તકોનાં અર્પણમાં એમનો ચાણસ્મા અને એની પ્રતિભાઓ પ્રત્યેનો આદરભાવ છલકાઈ આવે છે.

પ્રથમ પુસ્તકમાં ડૉ. રમણલાલ ના. મહેતા જેવા પુરાતત્ત્વવિદના મત અનુસાર 'ચરામાં બાંધેલું ઘર' એવો અર્થ ધરાવતી ચાણસ્માની ભોમ આજે તો નગર બની ગઈ છે. 13મી સદીમાં ગામનું અસ્તિત્વ સ્પષ્ટ થાય છે. એ પછી આ નગરમાં અનેક પ્રતિભાઓ ચમકી છે, દમકી છે. બધી જ પ્રતિભાઓનો ઇતિહાસ મળતો નથી, પરંતુ 1876માં જન્મેલા, સાત્ત્વિક જીવન જીવનાર શ્રી જયશંકર કાલુરામ વ્યાસ પછી પ્રગટેલી કેટલીક (જેના વિશે માહિતી પ્રાપ્ત થઈ શકી છે તેવી) પ્રતિભાઓ આ બંને પુસ્તકોમાં સમાવિષ્ટ છે. કેવી છે આ પ્રતિભાઓ!?

એમાં સ્ત્રીઓ છે. પુરુષો છે. ગામને માટે અને દેશને માટે જીવન ન્યોછાવર કરનાર વીર પુરુષો છે, સેવાધર્મને આચરનાર રાષ્ટ્રભક્તો છે, સમાજસુધારકો છે, દાનવીરો છે, શિક્ષણક્ષેત્રે પ્રવૃત્ત શિક્ષકો, આચાર્યો, અધ્યાપકો, પ્રાચાર્યો અને કુલપતિ છે. સાહિત્ય અને કલાક્ષેત્રે પ્રવૃત્ત લોકો છે. ગામની અનેકવિધ રીતે સેવા કરનારા સેવકો છે, આમાં ચાણસ્માના વતનીઓ છે અને થોડોક સમય ચાણસ્મામાં શ્વસી-વસી ચાણસ્માને ઉજાળનાર લોકો છે. વિવિધ વ્યવસાયના લોકો છે. શિક્ષકો, વેપારીઓ, ઉદ્યોગપતિઓ, ઇજનેરો, કોન્ટ્રાક્ટરો અને તબીબો છે. ભક્તિની ફોરમ ફેલાવી વાતાવરણને સુગંધિત અને શુચિ કરતા ભક્તો છે. જેમણે માત્ર ચાણસ્મામાં જ નહિ, દેશમાં અને દુનિયામાં પોતાની પ્રતિભાનાં તેજ રેલાવ્યાં છે એવા પ્રતિભાવાનો છે

*

**ચાણસ્મા શૂરવીરોની ભૂમિ છે.**

ચાણસ્માના વીર ધનજીભાઈ શાંતિદાસ પટેલ એવા શૂરવીર કે એમની હાકથી માથાભારે વ્યક્તિઓ ભયથી થરથરતી અને ભાગી જતી. મીરખાં અને સોનાજી જેવા બહારવટિયાઓ એમની આણ માની ચાણસ્મામાં પ્રવેશતા નહિ. બદનામ અધિકારીઓ અને પોલીસોય એમનાથી ફફડતા. શ્રી ધનજીભાઈ પોતાના જીવની પરવા કર્યા વિના આગમાં કૂદી જઈ અન્યનો જીવ બચાવતા. પાટણમાં પૂજા-અર્ચના માટે અપાયેલ ભટેવા દાદાની મૂર્તિને પચાવી પાડનાર પાટણ ગામે ઘસામણ કરી, અપૂર્વ શૌર્ય દાખવી પાછી લાવનાર ભડવીર – ત્રિપુટી કરસનદાસ જેકણદાસ પટેલ, ઉમેદભાઈ શંભુભાઈ પટેલ અને નાથાભાઈ ચતુરભાઈ રામીની શૌર્યગાથા અદ્ભુત છે અને ચાણસ્માના શૂરવીર મેજર પ્રવીણકુમાર ઈશ્વરભાઈ તુરીએ સૈન્યમાં જોડાઈ અનેક ચંદ્રકો પ્રાપ્ત કર્યા હતા. દિલ્હીની પરેડમાં ધ્યાનાકર્ષક કામગીરી માટે 'કોર ઑફ મિલિટ્રી પોલીસ' (C.M.P.)નો મેડલ પ્રાપ્ત કર્યો હતો. એમની શહીદીના સમયે ત્રણ-ત્રણ ગાર્ડ ઑફ ઑનર મેળવી, સૈનિક સન્માન સાથે એમણે મૃત્યુને ધન્યતા બક્ષી હતી.

*

આ વીરભોમમાં રાષ્ટ્રભક્તો ન પામે તો જ નવાઈ. 1942માં ગાંધીજીએ અંગ્રેજોને 'હિન્દ છોડો'ની હાકલ કરી અને દેશવાસીઓને 'કરેંગે યા મરેંગે'નો મંત્ર આપ્યો ત્યારે શ્રી મણિભાઈ પુરુષોત્તમદાસ પટેલ અડાસ મુકામે ગોળીબારનો ભોગ બન્યા અને વીરગતિને પામ્યા. શહીદ થયા. વકીલ શ્રી અંબાલાલ શિવદાસ પટેલ પણ આઝાદીની લડતના લડવૈયા હતા. 1929માં ગાંધીજી અને કસ્તૂરબાની મુલાકાત લઈ વડોદરા, કડી પ્રાંતમાં અને ચાણસ્મામાં વડોદરા રાજ્ય પ્રજામંડળના સ્થાપક પ્રમુખ બન્યા. ધરપકડ પણ વહોરી. છેવટે એમનું આઝાદીનું સ્વપ્ન સાકાર થયું.

સ્વાતંત્ર્યસેનાની, તત્પશ્ચાત્ત સર્વોદયના યાત્રી અને ભૂદાન પ્રવૃત્તિમાં સક્રિય શ્રી ચીમનલાલ આત્મારામ ભાવસારનું સ્વાતંત્ર્યજંગમાં મોટું યોગદાન છે. 15 ઑગસ્ટ, 1947ના દિને ચાણસ્મામાં એમને હાથે આઝાદ ભારતનું પ્રથમ ધ્વજવંદન થયું હતું. આઝાદીના જંગમાં અનેક વાર જેલવાસ ભોગવનાર શ્રી કાન્તિલાલ મોહનલાલ શર્મા (મૂળ અટક વ્યાસ)નું પણ મોટું યોગદાન છે.

*

શિક્ષણના ક્ષેત્રમાં પણ ચાણસ્માની અનેક પ્રતિભાઓએ પ્રકાશ પાથર્યો છે. બાળકના હૃદયના જાણતલ અને વર્ષો સુધી પૂનમચંદ બાલમંદિરના આચાર્ય રહેલા શ્રી મંગુભાઈ પંચાલનું તુર્ત જ સ્મરણ થાય. તો નાનપણથી જ નેતૃત્વના ગુણ ધરાવનાર શ્રી પ્રહ્લાદભાઈ શંભુભાઈ પટેલ એલ.ડી. આર્ટ્સ કૉલેજના G. S. બન્યા હતા. વિજ્ઞાનમેળામાં તેઓ પોતાને અને પોતાના વિદ્યાર્થીઓને અનેક ઇનામો અપાવતાં રહ્યાં. મહાગુજરાતની ચળવળમાં એમણે સક્રિય યોગદાન આપ્યું. કટોકટી દરમિયાન જેલવાસ વેઠ્યો અને અમદાવાદ શહેર ભાજપના પ્રમુખપદને શોભાવ્યું. રાજકીય પ્રવૃત્તિઓ દરમિયાન પણ એમણે લોકશિક્ષણ જ આપ્યું છે. અનેક લોકોના જીવનને ઉન્નત પંથે દોરનાર શ્રી કરુણાશંકર મોહનલાલ વ્યાસે ભારત સરકારનો શ્રેષ્ઠ શિક્ષક તરીકેનો અવૉર્ડ પ્રાપ્ત કરી ચાણસ્માને ગૌરવાન્વિત કર્યું છે.

શ્રી મૂળચંદભાઈ કરસનદાસ પટેલ થોડોક સમય ચાણસ્મામાં અને પછી 35 વર્ષ ધર્મજ હાઈસ્કૂલમાં સેવા આપી. વાચન-મનન અને રમતગમતની પ્રવૃત્તિઓની રાહ ચીંધી વિદ્યાર્થીઆલમના સાચા રાહબર બન્યા છે.

ગાંધીરંગે રંગાયેલા શ્રી નાથાભાઈ જે. સથવારા મિતભાષી, મૃદુભાષી તથા અનેક સંસ્થાઓમાં સેવાની સુવાસ ફેલાવનારા નખશિખ આચાર્ય છે. સેવાદળની પ્રવૃત્તિ દ્વારા એમણે સેવાના સંસ્કારો આપ્યા છે.

શાલેય શિક્ષણ ચાણસ્મા અને કડીમાં પ્રાપ્ત કરી, થોડો સમય ચાણસ્મા હાઈસ્કૂલમાં અને લાંબો સમય ગૂજરાત વિદ્યાપીઠમાં આચાર્યપદને અલંકૃત કરનાર શ્રી પુરુષોત્તમભાઈ અંબાલાલ પટેલ બધી જ શૈક્ષણિક સંસ્થાઓમાં ઊંડો રસ દાખવતા રહ્યા છે. આજે કેલિફૉર્નિયામાં વસતા ગુજરાતી સમાજ માટે સામાજિક અને સાંસ્કૃતિક કાર્યક્રમો કરે છે.

શિક્ષક તરીકે કારકિર્દીનો આરંભ કરનાર થોડોક સમય ચાણસ્મા હાઈસ્કૂલના આચાર્યપદે રહેનાર શ્રી પ્રહ્લાદભાઈ ચી. પરીખે Director of Educationના પદે પહોંચી પોતાની વિદ્વત્તા અને વહીવટી સૂઝનો લાભ સમગ્ર ગુજરાતને આપ્યો છે. તેઓ સંસ્કૃતનિષ્ઠ શૈલીમાં છંદોબદ્ધ કાવ્ય લખનાર ઉત્તમ કવિ હતા. એમણે તોટક છંદમાં રચેલી પ્રાર્થનાના ગાનથી દૈનિક શિક્ષણનો આરંભ થતો.

ઉત્તર ગુજરાત યુનિવર્સિટીના કુલપતિપદે પહોંચનાર, 35 વર્ષ સુધી મૅનેજમૅન્ટના પ્રોફેસર તરીકે શૈક્ષણિક કાર્ય કરનાર અને Ph.D.ના 50 વિદ્યાર્થીઓના માર્ગદર્શક પ્રો. ડૉ. બાબુભાઈ અંબારામ પ્રજાપતિ ચાણસ્મા હાઈસ્કૂલના વિદ્યાર્થી હતા. તેઓશ્રી મૂળ ચાણસ્માના વતની, પરંતુ તેમના વડવા બાજુના ગામ સેવાળામાં સ્થાયી થયા હતા.

બબ્બે વાર એમ.એ.ની પદવી ઉપરાંત એમ. એડ્.ની પદવી ધરાવનાર પ્રા. કેશવલાલ આત્મારામ પટેલ 153 જેટલાં પુસ્તકોના સર્જક અને 122 જેટલા નિબંધોના સર્જક હતા.

*

કલા અને સાહિત્યના ક્ષેત્રમાં પણ ચાણસ્માની પ્રતિભાઓનું યોગદાન છે.

વ્યવસાયે સિવિલ એન્જિનિયર શ્રી મણિલાલ મૂળચંદ મિસ્ત્રી ગજબના ચિત્રકાર હતા. તેઓ ચાલુ પ્રવચને વક્તાનું આબેહૂબ રેખાંકન કરી શકતા. તેમનાં ચિત્રોનાં પ્રદર્શનો યોજાયાં હતાં. શિલ્પ, સ્થાપત્ય, ફોટોગ્રાફી અને પુરાતત્ત્વીય સંશોધનોમાં એમને ઊંડો

રસ હતો. વડોદરાની 'સંસ્કાર પરિવાર' સંસ્થાએ એમને 1987માં 'સંસ્કાર અવૉર્ડ'થી સન્માનિત કર્યા હતા.

હવે વાત કરીએ પ્રિ. સોમાભાઈ વિ. પટેલ 'સોમલ'ની. 'સોમલ' એટલે જન્મજાત ચિત્રકાર. કૉલેજના અભ્યાસ દરમિયાન એમણે Art Masterની પદવી મેળવી. એમને સંબંધ માત્ર રંગ અને રેખા સાથે નહિ, શબ્દ સાથે પણ પૂરેપૂરો. વિદ્યાર્થીઅવસ્થા દરમિયાન યુનિવર્સિટીની પાદપૂર્તિસ્પર્ધામાં એમને 'અ. ક. ત્રિવેદી સુવર્ણચન્દ્રક' મળ્યો. સાહિત્યમાં પણ એમનું કામ માતબર છે. તેઓ કવિ, વિવેચક, સંશોધક, સંપાદક, પ્રવાસ નિબંધકાર તથા બાળસાહિત્ય અને પ્રૌઢસાહિત્યના લેખક છે. એમનાં પુસ્તક 'બત્રીસ બોધકકથાઓ'ને N. C. E. R. T.નું પ્રથમ પારિતોષિક સાંપડ્યું હતું. અમદાવાદની 'સરસપુર આર્ટ્સ કૉલેજ'ના આચાર્યપદેથી નિવૃત્ત થઈ હાલ તેઓશ્રી ઉપર નિર્દિષ્ટ પ્રવૃત્તિઓમાં રમમાણ રહે છે.

*

સાહિત્ય અને શિક્ષણની સાથે પત્રકારત્વનો પણ મેળ હોય છે.

કૉમર્સ ગ્રેજ્યુએટ થયેલા શ્રી મણિલાલ મનજીદાસ પટેલે ગ્રામીણ પ્રશ્નો સાથે સંકળાયેલા 'ગ્રામગર્જના' પાક્ષિકનો પ્રારંભ કર્યો. એમની પત્રકારિતા એમના ગામ રૂપપુરને ઉપકારક બની છે. તેઓ અનેક સામયિકો સાથે સંકળાયેલા રહ્યા છે. એમની વૈવિધ્યપૂર્ણ કારકિર્દી પરત્વે એમને નવ જેટલાં સન્માનો પ્રાપ્ત થયાં છે.

*

ચાણસ્માની પ્રતિભાઓમાં કેટલાય દાનવીરો છે. આ દાતાઓએ માત્ર પોતાની જ્ઞાતિમાં જ દાન આપ્યાં નથી, ગામની અને ગામ બહારની કેટલીય સંસ્થાઓને દાન આપ્યાં છે. દાતા શ્રી ડાહ્યાભાઈ જેચંદભાઈ ભાવસારે પોતે 'ચાણસ્મા કેળવણી મંડળ'ના પ્રમુખ હોવા છતાં ચાણસ્માની બીજી કેળવણી સંસ્થા 'નવચેતન હાઈસ્કૂલ'ને દાન આપ્યું હતું. એમણે ચાણસ્માને એમ્બ્યુલન્સ કાર આપી, સ્મશાનગૃહ બંધાવી આપ્યું, પાણીનો બોર કરાવી આપ્યો. અન્ય ગામોમાં ગૌશાળા અને ધર્મશાળા બંધાવી આપી. જ્ઞાતિને દાન તો આપ્યું જ. સ્વ. ભગુભા પટેલ અને તેમનો દાનવીર પરિવાર સદાય સ્મરણીય બની રહેશે.

દાતા શ્રી કંચનલાલ ગભરુચંદ શાહે અનેક જૈનધર્મારાધકોને યાત્રા કરાવી, ધાર્મિક અનુષ્ઠાનો કર્યાં અને ટિફિન-સેવા પૂરી પાડી. દાતા શ્રી ચંપકલાલ કેશવલાલ શાહે 'પી. પી. પટેલ હાઈસ્કૂલ'ના હીરકમહોત્સવ પ્રસંગે પ્રમુખસ્થાન શોભાવ્યું હતું. તેઓ જૈન દેરાસરના જીર્ણોદ્ધાર અને અનુષ્ઠાનોમાં સહભાગી બન્યા છે અને પૂનમચંદ બાલમંદિર તથા સાર્વજનિક હૉસ્પિટલને દાન આપેલ છે.

શ્રી શંભુપ્રસાદ પુરુષોત્તમદાસ પટેલનો પરિવાર દાતાઓનો પરિવાર. શ્રી શંભુપ્રસાદે પુત્રોને પ્રેરક બની શાન્તાબેન ચૅરિટેબલ ટ્રસ્ટ રચ્યું, વિવિધ સંસ્થાઓમાં અનાજ વિતરણની મૂકસેવા આપી, તેમજ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત કડી અને ગાંધીનગરની સંસ્થાઓમાં તેમજ ચાણસ્માની હૉસ્પિટલમાં ઉદાર સખાવતો આપી. શ્રી શંભુપ્રસાદના પુત્રો દ્વારા અપાયેલાં દાન એક કરોડથી વધુ રકમનાં છે.

સ્વ. શ્રી કાનજીભાઈ બેચરદાસ પટેલ દાનેશ્વરી ખેડૂતપુત્ર હતા. એમણે 1956-57માં મહેસાણા જિલ્લા કલેક્ટર દ્વારા પ્રગતિશીલ ખેડૂતનો અવૉર્ડ પ્રાપ્ત કર્યો હતો. એમણે પોતાની

કેટલીક મિલકતો વેચી અને દાનેશ્વરી પુત્રો પાસેથી રકમ મેળવી કાનજીભાઈ બેચરદાસ હૉસ્પિટલ અને સંતોકબેન કાનજીભાઈ પટેલ પ્રસૂતિગૃહ બંધાવી આપ્યાં. ચાણસ્મામાં રોટલાઘર માટે અને ગણપત યુનિવર્સિટી ખેરવામાં પણ દાન આપ્યાં છે. એમના પરિવાર દ્વારા એક કરોડથી પણ વધુ રકમનાં દાન ચાણસ્માની વિવિધ સંસ્થાઓને પ્રાપ્ત થતાં રહ્યાં છે.

*

વેપારને ક્ષેત્રે પણ ચાણસ્માની કેટલીક પ્રતિભાઓ ચમકી ઊઠી છે. શ્રી શિવરામ મૂળચંદ મિસ્ત્રી ઇમારતી લાકડાંના વેપારી હતા. ચાણસ્માના શિક્ષણક્ષેત્રે અને સુધરાઈ ક્ષેત્રે એમણે નોંધપાત્ર કામ કર્યું છે.

વિમલ ગ્રૂપના પ્રણેતા શ્રી ચંદુભાઈ ઈશ્વરભાઈ પટેલનું વિમલ ગ્રૂપ દેશભરમાં જાણીતું છે. વિવિધ ખાદ્યતેલો અને નમકીન ઉત્પાદન કરનાર આ ગ્રૂપે સામાજિક ઉત્થાનની પ્રવૃત્તિઓ કરી છે અને આરોગ્ય ક્ષેત્રે નોંધપાત્ર કામ કર્યું છે.

સ્વ. કાન્તિલાલ પ્રાણલાલ પટેલ એટલે Timber King of India. દેશ-વિદેશમાં જંગલી લાકડાંઓની આયાત-નિકાસ કરનાર અને પછી ઑટોમોબાઇલના ક્ષેત્રે ઝંપલાવનાર આ મહાશયે ચાણસ્મા માધ્યમિક શાળા સાથે P. P. Patel High Schoolનું નામાભિધાન જોડી પિતૃઋણ અદા કર્યું છે અને માતૃઋણ પણ અદા કર્યું છે. અમદાવાદની અનેક સંસ્થાઓને પણ દાન આપ્યાં છે.

આ વેપારીઓએ ધનની પ્રાપ્તિ સાથે સેવાકાર્યો કરી, આત્મસંતુષ્ટિ પ્રાપ્ત કરી છે.

*

ચાણસ્માએ ઉદ્યોગપતિઓ પણ આપ્યા છે. ડૉ. કરસનદાસ કે. પટેલ એટલે વિશ્વફલકના અનોખા ઉદ્યોગપતિ. Marketing Miracle. અનેક પુરસ્કારોથી સન્માનિત પ્રતિભા. ચાણસ્મામાં I.I.T. Institute અને કૉલેજની સ્થાપના કરનાર 'નિરમા યુનિવર્સિટી'ના સર્વસ્વ. યુ.એસ.એ.ની ઍટલાન્ટિક યુનિવર્સિટી, ફ્લૉરિડા દ્વારા એમને Ph.D.ની માનદ પદવી અપાઈ છે. એમનું સેવાકાર્ય અમાપ છે.

બીજા છે શ્રી ગોવિંદભાઈ મફતલાલ વ્યાસ. ભક્તિપરાયણ ઉદ્યોગપતિ શ્રી ગોવિંદભાઈ લોખંડના વ્યવસાય સાથે સંકળાયેલા હતા. 42મા વર્ષે તો અગ્રગણ્ય ઉદ્યોગપતિ તરીકે એમની નામના હતી. તેઓ સાંઈબાબાના પરમ ભક્ત હતા. તેમણે ચાણસ્મામાં સાંઈમંદિર બનાવ્યું અને સાંઈબાબાના પાટોત્સવમાં જ અંતિમ શ્વાસ લીધા.

*

આઝાદ ભારતના રાજકારણમાં પણ ચાણસ્માના તારલાઓએ તેજ પાથર્યાં છે.

સ્વ. વિક્રમભાઈ ધનજીભાઈ પટેલે ચાણસ્માની સુધરાઈ અને સામાજિક તેમજ ધાર્મિક સંસ્થાઓને જીવનભર સેવા આપી છે. એટલું જ નહિ, તેઓ 1957ની વિધાનસભાની ચૂંટણી જીત્યા હતા. તેઓ ધારાસભ્ય તરીકેના પરિપ્રેક્ષ્યમાં સને 2007માં એમ.એલ.એ. કાઉન્સિલના શ્રેષ્ઠ સભ્ય તરીકે ગુજરાતના ગવર્નરના વરદ હસ્તે સન્માનિત થયા હતા.

ડૉ. કિરીટભાઈ પી. સોલંકી ગુજરાતના પ્રથમ દલિત સર્જન છે. મેડિકલ કૉલેજોમાં વર્ષો સુધી અધ્યાપન કરનાર તેઓ અનેક વાર સાંસદ તરીકે ચૂંટાયા છે. લોકસભામાં

બસો જેટલી ચર્ચાઓમાં ભાગ લઈ તેમણે પ્રજાના પ્રશ્નો પ્રત્યે સજાગતા દાખવી છે.

ડૉ. જય નારાયણ વ્યાસ અભ્યાસકાળથી અત્યંત તેજસ્વિતા ધરાવનાર સિવિલ એન્જિનિયર છે. સતત વિદ્યાપ્રાપ્તિની પ્રવૃત્તિમાં રત રહેનાર આ મહાનુભાવે એમ. ટેક્. અને એલએલ.બી. તો કર્યું જ છે સાથે-સાથે મૅનેજમૅન્ટના વિષયમાં Ph.D.ની પદવી પ્રાપ્ત કરી છે. ગુજરાત ઇન્ડસ્ટ્રિયલ બ્યૂરોના અધ્યક્ષ પદે વિરાજનાર અને તેઓ પછીથી ગુજરાત રાજ્યના આરોગ્યમંત્રી પણ બન્યા હતા. નર્મદાબંધની ઊંચાઈના મુદ્દે તેમણે સુપ્રીમ કૉર્ટ સુધી ધારદાર રજૂઆત કરી હતી. પ્રાચીન મંદિરોને અદ્યતન સુવિધાયુક્ત બનાવવામાં એમનો સિંહફાળો છે. તેઓ અનેક વિષયોના વિદ્વાન અને ઉત્તમ વક્તા છે. તેઓ જ્યાં જાય ત્યાં બ્રહ્મતેજ રેલાવતા રહ્યા છે.

*

અન્ય તારલાઓની વાત કરીએ તો કાર્યદક્ષ અવૉર્ડી ઇજનેર શ્રી પ્રહ્લાદભાઈ શિવરામ પટેલે ગાંધીનગરના સ્વર્ણિમ સંકુલ 1-2નું નિર્માણ કર્યું છે અને એશિયાનો સૌથી મોટો સોલાર પ્રોજેક્ટ માત્ર 45 દિવસમાં પૂરો કર્યો છે. અનેક યુનિવર્સિટીઓ અને હૉસ્પિટલોનાં બાંધકામ તેમણે સફળતાપૂર્વક પાર પાડ્યાં છે, એટલું જ નહીં, જીવદયા હૉસ્પિટલમાં 40 લાખનું અને જૈન મંદિરમાં 11 લાખનું દાન આપ્યું છે. તેઓ ઇજનેરી વિદ્યાના જ્ઞાતા છે અને દાતા પણ છે.

તો શ્રી ભીખાભાઈ અંબારામ પટેલ એકાધિક ગવર્નરોના સચિવપદે રહ્યા છે અને પોતાની બુદ્ધિમત્તા અને વહીવટી સૂઝનો પરિચય આપ્યો છે.

*

ચાણસ્માની ભૂમિ પુણ્યભૂમિ છે. અનેક સંતોનાં અહીં પગલાં પડ્યાં છે.

સ્વામી શ્રી ભક્તિપ્રિયદાસજી એટલે સાધુતાની જીવંતમૂર્તિ. એમના માર્ગદર્શન નીચે વિવિધ સ્થળે 40થી વધુ સ્વામિનારાયણ મંદિરો, અનેક શાળાઓ અને હૉસ્પિટલોનું નિર્માણ થયું છે. એમણે કાવ્યો અને સંસ્કૃત સ્તોત્રોની પણ રચના કરી છે.

સ્વામી શ્રી સચ્ચિદાનંદજી મહારાજે સ્વપ્નમાં અનેક વાર પ્રભુદર્શન કર્યાં હતાં. તેમણે વિદેશોમાં પણ સત્સંગના કાર્યક્રમો કર્યા હતા. તેઓ હરિસ્મરણ કરતાં-કરતાં જ હરિશરણ થયા છે. ચાણસ્માનો 'સ્વામી શ્રી સચ્ચિદાનંદ યોગાશ્રમ' એમની સ્મૃતિને તાજી કરે છે.

તીવ્ર બુદ્ધિ-શક્તિ અને સ્મરણશક્તિ ધરાવનાર પં. અભય સાગરજી મહારાજે 13 વર્ષની લઘુ વયે વ્યાકરણ, નાટ્ય અને સાહિત્યની ઉપાધિઓ મેળવી, જૈન અને જૈનેતર શાસ્ત્રોનો ઊંડો અભ્યાસ કર્યો હતો. એમણે 160 જેટલાં પુસ્તકોનું સર્જન કર્યું છે. ચાણસ્મા ખાતે અનેક ચાતુર્માસ ગાળી એમણે લોકોની આધ્યાત્મિક ભાવનાને સમુન્નત કરી છે.

ગાયત્રીના પરમ ઉપાસક ડૉ. મમતા પંડિત એક વિદુષી પ્રાધ્યાપિકા છે. 'હનુમાનાષ્ટક – એક અધ્યયન' શોધનિબંધ લખી એમણે Ph.D. પદવી પ્રાપ્ત કરી છે. એમણે બે પુસ્તકો પ્રગટ કર્યાં છે, વિવિધ કૉન્ફરન્સોમાં પેપર-રીડિંગ કર્યાં છે. તેઓ પ્રખર કથાકાર છે. કથાના માધ્યમ દ્વારા તેઓ લોકોને આધ્યાત્મિક ઉન્નતિના માર્ગે લઈ જઈ રહ્યાં છે.

*

આ બંને ગ્રંથો અદ્‌ભુત છે. આ ગ્રંથોમાં ચાણસ્માની વતની અને ચાણસ્મામાં અલ્પ સમય માટે પણ વસેલી પ્રતિભાઓનાં લઘુ જીવનચરિત્રો છે. એવી પ્રતિભાઓના ફોટોગ્રાફ્સ છે. 'પ્રતિભાવંદના-2'માં તો ચાણસ્માની વિવિધ સંસ્થાઓનાં મકાનનાં ફોટોગ્રાફ્સ છે. તો ચાણસ્માની પ્રતિભાઓએ જે ગામમાં નિવાસ કર્યો છે તે ગામના ફોટોગ્રાફ્સ પણ દષ્ટિપૂર્વક મૂકવામાં આવ્યા છે. બંને ગ્રંથોમાં આલેખાયેલાં લઘુ ચરિત્રોમાં લેખકની સાહિત્યિક શૈલી જોવા મળે છે. અહીં ઠેર-ઠેર સંસ્કૃત, ઉર્દૂ, હિન્દી અને ગુજરાતી કાવ્યપંક્તિઓ વેરાયેલી પડી છે. આ ચરિત્રોના લેખકો અભિનવ સાહિત્ય સાથે પણ સંપર્ક ધરાવનાર છે – એવું સ્પષ્ટ દેખાઈ આવે છે, પરંતુ એ લેખકો કોણ છે? એ દર્શાવાયું નથી. આશા રાખીએ કે નવી આવૃત્તિમાં લેખકોનું નામ પણ દર્શાવવામાં આવે.

આ બંને ગ્રંથ એક રીતે સંશોધનગ્રંથ પણ છે. કેટલીક પ્રતિભાઓ દિવગંત છે. કેટલીક અન્ય દેશ કે અન્ય રાજ્યોની નિવાસી હતી/છે. એમના વંશજો દૂર-દૂર વસતા હોય અને જેમનો સંપર્ક થઈ શકે તેમની પાસે પણ અપેક્ષિત માહિતી ન હોય. (આમ પણ આપણામાં ઇતિહાસદષ્ટિનો અભાવ છે. કોઈ આપણને પૂછે કે 'તમારા દાદાના દાદા કોણ?' તો આપણે માથું ખંજવાળવું પડે. અને આગળ પૂછે છે કે 'તેઓ કોની સાથે પરણ્યા હતા? ક્યાં પરણ્યા હતા? ક્યારે?' તો આપણે ચૂપ જ રહેવું પડે. આપણે કોઈ જવાબ આપી શકીએ નહિ. છતાંય જે માહિતી પ્રાપ્ત થઈ છે તેને આધારે આ પ્રતિભાઓને પ્રકાશિત કરાઈ છે. આ ગ્રંથો પ્રેરણાદાયી અને પ્રેરક છે.

મનુભાઈ પ્રકાશિત આ ગ્રંથોમાં મનુભાઈ અનોખી પ્રતિભા હોવા છતાં મનુભાઈ વિશે એક પણ લેખ નથી. આ છે મનુભાઈની મહાન વિનમ્રતા. આશા છે કે 'પ્રતિભાવંદના-3'માં એમના વિશે પણ એક સુદીર્ઘ લેખ હોય. (પ્રતિભાવંદના-2ના પૂંઠા પર એમના વિશે એક સંક્ષિપ્ત નોંધ છે). મનુભાઈએ આટલું સુંદર કામ કરીને આપણી અપેક્ષાઓ વધારી દીધી છે. ત્યારે મનુભાઈને વિનમ્રભાવે વિનંતી કે

1. ચાણસ્મામાં સંગીત અને નર્તન ક્ષેત્રે પણ પ્રતિભાઓ પ્રગટે અને વિકસે એ માટે ચાણસ્મામાં શાસ્ત્રીય સંગીત અને શાસ્ત્રીય નૃત્યના વર્ગો શરૂ થાય એવું વાતાવરણ રચો અને 2. ચાણસ્માથી 'ચાણસ્મા-સમાચાર' નામનું એક માસિક શરૂ થાય, જેમાં ચાણસ્મા નગરના અને દેશના અન્ય રાજ્યોમાં અને વિદેશોમાં વસતા ચાણસ્માના વતનીઓના સમાચાર હોય, જેથી વિશ્વના ખૂણે-ખૂણે વસતા ચાણસ્માના વતનીઓ એકબીજાના સમાચારથી વાકેફ રહે. એમાં સમાચાર આ રીતે પ્રગટ થાય. ઉદાહરણ તરીકે. (1) ડૉ. બાબુભાઈ બેચરદાસ પટેલ (વજીફાનો માઢ, ચાણસ્મા)નું ન્યૂયૉર્કમાં સન્માન થયું, (2) ડૉ. નટવરલાલ કાન્તિલાલ શાહ (વારાહીનો માઢ, ચાણસ્મા)ને લંડનમાં પારિતોષિક એનાયત થયું.

આ બંને ગ્રંથોમાં જેમનાં ચરિત્રો આલેખવામાં આવ્યાં છે તેવી અનેક પ્રતિભાઓ વિદ્યાર્થી, આચાર્ય કે પદાધિકારી તરીકે સર્વ વિદ્યાલય, કડી સાથે સંકળાયેલી હતી અને હાલ શ્રી મનુભાઈ કડી સર્વ વિદ્યાલયના પ્રમુખસ્થાને વિરાજે છે. આ ઘટનાય આનંદમાં અભિવૃદ્ધિ કરે છે. શ્રી મનુભાઈને અભિનંદન અને વંદન.

•

# અવિસ્મરણીય મનુકાકા

■ પ્રો. ડૉ. મમતાબેન પંડિત

અમારા ચાણસ્મા ગામનું ગૌરવ એટલે મનુકાકા. અમારા ગામની પ્રતિભા એટલે મનુકાકા. મને આજે આનંદ એ વાતનો છે કે તેમના સન્માનમાં અભિવાદન ગ્રંથ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ દ્વારા પ્રકાશિત થઈ રહ્યો છે. આજ દિન સુધી અનેક અભિવાદન ગ્રંથ મનુકાકાએ તૈયાર કર્યા છે અને આજે તેમના માટે આ પ્રશંસનીય કાર્ય થઈ રહ્યું છે. જેને મારા ગામ વતી બિરદાવું છું.

શાંત, ગંભીર ચહેરો, ઝીણું હાસ્ય, પારખું નજર, બોલવામાં-ચાલવામાં દરેક કાર્યમાં સંપૂર્ણ શિસ્તબદ્ધતા, ચશ્માંથી સુશોભિત ચહેરો એટલે મનુકાકા. મારી સાથેના કાકાનાં સંસ્મરણોમાં કહું તો અમારું ગામ એક, પણ કાકા તો મારા વડીલ. હું તો ઘણી નાની, પણ મને પીએચ.ડી.ની ડિગ્રી માટે 2005માં ચાણસ્મા કેળવણી મંડળ દ્વારા મારું સન્માન તેમના વરદ્ હસ્તે થયું, ત્યારે તેમનો પરિચય થયો. તે પછી તો જ્યારે પણ ચાણસ્માનો સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક કાર્યક્રમ હોય ત્યારે મારી નજર મનુકાકાને શોધતી હોય. કાકા સ્ટેજ ઉપર હોય તો જ ગામના કાર્યક્રમની શોભા. તેમનાં પ્રવચન સાંભળવાની આતુરતા હોય. તેમની સાથે બચુકાકા, નાથાકાકા, શોભાનાબેન અગ્રસ્થાને હોય.

મનુકાકા ગામના મુરબ્બી, શ્રેષ્ઠીજન, કેળવણીકાર, સરસ્વતીના ઉપાસક, સમભાવિ વ્યક્તિત્વ ધરાવનાર, ત્યાગીને ભોગવી જાણનાર, વિદ્યાના તપસ્વી પુરુષ અને સૌને તેમના પ્રત્યે આદર. મનુકાકા સાચા અર્થમાં એક યુનિવર્સિટી છે. તેમના વિચારો, મૂલ્યોને પિલવાઈ, સિપોર, કડીના અનેક વિદ્યાર્થીઓએ જીવનનિષ્ઠાના અમૂલ્ય ગુણો અને વારસાને પ્રાપ્ત કરી ભારતીય સંસ્કૃતિની ધરોહર જીવંત રાખવા પ્રયત્નશીલ બન્યા હશે. ભારત સરકારે જ્યારે તેમના વિદ્યાતપને નવાજેલી હોય, અનેક અવૉર્ડ પ્રાપ્ત થયા હોય અને સ્પર્શી જાય તેવી અને અવિસ્મરણીય વાત તો એ કે જે આચાર્યશ્રીના કાર્યોની સુવાસથી કોઈ સંસ્થાનું નામ તે આચાર્યશ્રીના નામાભિધાન સાથે જોડાય તે વિરલ ઘટના કહેવાય. આજે આચાર્ય શ્રી મનુભાઈ જે. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન આ નામ જ તેમના શ્રેષ્ઠ કાર્યોની સુવાસ બતાવી આપે છે. વિદ્વાન હોવું એ એટલી મોટી વાત નથી, પણ વિદ્વત્તાના ભાર વિનાનું હોવું એ ઘણી મોટી વાત છે. જે મનુકાકામાં ભારોભાર જોઈ શકાય છે. સંપૂર્ણ વ્યક્તિત્વ સભર આદરણીય મનુકાકા સમગ્ર શિક્ષણજગત માટે પ્રેરણારૂપ છે.

આપશ્રી પ્રભુકાર્ય-સમાજકાર્ય માટે સતત ચિંતન કરતા રહો તેવી મા ગાયત્રીને હૃદયથી પ્રાર્થના...

•

# ગાંધીવિચારના ઉપાસક

■ પ્રો. ઇલાબેન કે. પટેલ

પૂ. મનુકાકા પટેલ વિશે લખવું એ દીવો લઈને સૂર્યને બતાવવા જેવું છે, પણ આ વ્યક્તિત્વ વિશે યથામતિ મારા વિચારો વડે એમને વંદન. એમને પુષ્પો સમર્પિત કરવાનો મોકો ઝડપી લઉં છું. પરગજુ અને નિઃસ્વાર્થ સેવાભાવી કર્મઠ મનુભાઈને ચાણસ્મામાં ભાગ્યે જ કોઈ ન ઓળખે. ચાણસ્મામાં લાલજી લક્ષ્મીદાસનો પરિવાર, તેમાં રૂપાણી પાટીના મનુકાકા બધી જ પાટીને સાથે રાખીને ચાલ્યા. બીજાનાં હૃદય સુધી જવું હોય તો અથાગ કર્મયોગ જોઈએ તે મનુભાઈએ સિદ્ધ કરીને બતાવ્યું.

એમ.એ., એસ.ટી.સી., બી.એડ્. સુધીનું શિક્ષણ પ્રાપ્ત કરનાર મનુભાઈનો જન્મ ચાણસ્મામાં 1937માં થયો હતો. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ ગામમાં મેળવીને એસ.ટી. સી.ની પરીક્ષા મુંબઈમાં સર્વ પ્રથમ ક્રમે ઉત્તીર્ણ કરી હતી. ત્યાર બાદ પિલવાઈ હાઈસ્કૂલમાં શિક્ષક અને સિપોર હાઈસ્કૂલમાં આચાર્ય તરીકે સેવા આપી હતી. આ ગામોમાં પણ શિક્ષક તરીકે જ નહિ, પણ ગામના બહુઆયામી વિકાસમાં સક્રિય ભૂમિકા ભજવી હતી. ત્યાર બાદ કડી સર્વ વિદ્યાલયમાં આચાર્ય કૅમ્પસ ડાયરેક્ટર અને માનદમંત્રી તરીકે પણ સેવાઓ આપીને તેના સંવર્ધનમાં મહત્ત્વપૂર્ણ ભૂમિકા અદા કરી. ચાણસ્મા નગરના કેળવણી મંડળ, હૉસ્પિટલ, સચ્ચિદાનંદ આશ્રમ અને ગાંધીવિનય મંદિરને તેમની સેવાનો ઉત્તમ લાભ મળ્યો છે. તેમના પરિવારના સ્વ. મણિભાઈ પટેલ આઝાદીમાં શહીદ થયા હતા. તેમના સ્વરાજ અને ગાંધીવિચારના સંસ્કારો મનુકાકાના જીવનમાં સુપેરે જોવા મળે છે.

આચાર્ય ઉપરાંત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્ય હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં સેનેટ સભ્ય અને 20 મુદ્દાઓનાં અમલીકરણની શિક્ષણનાં સમિતિના સભ્ય તથા મહેસાણા જિલ્લાના આચાર્ય સંઘ અને શાળા સંઘના પ્રમુખ તરીકે તેમની સેવાઓ સરાહનીય રહી છે. 'સારસ્વત' સામયિકનું સંપાદન પણ કર્યું અને ધોરણ 10 માટે 'ગુજરાતી-હિન્દી વ્યાકરણ' તથા 'પ્રતિભા વંદના' જેવાં પુસ્તકો પણ લખ્યાં. કડીની સંસ્થામાં કાર્યરત રહ્યા બાદ કડીના બીજા છગનભાસમા સ્વ. માણેકલાલ પટેલ તેમને છોડવા ઇચ્છતા નહોતા, પણ તેમણે ગામની સેવા કરવાનું નક્કી કર્યું. નિવૃત્તિમાં ચાણસ્માનગરની બધી જ સંસ્થાઓને તેમની સેવાઓ અને વહીવટક્ષમતા તથા કોઠાસૂઝનો લાભ મળ્યો અને 75 વર્ષની વય પછી તમામ હોદ્દા છોડીને માર્ગદર્શકની ભૂમિકા અદા કરી રહ્યા છે. શ્રી મનુભાઈનો સમગ્ર પરિવાર હાલ પરદેશ સ્થાયી થયો છે.

આ સમયે રાજેશ વ્યાસ 'મિસ્કીન' યાદ આવે છે:

*તારું કશું ન હોય તો છોડીને આવ તું,*
*તારું બધું હોય તો છોડીને બતાવ તું.*

મનુભાઈએ જીવનમાં ગીતા પચાવી છે. 'તેન ત્યક્તેન ભૂંજીથા' અર્થાત્ ત્યાગીને ભોગવી જાણ. મંત્રને આત્મસાત્ કરીને ઉદાહરણરૂપ બન્યા છે. ચૂંટાયા વિનાના આ બિનહરીફ અનોખા અજાતશત્રુ નગરસેવકે નિવૃત્તિ બાદ તેમને મળેલ ગ્રેજ્યુટી, પ્રોવિડન્ટ ફંડ અને પેન્શનની રકમનું પોતાની માતા ચંચળબા અને પિતા જેકીશનદાસની સ્મૃતિમાં ટ્રસ્ટ બનાવીને શિક્ષણ, આરોગ્ય અને આર્થિક મદદની પ્રવૃત્તિ કરે છે. માત્ર સમય જ નહીં, પણ સંપત્તિનો સહયોગ પણ ચાણસ્મામાં કે. બી. હૉસ્પિટલ, સદાવ્રતી ટ્રસ્ટ, રામજીમંદિર શતાબ્દી મહોત્સવ, સર્વ વિદ્યાલય, કડી જેવી સંસ્થાઓ અને ટ્રસ્ટમાં પ્રતિ વર્ષ મળતી રૂ. એક લાખ જેટલી વ્યાજની રકમ તેઓ સમાજસેવાની વિવિધ પ્રવૃત્તિઓ પાછળ ખર્ચે છે. દાન મેળવવામાં જેટલી કુશળતા છે, તેટલો જ ઉત્સાહ દાન આપવામાં પણ ધરાવે છે.

મનુભાઈમાં ઉત્તમ નેતૃત્વશક્તિ અને સમાજસેવા ડગલે ને પગલે દેખાય છે. પોતાના ગામ પ્રત્યેનો સ્નેહ અને કર્મનિષ્ઠા તેમના વ્યક્તિત્વમાં વણાયેલાં છે. વહીવટી સૂઝબૂજ ઈશ્વરદત્ત ભેટ છે. સાચું જ કહેવાયું છે કે 'વિદ્વાન સર્વત્ર પૂજ્યતે' તેમ કર્મયોગી વ્યક્તિ સદાય પોતાના કર્મો વડે લોકોનાં હૃદયમાં સ્થાન મેળવે છે.

*'ચિંતન કરી લઉં છું મંથન કરી લઉં છું,*
*વિસર્જન થતું હોય ત્યાં નવ સર્જન કરી લઉં છું.'*

જાહેર સંસ્થાઓ ચલાવતી અને સૌને સાથે લઈને ચાલવું તેમજ વહીવટી કોઠાસૂઝ આજની સંસ્થાઓના સંચાલનક્ષેત્રે પડેલા વ્યક્તિઓ માટે પ્રેરણાદાયી છે. અનેક સંસ્થાઓની જવાબદારીઓ વચ્ચે તેમની પ્રસન્ન મુદ્રા અને રમૂજી વ્યક્તિત્વ એ તેમની આગવી ઓળખ છે. તેમના જીવન પર ગાંધીજીના વિચારોનો પ્રભાવ જોવા મળે છે. સાદગી, શિસ્ત એ બધું તો ખરું, પણ સુંદર ઘાટીલા અક્ષરો અને પ્રભાવી વક્તૃત્વકળા એ એમની પૂરી કેળવણીની નિશાની છે. તેઓ એક સારા ચિંતક, લેખક અને વાચક પણ છે, જે તેમની ઊડીને આંખે વળગે તેવી વિશિષ્ટતા છે. તેમને સેવાક્ષેત્રે કાર્યરત બીજા અનેક લોકોનું સન્માન કરીને તેમનો ઉત્સાહ વધારવામાં વધુ રસ છે. જાહેર કાર્યક્રમમાં પોતાનું સન્માન સવિનય ઇન્કારતા હોય છે. તેમણે 65 જેટલા ચાણસ્માના નગરરત્ન વ્યક્તિઓનું પોતે બનાવેલ ટ્રસ્ટો થકી અભિવાદન કરીને નવી પેઢીને જાહેરકાર્યમાં તૈયાર કરીને જોડાવાનું કાર્ય કર્યું છે.

ગાંધીવિચારના ઉપાસક બનીને સરસ્વતીના સાધક તરીકે નિર્લેપભાવે અજાતશત્રુ અને નિષ્કલંક જાહેરસેવા જીવનની 86 વર્ષની વય સુધી પણ કેવી રીતે કરી શકાય તે તેમણે કરી બતાવ્યું છે. મનુકાકા એક આખી યુનિવર્સિટી છે અને તેમનું જીવન ઇતિહાસનું એક આખું પુસ્તક છે. પ્રત્યેક ગામને પોતાના વિકાસ માટે એક સુખી-સમૃદ્ધ માણસ ને ગામ માટે કૉર્ટ-કચેરીએ જનાર અને પછી સમાધાન કરાવનાર એક માણસની જરૂર હોય છે. મનુભાઈમાં ગામસેવકના આ બધા ગુણો જોવા મળે છે.

ચાણસ્મામાં સચ્ચિદાનંદ યોગાશ્રમનાં અધિષ્ઠાતા બ્રહ્મલીન સ્વામી સચ્ચિદાનંદ મહારાજે

મનુકાકાનું જાહેરમાં સન્માન કરતાં કહ્યું હતું કે, મનુકાકા બનવું એ સતત તલવારની ધાર પર ચાલવા જેવું છે. દેશની સેવા કરનાર પણ ગામની સેવા કરવામાં નિષ્ફળ જાય છે, ત્યારે આ ઋષિપુરુષે તે કાર્ય સફળતાપૂર્વક કર્યું છે. સામાજિક ઉત્તરદાયિત્વ સંતોષપૂર્વક નિભાવ્યું છે.

તેઓ રાષ્ટ્રપતિ દ્વારા ભારત સરકારના શ્રેષ્ઠ શિક્ષકનું સન્માન, કેળવણીકાર તરીકે મુખ્યમંત્રીના હસ્તે પણ સન્માનિત તથા વલ્લભવિદ્યાનગર ખાતે સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા બેસ્ટ ટીચરના સન્માનથી વિભૂષિત થયા છે. સૌથી મોટું સન્માન તો ઈશ્વરે તેમને કેન્સરમુક્ત કરીને પણ સેવારત રાખ્યા તે છે. મનુભાઈની સેવાકીય પ્રવૃત્તિઓ, સાદું જીવન અને પ્રલોભનથી દૂર રહેવાનો અભિગમ વગેરે તેમના વ્યક્તિત્વનાં વિવિધ પાસાંઓ અનુકરણીય છે, અન્યને પ્રેરણાદાયી પણ છે.

ભગવદ્ગીતાનો શ્લોક અહીં યાદ આવે છેઃ यद्यदाचरति श्रेष्ठस्तत्तदेवेतरो जनः। તાજેતરમાં શ્રી મનુભાઈ જે. પટેલની ગુજરાત રાજ્યની શ્રેષ્ઠ શૈક્ષણિક સંસ્થા સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડીના પ્રમુખ તરીકે વરણી કરવામાં આવી છે, જે શિક્ષણજગત માટે ગૌરવરૂપ ઘટના છે.

●

---

*માતા-પિતા અને શિક્ષકે આ સમજવાની જરૂર છે કે પૃથ્વી પર આપણામાંની દરેક વ્યક્તિ પોતે કોણ છે તેની ચિંતા કર્યા વિના માનવ ઇતિહાસનું એક પાનું રોકી શકે છે. મને ખબર છે કે મારો અનુભવ એ માનવ ઇતિહાસમાં એક નાનકડું ટપકું જ છે, પણ એ ટપકું જીવંતતાથી અને પ્રકાશથી ભરપૂર છે, પણ શિક્ષકનું જીવન તો આવા અનેક દીપકોને પ્રગટાવે છે.*

✳

*શિક્ષકો કોઈ પણ દેશ માટે કરોડરજ્જુ સમાન છે. એક સ્તંભ છે જેને કારણે દેશની બધી જ આકાંક્ષાઓ વાસ્તવમાં પરિવર્તિત થાય છે. સર્જનાત્મકતા એ શૈક્ષણિક પ્રક્રિયા, શાળાનું પર્યાવરણ અને તે બધા કરતાં પણ શિક્ષકની વિદ્યાર્થીઓની પ્રજ્ઞાને પ્રજવલિત કરાવાની ક્ષમતાનું પરિણામ છે. ખરેખર, કેવળ શિક્ષકનો સમાજ જ પ્રબુદ્ધ નાગરિકનો સર્જક છે.*

**એ. પી. જે. અબ્દુલ કલામ**

---

# ચાણસ્માનું ગૌરવશીલ ઘરેણું

■ મહેન્દ્રભાઈ દેસાઈ

અમારા આદણીય, વંદનીય શ્રી મનુભાઈ જેકીશનદાસ પટેલ ઉર્ફે મનુકાકા અમારા ચાણસ્મા ગામનું ગૌરવશીલ ઘરેણું છે. મારા પૂજ્ય પિતાશ્રી સ્વ. શ્રી અમથાભાઈ જોરાભાઈ દેસાઈ જોડે એમને ઘનિષ્ઠ સંબંધો હતા. આદરણીય શ્રી મનુકાકાએ કડી સર્વ વિદ્યાલય જેવી વિખ્યાત સંસ્થાના વિકાસમાં સિંહફાળો આપેલો છે. સિમ્પલ લિવિંગ અને હાઈ થિંકિંગને અનુસરનાર શ્રી મનુભાઈકાકાને કડી સર્વ વિદ્યાલયના આચાર્ય અને નિવૃત્ત થયા બાદ મંત્રી અને હવે કડી સર્વ વિદ્યાલયના પ્રમુખ તરીકે તેમની સર્વાનુમતે વરણી થઈ છે તે યથાયોગ્ય પસંદગી છે. તે અમારા ચાણસ્મા માટે ગૌરવની વાત છે.

આચાર્યપદેથી નિવૃત્ત થયા બાદ ચાણસ્માની તમામ સંસ્થાઓમાં હોદ્દા વગર નિઃસ્વાર્થ સેવાઓ આપી રહ્યા છે. હું તેમની નિઃસ્વાર્થ સેવાથી શ્રી મનુકાકાને એક આદરણીય વડીલ તરીકે દિલથી ચાહું છું અને તેઓનો આદર કરું છું.

અંતમાં તેમને જવાન ડોસલાનું બિરુદ આપતાં આનંદ અને ગૌરવની લાગણી અનુભવું છું. પરમ કૃપાળુ ગોગાબાપા તેમને નિરામય દીર્ઘાયુ બક્ષે તેવી પ્રાર્થના.

●

---

*આજે શિક્ષક થવા ઇચ્છનારને હું પૂછું કે: તમને માણસ ગમે છે? અણગમો થાય તેવો માણસ ગમે છે? અળવીતરો માણસ ગમે છે? પ્રયાસ કરતો ગમે છે? નિષ્ફળ જતો માણસ ગમે છે? હારીથાકી જતો માણસ પણ ગમે છે?... આ બધા જ પ્રશ્નોનો સદાય માટેનો જવાબ હા હોય તેને શિક્ષક થવાની છૂટ છે, પછી તે ટ્રેઈન્ડ હોય કે ન હોય!*

દાઉદભાઈ એ. ઘાંચી

---

# વહીવટી 'મનુકળા'

■ મણિલાલ એમ. પટેલ

કોઈ શિક્ષણસંસ્થા તેના સેવાનિવૃત્ત આચાર્યનું નામ તેમની સેવાની કદરરૂપે પોતાની શિક્ષણસંસ્થાના નામ સાથે જોડે તથા કોઈ માધ્યમિકશાળાના વિદ્યાર્થીઓ પોતાની શાળાના વિદાય લેતા આચાર્યનું નામ શાળામાં પોતે બનાવેલા ઉપવન-બગીચા સાથે સસ્નેહને સદ્‌ભાવપૂર્વક જોડે તે આચાર્ય ને શિક્ષકનું જીવન સાર્થક ને સફળ ગણાય. આવા આચાર્ય ને શિક્ષક છે મૂળ ચાણસ્માના પનોતાપુત્ર ને સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ શ્રી મનુભાઈ જે. પટેલ. ભલે મનુભાઈને દેશના શ્રેષ્ઠ શિક્ષકનો અવૉર્ડ મળ્યો હોય, પણ જે સંસ્થામાં તેમણે શિક્ષણકાર્ય કર્યું તે એમ.એડ્. કૉલેજનું નામ કડી સર્વ વિદ્યાલયે તેના પૂર્વાચાર્યના નામે ''શ્રી મનુભાઈ જે. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન'' કર્યું તથા જ્યાં 18 વર્ષ આચાર્ય તરીકે રહ્યા ને વડનગર તાલુકાની સિપોર માધ્યમિક શાળાના વિદ્યાર્થીઓએ શાળામાં બનાવેલા એ નાનકડા બગીચાનું નામ 'મનુભાઈ ઉપવન' આપ્યું તે દેશના પદ્મ પુરસ્કારથી જરાયે ઓછું નથી. ગુજરાતના જાણીતા હાસ્યલેખક રતિલાલ બોરીસાગર પછી મનુભાઈ જેવા બહુ ઓછા સદ્‌ભાગી શિક્ષકો હશે કે જેમને વિદ્યાર્થીઓ તરફથી સન્માન પ્રાપ્ત થયું હોય. કોઈ સંસ્થા પોતાના શિક્ષક, આચાર્ય ને કૅમ્પસ ડાયરેક્ટર અને ત્યાર બાદ સંસ્થાના મંત્રી બનાવે ને સક્રિય જાહેરસેવાની નિવૃત્તિ બાદ જીવન સંધ્યાએ તે જ સંસ્થાના પ્રમુખપદના ગૌરવવંતા સ્થાને બેસાડે એ શિક્ષક એટલે મનુભાઈ જે. પટેલ. કડી સર્વ વિદ્યાલયના શિક્ષક, આચાર્ય, કૅમ્પસ ડાયરેક્ટર, મંત્રી ને છેવટે પ્રમુખપદ માટે સંસ્થાએ તેમની પર જે વિશ્વાસ મૂક્યો તે કોઈ નાનીસૂની ઘટના નથી.

અમારા ગામ ચાણસ્મામાં જાવ ને 'મનુકાકા'નું નામ પૂછો તો ભાગ્યે જ કોઈ જૂની-નવી પેઢીનો માણસ તેમનાથી અપરિચિત હોય. લોકો પોતાના વતનને ભૂલી જાય છે, પણ મનુભાઈ કડીની શૈક્ષણિક ને વહવટી પ્રવૃત્તિઓમાંથી નિવૃત્તિ બાદ કડીના બીજા છગનભાસમા સ્વ. માણેકલાલ પટેલના સતત આગ્રહ છતાં પોતાના ગામ ચાણસ્માની સેવા કરવા જવાનું નક્કી કર્યું ને માદરે વતનમાં જઈને વસ્યા. સ્વાતંત્ર્યસેનાની સ્વ. મણિભાઈ પટેલના સંસ્કારી ને રાષ્ટ્રપ્રેમને વરેલા મનુભાઈનો સમગ્ર પરિવાર આજે પરદેશમાં સ્થાયી થયેલો હોવા છતાં પોતે વતન ચાણસ્મામાં રહીને નગરસેવા કરે છે. 75 વર્ષ થયે હોદ્દાઓની નિવૃત્તિ લઈ લીધી માર્ગદર્શકની ભૂમિકા ભજવી રહ્યા છે. નવાઈની વાત તો એ છે કે લોકો દેશ, વતન છોડી રહ્યા છે ત્યારે જૈફ વયે તેઓ ગામમાં જ વસવાટ કરે છે. ચાણસ્મા જેવા સંવાદ કરતાં વિવાદ ને સંઘર્ષની ભૂમિકા માટે જાણીતા ને વિવિધ જૂથોમાં વહેંચાયેલા ગામમાં જાહેરસેવા કરવી તે લોઢાના ચણા ચાવવા જેવું કામ છે,

છતાં મનુભાઈ ચાણસ્માની તમામ સંસ્થાઓમાં સૌને સાથે લઈને, સહકારથી જે કાર્ય કર્યું તે ચાણસ્માના ઇતિહાસમાં સદાય અંકિત રહેશે. દેવદર્શન જવાની ને માળા ફેરવવાની ઉંમરે પણ કાર્યરત રહીને તેમણે ગીતાના કર્મયોગને જીવનમાં સાર્થક કર્યો છે.

આજકાલ લોકો સન્માન માટે ફાંફાં મારતા હોય છે. સન્માન ન મળે, જ્યારે મનુભાઈ સાવ જુદી માટીના છે. તેઓ બીજાનું સન્માન કરીને તેમનો સંસ્થાઓના હિતમાં ઉપયોગ કરવામાં માને છે. ચાણસ્માનગરના સેંકડો સેવકો-આગેવાનોનું તેમણે સન્માન અને ચરિત્રલેખન પણ કર્યું છે. પોતે મંચ પર હોય, પણ અન્ય કોઈ યોગ્ય વ્યક્તિ મંચ પર ન હોય તો તરત જ આયોજકોનું ધ્યાન દોરે. પોતે નીચે બેસે. આવો ગીતાનો અનાસક્તિ યોગ પણ તેમણે જીવનમાં કેળવ્યો છે. ચાણસ્માના સચ્ચિદાનંદજીએ એક વાર કહેલું કે ગામની સેવા કરવી તે તલવારની ધાર પર ચાલવા જેવું છે. દેશની સેવા કરનારા ગામની સેવામાં નિષ્ફળ જાય છે. જે કામ મનુભાઈએ સફળતાપૂર્વક કર્યું છે. તેઓશ્રી દાતા પણ છે. અનેક સંસ્થાઓમાં તેમના પરિવારે દાન આપ્યાં છે. પોતાના પરિવારના સભ્યોનાં નામે ટ્રસ્ટ રચીને સમાજસેવાની વિવિધ પ્રવૃત્તિઓ કરી રહ્યા છે. કેળવણીકાર તરીકે તેમની શિક્ષણસેવાનો તો સુપેરે જાણીતી છે, પણ તેમની ધીંગી કોઠાસૂઝ ને વહીવટી ક્ષમતા આજના સંસ્થાઓ ચલાવનારાઓ માટે પ્રેરણાદાયી ને પથદર્શક છે. સંસ્થાઓ માત્ર દાતાઓથી જ નહીં, પણ સંનિષ્ઠ કાર્યકર્તાઓના અભાવે મરે છે. મનુભાઈએ જે સૌને સાથે લઈને સંઘર્ષ નહીં, પણ સંવાદ-સહકારથી સંસ્થાઓ ચલાવવાની 'મનુકળા' અપનાવી છે તે રીતે જોતાં તેઓ એક હરતી-ફરતી વહીવટી યુનિવર્સિટી છે. સંસ્થાના ઉચ્ચ હોદ્દેદારોને પણ સાચું માર્ગદર્શન આપી શકે તેવી ક્ષમતા બહુ ઓછા માણસોમાં હોય છે. મનુભાઈ હળવાશથી હળવેહૈયે કડવી વાત પણ યોગ્ય સમયે, યોગ્ય રીતે કહીને સારું સંચાલન કરવાની પદ્ધતિ જાણે છે, ને તેમાં નિપુણ છે.

આજેય એ નિવૃત્ત કર્મયોગીની પેઠે સક્રિય પ્રવૃત્ત જીવન જીવી રહ્યા છે. તેમના જીવન પર ગાંધીવિચારનો પ્રબળ પ્રભાવ, સદા પ્રસન્નમુદ્રા, સાચી વાત પણ કડવાશ વિના કહેવાની હસ્તગત કળા, સાદું-સરળ જીવન, જીવનશૈલી તરીકે સ્વીકારેલી સ્વયંશિસ્ત, અસરકારક વક્તૃત્વ, પ્રભાવશાળી વ્યક્તિત્વ અને સુંદર ઘાટીલા અક્ષરો એ એમની પૂરેપૂરી જીવન કેળવણીની પ્રતીતિ કરાવે છે. સારા લેખક, વાચક ને ચિંતક છે. ચૂંટાયા વિનાના બિનહરીફ અજાતશત્રુ નગરસેવકનું બિરુદ તેમને માટે સર્વથા યોગ્ય છે. તેમને અનેક સન્માન મળ્યાં છે અને તે છે "કૅન્સરમુક્તિ સન્માન." જૈફવયે અનેક જીવલેણ બીમારીઓમાંથી પણ ઈશ્વરે તેમને પુનઃ જાહેરસેવાની દોર સંભળવા સ્વસ્થ રાખ્યા છે ને ઇચ્છીએ કે હજુયે નિરામય દીર્ઘાયુ ભોગવે. તેમનું જીવન આખું ઇતિહાસનું પુસ્તક છે, પણ પોતાના વિશે કંઈ લખે તે 'મનુકાકા' નહીં. એમણે હંમેશાં બીજા સેંકડો લોકોનું ચરિત્રલેખન કર્યું છે. 86 વર્ષની જીવન સંધ્યાએ રાષ્ટ્રપ્રમુખ જેવું ગૌરવ ધરાવતું કડી સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું પ્રમુખપદ વણમાગ્યું, વણવાંછ્યું, હોદ્દો મેળવવાના આટાપાટા ખેલ્યા વિના સર્વાનુમતે સ્વયંને આપમેળે આવીને મળે તે જ મનુભાઈના જીવનની સાર્થકતા ને સર્વથા યોગ્યતાનું સૂચક છે.

•

# મારી દૃષ્ટિએ

■ અશોકભાઈ સીતારામ પટેલ

ભારતના રાષ્ટ્રપતિએ વર્ષ 1993માં 'શ્રેષ્ઠ શિક્ષક' પુરસ્કારથી અને ગુજરાતના મુખ્યમંત્રીએ પાટણ 'જિલ્લાના કેળવણીકાર' તરીકે 15 ઑગસ્ટ, 2003ના રોજ તામ્રપત્રથી જેમને વિભૂષિત કર્યા એ ચાણસ્માના પૂ. મનુભાઈ જે. પટેલ (86 વર્ષ) ઉર્ફે મારા વડીલ પૂ. મનુકાકા. તેઓ આવા તમામ પુરસ્કારોના ધની છે. મારા આવા ગૌરવવંતા કાકાની સેવા અને સંસ્મરણોને આવરી લેતો પત્ર લખવા હું બેઠો છું, જે મારે માટે સૌભાગ્યની વાત તો છે જ, પણ આ સાથે પડકાર એ છે કે તેમના કાર્યને આટલા ઓછા શબ્દોમાં કઈ રીતે આવરી લેવાય?

આ અસમંજસમાંથી જ આ પત્રનું શીર્ષક મને સૂઝ્યું અને હૃદયમાં ઘણી ભાવનાઓ ઉજાગર થવા લાગી. અર્જુનને ગીતાનો ઉપદેશ આપનાર ભગવાન શ્રીકૃષ્ણ અને ચાણસ્મામાં શિક્ષણ અને કેળવણીકાર તરીકેની ભૂમિકા ભજવી રહેલા મારા મનુકાકા એકસાથે મારી નજર સમક્ષ આવ્યા, જેનું મુખ્ય કારણ એ છે કે મનુકાકા અમારા પરિવાર માટે પ્રેરણાસ્રોત રહ્યા છે અને અમને સમાજકાર્યોમાં તમામ લાભ અપાવનાર મનુકાકા જ છે. મારા પિતા, શ્રી સીતારામભાઈ નારાયણદાસ પટેલને તેઓએ શિક્ષણ, આરોગ્ય, ભોજનાલય, દેવાલય આવાં તમામ ક્ષેત્રે કાર્યરત સંસ્થાઓમાં સહભાગી થવાની પ્રેરણા આપી અને અમને બધાંને તેઓ આજેય માર્ગદર્શન આપે છે.

પૂ. કાકાશ્રી નિવૃત્તિ પછી ચાણસ્મામાં સેવાનાં કાર્યોમાં વ્યસ્ત રહે છે. તેમને એક પુત્ર અને બે પુત્રીઓનો પરિવાર છે. તેઓ અત્યંત ખુશ મિજાજ અને રમૂજી સ્વભાવના વ્યક્તિ છે, પણ જબરદસ્ત શિસ્તપ્રિય અને શિસ્તના આગ્રહી! તેઓએ ગીતાના ઉપદેશને જીવનમાં એ રીતે આત્મસાત્ કર્યો છે કે તેમનો પરિચય કર્મનિષ્ઠ વ્યક્તિ તરીકે આપી શકાય. તેમના જીવનની દરેક ક્ષણને તેમણે કાર્યમાં કેદ કરીને રાખી છે અને હજી કરી રહ્યા છે. તેમના તમામ ગુણોને જોતાં સ્વામી સચ્ચિદાનંદે તેમની પ્રશંસામાં એક વિધાન કહ્યું હતું, જે આ પ્રમાણે છે: 'મનુભાઈ બનવા માટે સતત તલવારની ધાર પર ચાલવું પડે.'

માત્ર ચાણસ્મા ગામના લોકો જ નહીં, પણ પાડોશી ગામના રહેવાસીઓ પણ કોઈ લાભથી વંચિત ન રહે તેનું સતત ધ્યાન રાખે છે અને દરેક સંસ્થાઓને સહાય પણ કરે છે, આનું ઉત્તમ ઉદાહરણ એટલે સર્વ વિદ્યાલય, કડીની પ્રગતિ માટે તેમની સેવા અને પ્રયત્નો. તેઓનો પ્રેમ ચાણસ્મા ગામ સુધી સીમિત નથી. તેઓ તો સેવાના માધ્યમથી સમસ્ત પાટણમાં પોતાના પ્રેમની ધારા વરસાવે છે. તેઓ 13 ઑગસ્ટ, 2023થી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ તરીકે કાર્યરત છે.

મનુકાકાના પરિચયમાં આવનાર દરેક વ્યક્તિની તેમના પ્રત્યેની ઉષ્માભરી ભાવનાઓને જોઈને હું કંઈક શીખ્યો છું. તેમના દરેક કાર્યના મૂળમાં ગ્રામવાસી અને ગામનો વિકાસ એ જ એક મુખ્ય લક્ષ્ય છે.

અમુક પ્રસંગોને વર્ણવી ન શકાય, પણ માત્ર અનુભવી શકાય; આવો જ એક પ્રસંગ મને અહીં યાદ આવે છે, જે નવેમ્બર, 2019માં ચાણસ્મા ગામમાં લાલજી લક્ષ્મીદાસ સદાવ્રત સંસ્થા દ્વારા યોજાયો હતો. અહીં રામજી મંદિર શતાબ્દી મહોત્સવનું ત્રણ દિવસીય આયોજન થયું હતું, જેમાં મનુકાકાએ આગવી ભૂમિકા ભજવી હતી અને આ ત્રણ દિવસમાં જાણે સાક્ષાત્ ભગવાનની હાજરીની વચ્ચે અમે આ મહોત્સવ ઊજવ્યો હોય તેવો અદ્ભુત અનુભવ મને અને મારા પરિવારને થયો હતો; આ અનુભવ મારા મનુકાકાની જ દેણ છે, જેના માટે હું તેમનો વિશેષ આભાર માનું છું.

મનુકાકાની પ્રશંસામાં એક વાત ઉલ્લેખનીય છે – ચાણસ્મા તથા આજુબાજુના ગ્રામજનોને લાભ મળે તે માટે તેઓએ ચાણસ્માની કે. બી. પટેલ સિવિલ હૉસ્પિટલમાં નિઃસ્વાર્થ ભાવે જે સેવા આપી છે તે મેં નિકટથી જોઈ છે. તેમની સંચાલન શક્તિને ધન્ય છે.

નિવૃત્તિ બાદ 75 વર્ષની ઉંમરે ચાણસ્માની તમામ શૈક્ષણિક-સામાજિક સંસ્થાઓમાં મળેલાં પદનો તેમણે સ્વેચ્છાએ ત્યાગ કર્યો છે અને આજેય તેઓ તે સંસ્થાઓના વિકાસ માટે જ્યારે જરૂર પડે ત્યારે સહાય કરે છે. અનેક સિદ્ધિઓ મેળવ્યા પછી પણ પદનો સામેથી ત્યાગ કરવો એ તેમની બાળસહજ નમ્રતાનું પ્રમાણ છે.

મારી દૃષ્ટિએ મનુકાકા માનવતાની ઉત્તમ મિસાલ છે. મારા પરિવારને અને અમને ચાણસ્માનગરને આવા માર્ગદર્શક મળ્યા તે બદલ હું ઈશ્વરનો આભાર માનું છું. મનુકાકાને ખૂબ શુભેચ્છાઓ અને અમારા સહૃદય પ્રણામ.

●

---

*શિક્ષકનું કાર્ય અત્યંત પવિત્ર છે એટલું જ નહિ, પણ સર્વોત્તમ ધર્મરૂપ છે. શિક્ષકોને આમાંથી જ એમના જીવનનો પરમ આનંદ મળી રહે છે.*

*

*શિક્ષકનો એ ધર્મ છે કે એણે પોતાની વાણી માટે સાવધાન રહેવું અને પોતે ગમે તેવા કાર્યમાં પ્રવૃત્ત હોવા છતાં, વાણી અને વર્તનમાં નમ્રતા અને નરમાશ રહે એનું ધ્યાન રાખવું.*

*જે. કૃષ્ણમૂર્તિ*

---

# ચાણસ્માનું ગૌરવ

■ સીતારામ કાશીરામ પટેલ

उद्यमेन हि सिध्यन्ति कार्याणि, न मनोरथै ।

કોઈ પણ કાર્ય, કોઈનું પણ કાર્ય, પૂરેપૂરી જવાબદારીપૂર્વક પૂર્ણ ખંતથી પ્રામાણિકતાથી પૂર્ણ કરીને જ જંપનાર... 'વિવાદ નહીં, પણ સંવાદ' એ આપનો હંમેશાં જીવનમંત્ર રહ્યો છે. ચાણસ્મા કેળવણી મંડળના અને ગામની વિવિધ સંસ્થાઓના રાહબર એવા 87 વર્ષની વયે યુવાનને પણ શરમાવે તેવી સ્ફૂર્તિથી કાર્યરત એવા વંદનીય મુ. શ્રી મનુભાઈ જેકીશનદાસ પટેલે જીવનસંગ્રામમાં શરૂથી જ પડકારોને પ્રચંડ પુરુષાર્થ થકી સુગમ બનાવી આત્મબળ, સ્વાશ્રય અને ધ્યેયનિષ્ઠાથી પ્રગતિનાં શિખરો સર કર્યાં. આજીવન શિક્ષક, એક મૂલ્યનિષ્ઠ અને ધ્યેયનિષ્ઠ આચાર્ય, શિસ્ત અને નિયમ પાલનના ચુસ્ત આગ્રહી... હંમેશાં પ્રસન્ન મુદ્રામાં જોવા મળે. ગાંધીવાદી વિચારક આપશ્રીએ હંમેશાં પ્રસિદ્ધિ અને પ્રલોભનથી દૂર રહીને ગાંધીમૂલ્યોનું આજીવન જતન કર્યું.

ચાણસ્મા કેળવણી મંડળના મંત્રી તરીકે 1983થી 2011 સુધી કુલ 28 વર્ષ ચાણસ્મામાં શિક્ષણની જ્યોતને ચેતનવંતી બનાવવાના શુભ હેતુથી મંડળ સંચાલિત શાળાઓમાં શિક્ષણની ગુણવત્તા સુધરે અને જાહેર પરીક્ષાનાં માધ્યમિક/ઉચ્ચ માધ્યમિક શાળાઓનાં પરિણામો સારાં આવે તેમજ વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ દ્વારા બાળકોના સર્વાંગી વિકાસ માટે અથાગ પ્રયત્નો દ્વારા સુંદર માર્ગદર્શન પૂરું પાડ્યું. આપના સહયોગથી 1968થી કન્યા કેળવણીને ઉત્તેજન મળે તે હેતુથી શરૂ કરવામાં આવેલ મંડળ સંચાલિત ગર્લ્સ હાઈસ્કૂલ, ચાણસ્માનું નવું સુવિધાપૂર્ણ સ્વતંત્ર મકાન 1980માં બાંધવામાં આવ્યું.

આપશ્રીના મંત્રી પદે કેળવણી મંડળનો હીરક મહોત્સવ ઊજવવાનો ઠરાવ વર્ષ 2005માં કરીને ફંડ-ફાળો મેળવવાનું શરૂ કરીને માતબર દાન મેળવ્યું. 'ચાણસ્મા હાઈસ્કૂલનો શતાબ્દી મહોત્સવ' ચાણસ્મા કેળવણી મંડળનો હીરક મહોત્સવ અને ચાણસ્મા ગર્લ્સ સ્કૂલનો સુવર્ણ મહોત્સવ તા. 16 અને 17 ફેબ્રુઆરી, 2017ના રોજ યોજાયો. ચાણસ્મા કેળવણી મંડળના પ્રાથમિક શિક્ષણ માટે નવીન અદ્યતન મકાનની આવશ્યકતા પૂરી કરવા આપના પ્રયત્નોને પરિણામે... શાંતાબેન શંભુદાસ પટેલ શિક્ષણ સંકુલ અને શાંતાબેન વિષ્ણુભાઈ પટેલ વિદ્યામંદિરના અદ્યતન મકાનનો ખાતવિધિનો ભવ્ય કાર્યક્રમ તારીખ 2 ઑક્ટોબર, 2006ને વિજયાદશમીના રોજ યોજવામાં આવ્યો અને મકાનનું ઉદ્‌ઘાટન તા. 4-2-2009ના રોજ પ. પૂ. મહર્ષિ સ્વામી સચ્ચિદાનંદજી (દંતાલીવાળા) અને દાતા શ્રી વિષ્ણુભાઈ એમ. પટેલના વરદ હસ્તે સર્વની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું. ચાણસ્મામાં

વિવિધ શૈક્ષણિક પ્રવૃત્તિઓ માટે વિશાળ સભાખંડની ઊણપ વર્તાતી હતી તે માટે આપશ્રીના અથાગ પ્રયત્નને પરિણામે દાતા શ્રી કાન્તિભાઈ બબલદાસ પટેલ અને ચાણસ્મા કેળવણી મંડળના સહયોગથી 'શારદાબા સંસ્કારભવન'નું નિર્માણ કરવામાં આવ્યું.

આપશ્રીએ 'ચંચળબા જેકીશન મેમોરિયલ ટ્રસ્ટ અને શાંતાબેન શંભુપ્રસાદ પટેલ ચેરિટેબલ ટ્રસ્ટ' બનાવીને તેના આર્થિક સહયોગથી અનેક સેવાકીય પ્રેરક પ્રવૃત્તિઓ શરૂ કરી. આ પૈકી 12 ફેબ્રુઆરી, 1998ના રોજ પ્રતિભા વંદના-1 કાર્યક્રમ યોજવામાં આવ્યો.

આ ઉપરાંત તા. 24-3-2018ના રોજ પ્રતિભા વંદના-2 કાર્યક્રમ પરમ પૂજ્ય સ્વામી સચ્ચિદાનંદજી પરમહંસના સાંનિધ્યમાં 'શારદા સંસ્કારભવન'માં આયોજિત કરીને ચાણસ્માનગરના જજ પ્રતિભા પુરુષોને સન્માનિત કરવામાં આવ્યા. આપશ્રીની આ ઉમદા દૃષ્ટિ અભિવંદનીય છે.

આપશ્રી મેડિકલ ઍન્ડ સોશિયલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, ચાણસ્માના સક્રિય ટ્રસ્ટી છો. ટ્રસ્ટ સંચાલિત 'શ્રી કાનજીભાઈ બેચરદાસ પટેલ જનરલ હૉસ્પિટલ' અને 'શ્રીમતી સંતોકબેન કાનજીભાઈ પટેલ પ્રસૂતિગૃહ!'ની તન, મન, ધનથી સેવામાં રચ્યાપચ્યા રહો છો. ચાણસ્માની કોઈ એવી સાર્વજનિક સંસ્થા નહીં હોય કે જેમાં આપશ્રીનું યોગદાન ન હોય. આપશ્રી સચ્ચિદાનંદ આશ્રમ, ચાણસ્માની અવારનવાર મુલાકાત લઈ જરૂરી માર્ગદર્શન અને સેવા આપતા રહો છો. તદ્ઉપરાંત 'રૂપાણી પ્રગતિ મંડળ ચાણસ્મા' સંસ્થાની મુખ્ય પ્રવૃત્તિ ભાદરવા સુદ દશમની 'ઉજાણી' તેમજ સંલગ્ન વિવિધ પ્રવૃત્તિઓના હંમેશાં માર્ગદર્શક રહ્યા છો.

'નૂતન વર્ષાભિનંદન' પ્રસંગે પ્રેરણાદાયી જીવનદર્શનની પુસ્તિકાઓ રૂબરૂ/પોસ્ટથી મિત્રો, સ્નેહીજનો અને વાચકપ્રેમીઓને પહોંચાડીને 'સુંદર પ્રેરણા સંદેશ'ની સેવાકીય પ્રવૃત્તિ પણ સરાહનીય છે.

નખશિખ શિક્ષણને વરેલા આપશ્રીએ એમ. એ., બી. એડ્.ની શૈક્ષણિક ડિગ્રી પ્રાપ્ત કરીને શેઠ જી. સી. હાઈસ્કૂલ, પિલવાઈથી શિક્ષક તરીકેની વ્યાવસાયિક કારકિર્દીની શરૂઆત 1958થી કરી. ત્યાર બાદ 1967થી 1985 સુધી શ્રી શં. મા. ઉપાધ્યાય આદર્શ વિદ્યાલય, સિપોરમાં આચાર્ય તરીકેની ઉત્તમ સેવા પ્રદાન કરી. 'નિષ્ઠાભરી સેવા જ આપનું હંમેશાં લક્ષ્ય રહ્યું છે.'

મહાત્મા ગાંધી દ્વારા રાષ્ટ્રીય શાળાનું બિરુદ પામેલી 'નો સ્ટડી વિધાઉટ કડી.'ના કથનથી પ્રસિદ્ધિ પામેલી શાળા – સર્વ વિદ્યાલય, કડીમાં 1985થી આચાર્ય તરીકે કાર્યભાર સંભાળીને આપની નિષ્ઠા અને કુશળતાનો સુંદર પરિચય કરાવ્યો અને ખૂબ જ લોકચાહના મેળવી. સંસ્થાને ઊર્ધ્વતર વિકાસના શિખરે લઈ જવામાં અહમ્ ભૂમિકા નિભાવી. એક મૂલ્યનિષ્ઠ અને વિદ્યા સંગી આચાર્ય તરીકેની સુવાસ માત્ર 'કડી' કે મહેસાણા જિલ્લા સુધી સીમિત ન રહેતાં ગુજરાત અને રાષ્ટ્રીય સ્તરે પ્રસરી.

સંનિષ્ઠ શિક્ષક તરીકેની આપશ્રીની સેવાઓને ધ્યાનમાં લઈ ભારત સરકાર દ્વારા 1993માં 'શ્રેષ્ઠ શિક્ષક' તરીકેના 'રાષ્ટ્રીય અવૉર્ડ'થી મહામહિમ રાષ્ટ્રપતિ મહોદયના વરદ હસ્તે સન્માનિત થયા. તદ્ઉપરાંત પાટણ જિલ્લાના યશસ્વી કેળવણીકાર તરીકે 15 ઑગસ્ટ, 2003ના રોજ ગુજરાત રાજ્યના તત્કાલીન માનનીય મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર

મોદી દ્વારા તામ્રપત્રથી વિભૂષિત કરવામાં આવ્યા. ખાસ નોંધપાત્ર બાબત એ છે કે સર્વ વિદ્યાલય કેળવણી મંડળે આપશ્રીની સંસ્થા પ્રત્યેની અમૂલ્ય અને નિષ્ઠાભરી સેવાઓને ધ્યાનમાં લઈ મંડળ સંચાલિત એમ. એડ્. કૉલેજનું નામાભિધાન 'આચાર્ય શ્રી મનુભાઈ જે. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન' કરવામાં આવ્યું.

શિક્ષણક્ષેત્રે 39 વર્ષથી ચાલતી શિક્ષણની જ્યોત ગાંધીચીંધ્યા માર્ગે પ્રજ્વલિત રાખીને 1995માં વયમર્યાદાથી સર્વ વિદ્યાલય, કડીની શાળામાંથી નિવૃત્ત થયા ત્યાર બાદ સર્વ વિદ્યાલયને તન, મન, ધનથી સમર્પિત બની રહ્યા.

પ્રારંભમાં મંડળના મંત્રી અને માર્ચ 2020થી ઑગસ્ટ 2023 સુધી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખ તરીકેની અને હાલમાં ઑગસ્ટ, 2023થી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ તરીકે સેવા આપવાનું સ્વીકારીને માર્ગદર્શન પૂરું પાડી રહ્યા છે તે એક ગૌરવપૂર્ણ ઘટના છે. આપશ્રીના જીવનચરિત્રને જોતાં સ્વામી સચ્ચિદાનંદજીએ સાચે જ કહ્યું છે કે 'મનુભાઈ બનવા માટે તલવારની ધાર પર ચાલવું પડે.' આપશ્રીના વ્યક્તિત્વને ઉજાગર કરતું સંતપુરુષનું આ વિધાન ઘણુંબધું કહી જાય છે. આપશ્રીનાં ધર્મપત્ની સ્વ. પુષ્પાબહેને પણ આપશ્રીના આદર્શોને ચરિતાર્થ કરવામાં સિંહફાળો આપ્યો છે જે ભૂલી ન શકાય. ચાણસ્મા કેળવણી મંડળ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અને સમાજને આપની શિક્ષણસેવાનો અમૂલ્ય લાભ અવશ્ય મળતો રહે તેવી અભ્યર્થના.

●

---

*આદર્શ શિક્ષક માત્ર તેના વિષયનો જ નિષ્ણાત હોય કે તેની પાસે જે જ્ઞાન છે તેની વિદ્યાર્થીઓને લહાણી કરે એટલું જ પૂરતું નથી, પણ તેનાં પોતાનાં સંતાનો સાથે જેવો વર્તાવ તે રાખે છે તેવો જ વર્તાવ તેઓની સાથે રાખવો જોઈએ. આ બે ગુણો જ આદર્શ શિક્ષક બનાવે છે.*

**જે. બી. કૃપલાણી**

✳

*શિક્ષક એટલે શિક્ષક. બધા માટેનો શિક્ષક. શિક્ષકને વર્ગના વિષયનાં બંધનોથી બાંધી ન શકાય. શિક્ષક ખાનાબદ્ધ ન હોઈ શકે. ટીચરશિપ ઈટ શેલ્ફ ઈઝ એ ગ્રેસ.*

**દાઉદભાઈ એ. ઘાંચી**

---

# જાહેરજીવનનું વિલક્ષણ વ્યક્તિત્વ

■ **મનુભાઈ શીવરામભાઈ. પટેલ**

શ્રી મનુભાઈ એ જાહેરજીવનનું એક વિલક્ષણ વ્યક્તિત્વ છે. તેમના અનુભવનું ભાથું શિક્ષણજગતને સતત પોષતું રહે છે. એક સંવેદનશીલ વ્યક્તિત્વ, અપરિચિતને આત્મીય બનાવવાની ઉદારતા, નિઃસહાયને મદદરૂપ થવાની તત્પરતા તે તેમના સ્વભાવનાં લક્ષણો છે. તેમણે ક્યારેય કોઈ સન્માન કે પદની અપેક્ષા વિના જવાબદારીઓ નિભાવી છે. હંમેશાં તેમનો જીવનમંત્ર સાદગી, સદ્ભાવ, સરળતા છતાં સુદૃઢતાનો રહ્યો છે.

શ્રી મનુભાઈનો જન્મ 14 જાન્યુઆરી, 1937 દિને ચાણસ્મા મુકામે થયો. તે ઉત્તરાયણનો પવિત્ર દિવસ – પતંગની માફક ઊંચું લક્ષ્ય અને ગમે તેવા પડકારો વચ્ચે પણ પોતાની જાતને સંભાળી સ્થિરતા પામવી તથા અન્યોને આનંદ આપી ધન્યતા અનુભવવી તે તેમનું ધ્યેય રહ્યું. વિદ્યાક્ષેત્રે એમ.એ., બી.એડ્.થી વિભૂષિત થયા. એસ.ટી.સી. પરીક્ષામાં સમગ્ર બૃહદ મુંબઈમાં પ્રથમ ક્રમે રહ્યા. બી.એડ્.માં સરદાર પટેલ યુનિ.માં દ્વિતીય ક્રમે રહ્યા. 1958થી 1967 શેઠ સી. જી. હાઈસ્કૂલ, પિલવાઈમાં શિક્ષક તરીકે સેવાઓ આપી. તે વખતના તેમના શિક્ષક સાથી જે મારા પરિચિત પણ હતા તેવા શ્રી અંબાલાલભાઈ (શેલાવીવાળા)ના મુખેથી તેમના જ્ઞાનની અને દિવ્યતાની ઘણી વાતો સાંભળવા મળી હતી. ગુજરાતી સાહિત્યનું ઊંડું જ્ઞાન, લેખન, સંપાદન, વિશ્લેષણનો લાભ સાહિત્યરસિકોને મળતો રહ્યો છે. સુંદર લખાણ, સારા અક્ષરો તથા ભાષા ઉપરનો કાબૂ એ એમની આગવી વિશેષતાઓ છે. 1967થી 1985 શ્રી શં. મા. ઉપાધ્યાય આદર્શ વિદ્યાલય, સિપોર (તા. વડનગર)માં આચાર્ય તરીકે કારકિર્દી વિકસાવી. હું તે સમયે કામલી હાઈસ્કૂલમાં શિક્ષક તરીકે જોડાયેલો. મારી શાળાના આચાર્ય શ્રી ચંદુભાઈ પટેલ, શ્રી મનુભાઈના મિત્ર હતા. તેમની સાથે સિપોર હાઈસ્કૂલ જવાનું અને તે શાળા જોવાનો તથા મુ. શ્રી મનુભાઈ પટેલનો પરિચય કેળવવાનો પણ લાભ મળ્યો હતો. તેમના સિપોર હાઈસ્કૂલમાં આચાર્યશ્રી તરીકેના કાર્યકાળ દરમિયાન શ્રી સુંદરમ્, શ્રી ઉમાશંકર જોશી, પ્રિ. શ્રી યશવંત શુક્લ, શ્રી પન્નાલાલ પટેલ, સ્નેહરશ્મિ, પી.સી.વૈદ્ય, શ્રી પુરુષોત્તમ માવલંકર, બબલદાસ મહેતા, શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ, ડૉ. દ્વારકાદાસ જોષી, ડૉ. વસંત પરીખ જેવા પ્રતિભાશાળી પુરુષો આ શાળામાં અવારનવાર આવતા. શ્રી મનુભાઈએ સિપોરના સર્વાંગી વિકાસ માટે મોટો ફાળો આપી લોકસેવક તરીકેની પણ ચાહના મેળવી હતી. આવા સર્વોદય વિભૂતિઓના સંપર્કોથી આપણે શ્રી મનુભાઈના વ્યક્તિત્વનો પરિચય મેળવી શકીએ છીએ.

તેમના મૂલ્યનિષ્ઠ આચરણની ઘણી ઘટનાઓ જાણવા મળે છે. એક વાર શ્રી

મનુભાઈ, તેમના બે ત્રણ સાથી મિત્રો સાથે કોઈ કામે વડનગરથી અમદાવાદ ગયેલા. પરત ફરતાં અમદાવાદથી વડનગર રેલવે દ્વારા જ આવવાનું થયું. વડનગર રેલવે સ્ટેશને ઊતરતાં ખ્યાલ આવ્યો કે અજાણતાં ટિકિટ કોઈએ લીધી નથી. મિત્રોને પૂછતાં એકબીજાના વિશ્વાસે ટિકિટ લેવાઈ ન હતી. કોઈ રેલવે અધિકારીની હાજરી કે પૂછપરછ ન હોવા છતાં વડનગર રેલવે સ્ટેશનેથી જ વડનગર-અમદાવાદની બધા મિત્રોની ટિકિટ લઈ ટિકિટ ફાડી ફેંકી દીધી, પણ રેલવેતંત્રને નુકસાન થવા ન દીધું. આવી હતી તેમની રાષ્ટ્રીયતા અને મૂલ્યનિષ્ઠા. મુ. શ્રી મનુભાઈ શિક્ષણ ઉપરાંત શિસ્ત અને નિયમપાલનના ચુસ્ત આગ્રહી છતાં પ્રસન્ન મુદ્રામાં જોવા મળતા.

ગાંધીજીએ જેને રાષ્ટ્રીયશાળાનું બિરુદ આપેલું એવી ખ્યાતનામ શાળા શ્રી સર્વ વિદ્યાલય – કડીમાં 1985થી પ્રિન્સિપાલ તરીકે શિક્ષણયજ્ઞના તપસ્વી તરીકે લોકહૃદયમાં આગવું સ્થાન મેળવ્યું. આ શાળામાં જોડાયેલા શ્રી મનુભાઈ ઉપર ગાંધીજીવનનો મોટો પ્રભાવ રહ્યો છે. કોઠાસૂઝ તથા વહીવટી કુશળતાનાં અનેક ઉદાહરણો જોવા મળે છે. મારું વતન પણ ચાણસ્મા. તેમના પ્રતિભાશાળી વ્યક્તિત્વથી હું ઘણો પ્રભાવિત હતો. હું પણ 1987થી નૂતન હાઈસ્કૂલ, શંખલપુર (બેચરાજી)માં આચાર્ય તરીકે જોડાયેલો. મારી આચાર્ય તરીકેની જવાબદારીની શરૂઆત મુ. શ્રી મનુભાઈના મોં મીઠું કરાવી આપેલા આશીર્વાદથી થઈ હતી. તે પછી પણ અવારનવાર કડી જઈ તેમને મળવાનું થતું. જ્યારે-જ્યારે મારે કોઈ વહીવટી સમસ્યા ઊભી થાય ત્યારે મને તેમનું માર્ગદર્શન મળી રહેતું. તે સમય દરમિયાન શાળાના એક કર્મચારીના ઉદ્ધત્ત અને અસામાજિક વર્તનની સાથે કાર્યવાહી કરવાની થઈ ત્યારે મુ. શ્રી મનુભાઈનું માર્ગદર્શન મળતું રહ્યું અને હું તે સમસ્યા હલ કરવામાં સફળ રહ્યો હતો. તેમનું માર્ગદર્શન મને શાળા સંચાલન અને વહીવટી સજ્જતામાં ખૂબ જ ઉપયોગી થયાં છે.

મુ. શ્રી મનુભાઈએ ક્યારેય કોઈ સન્માન કે અવૉર્ડની અપેક્ષા રાખી નથી છતાં સન્માન કે અવૉર્ડ તેમને શોધતાં આવે તેવું તેમનું વ્યક્તિત્વ હતું. તેમની પ્રતિભાએ તેમને અનેકવિધ અવૉર્ડો કે પ્રમાણપત્રોથી સન્માનિત કર્યા છે. ચાણસ્મા નગરનું તેઓશ્રી ગૌરવશિખર છે.

- 1993માં ભારત સરકાર દ્વારા રાષ્ટ્રપતિશ્રીના હાથે શ્રેષ્ઠ શિક્ષક અવૉર્ડ
- સરદાર પટેલ યુનિ. દ્વારા બેસ્ટ ટીચર અવૉર્ડ
- પૂર્વ વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધીના 20 મુદ્દા અમલીકરણ સમિતિના શિક્ષણ પ્રતિનિધિ તરીકે
- 15 ઑગસ્ટ, 2003ના રોજ પાટણ જિલ્લાના યશસ્વી કેળવણીકાર તરીકે તત્કાલીન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્ર મોદીના હસ્તે તામ્રપત્રથી વિભૂષિત
- નિવૃત્તિ બાદ સર્વ વિદ્યાલય, કડી - કૅમ્પસ ડાયરેક્ટર
- સર્વ વિદ્યાલય, કડી કેળવણી ઉત્તેજક મંડળના મંત્રી
- કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખ
- સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના 13 ઑગસ્ટ, 2023થી પ્રમુખ તરીકે

- આચાર્યશ્રી મનુભાઈ જે. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનનું નામાભિધાન.
- ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ
- ગુજરાત રાજ્ય માધ્ય. શિક્ષણ બોર્ડના (1981થી 1989) શૈક્ષણિક સમિતિના સભ્ય
- મહેસાણા જિલ્લા શૈક્ષણિક સંઘના મંત્રી-પ્રમુખ
- મહેસાણા જિલ્લા વિવિધ સંઘોની સંકલન સમિતિના પ્રમુખ (1976થી 1995)

**વતન ચાણસ્મામાં સેવા સહયોગ**

- 1965થી ચાણસ્મા કેળવણી મંડળમાં સક્રિય યોગદાન – તે પૈકી લગભગ 25 વર્ષ મંત્રી તરીકેની ફરજ નિભાવી.
- મેડિકલ એન્ડ સોશિયલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ ચાણસ્મા (કે. બી. પટેલ હૉસ્પિટલ)ના મંત્રી તરીકે
- ચાણસ્માની સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક સંસ્થાઓ કે ટ્રસ્ટોમાં સેવાકીય યોગદાન, આર્થિક સહયોગ તથા વહીવટી માર્ગદર્શન.
- ચાણસ્માના વિકાસમાં વિશિષ્ટ સહયોગ અને પ્રદાન છે તેવા પ્રતિભાસંપન્ન વ્યક્તિઓના જીવનચરિત્રોનું લેખન – સંપાદન – પ્રકાશન તેમના દ્વારા થયું. પોતે હકદાર હોવા છતાં પોતાની જાતને આ માન-સન્માનથી દૂર રાખી ''પ્રતિભા વંદના'' પુસ્તક સ્વરૂપે પ્રકાશિત કર્યું. તે પૈકીના એક વ્યક્તિ પરિચયનો વિશેષ ઉલ્લેખ કરું છું. તે શહીદવીર સ્વ. મણિભાઈ પુરુષોત્તમદાસ પટેલ. જે શ્રી મનુભાઈના પિતરાઈ ભાઈ થાય જેઓએ 18 ઑગસ્ટ 1942ની આઝાદી લડતની ચળવળના ભાગરૂપે 21 વર્ષની ઉંમરે ગોળીથી વીંધાઈને શહીદી વહોરી હતી. જેમનું સ્મારક શ્રી મનુભાઈના પ્રયત્નોથી ચાણસ્મા ગામ વચ્ચે વિદ્યમાન છે.
- 1995માં આચાર્યપદેથી નિવૃત્તિ બાદ શ્રી મનુભાઈએ માતા-પિતાના નામે ટ્રસ્ટો બનાવ્યાં.

- ''ચંચળબા જેકીશનદાસ મેમોરિયલ ટ્રસ્ટ''
- ''શાંતાબેન શંભુપ્રસાદ પુરુષોત્તમ ચૅરિટેબલ ટ્રસ્ટ''

આ ટ્રસ્ટમાંથી મળતી વ્યાજની રકમ ગામમાં લોકહિતની પ્રવૃત્તિમાં વાપરવામાં આવે છે.

શ્રી મનુભાઈમાં શ્રદ્ધા, નમ્રતા, યોગ્યતા ત્રણેય ગુણો છે જે અભિવંદનીય હોઈ સન્માનને પાત્ર છે.

●

# અદ્‌ભુત વ્યક્તિત્વ

■ **નારાયણભાઈ આર. રાવળ**

ચાણસ્માના પનોતા પુત્ર શ્રી મનુભાઈ જે. પટેલ સાહેબ (1937) વ્યક્તિત્વ અદ્‌ભુત છે. તેઓ પોતે ખૂબ જ સરળ સ્વભાવના અને એમ કહી શકાય કે માણસ પારખું કેળવણીકાર કહી શકાય. માણસને જોઈને તેની શક્તિ ઓળખી લે છે અને તેમની નિર્ણય શક્તિ પણ દાદ માંગી લે છે. તેમણે પિલવાઈ, સિપોર અને કડીની હાઈસ્કૂલોને આપેલી સેવાઓ શિક્ષક/આચાર્ય ધર્મની દીવાદાંડી સમાન છે. મારા તો તેઓશ્રી પ્રેરણાસ્રોત રહ્યા છે. કડીના મંડળે તેમની સેવાઓની નોંધ લઈને તેમના નામે એમ.એડ્. કૉલેજનું નામાભિધાન કર્યું અને મંડળના સર્વોચ્ચ હોદ્દા ઉપર આસનાસ્થા કર્યા. તે શિક્ષક, સમાજ અને ચાણસ્માનગર માટે ગૌરવપ્રદ ઘટના છે. પણ મારી સાથેના સંપર્ક દરમિયાન અનુભવો થયા છે તે હું જણાવું છું.

શ્રીમતી કે. એ. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલમાં હું શિક્ષક તરીકે ફરજ બજાવતો હતો, ત્યારે આચાર્ય તરીકે મારી નિમણૂક આડેસર હાઈસ્કૂલમાં થઈ, ત્યારે મારે હાજર થવાના થોડાક દિવસો બાકી હતા, ત્યારે માનનીય મનુભાઈ સાહેબ અમારા કેળવણી મંડળના મંત્રી હતા. તેમણે મને બોલાવ્યો અને કહ્યું કે ક્યારે હાજર થવા જાઓ છો ? મેં કહ્યું કે સાહેબ આપ છૂટા કરો ત્યારે. પણ સાહેબે મને જે વાત કરી તેમાં તેમનો જે ભાવ હતો એ ખરેખર અદ્‌ભુત હતો. તેમણે મને કહ્યું કે તમારા પછી બીજા નંબરે આવે છે તે એક દિવ્યાંગ વ્યક્તિ છે. અને તમે તો મેરિટમાં છો એટલે અન્યત્ર પણ તમારી પસંદગી સરળતાથી થશે. પ્રથમ દષ્ટિએ મને એવું લાગેલું કે હું જોડાઈશ નહીં તો મારી તક જશે. પણ સાહેબના શબ્દોમાં મને સંપૂર્ણ ભરોસો હતો. ત્યાં ન જોડાવા અનિચ્છા દર્શાવી લખી આપ્યું એટલે પેલા ભાઈને ત્યાં ચાન્સ મળ્યો. અને મને પણ તેમના આશીર્વાદ તરત જ ફળ્યા અને હું પણ આચાર્ય બનીને નોકરી પૂર્ણ કરીને હાલ નિવૃત્ત જીવન જીવી રહ્યો છું. ચાણસ્મા ખાતે તેમનું જીવન માત્ર લોકસેવામાં પસાર કરી રહ્યા છે. ચાણસ્મામાં શિક્ષણ, આરોગ્ય અને સમાજ ઘડતર ક્ષેત્રે તેમની સેવાઓ મળી રહી છે. તેનો ચાણસ્માના વતની તરીકે સાક્ષી છું, 'સર્વજન હિતાય, સર્વજન સુખાય' તેમનો જીવનમંત્ર રહ્યો છે. ચાણસ્માના સ્વામી સચ્ચિદાનંદ અને દંતાલીના (હવે વૈકુંઠવાસી) સ્વામી સચ્ચિદાનંદ તેમના પ્રેરણાસ્રોત રહ્યા છે. ભગવાન તેમની તંદુરસ્તી જાળવી રાખે તેવી શુભેચ્છા.

•

# ઋષિતુલ્ય મનુકાકા

■ કેશુભાઈ કે. પટેલ

પ્રારંભથી જ તેજસ્વી કારકિર્દી ધરાવનાર પૂ. મનુકાકાકાએ શિક્ષકનો વ્યવસાય સ્વીકારીને શિક્ષણ અને સમાજસેવાનો ભેખ ધારણ કરી લીધો છે. શિક્ષક તરીકેનો પ્રારંભ પિલવાઈની શેઠ જી. સી. હાઈસ્કૂલમાં કર્યો. આ શાળાના આચાર્ય પૂ. છગનકાકાએ અહીં જોડાતાં પૂર્વે સર્વ વિદ્યાલય, કડીમાં સેવાઓ આપી હતી. તેમણે કડી સર્વ વિદ્યાલયમાં સંનિષ્ઠ સેવાઓ પૂરી પાડી હતી. પૂ. મનુકાકાએ પિલવાઈમાં સન્માનનીય આચાર્યશ્રી પૂ. છગનકાકાના આચાર્યત્વ હેઠળ ઘડાઈને આઠેક વર્ષ બાદ સિપોરની હાઈસ્કૂલનું આચાર્યપદ સ્વીકાર્યું. આ શાળાને પૂર્ણતઃ સમર્પિત બનીને સેવાઓ આપતાં શિક્ષણધામ તરીકે વિકસાવ્યું. શાળાની સાથે જ સિપોર ગામના પ્રજાજનોના સંસ્કાર ઘડતર કરીને સિપોરની કાયાપલટ કરવાના શ્રેયના અધિકારી બની રહ્યા. અહીં તેઓશ્રી સતત 18 વર્ષ જ્ઞાનયજ્ઞ અને સેવાયજ્ઞના મુખ્ય ઋત્વિજ બની રહ્યા. સિપોર ગામ ઉપરાંત આજુબાજુનાં ગામોનો પ્રેમ સંપાદન કરવાના યશભાગી નીવડ્યા. સિપોરથી દૂર-દૂરના ગામડાંઓથી સિપોર ભણવા આવતા વિદ્યાર્થીઓની મુશ્કેલીઓ સમજીને તેમને શાળામાં રહેવાની વ્યવસ્થા કરી આપવા ઉપરાંત સમયાન્તરે દૂરનાં બે ગામોમાં હાઈસ્કૂલ શરૂ કરવામાં મદદરૂપ નીવડ્યા હતા.

સિપોરની શાળા યશોગાથા સાંભળીને કડીના માણેકલાલ સાહેબ સિપોરના મંડળની સંમતિ મેળવીની સર્વ વિદ્યાલયના આચાર્યપદે વર્ષ 1985માં લઈ ગયા. અહીં તેમણે નિવૃત્તિપર્યંત એટલે કે 1995 સુધી યશસ્વી સેવાઓ આપતાં સવાઈ કીર્તિ પામ્યા. આ શાળાને ખરા અર્થમાં તપોવન બનાવવા સતત કાર્યશીલ બની રહ્યા હતા. અહીંના સેવાકાળ દરમિયાન તેમને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા શ્રેષ્ઠ શિક્ષકના અવૉર્ડથી વિભૂષિત કરવામાં આવ્યા હતા. તેઓશ્રી આ પૂર્વે અને સેવાનિવૃત્તિ બાદ પણ અનેકવિધ પુરસ્કારોથી અલંકૃત કરવામાં આવ્યા છે.

વયોચિત નિવૃત્તિ બાદ કડીના મંડળે પ્રારંભમાં કૅમ્પસ ડાયરેક્ટર, બાદમાં મંત્રી અને વર્ષ 2020માં કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખ તરીકે અને ઑગસ્ટ 2023થી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખપદે નિયુક્ત કરીને તેમનું ભારે મોટું સન્માન કર્યું છે. આવું સન્માન ભાગ્યે જ કોઈ આચાર્ય પામ્યા હશે. માનનીય વલ્લભભાઈએ પૂ. મનુકાકાની દૂરંદેશી સેવાઓને ધ્યાન લઈ તેમને અભિવાદનગ્રંથ અર્પણ કરીને તેમનું જાહેરમાં સન્માન કરવાનું નક્કી કર્યું છે તે પ્રશંસનીય અને અભિનંદનીય છે. તેથી હું માનનીય વલ્લભભાઈને અભિનંદન આપું છું.

પૂ. મનુકાકા વતન ચાણસ્મામાં શૈક્ષણિક અને આરોગ્ય ક્ષેત્રોની સેવાઓ માટે સતત

પ્રવૃત્તિશીલ રહે છે અને તે પણ હોદ્દાનો સ્વૈચ્છિક ત્યાગ કરીને. આ સાથે વિવિધ સંસ્થાઓને દાન પણ આપતા રહે છે. તેમના વ્યક્તિત્વની આગવી વિશેષતા એ છે કે તેઓશ્રી પોતાની જાતને રાજકારણથી સદાય અલિપ્ત રાખતા રહ્યા છે.

કુદરતે તેમને જીવનભર અઢળક અને અથાગ શક્તિઓ આપીને ઋષિતુલ્ય બનાવ્યા છે. આવા યુગપુરુષનાં અમને નિત્ય દર્શન થતાં નથી, પરંતુ જ્યારે તેમને મળવાનું થાય ત્યારે કર્મયોગીનાં દર્શન કરીને અમે ધન્ય થઈ જઈએ છીએ. પ્રભુ આવા સેવાનિષ્ઠ વ્યક્તિનું આયુષ્ય લાંબું આપે અને તન, મનથી સ્વસ્થ રાખે. હજી પણ તેમના દ્વારા વધુ સેવાઓ પ્રદાન થાય એવી પ્રભુને પ્રાર્થના. આવા ઋષિતુલ્ય પૂ. મનુકાકાને શત શત વંદન.

●

---

*શિક્ષણ એટલે શક્તિઓનું જાગરણ અને ભાવનાઓનું અવતરણ. શિક્ષણનું કામ પોતાની જાતને ઓળખવાનું છે. જોકે મનુષ્ય અપૂર્ણ છે ત્યાં સુધી કોઈ પૂર્ણ યોજના બનવી શક્ય નથી. તેથી શિક્ષણની પૂર્ણ અને માત્ર સંપૂર્ણ યોજના બનવી કદીએ શક્ય નથી, પરંતુ પ્રવર્તમાન શિક્ષણની બાબતમાં તો અપૂર્ણતાની પરાકાષ્ટ આવી ચૂકી છે. આની આ સ્થિતિમાં ઝાઝો સમય એટલે જ વિસ્ફોટ. આજનું પરિવર્તન પામતું શિક્ષણ પણ પ્રકૃતિના શિક્ષણથી આગળ વધી શકે તેમ નથી. આપણે શાળાઓમાં શિક્ષણ આપતા નથી, મહાવરો કરાવીએ છીએ. શિક્ષણની પૂર્વ શરત તે ચિત્ત સુધી પહોંચે તે નથી, પરંતુ ચિત્તમાંથી જ શરૂ થાય તે છે.*

**આચાર્ય મનુભાઈ જે. પટેલ**

✳

*શિક્ષણ તો જ્ઞાન અને પ્રબુદ્ધતામાંથી પસાર થતી એક અનંત યાત્રા છે.*

**એ. પી. જે. અબ્દુલ કલામ**

---

# ચાણસ્મા નગરના મુઠ્ઠી ઊંચેરા માનવી...

■ ચંદુભાઈ એન. પટેલ

ઈશ્વરની અદ્ભુત અને અનોખી રચના એટલે મનુષ્ય. તેમાંથી બહુ થોડા લોકોને જ શિક્ષક બની શિક્ષણ, સંસ્કાર ને સંસ્કૃતિ સાથે સમાજનું ઘડતર કરવાની તક મળી છે. યુવા ચૈતન્ય મંદિરો ઘડવાનો ઉત્તમ સમય તેમને મળ્યો છે. માટીમાંથી માનવનું નિર્માણ કરી સમાજને સમજદાર, જવાબદાર, વફાદાર અને ઈમાનદાર નાગરિકો આપવાનું પરમ ચૈતન્ય સ્વરૂપ કાર્ય સારસ્વત ધર્મ થકી સાર્થક કરી, પોતાની ફરજ પ્રત્યેની નિષ્ઠા, જવાબદારી સાથે જ્ઞાન અને કૌશલ્યોનો વિદ્યાર્થીઓમાં વિકાસ કરી વિષમ પરિસ્થિતિમાં પણ નૈતિકતા અને માનવીય મૂલ્યો સભર બાલપુષ્પો સમાજમંદિરને અર્પણ કરવાનું ભગીરથ કાર્ય જેમણે સાર્થક કર્યું છે તથા નૂતન ભારતના ઘડતરમાં તેમજ વિકાસશીલ અને પ્રગતિશીલ દેશ બનાવવાની દિશામાં જેવો આગળ વધી રહ્યા છે, એવા... ચાણસ્મા નગરના કેળવણીના તીર્થ સમાન વ્યક્તિવિશેષ, મુઠ્ઠી ઊંચેરા માયાળુ માનવી, સ્નેહનું વહેતું ઝરણું, અજાતશત્રુ, કર્મઠ સારસ્વત એટલે આદરણીય શ્રી મનુભાઈ સાહેબ. તેમના સંસર્ગમાં આવનાર નાના-મોટા સૌ કોઈને આત્મીયતાનો એહસાસ થાય, સ્નેહીજનનો સ્નેહ, પ્રિયજનની પ્રેરણા, સ્વજન સમાન સલાહ, મિત્રસમાન માર્ગદર્શન, દીર્ઘદૃષ્ટિ સાથેની દૂરગામી દિશા સાથે વડીલપણાની હૂંફ તો મળે જ. એવા પ્રતિભાસંપન્ન વંદનીય વડીલ એટલે પૂજ્ય શ્રી મનુદાદા.

તેમના પ્રત્યેક શબ્દોમાં શિક્ષણ, સંસ્કાર, શિસ્ત, સમયપાલન, સમાનતા, બંધુતાની સાથે ભૂત-ભવિષ્ય અને વર્તમાન સમયની સાધનાનાં દર્શન થાય જ. વાદ નહીં – વિવાદ નહીં પણ... સંવાદથી સમસ્યાનું સમાધાન લાવવાની કુનેહનું ઉત્તમ ઉદાહરણ એટલે કેળવણીકાર આદરણીય શ્રી મનુભાઈ જે. પટેલ સાહેબ. અમારે મન તેઓ હરતી-ફરતી યુનિવર્સિટી સમાન રહ્યા છે. કારણ કે... સમસ્યાનું સમાધાન, સવાલોના જવાબ અને પ્રશ્નોના ઉત્તર મેળવવા માટેનું અમારું અંતિમ આશ્રયસ્થાન એટલે શ્રી મનુકાકા. વિષયવસ્તુનું ગહન જ્ઞાન તેનું બારીકાઈથી વિશ્લેષણ, શબ્દોની સજાવટ, રજૂઆતની કળા, પ્રભાવી વાણી થકી શ્રોતાઓના હૃદય પર રાજ કરનારા સ્પષ્ટ વક્તા એટલે શ્રી મનુભાઈ સાહેબ.

માદરે વતન ચાણસ્માની મમતામાઈ માટીનું ઋણ તેઓએ અનેક વિવિધ સ્વૈચ્છિક સંસ્થાઓમાં રહી ચૂકવવાનો પ્રયત્ન કરેલ છે. શિક્ષણની જ્યોત સદૈવ પ્રજ્વલિત રાખી છે, ધર્મની ધજા નિરંતર લહેરાવી છે, સેવાયજ્ઞમાં હંમેશાં આહુતિ આપી છે. સર્વધર્મ સમભાવની સાથે-સાથે સમાનતાનો સંદેશ વહેંચ્યો છે. વ્યસનમુક્તિની સાથે શાંતિનો સંદેશ પાઠવ્યો છે. યુવાપેઢી રાષ્ટ્ર સમર્પિત નાગરિક બને તેવા સક્રિય પ્રયત્ન તેમણે કરેલા છે.

સમાજમાંથી ખોટા રીત-રિવાજો બંધ થાય, દેખા-દેખીના વહેવારો અટકે તેવા પ્રયત્નોની સાથે-સાથે શિક્ષિત અને સંગઠિત સમાજની રચના માટે તેઓ હંમેશાં કર્તવ્યબદ્ધ રહ્યા છે. તે થકી જ તેઓએ ભારત સરકારના શ્રેષ્ઠ આચાર્ય તરીકે રાષ્ટ્રીય પારિતોષિકનું ગૌરવપદ પ્રાપ્ત કર્યું છે.

હોદ્દાની ગરિમા અને પદની પ્રતિષ્ઠા તેઓએ ખૂબ જ વિનમ્રતાપૂર્વક નિભાવી છે. સહકર્મીઓને સમાનતાની હૂંફ આપી છે. કામ લેવાની કળા અને કાર્ય સંપન્ન થયે બિરદાવવાની ઉમદાભાવના થકી જ સાથી કર્મચારીઓના હૃદયમાં પ્રેરકમૂર્તિ તરીકે બિરાજમાન થયેલા છે. વાણી અને વ્યવહારથી અણીશુદ્ધ વિરલ વિભૂતિને શત્-શત્ કોટી-કોટી વંદન...

પ્રણામ... નમન... તંદુરસ્ત આયુની મંગલ પ્રાર્થના સાથે..... ચરણસ્પર્શ.

●

---

*જૂની કેળવણી અને નવી કેળવણીમાં સૌથી મોટો તફાવત એ છે કે જૂની કેળવણી વિદ્યાર્થીને શિક્ષકે ગોઠવેલ બીબામાં ઢાળી શકાય તેવું પ્રાણી માને છે; જ્યારે નવી કેળવણી એકલા વિદ્યાર્થીને જ નહીં, પણ માનવમાત્રને સ્વતંત્ર આત્માવાળું, સ્વતંત્ર બુદ્ધિવાળું ને પોતાનું હિતાહિત ઘડનારું જવાબદાર પ્રાણી માને છે. આવો જ બીજો ભેદ ધ્યેયનો છે. જૂની કેળવણી વિદ્યાર્થીના જીવનમાં થોડાંક ચોક્કસ બાહ્ય પરિણામોથી પોતાની સાર્થકતા માને છે; નવી કેળવણી વિદ્યાર્થીના ઊંડા માનસને સ્પર્શવાનો આગ્રહ રાખે છે.*

**નાનાભાઈ ભટ્ટ**

---

# મૂઠી ઊંચેરા ગૌરવપુરુષ

■ વિષ્ણુભાઈ પી. પટેલ

અમારા આખા ગામ ચાણસ્માના મનુકાકા અને હવે પાછળની પેઢીના મનુદાદા વિશે કંઈ પણ બોલવાનું કે લખવાનું કહેવામાં આવે તો એ માટે અમે સૌ વામણા ગણાઈએ. પૂજ્ય મનુકાકાનો શિક્ષક તરીકે લાભ લેવાનો અવસર મને મળ્યો નથી એ મારું દુર્ભાગ્ય છે, પરંતુ છેલ્લાં ત્રીસેક વર્ષથી પૂજ્ય કાકા તરીકે એમના તરફથી સલાહ, સૂચન, પ્રેમ અને લાગણી મળે છે એ માટે એમનો આભાર માનું એટલો ઓછો છે. પૂજ્ય કાકાને મારા શબ્દોમાં કહું તો એમને सर पे बर्फ और मीठी जुबान થી કામ કરતા જોઉં છું ત્યારે તેમના માટે હું ગર્વની લાગણી અનુભવું છું.

ચાણસ્માની તમામ શૈક્ષણિક, ધાર્મિક, સામાજિક અને આરોગ્યલક્ષી સંસ્થાઓમાં કોઈ પણ પ્રકારના સ્વાર્થ કે હોદ્દાની અપેક્ષા સિવાય સેવા આપી છે અને હજી જૈફ વયે પણ સેવા આપી રહ્યા છે. લોકોનાં અપમાન સહન કરીને પણ સંસ્થા અને તેના હોદ્દેદારોના માન જાળવતા પૂજ્ય કાકાને મેં જોયા છે. હું એમને કહેતો પણ ખરો કે કાકા તમે આવું અપમાન શા માટે સહન કરો છો? તો કહે કે આપણે સંસ્થામાં જોડાયા છીએ તો આપણા સ્વમાન અને સ્વાર્થ માટે સંસ્થાનું અને કાર્યકર્તાઓનું અહિત ન થવું જોઈએ. આવા ઉમદા વિચારોવાળા કાર્યકર્તા જે સંસ્થાને મળ્યા હોય એ સંસ્થાની પ્રગતિને કોઈ રોકી શકતું નથી. આવી સંસ્થાઓ આવા સેવાભાવી કાર્યકર્તાઓના નામથી ઓળખાય છે. આવા પૂજ્ય કાકાને શ્રી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડીના પ્રમુખશ્રી તરીકેની જવાબદારી આપી છે એ ચાણસ્માનું ગૌરવ છે.

પૂજ્ય કાકા કડીમાં કૅમ્પસ ડાયરેક્ટર હતા ત્યારે મારા ભત્રીજા ફાલ્ગુનને બી.એસસી. (ઇન્ડસ્ટ્રિયલ કેમિસ્ટ્રી)માં એડ્‌મિશન મળેલું ત્યારે હું કાકાને મળવા ગયેલો અને કહેલું કે તમારે આને તૈયાર કરવાનો છે, તો કહે કે આ સંસ્થામાં જે આવે એને કંઈ શિખવવાનું રહેતું નથી, આ સંસ્થાના વાતાવરણથી જ વિદ્યાર્થીઓ કેળવાઈ જાય છે અને જ્યારે એણે શિક્ષણ પૂરું કર્યું ત્યારે સંસ્થાએ એને કૅમ્પસના શ્રેષ્ઠ વિદ્યાર્થી તરીકે અવૉર્ડ આપ્યો એનો શ્રેય પૂજ્ય કાકાએ નહીં લેતાં ઊલટાનું પૂજ્ય કાકાએ મને કહ્યું હતું કે આ છોકરાએ મને ક્રેડિટ અપાવી કે મારા ગામના છોકરાઓ આવા સંસ્કારી છે.

આવા ઉમદા વિચારો અને સેવાની ભાવનાવાળા પૂજ્ય કાકાને વંદન છે.

●

# કેળવણીના શિલ્પી

■ તારક રમણભાઈ પટેલ

'Good teachers think before they act,
Think while they act. Think after they act.'

એવા જ આપણા ચાણસ્મા નગરના કેળવણી શિલ્પીકાર, કર્મઠ, પોતાની ફરજ પ્રત્યેની જવાબદારી તથા શિક્ષણ, સંસ્કાર અને સંસ્કૃતિ સાથે સમાજનું ઘડતર કરનારા અમારા આદરણીય દાદા (મનુભાઈ જે. પટેલ). આજે પણ સમાજમાંથી ખોટા કુરિવાજો બંધ થાય, દેખાદેખીના વ્યવહારો બંધ થાય, તેમજ સમાજમાં નારી સન્માન અને સ્વતંત્રતા જળવાય તેવો તેમનો આગ્રહપૂર્વકનો અનુરોધ રહ્યો છે.

આદરણીય શ્રી મનુભાઈ જે. પટેલ એક મૂલ્યનિષ્ઠ, ધ્યેયનિષ્ઠ અને વિદ્યાવ્યાસંગી શિક્ષક અને આચાર્ય. શિસ્ત અને નિયમપાલનનના ચુસ્ત આગ્રહી, વહીવટી કોઠાસૂઝ પણ ભારે, જેથી પોતાની શાળા ઉપરાંત જિલ્લા અને રાજ્ય સ્તરે તેમની સેવાઓ વિસ્તરતી જોવા મળે છે. પોતાના સેવાકાળ દરમિયાન અને ત્યાર બાદ પણ શિક્ષક-આચાર્ય તરીકેની મૂળભૂત ફરજો સામાજિક દાયિત્વ પણ પૂર્ણ જવાબદારી સાથે નિભાવ્યું છે. સેવાઓને ધ્યાનમાં લઈ તેમને ભારત સરકાર દ્વારા 1993માં શ્રેષ્ઠ શિક્ષકના **રાષ્ટ્રીય અવૉર્ડ**થી તેમજ પાટણ જિલ્લાના યશસ્વી કેળવણીકાર તરીકે 15 ઑગસ્ટ, 2003ના રોજ ગુજરાત રાજ્યના માનનીય મુખ્યમંત્રીશ્રી દ્વારા **તામ્રપત્ર**થી વિભૂષિત કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત તેઓ શ્રી સરદાર પટેલ યુનિવર્સિટી વલ્લભ વિદ્યાનગરના **'બેસ્ટ ટીચર'** અવૉર્ડથી પણ સન્માનિત છે. આ બધા અવૉર્ડ્સ પૈકી સર્વોચ્ચ અવૉર્ડ કે જે સર્વ વિદ્યાલય કેળવણી મંડળે તેમની ઋષિકુળ તરીકેની પરંપરાના આચાર્ય સેવાઓને ધ્યાનમાં લઈ મંડળ દ્વારા કડીમાં સંચાલિત એમ. એડ્. કૉલેજનું નામાભિધાન **'આચાર્ય શ્રી મનુભાઈ જે. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન'** કરીને આપ્યો.

તેમનો જન્મ વતન ચાણસ્મામાં 14 જાન્યુઆરી, 1937ના રોજ થયો હતો. તેમની તેજસ્વી પ્રતિભાનું ઉદાહરણ એ કે તેમણે:

S. T. C.ની પરીક્ષા સમગ્ર બૃહદ્ મુંબઈ રાજ્યમાં સર્વ પ્રથમક્રમે ઉત્તીર્ણ કરી હતી. તેમણે કારકિર્દીનો પ્રારંભ શેઠ સી. જી. હાઈસ્કૂલ, પિલવાઈમાં શિક્ષક તરીકે કર્યો હતો. ત્યાર બાદ આદર્શ વિદ્યાલય, સિપોરમાં 18 વર્ષ આચાર્ય તરીકે અને છેલ્લે 1985થી 1994 સુધી સર્વ વિદ્યાલય, કડીમાં આચાર્ય તરીકે સેવાઓ આપી વયોચિત સેવાનિવૃત્ત થયા. આ કાર્યકાળ દરમિયાન જિલ્લા અને રાજ્યકક્ષાના શિક્ષક અને આચાર્ય સંઘના મંત્રીના પ્રમુખ તરીકે મહિમાસંપન્ન સેવાઓ આપી હતી.

આ ઉપરાંત ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરમાં શૈક્ષણિક સમિતિના સભ્ય તરીકે 10 વર્ષ સભ્ય તથા બોર્ડની કારોબારી સમિતિના સભ્ય તરીકે 1981થી 1989 સુધી સોવાઓ આપી. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના સેનેટ સભ્ય (1989થી 1993), પૂર્વ વડાપ્રધાન સ્વ. ઇંદિરા ગાંધીના 20 મુદ્દા અમલીકરણ સમિતિમાં શિક્ષણના પ્રતિનિધિ તરીકે ત્રણ વર્ષ સુધી નોંધપાત્ર સેવાઓ આપી.

સર્વ વિદ્યાલય, કડીના આચાર્ય તરીકે નિવૃત્ત થયા બાદ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રેમાગ્રહને વશ થઈ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના મંત્રી તરીકે વર્ષ 2000-2001થી વર્ષ 2019-20 સુધી અને વર્ષ 2020-21થી ઑગસ્ટ-2023 સુધી કડવા પાટીદાર કેળવણી મંડળ, કડીના પ્રમુખ તરીકે અને ઑગસ્ટ 2023થી સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું પ્રમુખપદ શોભતા રહ્યા છે.

આચાર્યપદેથી નિવૃત્ત થયા બાદ વતન ચાણસ્મામાં સ્થાયી થઈ ચાણસ્મા કેળવણી મંડળના મંત્રી તથા મેડિકલ ઍન્ડ સોશિયલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, મંત્રી તરીકે યશસ્વી સેવાઓ આપી. તેમના બહુમૂલ્ય અને માર્ગદર્શનથી પ્રદાનથી ચાણસ્મામાં શિક્ષણ અને આરોગ્ય વિષયક સેવાઓ વધુ સુદૃઢ અને અર્થપૂર્ણ બનવા પામી છે.

ચાણસ્માની વિવિધ સંસ્થાઓમાં એક યા બીજા હોદ્દા પર પ્રાયઃ દોઢ દસેક સુધી સક્રિયપણે કાર્યરત રહી પોતાની 75 વર્ષની વય સુધી જોડાઈ રહ્યા બાદ આ બધી સંસ્થાઓના હોદ્દાઓનો સ્વેચ્છાએ ત્યાગ કરીને જરૂર પડે તો માર્ગદર્શન આપતા રહે છે. તેમની આ ઉદાત્તભાવના અને વ્યક્તિત્વને ઉજાગર કરતી બાબત એ છે કે પોતાના દ્વારા સ્થાપિત/સંચાલિત 'ચંચળબા જેકીશનદાસ મેમોરિયલ ટ્રસ્ટ' અને 'શાંતાબેન શંભુપ્રસાદ પુરુષોત્તમદાસ ચેરિટેબલ ટ્રસ્ટ' અને પોતાના ગામની અન્ય સંસ્થાઓના સહયોગમાં ચાણસ્માના 21 + 44 પ્રતિભા પુરુષોની વંદના કરવાનું કાર્ય (1998થી 2018)એ તેમની અનુકરણીય અને દૂરંદેશિતાપૂર્ણ દૃષ્ટિ તેમજ પોતાનાં વતન ચાણસ્માનું હિત તેમનાં હૈયે કેટલું અગાધ છે તેનું દ્યોતક બની રહે છે. આ સાથે ખાસ ઉલ્લેખ કરવો રહ્યો કે સમગ્ર ગામના ઉપક્રમે હાથ ધરેલ 'પ્રતિભાવંદન' માટે પોતે આ સન્માન મેળવવા માટે આગલી હરોળના હક્કદાર હોવા છતાં પોતાની જાતને આ સન્માનથી દૂર રાખી, વધુમાં નોંધવું રહ્યું કે વિવિધ સમાજસેવી સંસ્થાઓને ઉદારતાપૂર્વક સમયે-સમયે આર્થિક સહયોગ પણ આપતા રહે છે. તેમણે પોતાના દ્વારા સ્થાપિત એ ટ્રસ્ટોમાં પ્રતિવર્ષ એક લાખ રૂપિયા વ્યાજ મળે તેટલી રકમ બેંકમાં ભંડોળ તરીકે જમા કરાવેલ છે અને વ્યાજ પેટેની જમા રકમ આરોગ્ય અને શિક્ષણ માટે વાપરે છે.

તેમનાં પત્ની સ્વ. પુષ્પાબેન પણ પતિના આદર્શોને ચરિતાર્થ કરવામાં ખરા અર્થમાં સહધર્મચારિણી બની રહ્યાં હતાં. તેમના પુત્ર અરવિંદભાઈ છેલ્લાં 20 વર્ષથી કૅનેડામાં સ્થાયી છે અને ભાઈ શ્રી મહેશભાઈ બૅંક ઑફ બરોડા, પાટણ શાખમાંથી મૅનેજર પદેથી સ્વૈચ્છિક નિવૃત્તિ મેળવી છેલ્લાં 12 વર્ષથી અમેરિકામાં સ્થાયી થયેલ છે.

હાલમાં વતન ચાણસ્મામાં નિવાસ કરીને **'સ્વાન્તઃ સુખાય તુલસી રઘુનાથગાથા'**ની ભાવના સાથે સમાજસેવાનાં કાર્યોમાં વ્યસ્ત રહે છે.

•

# અજાતશત્રુ

■ રજનીકાન્ત ભટ્ટ

*શ્રી ગણેશં શિવં દુર્ગાં વિષ્ણું સૂર્યં ચ શારદામ્ ।*
*દત્તં ભકત્યા મુહુર્વન્દે માતાપિતૃ ગુરુન્ સદા ॥*

કોઈ મનુભાઈ કહે, કોઈ મનુકાકા કહે, કોઈ મનુદાદા કહે, કોઈ મનુભાઈ સાહેબ કહે, પણ મનુ કહીને બોલાવનારા વડીલો-સ્વજનો આજે હયાત નથી તેનો વસવસો મનુભાઈને જરૂર થતો હશે. મનુભાઈ સમજે છે કે સમય આવ્યો, તેમનું સ્ટેશન (મૃત્યુ) આવ્યું એટલે તેઓ ઊતરી ગયા. વગર ટિકિટે મુસાફરી થોડી કરાય? તેઓ હાજર હોત તો મને કેટલો આનંદ થાત?

તેમનો જન્મ ઉત્તરાયણના દિવસે 14 જાન્યુઆરી, 1937માં ચાણસ્મામાં થયો હતો. ધન્ય ચાણસ્મા, ધન્ય લા. લ. પરિવાર, ધન્ય ગુજરાત. જન્મદિવસ સંકેત કરે છે કે કુમુહૂર્તો દૂર થયા. મંગલકાર્યો શરૂ કરો દાન-દક્ષિણા ધર્મકાર્યો શરૂ કરો. તેમાંની રૂપાણીની બારી પાછળ તે દિવસે દર વર્ષે ગાયોને ઘાસચારો ખાણ-દાણ વગેરે અપાય છે. જીવનભર આ સંકેત તેમણે સેવાકાર્ય-દાન-ધર્મ વગેરે કરી આપણને બતાવ્યો છે. પતંગોત્સવ બાબતમાં કહુ તો આનંદોત્સવ સાથે સેવાકાર્યનો પતંગ ખૂબ જ ઊંચો ચડાવ્યો છે. તેમણે કોઈ સાથે પેચ લડાવ્યા નથી. કોઈએ પેચ લડાવવાની હિંમત પણ કરી નથી. સેવા પરમો ધર્મની રીતે જીવન જીવે છે.

મનુનો અર્થ જપ થાય છે. ઉત્તરાયણથી લોકો જપયજ્ઞ કરે છે. મનુ ભગવાનના નામથી મન્વંતર શરૂ થાય છે. સત્ય-નારાયણના પાંચમા અધ્યાયના અંતમાં તુંગધ્વજ રાજા સત્યનારાયણ વ્રત કરી બીજા જન્મમાં સ્વયંભૂ મનુ ભગવાન થઈ લોકોને કથાવાર્તા સંભળાવી સત્કાર્યમાં પ્રેર્યા હતા. આ નામ તેમણે સાર્થક કરી બતાવ્યું છે.

પ્રતિભા વંદના બાબતમાં પંડિત મદનમોહન માલવિયાને કલકત્તા યુનિવર્સિટી ડૉક્ટરેટની ઉપાધિ આપવા માગતી હતી – વાઇસરૉય હિજ મૅજેસ્ટ્રી સરકાર સરની ઉપાધિથી અલંકૃત કરવા માગતા હતા, કાશીના પંડિતો પંડિતરાજ ઉપાધિ આપવા માગતા હતા, પણ તેમનો આ ત્રણે પ્રસંગે એક જ વિચાર હતો. હું જન્મે, કર્મે, બ્રાહ્મણ છું. બ્રાહ્મણ માટે પંડિતથી ઉપર કોઈ ઉપાધિ હોય નહિ. જે મને વંશપરંપરાગત પ્રાપ્ત થઈ છે. તેમણે સ્વપ્નમાં પણ અન્ય ઉપાધિની કામના કરી નથી.

નારેશ્વરના સંત રંગ અવધૂત મહારાજ આફ્રિકાથી સ્વદેશ પરત થતાં આછલિયા ગામમાં મુકામ દરમિયાન ખબર પડી કે તેમના સ્વાગતની ભવ્ય તૈયારીઓ થઈ રહી

છે. તેમને લાગ્યું કે મારા નિજસ્થાનમાં મારું સ્વાગત બેહૂદુ ગણાય. તેઓ આગલી રાત્રે છાનામાના વેળુગામ થઈ નર્મદા પાર કરી મધરાતે પાછલા રસ્તેથી સ્થાનમાં પ્રવેશ કરેલો. સેવક સવારે ઝાડુ મારવા આવ્યો ત્યારે ખબર પડી કે બાપજી તો નારેશ્વર પધારી ગયા છે. આ બે પ્રસંગો પરથી મનુભાઈએ પ્રતિભા વંદનામાં ત્યાગ કેમ કર્યો હશે તે ખ્યાલ આવે છે. સાચા અર્થમાં ત્યેન ત્યક્તેન ભૂંજીથા (ત્યાગીને ભોગવી જાણો) નું પાલન કરી બતાવ્યું છે.

મનુભાઈ સાથેનો મારો પરિચય વિદ્યાર્થીકાળથી એક આદર્શ, હોશિયાર વિદ્યાર્થી તરીકે તેમના પ્રત્યેની મારી છાપ હતી. આમ જુઓ તો ગોદડજી કસળજી પરિવાર સાથે અમારો ઘરનો જૂનો સંબંધ છે. ગોર-યજમાન તરીકેનો સંબંધ તો ખરો જ. મનુભાઈના વડીલ ભાઈ શ્રી શંભુપ્રસાદ પુરુષોત્તમદાસ પટેલ અને મારા પિતાશ્રી ગિરધરલાલ રામશંકર ભટ્ટ રેવન્યુ ડિપાર્ટમેન્ટમાં સર્કલ ઇન્સ્પેક્ટર તરીકે સર્વિસ કરતા હતા. ગોર-યજમાન અને કૌટુંબિક સંબંધ તરીકેનો જળવાઈ રહ્યો એ જ સંબંધ મનુભાઈ સાથે મારો રહ્યો છે. કોઈ વાર તેમને ઘેર હું બેઠો હોઉં અને કોઈ સ્વજન મળવા આવે ત્યારે મારો (અમારા ગોર-મહારાજ છે) પરિચય અવશ્ય કરાવતા. ઉંમરમાં મારા કરતાં ત્રણેક વર્ષ મોટા હતા. હું તેમને વડીલ-યશસ્વી યજમાન મિત્ર તરીકે ગણતો હતો. છતાં તેઓ મને ગોર તરીકે માન આપતા. આવો તેમનો સરળ સ્વભાવ છે.

મનુભાઈને હું એમ. જે. પટેલ તરીકે વિદ્યાર્થીકાળથી જાણતો હતો. યોગાનુયોગ મને શિક્ષક તરીકેની નોકરી મળી તે સ્કૂલનું નામ એમ. જે. હાઈસ્કૂલ, વીરમગામ હતું. ત્યારે મને તેઓ દરરોજ યાદ આવતા. શિક્ષક તરીકે નોકરીમાંથી સહકાર ડિપાર્ટમેન્ટમાં કો.ઓપ. એજ્યુકેશન ઇન્સ્ટ્રક્ટર તરીકે નોકરી મળી ત્યારે પણ અમદાવાદમાં ગાંધીગ્રામ (એલિસબ્રિજ) સ્ટેશને ગાડી પકડતાં અડધો કલાક એમ. જે. લાઇબ્રેરીમાં વાંચન પાછળ કાઢતો. એમ. એડ્. કૉલેજનું નામાભિધાન આચાર્યશ્રી મનુભાઈ જે. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન કરવામાં આવ્યું. ખૂબ જ આનંદની વાત ગણાય. આમ એમ. જે. શબ્દ યાદ કરતો ત્યારે તેમને હેડકી જરૂર આવતી હશે. તેમને ડિસ્ટર્બ કરવા બદલ ભગવાન મને માફ કરે.

પિલવાઈમાં શિક્ષક તરીકે સિપોરમાં આચાર્ય તરીકે અને કડી સર્વ વિદ્યાલયમાં આચાર્ય તરીકે ખૂબ જ સારી સેવાઓ આપી છે. સિપોરમાંથી કડી જવામાં તેમણે કેવી રીતે સિપોરના સર્વેજનોને સમજાવ્યા હશે તે દાદ માગી લે તેવી વાત છે. અહીં તેમની ખરી કસોટી થઈ હશે.

વિદ્યાર્થી સાચું ધન છે તેમ સમજી તેઓએ છાત્ર દેવો ભવ અને વિદ્યાર્થીઓએ ગુરુદેવો ભવ સમજી પરસ્પર દેવો ભવની ભાવનાથી સંબંધ જાળવ્યો છે. તેમના ઘણાબધા વિદ્યાર્થી વ્યવસાયે ઉચ્ચ પદવી પર હશે. કોઈ પરદેશ ગયા હશે. તેઓ મનુભાઈની પ્રગતિ જોઈ કહેતા હશે:

*અજ્ઞાનંધ્ય નિવારીને જ્ઞાનંજન સળી થકી*
*ઉઘાડી આંખ જેણે તે નમું શ્રી ગુરુદેવને*

(ગુરુકૃપા હી કેવલમ્, શિષ્ય પરમ મંગલમ્)

તેમણે સામે ચાલીને કોઈ હોદ્દા કે પદની માંગણી કરી નથી. કસ્તૂરીને ગમે તેટલી ઢાંકો પણ તે સુગંધથી અલિપ્ત થાય નહિ. તેમણે જે સમાજસેવા કરી છે તેનો બદલો ઈશ્વરે તેમને આપ્યો છે. ખોબો ભરીને જવાબદારીભર્યા હોદ્દા આપ્યા. તેમણે પોતાની ફરજ સમજી ખૂબ કાળજીથી તેનું જતન કર્યું, અને તેના કારણે શ્રેષ્ઠ શિક્ષકનો રાષ્ટ્રીય અવૉર્ડ, યશસ્વી કેળવણીકાર, બેસ્ટ ટીચર અવૉર્ડ S.T.C.ની પરીક્ષામાં સર્વ પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થવું, તેમને પુત્રને બી.ઈ.માં ગોલ્ડ મેડલ (એમ.એસ. યુનિવર્સિટી) વગેરેમાંના ઈશ્વરની કૃપા જ ગણાય.

ચંચળબા જેકીશનદાસ મેમોરિયલ ટ્રસ્ટ – શાંતાબેન શંભુપ્રસાદ પુરુષોત્તમદાસ ચૅરિટેબલ ટ્રસ્ટની પોતાના થકી સ્થાપના પ્રતિ વર્ષે એક લાખ જેવી વ્યાજની રકમ દાનમાં આપવી, તેમજ પોતાના ભત્રીજાએ 37 લાખ લા. લ. પરિવાર ભોજનશાળામાં આપવી. આ બધું રાણા પ્રતાપના ભામાશાની યાદ અપાવે છે. તેમના મોટાભાઈનાં સગાંઓ પરદેશ છે, પણ તેમનો બધો જ વ્યવહાર તેઓ સંભાળે છે. તેઓ સ્વદેશ આવે ત્યારે તેમને તકલીફ ન થાય તે જાતનો તેમનો સ્વભાવ છે. તેમની બહેન, તેમજ ભાઈ શંભુપ્રસાદ વગેરેની તેઓએ ખૂબ જ કાળજીથી સેવા કરી છે.

મારી પૌત્રી ચાર્મી ભટ્ટ ઇન્ડિયન ઇન્સ્ટિટ્યૂટ ઑફ સાયન્સ એજ્યુકેશન ઍન્ડ રિસર્ચ ખાતે ઇન્ટર્નશિપમાં જે ઉમેદવારોની પસંદગી થયેલ તેમાં ગુજરાતમાંથી એકમાત્ર ચાર્મી ભટ્ટની પસંદગી થઈ ત્યારે તેઓ ખૂબ જ ખુશ થયેલા અને મારી પાસે ફોન નંબર મેળવી ચાર્મી અને તેનાં માતા-પિતાને અભિનંદન આપી પ્રોત્સાહિત કરેલ. ગોર(દાદા) તરીકે મને અભિનંદન આપેલા.

જ્યારે-જ્યારે હું અમદાવાદથી વતન ચાણસ્મા આવું ત્યારે મનુભાઈને મળવું – ગ્રામદેવતાઓનાં દર્શન કરવાં તે મારો નિયમ હતો. તેમને મળીને મેં શાતા જ અનુભવી છે, અને અન્યોએ પણ.

ભગવાન તેમને દીર્ઘાયુ આપે. તેઓની ખૂબ પ્રગતિ થાય, તેવી એક કુળગોર તરીકે પ્રાર્થના. તેમને (પુણ્યશ્લોક) નિષ્કલંક કીર્તિવાળા કહું તો ખોટું ન કહેવાય. 87 વર્ષની ઉંમરે સક્રિયપણે સેવા આપવી તે પ્રશંસનીય છે. તેમને નિવૃત્ત કહેવા એ અપમાનજનક લાગે. વતનના ઉત્કર્ષમાં તેમનો ફાળો નાનો-સૂનો નથી. તેમના ત્યાં ગૃહકાર્યની સેવા બજાવતા સભ્યો સાથે તેમને કુટુંબના જ માણસ ગણી વ્યવહાર કરતા મેં તેમને જોયા છે.

•

# આત્મીય શ્રી મનુકાકા

■ રોનક સુરેશભાઈ ભાવસાર

પ્રિય મનુકાકા સાથે અમારો પેઢી જૂનો ઘરોબો. મારા કૉલેજકાળ દરમિયાન કડી ખાતે મારા મોટા પપ્પાના ઘરે વૅકેશન દરમિયાન કાયમ રહેવા જતો. ત્યારે સર્વ વિદ્યાલયની સામેની બાજુએ જ અમારું ઘર. એટલે મનુકાકાની મુલાકાત તો ત્યાં અવશ્ય થાય જ. ત્યાંનું પુસ્તકાલય અતિ સમૃદ્ધ એટલે કાકાને કહીને અમે ત્યાં ખૂબ પુસ્તકો વાંચ્યાં છે. મળે ત્યારે અમારા આખા કુટુંબના દરેક સભ્યોની પૃચ્છા કરે, ચિંતા પણ કરે. કાકા અહીં ચાણસ્મા ખાતે કાયમી રહેતા થયા પછી તો કાયમી સહવાસ થયો. કાકાની એક ખાસિયત એ કે સહજતા અને સરળતા.

મનુકાકા હંમેશાં છેવાડાના માણસનો પહેલો વિચાર કરે અને એની સગવડ સાચવે. પોતે અગવડ વેઠે પણ એમના થકી બીજાને તકલીફ થાય એવું ક્યારેય જોયું નથી. ઘરે કોઈ મહેમાન આવ્યા હોય અને જો સેવા કરનારી બહેન હાજર ન હોય તો કાકા પોતે જ મહેમાનોની આગતાસ્વાગતા કરે. કોઈને ક્યારેય કાકા કોઈ જ તકલીફ ન આપે. એમની પાસે ગયેલ કોઈ પણ વ્યક્તિની વાતને કાકા ખૂબ સહજતાથી, શાંતિથી સાંભળે અને યોગ્ય માર્ગદર્શન પણ આપે. શ્રી મનુકાકા એટલે સરળ, સહજ, નિઃસ્વાર્થ, પરગજુ, સહયોગી, લાગણીશીલ જીવનનો પર્યાય. એમ થાય કે એમના જીવનને કેવી રીતે શબ્દોમાં વર્ણવાય? ક્યારેય એમના ચહેરા પર કોઈ વિષાદ, ચિંતા, કંટાળો કે થાક ન દેખાય. તમે ગમે તે સમયે મળો, ફોન કરો છતાંયે એકદમ તરોતાજા. હંમેશાં તેઓ અત્યંત તાજગીસભર, સ્મિતભર્યા રણકામાં જ વાત કરે. સહજ જીવન જીવવાની કળા એમની પાસે શીખવી રહી.

પૂજ્ય કાકા અમારા નગરનું વટવૃક્ષ છે. કોઈ સંસ્થામાં હોદ્દો નહીં છતાં તેની સાથે આત્મીય નાતો ધરાવે છે. દરેક કોમ સાથે એમની લાગણી. દરેકને સાથે રાખવાની એમની ભાવના વંદનીય છે. પૂજ્ય કાકાનું શેષ જીવન નિરામય રહે અને એમના આશીર્વાદ મળતા રહે. વંદન.

●

# વિનમ્રતાની છાયા

■ સંદીપ પટેલ 'કસક'

શ્રી મનુભાઈ પટેલ એટલે પ્રેરણાદાયી વ્યક્તિત્વ. સાક્ષાત્ શિક્ષણની યુનિવર્સિટી. યશસ્વી કેળવણીકાર અને સરસ્વતી ઉપાસક એવા રાષ્ટ્રપતિ અવૉર્ડ – શ્રેષ્ઠ શિક્ષક. આવા મૂઠી ઊંચેરા ગૌરવપુરુષ આદરણીય શ્રી મનુકાકાને તેમના ગૌરવશીલ જાહેર અભિવાદન માટે અભિવાદનગ્રંથ અર્પણ થઈ રહ્યો છે તેનો અઢળક આનંદ છે. શિક્ષણનાં જીવ હોવાથી શિક્ષણની અનેક સંસ્થાઓ સાથે જોડાયા. મહત્ત્વનાં પદભાર વહન કરવાની સાથે સંસ્થાના વિકાસ માટે સતત પ્રયત્નશીલ રહ્યા ને હજી પણ સતત સક્રિયપણે કાર્યરત છે. ચાણસ્માની વિવિધ સંસ્થાઓ સાથે સહૃદય જોડાયેલા રહે છે. તેમના માનસપટ પર સતત વિકાસ કરવાની તલપ તેમની વિવિધ કાર્યક્રમોમાં હાજરી પરથી જાણી શકાય છે

મનુકાકા સાથે પરિચય ઓછો હોવા છતાં મળીએ ત્યારે લાગે કે વર્ષો જૂના સંબંધ હોય. એમના ઘરે બે-ત્રણ વખત મળવાનું થયું છે. તેમણે પ્રતિભાવંદના પુસ્તકોનું ચંદુભાઈ પટેલના સહયોગમાં સંપાદન કરીને ચાણસ્માની 64 પ્રતિભાઓનો જીવન પરિચય કરાવ્યો છે. તેમનાં આશીર્વાદ અને પ્રેરણાથી 'બનાસ બચાવો' સાપ્તાહિકમાં કૉલમ ચાલુ કરીને સમાજ સુધી પહોંચાડવામાં મહત્ત્વનું બળ પૂરું પાડ્યું છે.

મનુકાકા ચાણસ્મા ગામના બધા જ જાતિ-ધર્મની પ્રતિભાઓને લઈ પ્રતિભાવંદનાનાં પુસ્તકોનું પ્રકાશનકાર્ય કર્યું છે ને હજી પ્રતિભાવંદના-3 માટે પણ વિચારતા રહ્યા છે. તેઓશ્રીના શિક્ષણ, સમાજ અને સર્વધર્મ સમભાવના ગુણોને જોઈને સ્વામી સચ્ચિદાનંદે કહ્યું હતું કે 'મનુભાઈ બનવા માટે સતત તલવારની ધાર પર ચાલવું પડે.' આ વિધાન ખરેખર મનુકાકાના આદર્શોને ચરિતાર્થ કરે છે.

ચાણસ્મા ગામની હર શુભ પ્રવૃત્તિમાં મદદરૂપ થવાની તેમની ભાવના અભિનંદનીય છે. એમની સેવાપરાયણતાની ફોરમથી તેમની આગવી પ્રતિભા ઊભરાતી રહી છે. તેમની વિનમ્રતાની છાયા તેમના તમામ દાયિત્વમાં વર્તાઈ રહી છે. તેમનું સરળ અને મધુરતાભર્યું વલણ તેમના દ્વારા આચરાતાં તમામ શુભકાર્યોને વધુ ઓજસ્વિતા બક્ષે તે જ શુભભાવના વ્યક્ત કરીએ છીએ. આદરણીય મનુકાકાને વંદન.

●

# અમારા 'રામ'

■ સુભદ્રાબેન નટવરલાલ પટેલ

હું અને મહેશભાઈ અનુક્રમે ધોરણ આઠ અને છમાં (બધાં ભાઈ-બહેનોમાં અમે સૌથી નાનાં). જ્યારે અમે અમારા પિતાની છત્રછાયા ગુમાવેલી. અમારા મોટાભાઈ મનુભાઈ અમારા માટે પિતાતુલ્ય. ઘરનો આવકનો સ્રોત એમની નોકરી જેમાંથી એમણે અમને ભણાવવાનાં અને ઘર પણ ચલાવવાનું. એમણે અમને આગળ લાવી સફળતા અપાવી. એમની સ્થિતપ્રજ્ઞતા અદ્‌ભુત. અમારામાં કોઈ ખટરાગ ઊભો થાય તો મોટાભાઈ સુંદર અને માર્મિક હાસ્ય સાથે મીઠા શબ્દોમાં શિખામણ આપે, બધા નાના-મોટા વાંધાઓ ત્યાં જ દૂર થઈ જાય. અમારા માટે પિતા, ગુરુ, તત્ત્વવેત્તા, વડીલ બધું જ મોટાભાઈ.

વિદ્યાર્થી જીવનમાં એક ઉત્તમ વિદ્યાર્થી (પરીક્ષાર્થી નહીં) કેમ બનવું એના પાઠ અમે બાળપણમાં જ લીધેલા. લગ્ન કરી અમે બે બહેનો (મોટાં બહેન હૃદયસ્થ લક્ષ્મીબેન) એક જ પરિવારમાં આવેલાં. સયુંક્ત પરિવારમાં કેમ રહેવું એના પાઠ પણ અમને એમના જીવનમાંથી મળેલા. જીવનના ભાગરૂપે આવતા અલગ-અલગ સંઘર્ષમાં કેમ પાર પડવું એનું માર્ગદર્શક પણ એમનું જીવન!

પિયરમાં જઈએ એટલે મીઠા હાસ્ય સાથે સ્વાગત કરે. એમની સાથે વધુ રહીએ એવો હંમેશાં એમનો આગ્રહ. આજે પણ ઉંમરનાં આ પડાવે પહોંચ્યા પછી પણ, નિયમિત અમને ફોન કરી અમારા સમાચાર લે. સાચેજમાં, એક સર્વગુણ અને સર્વશક્તિમાન એવા અમારા મોટાભાઈ!

તેઓ કુટુંબ અને સમાજ માટે લોકોત્તર છે. જીવનના દરેક સંકટનું માર્ગદર્શન એમના જીવનમાં મળે. કુટુંબ અને સમાજના ઘણા લોકો એમની પાસે આવે અને બધી જ ઉપાધિથી બહાર નીકળવાના રસ્તા મળે! મોટાભાઈ અને મહેશભાઈ બંને વચ્ચે 17 વર્ષનો ગાળો, પણ બંનેને એકબીજા વગર ચાલે નહીં. એકબીજાંનું દિલ દુભાય એવું વર્તન પણ નહીં. બન્ને અભિન્ન, જાણે એકબીજા વગર જીવવું અશક્ય!

મોટાભાઈના ગૃહજીવનમાં, ક્લેશ અને કંકાશ ને રતીભાર જેટલી પણ જગ્યા નહીં. જીવનની શરૂઆત સંકટોથી થઈ અને એમનો સામનો કરી એ સફળતાપૂર્વક બહાર આવ્યાં. સુખઃદુઃખ એમને મન સિક્કાની બે બાજુ, સહજ જીવનનો એક ભાગ, सुखदुःखे समे कृत्वा। મોટાભાઈ અમારે મન 'રામ', એક આદર્શ જે ભ્રાતૃપ્રેમના પાઠ શીખવે. બાળપોથીથી શરૂઆત કરીને સ્થિતપ્રજ્ઞતા સુધીનું શિક્ષણ આપતું એમનું જીવનચરિત્ર.

●

# हमने हर तरह के फूल हार में पिरो लिए

■ મહેન્દ્ર (મહેશ) જે. પટેલ

હું મનુભાઈનો નાનો ભાઈ, મહેશ! દુનિયાના ચોકમાં ગૌરવ બક્ષતી આ જ ઓળખાણ કાયમી. અમે સાત ભાઈ-બહેનો. (શાન્તાબેન, મનુભાઈ, કાન્તાબેન, લીલાબેન, લક્ષ્મીબેન, સુભદ્રાબેન અને હું.) મોટાભાઈ બીજા નંબરે. વચ્ચે ચાર બહેનો ને હું સૌથી નાનો. અમારી વચ્ચે 17 વર્ષનો ગાળો. 1967માં અમારા પિતાજી કૅન્સરના કારણે સ્વર્ગસ્થ થયા ત્યારે હું છઠ્ઠા ધોરણમાં. બાપુજીનાં એમની માંદગી સિવાયનાં ઝાઝાં સંસ્મરણો મારા મસ્તિષ્કમાં નથી. બાપુજી દિવંગત થયા બાદ બા, અપરણિત અપંગ મોટાં બહેન, મારાથી મોટાં એક બહેન, હું અને મોટાભાઈનો પરિવાર. એ સૌની જવાબદારી એમના શિરે આવેલી. એમના પરિવારમાં પત્ની(ભાભી), દીકરો અને બે દીકરીઓ. ત્રણ બહેનો પરણિત અને એમના ઘરે સુખી.

અમારા ગોદડદાસ કસળજી કુટુંબની કૌટુંબિક ભાવના અને એકબીજાં પ્રત્યેનો સ્નેહ એ અમારું આભૂષણ. સમાજે એ સરાહ્યું પણ! અમારા પિતરાઈ મોટાભાઈ મણિભાઈ 1942ની આઝાદીની ચળવળમાં અડાસ સ્ટેશને શહીદ થયેલા. એ વખતે એ કલાભવન, વડોદરા અભ્યાસ કરતા હતા. મણિભાઈ સર્વ વિદ્યાલય, કડીના પણ વિદ્યાર્થી હતા. એમની શહીદી પહેલાં જ એમનાં લગ્ન થયેલાં. અમારાં પાર્વતીભાભીએ આજીવન વૈધવ્ય સાથે પવિત્ર જિંદગી ગુજારી. સ્વામી સચ્ચિદાનંદજીએ એમનું સન્માન કરેલું. અમારા કુટુંબમાં શિક્ષણનું મહત્ત્વ. અમારી પેઢી ટૂંકી. કુટુંબમાં અને નગરમાં અમે સૌના કાકા. અમારા ભત્રીજા બાબુભાઈ અને રતુભાઈ સિત્તેરના દાયકામાં અમેરિકા ગયેલા. રતુભાઈએ એમના પરિવારને લિફ્ટ આપેલી. રતુભાઈ કુટુંબ વત્સલ. કોઈના દુઃખે દુઃખી. કિરીટભાઈ ઘણું કમાયા અને હવે દિલથી સખાવત કરે છે. એ ચાણસ્માના મોટા દાતાઓમાં એક છે. બાબુભાઈ, મોટાભાઈના હમઉમ્ર. એ અભ્યાસમાં સ્કોલર. 1967માં ઇંગ્લૅન્ડ થઈ અમેરિકા આવેલા. બાબુભાઈ આજીવન વિદ્યાર્થી. આ ઉંમરે પણ કંઈક ને કંઈક શીખતા હોય છે. બાબુભાઈના નાના ભાઈ નટુભાઈ પણ અમેરિકા છે. સ્વ. ચતુરભાઈ અમારા કૌટુંબિક વડીલ. તેઓ રંગુન (બર્મા) હતા. એમના દીકરા સ્વ. રાજુભાઈ પણ અમેરિકા. મોટાભાઈના સાઢુ અને અમારા ભત્રીજા સ્વ. જેઠાભાઈના દીકરા પ્રહ્‌લાદભાઈ અને કૌશિકભાઈ મુંબઈ સ્થિત છે. અમારા કૌટુંબિક ભત્રીજા અને મારા સમવયસ્ક પ્રકાશભાઈ સ્ટેટ બૅંકમાંથી ચીફ મૅનેજર તરીકે નિવૃત્ત થયા છે. એ અમદાવાદ રહે છે. સામાજિક કામોમાં એ પણ મોટાભાઈની સાથે. હવે તો એ પણ અમેરિકા આવ્યા છે. એ સૌને 'મનુકાકા' માટે સ્નેહાદર. કિરીટભાઈ મોટાભાઈને 'સંત' કહે છે. મોટાભાઈની લાગણી કૌટુંબિક ન રહેતાં

લોકવ્યાપી રહી. એમનું ઘર એટલે જાણે નાનું છાત્રાલય. મામાના દીકરા, બહેનો, ભત્રીજા, ભાણિયાઓ, હું અને એમનાં ત્રણ. સૌ એમના ત્યાં અભ્યાસઅર્થે આવ્યાં ને છેક નિવૃત્ત થયા ત્યાં સુધી આ ચાલતું રહ્યું.

1967માં એ પિલવાઈથી આદર્શ વિદ્યાલય, સિપોર ખાતે આચાર્ય તરીકે ગયા. અમે સૌ સાથે. ત્યારે માંડ એ ત્રીસના. હાઈસ્કૂલનું અને એમનું ઘડતર સાથે-સાથે ચાલ્યું. એમને સહકાર્યકરોનો સારો સહકાર અને એમણે દરેકની શક્તિઓનો ઉપયોગ કર્યો. સિપોરમાં વિવિધ કોમ. સારા નિષ્ઠાવાન અગ્રણીઓ પણ ખરા. સૌને સાથે રાખવા એ કપરું કામ! મોટાભાઈ મિતભાષી, સારાસંયોજક, ગ્રહણશીલ અને કુશળ વહીવટકર્તા. એમણે દરેકની શક્તિઓનું સંયોજન કર્યું.

પ્રેમશંકર શુક્લ, લોકોના એ પ્રેમભાઈ. એ સિપોરના સરપંચ, ગાંધીવાદી ને એમનો પહેરવેશ ખાદીનો. અઠવાડિયાંમાં બે-ત્રણ વાર તો એ ઘરે પધારે. મહોલ્લાના નાકેથી ટહુકો કરે 'મનુભાઈ છે કે?' એમનો ટહુકો અમારા માટે આશીર્વાદ. मेरा पढने में नहीं लागे दिल। પરાણે ચોપડી સાથે સામે બેઠેલા હોઈએ એમાંથી મુક્તિ મળતી! એ સિવાય ગામમાં અસંખ્ય વ્યક્તિત્વો. મોટાભાઈને સૌ માટે સમાદર અને એ સૌનો સ્નેહ મોટાભાઈને મળતો રહ્યો. અમારું ઘર ધીરે-ધીરે લોકો માટે પણ હૂંફ મેળવવાનું સ્થળ બની રહેલું. લોકો પ્રશ્નો તકલીફો બયાન કરે ને મોટાભાઈ સ્નેહનો મલમ લગાવે અને મન મેળાપ કરાવે.

બાજુમાં વિસનગર-વડનગર. ડૉ. દ્વારકાદાસ જોશી અને ડૉ. વસંતભાઈ પરીખ. જોશીદાદા ઋષિ અને વસંતભાઈ એટલે મહાવિદ્યાલય. બંને એમના પ્રેરણાસ્રોત. મોટાભાઈનું સર્વોદય સાથે અનુસંધાન વધ્યું. નાતો ગાઢ થયો. યુવાનીમાં એ સેવાદળમાં હતા. સિપોર આવ્યા ને પહેરવેશમાં એમણે ખાદી અપનાવેલી. વિદ્યાલયમાં સમૂહપ્રાર્થના થતી. 'સત્યના પ્રયોગો'નું વાંચન થતું.

ઉમાશંકર જોશી, પન્નાલાલ પટેલ, સુંદરમ, સ્નેહરશ્મિ, યશવંત શુક્લ, બબલભાઈ મહેતા, પુરુષોત્તમ માવળંકર, ડૉ. પી. સી. વૈદ્ય, સ્વામી સચ્ચિદાનંદજી, ત્યારના શિક્ષણમંત્રી ગોરધનદાસ ચોખાવાળા, મુખ્યમંત્રી બાબુભાઈ જશભાઈ જેવી વિભૂતિઓ આદર્શ વિદ્યાલયને આંગણે પધારેલી. ડૉ. વસંતભાઈની તો કાયમી હાજરી. સિપોર મહેસાણા જિલ્લાના ખૂણે; પરંતુ આદર્શ વિદ્યાલયથી એ વિસ્તારમાં પંકાતું થયેલ. ઉમાશંકર જોશીએ એમની નોંધમાં લખેલું, 'આપનાં બાળકોને શિક્ષણ માટે અહીં મોકલો. એમને અહીં આદર્શ શિક્ષણ મળશે.'

હું 1972માં મૅટ્રિક પાસ થયો. મધ્યમ પરિણામ. ખેતીવાડી કૉલેજ, જૂનાગઢ ભણવા મોકલ્યો. હૉસ્ટેલમાં રહેવાનું. ત્રીજી-ચોથી તારીખે સો રૂપિયાનું મનીઑર્ડર આવી જતું. એ વખતે એમનો પગાર ચારસો રૂપિયાનો. પગારની પચીસ ટકા રકમ! સોનું એ વખતે દોઢસો-બસો રૂપિયે હતું. એ મને વડનગર, વિસનગર કે પાટણની આર્ટ્સ-કૉમર્સ કૉલેજમાં મોકલીને ખર્ચ ટાળી શક્યા હોત! એ સમયે એગ્રિકલ્ચર ગ્રેજ્યુએટ્સ માટે નોકરી મેળવવાનું સહેલુ હતું. એમણે એ વિચારીને નિર્ણય લીધેલો. એમની એ ઉદારતા હતી. મારાથી મોટાં સુભદ્રાબેનનાં લગ્ન, મારાં લગ્ન, એમનાં ત્રણે દીકરા-દીકરીનાં અભ્યાસ અને લગ્ન. બધી જવાબદારીઓ એમણે પગારના સથવારે નિભાવેલી. એમના જીવનમાં કરકસર ખરી. કંજુસાઈ નહીં ને વ્યહવારમાં કચાસ નહીં. યથાશક્તિ મદદ માટે તત્પર.

બજેટમાં સુંદર જીવન જીવવાની આવડતના એ પ્રેરણાસ્રોત પણ ખરા.

સિપોર ખાતે અઢાર વર્ષ રહ્યા. સિપોર એમને છોડવા સંમત નહીં ને માણેકલાલ સાહેબ એમને કડી લઈ જવા આગ્રહી. 1985માં એ સર્વ વિદ્યાલય, કડીના આચાર્યપદે ગોઠવાયા. યશવંત શુક્લ અને માવળંકર સાહેબના સાંનિધ્યમાં સિપોરે એમને ભારે હૈયે વિદાય આપેલી. સિપોર છોડતાં પહેલાં મોટાભાઈ એમની કૌટુંબિક જવાબદારીઓમાંથી મુક્ત થયેલા. અમે સૌ અમારી દુનિયામાં ગોઠવાઈ ગયેલાં.

કડી ખાતે એમના જીવનનો ત્રીજો અધ્યાય શરૂ થયો. સ્વ. માણેકલાલ સાહેબ અને ડૉ. રામભાઈની જોડી. માણેકલાલ સાહેબ એ વખતે મંત્રી. વહીવટી ધુરા એમના હાથમાં. સંસ્થા અને કાર્યક્ષેત્ર વિશાળ. એના પ્રશ્નો પણ વધારે. મોટાભાઈની સંયોજન અને વહીવટી કુશળતા એમને ખપ લાગી. માણેકલાલ સાહેબ સાંજે કૅમ્પસમાં આવે. એમની ગાડી મધ્યસ્થ કાર્યાલય આગળ આવે અને ગાડીના બંધ થતા દરવાજાનો અવાજ ઘરમાં સંભળાય ને તુર્ત જ માણેકલાલ સાહેબનો સત્તાવાહી અવાજમાં ટહુકો 'મનુભાઈ!' માણેકલાલ સાહેબ અવાજથી લાગે કડક, હૃદયથી કોમળ ને લાગણીશીલ. એમના ધ્યાનમાં લઈ આવો અને વાતમાં તથ્ય હોય તો તુર્ત જ એનું નિરાકરણ આવે જ. મોટાભાઈની વાત એમણે ક્યારેય ટાળેલી નહીં.

કડી કૅમ્પસમાં છાત્રાલયો. સાંજે રોજ વિદ્યાર્થી સમૂહપ્રાર્થના. મોટાભાઈની એ પ્રાર્થનામાં નિયમિત હાજરી રહેતી. ડૉ. પંકજભાઈ નામે અમદાવાદમાં એક ન્યુરોલોજિસ્ટ છે. એ કડીના વિદ્યાર્થી ને છાત્રાલયમાં રહેતા. એમણે મને ફોન પર કહેલું, 'મનુભાઈ સાહેબ પ્રાર્થનામાં જે કહેતા એ હું નોટબુકમાં ટપકાવતો. એ શબ્દો મારા માટે પ્રેરણાદાયી રહ્યા. એ નોટબુક મેં સાચવી રાખી છે.' 1989માં મારી બદલી કડી થયેલી. બે વર્ષ એમની સાથે કૅમ્પસમાં રહેવાનો સંયોગ પ્રાપ્ત થયેલો.

1995માં મોટાભાઈ નિવૃત્ત થયેલા. નિવૃત્તિનાં બે વર્ષ પહેલાં (1993) એ રાષ્ટ્રપતિ અવૉર્ડ દ્વારા સન્માનિત થયા. અભિનેતા દેવાનંદને દાદા સાહેબ ફાળકે પુરસ્કાર છેક 2002માં એનાયત થયેલો. એમને કોઈએ પૂછેલું, આ લેટ નથી ? દેવાનંદ સાહેબનો જવાબ હતો, 'जिंदगी में जो मिला, जब मिला, उसे सिर झुकाकर स्वीकार किया ।' મોટાભાઈ ક્યારેય પ્રતિષ્ઠા, પુરસ્કાર પાછળ નથી દોડ્યા. એનો અભરખો પણ રાખ્યો નથી. કોઈએ એમને પૂછ્યું હોત, 'આ સન્માન લેટ નથી મળ્યું ?' એના જવાબમાં મોટાભાઈ પણ કહેતા, 'જ્યારે જે મળ્યું એનો સ્વીકાર કરવો રહ્યો.' માણેકલાલ સાહેબે એ વખતે કહેલું, 'મનુભાઈને મળેલો અવૉર્ડ એ પરસ્પરનું સન્માન છે.' મોટાભાઈ મૂલ્યો સાથે જીવ્યા અને જીવે છે. મૂલ્યો સાથે કોઈ બાંધછોડ નહીં. સ્વામી સચ્ચિદાનંદજીએ એમના સન્માન સમારંભમાં કહેલું, 'મનુભાઈ જેવા બનવું સતત તલવારની ધાર પર ચાલવું.' નિવૃત્તિ પછી માણેકલાલ સાહેબના આગ્રહથી સંસ્થા નિયામક તરીકે કડી રોકાઈ ગયા. એમણે કહેલું, હું કોઈ વેતન નહીં લઉં. માણેકલાલ સાહેબ માને ખરા, એ વેતન આપીને જ જંપ્યા! મોટાભાઈએ એ વેતન અંગત ઉપયોગમાં ન લીધું. એ રકમનું અમારી બાના નામે 'ચંચળબા જેકીશનદાસ ચેરિટેબલ ટ્રસ્ટ' બનાવ્યું ને એનો સમાજ માટે ઉપયોગ કર્યો. કહે, 'સમાજ ઘણું આપે છે, સમાજનું પણ ઋણ ચૂકવવું રહ્યું.'

મોટાભાઈની મોટાઈમાં અમારાં ભાભી પુષ્પાબેનનો મોટો ફાળો છે. મોટાભાઈની જીભ ને એ ખડે પગે હાજર. મોટાભાઈ એમનાથી ઊજળા છે. પોતાનાં ત્રણ બાળકો સાથે દિયર અને નણંદ. સાસુ અને અપરણિત અપંગ નણંદ. ભાણેજિયાં ભણવા આવેલાં હોય. સતત મહેમાનો, આતિથ્યમાં પ્રેમ અને ભદ્રતા છલકાય. અમારાં ભાભીએ લાખો રોટલીઓ વણી અને શેકી હશે, અમે કોઈએ ઠંડી રોટલી ખાધી નથી! એમના હાથનાં કાંડાંને ધન્યવાદ. ભાભી સુંદર, ગોરો વાન ને કપાળે મોટી બિંદી. કપડાંમાં સાદગી અને સુંદરતા. ઘરમાં શુચિતા અને સુઘડતા. રસોઈનાં રાણી. એમની રસોઈ સ્વાદિષ્ટ. એમની કઢી દાઢે વળગે એવી સ્વાદિષ્ટ. કઢી સૌને પ્રિય. ભાભીને જૈનો સાથે વધારે રહેવાનું થયું. અમારા રસોડામાં અને આચારમાં જૈનોનો પ્રભાવ દેખાય. એમણે અમારાં બા સાથે રહી અમારા કેન્સરગ્રસ્ત બાપુજીની સેવા શુશ્રૂષા કરેલી એ બેજોડ હતી. 1999માં એ પણ કૅન્સરગ્રસ્ત થયાં. પહેલાં ગર્ભાશયનું કૅન્સર. એ મટ્યું ને પછી આંતરડાંનું કૅન્સર. ઑપરેશન, રેડીએશન અને દવાઓ. એ હેરાન કર્યા કરે. શરીર કૃશ થતું જતું. કોલોસ્ટોમી કરવી પડેલી. દિવસમાં બૅગ બે ત્રણ વાર બદલવી પડે. મોટાભાઈએ આજીવન ભાભીની સેવા લીધેલી. હવે સેવા કરવાનો એમનો વારો હતો. એમણે તર્પણ કર્યું. અમે સૌ સાથે જ હતાં. ભાભીની સેવા એમણે કરી. ભાભી ચારેક વર્ષની માંદગી પછી સદ્‌ગત થયાં. ત્યારે એ ત્રેસઠનાં (2003). મોટાભાઈ તે ઘડીએ પણ સ્થિતપ્રજ્ઞ હતા. ભાભીની માંદગી દરમિયાન કડી સ્થિત એમનાં ભત્રીજી ડૉ. આશાબેન (ગાયનેકોલોજિસ્ટ) બહુ મદદરૂપ થયેલાં. એમના માર્ગદર્શને અને હૂંફે અમને સૌને હિંમત આપેલી.

મોટાભાઈને હંમેશાં સારા મદદનીશ મળી રહ્યા. વહીવટી કામોમાં વહીવટદારના વિઝનના અમલનું બહુ મહત્ત્વ હોય છે. સિપોરમાં એમને જગદીશભાઈ ઠક્કર મળ્યા. સર્વ વિદ્યાલય, કડીમાં જયંતીભાઈ (જે. પી.) મળ્યા. કડી ખાતે ગણેશભાઈ જેવા સહકાર્યકર (ઉપાચાર્ય) મળ્યા. ગણેશભાઈનું પણ પ્રભાવી વ્યક્તિત્વ. ગણેશભાઈ નિવૃત્તિ પછી ઘણાં વર્ષો સુધી 'ધરતી' માસિકના તંત્રી રહ્યા. સિપોર ખાતે પ્રતાપભાઈ સોલંકી, એ વખતે શિક્ષક. એ પણ પ્રભાવી. પછી એ વડનગર આર્ટ્સ કૉલેજમાં પ્રાધ્યાપક અને આચાર્ય હતા. મોટાભાઈને બંને જગ્યાએ શિક્ષકો અને સહકાર્યકરોનો સુંદર સહકાર મળેલો. સેવકભાઈઓ પણ સમર્પિત મળ્યા. મોટાભાઈ એમની પણ કાળજી રાખે. વ્યક્તિત્વના વિકાસમાં અને જિંદગીની સફળતામાં અનેકનો ફાળો રહેતો હોય છે. એમણે દરેકનો ઋણ સ્વીકાર કર્યો છે.

2003 પછી મોટાભાઈનો ચાણસ્મા ખાતે નિવાસ થયો. ચાણસ્માની સંસ્થાઓ સાથે સક્રિય રહ્યા. નગરની સંસ્થાઓ એમના સ્પર્શે ધબકતી થઈ. નગરમાં સૌનો સાથ એમને મળ્યો. જિંદગીનાં પંચોતેરે એમણે સર્વે હોદ્દાઓ ત્યાગેલા. ફક્ત 'મનુભાઈ' બની રહ્યા! માણેકલાલ સાહેબના આગ્રહથી કડી સંસ્થા સાથે નામ સંકળાયેલું રહ્યું. એ અપવાદ અને બીજો એક અપવાદ, કે. બી. જનરલ હૉસ્પિટલ, ચાણસ્માના ટ્રસ્ટી. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના મંત્રી, કડવા પાટીદાર કેળવણી મંડળ કડીના પ્રમુખ (બંને ભૂતપૂર્વ) અને હવે સર્વ વિદ્યાલય કેળવણી મંડળના પ્રમુખ. વલ્લભભાઈ અને સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સ્નેહાગ્રહથી એમણે આ પદ સ્વીકાર્યું છે. ડૉ. મણિભાઈ પટેલ હવે કડવા પાટીદાર કેળવણી મંડળના પ્રમુખ છે.

2004માં અમેરિકાથી અમારા પિતરાઈ મોટાભાઈ શંભુપ્રસાદ ચાણસ્મા રહેવા આવ્યા. મોટાભાઈ એમને પણ સમર્પિત થયા. અમારું રસોડું એક. અતિથિઓની આવનજાવન વધી. નગરની સંસ્થાઓ સાથે સક્રિયતા ને સામાજિક પ્રસંગોએ મુસાફરી પણ ખરી. સ્ફૂર્તિ ગજબ. બસનું સમય પત્રક યાદ હોય. મુસાફરી બસમાં જ કરે. 2008માં મોટાભાઈ શંભુપ્રસાદ સ્વર્ગવાસી થયા.

2008માં એક ઘટના ઘટી. મોટાભાઈને મળમાં લોહી પડે. અમે પાટણ ડૉ. કે. એસ. પટેલ પાસે ગયાં. કોલોનોસ્કોપીમાં કૅન્સર નિદાન થયું. એમનો ચહેરો સ્થિર, ચિંતાની એક પણ લકીર નહીં. ઘરે આવ્યાં. ઑપરેશન માટે સર્જનોની તપાસ શરૂ થઈ. અમદાવાદ ખાતે એક ખાનગી હૉસ્પિટલમાં ઑપરેશન થયું. કોલોરેક્ટલ કૅન્સર. સર્જને થોડા સમય માટે કોલોસ્ટોમી માટે કહેલું, આગ્રહ નહીં કરેલો. ભાભીની કોલોસ્ટોમી જોયેલી, એટલે અમે એને ટાળી. બીજા દિવસે મળના પ્રેસરથી ટાંકા તૂટ્યા ને ઑપરેશન ફેઇલ. ત્રીજા જ દિવસે બીજુ ઑપરેશન ને એ પહેલાં સી. ટી. સ્કૅન અને બીજી ઝંઝટો સિત્તેરની ઉંમર ને ઉપરાઉપરી ઑપરેશન. બીજું ઑપરેશન સ્ટર્લિંગ હૉસ્પિટલમાં. સર્જન એના એ. ઑપરેશન સફળ; પરંતુ બહુ જ અશક્ત. આ વખતે કોલોસ્ટોમી પણ ખરી. આઈ સી યુ માં થોડા દિવસ રાખ્યા. રૂમમાં શિફ્ટ થયા; પરંતુ સ્ટૂલ પાસ ન થાય. ફરી સી. ટી. સ્કૅન. આંતરડાં ધબકે નહીં. એકબીજાં સાથે ચોંટી ગયેલાં. સર્જન પણ ચિંતામાં. અમેરિકાસ્થિત અમારા ભાણા કૅન્સર તજ્જ્ઞ ડૉ. મયૂરને ફોન કર્યો. એમણે કહ્યું, 'ઘણી વાર એવું બને. આંતરડાં જાતે ધબકતાં થઈ જશે. થોડી ધીરજ રાખો.' અમે સૌ ચિંતિત. દવા તો હતી, હવે દુઆનો આસરો. ચમત્કાર થયો, આંતરડાં ધબક્યાં! છએક મહિના અમદાવાદ ખાતે રહ્યા. અમે સૌ સાથે ને સાથે. એમાંથી ઉગર્યા ને સ્વસ્થ બન્યા. એમનું મનોબળ મક્કમ. સર્જન, દવા અને દુઆ સાથે એમની જિજીવિષાએ એમને નવજીવન બક્ષ્યું.

એમના દીકરા અરવિંદભાઈ કૅનેડા સ્થિર થયેલા છે. મોટાભાઈ કૅનેડા જઈ આવ્યા. સતત સક્રિયજનને ત્યાં કેમ ગાંઠે! થોડા મહિનામાં દેશમાં પરત. 2010થી અમે અમેરિકા સ્થિર થયાં. ઘરે મોટાભાઈ અને અમારાં બહેન કાન્તાબેન એકલાં ને સેવિકા બહેનો. મણિબેન (રસોઈ), શોભનાબેન (ઘરકામ) અને પારુલબેન (કાન્તાબેનનાં કૅરટેકર). મોટાભાઈ અમેરિકા અને કૅનેડા ખાતે ત્રણેક વાર આવી ગયા. બે વાર નૈરોબી પણ જઈ આવ્યા. રોજ સવાર સાંજ ફેસટાઇમ પર મોટાભાઈ સાથે વાતચીત થાય જ. મોટાભાઈનો ફોન ન આવે તો અહીં અમારાં બાળકો બેચેન બની જાય ને કહે, ''બાપુજી આજે કેમ ટહુક્યા નહીં!'' મોટાભાઈ રોજ ત્રણ દેશમાં પહોંચે, અમેરિકા (અમે), કૅનેડા (અરવિંદભાઈ) અને નૈરોબી (કેન્યા). નૈરોબી ખાતે એમની નાની દીકરી નીતાબેન. એમની મોટી દીકરી રેણુકાબેન સર્વોદય આશ્રમ, માઢીવાળા સ્વ. રામુભાઈનાં મોટાં પુત્રવધૂ છે. તેઓ અમદાવાદ રહે છે. રેણુકાબેન રૂબરૂ જઈને એમની ખબર-અંતર કાઢતાં રહે છે. અમે ભૌગોલિક રીતે દૂર છીએ. એટલાન્ટિક મહાસાગરની પેલે પાર છીએ. ચાણસ્મા ખાતે અમારા કૌટુંબિક ભત્રીજા હિતેશભાઈ રહે છે. અમારા જોડિયાં મકાનમાં એક હિતેશભાઈનું. હિતેશભાઈ, એની પત્ની જિજ્ઞાશા અને એમના બે દીકરાઓ પૂર્વ અને માહીરની મોટાભાઈને મોટી હૂંફ છે. અમારા અન્ય કુટુંબી ધનજીભાઈ એમના સમવયસ્ક. એ હયાત હતા ત્યાં સુધી રાત્રે પ્રાઇમ ટાઇમ

સુધી એ અમારા ઘરે જ હોય. એ એક્સપર્ટ કૉમેન્ટટેટર, એમની હાજરી એટલે હાસ્ય-રમૂજની ક્ષણો. એ ખીલે ત્યારે બહુભાષી બની જાય. અંગ્રેજી અને હિન્દીમાં બોલે! એમનો પૌત્ર મન અને પૌત્રી જાહનવી મોટાભાઈના ટહુકે દોડતાં હાજર. થોડાં વર્ષોથી હું, પન્ના, અરવિંદભાઈ અને શકુંતલા પાંચ-છ મહિના ચાણસ્મા આવીને સાથે રહીએ છીએ.

ચાણસ્માની આદર્શ આચાર્ય ત્રિપુટી. મનુભાઈ, ચંદુભાઈ હીરાભાઈ પટેલ (કામલી હાઈસ્કૂલ) અને નાથાભાઈ સથવારા (વડાવલી હાઈસ્કૂલ). ત્રણે શિક્ષણ ક્ષેત્રે એમના કામ થકી ઊજળા. ત્રણેના વિદ્યાર્થીઓ આજે પણ એમને યાદ કરે છે. ત્રણે મિત્રો અને ઉંમરમાં સરખા. મોટાભાઈ અને ચંદુભાઈનો ફોન પર રોજ સંવાદ ચાલતો રહેતો. થોડા દિવસ પહેલાં જ એ સદ્‌ગત થયા. જતાં પહેલાં એમણે મોટાભાઈ વિશે સુંદર ભાવનાત્મક સંસ્મરણો લખ્યાં છે. એમના જવાથી મોટાભાઈનો વાતનો વિસામો ગયો! નાથાભાઈ ગામમાં છે. એમની અઠવાડિક મુલાકાત થતી રહે છે.

મોટાભાઈ મહેસાણા-પાટણ જિલ્લા સર્વોદય મંડળના માસિક મિલનમાં અચૂક હાજરી આપતા. હવે નિયમિત જઈ શકતા નથી. મોટા ભાગે માસિક મિલન જ્યોતિ આંખની હૉસ્પિટલ, વિસનગર ખાતે જ યોજાતું હોય છે. ડૉ. મિહિરભાઈ એના યજમાન હોય છે. પૂજ્ય જોશીદાદાની એ મિલનમાં અચૂક હાજરી રહેતી.

માર્ચ, 2020માં મોટાભાઈની યુ. એન. મહેતા હૉસ્પિટલ ખાતે એન્જીઓપ્લાસ્ટી થઈ. એમની એક નળી સંપૂર્ણ બ્લૉક હતી. એ સિવાય બીજી બે સાઠ સિત્તેર ટકા બ્લૉક હતી. બેમાં સ્ટેન્ટ મૂકી શકાયા. સો ટકા બ્લૉકવાળી ખૂલી જ નહીં. 23 માર્ચે લૉકડાઉન આવ્યું. અમે અમેરિકા ન જઈ શક્યા. કોરોનાનો કોપ ફાટી નીકળ્યો. નવરાત્રી સમયે મોટાભાઈને કોરોના વળગ્યો. ઑક્સિજન લેવલ સિત્તેર સુધી આવી ગયું. અમે એમને ઘરે રાખવાનો નિર્ણય કર્યો. ઘરે જ હૉસ્પિટલ જેવો રૂમ બનાવ્યો. ડૉક્ટર અને નર્સિંગસ્ટાફની મહેરબાની રહી. નર્સબહેન કિરણ કોઈ હિચકિચાટ વગર રોજ આવીને દવા ઇન્જેક્શન આપતી. કે. બી. જનરલ હૉસ્પિટલના ડૉ. બ્રિજેશ પટેલ ઘરે આવીને ટ્રીટમેન્ટ કરતા. રિપોર્ટ અને ઑક્સિજન લેવલ તદ્દન અસ્થિર. ચિંતા થયા કરે. ડૉ. બ્રિજેશ પટેલે અમારા ભાણેજ જમાઈ ડૉ. રવિ (ડીસા) સાથે સંપર્કમાં રહી ટ્રીટમેન્ટ ચાલુ રાખી. દિવાળીના દિવસે જ ડૉક્ટર્સ હિંમત હારતા દેખાયા. એમણે કહ્યું, 'કોઈ પણ હૉસ્પિટલમાં શિફ્ટ કરો. કૉમ્પ્લિકેશન વધી રહ્યાં છે.' અમે પણ ગભરાયા. પાટણ, મહેસાણા અને અમદાવાદ ફોન કર્યા. કોઈના ત્યાં જગ્યા નહીં. દિવાળી ટાણે આમ પણ ડૉક્ટરો વૅકેશન માણતા હોય છે! નાછૂટકે ઘરે જ રહ્યા. બીજા દિવસથી સુધારો ધીમી ગતિએ શરૂ થયો. રેમડેસિવર તો આપવાં જ ન પડ્યાં! બે મહિના પથારી અને વ્હીલચેરમાં ગુજર્યા. એ દિવસોમાં હું રોજ એમની તબિયતનું બુલેટિન વૉટ્સએપ પર મૂકતો. સ્નેહીજનો, પરિચિતજનો, એમના સહકાર્યકરો, એમના વિદ્યાર્થીઓ અને શુભેચ્છકો સૌની દુઆ અસર કરી ગઈ અને સાથે એમનું મનોબળ. મોતની એ ઘડીમાં પણ સ્થિતપ્રજ્ઞ હતા. ઘરમાં અમને સૌને કોરોના ફૂંક મારીને જતો રહેલો. કોઈએ એમની પાસે જવામાં કે સ્પર્શ કરવામાં ડર રાખ્યો ન હતો. અરવિંદભાઈ અને શકુંતલા પણ કૅનેડાથી આવી ગયાં હતાં. હિતેશભાઈના દીકરા પૂર્વએ અમારી સાથે ખડે પગે ઊભા રહી મોટાભાઈની સેવા કરેલી.

14 જાન્યુઆરી (1937), ઉત્તરાયણ મોટાભાઈની જન્મતારીખ અને તિથિ. થોડાં વરસોથી અમે સૌ શિયાળામાં દેશમાં હોઈએ છીએ. મહોલ્લો અમારો પરિવાર. સૌ સાથે મળી એમનો જન્મદિવસ ઊજવીએ છીએ. મોટાભાઈ અમારું વટવૃક્ષ છે. અમે એમની છાયામાં જિંદગી વિતાવી છે. એમનું વાંચન વિશાળ. હવે આંખ થકવે છે. ઘૂંટણ સાથ ઓછો આપે એટલે ચાલવામાં તકલીફ અનુભવે છે. સ્ફૂર્તિ સારી છે. ઉંમર પ્રમાણે તબિયત સારી છે. નગરમાં જૈન મહારાજ સાહેબ ચાતુર્માસ કરે તો મોટાભાઈને યાદ કરવામાં આવે. પર્યૂષણ વ્યાખ્યાનમાં એમની હાજરી હોય જ. એમણે ક્યારેય કોઈ સંપ્રદાયની કંઠી બાંધી નથી. વેદનું કથન, आ नो भद्राः क्रतवो यन्तु विश्वतः આત્મસાત કરેલું છે. અમેરિકાના વૉશિંગ્ટન ડી. સી. સ્થિત સ્વામિનારાયણ મંદિરમાં પણ પ્રવચન કરી આવ્યા છે.

નગરમાં માઇગ્રેશન વધ્યું છે. હવે જૂજ ઘરો ધબકે છે! ઘરડાં પણ ઓછાં થઈ રહ્યાં છે. સંસ્થાઓને માર્ગદર્શન જોઈએ તો આપે. વૈચારિક સજ્જતા યથાવત છે. અમારું પિતરાઈઓ સહિત આખું કુટુંબ પરદેશમાં. શિયાળામાં મોટા ભાગના દેશમાં આવે. એ સમય મોટાભાઈ માટે વસંતનો! સૌ માટે રસોડું એક. મોટાભાઈ દરેકના ભાવતા ભોજનની કાળજી રાખે. એ સિવાય પણ અતિથિઓ તો કાયમ જ હોય! દરેકનું આતિથ્ય ભાવથી કરે.

જિંદગીએ જે આપ્યું એ એમણે સ્વીકાર્યું. કોઈ ફરિયાદ નહીં ને કોઈ હરખ નહીં. રબનો ઋણસ્વીકાર કાયમ. અમોએ અમારા બાળપણમાં એમના મેજ પર પાંડુરંગ દાદાનું ગીતામૃતમ જોયું છે. સ્થિતપ્રજ્ઞતા એમનામાં સહજ આવી છે. મજરુહ સુલતાનપુરીના આ શબ્દો એમણે ચરિતાર્થ કર્યા છે:

दर्द भी हमें कुबूल, चैन भी हमें कुबूल
हमनें हर तरह के फूल, हार में पिरो लिए
जो भी प्यार से मिला, हम उसीके हो लिये ।

મારા માટે તો એ રામ છે, લક્ષ્મણ કે ભરતની પાત્રતાને લાયક બનવું અઘરું છે. એમનો પ્રેમ અમને અને અમારાં બાળકોને વિશેષ મળ્યો છે. અમે સૌ મોટાભાઈનાં ઋણી છીએ. વ્યક્તિ તરીકે એમણે એમના બધા જ કિરદારને ન્યાય આપવાની સતત મથામણ કરી છે.

અમે ઘણી વાર કહ્યું, એમના મિત્રો અને વિદ્યાર્થીઓએ પણ કહ્યું કે આપનો અભિવાદનગ્રંથ કરીએ. એમણે હંમેશાં રોક્યા. વલ્લભભાઈના આગ્રહને એ ટાળી શક્યા નહીં. મણિભાઈ પ્રજાપતિ સાહેબે ગ્રંથ સંકલનનું બીડું ઝડપ્યું છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ અભિવાદનગ્રંથ કરી રહ્યું છે. અમે સૌ પરિવારજનો વલ્લભભાઈ, મણિભાઈ અને મંડળના આભારી છીએ. માણેકલાલ સાહેબે થોડાં વર્ષો પહેલાં કડી કૅમ્પસમાં M.Ed. કૉલેજ શરૂ કરેલી. એ કૉલેજનું નામાભિધાન **'આચાર્યશ્રી મનુભાઈ જે. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન'** કરેલું. માણેકલાલ સાહેબને મોટાભાઈ માટે સ્નેહાદર હતો. આદર્શ વિદ્યાલય, સિપોર ખાતે પણ વિદ્યાલયના બગીચાને **'મનુભાઈ ઉપવન'** નામ આપ્યું છે. અમારા મોટાભાઈ ઉપવનસમા છે. જીવનભર એમણે સુગંધ પ્રસરાવી છે. એ વ્યક્તિ મટીને વિશ્વ માનવી બન્યા છે.

29 સપ્ટેમ્બર, 2023

•

# મનુભાઈ: અમારા મોટાભાઈ

■ કલ્પના (પન્ના) મહેન્દ્ર પટેલ

1980માં મારાં લગ્ન એમના લઘુબંધુ મહેશ સાથે થયાં. મને એમના ઘરની સદસ્ય બનાવવામાં એમનો સવિશેષ ફાળો. મારાં એ સદનસીબ. હું પન્ના એમના ભાઈની વહુ નહીં, એમની મોટી પુત્રવધૂ અને દીકરી પણ!

મારા બાપુજી પ્રહ્‌લાદભાઈ રામદાસ પટેલ ઉમતાના પોલીસપટેલ અને સહકારી કાર્યકર. અમે પણ પાંચ બહેનો અને એક ભાઈ. અમારે પાંચ ફોઈઓ પણ. ચાણસ્મામાં બે ફોઈઓ. અમારા બાપુજીને મોટાભાઈના કુટુંબ માટે ખૂબ આદર. મારો સંબંધ એ ઘર સાથે ગોઠવાય એમાં એમને બહુ રસ હતો. એમની એ ઇચ્છા ફળી.

મારા બાપુજીને મોટાભાઈ માટે પ્રેમાદર. હું જ્યારે પિયર જાઉં ત્યારે એમના મોંએ સૌપ્રથમ શબ્દો સરી પડે, બેટા, મનુપ્રસાદ કેમ છે? હું પિયર છોડું ત્યારે અમારા બાપુજીની કાયમી શીખ રહેતી, પરિવારમાં સાકરની જેમ ભળી જવું ને ધૂપસળીની માફક સુગંધ ફેલાવવી!

મને મેથી રીંગણનું શાક ન ભાવે. મોટાભાઈએ સામે બેસીને એ શાક ખાતાં કરેલી. આજે રીંગણ મને બહુ પ્રિય. અમેરિકામાં ગ્રૉસરી માટે સ્ટોરમાં જાઉં ત્યારે મારી પહેલી નજર રીંગણ પર પડે. બાળકો કહે, મમ્મી રીંગણ માથે મારીશ નહીં! શિયાળામાં અહીં આવીએ ત્યારે રીંગણ-મેથી ભરપૂર ખાવા મળે.

અમારી મોટી દીકરી કિન્નરી એમની પાસે ઘણું રહી. અમે જ્યાં-જ્યાં રહ્યાં ત્યાં એ આવ્યા પણ. પોસ્ટકાર્ડ, ફોન અને ફેસટાઇમ. સમયની સાથે જે આવ્યું એનો એમણે અમારી ખબર-અંતર રાખવા ઉપયોગ કર્યો. સમય વહેતો રહ્યો.

1989-1991 અમે કડીમાં એમની સાથે ભેગાં રહ્યાં. એ સમય અમારા માટે અતિ આનંદનો રહ્યો. અમારા દીકરા હર્ષનો જન્મ કડી ખાતે. ભાભી અને મોટાભાઈએ હર્ષોલ્લાસ સાથે પેંડા વહેંચેલા. લિસ્ટ અને પૅકેટ્સ એમણે જાતે બનાવેલાં.

ભાભીનું કૅન્સર, એમનું કૅન્સર, એન્જીઓપ્લાસ્ટી અને કોરોના. ઈશ્વરે અમને એમની સાથે રહેવાની તક આપેલી. માંદગી કે મરણ, અવિચળ કેમ રહેવું એ એમની પાસે જોયું. "મેરુ તો ડગે પણ જેનાં મનડાં ન ડગે" એ ક્યારેય ડગ્યા નથી. પદ, પ્રતિષ્ઠા, લોભ, મોહ, સુખ અને દુઃખ, એમનું 'સમ્યક દર્શન' રહ્યું. કોઈને આ વાતમાં અતિશયોક્તિ લાગે. એમને મહામાનવ ચીતરવાનો આશય નથી, અમે જે જોયું, અનુભવ્યું એ જ ખરું.

હું અને શકુંતલા એમની પુત્રવધૂઓ નહીં, દીકરીઓ જ છીએ. એમણે દીકરીઓ

તરીકેનો પ્રેમ અને હૂંફ આપ્યાં છે. એમના ઉદ્‌ગારમાં 'બેટી' જ નીકળે. અમે કદાચ ક્યાંક ઊણાં ઊતર્યાં હોઈશું! એ અમારા પરિવારનું વટવૃક્ષ. વટવૃક્ષની છાયામાં બીજા છોડ વિકસે નહીં, પણ એમણે દરેકને એમની રીતે વિકસવા દીધાં. આ વટવૃક્ષની છાયા અમે સૌએ માણી અને એની વડવાઈઓએ સૌ ઝૂલ્યાં. શર્માબંધુઓના સુખ્યાત ભજનના શબ્દોમાં જે કહેવાયું છે એની અનુભૂતિ મોટાભાઈના સાંનિધ્યમાં અમે સૌએ અનુભવી છે:

जैसे सूरज की गर्मी से जलते हुए तन को
मिल जाये तरुवर कि छाया
ऐसा ही सुख मेरे मन को मिला है
मैं जब से शरण तेरी आया, मेरे राम ।

●

---

*શિક્ષકે શિક્ષણને ખૂબ ચાહવાનું છે. સાથે પોતાના વ્યવસાયને પ્રતિબદ્ધ રહેવાનું છે. શિક્ષકો તો આજીવન વિદ્યાર્થી હોવા જોઈએ. તેમણે પોતાના વિષયોની માત્ર સૈદ્ધાંતિક અને વ્યવહારુ વાતો જ નથી ભણાવવાની, પણ સમાંતરે, તેમણે સમાજની સભ્યતાના વારસા તથા મૂલ્ય વ્યવસ્થાનો પણ નક્કર પાયો નાખવાનો છે. આધુનિક ટૅક્નૉલૉજીની સહાયથી શિક્ષકો વિદ્યાર્થીઓને જાતે શીખવવાની તાલીમ આપી તૈયાર કરવાનાં છે.*

✳

*શિક્ષકનું મહાન મિશન છે, તરુણ ચિત્તને પ્રજવલિત કરવાનું.*

✳

*શિક્ષકનું ધ્યેય બાળકની વિદ્યા-પ્રાપ્તિની શક્તિ વધારે તેવું ચારિત્ર્ય ઘડવાનું અને મૂલ્યો પ્રસ્થાપિત કરવાનું છે. બાળકને સંશોધક અને સર્જનાત્મક બનવા આત્મવિશ્વાસ આપવાનો છે. જે પછી ભાવિનો સામનો કરવામાં તેને સ્પર્ધાત્મક બનાવે.*

**એ. પી. જે. અબ્દુલ કલામ**

---

# અમારા 'ભઈ'!

■ અરવિંદ મનુભાઈ પટેલ

હું અરવિંદ, મનુભાઈનો દીકરો. અમે ત્રણ ભાઈ-બહેનો. (હું, રેણુકા અને નીતા) મનુભાઈ અમારા પપ્પા. અમારા જન્મ પહેલાં એમની બહેનો એટલે કે અમારી ફોઈઓ એમને 'ભાઈ' કહેતી. ભાઈનું અપભ્રંશ 'ભઈ' થયું ને અમે પણ પપ્પાને 'ભઈ' જ કહ્યા! અમારી મમ્મીને પણ અમે 'બેન' કહેતાં!

મહેશકાકા અને મારી વચ્ચે અઢી વર્ષનો ગાળો, સમવયસ્ક કહી શકીએ. કાકાનું અને અમારું જીવન સાથે-સાથે વહ્યું. બાળપણમાં અમે ઓશીકે-ઓશીકે ઝઘડ્યા છીએ. 1985 સુધી મોટા ભાગે અમે સાથે જ રહ્યા હતા. વ્યવસાયે ભૌગોલિક અંતરમાં વધઘટ કરેલી!

મહેશકાકાએ 'ભઈ'ના વ્યક્તિત્વ વિશે સુંદર આલેખન કર્યું છે. ભાષા અને લેખિત અભિવ્યક્તિમાં મારી કચાશ. કાકાનું ભાષા પર 'ભઈ' જેવું જ પ્રભુત્વ. અમારા બંનેનો ઉછેર સાથે-સાથે રહ્યો, સ્મૃતિઓ અને સંસ્મરણો પણ લગભગ એક સરખાં! એમના લેખનમાં જે કહેવાયું એ જ મારે પણ કહેવાનું, એટલે પુનરાવર્તન ટાળ્યું છે.

અભ્યાસ પછી નોકરી. હું અઢી દાયકા વડોદરા રહ્યો. મારી એકવીસમી સદી કૅનેડાથી શરૂ થઈ. વડોદરા નિવાસ વખતે વૅકેશન કે પ્રસંગોએ વતનમાં એમની પાસે જવાનું થતું. દિવાળી સૌએ સાથે ઉજવેલી. ઘર ગુંજતું. વૅકેશન પૂરું થાય ત્યારે વિદાય વસમી લાગતી. ઉશનસ્ ની સુખ્યાત કવિતા 'વળાવી બા આવી'માં બા કેન્દ્રમાં હતી, અમારું વૅકેશન પૂરું થાય અને વિદાય થતી ત્યારે કેન્દ્રમાં 'ભઈ', મમ્મી અને દાદી રહેતાં. 'ભઈ' અમારાં બાળકોને તેડી બસસ્ટૅન્ડ સુધી વળાવવા આવતા. એમની આંખમાં અમારા ગયા પછીનો શૂન્યાવકાશ ડોકાતો!

મારી કારકિર્દી મેં ABBથી શરૂ કરેલી. પછી GCELમાં જોડાયેલો. GCEL સરકારે બંધ કર્યું. ખુદનો ધંધો કર્યો. કૅનેડા સ્વાગત કરવા તૈયાર થયું ને અહીંથી ગમન કરવાનું બન્યું. મનમાં દ્વિધા ચાલે. 'ભઈ'એ કહ્યું, 'લાગણીને બાજુમાં રાખી નિર્ણય લેવાનો. અમારી ચિંતા કર્યા વગર કારકિર્દીને પ્રાધાન્ય આપવાનું.' મનમાં ગ્લાનિ અને દુઃખ સાથે કૅનેડા ગમન કરેલું. પરદેશમાં વસવાનો મોટો વસવસો, સ્નેહીજનોથી દૂરી! આપ્તજનોનાં સુખે -દુઃખે એમની પડખે આવીને ઊભા રહેવાનું બહુ શક્ય બનતું નથી. પરદેશ ગમનની એ મોટી મર્યાદા છે.

આજના વર્ક કલ્ચર અને કૉર્પોરેટ વર્લ્ડના વર્કપ્રેસરમાં 'વર્ક ઍન્ડ લાઇફ'ને બૅલેન્સ કરવાનું કામ કપરું હોય છે. અમારા 'ભઈ'એ એમના જીવનમાં વર્ક અને લાઇફનું ખૂબ

જ બેલેન્સ કર્યું છે અને બધાંને બનતો સંતોષ આપવા સતત પ્રયત્નશીલ રહ્યા છે. અમે ભઈને કોઈ પણ સંજોગોમાં વિચલિત થતાં જોયા કે અનુભવ્યા નથી. એમની પાસે કોઈ પણ પ્રશ્નનો વ્યવહારિક ઉકેલ હોય જ!

મનુભાઈનો અભિવાદનગ્રંથ બનાવવાનો વિચાર અને તેને અમલમાં મૂકવા બદલ અમો સર્વે કુટુંબીજનો સર્વ વિદ્યાલય મૅનેજમેન્ટ અને વિશેષ વલ્લભભાઈ પટેલના ઋણી છીએ. ગ્રંથ સંપાદન માટે મણિભાઈ પ્રજાપતિ સાહેબના પણ આભારી છીએ.

●

---

*સાચી કેળવણી માનવ નિર્માણકારી છે. સાચું શિક્ષણ માત્ર જ્ઞાન અને કૌશલ્યોનું નહિ, પરંતુ માનવતા અને સદ્‌ગુણોનું ચણતર અને ચારિત્ર્યનું નિર્માણ કરનારું હોવું જોઈએ. સર્વ વિદ્યાલય કડીના આદ્ય સર્જક અને પ્રણેતા પૂજ્ય છગનભાએ વ્યક્તિવિકાસ દ્વારા સમાજપરિવર્તનનો મુખ્ય ધ્યેય રાખીને ગાંધીમૂલ્યોના પુરસ્કર્તા કાર્યકરો શ્રી પોપટલાલ ગુ. પટેલ, શ્રી બાપુભાઈ ગામી અને શ્રી છગનભાઈ કા. પટેલ જેવા ગુણદર્શી અને સમાજસમર્પિત મહાનુભાવોને દોરવણી આપી હતી, જેથી સર્વ વિદ્યાલય કડી અને તેના છાત્રાલયમાં રહેલા છાત્રો અને વિદ્યાર્થીઓનું આદર્શ ઘડતર અને ચણતર થવા પામ્યું છે. જેથી પ્રત્યેક વિદ્યાર્થી પોતાના ક્ષેત્રના કાર્ય દ્વારા સમાજને સમર્પિત થયેલો દેખાય છે. આજે જે ઉત્તર ગુજરાતનો આર્થિક, સમાજિક અને શૈક્ષણિક વિકાસ થયેલો દેખાય છે તે આ સંસ્થાના બીજમંત્રને વરેલા સૌને આભારી છે. આજે વ્યક્તિનું દર્શન માત્ર અરીસામાં જોતો હોય તેમ સ્વકેન્દ્રી દર્શનથી સેવાનું અને સમર્પણનું ક્ષેત્ર ઘણું જ સંકુચિત થવા પામ્યું છે. વ્યક્તિની સંવેદનશીલતા ઘટી છે. જેથી અન્યની સેવા કરવાના વિચારોને બદલે જાત પૂરતા મર્યાદિત થતા દેખાયા છે. જે ચિંતા અને ચિંતનનો વિષય છે. વર્ગમાં કામ કરતો શિક્ષક શાળાના બધા વિદ્યાર્થીઓનો વાલી અને માર્ગદર્શક બની રહેવો જોઈએ. સમાજજીવનથી શાળા ભિન્ન રહી શકે જ નહિ. સમાજના પ્રત્યેક જનમાં સમરસ થવો જોઈએ. તો જ ભદ્રતા અને સમરસતા આવી શકશે. આજે અર્થ પ્રભુત્વ વધવા પામ્યું છે. જેથી અર્થ ઉપાર્જન માટે શાળા સમય બાદ પણ કાર્યરત શિક્ષકો દેખાય છે. વિદ્યાર્થીઓનો પ્રેમ, પોતાના વ્યવસાયનો સંતોષ અને પ્રસન્નતા અનુભવી શકે તેવા શિક્ષકો-આચાર્યો વિશેષ દેખાશે તે દિવસે આત્મતૃપ્તિ સાથેનો સેવાનો ઓડકાર સૌને મીઠો લાગશે. આ અંગે સતત ચિંતન કરતા રહીને એ દિશામાં ક્રિયાવાન પણ બનવા સૌને અનુરોધ છે.*

**આચાર્ય મનુભાઈ પટેલ**

---

# સસરા નહીં સવાયા પિતા

■ **શકુન્તલા અરવિંદ પટેલ**

હું શકુંતલા, એમની પુત્રવધૂ. અરવિંદ સાથે હું મંગળફેરા ફરી કે એમના ખાનદાન સાથે, કહેવું મુશ્કેલ છે! કુટુંબની આત્મીયતા એવી કે આવનાર ને પારકું લાગે નહીં. અરવિંદ અને ઘરનાં સૌ એમને 'ભઈ' કહે એટલે હું પણ 'ભઈ' કહેતી થઈ!

લગ્ન પહેલાંથી અરવિંદ વડોદરા નોકરી કરે. સાસરે આવ્યા પછી વૅકેશનના થોડા દિવસો બાદ કરતાં સાસરે રહેવાનું ઓછું બન્યું છે. સાસરે ભલે ઓછું રહેવાનું થયું, સાસુ-સસરા ક્યારેય દૂર લાગ્યાં નથી. ટેલિફોન નહોતા ત્યારે ટપાલ હતી. અઠવાડિયે 'ભઈ'નું પોસ્ટકાર્ડ આવે. સમાચાર સાથે સલાહ પણ હોય. બીજું આવે ત્યાં સુધી એને મમળાવીએ. ફોન આવ્યા પછી એની રિંગ આંતરે દિવસે ખખડે. બાળકોનાં ખબર-અંતર પૂછે.

અરવિંદને કૅનેડા જવામાં દ્વિધા. એમણે જ જવાની હિંમત આપી. અમારા ગયા પછી આઠેક વર્ષ પછી એ કૅનેડા આવ્યા. એ વખતે મહિનાઓનો સાથ રહ્યો. પિતાની સાક્ષાત્ હૂંફ અનુભવી. એમના માટે અહીં સમય પસાર કરવાની મુશ્કેલી. અહીં બ્રેમ્પટનમાં દેશીઓ વધારે. સાંજે સિનિયર્સ સાથે બેસે. સવારે પુસ્તકાલય જાય. છએક મહિના માંડ રહ્યા. 'મારે તો દેશ ભલો', એમના PR પણ જતા કર્યા! પછી ત્રણેક વાર કૅનેડા આવ્યા. અમારી દીકરીઓના પ્રસંગોમાં. કૅનેડા આવે એટલે સાથે અમેરિકા પણ હોય. કાકાનો પરિવાર અમેરિકા ખાતે.

અરવિંદે 2021માં નિવૃત્તિ લીધી. અમે પણ એમની સાથે રહેવા છએક માસ માટે દેશમાં આવ્યાં. એ સમયે સતત એમની સાથે રહેવાનું થયું. એમની લાગણીની સરવાણીઓમાં ભીંજાવાનો મોકો મળ્યો. સુખ-દુઃખમાં સમતાના પાઠ શીખવા મળ્યા. એમની હૂંફ અમારા જીવનની મોંઘેરી જણસ છે.

●

# પૂજ્ય 'ભઈ' એટલે વટવૃક્ષ !

**■ રેણુકા નૈષધ પટેલ**

અમે અમારા પપ્પાને 'ભઈ' કહીને બોલાવીએ છીએ. એમના વિશે તો બધાંએ બધું લખ્યું છે, પરંતુ આખા શિક્ષણજગતમાં અને પૂરા સમાજમાં જે માન અને પ્રતિષ્ઠા એમનાં છે એ કહેવાની જરૂર નથી.

મને મારા પપ્પા સાથે રહેવાનો મોકો ઓછો મળ્યો છે. જ્યારે ધોરણ 6માં આવી ત્યારે મને ચાણસ્મામાં અમારાં દાદી ચંચળબા અને કાન્તાફોઈ સાથે રહેવા મોકલી હતી. એ બંને એકલાં હતાં. કાકા કૉલેજ અને હૉસ્ટેલમાં દૂર. મેં કૉલેજ સુધીનો અભ્યાસ ચાણસ્મામાં કર્યો હતો. દર શનિવારે 'ભઈ' અમારી ખબર લેવા આવતા હતા.

તેમનો કુટુંબ પ્રત્યેનો પ્રેમ અપાર છે. દરેકની કાળજી રાખવી, મુશ્કેલીમાં મદદ કરવી એ એમનો સ્વભાવ છે. આજની તારીખમાં પણ અમારું કુટુંબ સાથે રહે છે. એનો મને બહુ જ ગર્વ છે. એમાં અમારાં કાકા-કાકીનો પણ બહુ જ મોટો ફાળો છે. અમે ત્રણ ભાઈ-બહેન છીએ પણ કાકાનાં દીકરા-દીકરીઓ ભેગાં મળી છ ભાઈ-બહેન છીએ. એ કુટુંબભાવના અમને અમારા પપ્પાએ આપેલી છે. તેમણે અમારું સારું ઘડતર કર્યું અને સારા સંસ્કાર આપ્યા છે.

કોઈ પણ જગ્યાએ તેમને ઓળખીતા ન મળે તેવું બને જ નહીં. ગંભીર બીમારીઓમાંથી પણ સૌનાં આશીર્વાદથી નવું જીવન મળ્યું છે. એમનો જન્મ જાણે સમાજનાં સારાં કાર્યો કરવા માટે જ થયો છે તે કહેવું બિલકુલ સાચું જ છે.

તે શિસ્તના બહુ જ આગ્રહી. અમે નાનાં હતાં ત્યારે કાકા, અરવિંદભાઈ અને હું તેમની આગળ આવવાનું પણ ટાળતાં. મને હજી પણ યાદ છે. મારી નાની બહેન નીતાનું ધો.10નું અંગ્રેજીનું પેપર એમના સહકાર્યકર શિક્ષક પાસે હતું. તે નાપાસ થતી હતી. નીતાએ પપ્પાને આ વાત કરી, પણ તેમણે કંઈ જ ન કરવાનું કહ્યું. આ પરથી તે કેટલા ઈમાનદાર છે તે જાણી શકાય. તેમની બધી જ સફળતામાં મારી મમ્મી પુષ્પાબેનનો મોટો ફાળો હતો. તે અત્યારે હયાત નથી, પણ અમારા સર્વના દિલમાં વસેલી છે.

મારા સસરા રામુભાઈ સર્વોદયઆશ્રમ માઢીના સંચાલક હતા. તેમનામાં પણ આ જ ગુણો હતા. જ્યારે ખાદીજગતના મોટા માણસો મને પૂછે કે તું મનુભાઈની દીકરી અને રામુભાઈની પુત્રવધૂ છે? આ સાંભળીને હું **ગૌરવ અનુભવું છું.**

●

# મારા 'ભઈ' મારી જીવાદોરી

■ નીતા પરીખ

મનુદાદાની હું સૌથી નાની દીકરી. મારી પાસે મારા 'ભઈ'ની ખૂબ જ યાદો છે, પણ તેને શબ્દોમાં કંડારવી મારા માટે અઘરું કામ છે, પણ જેટલી વ્યક્ત થાય એટલી લાગણીઓ હું વહેતી મૂકું છું. હું સાદી અને સરળ ભાષામાં કહું તો મારા 'ભઈ' મારી જીવાદોરી સમાન છે. ઘરમાં બધાં મને એમ જ કહે કે, તું 'ભઈ'ની લાડકી દીકરી છે. મને જ્યારથી યાદ છે ત્યારથી તેઓ શિસ્તના વધારે આગ્રહી રહ્યા છે, પણ એમની લાગણીનો વિશેષ લાભ મને મળે છે. હું એમની સાથે સિપોર આદર્શ વિદ્યાલયમાં અભ્યાસ કરતી હતી. તે વખતે મારાથી સ્કૂલના રજિસ્ટરમાં સહી કરવાની રહી ગઈ હતી તો હું એમની ઑફિસમાં ગઈ અને બધાંની વચ્ચે મને કહ્યું કે આ ઘર નથી અને રજિસ્ટર મૂકી દીધું. ઘરે આવીને મને મનાવી પણ લીધી. એમના નિયમોમાં કોઈને પણ છૂટછાટ નહીં.

સિપોર છોડી કડીમાં તેઓ આવ્યા. તે જ વર્ષે મારાં લગ્ન થઈ ગયાં. મારી મોટી દીકરી અની તેમની જોડે કડીમાં અભ્યાસ કરતી હતી, એટલે મારું આવવા-જવાનું કડી વધારે રહેતું. મારી બેન પુષ્પાબા જ્યારે બીમાર પડી ત્યારે મેં એમનું એક અલગ સ્વરૂપ જોયું. મારી બેનની સેવા એમણે મન મૂકીને કરી હતી. સાથે કાકા-કાકી, એમનાં ત્રણ છોકરાંઓ, અરવિંદભાઈ અને ભાભી પણ ખરાં.

તેમનું વ્યક્તિત્વ એવું કે નાનાની સાથે નાનાં અને મોટાં જોડે મોટાં. એમની જોડે બધાંને ફાવે. અમારા ઘરમાં એમની વાત કોઈ ઉથાપે નહીં. તેમના જીવનમાં જેટલી પ્રગતિ થઈ તેની હકદાર મારી બેન (પુષ્પાબા) પણ એટલી જ છે. મારી બેને તેના જીવનનાં અમૂલ્ય વર્ષો તેમની પાછળ કોઈ સવાલ કર્યા વગર કાઢ્યાં છે. 'ભઈ' સેવાભાવી, કોઈના દુઃખમાં દુઃખી અને સુખમાં સુખી. નાનાં-મોટાં સૌને એમણે મદદ કરેલી અને અત્યારે પણ કરે જ છે. તેમની આ ભાવનાને કારણે મોતના મુખમાંથી બે વાર પાછા આવ્યા છે.

એમને પહેલી વાર કૅનેડા જવાનું હતું અને એ પણ એકલા. અમને બધાંને ચિંતા હતી કે તેઓ કેવી રીતે બધું ગોઠવશે, પણ ઍરપૉર્ટમાં જતાં જ એક વિદ્યાર્થી તેમને પગે લાગ્યો, ત્યારે અમે બહારથી જોતાં હતાં કે હવે 'ભઈ'ને કોઈ તકલીફ નહીં પડે.

અમારા ઘરમાં અમે ત્રણ ભાઈ-બહેન, પણ તેમની પહેલી પંક્તિમાં મહેશકાકા અને કાકી આવે. તેઓને પણ 'ભઈ' માટે ખૂબ જ લાગણી અને આદર.

છેલ્લાં પાંચ-છ વર્ષથી તેઓ એકલા થઈ ગયા. અમે બધાં બહારના દેશમાં. હું મારા દીકરા જોડે નૈરોબી આવી. જ્યારે કાકા-કાકી અમેરિકા, અરવિંદભાઈ-ભાભી કૅનેડા. છોકરાંઓ બધાં અમેરિકા, કૅનેડા અને નૈરોબી. 'ભઈ' ફેસટાઇમમાં વાત કરે અને બધાં

દેશ ફરી આવે. બધાંની સારસંભાળ પણ લે.

હું તો એમની દીકરી છું. એટલે એમના વિશે સારું જ લખું, પણ એમના વિદ્યાર્થીઓ, એમના સહકાર્યકરો અને દરેક સંસ્થાના માણસોને એમના માટે વિશેષ આદરભાવ. એમણે એમની આખી જિંદગી બધાની સેવામાં જ સમર્પિત કરી દીધી છે. એમની સમાજ પ્રત્યેની લાગણી અને એમનો સેવાભાવી સ્વભાવ બધાં જ જાણે છે, પણ એ મારા માટે ભગવાનનું બીજું સ્વરૂપ છે.

•

---

*કહેવાય છે કે દર બે-પાંચ વર્ષે જ્ઞાન બેવડાય છે. આ બદલાતા જતા જ્ઞાન-વિજ્ઞાનના સ્વીકાર અને અમલીકરણ માટે સાચા અને આદર્શ અધ્યાપકે સતત કર્મશીલ બનવું પડશે. આજે સમગ્ર રીતે શિક્ષણ કથળતું જતું દેખાય છે. તેમાં સરકાર અને સમાજ બંને જવાબદાર છે. પ્રાથમિક શાળામાં વર્ગ-ધોરણ વાર બેઠક વ્યવસ્થાનો અભાવ, જરૂરી અધ્યાપકોની ઘટ અને સરકારશ્રીની અનેક સમાજલક્ષી કામગીરીનો બોજ શિક્ષકો પર છે. જેથી શિક્ષણ તરફ વિશેષ ધ્યાન અપાતું નથી. વળી, વર્ગમાં ગરીબ-તવંગર અને આર્થિક પછાતવર્ગનાં બાળકો જેમાં અભ્યાસમાં નબળાં-મધ્યમ-હોશિયાર અને અતિ તેજસ્વી બાળકો એક જ વર્ગમાં એક જ રીતે અભ્યાસ કરવા મજબૂર છે. જેથી બાળકોની વ્યક્તિગત કાળજી રાખી શકાતી નથી. આજે ધો. 8-9માં પ્રવેશ મેળવતાં બાળકોમાંથી મોટા ભાગનાં બાળકોને વાચન-લેખન ફાવતું નથી. ગાણિતિક વિષયોમાં સાવ મંદ જ દેખાય છે. આજે શાળાનાં હોશિયાર અને અતિ તેજસ્વી બાળકોને વિશેષ હોશિયાર બનાવવાને બદલે આપણી વ્યવસ્થા તેમને એવરેજ બનાવી મૂકે છે. સરકારશ્રીએ વર્ગ દીઠ 20 બાળકોનો વર્ગ ધોરણ-7 સુધી રાખવો પડે. જરૂરી શૈક્ષણિક ઉપકરણો શાળામાં હોવાં જોઈએ. શાળામાં જરૂરી હોય તેટલા શિક્ષકોની નિમણૂક આપવી પડે. શૈક્ષણિક ચકાસણી / તપાસણી કડક ધોરણે વર્ષમાં બે વાર કરવી જોઈએ. બાળકોની શૈક્ષણિક કક્ષા પ્રમાણે વર્ગનું વિભાજન કરવું પડશે. અન્યથા ખાનગી ટ્યૂશન, સેલ્ફ ફાઇનાન્સ શાળામાં દાખલ થવું, કોચિંગ ક્લાસમાં જવું, જરૂર પડે વ્યક્તિગત ટ્યૂશન રાખવાના સર્વ પ્રકારના ઉપાયો શિક્ષણના સ્તરને ઊંચે લઈ જવાને બદલે નીચું જ લઈ જશે. સમાજનો ભદ્રવર્ગ પૂરક વ્યવસ્થા કરી શકે છે, જ્યારે મજૂર કે આર્થિક પછાત વર્ગનાં બાળકોનું ભવિષ્ય બગડતું દેખાય છે. સમાજમાં મોટી ખાઈ સર્જાઈ રહી હોય એવું દેખાય છે. સરકારશ્રી લોકકલ્યાણ અને વિકાસને વરેલી છે ત્યારે તેણે જરૂરી સુધારાઓ તાકીદે કરીને તેનો અમલ કરાવવો જ પડશે. અન્યથા સમાજમાં શાંતિ અને પ્રસન્નતા જોખમાશે એવો ભય અસ્થાને નથી.*

**આચાર્ય મનુભાઈ પટેલ**

---

# અમારા બાપુજી 'વાત્સલ્યનો દરિયો !'

■ કિન્નરી(ચીકા) મહેન્દ્ર પટેલ

મનુભાઈ અમારા બાપુજી, અમારા પપ્પા મહેન્દ્રભાઈ(મહેશ)ના એ મોટાભાઈ. અમારા માટે તો એ વહાલનો દરિયો! ગમે તેટલું ઉલેચો એમનું વહાલ ખૂટે જ નહીં. અમે તો જન્મ્યાં ત્યારથી એમના સ્નેહની સરવાણીઓથી સતત ભીંજાયેલાં રહ્યાં છીએ.

બાપુજીનું વ્યક્તિત્વ શ્રીફળ જેવું. અમને તો કોપરાની કુમાશ અને મીઠાશની જ અનુભૂતિ થઈ છે. અમારા પપ્પા, ફોઈઓ, અરવિંદભાઈ અને રેણુદીદી એ બધાંનો બાપુજી સાથે ખપ પૂરતો સંવાદ રહેતો! એમણે કડક અને શિસ્તના આગ્રહી બાપુજીનો અનુભવ કરેલો, એટલે બાપુજીની હાજરીમાં એમની જીભ માફકસર ખૂલતી! નીતાદીદી બાપુજીનાં સૌથી નાનાં દીકરી. નીતાદીદીએ કડકાઈની દીવાલમાં બાકોરું પાડેલું!

હું, કિન્નરી દોઢ વરસની ને ઘરમાં નાની બહેન કૃપાલિ આવી. એ વખતે મમ્મી, પપ્પા અને હું વડોદરા. પુષ્પાબા અને બાપુજી વડોદરા આવેલાં. એ સમયે સિપોર ખાતે બા-બાપુજી એકલાં. સૌ પંખીઓ ઊડીને એમનાં માળામાં ગોઠવાઈ ગયેલાં. એમણે લાગણી વ્યક્ત કરી, અમે કિન્નરીને અમારી સાથે લઈ જઈએ. તમને બે સરખાં જેવાં બાળકોનાં ઉછેરમાં તકલીફ ઓછી ને અમને ઘર ભરેલું લાગશે! બા-બાપુજી સાથે હું સિપોર ને મારું બાળપણ એમના ખોળામાં રમતું થયું. દોઢેક વર્ષ સિપોરના જૈનવાસની ધૂળમાં રમવાનું થયેલું.

1985માં બાપુજી સાથે સર્વ વિદ્યાલય, કડીના વિશાળ અને ઘટાદાર કૅમ્પસમાં. ઘર આંગણે પારિજાત અને બાજુની જગ્યામાં ચંપો અને લીંબુડી. કૅમ્પસમાં લીમડાઓ અને આસોપાલવનું સામ્રાજ્ય. વિદ્યાર્થીઓથી ગુંજતું ઉપવન! મનુભાઈ સાહેબની દીકરી એટલે સૌના લાડ પ્યારની મારી પર અતિવૃષ્ટિ! બાપુજીના ખોળામાં સૌથી વધુ સમય રમવાનું સૌભાગ્ય મને સાંપડેલું. કડી ખાતે મારું આખું વિશ્વ બાપુજીની આસપાસ ભમતું. બાપુજી એમની બાજુમાં બેસાડી મારા મોંમાં કોળિયા મૂકે. એમના ખોળામાં બેસી ટી. વી. જોવાનું, વાર્તાઓ સાંભળવાની ને એમની આંગળી પકડીને સાંજની વિદ્યાર્થી સમૂહ પ્રાર્થનામાં જવાનું. વિદ્યાર્થીઓની ખબર-અંતર પૂછવા ફરવાનું. રોજ રાત્રે ફૅમિલી પૅક આઇસક્રીમ કે બજારમાં નવી આવતી ચૉકલેટની ઓળખાણ તો હોય જ! જન્મદિવસે નવાં પુસ્તકોની ભેટ પણ મળે. 'હિતોપદેશ', 'હરક્યુલસ', 'કોલંબસ', 'ગિજુભાઈ', અને 'ટાગોરની વાર્તા'ઓ સાંભળવા મળતી. કવયિત્રી પન્ના નાયકની એક કાવ્ય પંક્તિ છે: ''માની આંગળી પકડી ચાલતું બાળક ઊંચે જુએ છે, માના ચહેરામાં દેખાય છે આખું વિશ્વ!'' મારું ભાવ વિશ્વ મારા બાપુજીમાં સમાઈ જતું!

સમય વહેતો રહ્યો. 1989માં પપ્પાની બદલી કડી ખાતે થઈ. એમની ઇચ્છા પણ ખરી. સૌ એક જ ઘરમાં ભેગાં થયાં. દાદી, કાન્તાફોઈ, પુષ્પાબા, બાપુજી, મમ્મી, પપ્પા અને મારી નાની બહેન કૃપાલિ. મને કૃપાલિની કંપની મળી. અમારું બંને બહેનોનું બોન્ડિંગ આજે પણ અતૂટ છે. અહીં અમેરિકામાં પણ સાથે છીએ, ચારેક માઈલ જ દૂર! મારું લાડકું નામ ‘ચીકા’ અને કૃપાલિનું ‘મુન્ની’. અમે સાથે જ હોઈએ. ઘરમાં સૌ સાદ પાડે તો ‘ચીકા મુન્ની’! ‘ચીકા મુન્ની’ નામનો ટહુકો મારાં લગ્ન સુધી જળવાઈ રહ્યો. કડીમાં બીજાં બે વર્ષ હર્યાંભર્યાં ઘરમાં કિલ્લોલ સાથે વીત્યાં. ચંપાની ડાળીએ ઝૂલ્યાં ને પારિજાતનાં ફૂલો વીણ્યાં. વૅકેશનમાં સૌ કડી આવે. ઘર ઊભરાઈ જતું. રિશ્વા, દેવાંશી(અરવિંદભાઈ-શકુંતલાભાભી), જયુ, આનલ (રેણદીદી-નૈષધ જીજાજી), અની, ધ્રુવ (નીતાદીદી-અભય જીજાજી) આવતાં. બપોરે બાપુજી બધાંને જોડે સુવડાવે. બાપુજીનાં નસકોરાં બોલે ને દબાતાં પગલે અમે સૌ બહાર!

1991માં પપ્પાની બદલી થતાં અમે સૌ પાલનપુર ગયાં. બા-બાપુજી ફરી એકલાં. 1991માં અમને નાનાભાઈની ભેટ મળેલી. એનું નામ હર્ષ. લાડથી સૌ લાલુ કહે. એનો જન્મ કડી ખાતે થયેલો. બાપુજીને નૅશનલ અવૉર્ડ મળ્યો. દિલ્હીથી પરત આવતાં એ પાલનપુર ઊતરી ગયેલા. એ સન્માનિત થઈને આવ્યા એનો અમને આનંદ અને ગૌરવ હતું. ગુજરાતના સન્માનિત શિક્ષકો અને આચાર્યોનાં નામ સમાચારપત્રોમાં આવતાં. બાપુજીનું નામ મનુભાઈને બદલે જનુભાઈ છપાયેલું. બાપુજી ઘરમાં પ્રવેશ્યાને ચાર વર્ષનો લાલુ ‘જનુભાઈ આવ્યા’ કહી કૂદવા લાગેલો! અવૉર્ડની ખુશી એમણે સૌ પહેલાં અમારી વચ્ચે વહેંચેલી.

સમય બદલાયો, યુવાકાળ શરૂ થયો અને વાતો બદલાતી થઈ. જીવનના ચલચિત્રનો પડદો વિશાળ થયો. જીવનમાં મિત્રો સહિત ઘણાં પાત્રો ઉમેરાયાં; પરંતુ મુખ્ય પાત્ર તો બાપુજી જ રહ્યા. 1993માં અમારાં દાદી ચંચળબા સદ્ગત થયાં. 1998માં પુષ્પાબાને કૅન્સર થયું. એ વખતે નવી આશાના સંગમાં સૌ ફરી ભેગાં થયાં. બાપુજી સાથે રહેવાનો ફરી મોકો મળ્યો. બાળપણથી જ વાંચવાનું, વિચારવાનું અને ડાઇનિંગ ટેબલ ગોષ્ઠી વધારે રહી. ‘જનકલ્યાણ’, ‘ભૂમિપુત્ર’, ‘નવનીત સમર્પણ’, ‘કુમાર’, ‘નવચેતન’ અને ‘‘અખંડ આનંદ’ વગેરે અમારી આજુબાજુ. બાપુજી અને પપ્પાના લીધે કવિઓ, લેખકો, વિચારકો અને સમાજસેવકોની અમારા ઘરમાં આવનજાવન રહેતી. અમારું કુટુંબ પણ વિશાળ. વડીલોનો ડાયરો જામે. બાપુજી એમાં રંગત લાવે. અમારું ઘર ઘણી વાર શિબિર-આશ્રમ જેવું લાગતું!

બા અને બાપુજી આજીવન સૂર્યોદય પહેલાં ઊઠ્યાં છે. અમારી સવાર આકાશવાણીની સિગ્નેચર ટ્યૂન સાથે થતી. બાપુજીને રેડિયો પ્રિય. સવારે પ્રસારિત ગાંધીવાણી અને વંદના કાર્યક્રમો અમોએ પણ માણ્યા છે. બાપુજી સવારે ડાઇનિંગ ટેબલ પર બેસે ત્યારે ચા, રોટલો, માખણ, રેડિયો અને છાપું એમનાં સાથી! આમ તો વિવિધ ભારતી અમારું ગમતું સ્ટેશન. મને પણ રેડિયો અતિપ્રિય. રાત્રે એ મારા ઓશીકે રહેતો! અમારા પપ્પાને પણ રેડિયો પસંદ. રેડિયો કલેક્શનનો એમને શોખ. જ્યાં મળે ત્યાંથી જૂના રેડિયો લઈ આવે!

હું અભ્યાસમાં મધ્યમ. ઇતર પ્રવૃત્તિઓમાં રસ. પોશાકથી પાર્ટી, બાપુજીનો પૂરો

સહકાર રહેતો. મમ્મી-પપ્પાની નારાજગી વખતે એ અમારી ઢાલ બની ઊભા રહે. આંધી શમે પછી ઉદાહરણો સાથે સમજાવે. આજે પણ એ અમારા પક્ષે જ હોય! અમારા શોખ અને જરૂરિયાતોને સમજે. રેંકડી અને રેસ્ટોરન્ટમાં લઈ જઈને અમારી ઇચ્છાઓ તૃપ્ત કરતા. આઇસક્રીમ ને બરફગોળા પણ ખવડાવે.

બાપુજીનું સ્વચ્છ, નિર્મળ, પ્રમાણિક, પવિત્ર અને દયાળુ જીવન એક મિશાલ છે. ઘણી જગ્યાએ એમના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ મળી જાય અને અહોભાવથી વંદન કરે. શિક્ષકો, અધ્યાપકોનું આ જ તો ઉપાર્જન છે. પૈસાને જીવનમાં કેટલું મહત્ત્વ આપવું એ બાપુજી બરાબર જાણે છે. પરિવારમાં પૈસાની રેલમછેલ નહીં ને તંગી પણ નહીં. બાપુજીના જીવનમાં પૈસાનો સદ્ઉપયોગ જ જોયો છે. ખર્ચમાં કરકસર, ત્રેવડ ત્રીજો ભાઈ એવું કહે. દાન દક્ષિણા માટે મન મોટું. સમયના લય સાથે જીવન વ્યતીત કર્યું ને કરે છે. હું વ્યવસાયે બૅન્કર છું. બાપુજીના નાણાકીય આયોજનથી બહુ પ્રભાવિત છું.

દીકરીઓ તરીકે જીવનઘડતરનો કાળ જલદી પૂરો થઈ જતો હોય છે ને હાથે મહેંદી મુકાઈ જાય! લગ્ન પછી હું અમેરિકા સેટલ થઈ. નવજીવનના અઘરા સમયમાં એમની ટપાલની હૂંફ રહી. પત્રમાં મમતા અને મલમ હોય. એનાથી શક્તિ મળતી.

બાપુજી વિશ્વંભરી સ્તુતિ અને દુઃખહર્તા ભયત્રાતા, આનંદના દાતા પ્રભુ બંને બહુ સુંદર રાગમાં ગાય. ઈશ્વર પર એમને અતૂટ શ્રદ્ધા. બાપુજી હંમેશાં કહે, ‘‘પ્રભુમાં શ્રદ્ધા રાખવી અને પ્રાર્થનાનો નિયમ પાંગરવા દેવો. સુખમાં છકી ન જવું ને દુઃખમાં ડગી ન જવું. બીજાની ખુશીમાં જ આપણી ખુશી.’’ હવે ટપાલનો જમાનો ગયો. વીડિયોકૉલ સુધી આપણે પહોંચ્યાં. સવાર-સાંજ બાપુજી ફેસટાઇમ પર સૌનાં ખબર-અંતર પૂછે. ગામના સમાચાર પણ આપે. અમારાં બાળકોને પણ એમની ભાષામાં બોધપાઠ આપે. અમારી ગૂંચવણોનો ઉકેલ પણ એમની અનુભવ થકી સલાહમાં મળી રહે ને નવી આશા જન્માવે.

કડી અને પાટણનું ઘર બાપુજી સાથે વીતેલા આનંદના ફુવારાઓનું સાક્ષી હતું. બાળકોનો સુંદર વારસો સ્મૃતિઓનો હોય છે. મોટા થયા પછી એ સ્મૃતિઓ ભવિષ્યની પગદંડીઓ બનતી હોય છે. કહેવા માટે તો એ બાપુજી છે, પરંતુ એમણે કુટુંબને માની મમતા અને પિતાનું છત્ર પૂરું પાડ્યું છે.

●

# અમારા બાપુજી !

■ કૃપાલિ (મુન્ની) મહેન્દ્ર પટેલ

'મુનિયા' નામનો ટહુકો કાનમાં ગુંજતો રહે છે! મારું લાડકું નામ મુન્ની. એમાં પણ લાડ ઉમેરીને બાપુજીનો સાદ પડે, 'મુનિયા'. મનુદાદા એટલે અમારા 'બાપુજી'. હું કૃપાલિ, મનુભાઈના લઘુબંધુ મહેન્દ્રભાઈની નાની દીકરી. આજે પણ બાપુજીના મુખે 'મુનિયા' નીકળે તો હું ખુશીથી ઝૂમી ઊઠું છું! અમારી વચ્ચે સંવાદ થાય અને બાપુજી ખુશ થાય તો એમના મુખે નીકળતું 'મુનિયા મુનિયા'.

બાપુજીના વ્યક્તિત્વની અસરો અમારા સૌ પર પડી છે. એમના સદ્‌ગુણો ને એમનો ક્ષણિક ગુસ્સો પણ! પપ્પામાં પણ ઊભરા જેવો ગુસ્સો અને મારામાં પણ ક્ષણિક. પપ્પાને બાળપણમાં હાથ ઉપાડતા જોયા છે, સિનેમેટીક, ફક્ત ઍક્શનમાં. હાથ ક્યારેય અમને સ્પર્શ્યો નથી! સ્નેહનો સ્પર્શ કાયમી રહ્યો છે.

બાપુજી સાથેના અમારા બાળપણના અનુભવો મારી મોટી બેન કિન્નરીએ આલેખ્યા છે. મારી પાસે પણ બાપુજીનાં ઘણાં અલગ સંસ્મરણો છે. કિન્નરી બા-બાપુજી પાસે રહેવા ગયેલી, એટલે મમ્મી-પપ્પાનો એના ભાગનો સ્નેહ મને મળેલો. હું એમની 'લાડકી.' અમારાં કુટુંબીજનો કહેતાં, 'મુન્ની તો મહેશભાઈ માટે લાખોમાં એક!'

હું બાળપણથી જ તર્ક સાથે દલીલ કરું. બાપુજી મારી દલીલો માર્મિક હાસ્ય સાથે માણે. પપ્પાને મને વકીલ બનાવવાની ઇચ્છા, પણ મને એમાં રસ નહીં. બાપુજીને હું દાક્તર બનું એમાં ખુશી! અમારા ઘરમાં સૌ લાગણીશીલ. મોટા ભાગના નિર્ણયોમાં લાગણીનું પ્રભુત્વ રહેતું, તર્ક અને વાસ્તવિકતા બાજુએ રહેતાં! પ્રેમ અને કરુણા, બાપુજીનાં આભૂષણો. એ અમારાં પણ સાથી. દાક્તર તો ન બની શકી, પેરામેડિકલ ફિલ્ડમાં ખરી. દેશમાં MSc કર્યું. અહીં આવી ન્યુક્લિયર મેડિસીન કર્યું. દર્દીઓ સાથે રોજનો નાતો. બાપુજીની રોજની શીખ, 'દર્દીઓને પ્રેમ અને હૂંફ આપવામાં ઉદારતા રાખવાની. એમની સારવારમાં ચોકસાઈ રહેવી જોઈએ.'

બા કૅન્સરગ્રસ્ત થયાં ને અમે સૌ પાટણ ખાતે ફરી એક જ માળામાં. બાનું બાપુજી પ્રતિ સંપૂર્ણ સમર્પણ હતું. બાપુજી બાની સેવા કરતા. બાપુજીને કંઈ જરૂરિયાત હોય કે ચીજવસ્તુ જોઈએ તો ટહુકો કરે, મુનિયા નીચે આવ તો! હું અધવચ્ચે દાદર પર ઊભી રહુંને પૂછું, બોલો બાપુજી. કહે, ઉપરથી ....... લઈ આવ! હું કહું, ''બાપુજી સીધું કહી શક્યા હોત. ઉપરથી ....... લઈ આવ. મારે બે વાર ઉપર નીચે કરવું ન પડે. તમને સેવકભાઈઓ મળેલા. એમનું શું થયું હશે!'' મરક-મરક સ્મિત સાથે કહે, ''વાહ મુનિયા વાહ!''

બાપુજીનો પહેરવેશ સફેદ સુતરાઉ ખાદીનો. બા એમનાં કપડાંની કાળજી રાખે. "દૂધ

सी सफ़ेदी टीनोपल से आए!" બાએ પુષ્કળ ટીનોપલ વાપરી બાપુજીનાં કપડાં સફેદ રાખ્યાં ને સાથે-સાથે જીવ્યાં ત્યાં સુધી બાપુજીના જીવનની ચમક પણ જાળવી રાખેલી. આજે પણ ટીનોપલ વેચતા ભાઈના વંશજો બાપુજીને શોધતા આવે છે! ટીનોપલની ગુણવત્તા સારી કે ખરાબ, વેચનાર જાણે. અમે બાપુજીને કહીએ, આ અસલ નહીં હોય. રહેવા દો જરૂર નથી. બાપુજી કહે, 'કેટલી આશા સાથે આવ્યો છે. લઈ લો. એને પણ સંતોષ થશે.' એ ભાઈ છેક બાવળાથી ચાણસ્મા આવતા!

બાપુજી અહીં આવે ને અમે પેન્ટ-શર્ટ અને શૂટ પહેરાવીએ, એમાં પણ એ પ્રભાવી લાગે! સૌ પ્રત્યે સ્નેહ. કહે, 'માણસને એની મર્યાદા સાથે જ સ્વીકારવો.' ચાણસ્મામાં કોઈની ખબર કાઢવા જાય તો આર્થિક પરિસ્થિતિ નબળી હોય તો ખબર ન પડે એ રીતે ઓશીકે બસો-ત્રણસો મૂકતા આવે. એમના ધ્યાનમાં આવે તો જરૂરિયાતમંદોના ત્યાં સીધુ પણ પહોંચાડે. એનો કોઈ શોર નહીં કે પ્રચાર નહીં. અમારા ત્યાં ડિજિટલ બી. પી. મોનિટર. આજુબાજુની વૃદ્ધ માજીઓ પૈસા ખર્ચી દાક્તર પાસે ન જાય. મનુકાકા કરતાં-કરતાં ઘરે આવે. BP માપી આપે. કોઈ ચાલવામાં અશક્ત હોય અને કહેવડાવે તો થેલીમાં બી. પી. મોનિટર લઈ નીકળી પડે!

બાપુજીને ફરસાણ ગમે. એના બંધાણી નહીં. ઘરમાં બને તો એમને પસંદ. પાણીપૂરી અને દહીંવડાં બહુ પસંદ. મહેમાન આવવાના હોય તો જાતે બજારમાં જાય અને ખમણ કે પાતરાં લઈ આવે. અમે સૌ આવવાનાં હોઈએ એ પહેલાં નાસ્તા અને મીઠાઈથી ડબ્બાઓ ભરી દે. પાટણ જવાનું થાય ત્યારે એ 'આનંદ'ના ગોટા જરૂરથી આરોગે. પાટણ ખાતે રહેતાં ત્યારે અમને પણ ક્યારેક 'રસસંગમ'માં લઈ જતા. મહેસાણા ખાતે સ્વામીનારાયણ મંદિરનું 'પ્રેમવતી ઉપહારગૃહ' એમની પસંદ. એમની સાથે મુસાફરી કરીએ તો આપણે ભૂખ્યાં ન રહીએ ને ઘાટ-ઘાટનું માણવા મળે!

સાંજે અઠવાડિયાંમાં એકાદ વાર એમને મગ-ભાત અને છૂટું ગમે. કાચી કેરી અને ડુંગળીનું કચૂંબર એમને બહુ પસંદ. કાચી કેરી બજારમાં આવે એટલી જ વાર. બા બનાવે અને નાની ડબ્બીમાં બાપુજી માટે ભરી રાખે! ચા એમને કડક મીઠી જોઈએ. પપ્પા એકલા એમની સાથે હોય ત્યારે સવારે પપ્પાની ચા પણ બનાવી રાખે! ખારીસિંગ પણ પ્રિય. સાંજે ટી.વી. જોતાં આરોગે. ખાખરા સાથે સિંગદાણાની ચટણી બહુ પસંદ. બા આ ચટણી બહુ સરસ બનાવતાં.

રોજ સવાર-સાંજ બાપુજી ફેસટાઇમ પર આવે. બાળકોને જુએ. અમારી સાથે વાતો કરે. ત્યાંથી સવારે ફોન કરે ત્યારે ઘર ચકલીઓના કલરવથી ગુંજતું હોય. બાપુજીનાં પંખીઓ તો હજારો માઈલ દૂર! ફોન નહોતા ત્યારે બાપુજીનાં પોસ્ટકાર્ડ આવતાં. એ પોસ્ટકાર્ડ બીજું ન આવે ત્યાં સુધી વારંવાર વાંચતાં!

``चित्रकूट के घाट पर, भई संतन की भीर,
तुलसीदास चंदन घिसे, तिलक करे रघुवीर ।"

અમારા એ રામ, રઘુવીર. એમણે અમને અને એમનાં સંપર્કમાં આવનાર સૌને તિલક કર્યાં છે! સંસ્મરણોનો સમુદ્ર છે, આ તો થોડું આચમન કર્યું.

•

# મારા મોટા સસરા: સ્નેહનું વટવૃક્ષ

■ રિયા હર્ષ મહેન્દ્ર પટેલ

મનુભાઈ, અમારા બાપુજી. સંબંધે મારા મોટા સસરા. 2018માં હું ઘરની સદસ્ય બની. જે મેં જોયું, અનુભવ્યું અને પરિવારના સભ્યોએ મને જે ઓળખાણ આપી એમાં બાપુજી ઘરનું મૂળ અને થડ. ઘરના બાકી બધા સભ્યો એ ઘટાદાર વટવૃક્ષની નાની-નાની વડવાઈઓ. ઘરનાં સર્વે સભ્યો પ્રેરણાનું પોષણ એમના મૂળમાંથી લઈ રહ્યાં છે એમ લાગે! મને પણ એ વટવૃક્ષની એક વડવાઈ બનવાનું સદ્‌ભાગ્ય મળ્યું એ મારી કંઈક સારી કમાણી!

બાપુજી, જેમનામાં દુનિયાએ શ્રેષ્ઠ શિક્ષક અને વ્યક્તિત્વ જોયું હશે એમની કૃપાપાત્ર બનવાના મને સવિશેષ અવસરો મળેલા છે. મારા હર્ષ સાથેના સગપણમાં એમના વિશેષ આશીર્વાદ અને પ્રેમ મને મળ્યા છે. મમ્મી-પપ્પા (મારાં સાસુ-સસરા પન્નાબેન અને મહેશભાઈ)ની ગેરહાજરીમાં નવું ઘર નવું ન લાગે એ માટે સાવ સહજતાથી ઘરમાં આવકાર આપવાની વાત હોય કે USAમાં મારા ઉચ્ચ શિક્ષણના સમયમાં લગભગ દરરોજ મારી સાથે સતત કલાકો વાત કરીને મને હિંમત અને હૂંફ આપ્યાં છે. મારા અભ્યાસ અંગેની સૂક્ષ્મ માહિતીઓ વિગતે જાણીને, મને જીવનના શ્રેષ્ઠ પાઠો અને શિખામણો, એ પછી વિદ્યાર્થી અવસ્થામાં કેમ રહેવું એ વિશેના હોય કે નવા ઘરમાં પ્રવેશ કરતી વહુની મન:સ્થિતિના હોય, બાપુજી અમારા જીવનના નવા અધ્યાયનો પાયો ઘડવામાં અને સતત અમારી પ્રગતિ માટે પ્રેરણાસ્રોત બની રહેવામાં પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે સતત હાજર રહ્યાં છે અને એ મારું અહોભાગ્ય!

બાપુજીનો પ્રેમ ઘરના દરેક નાનાં ભૂલકાંને દૂર રહીને પણ મળતો રહ્યો છે. કેનેડા, કેન્યા, અમેરિકા અને અમદાવાદ બધાં છોકરાંઓનાં સમય સંજોગની ખબર બાપુજીને હોય! બાપુજીનો વ્યાપક સ્નેહ અને લાગણી એમની વાતો, ચિંતા વ્યવહારમાં દેખાય.

બાપુજીના વિચાર, વ્યક્તિત્વ, આચરણ અને પ્રેમની વ્યાપકતા એ સીમિત વર્ણનમાં કંડારી શકાય એમ નથી. એ પણ ખરું કે આ વૃક્ષની જેણે ક્યારેય છાયા લીધી હોય એને જીવનનાં અણમોલ મોતીઓ વૃક્ષના ફળરૂપે ચોક્કસ માણવા મળ્યાં હોવાં જોઈએ!

●

# Mara Dada (Mota Dada)

■ **Rishva Ujjwal Patel**

I still remember the days spent in Kadi, when Dada would take me with him during his evening walks on the campus. Walking beside him and holding his hand made me feel so proud especially when people passing by addressed him and said "Namaste Saheb" even though I was so young. I carry the same sense of pride today in any conversation during which his name comes up. I feel so honored to be his granddaughter.

His wisdom, hard work and immense sense of situation is commendable. I have always seen him listening to our problems without any judgements and giving us direction in the toughest situation like a smooth sail. He has always thought us to be though and never give up in any situation. He always says believe in yourself and all will fall in place by itself.

Thank you for setting an extraordinary example from which we can learn the values of being true to ourselves, helping others around us and to never stop learning. As times changed, you incorporated new ideas with your core values so beautifully that it created the foundation we can always trust as family. We will forever be proud of this foundation.

●

# My Biggest cheerleader - Mara Dada

■ Devanshi Patel

Most people call him Saheb, but for me, he is my Mota Dada. As my biggest cheerleader, he is always there to provide the most valuable advice when needed, guide us towards the righteous path and to love us unconditionally.

One of the most insightful advice I received from Dada was to "listen to everyone but do what feels right for you, always"

In many situations, I revert back to this when too many thoughts and opinions are put in front of me, I truly focus on what my inner voice is saying, all thanks to my Dada!

Thank you for all that you have given our community and family. The life you are leading, one filled with integrity, passion and dedication will forever be our biggest gift from you.

●

---

આચાર્યની સાચી શક્તિનો પાયો અધ્યાપકગણનો અધ્યાપનકાર્યમાં પૂરો સહકાર અને વિદ્યાર્થીગણનો સ્વાભાવિક આદર મેળવવો એ છે. અધ્યાપકગણને આચાર્ય એ ખરા અર્થના પ્રતિનિધિ છે, વ્યવસ્થાપકમંડળના માત્ર આડતિયા નથી – એવી પ્રતીતિ થાય તો જ તેઓને આચાર્ય પ્રત્યે આદર ને સહકારની ભાવના ઉત્પન્ન થાય.

✳

ચારિત્ર્યવાન અને કુશળ શિક્ષક હંમેશાં વિદ્યાર્થીઓનો આદરપાત્ર બને છે.

**અમૃતલાલ યાજ્ઞિક**

---

# પરમ પૂજ્ય મામા અમારા ઘડતરના ઘડવૈયા

■ મનીષ છનાલાલ પટેલ

પૂજ્ય મામા મનુભાઈનાં બહેન લક્ષ્મીબેન અમારાં મમ્મી. અમે ચાર ભાઈઓ. અમારું વતન ગોઝારિયા. અમારું સંયુકત કુટુંબ હતું. અમારા ભણતર અને ઘડતરની ચિંતા પૂજ્ય મામાને રહેતી. આઠમા ધોરણમાં આવ્યા ને અમે ત્રણ ભાઈઓને મામા એમની પાસે લઈ ગયા. નૈનેશભાઈ, ચંદ્રેશભાઈ અને હું (મનીષ). સૌ પહેલાં નૈનેશભાઈ સિપોર ખાતે મામા પાસે ગયા. એ ત્યાંથી નીકળ્યા ને ચંદ્રેશભાઈ ગયા. ચંદ્રેશભાઈ પછી હું ગયો.

અમને ત્રણેને ભણવામાં રસ ઓછો ને તોફાનમાં વધારે. ભણવામાં તો અમે ત્રણે મધ્યમ રહેલા. મામા પાસે શિસ્ત, સત્ય, સંસ્કાર અને નીતિના પાઠ શીખવા મળ્યા. જીવનમાં એ શિક્ષણ ઘણું ખપમાં આવ્યું. મામા કડક અને શિસ્તના આગ્રહી.

એક વખતે હું પણ તોફાનમાં ભાગીદાર બન્યો હતો. નિશાળમાં રિસેસ સમયે છોકરીઓએ ખમણની પાર્ટી રાખેલી. અમોએ એમને ચીડવવા ગામની ભીંત પર 'ખમણ ખમણ' ચીતરેલું. વાત સ્કૂલમાં મામા પાસે ગઈ. સૌને આચાર્ય સાહેબનું કહેણ આવ્યું. એમની ઑફિસમાં સૌ લાઇનબંધ ઊભા થઈ ગયા. એમાં સૌ પહેલાં મારો વારો આવ્યો. અમને સૌને ડોલ પોતાં સાથે દીવાલો સાફ કરવા મોકલેલા!

સ્કૂલથી ઘરે કે ઘરેથી સ્કૂલે જવા નીકળે તો રસ્તે વિદ્યાર્થીઓ છુપાઈ જતા. કડકાઈની છાપ સાથે કરુણા પણ એટલી જ. એ કહેતા, 'એક આંખમાં પ્રેમ અને કરુણા અને બીજી આંખમાં શિસ્ત માટે કડકાઈ ભરી દૃષ્ટિ જોઈએ.' મને વહેલી સવારે વાંચવા ઉઠાડે ત્યારે ચા જાતે બનાવે અને પિવડાવે! સિપોરથી સર્વ વિદ્યાલય, કડી ગયા ત્યારે હું પણ સાથે જ. એ વખતે હું બારમા ધોરણમાં. એમની માસીનાં દીકરીના દીકરા સંજયભાઈ અને એમનાં દીકરી (રેણુકાબેન)ના દિયર હિતેશભાઈ પણ બારમા ધોરણમાં મારી સાથે મામાના ઘરે. અમે ત્રણે હટ્ટાકટ્ટા. અમારાં મામી થાક્યા વગર ગરમ રોટલીઓ ખવડાવતાં.

અમોએ 1991માં ટહુકો હોટેલ સ્થાપિત કરેલી. હું સંભાળું છું. એમના ઘણા જૂના વિદ્યાર્થીઓ હોટેલ પર આવે તો મામાને આદર સાથે યાદ કરતાં કહેતા હોય છે, 'મનુભાઈ સાહેબ પાસેથી જિંદગીના પાઠ શીખવા મળેલા. એ શિક્ષણના સહારે જીવનમાં ઘણું પામ્યા છીએ.' એક શિક્ષક માટે આનાથી મોટું ગૌરવ કયું?

પૂજ્ય મામા ફોનથી અમારી સૌની ખબર લેતા રહે છે. મમ્મી થોડા સમય પહેલાં જ સ્વર્ગવાસી થયાં. મમ્મી-પપ્પા સાથે મામા રોજ વાતો કરતા. આજે પણ પપ્પા સાથે એમનો સંપર્ક જીવંત છે.

•

# દાદા અમારી દીવાદાંડી !

■ અની બ્રિમલ પટેલ

**મુગ્ધાવસ્થાથી યુવાનીની ઉંબરે** પગ મૂક્યો ત્યાં સુધી દાદા અને બાના સહવાસમાં રહેવાનું સોણલું સંભારણું હંમેશાં જીવનની મહામૂલ્ય મૂડી બની રહેશે. બીજા ધોરણથી દસમા ધોરણ સુધી બા અને દાદા સાથે વિતાવેલાં વર્ષોએ મારાં જીવનઘડતરની ઇમારતના પાયા એટલા મજબૂત કરી આપ્યા છે કે આજે મારા સંતાનોને એમની શીખવેલી કેળવણી પ્રમાણે ઉછેરવાનો પ્રયત્ન કરું છું. દાદા પાસેથી શીખેલી સવાર અને સાંજની પ્રાર્થના આજે પણ એ જ ક્રમમાં બોલું છું અને મારા સંતાનોને પણ શિખવાડું છું. દાદાના જીવનના આટલા બધા કડવા અને મીઠા અનુભવો હોવા છતાં હંમેશાં જે પ્રમાણે પ્રેમની સરવાણી એમણે વરસાવી છે એ અમારી નવી પેઢીએ એમની પાસેથી શીખવું રહ્યું! દાદાની ધનતેરસના સિક્કા જેવી મહામૂલી શિખામણો હંમેશાં જીવનમાં દીવાદાંડીનું કામ કરે છે. સ્વ માટે જીવતી દુનિયામાં દાદાએ સ્વની પરવા કર્યા વગર પરિવાર માટે પોતાની જાત ખર્ચી નાંખી અને સાચા અર્થમાં પરિવાર સભ્યોને મોતીની માળાની જેમ એક તાંતણે પરોવી રાખ્યા છે. મોતી ગમે તેટલાં મોંઘાં હોય, પણ તાંતણે પરોવાયાં વગર કદી માળા નથી બની શકતી. વૃક્ષની ડાળીઓ ગમે તેટલી ઘટાદાર થાય, પણ થડમાંથી સિંચન ના થાય તો ગમે તેવું વૃક્ષ સુકાઈ જાય છે. દાદાએ જે પ્રમાણે આખા પરિવારનું એક માળીની જેમ ઘડતર અને સિંચન કર્યું અને અમને બધાંને આ મુકામ પાર પહોંચવાને લાયક બનાવ્યા એના માટે બધો શ્રેય દાદાને આપવો ઘટે.

પરમાત્માનો ખૂબ-ખૂબ આભાર કે મને આ પરિવારમાં જન્મ મળ્યો અને એક જ પ્રાર્થના કે દાદાનો પ્રેમ હરહંમેશ મળતો રહે. પ્રભુ દાદાને હંમેશાં સારું, સ્વાસ્થ્ય અને તંદુરસ્ત જીવન પ્રદાન કરે એવી શુભેચ્છાઓ.

●

# મનુપ્રસાદઃ અનોખા સ્નેહી-સગા !

■ કુ. ઇન્દુબેન પ્રહ્‌લાદભાઈ પટેલ

અમારા સ્નેહી સ્વજન સગા એટલે મનુપ્રસાદ. 1979માં અમારી નાની બહેન પન્નાનું સગપણ એમના નાના ભાઈ મહેશકુમાર સાથે થયેલું ત્યારથી અમારો સ્નેહી વેવાઈ સંબંધ જોડાયેલો રહ્યો છે.

આ વિશ્વધરાના રંગમંચ પરના નાટકમાં પરમાત્માએ મનુભાઈને અનોખો પાઠ ભજવવા મોકલ્યા છે. તેઓશ્રી વિચારશીલ, સંનિષ્ઠ, દીર્ઘદ્રષ્ટા આચાર્ય અને કેળવણીકાર રહ્યા છે. એમની સેવાઓની ફળશ્રુતિ એટલે આજનો અભિવાદનગ્રંથ.

મનુપ્રસાદનો સગાં-સંબંધીઓ પ્રત્યે ઉષ્માભર્યો સ્નેહ વહેતો રહ્યો છે. અમારા પૂજ્ય બાપુજી સ્વ. પ્રહ્‌લાદભાઈ રામદાસ 99 વર્ષની જીવનયાત્રાના અંતિમ માસમાં એક સવારે બ્રાહ્મ મુહૂર્તમાં ઊઠીને કહે છે, “મારે હવે પરમધામ જવાનો સમય આવી ગયો છે, એટલે સંબંધીઓને મળવું છે.” મેં પૂછ્યું, પહેલાં કયા સંબંધીને મળીશું ? એમનો જવાબ હતો, “મનુપ્રસાદને !” અમોએ મનુપ્રસાદને વૉટ્સએપ વીડિયોકૉલ કર્યો. મનુપ્રસાદનો ચહેરો જોતાં જ એમના મુખમાંથી શબ્દો નીકળ્યા, “મનુપ્રસાદ ! તમે અમારા જીવનમાં ઉજ્જ્વળ સગા મળ્યા તેથી અમારું જીવન અને કુટુંબ પણ ઉજ્જવળ થયું. તમારો ખૂબ પ્રેમ અને હૂંફ એક સ્નેહી-સગાં તરીકે મળ્યાં છે તેથી હું તો ધન્ય થયો છું.” આટલી વાત પૂરી થતાંની સાથે જ બાપાની આંખમાં આંસુ હતાં. મેં પૂછ્યું, બાપા, આ આંસુ કેમ ? કહે, આ તો મનુપ્રસાદ સાથેનાં પ્રેમનાં આંસુ છે. આ આંસુ અમારા બંનેના પ્રેમભાવ લાગણીનાં છે.

પૂજ્ય બાપા, એમની દીકરી પન્ના અને જમાઈ મહેશકુમાર પહેલાં મનુપ્રસાદને યાદ કરતા હતા. તેઓ કહેતા, “આવાં સારાં સગાં થકી તો આપણી દીકરી અને જમાઈ સૌ કુશળ છે.” પૂજ્ય બાપા આટલું સન્માન વેવાઈ તરીકે મનુપ્રસાદને આપતા હતા. એમના પરિવારની કાળજી એમણે રાખી. સૌ એમના માળામાં સારી રીતે ગોઠવાયાં છે. એમનાં બહેન કાન્તાબેન શારીરિક માનસિક અપંગ. ખુદની જૈફ વયે પણ બહેનની સેવા આનંદ રમૂજ સાથે કરી રહ્યા છે. જોકે ભાઈ અને દીકરો અમેરિકા અને કૅનેડાથી આવીને સાથે રહે છે. હાલના સદ્‌ગૃહસ્થ અને ગૃહિણીઓને ઘરડાં મા-બાપ, વિકલાંગ ભાઈ-બહેન, પુત્ર, પતિ-પત્ની માટે આપણી શી ફરજ છે તે પોતાના જીવંત ઉદાહરણથી દર્શાવે છે.

86 વરસની વયે પણ ક્યારેય એકલતા કે નિરાશા એમનામાં જોવા મળ્યાં નથી, સ્થિતપ્રજ્ઞ છે. પોતે નીડર છતાંય કોમળ હૃદયના લાગણીશીલ વ્યક્તિ છે. દરેક વયની વ્યક્તિ સાથે કેમ વાત કરવી એ જાણે છે. સમાજ અને સરકારે એમની પ્રતિભાને બિરદાવી છે. હવે નવી પેઢીને આગળ કરી પોતે પીઠબળ બની રહે છે. વ્યક્તિના

વિશિષ્ઠ ગુણોને પારખી યોગ્ય સ્થાને ફરજ, સેવા સોંપવાની ગજબની શક્તિ એમનામાં છે. નિયમ, કાયદા અને શિસ્તપાલનનું પણ હળવાશથી દર્શન કરાવી દે!

આત્માના દિવ્ય ગુણો પવિત્રતા, પ્રેમ, જ્ઞાન, સુખ, શાંતિ, શક્તિ અને આનંદ છે. મનુપ્રસાદના સંસ્કારમાં દિવ્યતા, કર્મમાં શ્રેષ્ઠતા, સત્યતા અને પ્રામાણિકતા છે. વાણીમાં મધુરતા, હર્ષિત મુખતા, સંતુષ્ટતા, ધીરજ અને ઉદારતા જેવા દિવ્ય ગુણોનો ગુલદસ્તો એટલે મનુપ્રસાદ. આ ગુલદસ્તાની સુવાસ સંસારમાં ફેલાઈ રહી છે. મને પણ શ્રી મનુભાઈ મોટાભાઈના ભ્રાતૃભાવથી સ્પર્શી ગયા છે. સામાજિક, શૈક્ષણિક, રાજકીય, ધાર્મિક સેવા માટે એમના જીવનના નીચોડના અનુભવોથી માર્ગદર્શન અને વિચાર-વિમર્શ કરવાની અમૂલ્ય તકો મળી છે એને હું મારું અહોભાગ્ય સમજું છું. અમને એમની સાથે વિચાર-વિમર્શની તકો મળતી રહે એવી આશા સહ એમની નિરામયતા માટે પ્રભુ પ્રાર્થના.

●

---

*ભ્રષ્ટાચાર નિર્મૂળ કરવામાં ફક્ત ત્રણ જ જણ ઉપયોગી થાય: પિતા, માતા અને પ્રાથમિક શાળાનો શિક્ષક.*

✳

*સારા શિક્ષકને વિદ્યાર્થીઓ પ્રત્યે સ્નેહ હોવો જોઈએ. એને 'ભણાવવું' ગમવું જોઈએ. વિદ્યાર્થીને નવું નવું શીખવાની પ્રેરણા આપવી, એનામાં સર્જકતાનો દીવો પ્રગટાવવો – એ શિક્ષકનું ધ્યેય હોવું જોઈએ. એણે વિદ્યાર્થીને આજીવન સ્વયંશિક્ષિત બનાવવાની કોશિશ કરવી જોઈએ.*

✳

*શિક્ષકોએ બેવડી જવાબદારી નિભાવવાની છે: બાળકને ભણાવવા ઉપરાંત એમણે એમના માટે આદર્શ બની રહેવાનું છે. આવો આદર્શ રજૂ કરનાર ઉમદા વ્યક્તિ હોય તે પાયાની જરૂરિયાત છે. બાળકમાંથી શ્રેષ્ઠ નાગરિક બનાવી શકે તે જ સાચો શિક્ષક.*

**એ. પી. જે. અબ્દુલ કલામ**

---

# અમારા આદરણીય મનુકાકા

■ **રતિલાલ(રતુભાઈ) જે. પટેલ, (રાંધેજા)**

મનુકાકા અમારા વેવાઈ મહેશભાઈના મોટાભાઈ. સંબંધમાં અમારા મોટા વેવાઈ કહેવાય. મહેશભાઈની દીકરી કૃપાલિ(મુન્ની) અમારી પુત્રવધૂ. એનાં લગ્ન 2006માં થયેલાં. મનુકાકાના ઘર સાથેનો અમારો સંબંધ લગભગ છ દાયકા જૂનો. મારા મોટાભાઈ પૂજ્ય અમૃતભાઈનાં લગ્ન મનુકાકાના પિતરાઈ ભાઈ સ્વ. શંભુપ્રસાદનાં બીજા નંબરનાં દીકરી સવિતાબેન સાથે (1966) થયેલાં. એ પછી અમારા બંને કુટુંબોને પ્રસંગોપાત્ત મળવાનું વધ્યું. અમારાં સ્વર્ગીય પૂ. શાંતાબા તો એમના કુટુંબને આ પહેલાંથી ઓળખતાં. મારા ભાઈ (અમૃતભાઈ) અને ભાભી (સવિતાબેન)નો સંબંધ મનુકાકાના પિતાજી સ્વ. જેકીશનદાસ દ્વારા ગોઠવાયેલો. ચાણસ્માનગર એમને જેકાભા કહેતું. એમની પેઢી ટૂંકી એટલે એ ગામના ભા (દાદા). અમે લોકો પણ એમને જેકાભા કહેતા.

અમૃતભાઈનાં લગ્ન પછી જેકાભા ઘણી વાર અમારા ઘરે રાંધેજા આવતા. હું એ સમયે ઉંમરે નાનો પણ મને યાદ છે, પૂ. જેકાભા કલાકો સુધી અમારાં બા-બાપુજી અને મોટાભાઈ સ્વ. ઈશ્વરભાઈ સાથે સામાજિક અને વ્યહવારિક વાતો કરતા. તેઓ અમારા આખા પાનસરા કુટુંબના દરેક ઘરના સમાચાર પૂછતા અને જ્યાં જરૂર લાગે ત્યાં બધાને સલાહ-સૂચન પણ આપતા. મને યાદ છે, અમારા બાજુના મહોલ્લામાં રહેતાં એક બ્રાહ્મણ બેનની ડિવોર્સ સુધી પહોંચેલી વાત પૂ. જેકાભાએ પાટે ચડાવેલી અને એમનું લગ્નજીવન ફરી નવપલ્લિત થયેલું. પૂ. જેકાભાનું એમના સમાજમાં પ્રતિષ્ઠિત નામ હતું. એમના હસ્તે ઘણા સંબંધો જોડાયેલા અને ઘણા તૂટતાં બચેલા.

શ્રી મનુકાકાએ 'પિતા કરતાં પુત્ર સવાયો' તે કહેવતને સાર્થક સાબિત કરી છે. અમારાં સવિતાભાભી એમના દાદા જેકાભા અને મનુકાકાની વાતો આદર અને ગર્વથી કરતાં. મનુકાકા અમારાં ભાભીના પિતરાઈ કાકા થાય પણ એમનો કૌટુંબિક પ્રેમભાવ અને આત્મીયતા અતૂટ. અમે સૌએ એ અનુભવ્યું છે. સવિતાભાભીના મનુકાકા એટલે અમારા ભાઈબહેનોના પણ તે 'મનુકાકા.' અમારા સ્વ. પૂ. મોટાભાઈ ઈશ્વરભાઈ જે મનુકાકાના સમવયસ્ક તેઓનું સંબોધન પણ મનુકાકા જ રહેલું. મહેશભાઈ અમારા કરતાં સાતેક વર્ષ નાના. એમને પણ અમે મહેશકાકાના સંબોધનથી જ બોલાવતા. એ અમારા વેવાઈ થયા પછી એમને મહેશભાઈના સંબોધનથી બોલાવવાનું ચાલુ કર્યું !

મારા શરૂઆતના જીવનમાં હું ભાગ્યેજ મનુકાકાને મળ્યો હોઈશ. કારણ કે મારું માધ્યમિક અને કૉલેજ શિક્ષણ/કારકિર્દી મુંબઈ હોવાથી રાંધેજા વતનમાં જવાનું ઓછું થતું. વર્ષ 1979માં મારા સ્વર્ગીય ભાઈ પૂ. ઈશ્વરભાઈએ રાંધેજા ગામમાં અમૃતભાઈ

અને સવિતાભાભી અમેરિકા જવાનાં હતાં એના અનુસંધાનમાં નાનકડો કુટુંબ મેળાવડો અને વિદાય સમારંભ રાખ્યો હતો. મનુકાકાએ આ સમારંભમાં હાજરી આપેલી. મારી મનુકાકા સાથેની આ પ્રથમ વ્યક્તિગત મુલાકાત કહું તો ચાલે. મને યાદ છે, મનુકાકાએ આ પ્રસંગે ખૂબ સુંદર પ્રવચન સાથે તેમના વ્યક્તિગત વિચારો અમારા બધાની સામે મૂક્યા હતા. ભાઈ-ભાભીને અભિનંદન અને શુભકામના પાઠવ્યા પછી જે બોલ્યા હતા તે આજે પણ મને યાદ છે. તેમના કહેવા પ્રમાણે જો તમે સ્વદેશ કે વતનમાં સુખી સંપન્ન તો પરદેશ ન જવું જોઈએ અને જો જાઓ તો વતનને કદી ભૂલશો નહીં. મનુકાકાના પરદેશ જનાર માટેના આવા વિચારો મને યાદ રહી ગયા હતા, કારણ કે આ વર્ષોમાં મોટા ભાગે હું બહારના દેશોમાં (અબુધાબી, ઇન્ડોનેશિયા વગેરે) કામ કરતો હતો. આ પહેલી મુલાકાત પછી ઘણાં વર્ષો બાદ 1990ના દશકમાં જ્યારે તેઓશ્રી કડી સર્વ વિદ્યાલયના કૅમ્પસમાં રહેતા હતા તે વખતે જ્યારે-જ્યારે અમે કડી જતા ત્યારે હું અને મારી પત્ની ચંદ્રપ્રભા બંને તેઓશ્રીને અને સ્વ. પુષ્પાકાકી ને મળવા અચૂક જતાં.

ચંદ્રપ્રભાના પિતાશ્રી અને મારા સસરા શ્રી માધવલાલ પ્રભુદાસના ઘર સાથે પણ જૂનો સંબંધ. જેકાભા અને તે પછી મનુકાકા અને બીજા તેમના પરિવારના સભ્યો જ્યારે કડી જતા ત્યારે સ્વ. પૂ. માધવલાલ(મારા સસરા)ને મળવા ચોક્કસ જતા. 1990ના દશકમાં પણ મારે મારા કામ માટે અબુધાબી, બ્રુનોઈ, ઉઝબેકિસ્તાન વગેરે દેશોમાં આવવા-જવાનું ચાલુ જ હતું. મારો પરિવાર, પત્ની અને બે બાળકો મુંબઈમાં રહેતાં હતાં. આ વાતને ધ્યાનમાં લઈ મનુકાકાને અમે કડી તેમના ઘરે મળવા ગયા ત્યારે તેમણે મને પણ સલાહ આપેલી, 'હવે પૈસા કમાવાનું પૂરું થયું હોય તો બહારનું કામ છોડી પરિવાર સાથે સ્થાયી મુંબઈ આવીને રહો!' મનુકાકા માટે પરદેશ અને પૈસા કરતાં સ્વદેશ અને પરિવારનું મહત્ત્વ વધારે હતું.

આપણે આપણા સ્વભાવ, સંજોગો અને પરિસ્થિતિ આધીન ઘણી વખત મોટા અને સારા માણસોના વિચારોને અમલમાં મૂકી નથી શકતા! અને આ કારણે મનુકાકાના આવા વિચારો હોવા છતાં અમે બધાં જ કુટુંબીજનો પરદેશમાં આવીને વસ્યાં. તેમનો લગભગ બધો જ પરિવાર કૅનેડા અને અમેરિકામાં વસે છે. તેઓશ્રી પણ નિવૃત્તિ પછી પરદેશ આવીને પરિવાર સાથે પરદેશમાં રહી શક્યા હોત, પરંતુ તેઓ તેમના વિચારો, સ્વભાવ વિરુદ્ધ બિલકુલ જઈ શક્યા નહીં. આજે પણ આટલી મોટી ઉંમરે તેઓશ્રી કડી, ગાંધીનગરની શૈક્ષણિક સંસ્થાઓ તેમજ ચાણસ્માનગરની હૉસ્પિટલ અને બીજી ઘણી સંસ્થાઓ સાથે જોડાયેલા રહીને સેવા આપી રહ્યા છે.

પિલવાઈ, કડી, સિપોર અને ચાણસ્મા જ્યાં રહ્યા ત્યાં એમની સુવાસ ફેલાયેલી છે. એમના સંયુક્ત કુટુંબના એ મોભી છે. સમાજમાં પણ એ પ્રતિષ્ઠિત. આખું કુટુંબ પિતરાઈઓ સહિત અમેરિકા અને કૅનેડામાં. સર્વેના સામાજિક પ્રસંગોમાં એમણે સૌનું પ્રતિનિધિત્વ કરવાનું. એ મોટા ભાગે દરેક પ્રસંગોમાં હાજર રહે. એમના ત્યાં મહેમાનોની અવરજવર પણ ઘણી. આતિથ્ય સવાયું. અમારાં બા એમનાથી ઘણાં પ્રભાવિત હતાં. એમનાં બેન કાન્તાબેન જે શારીરિક અને માનસિક રીતે અશક્ત છે એમની દેખભાળ કરી રહ્યા છે, તે પણ પોતાના પરિવારથી એકલા રહીને! ધન્ય છે આવા અમારા માનનીય શ્રી મનુકાકાને. એમને કોટી કોટી વંદન અને શુભકામનાઓ.

•

# આચાર્યશ્રી મનુભાઈ પટેલસાહેબ સાથે પ્રશ્નોત્તરી

■ મણિભાઈ પ્રજાપતિ

1. **આપશ્રીનું નામ, માતા-પિતા તથા પત્નીનું નામ તેમજ આપશ્રીના નિવાસ પત્રવ્યવહારનું સરનામું, ફોન – મોબાઇલ નંબર તથા ઇ-મેલ ઍડ્રેસ દર્શાવો.**

નામ: મનુભાઈ

માતાનું નામ: ચંચળબેન, પિતાનું નામ: જેકીશનદાસ પટેલ.

પત્નીનું નામ: પુષ્પાબહેન. (પિયર: ઊંઝા)

નિવાસનું સરનામું: રૂપાણીનો માઢ, ખાડિયા ચોક, ચાણસ્મા – 384229, જિ. પાટણ. મોબાઇલ નંબર: 7874761929

2. **આપના વતન, જન્મસ્થળ અને જન્મતારીખ વિશે માહિતી આપશો.**

વતન: ચાણસ્મા. જન્મસ્થળ: ચાણસ્મા. જન્મતારીખ 14-1-1937

3. **આપશ્રીએ પ્રાથમિક, માધ્યમિક અને ઉચ્ચશિક્ષણ ક્યાંથી મળ્યું ? સંબંધિત સંસ્થાનું નામ, મેળવેલ શિક્ષણ અને વર્ષ સહિત માહિતી આપશો.**

પ્રાથમિક શિક્ષણ: ધો. 1થી 4 પ્રાથમિક શાળા, ચાણસ્મા.

ધો. 5થી 11: એ. વી. સ્કૂલ, ચાણસ્મા; ચાણસ્મા હાઈસ્કૂલ, ચાણસ્મા.

ઉચ્ચ શિક્ષણ: એલ.ડી. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ. 1956-57 અને 57-58.

1958 જૂનથી શેઠ જી. સી. હાઈસ્કૂલ, પિલવાઈમાં શિક્ષક તરીકે જોડાયો.

1960: એસ. ટી. સી. (સ્કૂલ ટીચર સર્ટિફિકેટ. પરીક્ષા)
મુંબઈ રાજ્યમાં સર્વ પ્રથમ.

1961: બી.એ. ગુજરાતી/ ઇતિહાસ સેકન્ડ ક્લાસ (ઑનર્સ),
ગુજ. યુનિવર્સિટી એક્સટર્નલ વિદ્યાર્થી તરીકે.

1963: એમ.એ., ગુજરાતી/સંસ્કૃત. રેગ્યુલર વિદ્યાર્થી: શનિ/ રવિવાર. એમ. એન. કૉલેજ વિસનગર. પાસ વર્ગ: 49.9% (પ્રિ. કે. બી. વ્યાસસાહેબ)

4. **આપશ્રીનાં ભાઈ-બહેન તેમજ પુત્ર/પુત્રીઓનાં નામ અને તેમણે શિક્ષણ અને**

**વ્યવસાયિક ક્ષેત્રે મેળવેલ વિશેષ ઉલ્લેખનીય ઉપલબ્ધિઓ વગેરે વિશે માહિતી આપશો.**

ભાઈનું નામઃ મહેન્દ્રભાઈ જેકીશનદાસ પટેલ, B.Sc. (Agri) મૅનેજર, બૅંક ઑફ બરોડા, પાટણથી સ્વૈચ્છિક નિવૃત્તિ લઈને ગ્રીનકાર્ડ મળતાં U.S.A ગયા. સિટીઝન થયા.
પત્નીઃ અ.સૌ. કલ્પનાબેન મહેન્દ્રભાઈ પટેલ B.A.

બહેનઃ (1) શાંતાબેન હરિપ્રસાદ દેસાઈ. 1935-36 સર્વ વિદ્યાલય કડીના કન્યા છાત્રાલયમાં રહીને અભ્યાસ કર્યો. જૂના કિશોરકુંજમાં છાત્રાલય આવેલું હતું.

હરિપ્રસાદ ધીરજલાલ દેસાઈઃ B.E. (મિકેનિકલ/સિવિલ).
1926-32: સર્વ વિદ્યાલયના વિદ્યાર્થીઃ છાત્રાલયમાં રહ્યા. રાષ્ટ્રપિતા ગાંધીજી તથા સયાજીરાવ ત્રીજા પધાર્યા ત્યારે છાત્ર હતા.

બહેનઃ (2) કુમારી કાન્તાબેન જેકીશનદાસ પટેલ (જન્મઃ 1940) શારીરિક ખામી. ધો.4 સુધીનો અભ્યાસ

બહેનઃ (3) લીલાબેન ચિનુલાલ પટેલ, બાવળા. (ચાણસ્મા હાઈસ્કૂલમાં ધો. 11 સુધીનો અભ્યાસ)
શ્રી ચિનુલાલ બાબુબાઈ પટેલ (બાવળા) B.Sc. B.Ed.
નિરીક્ષક, શ્રી આ. કે. વિદ્યામંદિર, બાવળામાં નિવૃત્ત થયા.

બહેનઃ (4) લક્ષ્મીબેન છનાલાલ પટેલ (ગોઝારિયા).
ધો. 11 સુધીનો અભ્યાસ શેઠ જી. સી. હાઈસ્કૂલ. પિલવાઈ
શ્રી છનાલાલ જીભાઈદાસ પટેલ. વેપારી/ અગ્રણી ગોઝારિયાનગર

બહેનઃ (5) સુભદ્રાબેન નટવરલાલ પટેલ (હાઉસવાઈફ) B..A, B.Ed.
ડૉ. નટવરલાલ જીભાઈદાસ પટેલ, નેચરોપેથી ડૉક્ટરની ડિગ્રી. વડગામ અને પાલનપુર, જિ. બનાસકાંઠા

પુત્રઃ શ્રી અરવિંદભાઈ મનુભાઈ પટેલ B.E. (Ele. M.S.U.માં)
કૅનેડામાં સ્થાઈ થયા. નાગરિક.

અ.સૌ. શકુંતલાબેન અરવિંદભાઈ પટેલ (ઊંઝા/પાલનપુર)
વિવિધલક્ષી વિદ્યામંદિરનાં વિદ્યાર્થિની (કૉલેજ શિક્ષણ 2 વર્ષ)
કેનેડામાં બ્યૂટીપાર્લર, યોગ ટીચર, સંગીત, લલિતકળાઓ, નૃત્યકલાનાં તજ્જ્ઞ.
શોખ: સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં.

દીકરીઓ: (1) રેણુકાબેન નૈષધકુમાર પટેલ, B.Com. (ગુજરાત યુનિ.)
શ્રી નૈષેધકુમાર રામુભાઈ પટેલ B. Sc., (Che.) (અમદાવાદ)દવાઓના ઉત્પાદક છે. માઢી આશ્રમના સંચાલક રામુભાઈના પુત્ર છે.

દીકરી: (2) નીતાબેન અભયકુમાર પરીખ (વીરમગામ) M.A. (પાર્ટ-1) હાઉસવાઈફ,
શ્રી અભયકુમાર પરમાનંદભાઈ પરીખ (આર. શાંતિલાલની કંપની, વીરમગામ) હાલ નૈરોબી (કેન્યા) ખાતે રહે છે.

5 **આપશ્રીના પરિવારના કોઈ સભ્યે સર્વ વિદ્યાલયમાં અભ્યાસ કે નોકરી કરી હોય તો તે વિગતો આપશો.**

પરિવારનાં નીચેના સભ્યોએ અભ્યાસ કરેલ છે.

1935-36: મોટાં બેન શાંતાબેન. ધો. 8માં પ્રવેશ (સર્વ વિદ્યાલય) કન્યા છાત્રાલયમાં પ્રવેશ મેળવેલ. બે વર્ષ અભ્યાસ કરીને અભ્યાસ છોડ્યો.

1937: મારા મોટાબાપુજીના દીકરા શ્રી મણિભાઈ પુરુષોત્તમદાસ પટેલ. ધો. 8 (સર્વ વિદ્યાલય) છાત્રાલયમાં રહીને તેજસ્વી વિદ્યાર્થી તરીકે ધો. 11 પાસ કરેલ.

1941: કલાભવન વડોદરામાં એન્જિનિયરિંગ કૉલેજમાં પ્રવેશ મેળવ્યો

1942: મહાત્મા ગાંધીજીની કરેંગે યા મરેંગે તથા હિન્દ છોડો ચળવળમાં સહભાગી બન્યાં. આણંદ પાસે અડાસ રેલવે સ્ટેશન પાસે અંગ્રેજ પોલીસોએ આઝાદીની ચળવળમાં ભાગ લેતા છોકરાઓ ઉપર ગોળીબાર કર્યો. સ્થળ ઉપર જ પાંચ છોકરાઓ શહીદ થયા. તેમાં શ્રી મણિભાઈ હતા. શહીદ દીન હતો 18 ઑગસ્ટ, 1942

સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડીમાં હું 15 જૂન, 1985થી પ્રિન્સિપાલ તરીકેની સેવાઓ દશ વર્ષ આપીને નિવૃત્ત થયો. નિવૃત્તિ પછી કૅમ્પસ ડાયરેક્ટર તરીકે ચાર વર્ષ કાર્ય કર્યું. 1999થી સર્વ વિદ્યાલય કેળવણીના મંત્રી તરીકે અને 2020થી 23 સુધી ક. પા. કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખ તરીકે અને જુલાઈ 1923થી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના પ્રમુખ તરીકે સર્વાનુમતે વરણી થઈ. મંડળના પૂર્વ ચેરમૅન શ્રી માણેકલાલ તથા ડૉ. રામભાઈ સાથે

અને પ્રવર્તમાન ચેરમૅન શ્રી વલ્લભભાઈ (સરદારભાઈ) સાથે કામ કરવાની અમૂલ્ય તક મળી.

6 **આપના ઉછેર અને જીવનઘડતરમાં પારિવારિક બળોએ શું ભાગ ભજવ્યો ?**

ચાણસ્મા નગરમાં અમારું કુટુંબ ખાનદાન અને પ્રતિષ્ઠાવાળું ગણાય છે. સંયુક્ત કુટુંબની ભાવના, ત્યાગ, સમર્પણ અને સેવા પરોપકાર કાર્યો માટે જાણીતું છે. મોટી ખેતીવાડી, વેપાર અને શ્રોફ તરીકે વિશેષ પ્રતિષ્ઠિત ગણાતું હતું. હવે લગભગ બધાં જ કુટુંબો U.S.A./કૅનેડામાં સ્થાયી થયાં છે. ત્યાં નોકરી-ધંધો અને ઉદ્યોગોમાં સારી રીતે ગોઠવાયેલા છે. શિક્ષણમાં વિશેષ પ્રગતિશીલ છે. સંયુક્ત કુટુંબની ભાવના વિશેષ વિકસવા પામી છે. સંયુક્ત કુટુંબના વડા-વહીવટકર્તા તરીકે ઘણાં વર્ષો સુધી મારા બાપુજીએ કુશળતાપૂર્વક કાર્ય કરીને બધાંનો પ્રેમ-આદર મેળવેલ છે. આવા કુલીન કુટુંબમાં મારું જીવનઘડતર થયું છે એને મારું સદ્ભાગ્ય માનું છું. ઉદાર દિલ, હમદર્દી, પરોપકાર, સેવા, સાદગી, ઉચ્ચ વિચારો, આ સંયુક્ત પરિવારની દેણ છે. ઘરમાં બધા જ સભ્યોની રાત્રિ બેઠક થતી. વિચારોનું આદાન-પ્રદાન, કાલના કામની ગોઠવણી, વ્યાવહારિક પ્રશ્નો અને તેના ઉકેલ બધું ત્યાંથી જ મળતું... વહેંચીને ખાવું અને ઉદારતા રાખવી એ સ્વભાવ જ બની ગયો.

7 **વ્યવસાયિક કારકિર્દી અંગેની વિગતો.**

1956થી 58ના બે વર્ષ એલ.ડી. આર્ટ્સ કૉલેજમાં સ્મરણીય રહ્યાં. તેજસ્વી પ્રાધ્યાપકો, ડૉ. આર. ડી. દેસાઈ પ્રિન્સિપાલ હતા. અભ્યાસુ, તેજસ્વી, માનવાતવાળા પ્રિન્સિપાલ હતા. એક પણ લૅક્ચર છોડવાનું મન થાય નહિ. અમદાવાદ કેન્દ્રવર્તી શહેર જેથી એ જમાનામાં આદર્શ લોકનેતાઓ, અગ્રણીઓ, કેળવણીકારો અને આધ્યાત્મિક ગુરુઓનાં જાહેર પ્રવચનો, શિબિરોમાં જવાનો અણમોલ લાભ મળ્યો. ગૂજરાત વિદ્યાપીઠની લાઇબ્રેરી, એમ.જે. લાઇબ્રેરીમાં લગભગ દરરોજ ત્રણ-ચાર કલાક વાંચન-લેખનમાં જતા હતા.

વ્યવસાયિક ક્ષેત્રે અધ્યાપક તરીકે શેઠ જી. સી. હાઈસ્કૂલ, પિલવાઈમાં જોડાવાનું થયું. આદર્શ અને નિષ્ઠાવાન આચાર્યશ્રી છગનભાઈ કા. પટેલસાહેબ પાસેથી વહીવટકુશળતા અને બાળકો તરફની અદમ્ય પ્રેમ-લાગણી શીખવા મળી. પિલવાઈમાં વર્ષ 1958થી 67 એમ નવ વર્ષ સેવાઓ આપી. જે મારી ઘડતર શાળા તરીકે ગણાઈ. શિક્ષણ સાહિત્ય અને સંસ્કાર પ્રવૃત્તિમાં સવિશેષ રસ લીધો. વાચન-લેખન ખૂબ કર્યું. એ સમયે અમારા જીવનમાં બે આદર્શ આચાર્યો હતા. સર્વ વિદ્યાલય હાઈસ્કૂલના ઋષિ આચાર્ય શ્રી નાથાભાઈ સાહેબ વશિષ્ઠ મહામુનિની પ્રકૃતિના હતા, જ્યારે છગનભાઈ કા. પટેલ વિશ્વામિત્ર મહામુનિ જેવા હતા. આ બંને મહાનુભાવોમાંથી પ્રત્યક્ષ અને પરોક્ષ પ્રેરણા લઈને સ્વઘડતર થયું છે. આ બંને મહાનુભાવોનાં સદ્ગુણોને ભક્તિ અને શક્તિ અનુસાર જીવનમાં ઉતારવાના પ્રયત્નો કર્યા છે.

શૈક્ષણિક સંઘોમાં સહભાગી થવાની શરૂઆત પિલવાઈથી થઈ અને સિપોર-કડી સુધી એ ચાલુ રહી છે. શિક્ષણને પવિત્ર વ્યવસાય તરીકે જ સ્વીકાર્યો. ક્યારેય ટ્યૂશન કર્યાં નથી કે શિક્ષણ વ્યવસાયને નાલેસી લાગે તેવી એક પણ પ્રવૃત્તિ કરી નથી.

8 **વ્યવસાયિક સંગઠનની સ્થાપનામાં સક્રિય ભાગ ભજવ્યો હોય અથવા તેના સંગઠનના પ્રમુખ, મંત્રી વગેરે કોઈ હોદ્દા ઉપર સેવાઓ આપી હોય તો તે વિગત દર્શાવો.**

વ્યવસાયિક સંઘોના પદાધિકારીશ્રી તરીકે પિલવાઈથી શરૂઆત થઈ જે નીચે પ્રમાણે છે:

1. મહેસાણા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ તરીકે વર્ષ 1965થી 1967 સુધી.
2. મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા આચાર્ય મંડળના સહમંત્રી વર્ષ 1968થી 1970 સુધી.
3. મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા આચાર્ય મંડળના મંત્રી તરીકે વર્ષ 1971થી 1973 સુધી.
4. મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા આચાર્ય મંડળના પ્રમુખ તરીકે વર્ષ 1974થી 1978 સુધી.
5. ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ તરીકે વર્ષ 1978થી 1982 સુધી.
6. ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણબોર્ડ, ગાંધીનગરની શિક્ષણ સમિતિના સભ્ય તરીકે 1977થી 1984
7. ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણબોર્ડ, ગાંધીનગરના સભ્ય તરીકે 1981થી 1984.
8. ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણબોર્ડ, ગાંધીનગરની કારોબારી સભ્ય/ પરીક્ષા સમિતિ બે વર્ષ.
9. મહેસાણા જિલ્લા માધ્યમિક વિવિધ સંઘ સંકલન સમિતિના મંત્રી તરીકે 1976થી 1991 સુધી.
10. મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘ (કડી) પ્રમુખ તરીકે પાંચ વર્ષ.
11. મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘ મંત્રી તરીકે પાંચ વર્ષ.
12. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિ. પાટણની પ્રથમ સેનેટના સભ્ય તરીકે ત્રણ વર્ષની મુદત (વર્ષ 1989થી 1992 સુધી) સર્વાનુમતે. કુલપતિ તરીકે માનનીય શ્રી કુલીનચંદ્ર યાજ્ઞિક સાહેબ હતા.

તમામ પદોમાં નિયુક્તિ/વરણી સર્વાનુમતે થયેલ છે.

સિપોર શાળાના આચાર્ય તરીકેનાં 18 વર્ષ દરમિયાન વડનગરમાં સ્થિત સર્વોદય કાર્યકર ડૉ. દ્વારકાદાસ જોષી અને આદર્શ સર્વોદય ડૉક્ટર ડૉ. વસંતભાઈ પરીખનું સાંનિધ્ય અને સહવાસ. ગાંધીવિચાર – પ્રવૃત્તિઓને પુષ્ટ કરી અને સર્વોદય કાર્યકર તરીકેનું ઘડતર પ્રેરણા મળી. જે સમગ્ર જીવન દરમિયાન સત્ય, પ્રેમ અને કરુણાના વિકાસમાં ઉપયોગી બની રહી છે.

1985થી કડીમાં સ્થિત થયા પછી કડી સર્વ વિદ્યાલયના વિકાસ પુરુષ શ્રી માણેકલાલ સાહેબ તથા સૌ કાર્યકરોના સહવાસથી દૃષ્ટિની વિશાળતા અને વહીવટી કુશળતા માટેની સંકલન દૃષ્ટિ અને ભાવના વિકસી છે. મંડળની પ્રવૃત્તિઓના વિકાસ માટે નિષ્ઠા અને પરિશ્રમથી સંવાદવૃત્તિ સાથે જીવન જીવવાની પ્રેરણા મળતી રહી છે. ગુજરાત ગૌશાળામાં ગાયોના વિકાસ માટેની પ્રવૃત્તિઓમાં પણ સહભાગી થવાયું. ગિરની ગાયોનું દૂધ આશ્રમનાં બાળકોને અને આશ્રમવાસીઓને આપવામાં આવતું હતું. પ્રવૃત્તિઓનું ક્ષેત્ર વિશાળ બન્યું. સ્વનિર્ભર ફાર્મસી કૉલેજની સ્થાપના કડીના ગાંધીનગર કેમ્પસમાં 1995માં થઈ. ગુજરાત-રાષ્ટ્રકક્ષાના અનેક નેતાઓના સંપર્કમાં આવવાનું બનતું. પરિણામે સંબંધોનો વ્યાપ વધ્યો. વહીવટી પ્રશ્નો ઉકેલવાની આંતરસૂઝ પણ વિકસવા પામી. શ્રી માણેકલાલ સાહેબ, ડૉ. રામભાઈ, શ્રી ધનાભાઈ, વકીલ શ્રી દાસકાકા જેવા અનેક કાર્યકરોના સાંનિધ્યમાં રહીને જીવનવિકાસની અનેક તકો મળતી રહી જેનો આનંદ છે.

9 **દાનની વિગતો (આપશ્રીના પરિવાર દ્વારા): (યથાસંભવ જે હેતુ માટે દાન આપવામાં આવ્યું હોય તે. ઉદા. તરીકે કોઈ ભવનના બાંધકામ માટે, સંબંધિત ભવન / વિભાગ / કેમ્પસ વગેરેને કોઈ નામાભિધાન આપવામાં આવ્યું હોય તો તે વગેરે, દાનની રકમ અને વર્ષ). (નોંધઃ આ પ્રશ્ન ક્ષમાયાચના સાથે પૂછી રહ્યો છું. આપશ્રીના બૃહદ પરિવારે મોટી રકમોનાં દાન કર્યાં છે જે જાણતો હોવાથી તેના દસ્તાવેજીકરણની ભાવનાથી પ્રેરાઈને આ પ્રશ્ન પૂછ્યો છે. ક્ષમા આપવા સાદર વિનંતી.)**

**પરિવાર, ટ્રસ્ટ / અંગત**

1. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત ગાંધીનગર કેમ્પસમાં ભત્રીજા શ્રી કિરીટભાઈએ રૂ. 11 લાખ અને શ્રી બાબુભાઈએ રૂ. 5 લાખ પૂર્વ ચૅરમૅન શ્રી માણેકલાલ સાહેબની નિશ્રામાં અમેરિકાની પ્રથમ યાત્રા સમયે આપ્યા. જેથી ગાંધીનગર કેમ્પસમાં આવેલ બૉયઝ છાત્રાલયોમાંથી એક છાત્રાલયનું નામઃ ગોદડદાસ કસળજી પટેલ ઉમાકુમાર છાત્રાલય (ચાણસ્માવાળા)નું નામ અપાયેલ છે.
2. ચાણસ્મા કેળવણી મંડળના હીરકમહોત્સવ સમયે રૂ. 15 લાખનું દાન

શ્રી કિરીટભાઈ દ્વારા અપાયું છે. પરિણામે ચાણસ્મા કેળવણી મંડળોના કૅમ્પસને શાંતાબેન શંભુપ્રસાદ પટેલ શિક્ષણ સંકુલનું નામ અપાયું.

3. રાજેન્દ્રનગર (સાબરકાંઠા) કુષ્ટ રોગ સહાય કેન્દ્રમાં છેલ્લાં દસ વર્ષમાં 'ચંચળબા જેકીશનદાસ મેમોરિયલ ટ્રસ્ટ' અને 'શાંતાબેન શંભુપ્રસાદ ચૅરિટેબલ ટ્રસ્ટ' તથા 'રેવાબેન ચિમનલાલ અને પાર્વતીબેન મણિલાલ સ્મૃતિવંદના ટ્રસ્ટ' દ્વારા અંદાજે આઠ લાખ રૂપિયાનું દાન અપાયું છે.
4. કિરીટભાઈ દ્વારા સદાવ્રત ટ્રસ્ટ, ચાણસ્માને રૂપિયા એક કરોડ એકત્રીસ લાખનું દાન વર્ષ 2022-23માં આપવામાં આવ્યું છે.
5. કિરીટભાઈ, બાબુભાઈ અને રતિભાઈ તરફથી કે. બી. જનરલ હોસ્પિટલને દર વર્ષે અંદાજે ચાલીસેક લાખનું દાન મળે છે.

ઉપરોક્ત ટ્રસ્ટો દ્વારા શ્રી મુનિ સેવાઆશ્રમ, ગોરજ, જિ. વડોદરામાં પણ આઠ લાખ રૂપિયાનાં દાન છેલ્લાં દસ વર્ષમાં અપાયાં છે.

શ્રી મનુભાઈ જે. પટેલ દ્વારા છેલ્લાં પાંચ વર્ષમાં નીચે પ્રમાણેનાં દાન અપાયાં છે.

| | |
|---|---|
| 1. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ | રૂ. 1 લાખ |
| 2. ચાણસ્મા કેળવણી મંડળ, ચાણસ્મા | રૂ. 1 લાખ |
| 3. સ્વામી સચ્ચિદાનંદ યોગાશ્રમ, ચાણસ્મા | રૂ. 1 લાખ |
| 4. શ્રી લાલજી લક્ષ્મીદાસ સદાવ્રત સંસ્થા | રૂ. 1 લાખ |
| ચાણસ્માના રામજી મંદિર શતાબ્દી મહોત્સવમાં | |
| 5. ચાણસ્મામાં શ્રી ઉમિયામાતાજીની મૂર્તિ | રૂ. 1 લાખ |
| અને દાગીના શણગાર માટે | |
| 6. શ્રી મુનિ સેવાઆશ્રમ, ગોરજ | રૂ. 1 લાખ 50 હજાર |
| 7. રાજેન્દ્રનગર કુષ્ટરોગ સહયોગ કેન્દ્ર | રૂ. 51 હજાર |
| 8. સંજય-તુલાનું વિશ્વગ્રામ ટ્રસ્ટ | રૂ. 50 હજાર |

આર્થિક પછાતવર્ગનાં 20 કુટુંબોને અનાજ-કરિયાણાની કિટ છેલ્લાં વીસ વર્ષથી નિયમિત આપવામાં આવે છે. પ્રત્યેક વર્ષે 60 હજાર રૂપિયા આ માટે ખર્ચાય છે.

અભ્યાસ માટે મદદ, કપડાં, કામળા અને જરૂરી દવાઓ માટે જરૂરિયાતમંદોને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદ માટે રૂ. 25 હજાર વાપરવામાં આવે છે.

અંગત સિવાય તમામ ત્રણ ટ્રસ્ટોના વાર્ષિક હિસાબો ચાર્ટર્ડ એકાઉન્ટટ શ્રી પાસે

ઑડિટ કરાવીને તેની નકલ અને જરૂરી ફી ચૅરિટી કમિશનરશ્રીની કચેરીમાં જમા કરાવવામાં આવે છે.

**10. જાહેરજીવનની અન્ય સમાજસેવી સંસ્થાઓમાં આપેલ / આપી રહેલ સેવાઓની વિગતો:**

જાહેરજીવનની સમાજસેવી સંસ્થાઓને આપેલ સહયોગ નીચે પ્રમાણે છે:

**સંસ્થાનું નામ**

1. શ્રી લાલજીદાસ લક્ષ્મીદાસ પટેલ સદાવ્રત સંસ્થા અને પરિવાર ટ્રસ્ટ ચાણસ્મા. આ ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે સાતેક વર્ષ સેવાઓ આપી છે. (1) આ ટ્રસ્ટ દ્વારા મફત ભોજનાલય જેમાં 80થી 100 વ્યક્તિઓને પ્રત્યેક દિવસે મફત ભોજન આપવામાં આવે છે. (2) આર્થિક પછાત તેજસ્વી બાળકોને ઉચ્ચ શિક્ષણ માટે લોન શિષ્યવૃત્તિ આપવામાં આવે છે. (3) વિધવા સહાય-અસાધ્ય રોગની સારવાર માટે આર્થિક સહયોગ કરે છે. (4) શિક્ષણ-આરોગ્ય પ્રવૃત્તિઓ માટે આર્થિક સહાય કરે છે.

2. મેડિકલ એન્ડ સોશિયલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ ચાણસ્મા. નજીવા દરે આરોગ્ય સેવાઓ આપવામાં આવે છે. પ્રત્યેક વર્ષે આજુબાજુનાં 20 ગામડાંઓ અને નગરની જનતા લાભ લે છે. પ્રત્યેક વર્ષે અંદાજે 40થી 50 હજાર વ્યક્તિઓ લાભાર્થી છે. ટ્રસ્ટને 30થી 40 લાખની ખોટ પ્રત્યેક વર્ષે થાય છે. દાતાઓનો સહયોગ સારો મળે છે. જેથી સારી સેવાઓ થઈ શકે છે. આ ઉપરાંત વર્ષ દરમિયાન પાંચ-સાત મેડિકલ કૅમ્પો યોજીને નાગરિકોને મદદરૂપ થવા ટ્રસ્ટ કાર્ય કરે છે.

3. ચાણસ્મા કેળવણી મંડળ, ચાણસ્મા. શિક્ષણની ગુણવત્તા સુધારવા અને પરિણામો ઉત્તમ લાવવાના મંડળ પ્રયત્નો કરે છે. બાળકોના સર્વાંગી વિકાસ માટેની વિવિધ આદર્શ પ્રવૃત્તિઓ જેવી કે આદર્શ વિદ્યાર્થી / આદર્શ અધ્યાપકને પસંદ કરી બહુમાન કરીને ગૌરવ વધારાય છે. શુદ્ધ અને પ્રામાણિકતાથી વહીવટ થાય છે. મૂલ્યોને જાળવીને/સંવર્ધન કરવામાં આવે છે. આ ટ્રસ્ટ દ્વારા બાલમંદિર, ધો. 1થી 5ની શાળા, ધો.6થી 8ની ઉ. પ્રા. શાળા તથા 9, 10, 11, 12 ભાઈઓ અને બહેનો માટેની માધ્યમિક/ ઉ. મા. શાળાઓ વિજ્ઞાનપ્રવાહ સાથેની છે. જેનાં પરિણામો સારાં રહેવા પામેલ છે.

4. મહાત્મા ગાંધી વિનય મંદિર, ચાણસ્મા. આ ટ્રસ્ટ દ્વારા વ્યક્તિત્વ વિકાસ માટેની પ્રવૃત્તિઓ / સામાન્ય જ્ઞાનની કસોટીઓ / ચિત્ર / વ્યાયામ / સાંસ્કૃતિક તથા સ્વાવલંબી બનાવે તેવી પ્રવૃત્તિઓ કરે છે. આ ટ્રસ્ટ પણ જાહેર ટ્રસ્ટ દ્વારા નોંધાયેલ છે. આ ટ્રસ્ટના ટ્રસ્ટી અને કાર્યકર તરીકે કાર્ય કરવાનો આનંદ છે.

5. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી શિક્ષણ અને સંસ્કારને પોષક શિક્ષણ અને હાયર એજ્યુકેશન આપતી લગભગ 65 જેટલી સંસ્થાઓનું સંચાલન કરે છે.

લગભગ 50 હજાર કરતાં વધારે છાત્ર/છાત્રાઓ અભ્યાસ કરે છે. નૈતિક મૂલ્યો જાળવીને આદર્શ સંસ્થા તરીકેનું ગૌરવ અપાવે તેવી સંસ્થા છે. આ સંસ્થામાં 1926માં વડોદરા રાજ્યના મહારાજ સયાજીરાવ ત્રીજા પધારેલા અને 1929માં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી પધારેલા જે સંસ્થાના ગૌરવમાં વધારો કરે છે. આજે આ સંસ્થામાં દૃષ્ટિવંત અને નિષ્ઠાવાન યુવાન ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલ (સરદાર) અને શક્તિ અને ભક્તિવાળા યુવાન મંત્રીઓ અથાગ પ્રયત્ન કરીને સંસ્થાનું ગૌરવ વધારી રહ્યા છે.

**11 આપશ્રીની નોંધપાત્ર ઉપલબ્ધિઓ / પ્રવૃત્તિઓ / કાર્યક્ષેત્રો જણાવશો.**

શિક્ષણ દ્વારા વ્યક્તિત્વઘડતર અને ગ્રામસમાજનું નવનિર્માણની પ્રવૃત્તિઓ આજીવન કરાતી રહી છે.

શિક્ષણ એ સમાજપરિવર્તન માટે આવશ્યક બળ છે. નાગરિકની મૂળભૂત ફરજો અને સમાજમાં સમરસતા વધે તે માટે આવશ્યક પ્રવૃત્તિઓ કરવામાં આવે છે. વિશેષ દિનની ઉજવણી / ધાર્મિક / સામાજિક તહેવારોની ઉજવણી / ગાંધીજયંતી / બાળદિન / એકતાદિન આઝાદદિનની ઉજવણી ગૌરવપૂર્ણ આયોજનથી કરવામાં આવે છે. જેથી બાળકોના દિલમાં ભાઈચારો, માનવતા અને રાષ્ટ્રભાવનાનો સારો વિકાસ થાય છે. કોઈ પણ શાળા તેના ગામ/ સમાજનું અભિન્ન અંગ હોય છે. જેથી ગામ / સમાજની પ્રત્યેક પ્રવૃત્તિમાં શાળાનો સહયોગ હંમેશાં મળતો રહે છે. ગ્રામસફાઈ, મેડિકલ કૅમ્પો અને શિબિરો દ્વારા બાળકોનું ઘડતર થાય છે અને તેઓ દેશના સાચા નાગરિકો બનવા પ્રેરાય છે.

**12 શિક્ષક / આચાર્યશ્રી તરીકેની કામગીરી દરમિયાનના પ્રેરક અનુભવો વિગતે જણાવવા વિનંતી.**

**પિલવાઈમાં થયેલા પ્રેરક અનુભવો**

1. પિલવાઈના દાતા શ્રી શેઠ વાડીભાઈ જ્યારે મુંબઈથી વતન પિલવાઈમાં આવે ત્યારે અનુકૂળ સમયે ગેટ ટુ ગેધરની રીતે શેઠશ્રી શાળાના તમામ સ્ટાફને તેમના ત્યાં અલ્પાહાર/ચા-પાણી માટે નિમંત્રણ આપતા હતા. પિલવાઈમાં 1958માં જોડાયો તે વર્ષે દિવાળી વૅકેશન પહેલાં શેઠશ્રીના ત્યાં જવા માટે શાળા પરિવારને નિમંત્રણ હતું. સૌ આદરપૂર્વક ગયાં. સૌનું ભાવપૂર્ણ સ્વાગત શેઠશ્રીએ કર્યું. અલ્પાહાર પતી ગયા પછી શેઠશ્રીએ શાળાના અહેવાલની પૃચ્છા કરી. આનંદ સાથે શેઠશ્રીએ હસતાં-હસતાં પ્રિન્સિપાલ શ્રી છગનભાઈને જણાવ્યું કે છગનભાઈ આપશ્રી અમારા ઠાકોરજીના મંદિરમાં આવતા દેખાતા નથી? પ્રિ. શ્રી છગનભાઈએ પ્રત્યુત્તરમાં શેઠશ્રીને વિનયપૂર્વક જણાવ્યું કે શેઠશ્રી મારી શાળામાં 1300 વિદ્યાર્થીઓ જ અમારા ઠાકોરજી છે. શાળાના બાળકમાં પ્રભુદર્શન જ નહિ પણ તેમને પ્રભુ ગણવા અને બાળપ્રભુનું શિક્ષણ/સંસ્કાર

ઉત્તમ અપાય એ જ સાચી પ્રભુભક્તિ છે. પ્રિ. છગનભાઈ સાહેબના જવાબથી સૌને ખૂબ જ સંતોષ અને આનંદ થયો, પરંતુ અમારા જેવા નવયુવાન અધ્યાપકોને તો સારો જીવનમંત્ર મળ્યો. બાળકમાં જ પ્રભુદર્શન અને તેમના ઉત્તમ ઘડતરમાં જીવનનું તમામ શ્રેય રેડીને કૃતાર્થ થવાની શીખ મળી.

2. પિલવાઈ ગામમાં શેઠ શ્રી મંગળદાસ રણછોડદાસે પોતાના માટે ભવ્ય બંગલો બનાવ્યો હતો. કોણ જાણે કેવી રીતે પણ બંગલો હંમેશાં નિર્જન જ રહ્યો. કોઈ પણ વ્યક્તિ તેમાં રહેવા જતો નહિ અને જાય તો લાંબો સમય ટકતો નહિ. આ બંગલાનું નામ ભૂતિયો બંગલો કહેવાતો. અમે જ્યારે શાળામાં જોડાયા ત્યારે એકલા રહેતા હતા. વળી, મારા મોટાભાઈ શંભુપ્રસાદ પણ આ ગામમાં સર્કલ ઇન્સ્પેક્ટર તરીકે આવેલા. અમે બંને એકલા આ બંગલામાં રહેવા ગયા. થોડાક મહિના શાંતિથી પસાર થયા, પણ ચોમાસામાં વાવાઝોડાં, વરસાદ સમયે બંગલાના ઉપરના માળેથી પતરાં ખખડતાં ગંભીર અવાજ આવવા લાગ્યો. મોટાભાઈએ ફાનસ સળગાવી અને મને જણાવ્યું કે ચાલ આપણે ઉપર જઈને આ અવાજનું કારણ શોધીએ. મનમાં ડર હતો, છતાં મોટાભાઈની હાજરી હતી. જેથી મેં ફાનસ હાથમાં લીધી. મોટાભાઈએ હાથમાં નાની સોટી (લાકડી) લીધી. ઉપરના મજલે ગયા, પણ થતા અવાજનું કારણ મળ્યું નહિ. એટલામાં ફરીથી જોરદાર અવાજ થતાં તે દિશામાં ગયા. રૂમમાં તો કોઈ દેખાયું નહિ. જેથી અવાજની દિશાની એક બારી ખોલી અને બહાર જોયું. તો બારીનું લોખંડનું છજું તૂટી ગયેલ અને લબડતું હતું. જેથી ભારે પવનમાં તે બારી સાથે અથડાતું હતું અને એનો અવાજ આવતો હતો. ભૂતનો ભેંકાર જતો રહ્યો. સાચું કારણ મળ્યું. બારીનું છજું રિપેર કરાવ્યું. ત્યાર બાદ ક્યારેય કોઈ પણ અવાજ સાંભળવા મળ્યો નથી. આ મકાનમાં અમે ત્યાર બાદ પંદર માસ જેટલું રહ્યા હતા. ભૂતિયા બંગલાની છાપ ભુલાઈ ગઈ. સૌ કોઈ હવે નિરાંતે અને આનંદથી એ મકાનમાં રહેતા દેખાયા છે.

3. વર્ષો પહેલાં પિલવાઈ રોડ ચોકડીના સ્થળે વિસામાનો ઓટલો અને એક મોટો વડલો હતો. આ વડલામાં ગેબી દીવાઓ પ્રગટે છે તેવી વાતો સાંભળવા મળેલી. એ સમયમાં બસ પરિવહન પણ નહિ. અમદાવાદ-કલોલ રસ્તેથી પિલવાઈ આવવું હોય તો પિલવાઈ-કણભા રેલવે સ્ટેશન હતું. જે ગામથી બે કિલોમીટર જેટલું અંતર ધરાવે છે. અમદાવાદથી સાંજના 7 વાગે ગાડી ઊપડતી અને રાત્રે દશ વાગ્યાના અરસામાં વિજાપુર પહોંચતી. મુસાફરો કણભા રેલવે સ્ટેશનથી ચાલતા આવે. આ વડલા પાસે આવે ત્યારે ગેબી દીવા કોઈક વાર પ્રગટ થતા જોતાં ગભરાઈ જાય. સામાન મૂકીને જીવ બચાવવા દોડીને ઘેર પહોંચતા. શાળામાં કામ કરતા અમારા જેવા યુવાન શિક્ષકોએ ગેબી દીવાનો તાગ લેવા વિચાર્યું. એકાદ દિવસે ચારેક અધ્યાપકો અને શાળાના ભૈયાજી સાથે પેલા ગેબી દીવા જોવા ભેગા થયા. રાત્રિના સાડા નવના સુમારે થોડા-થોડા અંતરે ચારેક દીવા જોવા મળ્યા. દીવો પ્રગટે

થોડી વારમાં બંધ થાય. પછી બીજો દીવો થાય. તે બંધ થાય અને ત્રીજો શરૂ થાય. જેથી હિંમત ભેગી કરીને અમે બધાએ હાકોટા પડકારો સાથે વડ તરફ પ્રયાણ કર્યું. શાળાના મુખ્ય દરવાજાની બહાર નીકળ્યા અને વડલા ઉપરથી કોઈએ ભૂસકો માર્યો અને ખણુસા ગામ તરફ દોડવા લાગ્યો. હવે અમારામાં પણ હિંમત આવી દોડીને એ નાસી જતી વ્યક્તિને પકડી પાડી. એક ગરીબ વૃદ્ધ સ્ત્રી હતી. તે કરગરવા માંડી. તેને પૂછ્યું કે આ દીવાઓ કેવી રીતે પ્રગટ થાય છે. તેણીએ જણાવ્યું કે મારી પાસે દીવાસળીની પેટી છે, જેથી દીવાસળી સળગાવું એટલે દીવા જેવું દેખાય, તે ઓલવાઈ જાય છે એટલે બીજી સળી સળગાવું છું. આમ દીવાઓ કરતી હતી. લોકો ગભરાઈને સામાન મૂકીને જતા રહેતા પછી સામાનમાંથી ઉપયોગી વસ્તુઓ ચોરીને હું ઘેર લઈ જતી હતી. ગેબી દીવાઓની વાસ્તવિકતા જાણ્યા પછી સૌ કોઈનો ડર જતો રહ્યો અને ત્યાર બાદ આ ગેબી દીવાઓ ફરીથી દેખાયા નથી.

પિલવાઈમાં સારા શિક્ષક બનવાનું બાળકને પ્રભુ ગણવાનો ઉત્તમ કર્મયોગ શીખ્યા, સાથે અંધશ્રદ્ધા ભૂત-પલીતની વાતો માત્ર નબળા મનની કલ્પના જ છે તેવી સમજ અને નીડરતા, હિંમત પણ એ સમયમાં મળી. જેથી જિંદગીભર અંધશ્રદ્ધાને ક્યારેય સત્ય માની શક્યો નથી. ખેરાળુના બાપુના પાણીમાં ફૂંક મારવાના બુદ્ધિહીન પ્રયોગો સાથે સમગ્ર સમાજ જોડાયો હતો, પણ અમારી બૌદ્ધિકતા અને તર્ક તે માનવા તૈયાર નહોતાં.

4. 'સર્વ વિદ્યાલય કેળવણી મંડળ'ના વડીલ અગ્રણી અને સમાજસેવક પૂ. રામચંદ્ર અમીનસાહેબને શિક્ષણ અને બાળકોમાં પણ રસ હતો. સંસ્થાની પ્રતિનિધિ સંસ્થા પિલવાઈમાં પણ અમીનસાહેબ પધારતા. ઘણી વાર શાળાના ચાલુ વર્ગોમાં અંગ્રેજી-સંસ્કૃતના તાસ રસપૂર્વક લેતા નિહાળ્યા હતા. તેઓ શ્રી પિલવાઈ પધાર્યા હતા ત્યારે બનેલ ઘટના નીચે પ્રમાણે છે. ધો. 11ની પ્રિલિમનરી પરીક્ષાનાં પ્રશ્નપત્રોમાં ગુજરાતી વિષયનાં પ્રશ્નપત્રોનું પરીક્ષણ મારી પાસે હતું. ધો. 11-અના વિદ્યાર્થી શ્રી ડી. પી. મોદીએ લખેલ ઉત્તરવહીમાં પ્રશ્નપત્રના ઉત્તરો મુદ્દાસર અને યોગ્ય રીતે લખાયેલા હતા. પ્રશ્નપત્રમાં પુછાયેલા નિબંધોમાં મા વિશેનો નિબંધ પુછાયેલો. આ વિદ્યાર્થીએ ચાર પેજમાં નિબંધ સુંદર જ અને ઉત્તમ રીતે લખેલો. હસ્તાક્ષર મોતીના દાણા જેવા સુંદર, કોઈ પણ પ્રકારની જોડણીમાં પણ ભૂલ નહિ. આવો સારો નિબંધ લખવા માટે તેને મેં કુલ ગુણ 20માંથી 14 આપેલા. આવા સારા વિદ્યાર્થીની ઉત્તરવહી મેં અમીનસાહેબને બતાવી. સાહેબે આખી ઉત્તરવહી વાંચી અને શાળા છૂટ્યા પછી આ અંગે ચર્ચા-વિમર્શ કરવા ઑફિસમાં મળવા બોલાવ્યો. અમીનસાહેબે વિદ્યાર્થીની ઉત્તમ કક્ષા જોઈને આનંદ વ્યક્ત કર્યો. મને એક પ્રશ્ન પૂછ્યો, તમે આ વિદ્યાર્થીએ લખેલ નિબંધમાં તેને 6 ગુણ ઓછા આપ્યા છે, તો આ 6 ગુણ શાના કાપેલ છે તે જણાવો. સ્વાભાવિક રીતે મેં વિનયપૂર્વક જણાવ્યું કે ભાષાના પ્રશ્નપત્રમાં કુલ ગુણ આપી શકાય નહિ તે રીતે આ ગુણ ઓછા

આપેલ છે. બાકી વિદ્યાર્થીએ ઉત્તમ રીતે જવાબો લખીને યોગ્યતા બતાવેલ છે. મરક-મરક હસતાં-હસતાં અમીનસાહેબે મને જવાની રજા આપી. આ વિદ્યાર્થી એન્જિનિયરિંગ અભ્યાસ કરી એક્ઝિક્યુટિવ ઇજનેરના ઉચ્ચપદેથી નિવૃત્ત થઈને આજે ગાંધીનગરમાં આવેલા ગાયત્રીમંદિરમાં સેવાઓ આપી રહેલ છે. આવા વિદ્યાર્થીઓ જ સંસ્થાનું ગૌરવ વધારતા હોય છે.

5. પ્રિ. છગનભાઈ કા. પટેલ અનુશાસન, શિક્ષણ અને સંસ્કાર દાતા તરીકે ઉત્તમ ગણાયા હતા. બાહ્યદષ્ટિએ કડક કે કઠોર દેખાતા આ સાહેબ હૃદયથી-ભાવથી ખૂબ જ કોમળ અને ઋજુ હતા. ધો.10ની વાર્ષિક પરીક્ષાના પરીક્ષણ પછી અમે વર્ગ પરિણામ બનાવતા હતા. પ્રત્યેક વર્ગનું પરિણામપત્રક પ્રિન્સિપાલને બતાવવું ફરજિયાત હતું. ધો.10-અના મારા વર્ગમાં શારદાબેન નામની વિદ્યાર્થિની નાપાસ થતી હતી. પ્રમોશનના નિયમ પ્રમાણે તેને ગુજરાતી વિષયમાં ત્રણ ગુણ ખૂટતા હતા. સાહેબે તેની ઉત્તરવહી માગતાં મેં તેઓશ્રીને આપી. મુખ્ય ઉત્તરવહી અને પુરવણીના પાનાં વાંચીને મને જણાવ્યું કે આ બેન નાપાસ થશે તો અભ્યાસ છોડી દેશે અને ઉપલા ધોરણમાં જશે તો તેનું ઊજળું ભવિષ્ય બનશે. શક્ય બને તો ફરીથી પુનઃપરીક્ષણ કરો તો સારું. ઉત્તરવહી લઈને સમગ્રતા જોતાં લખ્યું કે હવે એક પણ ગુણ વધી શકે તેવું લાગતું નથી. જેથી સાહેબને કહ્યું કે, આમાં કોઈ વધારો શક્ય લાગતો નથી. જેથી મને ફરીથી કહ્યું કે, આ દીકરી છે. માત્ર ત્રણેક ગુણ ઓછા છે, જેથી ઉપલા વર્ગમાં જઈ શકતી નથી. જેથી કન્યા કેળવણી અને અધ્યાપક તરીકેની ભાવદષ્ટિથી આ ફરીથી વિચારો એવી મારી લાગણી છે. બાળક તરફની આવી મૃદુ દષ્ટિનું દર્શન થતાં નિબંધ અને મુદ્દાસર જવાબોમાં અડધો-અડધો ગુણ વધારતાં 3 ગુણ પૂરા થઈ ગયા ને શારદાબેન અગિયારમા ધોરણમાં ગયાં. જાણવા મળેલ છે કે બેન 11મું પાસ થઈને પી.ટી.સી. કરીને શિક્ષિકા તરીકે નોકરી કરતાં પણ થઈ ગયાં હતાં. કડક દેખાતી વ્યક્તિ હૃદયથી કેટલી બધી મૃદુ બની શકે છે તે આ પ્રસંગ પર જોવા મળ્યું અને કાયમ માટે આવી દષ્ટિ રાખવાની પરોક્ષ શીખ પણ મળી.

## – સિપોરમાં થયેલા પ્રેરક અનુભવો અને નવપ્રસ્થાનકારક કાર્યો:

1. જૂન, 1967માં સિપોર આદર્શ વિદ્યાલયમાં જોડાયો. ખેરાલુ તાલુકાના અંતરતમ ગામોમાં હાઈસ્કૂલ નહોતી. લગભગ 14 જેટલાં ગામો જ પાંચ-દશ કિલોમીટરના અંતરે આવેલાં હતાં. ત્યાંથી બહેનો અને ભાઈઓ અભ્યાસ માટે ચાલીને ભણવા માટે આવતાં હતાં. જેથી શાળામાં છાત્રાલય તાકીદે શરૂ કર્યું. છાત્રાલયનું સ્વતંત્ર મકાન તો નહોતું, પણ છાત્રોને જમવા માટે સીડી નીચેનો મોટો ભાગ હતો, ત્યાં રસોડું બનાવ્યું અને વિદ્યાર્થીઓના ચાલુ અભ્યાસ ખંડોની પાછળ થોડી જગા કરીને છાત્રોની લોખંડની પેટી અને તેમનાં ગાદલાંને વાળીને તેના ઉપર મૂકતાં. દિવસે શાળાનો વર્ગ બને અને શાળા સમય પહેલાં અને પછી

છાત્રાલયનો વર્ગ બની જતો. એ સમય ગામમાં વીજળી પણ નહિ. ફાનસના અજવાળે બાળકો ભણતાં અને આનંદથી રહેતાં. પ્રથમ વર્ષે 20 જેટલા છાત્રો હતા. છાત્રોને અગવડો પડતી છતાં બધા જ છાત્રો આનંદથી રહ્યા હતા. બીજા વર્ષે વીજળી આવી જતાં ઘણી અનુકૂળતા રહી. છાત્રાલયનું આયુષ્ય ટૂંકું હતું. ત્રણેક વર્ષ છાત્રાલય ચાલું રહ્યું હતું. છાત્રો ઘટતાં બંધ કરવાની ફરજ પડી.

સિપોર ગામમાં બધી જ જ્ઞાતિના માણસો રહેતા. કૃષિ અને પશુપાલન મુખ્ય વ્યવસાય. કેટલીક જ્ઞાતિઓના ઘરમાં બાળકોના અભ્યાસ માટે અલગ ખંડ મળતો નહિ, જેથી આવી અસુવિધાવાળાં બાળકો માટે રાત્રિશાળા શરૂ કરી. બાળકો સાંજના ઘેરથી જમીને પુસ્તકો સાથે શાળામાં આવે અને પ્રત્યેક વર્ગખંડમાં વીજળીની સુવિધા પ્રમાણે પાંચ-સાત બાળકોને રાખીએ. બાળકો સ્વાધ્યાય અને વર્ગકામ-વાચન કરીને 10-30 કે 11 વાગે રાત્રે સૂઈ જતાં. વર્ગમાં બાળકોની બેસવાની પાટલીઓ ભેગી કરીને બાળકો તેના ઉપર ગોદડી પાથરીને આરામ કરતાં. સવારે પાંચ વાગે પ્રાર્થના થતી. પછી મેદાન પર કસરત થતી. બાળકોને પૌષ્ટિક નાસ્તો પણ આપતા, જેથી શાળાનાં બાળકો રાજ્ય-રાષ્ટ્રકક્ષાએ ખાસ કરીને દોડમાં અને અન્ય સ્પર્ધાઓમાં પણ વિજેતા બનતાં હતાં. આ બાળકો કૉલેજ શિક્ષણ પૂરું કરીને સારી જૉબમાં જોડાયેલાં દેખાયાં છે. આવી રાત્રિશાળા બાળકોને ખૂબ જ પ્રેરક બનતી હતી.

આ ઉપરાંત અભ્યાસમાં નબળાં છાત્રો માટે રાત્રે શાળામાં કોચિંગ ટ્યૂશન વર્ગો રાત્રે 8થી 10 દરમિયાન ચલાવતા હતા. કર્તવ્યનિષ્ઠ અને ભાવનાશીલ અધ્યાપકમિત્રો રાત્રે શાળામાં આવતા અને જરૂરી શિક્ષણકાર્યમાં બાળકોને મદદરૂપ થતા હતા. શાળાનાં સારાં પરિણામો લાવવામાં આ કોચિંગ વર્ગો ખૂબ જ મદદરૂપ થયા હતા. અધ્યાપકો પણ સેવાભાવથી જ આ વર્ગો લેવામાં સહકાર આપતા હતા.

2. માધ્યમિક શાળા એટલે ગામનું પ્રતિનિધિત્વ ધરાવતું એકમ. ગામના સારા-માઠા પ્રસંગે ગામના નાગરિકોની સેવા કરવા માટે શાળા તત્પર રહેતી હતી. 1976માં ગુજરાતમાં અતિવૃષ્ટિ થઈ. ગામનું જાળેશ્વર તળાવ મોટા જળાશય જેવું 100 વીઘાનું છે. વધારે વરસાદથી આ તળાવ ઊભરાયું. તળાવના કાંઠા ઉપર રહેતા દશેક વાલ્મીકિ પરિવારનાં ઝૂંપડાં પણ તણાયાં. ઘરવખરી પણ તણાઈ ગઈ. સાવ નિરાશ્રિત થઈ ગયાં. ગામના શ્રેષ્ઠીઓ અને અગ્રણીઓ ભેગા થયા. સૌ ચિંતિત હતાં. મેં સૌને વિનંતી કરી કે આ લોકોને હાલપૂરતું શાળાના રૂમમાં રાખીએ જેથી શાંતિથી રહી શકે. ખાવા-પીવા માટે 10-10 બાળકોની ચારેક ટીમો બનાવીને દરેક ટીમમાં બે અધ્યાપકો જોડાયા. બાળકોની આ ટીમ હાથમાં બે ખાલી ડોલ (પિત્તળ-ઍલ્યુમિનિયમની હતી.) લઈ પ્રત્યેક મહોલ્લામાં જઈને બાળકોએ ભિક્ષા માગી. રોટલી-રોટલો એક ડોલમાં, બીજી ડોલમાં દાળ-શાક

લેતાં. બધાં શરણાર્થીઓ તૃપ્ત થાય ત્યાં સુધી જમ્યાં. આવું લગભગ ચારેક દિવસ ચાલ્યું. ત્યાર બાદ સરકારશ્રીની મદદ મળતી થઈ હતી. ચાર દિવસ પછી આ લાભાર્થીઓને હવે તેમની મૂળ જગાએ જવા વિનંતી કરી. લાભાર્થી સંમત થયા નહિ. શ્રેષ્ઠીઓએ તેમને ફરીથી ઘર-ઝૂંપડાં બાંધવા જણાવ્યું અને શાળાનાં બાળકોનું શિક્ષણકાર્ય પણ રાબેતા મુજબ શરૂ કરી શકાય તે માટે સહયોગ આપવા સમજણ પાડી, જેથી બધાં જ રાજીખુશીથી પોતાની મૂળ જગાએ ગયાં. બાળકો-ગ્રામજનો-અધ્યાપકો અને શ્રેષ્ઠીઓ દ્વારા સુંદર સેવાયજ્ઞ થયો જેનું સ્મરણ આજે પણ સંતોષ આપે છે.

3. સિપોર ગામ પાઘડીના પટ્ટે પૂર્વ-પશ્ચિમ દિશાએ આવેલું ગામ છે. ગામની શરૂઆતમાં જ બસસ્ટૅન્ડ પાસે જ સર્વોદય પ્રાથમિક કુમાર શાળા ધો.1થી 7 આવેલી છે. પ્રાથમિક કન્યાશાળા એક ભાડાના મકાનમાં ચાલતી હતી. વિદ્યાર્થી/વિદ્યાર્થિનીઓને બેસવામાં પણ તકલીફ પડતી હતી. પૂર્વ-પશ્ચિમ એવી કોઈ વધારાની પડતર જમીન પ્રાપ્ય નહોતી કે જ્યાં કુમાર-કન્યાશાળા બનાવી શકાય. દાન આપનારા દાતાઓ તૈયાર હતા, પણ સ્થળ-જમીનનો મોટો પ્રશ્ન હતો.

વર્ષોથી આ પ્રશ્ન અટવાતો રહ્યો, પણ તેનો ઉકેલ આવી શક્યો નહિ. જે ભાડાના મકાનમાં કન્યાશાળા ચાલતી હતી તેના માલિકે મકાન ખાલી કરવા જણાવ્યું, જેથી ગામના શ્રેષ્ઠીઓ અને અગ્રણીઓએ આ અંગે ગંભીરતાપૂર્વક વિચારવાનું શરૂ કર્યું. કન્યાશાળા માટે આદર્શ જગા પૂર્વ દિશામાં હોઈ શકે તેવો બધાનો મત હતો. સિપોર કેળવણી મંડળની કારોબારી-સલાહકાર સમિતિ અને સામાન્ય સભાએ પણ આ અંગે વિચારવાની સહમતિ આપી. આદર્શ વિદ્યાલય માટે વિશાળ મેદાન હતું. 400 મીટરનો ટ્રેક થાય તોપણ જગા રહેતી હતી, જેથી કેળવણી મંડળે ગામની પ્રાથમિક કન્યાશાળા માટે મેદાનની પશ્ચિમ રોડને અડકીને મકાન ઉત્તર-દક્ષિણ દિશાએ બાંધવામાં આવે અને બાળાઓને રમવા માટેનું મેદાન પણ શાળાનું મેદાન વાપરી શકાય. સિપોર કેળવણી મંડળે ખૂબ જ પ્રેમથી આ અંગેની સહમતિ આપી અને સદ્‌ગત શેઠશ્રી બુદ્ધિલાલ સલુભાઈ શાહ પરિવાર તરફથી શાળાના નામાભિધાનની શરતે દાન આપવાની જાહેરાત થતાં જ કન્યાશાળાના મકાનનું નવનિર્માણ શરૂ થયું અને થોડાક સમયમાં મકાન પરિપૂર્ણ થતાં પ્રાથમિક કન્યાશાળાનું સ્વતંત્ર મકાન બની ગયું. શાળા હવે એક જ પાળીમાં ચાલતી થઈ અને કન્યાશિક્ષણ-સ્થળનો મહત્ત્વનો પ્રશ્ન હલ થતાં સમગ્ર ગામમાં આનંદ થયો. દાતાઓ વધતા ગયા. કન્યાશિક્ષણમાં સંખ્યા પણ વધતી ગઈ. સમગ્ર પ્રશ્નનો ઉકેલ શોધવામાં અને સહયોગ આપવામાં કેળવણી મંડળના પદાધિકારીઓ, કારોબારી સભા અને સૌ સભ્યોની સહમતિએ વક્ષ ભૂમિકા રચનાત્મક રીતે બજાવીને ઉત્તમ કાર્ય સાકાર કરેલ છે.

4. સિપોર ગામમાં આઝાદીના બંને પ્રસંગોની ઉજવણી માધ્યમિક શાળામાં જ થતી હતી. માધ્યમિક શાળાનાં બાળકો બેન્ડની ટુકડી સાથે ગામની કુમારશાળામાં જતાં. ત્યાંથી કુમારશાળાનાં બાળકો અધ્યાપકો પણ આ કૂચમાં જોડાતાં. ગામની અધવચ્ચે આવેલી પ્રાથમિક કન્યાશાળાની બહેનો પણ આ સરઘસમાં જોડાતી. બાળકો અને ગ્રામજનતા આદર્શ વિદ્યાલયના પ્રાંગણમાં આવતાં, પછી બાળકો શાળા વાર બેસતાં અને ગ્રામજનો પણ આદરથી સહભાગી થતાં. ગામના સરપંચ અને કેળવણી મંડળના ચૅરમૅન શ્રી પ્રેમભાઈના શુભ હસ્તે શાનદાર ધ્વજવંદન થતું. ધ્વજવંદનની વિધિ પછી પ્રાસંગિક ઉદ્‌બોધન પછી શાળાવાર સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ થતો. જે દોઢથી બે કલાક ચાલતો. સૌ ખૂબ આનંદ અને ઉત્સાહથી સહભાગી થતાં. આ પ્રસંગ શિસ્ત, આદર અને રાષ્ટ્રભક્તિના ગૌરવ સમાન રહેતો. બીજા વર્ષે અમારી શાળાના સિનિયર સેવક શ્રી ધૂળાભાઈના હસ્તે હસ્તવંદન વિધિ રાખી હતી. સૌને નવાઈ લાગી, પણ નાગરિક રીતે સેવકભાઈનું આવું સન્માન નવો શિરસ્તો બની ગઈ અને સૌને ખૂબ જ સંતોષ થયો. 15મી ઑગસ્ટ અને 26મી જાન્યુઆરીના આ રાષ્ટ્રીય પર્વોની શાનદાર ઉજવણીમાં જનભાગીદારી વધતી ગઈ અને ગામની જનતાનું સાચું પર્વ બની ગયું.

5. સિપોરમાં કાલિદાસ બારોટ સમાજસેવક હતા. તેમણે પોતાની મિલકતમાંથી ગામમાં ટાવર બંધાવવાનો નિર્ણય કર્યો. ટાવરના ઉદ્‌ઘાટન પ્રસંગે સમગ્ર ગામનો જમણવાર યોજવાનો શુભ સંકલ્પ તેઓશ્રીએ રજૂ કર્યો. સૌએ પ્રેમથી આવકાર્યો, પણ તેનું આયોજન શાળામાં કરવું એવું વિચાર્યું. ભારતનાં ગામડાંઓમાં હજુ પણ જ્ઞાતિપ્રથાની પરંપરા જળવાઈ રહી છે, જેથી સમૂહનો ભોજનસમારંભ યોજવામાં અનેક કાલ્પનિક મુશ્કેલીઓ ઊભી થતી લાગી, જેથી દાતાશ્રીને દુઃખ થયું. પુનઃ ગામમાં વસતા નાગરિકોની ભાવના પ્રમાણે દરેક જ્ઞાતિના પાંચ-પાંચ આગેવાનોની મિટિંગ શાળામાં રાખીને બધાના વિચારો જાણ્યા. જમણવાર કેવી રીતે રાખવો તેના વિકલ્પો પણ વિચારાયા. ગામમાં દરેક જ્ઞાતિની પોતાની વાડી હોય છે. જેમાં સારા-માઠા પ્રસંગો, મિટિંગ અને જમણવારો યોજાતાં હોય છે, જેથી જ્ઞાતિવાર સંખ્યા નોંધવામાં આવી અને સંખ્યાના આધારે જરૂરી સીધુ-સરસામાન દરેક જ્ઞાતિને એકાદ દિવસ પહેલાં પહોંચાડી દેવાનું અને જમણવાર જ્ઞાતિઓની વાડીઓમાં આનંદ અને ઉત્સાહથી કરવો એવો સર્વાનુમતે નિર્ણય લીધો. લોકસેવક અને દાતા શ્રી કાલિદાસભાઈ સાદું જીવન જીવતા હતા. ટાવરનો ઉદ્‌ઘાટન પ્રસંગ સુંદર અને ભાવપૂર્ણ રીતે ઉજવાયો. દાતાશ્રીનું યોગ્ય સન્માન થયું અને જમણવારનો પ્રસંગ રૂડી રીતે ઉજવાયો. ગામની એકતા અને ઉદારદિલી દેખાઈ. ગ્રામના અગ્રણી નેતાઓની કુશાગ્ર બુદ્ધિ, પ્રામાણિક વહીવટ અને સૌને સાથે રાખીને પ્રત્યેક કાર્યક્રમ યોજવાથી બાળકોમાં પણ સંપ, ભ્રાતૃભાવના અને વિશાળતા વધતી હતી. આદર્શ શાળા અને સ્ટાફ પ્રત્યેક પ્રસંગને સફળતાપૂર્વક પૂર્ણ કરવામાં પરિશ્રમ અને

આયોજનપૂર્વક અમલ કરવામાં અગ્રેસર રહેતો, જેથી શાળાને સમગ્ર ગામ અને સમાજમાં આદર અને ગૌરવ પ્રાપ્ત કરીને પરિતૃપ્તિ અનુભવતા હતા.

6. કોઈ પણ માધ્યમિક શાળા જે-તે ગામનું જનરેટર હોય છે. ગામની પ્રત્યેક ઘટના સાથે શાળાની સંવેદના જોડાયેલી હોય છે. કુદરતી આપત્તિ કે ગામના સારા-માઠા પ્રસંગો વખતે યોજવામાં આવતી પ્રવૃત્તિઓની સમગ્ર જવાબદારી શાળાએ જ નિભાવવાની છે. ગામના ગ્રામજનો માટે ચિત્રપટ દર્શન એ સમયે દોહ્યલું હતું, જેથી પ્રત્યેક મહિને-બે મહિને ધાર્મિક કે સામાજિક ચલચિત્રનું નિદર્શન શાળામાં યોજવામાં આવતું હતું. માત્ર ગામના જ નાગરિકો નહિ, પણ આજુબાજુના ગામના નાગરિકો મોટી સંખ્યામાં ચલચિત્ર જોવા આવતા અને ભાવપૂર્ણ રીતે શાંતિથી ચલચિત્ર નિહાળતા. આથી પરોક્ષ રીતે ઉત્તમ સંસ્કાર-ટેવોનું નિર્માણ થતું પણ જોવા મળતું હતું. અમદાવાદથી નાનું પ્રોજેક્ટર લઈને ફિલ્મ સાથે ભાઈ આવતા અને બીજા દિવસે સવારે વિદાય થતા. આ માટેનો ખર્ચ સુખી અને ભાવનાશીલ વ્યક્તિઓ દાન પેટે આપતી હતી.

7. ગ્રામવિસ્તારનાં બાળકોનાં શૈક્ષણિક સ્તરની સુધારણા માટે સિપોર ગામ અને આજુબાજુનાં 20 જેટલાં ગામોના પ્રાથમિક શાળાના શિક્ષકો માટે શિક્ષણ નવરચના અને સુધારણા, નવા પ્રયોગો માટેની જ્ઞાનવર્ધક સભા પ્રત્યેક બે મહિને એક દિવસ રાખવામાં આવતી હતી. જેમાં તજ્જ્ઞ શિક્ષણશાસ્ત્રીઓ, કેળવણીકારો અને અધિકારીશ્રીઓને વક્તાઓ તરીકે નિમંત્રણ પાઠવવામાં આવતું હતું. પૂરા ત્રણેક કલાક સુધી આ અધ્યયસભા મળતી હતી. આ માટે પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી પાસે પરિપત્ર કરાવીને વિનંતી કરી હતી કે આ દિવસે આ જૂથમાં જોડાયેલી પ્રાથમિક શાળાઓનો સમય સવારે 7થી 11 સુધીનો રાખવો. ત્યાર બાદ જે-તે શિક્ષકો ઘેર જઈને ભોજન લઈને 12-30 કલાકે આદર્શ શાળામાં આવી જતા. બપોરે 1થી 4 સુધી આ અધ્યયન જૂથમાં પાઠનિદર્શન, નવા વિચારો, શિક્ષણચિંતનનું આદાનપ્રદાન થતું. આ બેઠકોમાં તાલુકા, જિલ્લા, રાજ્યકક્ષાના અધિકારીશ્રીઓ પણ હાજર રહીને માર્ગદર્શન આપતા હતા. આ પ્રયોગ સમગ્ર જિલ્લામાં પ્રથમ હતો. જેથી સૌ કોઈ આનંદથી સહભાગી થતા હતાં. દશેક વર્ષ સુધી સાતત્યપૂર્ણ રીતે આ શિક્ષણયજ્ઞ ચાલ્યો હતો. પરિણામે પ્રાથમિક શાળામાં ભણતાં બાળકોનાં શિક્ષણનું સ્તર-શિસ્ત અને રચનાત્મક દૃષ્ટિ વિકસાવવામાં મોટું બળ મળ્યું હતું. આવી પ્રવૃત્તિઓ કરવા માટે કેળવણી મંડળના પદાધિકારીશ્રીઓનો સહયોગ અને સહમતિ હંમેશાં મળતી હતી.

ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ તરીકે સમગ્ર રાજ્યનાં વિવિધ સ્થળોએ જવાનું થતું. વળી, આચાર્યોના પ્રશ્નો અંગેની જાણકારી પણ મળતી. મહેસાણા જિલ્લાની વિખ્યાત શાળાઓના સર્જનમાં વિશેષ સલાહ અને પુરુષાર્થ રેડીને શાળાઓને વિકસિત કરી હતી. જેની સૌરભ સમગ્ર રાજ્યમાં પ્રસરેલી દેખાતી હતી. પ્રત્યેક સ્થળે કેળવણી મંડળની અસંતોષી વ્યક્તિઓ મળી રહેવાની.

જેથી તેઓશ્રી જે-તે શાળાના આચાર્યો વિશે અનેક પ્રકારની ગેરસમજો કે પ્રપંચો સમાજમાં ફેલાવતા. ધીમે-ધીમે આવી પ્રવૃત્તિઓ વિકસતી જતી, જેથી આચાર્યોને અનુશાસનથી કામ કરવાની મૂંઝવણ વધતી. અંતે આચાર્યોએ જે-તે શાળામાંથી વિદાય લેવાનો અવસર આવે તો કોઈ પણ સ્થળ, ગામ, શાળા તરફનો વિશેષ પ્રેમ કે આસક્તિ જે-તે સ્થળે અભાવનું વાતાવરણ સર્જે છે. જેથી કેળવણી મંડળ, ગ્રામજનો, વાલીઓનો પ્રેમ પારાવાર હોય ત્યારે તે સ્થળ છોડવું અને નવીન સ્થળે કાર્ય કરવા જવું આવશ્યક બને છે. આમ છતાં ખૂબ જ મોટા ગજાના, સમર્થ પ્રિન્સિપાલોએ સ્થળની આસક્તિ રાખી હતી, જેથી ત્યાંથી માન વગર સ્થળ છોડવાની ફરજ પડેલી જોવા મળતી હતી. આ વિચારને કેન્દ્રમાં રાખીને જનતાનો પ્રેમ પૂર્ણભરતીસમો દેખાય તેવા સમયે જ પ્રેમ સાથે સ્થળ છોડવા માટે તૈયાર રહેવું જોઈએ. સર્વ વિદ્યાલય કડીના સમર્થ આચાર્યશ્રી મોહનલાલ પટેલ 1984માં નિવૃત્ત થયા હતા. મંડળે અનેક વાર જાહેરખબરો આપી છતાં સંસ્થાને યોગ્ય આચાર્ય મળ્યા ન હતા, જેથી સર્વ વિદ્યાલય કેળવણી મંડળના સર્વે પદાધિકારીશ્રીઓ સિપોર આવીને સિપોરના કેળવણી મંડળના પદાધિકારીશ્રીઓને મળ્યા અને હું કડી સંસ્થામાં જોડાવું એ માટે અનુમતિ માગી હતી. મંડળ અને ગ્રામજનોએ ભારે હૃદયે આ વાત સ્વીકારી હતી અને 15 જુલાઈ, 1985ના રોજ સર્વ વિદ્યાલય કડીની સંસ્થાનો ચાર્જ સંભાળ્યો. આ સંસ્થા રાષ્ટ્રીયભાવનાને પોષક સંસ્થા હતી. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી અને વડોદરાના પ્રજાવત્સલ ઉમદા રાજવી સયાજીરાવ ત્રીજાએ આ સંસ્થાની મુલાકાત લઈને ગૌરવ વધાર્યું હતું. વળી, આ શાળા છાત્રાલય સાથેની શાળા હતી. શિક્ષણ અને સમાજસેવાના ઉમદા આદર્શોને વરેલી હતી. બાલમંદિરથી ગ્રેજ્યુએશન સુધીનું શિક્ષણ આપતી વિવિધ સંસ્થાઓ અને છાત્રાલયો ધરાવતું વિશાળ સંકુલ હતું. આશરે પાંચ હજાર બાળકો અને એકાદ હજાર નિવાસી છાત્રોવાળી આ સંસ્થાઓ હતી. સંસ્થાનાં આદર્શો અને મૂલ્યો પ્રમાણે મંડળના સહયોગથી સારું કાર્ય થઈ શક્યું. સંસ્થાના ઉમદા અને નિષ્ઠાવાન અધ્યાપકો, ગૃહપતિશ્રીઓ અને કાર્યકરો સાથે સંવાદ અને ધીરજથી કાર્ય કરવાનો આનંદ થયો છે. કેળવણી મંડળનો પૂરો સહયોગ મળતો હતો. આ સંસ્થા 24 કલાક કાર્યરત રહેતી હતી. બાળકો પણ ભાવનાથી અને પરિશ્રમથી પ્રવૃત્તિઓમાં જોડાયાં હતાં. મંડળના ધીર-ગંભીર અને વિવેકશીલ પદાધિકારીશ્રીઓની હૂંફ અને સદ્ભાવ હંમેશાં દેખાયાં હતાં, જેથી સંસ્થા મુખ્ય બની અને અંગત પ્રવૃત્તિઓ, ઘર ગૌણ બનવા પામ્યું. આવી ઉત્તમ સંસ્થામાં કાર્ય કરવાનું મળ્યું તેને મારું સદ્ભાગ્ય સમજું છું.

### સર્વ વિદ્યાલય, કડીમાં થયેલા અનુભવો:

1. વ્યક્તિ અને સમાજપરિવર્તન કરવું એ સંસ્થાનો મુખ્ય ઉદ્દેશ રહ્યો છે. પ્રેતભોજનનો વિરોધ અને નાની વયે લગ્નો ન કરવાં, કન્યાશિક્ષણને ઉત્તેજન આપવું,

સાથે જીવનનાં ઉમદા મૂલ્યોને સાકાર કરવાના ભગીરથ પુરુષાર્થો સંસ્થાના મોવડીઓએ કરેલ છે. નંદાસણ પાસેના એક મોટા ગામમાં અગ્રણી વ્યક્તિના અવસાન નિમિત્તે ગામનો જમણવાર યોજાયો હતો. કોઈ કારણથી જમતાં પહેલાં વિવાદ સર્જાયો, જેથી ગામનાં એક મોટા જૂથે જમવાનો બહિષ્કાર કર્યો. વધેલી રસોઈ ટ્રેક્ટરમાં ગોઠવીને છાત્રાલયનાં બાળકોને જમાડવા માટે લઈને આવ્યા. આવનાર અગ્રણીને આ રસોઈ કયા પ્રસંગ માટે બનાવી હતી તે પૂછતાં તેમણે વડીલના મરણ નિમિત્તે બનાવી હતી. મને થોડી મૂંઝવણ થઈ. પૂ. છગનભાએ પ્રેતભોજનનો જિંદગીભર વિરોધ કરેલો, તેમની સંસ્થાનાં બાળકોને આ નિમિત્તે ભોજન આપવું યોગ્ય ગણાય નહિ. સંસ્થાના મંત્રી સાહેબ માણેકલાલ સાહેબને આ જણાવ્યું. સાથે આનો સ્વીકાર આપણી સંસ્થાથી કરી શકાય નહિ તેવી વિનંતી કરી, જેથી સાહેબે તુર્ત જ અનુમતિ આપી અને લાવેલ ભોજન કડીના આર્થિક પછાત વિસ્તારમાં જઈને વહેંચી દેવા જે-તે આગેવાનોને જણાવ્યું. સંસ્થાએ પોતાના આદર્શો અને મૂલ્યોની પુષ્ટિ કરી છે. તેમાં ક્યારેય બાંધછોડ કરેલ નથી. જેમાં સમગ્ર રાજ્યમાં આ સંસ્થાનું ગૌરવ અદકેરું વધી રહેલ છે. સારું શિક્ષણ આર્થિક પછાત બાળકોને શિષ્યવૃત્તિઓ અને છાત્રાલયોની આદર્શ વ્યવસ્થા કરીને સમાજ અને સરકારના અગ્રણીઓમાં વિશ્વાસ અને પ્રેમને પ્રસ્થાપિત કરેલ છે.

2. 1989ના વર્ષમાં ગુજરાતમાં દુષ્કાળના ઓળા ઊતર્યા. છાત્રાલયોમાં ભણતાં ગ્રામજનોનાં બાળકો સમયસર ભોજનબિલ ભરી શકતાં નહોતાં. વાલીઓ અનુકૂળતા પ્રમાણે ભોજનબિલની રકમ ભરી જતા. સમી તાલુકાના એક ગામનો વિદ્યાર્થી ભોજનબિલ ભરી શક્યો નહિ. જેથી નિયમ પ્રમાણેની સૂચના તેના વાલીને મોકલવા ક્લાર્કશ્રીએ તાકીદ કરી. એક દિવસે મંડળના કાર્યાલયમાં અમે બેઠા હતા ત્યારે કપડેલત્તે બેહાલ ખેડૂત સંસ્થાના રસ્તા ઉપર દેખાયા. તેમને આદર સાથે આવકાર્યા. પાણી આપ્યા પછી તેમના આવવાનું પ્રયોજન પૂછતાં સાથે લાવેલ ગાંસડી છોડી, જેમાં રૂપિયાની ચૂંથાયેલ નોટો અને પરચૂરણ હતાં. તેમણે ક્લાર્કનો પત્ર બતાવ્યો. તેમની આંખમાં કરુણા દેખાતી હતી. કાગળ વાંચીને બાજુમાં બેઠેલા મંત્રી શ્રી માણેકલાલ સાહેબને આપ્યો. સાહેબનો પ્રકોપ વધ્યો. ક્લાર્કને હાલ રૂબરૂ બોલાવો. ક્લાર્ક આવતાં ફરીથી કોઈ છાત્રના વાલીને આવો પત્ર નહિ લખવા તાકીદ કરી. વાલીને જણાવ્યું કે આવી રીતે રકમ કેમ લાવ્યા છો? તેમણે સહજ રીતે કહ્યું કે, દૂધની આવક જે બે મહિનાની થઈ હતી તે લાવ્યો છું. બાકી રકમ પાછળથી મોકલીશ. શ્રી માણેકલાલ સાહેબે કહ્યું કે જે રીતે પૈસા લાવ્યા છો તે પાછા લઈ જાઓ. તમારા દીકરાનું ભોજનબિલ સંસ્થા માફ કરે છે. આખા વર્ષનું ભોજનબિલ માફ કરવાની સૂચના આપી. વાલીને આદર સાથે ભોજન કરાવીને મોકલ્યા. ગ્રામજનતા માટેની કરુણા, વાત્સલ્યતા અને ઉદારતા સાહેબમાં જોવા મળી હતી. તેઓશ્રીએ મને સૂચના આપી કે આવાં બાળકો દેખાય તેમને ભોજનબિલ

કે અન્ય બિલોમાં પણ રાહત આપી દેવી, જેથી વાલીઓ નિશ્ચિંત બનીને બાળકોને ભણાવી શકે.

રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજીએ 1920માં અમદાવાદમાં ગૂજરાત વિદ્યાપીઠની સ્થાપના કરી. એ જ અરસામાં કડીમાં છગનભાએ છાત્રાલય સાથેની માધ્યમિક શાળા શરૂ કરી. છગનભા આત્મકલ્યાણાર્થે કાશીમાં દીક્ષા લેવા ગયા હતા. ત્યાં ક્રાંતિકારી સંત કેશવાનંદ સ્વામીનો મેળાપ થયો. સ્વામીએ આત્મકલ્યાણ કરતાં ઉત્તર ગુજરાતના સમાજની સેવા માટે શિક્ષણનો યજ્ઞ શરૂ કરવાની પ્રેરણા આપી. આશિષ સાથે પાંચ રૂપિયાનો સિક્કો આપીને કહ્યું કે છગનભાઈ તમારી ઝોળી કદી ખાલી થશે નહિ. સમાજનો વ્યાપક સહકાર મળશે. છગનભાએ કાશીથી પરત આવીને મોટા બાર ગામના આગેવાનોની મિટિંગ પ્રાંતના મુખ્ય સ્થળે બોલાવીને શિક્ષણયજ્ઞની શરૂઆત છાત્રાલયથી કરી. ભા અને આગેવાનો છાત્રો શોધવા નીકળ્યા. પ્રથમ વર્ષે માત્ર છ છાત્રો મળ્યા. છાત્રાલય શરૂ થયું. જ્યાં સુધી હું શાળા શરૂ નહિ કરું ત્યાં સુધી મીઠાઈ નહીં ખાવાની પ્રતિજ્ઞા કરી. આમ, જનતાએ વ્યાપક સહયોગ આપ્યો. છાત્રો પણ મળ્યા અને ધનરાશી પણ ભેગી થવા માંડી. કડી રેલવે સ્ટેશનની પાછળનાં ખેતરોમાં છાત્રાલય સાથેની શાળાની શરૂઆત થઈ. જે પાછળથી વિશ્વ વિખ્યાત રાષ્ટ્રીય સંસ્થા તરીકે સર્વ વિદ્યાલય, કડીના નામથી વિખ્યાત થઈ. બાળકો અને અધ્યાપકો તથા કાર્યકરોના પુરુષાર્થથી પહેલાં છાત્રાલયના મકાનનું નિર્માણ થયું. આ મકાનમાં દિવસે શાળા ચાલતી અને એ જ મકાન રાત્રે છાત્રાલયમાં ફેરવાઈ જતું. 1942માં શેઠશ્રી અરવિંદભાઈ મફતલાલ તરફથી રાજરત્ન શેઠશ્રી પ્રાણસુખલાલ મફતલાલ વિવિધલક્ષી સર્વ વિદ્યાલય, કડીનું આકર્ષક અને ભવ્ય તથા સુવિધાવાળું મકાન શરૂ થતાં વિશેષ પ્રગતિ થઈ. ઊંચાં પરિણામો અને વિવિધ પ્રવૃત્તિઓ સાથે જીવનઘડતર પણ થતું હતું. આદર્શ આચાર્યો, અધ્યાપકો અને કાર્યકરોના મૂલ્યનિષ્ઠ જીવન વ્યવહારથી કડી ઉત્તર ગુજરાતના કાશી તરીકે પ્રખ્યાત થયું. માત્ર ચીલાચાલુ અભ્યાસક્રમો નહિ, પણ રોજગારલક્ષી અભ્યાસક્રમો શરૂ કરવા માટે ટેક્નિકલ હાઈસ્કૂલની પણ શરૂઆત થઈ. આ માટે પણ શેઠ શ્રી અરવિંદભાઈ મફતલાલ તરફથી ઘણાંબધાં વિશેષ મોટાં દાન પણ મળ્યાં હતાં. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી અને કડવા પાટીદાર ઉત્તેજક મંડળ કડીના અનુભવી અને કાર્યદક્ષ વહીવટકર્તાઓએ સંસ્થાની કીર્તિ અને ગૌરવ વધાર્યું છે. ઉત્તર ગુજરાતમાં ઉચ્ચ શિક્ષણ માટેની વિજ્ઞાન કૉલેજો ઘણી ઓછી હતી. જેથી ઉત્તર ગુજરાતનાં બાળકોના હાયર એજ્યુકેશનમાં વિજ્ઞાનના શિક્ષણ માટેની કૉલેજ 1965માં શરૂ કરી. ઓછાં બાળકોના અભાવે એકાદ-બે દાયકાઓ સુધી વિજ્ઞાન કૉલેજ ખોટમાં જ ચાલતી હતી. આર્ટ્સ કૉલેજ શરૂ કરતાં સંયુક્ત વિભાગોની સંખ્યાના કારણે કૉલેજો વાયેબલ બની શકી. વળી, બોચાસણવાસી અક્ષર પુરુષોત્તમ મંદિરના શ્રદ્ધેય પૂજ્ય પ્રમુખ સ્વામી તરફથી સંસ્થાને દાન અને આશીર્વાદ બંને મળ્યાં. જેથી વિજ્ઞાન કૉલેજનું

પ્રમુખસ્વામી સાયન્સ કૉલેજ નામાભિધાન અપાયું. આજે પ્રમુખસ્વામી સાયન્સ અને એસ. ડી. પટેલ આર્ટ્સ કૉલેજનાં પરિણામો અને સંખ્યામાં ઘણો સારો સુધારો દેખાયો છે. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી પાટણ સંલગ્ન કૉલેજોમાં આ કૉલેજ અગ્રણી અને ગૌરવપૂર્ણ ગણાય છે. ત્યાર બાદ બી.બી. સી./બી.બી.એ. અને એમ.બી.એ., એમ.સી.એ.ના વિવિધ અભ્યાસક્રમો દાતાશ્રી નરસિંહભાઈના સહયોગથી શરૂ કરવામાં આવ્યા. અંગ્રેજી માધ્યમની શાળા અને ધો.10 સુધીની ભારત સરકાર માન્ય શાળાઓ પણ શરૂ કરવામાં આવી. રોજગારલક્ષી શિક્ષણ માટે સાંકળચંદ કાળિદાસ આઇ.ટી.આઇ. સંસ્થા પણ ત્રણે પાળીમાં શિક્ષણકાર્ય કરે છે અને સેંકડો તાલીમાર્થીઓને પરીક્ષા પહેલાં જ નોકરીનું પ્લૅસમૅન્ટ મળી જાય છે.

ગુજરાત સરકારે ગાંધીનગરમાં વસતા કર્મચારીઓ અને નાગરિકોનાં બાળકો માટે જરૂરી શૈક્ષણિક સંસ્થાઓ સ્થાપવા માટે ઉદાર શરતે જમીન આપતાં દાતાશ્રી ચંદુલાલ માધવલાલ પટેલ હાયર સેકન્ડરી શાળા શરૂ થઈ. જેમાં અંગ્રેજી, ગણિતશાસ્ત્ર અને સાયન્સના વિષયો ફરજિયાત હતા. જેથી તેનાં ઉત્તમ પરિણામોએ અનેક સિદ્ધિઓ મેળવીને ગૌરવ વધાર્યું છે. ત્યાર બાદ રાઈબેન ગોપાળભાઈ પટેલ ગર્લ્સ હાઈસ્કૂલની શરૂઆત થઈ. ઉમિયા માતાજીના આશીર્વાદથી ઉમા આર્ટ્સ અને શેઠશ્રી કેશુભાઈ વિ. પટેલના દાનથી નાથીબા મહિલા કૉમર્સ કૉલેજ શરૂ થઈ, જે ગુજરાત યુનિવર્સિટી સાથેનું જોડાણ ધરાવે છે. શાળા-કૉલેજોના છાત્ર-છાત્રાઓ માટે અલાયદા સુવિધાપૂર્ણ આદર્શ છાત્રાલયોની સ્થાપના પણ દાતાઓના સહયોગથી થઈ. 1995માં ગુજરાતમાં સૌપ્રથમ સેલ્ફ ફાઇનાન્સ કાલુપુર બૅંક ફાર્મસી કૉલેજની સ્થાપના કાલુપુર બૅંકના પ્રમુખ શ્રેષ્ઠી શ્રી બળદેવભાઈ ડોસાભાઈના સહયોગ અને દાનથી શરૂ થઈ. ત્યાર બાદ એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજની સ્થાપના થઈ. કૉમર્સ અને મૅનેજમૅન્ટ અભ્યાસક્રમો તથા રોજગારી આપતા અનેક વિષયોની કૉલેજો-છાત્રાલય સાથે શરૂ કરવામાં આવ્યાં. કેળવણી મંડળના ચૅરમૅનશ્રી માણેકલાલ પટેલસાહેબના અતિ ઉત્સાહ અને ભારે પુરુષાર્થથી ગાંધીનગર શાખાનો વિકાસ થયો. મૂલ્યલક્ષી શિક્ષણ અને પ્રામાણિક વહીવટના પરિણામે સરકારશ્રીમાં અને દેશ-વિદેશમાં સંસ્થાની નામના અને પ્રતિષ્ઠા ઉભય વધવા પામ્યાં છે. ઉત્તમ શિક્ષણ, વિદ્યાર્થીઓ પ્રત્યે વાત્સલ્ય અને વાલીવર્ગ સાથે જરૂરી સહયોગ અને સંવાદથી સંસ્થા પ્રત્યે સમગ્ર સમાજનો આદર અને પ્રેમ વધ્યો છે. રોજગાર શિક્ષણ માટેના નવા વિષયો સિરેમિક્સ, આઇ.ટી. કમ્પ્યૂટર, નર્સિંગ ડિગ્રી અને પોસ્ટ-ગ્રેજ્યુએટની કૉલેજો દાતાઓના સહયોગથી શરૂ થઈ છે. નર્સિંગ કૉલેજ અને ફિઝિયોથેરાપી કૉલેજ માટે U.S.A.માં વિખ્યાત 'પટેલ બ્રધર્સ'વાળા મોટા ઉદ્યોગપતિ શ્રી મફતભાઈ પટેલે તેમનાં સ્વ. ધર્મપત્ની ચંચળબેનના નામાભિધાન શરતે ચાર કરોડથી અધિક રૂપિયાનું દાન આપેલ છે. આ કૉલેજ કૅમ્પસના નામાભિધાન માટે અમેરિકા સ્થિત દાતાશ્રી ભગુભાઈ પટેલે

તાજેતરમાં મોટી રકમનું દાન જાહેર કર્યું છે. ફાર્મસી કૉલેજમાં સંશોધન માટે ચડાસણાના વતની અને પિલવાઈ શાળાના ભૂતપૂર્વ વિદ્યાર્થી શ્રી ડાહ્યાભાઈ પટેલે પણ કરોડોનું દાન આપેલ છે. એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ માટે U.S.A. સ્થિત દાતાશ્રી દશરથભાઈ રામદાસ પટેલે રૂપિયા ત્રણ કરોડ પચાસ લાખ રૂપિયાનું દાન આપેલ છે. પોલિટેક્નિક કૉલેજ શરૂ કરવા માટે શ્રી વિષ્ણુભાઈ પી. પટેલ (U.S.A.) તરફથી પણ મોટી રકમનું દાન મળ્યું છે. પ્રત્યેક ઉચ્ચ શિક્ષણની વિદ્યાસંસ્થા માટે દાતાશ્રીઓએ ખોબલે-ખોબલે ભરીને દાન આપેલ છે. કડી સર્વ વિશ્વવિદ્યાલય, કડી-ગાંધીનગરની માન્યતા 2007માં મળતાં સંસ્થાનો સારો વિકાસ થતો ગયો છે. આ યુનિવર્સિટીના ભવન માટે અને અન્ય શૈક્ષણિક પ્રવૃત્તિઓ તથા શેરથાના દાતા શ્રી ઈશ્વરભાઈ અને પ્રો. વિઠ્ઠલભાઈના પરિવારે વિદ્યાર્થીઓને પ્રોત્સાહન માટે કરોડોનું દાન આપ્યું છે, દાતાશ્રીની ઉદારતા, શિક્ષણપ્રેમ અને શૈક્ષણિક અનુભવનો લાભ સંસ્થાને સતત મળતો રહે છે, તે આપણા માટે આનંદદાયક છે. ડિગ્રી ઇજનેરી અભ્યાસક્રમની કૉલેજ શરૂ કરવા માટે કડી સ્થિત મોટા ઉદ્યોગગૃહ સિરેમિક્સ તરફથી પણ કરોડો રૂપિયાનું પ્રશસ્ય દાન મળેલ છે. દાતાશ્રીઓનો વિશ્વાસ, વાલી વર્ગનો પ્રેમ અને સરકારશ્રી તરફથી જરૂરી તમામ મદદ સંસ્થાને મળતી રહે છે તે ગૌરવપૂર્ણ છે. આ માટે તેઓશ્રીનો આભાર માનતાં હર્ષ અનુભવીએ છીએ. તજ્જ્ઞ અધ્યાપકો, પ્રાધ્યાપકો, ડિરેક્ટરશ્રીઓ અને પ્રિન્સિપાલશ્રીઓ તથા કુલપતિશ્રીનો પણ આભાર માનીએ છીએ. સંસ્થાના ઉદ્દેશો હાંસલ કરવામાં, સંસ્થાઓનાં ઊંચાં પરિણામો હાંસલ કરવામાં, તેજસ્વી વિદ્યાર્થીઓને પ્રોત્સાહક સ્કૉલરશિપ આપવામાં કેળવણી મંડળના વર્તમાન ચૅરમૅનશ્રી વલ્લભભાઈ પટેલ ગાંધીનગર શાળાના પ્રમુખ શ્રી વી. પી. પટેલ અને સ્વ. ડૉ. કનુભાઈ ડી. પટેલ તથા ચૅરમૅનની તમામ ટીમના મંડળના મંત્રીશ્રીઓ અને પદાધિકારીઓનો પરિશ્રમ અને સેવા નિરંતર મળતાં રહ્યાં છે. જેથી સંસ્થાની પ્રગતિ નિરંતર વિકસતી જ રહી છે. પૂર્વ પ્રમુખો, ચૅરમૅનશ્રીઓ અને મંત્રીઓએ પણ ભારે પરિશ્રમ લઈને સંસ્થાના પાયા મજબૂત બનાવ્યા છે. સર્વ વિદ્યાલય કેળવણી મંડળ એટલે સર્વ સમાજોની સંસ્થા, સર્વ સમાજનાં બાળકોની માતૃસંસ્થા અને સમગ્ર સમાજોની પ્રગતિ અને મૂલ્યોના સંવર્ધનમાં પ્રેરણા આપતી સંસ્થા છે. સંસ્થાની આ નોંધમાં કોઈ ક્ષતિ રહી ગઈ હોય કે નામોલ્લેખમાં ચૂક થઈ હોય તો મિચ્છામી દુક્કડમ્ઃ ક્ષમા પ્રાર્થું છું.

સંસ્થાને વધુ પ્રાણવાન અને ચિરંજીવ બનાવવા માટે સંસ્થાના સૌ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને સંસ્થામાં પધારવા, સંસ્થાનું સંચાલન જોવા અને ઉપયોગી રચનાત્મક સૂચનો કરવા અને સહયોગ આપવા વિનંતી છે.

સંસ્થાની સર્વ શૈક્ષણિક સંસ્થાઓના તજ્જ્ઞો અને વિદ્વાન પ્રાધ્યાપકો અને પ્રિન્સિપાલશ્રીઓને સંસ્થા અને બાળકોને ઉત્તમ તથા હેતુપૂર્ણ શિક્ષણકાર્ય અપાવીને ઊંચાં પરિણામો હાંસલ કરાવવામાં પ્રેરણારૂપ બનવા વિનંતી છે.

સંસ્થાને હંમેશાં મદદરૂપ થતા સુજ્ઞ અને સૌજન્યશીલ દાતાશ્રીઓને સંસ્થામાં પધારવા અને સૌ કાર્યકરોને પ્રોત્સાહિત કરવા તથા દાનની સરવાણી સતત વહેતી રાખવા આપને અને પ્રભુને પ્રાર્થના કરીએ છીએ.

સંસ્થાના સૌ કાર્યકરોએ પોતાની શક્તિ-ભક્તિ અનુસાર સદ્‌ભાવ દર્શાવીને પદાધિકારીશ્રીઓના કાર્યમાં સતત સહયોગ આપવા, સમયદાન આપવા હાર્દિક વિનંતી છે.

સંસ્થા આદર્શો અને મૂલ્યોને વરેલી છે. વ્યાપક સમાજના વિકાસની સર્વ પ્રવૃત્તિઓમાં સંવાદ સાધીને પ્રેમ, ભ્રાતૃભાવ અને રાષ્ટ્રપ્રેમ વધતો જ રહે તેવી નમ્ર પ્રાર્થના છે. જેથી સંસ્થાની યશકલગી હંમેશાં ગૌરવપૂર્ણ બનતી જ રહેશે.

**કાશીબા અવૉર્ડ:** સર્વ વિદ્યાલય કડીના હજારો ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ પરદેશમાં સ્થાયી થયા છે. તેઓએ પોતાનું ઔદ્યોગિક સામ્રાજ્ય ઊભું કરીને અર્થ અને ગૌરવ બંને મેળવેલ છે. તેજસ્વી છાત્રો નાસા જેવી અગ્રણી સંસ્થામાં પણ સારા હોદ્દાઓ પર કામ કરી રહ્યા છે. એવા એક દૃષ્ટિવંત અને શિક્ષણપ્રેમી N.R.I. ઑફિસમાં મળવા આવ્યા. પોતાની માતા કાશીબાને ગૌરવ અપાવે તેવી એક યોજના વિચારવા માટે વાત કરી. મોટી રકમનું ફંડ બૅંકમાં મૂકીને તેના વ્યાજની રકમ આ હેતુ માટે વાપરીએ તો આ યોજના કાયમી અને સ્મરણીય બની શકે. ગુજરાત સરકાર અને ભારત સરકાર ઉત્તમ અધ્યાપક અને આચાર્યોને શ્રેષ્ઠ અધ્યાપક-આચાર્ય તરીકે પસંદ કરી તેમનું બહુમાન કરીને સન્માનપત્ર આપે છે અને રોકડ પુરસ્કાર પણ આપે છે. આપણે કાશીબા અવૉર્ડનું કાર્યક્ષેત્ર મહેસાણા જિલ્લો રાખીએ અને તેમાંથી પસંદ કરી એક અધ્યાપક કે આચાર્યનું સન્માન કરીએ. તેઓશ્રીની સંમતિ મળતાં તેના નિયમો અને પેટાનિયમો બનાવ્યા અને પસંદગી સમિતિની રચના પણ વિચારી. આ સમિતિમાં શ્રી રિખવદાસ શાહ, શ્રી મનુભાઈ જે. પટેલ, શ્રી યશવંતભાઈ શુક્લ, શ્રી ગોરધનભાઈ પટેલ અને આર. એસ. ત્રિવેદી જેવા વિદ્યાપુરુષોની રાજ્યકક્ષાની સમિતિ બનાવી તેની પ્રથમ બેઠક સર્વ વિદ્યાલય, કડીમાં રાખીને નિયમોને આખરી રૂપ આપ્યું. રોકડ પારિતોષિક કેટલું રાખવું? ચર્ચા થઈ. તે સમયે ભારત સરકાર દશ હજાર રૂપિયા આપતી હતી જેથી યશવંતભાઈ સાહેબે સરકાર આપે છે તે કરતાં વિશેષ આપીએ. રૂપિયા 11 હજાર રોકડ પુરસ્કાર આપવાનો નિર્ણય લેવાયો. આ માટે ઓછામાં ઓછા દશથી પંદર વ્યક્તિઓ પાસેથી ફાઈલ મંગાવવામાં આવતી અને તેમાંથી અનુભવ, શ્રેષ્ઠતા, શિક્ષણ, વહીવટ, સમાજ સાથે અનુબંધનને મુખ્ય ગણીને એક જ વ્યક્તિની અવૉર્ડ માટે ઉત્તમ શિક્ષક અને શ્રેષ્ઠ આચાર્યોમાંથી પસંદગી થતી હોઈને તેની ગરિમા વિશેષ ઊભી થઈ. લગભગ દશેક વર્ષ સુધી આ પરિપાટી જળવાઈ રહી અને જિલ્લાના દશ કેળવણીકારોનું સન્માન કરતાં આનંદ થયો. શાળાનો વાર્ષિકોત્સવ કે અન્ય ઉત્સવ હોય ત્યારે શિક્ષણપ્રેમી તજ્જ્ઞ મહેમાનશ્રીના હસ્તે

તેમનું બહુમાન થતાં સમગ્ર કાર્યક્રમ પોતાની આગવી શાન ઊભી કરી શક્યો. કોઈ પણ કારણસર N.R.I. દાતાને એક શાળા મંડળે પોતાની શાળામાં દાન આપવા મજબૂર કરતાં તેમને તેમની રકમ પરત કરી અને અવૉર્ડ આપવાનું બંધ કર્યું. એક સારી અને પ્રોત્સાહક યોજના દીર્ઘ સમય સુધી ચલાવી શકાઈ નહિ તેનો થોડો રંજ થયો અને સમિતિની અનુમતિથી તેનું વિસર્જન થયું અને અંતે કડી-ગાંધીનગરની સંસ્થાઓની તપ, ત્યાગ અને પરિશ્રમની પવિત્રભૂમિમાં પૂજ્ય છગનભા, શ્રી રામચંદ્ર અમીન, શ્રી પુરુષોત્તમદાસકાકા, શ્રી ધનશા ભગત, શ્રી માણેકલાલ સાહેબ, ડૉ. રામભાઈ, ડૉ. માણેકલાલ, શેઠ શ્રી ચંદુલાલ, મા. શ્રી કેશુભાઈ વિ. પટેલ, શ્રી ધનાભાઈ સાહેબ, શ્રી હરગોવનદાસ, શેઠ શ્રી અરવિંદભાઈ, શ્રી પૂજ્ય પ્રમુખ સ્વામી મહારાજ જેવા અનેક સંતો અને કર્મયોગીઓનાં પ્રેરક વાઇબ્રેશન ઝીલાયેલાં જોવાં મળે છે.. આ વાઇબ્રેશનો ભાવપૂર્ણ રીતે સ્વીકારીને તેઓશ્રીના આદર્શો અને કર્મયોગ સ્વીકારવા માટે આપણે સૌ તત્પર થઈને કાર્ય કરીએ અને સાચા કર્મયોગી બનીને સંસ્થાનું ઋણ ચૂકવવા જાગ્રત રહીએ એવી પ્રભુ પ્રાર્થના કરીએ છીએ.

## ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ અને ગુજરાત માધ્યમિક શિક્ષણબોર્ડ સાથેના અનુભવો

1. ગુજરાત માધ્યમિક શિક્ષણબોર્ડની શિક્ષણ સમિતિમાં બે ટર્મ એટલે પૂરાં છ વર્ષ કામ કરવાની તક મળી હતી. આ ઉપરાંત પરીક્ષા સમિતિમાં 2 વર્ષ અને બોર્ડની કોરાબારી સભામાં ત્રણ વર્ષ કાર્ય કરેલ છે. જેમાં કરવામાં આવેલ અને કરેલ વિશિષ્ટ પ્રયોગો બોર્ડમાં આજે પણ ચાલુ છે, જેથી બાળકોને પરીક્ષાનું ભારણ ઘણું ઓછું લાગે છે. વર્ષો પહેલાં બોર્ડમાં ધો. 10 અને 12ની પરીક્ષા અલગ-અલગ લેવાતી, જેથી ધો. 10-12નાં બધાં બાળકોની પરીક્ષા બે સેશનમાં દરરોજ લેવાતી. પ્રત્યેક બાળકને જ્યારે બે વિષયનાં પ્રશ્નપત્ર એક જ દિવસે આવે ત્યારે પૂરા છ કલાકનું ટેન્શન સતત રહેતું, જેથી ધો.12ની પરીક્ષાનું પ્રશ્નપત્ર એક જ સેશનમાં લેવાથી અને ધો.10ની પરીક્ષાનું પ્રશ્નપત્ર પણ એક જ સેશનમાં લેવાનો (સવારે કે બપોરે) નિર્ણય પહેલાં શિક્ષણ સમિતિમાં લેવામાં આવ્યો. આથી ધો. 10-12નાં બાળકોને દરરોજ માત્ર એક જ વિષયની પરીક્ષા આપવાની થાય છે. પરીક્ષાના દિવસો પણ અગાઉ પ્રમાણે જ રહ્યા. છતાં બાળકોને પરીક્ષાની તૈયારી માટે પણ પૂરતો સમય મળી રહે અને પરીક્ષા આપતી વખતે પણ દરરોજ એક જ પ્રશ્નપત્ર હોય, જેથી બહુ ભારણ રહે નહિ.

આ ઉપરાંત પરીક્ષાનો કાર્યક્રમ પણ ચીલાચાલુ રહેતો હતો, જેથી ફિઝિક્સ કે મૅથ્સ જેવું પ્રશ્નપત્ર પ્રથમ દિવસે જ રહેતું, જેથી પ્રશ્નપત્ર અઘરું કે અટપટું લાગે તો મોટી સંખ્યાના બાળકો ડ્રૉપ લેવા પ્રેરાતાં હતાં, જેથી સાયન્સની પરીક્ષામાં પ્રથમ પ્રશ્નપત્ર કૅમિસ્ટ્રીનું રાખવાનો ઠરાવ કર્યો, જેથી આ વિષય

સરળ રહેતો. જેથી બાકીના વિષયોની પરીક્ષા બાળકો વિશેષ આત્મશ્રદ્ધાથી આપતાં દેખાયાં હતાં. સમયપત્રકની ગોઠવણીમાં અધ્યાપક-આચાર્યમિત્રો રહેતા. જેથી બાળકોને કયા વિશેષો પ્રેરક બની રહેશે તે ખાસ જોવાતું. અધિકારીશ્રીઓ જ્યારે આ કાર્ય કરતા ત્યારે તેઓ માત્ર વિષય જોઈને પરીક્ષા કાર્યક્રમનું આયોજન કરતા. નવી તરેહના અમલની શરૂઆતનાં પાંચ-દશ વર્ષમાં તો વિજ્ઞાનની પરીક્ષાનું ભારણ બાળકો ખૂબ અનુભવતા. પરિણામે બાળકો હતાશા અનુભવતાં પણ દેખાતાં હતાં. આજે જે વ્યવસ્થા ગોઠવાઈ તે બાળકોને કેન્દ્રમાં રાખીને ગોઠવવામાં આવી છે. જેથી પરીક્ષા શાંતિથી અને સારી રીતે પરિપૂર્ણ થઈ શકે છે. બોર્ડની કારોબારીના સભ્યના વર્ષોમાં બોર્ડનું મુખપત્ર 'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ'ના સંપાદક વર્ગમાં રહેવાની તક મળી હતી, જેથી પ્રત્યેક અંકમાં પ્રેરક શૈક્ષણિક પુસ્તકનો પરિચય-સમીક્ષા મૂકવાની તક મળી હતી. એ દ્વારા વિશેષ વાચન અને લેખનની તક મળી હતી. આ વિભાગ અધ્યાપકો-આચાર્યોમાં વિશેષ પ્રિય બનવા પામ્યો હતો. બોર્ડનું આ સામયિક આજે પણ વિદ્યાર્થીઓ, અધ્યાપકો, શાળાના સંચાલકો, આચાર્યો અને વાલીવર્ગ માટે વિશેષ પથદર્શક બનીને માર્ગદર્શન આપીને શાળા, વાલી, વિદ્યાર્થી અને વહીવટ, પરીક્ષણની વિગતો આપીને પ્રશસ્ય સેતુ બની રહેલ છે. આ સામયિક દ્વારા તજ્જ્ઞો અને કેળવણીકારો તથા કુશળ વહીવટકર્તાઓનું સુંદર માર્ગદર્શન શાળાઓને મળે છે.

2. **આચાર્યો માટે રાજ્યમાં સમાન પગારધોરણ:**

ગુજરાત રાજ્યમાં શાળાની સંખ્યા પ્રમાણેનાં ચાર પગારધોરણો અમલમાં હતાં. નાની અને ઓછી સંખ્યાવાળી શાળાના આચાર્યનું પગારધોરણ સાવ નીચું હતું. જેમ સંખ્યા વધે તેમ વધારે મોટું પગારધોરણ હતું. મોટી/વિશેષ સંખ્યાવાળી શાળાના આચાર્યનું મોટું પગારધોરણ હતું, જેથી નાની શાળામાં સેવા આપતા તેજસ્વી આચાર્યો મોટી સંખ્યાવાળી શાળામાં જોડાવા તત્પર રહેતા જેથી નાના ગ્રામ્ય વિસ્તારોવાળી શાળામાં આચાર્યશ્રી લાંબાં વર્ષો સુધી સેવાઓ આપતા નહિ. ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ દ્વારા સમાન ધોરણનો મુદ્દો મુખ્ય હતો. સરકારશ્રીમાં આ રીતે જરૂરી સાધનિક કાગળો સહ રજૂઆત કરવામાં આવી, પણ સરકારશ્રીનો કોઈ પ્રત્યુત્તર મળી શક્યો નહિ. ગુજરાત સરકારમાં તે સમયે શ્રી નવલભાઈ શાહ શિક્ષણમંત્રી હતા. શિક્ષણ સચિવ તરીકે ચંદ્રમૌલી સાહેબ હતા. શિક્ષણમંત્રીશ્રી સાથે રૂબરૂ મુલાકાતોનો દોર શરૂ થયો. એ વખતે ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ તરીકે શ્રી ઈશ્વરભાઈ પટેલસાહેબ હતા. વલ્લભવિદ્યાનગરમાં બી.એડ્. કર્યું ત્યારે તેઓ અમારા પ્રિન્સિપાલ હતા. તેઓ પણ ઘણી વાર અમારી સરકાર સાથેની મુલાકાતોમાં સહભાગી થતા હતા. સરકારશ્રીનો અભિગમ રચનાત્મક હતો. જેથી છ-આઠ માસમાં સરકારશ્રીએ સમગ્ર ગુજરાતમાં બિનસરકારી માધ્યમિક શાળાના આચાર્યો માટે એક સમાન પગારધોરણનો શકવર્તી પરિપત્ર જાહેર કરીને ખૂબ જ યોગ્ય નિર્ણય લીધો.

મોટા ભાગના બધા જ આચાર્યોમાં આનંદ અને સંતોષ થયો. માત્ર થોડી ખૂબ જ મોટી શાળાઓના આચાર્યો નારાજ થયા. રાજ્યના બધા જ આચાર્યો સમાન થયા તેનું થોડું દુઃખ વ્યક્ત કર્યું, પણ મોટી શાળાઓના આચાર્યોને ઉચ્ચતર શાળાઓ માટેના વિશેષ એલાઉન્સની રકમમાં પણ સરકારે વધારો જાહેર કરતાં માધ્યમિક શિક્ષણ જગતમાં સર્વત્ર આનંદ થયો. સરકારશ્રી સાથે કોઈ પણ રજૂઆત કરીએ ત્યારે શિક્ષણ સુધારણાની પ્રથમ રજૂઆત થતી, ત્યારે વહીવટી સંચાલનના પ્રશ્નો રજૂ કરતા. વાલીવર્ગ સાથે સંવાદ થતો. અંતે છેલ્લે રાજ્ય આચાર્ય સંઘ દ્વારા પોતાની માગણીની વાત થતી. આ અભિગમ રાજ્ય આચાર્ય સંઘના મુખપત્ર 'સારસ્વત'ના પ્રમુખશ્રીનો પત્ર તંત્રી લેખમાં પણ રહેતો. સંઘર્ષ કરતાં સંવાદ મુખ્ય રહેતો. પરીક્ષાકાર્ય બહિષ્કાર, શિક્ષણકાર્યમાં હડતાલ જેવા નકારાત્મક કાર્યક્રમને સ્થાન રહેતું જ નહિ, જેથી સમાજ અને સરકારમાં આચાર્ય સંઘની ભૂમિકા હંમેશાં ઉજ્જ્વળ અને ગૌરવપૂર્ણ રહેવા પામી હતી. આ ઉપરાંત રાજ્ય શિક્ષક સંઘ કે રાજ્ય બિનશૈક્ષણિક વહીવટી સંઘના પદાધિકારીશ્રીઓ સાથે પણ સદ્ભાવ અને સુમેળ જ રાખવામાં સૌ સારસ્વતો સાથ અને સહયોગ આપતા હતા. પરિણામે આવા ગૌરવપ્રદ પદ માટે ચૂંટણી નહિ, પણ સર્વાનુમતે પસંદગી કરવામાં આવતી હતી.

**13. આપશ્રીની દૃષ્ટિએ શિક્ષક/આચાર્યની સમાજજીવનમાં અપેક્ષિત ભૂમિકા**

સાચી કેળવણી માનવ નિર્માણકારી છે. સાચું શિક્ષણ માત્ર જ્ઞાન અને કૌશલ્યોનું નહિ, પરંતુ માનવતા અને સદ્ગુણોનું ચણતર અને ચારિત્ર્યનું નિર્માણ કરનારું હોવું જોઈએ. સર્વ વિદ્યાલય કડીના આદ્ય સર્જક અને પ્રણેતા પૂજ્ય છગનભાએ વ્યક્તિવિકાસ દ્વારા સમાજપરિવર્તનનો મુખ્ય ધ્યેય રાખીને ગાંધીમૂલ્યોના પુરસ્કર્તા કાર્યકરો શ્રી પોપટલાલ ગુ. પટેલ, શ્રી બાપુભાઈ ગામી અને શ્રી છગનભાઈ કા. પટેલ જેવા ગુણદર્શી અને સમાજસમર્પિત મહાનુભાવોને દોરવણી આપી હતી, જેથી સર્વ વિદ્યાલય કડી અને તેના છાત્રાલયમાં રહેલા છાત્રો અને વિદ્યાર્થીઓનું આદર્શ ઘડતર અને ચણતર થવા પામ્યું છે. જેથી પ્રત્યેક વિદ્યાર્થી પોતાના ક્ષેત્રના કાર્ય દ્વારા સમાજને સમર્પિત થયેલો દેખાય છે. આજે જે ઉત્તર ગુજરાતનો આર્થિક, સમાજિક અને શૈક્ષણિક વિકાસ થયેલો દેખાય છે તે આ સંસ્થાના બીજમંત્રને વરેલા સૌને આભારી છે. આજે વ્યક્તિનું દર્શન માત્ર અરીસામાં જોતો હોય તેમ સ્વકેન્દ્રી દર્શનથી સેવાનું અને સમર્પણનું ક્ષેત્ર ઘણું જ સંકુચિત થવા પામ્યું છે. વ્યક્તિની સંવેદનશીલતા ઘટી છે. જેથી અન્યની સેવા કરવાના વિચારોને બદલે જાત પૂરતા મર્યાદિત થતા દેખાયા છે. જે ચિંતા અને ચિંતનનો વિષય છે. વર્ગમાં કામ કરતો શિક્ષક શાળાના બધા વિદ્યાર્થીઓનો વાલી અને માર્ગદર્શક બની રહેવો જોઈએ. સમાજજીવનથી શાળા ભિન્ન રહી શકે જ નહિ. સમાજના પ્રત્યેક જનમાં સમરસ થવો જોઈએ. તો જ ભદ્રતા અને સમરસતા આવી શકશે. આજે અર્થ પ્રભુત્વ વધવા પામ્યું છે. જેથી અર્થ ઉપાર્જન માટે શાળા સમય બાદ પણ કાર્યરત શિક્ષકો દેખાય છે.

વિદ્યાર્થીઓનો પ્રેમ, પોતાના વ્યવસાયનો સંતોષ અને પ્રસન્નતા અનુભવી શકે તેવા શિક્ષકો-આચાર્યો વિશેષ દેખાશે તે દિવસે આત્મતૃપ્તિ સાથેનો સેવાનો ઓડકાર સૌને મીઠો લાગશે. આ અંગે સતત ચિંતન કરતા રહીને એ દિશામાં ક્રિયાવાન પણ બનવા સૌને અનુરોધ છે.

**14. પ્રવર્તમાન સમયમાં કથળતા જતા શિક્ષણના સ્તરની સુધારણા માટે આપશ્રીની દૃષ્ટિએ કેવાં પગલાં લેવાં જોઈએ?**

કહેવાય છે કે દર બે-પાંચ વર્ષે જ્ઞાન બેવડાય છે. આ બદલાતા જતા જ્ઞાન-વિજ્ઞાનના સ્વીકાર અને અમલીકરણ માટે સાચા અને આદર્શ અધ્યાપકે સતત કર્મશીલ બનવું પડશે. આજે સમગ્ર રીતે શિક્ષણ કથળતું જતું દેખાય છે. તેમાં સરકાર અને સમાજ બંને જવાબદાર છે. પ્રાથમિક શાળામાં વર્ગ-ધોરણ વાર બેઠક વ્યવસ્થાનો અભાવ, જરૂરી અધ્યાપકોની ઘટ અને સરકારશ્રીની અનેક સમાજલક્ષી કામગીરીનો બોજ શિક્ષકો પર છે. જેથી શિક્ષણ તરફ વિશેષ ધ્યાન અપાતું નથી. વળી, વર્ગમાં ગરીબ-તવંગર અને આર્થિક પછાતવર્ગનાં બાળકો જેમાં અભ્યાસમાં નબળાં-મધ્યમ-હોશિયાર અને અતિ તેજસ્વી બાળકો એક જ વર્ગમાં એક જ રીતે અભ્યાસ કરવા મજબૂર છે. જેથી બાળકોની વ્યક્તિગત કાળજી રાખી શકાતી નથી. આજે ધો. 8-9માં પ્રવેશ મેળવતાં બાળકોમાંથી મોટા ભાગનાં બાળકોને વાચન-લેખન ફાવતું નથી. ગાણિતિક વિષયોમાં સાવ મંદ જ દેખાય છે. આજે શાળાનાં હોશિયાર અને અતિ તેજસ્વી બાળકોને વિશેષ હોશિયાર બનાવવાને બદલે આપણી વ્યવસ્થા તેમને એવરેજ બનાવી મૂકે છે. સરકારશ્રીએ વર્ગ દીઠ 20 બાળકોનો વર્ગ ધોરણ-7 સુધી રાખવો પડે. જરૂરી શૈક્ષણિક ઉપકરણો શાળામાં હોવાં જોઈએ. શાળામાં જરૂરી હોય તેટલા શિક્ષકોની નિમણૂક આપવી પડે. શૈક્ષણિક ચકાસણી / તપાસણી કડક ધોરણે વર્ષમાં બે વાર કરવી જોઈએ. બાળકોની શૈક્ષણિક કક્ષા પ્રમાણે વર્ગનું વિભાજન કરવું પડશે. અન્યથા ખાનગી ટ્યૂશન, સેલ્ફ ફાઇનાન્સ શાળામાં દાખલ થવું, કોચિંગ ક્લાસમાં જવું, જરૂર પડે વ્યક્તિગત ટ્યૂશન રાખવાના સર્વ પ્રકારના ઉપાયો શિક્ષણના સ્તરને ઊંચે લઈ જવાને બદલે નીચું જ લઈ જશે. સમાજનો ભદ્રવર્ગ પૂરક વ્યવસ્થા કરી શકે છે, જ્યારે મજૂર કે આર્થિક પછાત વર્ગનાં બાળકોનું ભવિષ્ય બગડતું દેખાય છે. સમાજમાં મોટી ખાઈ સર્જાઈ રહી હોય એવું દેખાય છે. સરકારશ્રી લોકકલ્યાણ અને વિકાસને વરેલી છે ત્યારે તેણે જરૂરી સુધારાઓ તાકીદે કરીને તેનો અમલ કરાવવો જ પડશે. અન્યથા સમાજમાં શાંતિ અને પ્રસન્નતા જોખમાશે એવો ભય અસ્થાને નથી.

**15. સર્વ વિદ્યાલય કેળવણી મંડળના બહુઆયામી અને ઉદાહરણ સ્વરૂપ વિકાસ માટે આપની દૃષ્ટિએ શું કરવું જોઈએ?**

સર્વ વિદ્યાલયના પાયામાં વિદ્યાર્થીનું સાચું ઘડતર અને ચણતર થાય તે મુખ્ય હેતુ છે. બાળકનો સર્વાંગી વિકાસ થાય અને તે દ્વારા સમગ્ર સમાજનું સાચું

પરિવર્તન થાય અને સમગ્ર દેશમાં રાષ્ટ્રીયભાવના, ઐક્ય, સમાનતા અને વિકાસ થાય તે જોવાનું છે. આજે આપણને ગુજરાતનો બહુઆયામી વિકાસ દેખાઈ રહ્યો છે. તેમાં સર્વ વિદ્યાલય અને તેના જેવી શૈક્ષણિક સંસ્થાઓનું ચાલક બળ દૃષ્ટિગોચર થાય છે. આ સામે અનેક અવરોધો પણ દેખાય છે. સેલ્ફ ફાઇનાન્સ પદ્ધતિની શાળા/કૉલેજોની જે ભરમાર ઊભી થઈ છે, જેથી માત્ર બહારની ટાપટીપ, પ્રવૃત્તિઓની જાહેરાતો અને માત્ર ને માત્ર શૈક્ષણિક પરિણામો ઊંચાં લાવવાની ઘેલછાએ શિક્ષણ સિદ્ધાંતોની ઘોર ખોદી છે. આજે ટ્રસ્ટ-સરકારની શાળામાં બાળકો પ્રવેશ મેળવવા ઇચ્છુક જ નથી. તગડી ફી અને આંખને આંજી નાખતો ગણવેશ, ભારત જેવા ગરીબ દેશમાં પણ બાળકો માટે ટાઇ ફરજિયાત કરીને આપણે અંગ્રેજોનું આંધળું અનુકરણ કરીને માત્ર કાળા અંગ્રેજો જ વધારવાના પ્રયત્નો કર્યા છે. અંગ્રેજ પ્રજાની શિસ્ત, વફાદારી અને કામમાં દિલ રેડવાની વૃત્તિને આપણે વિદાય આપી દીધી છે. સમાજમાં તેજસ્વી વર્ગને પ્રોત્સાહન આપવાના બદલે સમગ્ર સમાજને માત્ર એવરેજ કે નબળો બનાવવાના પ્રયત્નો દેખાય છે. મૂલ્યો સાથે જીવન જીવવાનું આપણે ભૂલી ગયાં છીએ. માત્ર સુખ-સગવડ અને ભૌતિક સુખોમાં રત રહીને પશુવૃત્તિ વિશેષ કેળવાતી હોય તેવું દેખાય છે. સમગ્ર સમાજની દોડ જ ખોટી દિશાની છે. જેથી કોઈ પણ એકાદ સંસ્થા પણ મૂલ્ય સર્જતી પદ્ધતિ અપનાવે તોપણ નેવાનાં પાણી મોભે ચડાવવા જેવી વાત છે. અધ્યાપકો નિષ્ઠાવાન હોય, સંચાલક મંડળ સમાજના સાચા વિકાસ તરફની ગતિવાળું હોય અને સાથે સરકારનાં નિયંત્રણો નાબૂદ થાય તો જ સવળી દિશામાં જવાશે. સંચાલક મંડળને ભરતી/શિક્ષણ અંગે સ્વતંત્ર નિર્ણય લેવાની સ્વતંત્રતા આપવી પડશે. અન્યથા સરકારીકરણની સાંકળમાં બંધાઈને કોઈ પણ સંસ્થા નવો રાહ અપનાવશે એવી કલ્પના પણ હવે દુષ્કર છે. સમગ્ર શિક્ષણની સુધારણા માટે વ્યાપક સમાજમાં વિચારવિમર્શ કરવો પડશે અને બાળકના સર્વતોભદ્ર વિકાસ માટે સંસ્થાઓને બધા અધિકાર આપવા જ પડશે.

## 16. વાંચનટેવ અને લેખનપ્રવૃત્તિ

અમારા ઉત્તમ ભાષાશિક્ષકોની પ્રેરણાથી બહારનાં પુસ્તકો વાંચવાનો શોખ જાગ્યો હતો. ધો.8માં ભણતો હતો ત્યારે ‘ગ્રામલક્ષ્મી’, ‘સરસ્વતીચંદ્ર’, ‘મળેલા જીવ’, ‘માનવીની ભવાઈ’ જેવાં પુસ્તકો વાંચ્યાં હતાં. વાચનરસ વધારવાનો શ્રેય અમારા નગરના જાહેર પુસ્તકાલયના ગ્રંથપાલ શ્રી મંગુભાઈ પંચાલને જાય છે. અમે ત્રણે મિત્રો શ્રી નાથાલાલ સથવારા, શ્રી નારણભાઈ પટેલ અને હું ભેગા થઈને પુસ્તકાલયનાં પુસ્તકોની મેળવણીમાં હંમેશાં મદદરૂપ થતા. પરિણામે ગ્રંથપાલશ્રી અમને સારાં પુસ્તકો શોધીને અમને વાચન માટે આપતાં હતાં. ગ્રંથપાલ શ્રી મંગુભાઈ પંચાલ હોશિયાર ગ્રંથપાલ જ નહિ, પણ કુશળ અને કાર્યદક્ષ, મનોવિજ્ઞાનના જાણકાર અધ્યાપક પણ હતા. વાર્તાકથન અને ગીત ગવડાવતી વખતે તેઓ બીજા મૂછાળા ગિજુભાઈ જ બની જતા. તેઓશ્રી જ્યાં સુધી કાર્યરત રહ્યા ત્યાં સુધી આઝાદીનાં મંગલ પર્વો 15મી ઑગસ્ટ

અને 26મી જાન્યુઆરીના જાહેર પ્રસંગોનું અદ્‌ભુત સંચાલન કરીને આબાલવૃદ્ધ સૌને ભાવપૂર્ણ બનાવીને રાષ્ટ્રીયતાનું બીજારોપણ કરતાં અમે એમને અનુભવ્યા છે. જેથી ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખપદનાં ત્રણે વર્ષ સુધી તેના મુખપત્ર 'સારસ્વત'માં પ્રમુખનો પત્ર નિયમિત રીતે લખાયા છે. શિક્ષણની વાત વિસ્તારથી થતી, આચાર્યોના વહીવટી પ્રશ્નો અને માગણીઓ ઓછી લખાતી. માધ્યમિક શિક્ષણબોર્ડના સભ્ય તરીકે સેવાઓનાં વર્ષોમાં પણ બોર્ડના મુખપત્ર 'માધ્યમિક શિક્ષણ અને પરીક્ષણ'ના પ્રત્યેક અંકમાં એક શૈક્ષણિક ચિંતનના પુસ્તકનો પરિચય વિસ્તારથી લખતો હતો. જેથી હજારો અધ્યાપકો એ પુસ્તકો વાંચવા પ્રેરાતા હતા. આ ઉપરાંત ભાષા શિક્ષણમાં વ્યાકરણ વિભાગ ઘણો કષ્ટદાયક બાળકોને દેખાયો છે. જેથી સરળ અને કાવ્યમય ભાષામાં સૂત્રો સાથે છંદ-અલંકારો સાથે ધો.11નાં બાળકો માટે હિન્દી-ગુજરાતી વ્યાકરણની પુસ્તિકા લખી છે. જેનું આમુખ અમારા વિદ્યાપ્રેરક કેળવણીકાર શ્રી છગનભાઈ કા. પટેલે લખીને અમને પ્રોત્સાહિત કર્યા હતા. સર્વ વિદ્યાલય કડીના આચાર્યપદે નિયુક્ત થયા પછી મોડાસા એજ્યુકેશન કૉલેજના પ્રાધ્યાપક શ્રી એન. ડી. શેલતના સહલેખક તરીકે જોડાઈને 'માધ્યમિક શાળાનું આયોજન, સંચાલન અને વહીવટ' નામનું પુસ્તક મેહુલ પ્રકાશન દ્વારા પ્રસિદ્ધ કર્યું હતું. આજે પણ ગુજરાતના શિષ્ટ અને સાહિત્યિક ઉપરાંત જીવનઘડતરને પ્રેરક આપતાં 14 જેટલાં સામયિકોનો વાચનશોખ મુખરિત થતો દેખાય છે. ઘરની લાઇબ્રેરીમાં પણ બે હજાર જેટલાં પુસ્તકો આજે પણ ઉપલબ્ધ છે અને નવાં વધતાં રહે છે. સાહિત્ય માનવીને ઉત્સાહ અને પ્રેરકબળ સાથે પરમ આનંદ આપી શકે છે.

**17. આપશ્રીના વતન ચાણસ્માનો ઐતિહાસિક પરિપ્રેક્ષ્યમાં પરિચય સાથે વતનનાં સંભારણાં જણાવશો.**

માતા અને માતૃભૂમિ સ્વર્ગથી પણ કીમતી છે એ ન્યાયે અમારું માદરે વતન ચાણસ્માનું નામસ્મરણ પણ મીઠડું લાગે છે. ચાણસ્મા તાલુકાનું સ્થળ છે, તે પાટણ જિલ્લામાં આવેલું છે. ચાણસ્માની જનસંખ્યા અંદાજે 15 હજાર જેટલી હાલ છે. જેમાં 18 વરણના લોકો વસે છે. મુખ્ય વસ્તી પાટીદારોની છે ત્યાર બાદ બ્રાહ્મણો, જૈન વાણિયાની જનસંખ્યા આવે. ત્યાર બાદ બાકીની વરણના તમામ લોકો આવે. મુખ્ય વ્યવસાય પહેલાં ખેતી અને પશુપાલન હતો. આજે પણ ખેતી મુખ્ય વ્યવસાય ગણી શકાય સાથે લોખંડની તિજોરીઓ, તાળાં અને કબાટનો ઉદ્યોગ પણ વિકસ્યો છે. ખેતીવાડીનાં સાધનો અને ઘર ઉપયોગમાં આવે તેવી લોખંડની વસ્તુઓ માટે ચાણસ્મા મુખ્ય ઉત્પાદક કેન્દ્ર હતું અને હવે આવું દેખાતું નથી. ખેતીવાડી ઉત્પાદન વસ્તુઓ માટેનું માર્કેટ પણ ગણી શકાય. તમાકુ, કપાસ તથા તેલિબિયાંના ઉત્પાદનો પણ વિશેષ ઘણી શકાય. ખરા ખાતેદાર ખેડૂતો હવે અન્ય શહેરોમાં વસીને નવો ઉદ્યોગ કરે છે અથવા શિક્ષણ લીધેલી વ્યક્તિઓ સારી નોકરી કરતા દેખાયા છે. ચાણસ્માના પાટીદારો વ્યવહારકુશળ અને ખાનદાન ગણાય છે. મહેમાનગતિ કરાવવામાં ખૂબ પ્રેમાળ અને ખર્ચાળ ગણાય છે. જૈનોનાં અંદાજે ત્રણસો

ઘર હતાં, પણ વેપાર-ઉદ્યોગ અર્થે સુરત, થાણા અને મુંબઈમાં વસ્યા અને ધાર્મિક, સામાજિક પ્રસંગે વતનમાં આવે ત્યારે નગરમાં નવા રંગો ઉમેરાય છે. પાટીદારોનાં પણ હાલ હજાર જેટલાં ઘર ખુલ્લાં છે. બાકીના પટેલ પણ પાટણ, મહેસાણા, અમદાવાદ, વડોદરા, અંકલેશ્વર, સુરત અને મુંબઈ જઈને વસેલા છે. આ કુટુંબો પણ આર્થિક દૃષ્ટિએ ઘણાં સારાં છે. નવરાત્રિ, દિવાળી કે સામાજિક પ્રસંગે ગામમાં પધારે ત્યારે નગર નવી ચમક અને દમક અનુભવે છે. અહીંનો હાથશાળઉદ્યોગ અને ચર્મઉદ્યોગ પણ જાણીતો હતો. મશીનરીના યુગમાં આ ગૃહઉદ્યોગો સાવ નષ્ટ પામ્યા છે. નગરમાં બધી જ જ્ઞાતિના લોકો સમરસતાથી અને સદ્‌ભાવથી રહેતા દેખાયા છે. આજુબાજુનાં નાનાં ગામોમાં આફત કે આપત્તિ દેખાય તો ઘડીના વિલંબ વિના તેઓની મદદે જવા ગામનું યૌવન હંમેશાં તત્પર દેખાય છે.

નગરમાં પ્રાથમિક શાળાઓ 4 છે. ધો.12 સુધીના વિજ્ઞાનશાખા સહિતનું શિક્ષણ આપતી બે માધ્યમિક શાળાઓ છે. જેનું સંચાલન ચાણસ્મા કેળવણી મંડળ સારી રીતે કરે છે. યુવાનોના ઘડતર અને સ્વાવલંબી બનાવવા માટે મહાત્મા ગાંધી વિનયન મંદિર સંસ્થા વિશેષ પ્રવૃત્તિઓ કરે છે. પાટણ જિલ્લાની પહેલી બે-ચાર ગર્લ્સ હાઈસ્કૂલોની ગણતરીમાં ચાણસ્મા ગર્લ્સ હાઈસ્કૂલ પરિણામો અને પ્રવૃત્તિઓ માટે હંમેશાં અણનમ ગણાય છે. કૉલેજ શિક્ષણમાં આર્ટ્સ અને કૉમર્સ માટે રૂપપુરમાં સારી ગુણત્તાવાળી કૉલેજ છે, જેથી આજુબાજુનાં 15-20 ગામડાંઓનાં બાળકો માધ્યમિક અને કૉલેજ શિક્ષણ માટે ચાણસ્મામાં એસ.ટી. વ્યવહારથી અપ-ડાઉન કરે છે. આ નગર અને વિસ્તારના ગ્રામજનોની આરોગ્ય સેવાઓ માટે ચૅરિટેબલ કે. બી. પટેલ જનરલ હૉસ્પિટલમાં પણ M.D. અને ઓર્થો., આંખ, દાંત અને જનરલ આરોગ્યની સેવાઓ તથા પેથોલોજી લેબ અને ડિજિટલ એક્સ-રે સેવાઓ પણ રાહતના ભાવે મળી શકે છે. આ નગર મધ્યવર્તી નગર હોઈને એસ.ટી.ની સુંદર સેવાઓ મળી રહે છે. અહીં પહેલાં મીટરગેજ રેલવે હતી તેને હવે બ્રૉડગેજમાં કન્વર્ટ કરવાનું કામ રેલવે દ્વારા થઈ રહ્યું છે. જેથી પાટણ, મહેસાણા, બહુચરાજી, કડી, અમદાવાદ અને હારિજ, રાધનપુર જવાની સુવિધા મળી રહેશે. ચાણસ્માનગરના વતની અને અમદાવાદ વી.એસ. હૉસ્પિટલમાં સર્જિકલ વિભાગના વડા ડૉ. કિરીટભાઈ સોલંકી 10 વર્ષથી વધારે સમયથી અમદાવાદ પશ્ચિમ વિભાગના પ્રતિનિધિ તરીકે સંસદમાં લોકસભાના સભ્ય તરીકે પ્રશંસનીય અને લોકોપયોગી કાર્યો કરી રહેલ છે. ચાણસ્મા વિભાગની બ્રૉડગેજની સુવિધા તેઓશ્રીના અથાગ પુરુષાર્થ અને વતનપ્રેમને કારણે જ મળી છે. એ બદલ ચાણસ્મા અને આ વિસ્તાર તેમનો હૃદયપૂર્વક આભાર માને છે. હિંમતનગર-ગોઝારિયા-પાટણ નેશનલ હાઈવે પણ વાયા ચાણસ્મા છે જે ફોરલેનનો વિશાળ રોડ બની રહેલ છે. જેથી વાહનવ્યવહાર માટે સારી સુવિધા પ્રાપ્ત થઈ રહી છે.

શ્રી લાલજીદાસ લક્ષ્મીદાસ સદાવ્રત સંસ્થા ટ્રસ્ટ દ્વારા ધાર્મિક મંદિરોનું સંચાલન થાય છે. ગરીબો માટે મફત ભોજનાલય ચલાવે છે. પંખીઓને ચણ નંખાય

છે. સમાજને હિતકર પ્રવૃત્તિઓ જેવી કે શિષ્યવૃત્તિઓ આપવી, સમૂહલગ્નનું આયોજન, રાહતકાર્યો અને સામૂહિક હિતની પ્રવૃત્તિઓ થાય છે. સુંદર ભોજનાલય પણ રાહત દરે ચલાવે છે.

ચાણસ્માનગરની કુળદેવી વારાહીમાતાજીનું પ્રાચીન મંદિર છે. નવું રામજીમંદિર, જૂનું રામજીમંદિર, પીપળેશ્વર મહાદેવનું મંદિર પણ પ્રખ્યાત છે. જૈન સમાજમાં તીર્થસ્થળ તરીકે ગણાતું જૈન દેરાસર પણ પ્રાચીન છે. શ્રી ભટેવા પાર્શ્વનાથ ભગવાનની મૂર્તિ 700 વર્ષ કરતાં પ્રાચીન ગણાય છે. દેરાસર સુંદર અને દર્શનીય છે. ચાણસ્માનગરમાં પ્રવેશતાં જ શ્રી સાંઈબાબાનું સુંદર મંદિર, મૌનમંદિર અને સુંદર ગૌશાળા ધરાવે છે. ચાણસ્મા પાટણના રોડ ઉપર માતા ગાયત્રીમંદિર, શિવમંદિરની સુંદર જગા છે. ધાર્મિક ઉપરાંત અનેક પ્રકારની જનઉપયોગી પ્રવૃત્તિઓ આ મંદિર દ્વારા થાય છે, તેની બરાબર સામે સ્વામી સચ્ચિદાનંદ યોગાશ્રમ પણ 50 વર્ષ જૂનો છે. ત્યાં પણ ધાર્મિક પ્રસંગો, સામાજિક પ્રવૃત્તિઓ અને શિબિરોનું આયોજન થાય છે. આ ઉપરાંત નગરમાં અનેક નાનાં-મોટાં મંદિરો આવેલાં છે. જનસમુદાય શ્રદ્ધા અનુસાર ઉપાસના-વ્રત રાખીને સેવાપૂજા કરે છે. રબારીવાસમાં આવેલું ગોગા મહારાજનું મંદિર ઘણું પ્રાચીન ગણાય છે. આ વિસ્તારની વિશાળ જનસંખ્યા શ્રદ્ધા સાથે દર્શન કરે છે. સામાન્ય રીતે નવરાત્રી, દિવાળી, જન્માષ્ટમી, રામનવમી, પર્યુષણની ઉજવણી હંમેશાં ગૌરવપૂર્ણ રીતે થાય છે. જેથી વ્યાપક જનસમાજ પ્રેમ અને આનંદથી સમરસતા અનુભવતો દેખાય છે.

નગરના આદ્ય પુરુષોમાં શ્રી લાલજીદાસ અને લક્ષ્મીદાસ નામના બે ભાઈઓ હતા. તેઓનાં સંતાનોના નામ પરથી દશેક પાટીઓ ધરાવતું આ નગર એક જ બાપનો વસ્તાર છે. ખેતીવાડી ઉપરાંત ઉદ્યોગ, વેપાર અને સરકારી નોકરીઓમાં રહીને સમૃદ્ધ બન્યા છે. બસો કરતાં વધારે કુટુંબો પરદેશમાં સ્થાઈ થયાં છે. નગરના વિકાસમાં આ બધા સારો રસ ધરાવે છે. શ્રી ડાહ્યાભાઈ ભાવસાર મોટા ઉદ્યોગપતિ અને સારા દાનવીર હતા. શ્રી ચિમનભાઈ ભાવસાર સાચા લવોકસેવક હતા. શ્રી જયશંકર કાળુરામ વ્યાસ ચાણસ્મા કેળવણી મંડળના પ્રથમ પ્રમુખ હતા. જનસંઘ અને ભાજપના અગ્રણી નેતા શ્રી પ્રહ્લાદભાઈ શં. પટેલ પણ અગ્રણી કાર્યકર હતા. અમદાવાદનગરમાં પ્રહ્લાદનગર નામનો વિસ્તાર તેમના શુભનામ સાથે જોડવામાં આવ્યો છે. ચાણસ્માના દૃષ્ટિવંત આગેવાનોમાં શ્રી અંબાલાલ શિવલાલ પટેલ (મોટા), શ્રી ભગુભાઈ અમથારામ પટેલ, શ્રી સૂરજમલ પુ. શાહ, શ્રી છગનભાઈ રાવલ, શ્રી કાનજીભાઈ શિ. પટેલ, શ્રી અંબાલાલ શં. પટેલ, શ્રી નારાયણભાઈ અમીચંદદાસ પટેલ, શ્રી નથ્થુભાઈ લાલદાસ પટેલ, શ્રી કાનજીભાઈ બેચરદાસ પટેલ, શ્રી શંભુપ્રસાદ પી. પટેલ, શ્રી નારણભાઈ શં. પટેલ, શ્રી પુરુષોત્તમભાઈ ચેલદાસ પટેલ, એન્જિનિયર શ્રી પી. પી. પટેલ, પૂર્વ સચિવ શ્રી ભીખુભાઈ, ધરતીના તંત્રી અને પૂર્વ પ્રિન્સિપાલ શ્રી સોમાભાઈ વિ. પટેલ, શ્રી પી. એ. પટેલ, ઉમા જ્યોતના તંત્રી પ્રો. ભગીરથભાઈ પટેલ, જેવા અનેક ઉત્તમ કાર્યકરો ચાણસ્માને

મળેલ છે. ભાજપના-ગુજરાત સરકારના પૂર્વ મંત્રીશ્રી જયનારાયણ વ્યાસ અને અમદાવાદના સંસદ શ્રી કિરીટભાઈ સોલંકી પણ ચાણસ્માના વતની છે અને ભારે વતનપ્રેમ ધરાવે છે.

અનેક ઉદ્યોગપતિઓ વિશાળ સંખ્યામાં દાતાશ્રીઓ અને શુભચિંતકો ચાણસ્માને મળતા જ રહે છે અને રહેશે એવી શ્રદ્ધા છે. આઝાદીની લડતના લડવૈયા શ્રી અંબાલાલ ભગત તથા શહીદવીર શ્રી મણિભાઈ પુરુષોત્તમદાસની શહાદત ચાણસ્માનગરને હંમેશાં ગૌરવ આપનારી બની રહેશે.

મહેસાણા, વડોદરા, અમદાવાદ, સુરત, અંકલેશ્વર, જેવી અનેક જગાએ ચાણસ્માના સાહસિક ઉદ્યોગપતિઓ પોતાનાં આગવાં ઉદ્યોગગૃહો ધરાવે છે. ચાણસ્માના વિધાનસભાના પ્રતિનિધિઓ શ્રી વિક્રમભાઈ ધનજીદાસ અને શ્રી બી. કે. પટેલ ચાણસ્માનગરને ગૌરવ આપીને શોભાવ્યું છે.

ચાણસ્માની હાલની યુવા નેતાગીરી આશાસ્પદ અને ગૌરવ અપાવે તેવી કામગીરી કરી રહી છે. સૌ યુવાન નેતાઓને અભિનંદન પાઠતાં આનંદ અનુભવું છું. ચાણસ્માનગરના વિકાસની સર્વ રચનાત્મક પ્રવૃત્તિઓમાં સદ્ભાવ અને સહયોગ આપવા સૌને અનુરોધ છે. આવતીકાલનું ચાણસ્મા વિશેષ રમણીય, સમૃદ્ધ અને સુખી બને તેવી પ્રાર્થના.

જનતાની સેવાનો યજ્ઞ સાતત્યપૂર્ણ અને કાયમ માટે ચાલતો રહે. વળી, સેવાપ્રવૃત્તિઓનું મૂલ્યાંકન પણ થઈ શકે તે માટે નીચે જેવાં ત્રણ ટ્રસ્ટો ચૅરિટી કમિશનરની કચેરીમાં નોંધાયેલ છે. પ્રત્યેક વર્ષે તેના હિસાબે ચાર્ટર્ડ એકાઉન્ટન્ટશ્રી પાસે ઑડિટ કરાવવામાં આવે છે. સરકારશ્રીના નિયમ અનુસાર ભરવો પડતો વેરો પણ નિયમિત રીતે જે-તે કચેરીમાં ભરવામાં આવે છે. આ ટ્રસ્ટનાં નાણાં ચાણસ્મા નાગરિક સહકારી બૅંકમાં ફિક્સ તરીકે મૂકવામાં આવે છે. પ્રત્યેક વર્ષે નિયમ પ્રમાણે મળનારા વ્યાજની જ રકમ આરોગ્ય અને શિક્ષણ તથા આર્થિક પછાત કુટુંબો માટે રેશનની કિટ બનાવવામાં વાપરવામાં આવે છે. અલબત્ત, આવાં કુટુંબોની સંખ્યા 20થી 25ની મર્યાદામાં જ છે.

1. ચંચળબા જેકીશનદાસ મેમોરિયલ ટ્રસ્ટ ચાણસ્મા, ચૅરિટી ટ્રસ્ટનો નોંધણી નં. ઇ/3778 મહેસાણા
2. શાંતાબેન શંભુપ્રસાદ પુરુષોત્તમદાસ ચૅરિટેબલ ટ્રસ્ટ ચાણસ્મા. ચૅરિટી ટ્રસ્ટનો નોંધણી નં. ઈ/985 પાટણ
3. રેવાબેન ચિમનલાલ અને પાર્વતીબેન મણિલાલ સ્મૃતિવંદના ચૅરિટેબલ ટ્રસ્ટઃ નોંધણી નં. ઈ/1142 પાટણ

ટ્રસ્ટના ઉદ્દેશો અનેક છે. છતાં સામાન્ય રીતે આ રકમ આરોગ્ય અને શિક્ષણના હેતુ માટે વપરાય છે. ભારત સરકારે વ્યાજના દર ઘટાવતાં મળનારા વ્યાજની રકમ હવે ઘણી ઓછી થતાં આ સેવાપ્રવૃત્તિની ગતિ મંદ પડી છે.

4. મધર્સ લવ ચૅરિટેબલ ટ્રસ્ટ ચાણસ્મા:

આ ટ્રસ્ટ દ્વારા અનાથ બાળકોને શોધીને તેમને રહેવા-જમવા રોજગાર સાથે સારા ભવિષ્ય માટે પ્રયત્નો કરવાના શુભ હેતુથી ટ્રસ્ટની નોંધણી ચૅરિટીમાં કરાવેલ છે. એક શુભેચ્છક N.R.I. દાતાએ આ માટે મોટું દાન આપવાની કબૂલાત કરી હતી, પણ અનાથ આશ્રમને પ્રેમાશ્રમ બનાવે તેવા કાર્યકરોના અભાવે આ ટ્રસ્ટ ચાલુ કરી શકાયું નથી.

ટ્રસ્ટ સંચાલનમાં પણ ઘણી અગવડો પડે છે. પ્રામાણિકતા અને પારદર્શિતા હોય તો જ આ શોભી શકે. વળી, ચૅરિટીની કચેરીની મુલાકાતો અને અગવડો કાર્યકરોને ઘણી વાર નિરાશ બનાવી દે છે. વળી, માનદ ધોરણે કોઈ પણ કર્મચારી આ કાર્ય કરવા ઓછો ઉત્સાહ ધરાવે છે. છતાં સેવાકાર્યની આ પ્રવૃત્તિ એકંદરે અનેરો ઉત્સાહ આપનારી હોય છે. રેશનની કિટની ચિઠ્ઠી બનાવીને જે-તે લાભાર્થીને ઘેર પહોંચાડવામાં આવે છે. જેથી ચિઠ્ઠી લઈને નિયત કરિયાણાની દુકાને જઈને લખ્યા પ્રમાણેનું રેશન પ્રેમથી લઈ જાય છે. ચિઠ્ઠી કોના તરફથી મળેલ છે તેની પણ જાણ લાભાર્થીને થતી નથી, જેથી કોઈ પણ પ્રકારનો ક્ષોભ તેઓ અનુભવતા નથી. અલબત્ત, આ લાભાર્થીઓ પસંદ કરવામાં જે વડીલો કે કાર્યકરોની સાથે રહીને કરીએ છીએ તેઓ ઘણી વાર પક્ષપાત અનુભવીને તરફદારી કરતા હોય તેવું કંઈક અંશે દેખાય છે, છતાં સેવાકાર્ય કરવામાં આપણે તેને બહુ પ્રાધાન્ય આપવું જરૂરી નથી. લગભગ 25 વર્ષ કરતાં વધારે સમયથી આ પ્રવૃત્તિઓ સારા યુવાનમિત્રોના સહકારથી ચાલી રહી છે, છતાં હવે કાર્યકરોના અભાવે ઉત્સાહ ઓછો થાય છે. જેથી ટ્રસ્ટની મુદ્દલ રકમો જે-તે મોટી અને સેવાભાવી સંસ્થાઓને દાનમાં આપી દેવાઈ છે. હવે તો માત્ર સાધારણ પ્રવૃત્તિઓ થઈ શકે છે તેનો રંજ પણ છે.

**18. સમાપન**

મહેસાણા જિલ્લો અને પાટણ જિલ્લાના માધ્યમિક શિક્ષક, આચાર્ય, સંચાલક મંડળના સંઘો સાથે સમગ્ર સેવાઓ દરમિયાન કામ કરવાનું થયું. સૌની સાથે સંવાદ, નિયમપાલનનો આગ્રહ, પૂર્વગ્રહ કે અન્ય રીતે નહિ વિચારવાની રીત પ્રામાણિકતા અને શિક્ષણ માટેનો આગ્રહ હંમેશાં રાખ્યો છે. જેથી જ્યાં કામ કરવાનું થયું ત્યાં વિશાળ સદ્‌ભાવ ધરાવતું વર્તુળ ઊભું થઈ જતું. જેથી કોઈ પણ પ્રશ્નના ઉકેલમાં સરળતા અને સહજપણું થતું હતું. જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘમાં પ્રમુખ તરીકેની કામગીરીથી સંઘ સંખ્યા વધી અને સૌનો વિશ્વાસ સંપાદન થયો. જિલ્લા માધ્યમિક આચાર્ય સંઘમાં મંત્રી અને પ્રમુખ તરીકે પણ કામ કરવાની તક મળી. મહેસાણા જિલ્લા શાળા સંઘના પ્રમુખ અને મંત્રી તરીકે વર્ષો સુધી કાર્ય કરવાની ફરજ પડી. ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખ તરીકે પણ યશસ્વી કામગીરી થઈ શકી. સૌ વડીલ સારસ્વતોનું માર્ગદર્શન અને યુવાન આચાર્યોનો સહયોગ મળતાં આચાર્યશ્રીના

એક પગારધોરણનો પ્રશ્ન ઉકેલાતાં આચાર્યોનું તેજ અને તપ વધ્યાં છે. જિલ્લાના માધ્યમિક કક્ષાના વિવિધ સંસ્થાના પ્રમુખ, મંત્રીઓ અને આગેવાનોના પ્રતિનિધિઓની અનેક વિવિધ સંઘોની સંકલન સમિતિ રાજ્યમાં સર્વ પ્રથમ જ વાર બનતાં આ સંઘોની આંતરિક લડાઈઓ મટી અને સમગ્ર રીતે એક જ સંઘ બનતા પ્રશ્નનો ઉકેલ ઝડપથી અને માનસભર આવતો થયો. 1979માં સ્થપાયેલી આ સમિતિના પ્રમુખ તરીકે શ્રી વાસુદેવ રામચંદ્ર કર્વેસાહેબ અને મંત્રી તરીકે મારે કાર્ય કરવાનું થયું. વર્ષ 1991 સુધી આ સમિતિ સક્રિય રહી. ત્યાર બાદ સંકલન લાંબું ચાલ્યું નહીં. આ બધા જ સંઘોના પદાધિકારીશ્રીઓ અને સભ્યો દ્વારા અનેક વાર મેમેન્ટો અને સન્માનપત્રો ના મરજી છતાં સ્વીકારવાની ફરજ પડતી હતી. ગુજરાત માધ્યમિક શિક્ષણબોર્ડના સભ્ય તરીકે પણ આ જ ધોરણે સર્વાનુમતે પસંદગી થતાં ગાંધી-વિનોબાના વિચારોમાં શ્રદ્ધા દૃઢ બની.

સિપોરના સહવાસ દરમિયાન આદરણીય ડૉ. જોષીસાહેબ અને સમર્થ ત્યાગવીર, તપ અને શ્રદ્ધાના સ્વામી ડૉ. વસંતભાઈના સાંનિધ્યથી મારા જીવનનું યોગ્ય ઘડતર થયું છે. અપેક્ષાઓ ઓછી અને સમાજ માટે સમર્પણ વધારે કરતા રહેવાની શીખ મળી છે.

કડીમાં પણ ચૅરમૅન શ્રી માણેકલાલ પટેલ સાચા કર્મયોગી હતા. દૃષ્ટિવંત સમાજસેવક, ઉમદા માનવી અને શિક્ષણ માટે સમર્પિત હતા. તેઓશ્રીના સહવાસથી પણ કામ કરતાં આનંદ થતો હતો. આ ઉપરાંત આદર્શ અધ્યાપક અને આચાર્ય તરીકેનું મારું ઘડતર કરનાર શાળાના દૃષ્ટિવંત કેળવણીકાર શ્રી છગનભાઈ કા. પટેલનો પણ ઘણો ઋણી છું. પ્રત્યેક શાળા અધ્યાપક મિત્રોએ પણ આપેલા સહકાર અને નિષ્ઠાથી કરેલ સેવાયજ્ઞ વિશેષ રળિયામણો બનેલ છે. બધા જ પ્રકારની અનુકૂળતા અપાવવામાં ઈશ્વરના આશિષ સદાયે સાથે રહેલ છે.

આપ સૌએ સર્વ વિદ્યાલય કેળવણી મંડળ પરિવારે મારા પ્રત્યે લાગણી દર્શાવીને મંડળના પ્રમુખની જવાબદારી આપી છે. તેમાં મારી લાયકાત કરતાં મંડળના સભ્યશ્રીઓનો પ્રેમ, શ્રદ્ધા અને વિશ્વાસ દેખાઈ રહ્યાં છે. આને લાયક બનવાની શક્તિ પ્રભુ સદાયે આપતો રહે એવી શ્રદ્ધા છે. જેથી આ કાર્યમાં સહયોગ આપનાર લાગણી દર્શાવનાર પિલવાઈ, સિપોર, કડીના સહકાર્યકરો અને ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો હૃદયપૂર્વક આભાર માનતાં હર્ષ અનુભવું છું. આભાર.

•

# આચાર્યશ્રી મનુભાઈ પટેલના આચાર-વિચારના પ્રેરક પ્રસંગો

■ સંકલન: મણિભાઈ પ્રજાપતિ
ડૉ. ઊર્જિતા પટેલ

*(પ્રસ્તુત અભિવાદનગ્રંથમાં સમાવિષ્ટ લેખોનું સાદ્યંત વાંચન કરતાં કેટલાક પ્રેરક પ્રસંગોની વાતો હૃદયસ્પર્શી બની ગઈ. જેમાં પૂ. મનુભાઈ સાહેબનાં મૂઠી ઊંચેરાં શિક્ષકત્વ/આચાર્યત્વ અને ખાસ તો સંવેદનશીલ માનવનાં દર્શન થાય છે. આ પ્રસંગો મૂળ લેખના પૃષ્ઠ સાથે તારવીને અહીં રજૂ કરવામાં આવ્યા છે)*

*

● એક સમયે મનુદાદા પાસે કોઈ કામસર મારે જવાનું થયું. તેઓ ઑફિસના ફોન પર વાત કરી રહ્યા હતા. વાત પૂરી થાય ત્યાં સુધી હું ઊભો રહ્યો. જેવી વાત પૂરી થઈ કે એમણે એક ડાયરી લીધી અને તેમાં કશી નોંધ કરી અને પછી ખિસ્સામાંથી બે રૂપિયા કાઢીને ફોનની બાજુમાં મૂકેલા બૉક્સમાં મૂક્યા. મને નવાઈ લાગી. મારાથી પુછાઈ ગયું: ‘દાદા, આ શું કર્યું ? નોંધ લખી અને પછી રૂપિયા મૂક્યા !’ દાદાએ મારી સામે જોયું અને પછી એક કાયમી હળવું સ્મિત ફરકાવી કહ્યું: ‘‘આ ફોન પરની વાતચીત મારી વ્યક્તિગત હતી. વ્યક્તિગત ફોન કર્યો હતો તો ખર્ચ સંસ્થા પર કઈ રીતે નખાય ?’’

— **કનુભાઈ આઈ. પટેલ,** પૃ.77

● એક વખત છાત્રાલયના દસ શૌચાલયનું પાણી અને મળ સેફ્ટીટેન્કમાં જતાં બંધ થઈ ગયાં. એની ફરિયાદ મનુદાદા પાસે પહોંચી. દાદા દોડતા આવ્યા. એમણે જોયું કે બે ગૃહપતિ અને સફાઈ કામદાર તમામ ઔપચારિક પ્રયત્નો કરી ચૂક્યા છે, પણ સફળતા મળી નથી. હાથ પર હાથ ધરીને બેસી રહે તો મનુદાદા શાના ! એમણે મુખ્ય સેફ્ટીટૅન્કનું ઢાંકણું ખોલ્યું, સેફ્ટીટેન્ક અડધી ખાલી કરી અને પછી મને પ્લાસ્ટિકની બે થેલીઓ લેવા મોકલ્યો. હું દોડતો ગયો અને દોડતો આવ્યો. થેલી દાદાના હાથમાં આપી. મનુદાદાએ એ બે થેલીઓ બન્ને હાથમાં પહેરી. એને મોજાં જ બનાવી લીધાં. પછી મોં પર રૂમાલ બાંધ્યો. એમની તૈયારી જોતાં લાગ્યું કે દાદા સફાઈ કરશે. મેં તરત કહ્યું: ‘સાહેબ, તમે રહેવા દો. લાવો હું કરું. તમે કહો તેમ સાફ કરી દઉં.’ દાદાએ ટૂંકો જવાબ આપ્યો: “અમે તો જીવી લીધું છે. તમારે ઘણું બાકી છે.’’ આટલું કહેતાંની સાથે તો એમણે હાથ મુખ્ય પાઇપમાં નાંખ્યો અને કપડાંનો એક ડૂચો બહાર કાઢ્યો. એ સાથે જ ટેન્કમાં જમા પાણી અને મળ ધડાધડ વહેતું થયું. એમણે કામ પૂરું

કર્યું અને હાથ ધોઈને એ અન્ય કામે વળગ્યા. અમે ગૃહપતિઓ અને સફાઈ કામદાર જોતા જ રહી ગયા. કેટલું સાહજિક જીવન! નિર્દંભ અને નિષ્ઠાવાન વ્યક્તિત્વ! અમે તો મનોમન દાદાને વંદી જ રહ્યા.

– **કનુભાઈ આઈ. પટેલ,** પૃ.77

● પુષ્પાબાના અવસાન સમયે પાટણ ખાતે બેસણું હતું. સૌ સમૂહ વ્યવસ્થાએ મુકાયેલ બસમાં પહોંચ્યા. સંસ્થાના સફાઈ કામદાર દશરથની ઇચ્છા અંગે કોઈએ પૃચ્છા પણ કદાચ ન કરી હોય, એવું બની શકે. દશરથ એકલો પરિવહનની બસમાં પહોંચ્યો. સૌની હાજરીમાં મનુભાઈની નજર દશરથ પર પડી. દશરથને પાસે બોલાવી, સ્થિતપ્રજ્ઞે માથે હાથ ફેરવી મૂક મનોભાવને જાણે વાચા ફૂટી હોય તેમ, ''દશરથ! હવે પુષ્પાના સ્નેહની ઊણપ હું સમજી શકું છું, પણ એ હવે આપણી વચ્ચે નથી.'' દશરથ બાળકની જેમ હીબકી ઊઠ્યો. સંસ્થાના નિયામક અને સફાઈ કામદારના આ લાગણીમય પ્રસંગે ઉપસ્થિત સૌ આભા બની રહ્યા.

– **શ્યામજીભાઈ એમ. દેસાઈ,** પૃ.84

● ઉનાળામાં વાર્ષિક પરીક્ષા પહેલાં સ્કૂલ ફરતે લાગેલા મધપૂડાને પાડવાવાળાને બોલાવે ત્યારે એક મધપૂડાને પાડવાનો ભાવ 2000થી 3000નો સાંભળી અમારા બધાંના કાન ખડા થઈ જતા. આ ભાવ સાંભળ્યા પછી અમે ગૃહપતિશ્રીઓ અને છાત્રો ભેગા મળીને મધપૂડા પાડવાનું કહેતા તો દાદા કહેતા કે આપણને પાપ લાગે, ત્યારે અમે કહેતા કે સાહેબ પૈસા આપીએ તોપણ પાપ તો લાગે જ ને! એટલે પછી અમને કહેતા કે સારું તમે બધા મળીને પાડી દો. આમ, પોતાની વાતને આટોપી લઈને સાચી વાતને બહુ જ નમ્રભાવે સહજમાં સ્વીકારતા.

– **હરિલાલ વરમોરા,** પૃ.73

● તેમના મૂલ્યનિષ્ઠ આચરણની ઘણી ઘટનાઓ જાણવા મળે છે. એક વાર શ્રી મનુભાઈ, તેમના બે ત્રણ સાથી મિત્રો સાથે કોઈ કામે વડનગરથી અમદાવાદ ગયેલા. પરત ફરતાં અમદાવાદથી વડનગર રેલવે દ્વારા જ આવવાનું થયું. વડનગર રેલવે સ્ટેશને ઊતરતાં ખ્યાલ આવ્યો કે અજાણતાં ટિકિટ કોઈએ લીધી નથી. મિત્રોને પૂછતાં એકબીજાના વિશ્વાસે ટિકિટ લેવાઈ ન હતી. કોઈ રેલવે અધિકારીની હાજરી કે પૂછપરછ ન હોવા છતાં વડનગર રેલવે સ્ટેશનેથી જ વડનગર-અમદાવાદની બધા મિત્રોની ટિકિટ લઈ ટિકિટ ફાડી ફેંકી દીધી, પણ રેલવેતંત્રને નુકસાન થવા ન દીધું. આવી હતી તેમની રાષ્ટ્રીયતા અને મૂલ્યનિષ્ઠા.

– **મનુભાઈ શીવરામભાઈ. પટેલ,** પૃ.227

● સિપોરથી 12 કિલોમીટર દૂર ગોરીસણા ગામ છે. જે બાણગંગા પ્રદેશ તરીકે ઓળખાય છે. સમગ્ર વિસ્તારમાં બક્ષીપંચની વસ્તી રહે છે. ગોરીસણા ગામે 1978માં બદલી

થઈ ને શિક્ષક તરીકે હાજર થયો. ત્યારે ગામનાં બાળકોને અભ્યાસ માટે સિપોર સુધી આવવું ન પડે માટે હાઈસ્કૂલ કરવાનો વિચાર થયો. તે વખતે ગોરીસણા ગામમાં ધોરણ 1થી 5ની પ્રા. શાળા હતી. જેમાં માત્ર ધો. 5માં 17 બાળકો અભ્યાસ કરતાં હતાં. જે ગામની પ્રાથમિક શાળામાં ધો. 6-7ના વર્ગો ના હોય ત્યાં માધ્યમિક શાળા કેમ શરૂ થાય ?

તે કલ્પના કરવી એક સપનું હતું. તે સમયે માધ્યમિક શાળા કરવા માટે પ. પૂ. મનુભાઈ સાહેબ સાથે પત્રવ્યવહાર, ચર્ચા, માર્ગદર્શન મેળવી અંબિકા કેળવણી મંડળ, ગોરાસણાની રચના કરવામાં આવી હતી. ત્યાર બાદ અરજી કરવાથી પાટણથી શિક્ષણાધિકારી કચેરીના અધિકારી જાન્યુઆરી 1980માં પ્રાથમિક શાળા ગોરીસણામાં તપાસ માટે આવેલા. શાળાની ભૌગોલિક પરિસ્થિતિથી વાકેફ થઈ વિઝિટબુકમાં જ્યાં ધોરણ-5નાં 17 બાળકો હોય ત્યાં માધ્યમિક શાળા શરૂઆત થાય તેમ નથી. તેઓશ્રીએ દૂધ મંડળી ગોરીસણામાં કેળવણી મંડળના પ્રમુખ-મંત્રી તથા અન્ય સભાસદો સાથે મિટિંગ કરી કહેલ કે આ ગામમાં માધ્યમિક શાળા થઈ શકે તેમ નથી. સાંજના 5-00 વાગ્યા હતા, સૂર્યાસ્ત થવાની તૈયારી હતી. વાહનવ્યવહારનો અભાવ હતો. આચાર્યશ્રી મનુભાઈ સાહેબ સિપોર રહેતા હતા તેમના વિના આ અધિકારીને કોઈ સમજાવી શકે તેમ ન હતું, તેથી તાત્કાલિક વાહન કરીને અધિકારીશ્રીને સિપોર હાઈસ્કૂલના આચાર્યશ્રી મનુભાઈ સાહેબના ઘરે લઈ ગયા. ત્યાં જમવાની વ્યવસ્થા તથા રાતવાસો કરાવ્યો. સાહેબશ્રીનાં ધર્મપત્ની પૂ. પુષ્પાબેનનું સૌએ આતિથ્ય માણ્યું. પૂ. મનુભાઈ સાબેહની સચોટ સમજાવટથી અધિકારીશ્રી સંમત થતાં ગોરીસણાને માધ્યમિક શાળાની જૂન સને 1980થી મંજૂરી મળી. હાલ ગોરીસણા શાળામાં 700થી વધુ બાળકો ભણે છે, તેનો સંપૂર્ણ યશ શિક્ષણના શિલ્પી પૂ. મનુભાઈ સાહેબને જાય છે.

– **અંબાલાલ આર. પટેલ,** પૃ.178

● ઉત્તર ગુજરાત ઉપરાંત સૌરાષ્ટ્ર, વઢિયાર, કાઠિયાવાડ અને ચોમેરથી આ સંસ્થાની અનોખી શિક્ષણ છાપ હોવાથી દૂર-દૂરનાં ગામડાંઓથી અહીં પ્રવેશકાર્ય માટે વાલી અને વિદ્યાર્થીઓ આવતા. તેમને ધક્કો ના થાય તેની પૂરી કાળજી જાતે જ રાખતા. સવારથી બપોરના એક અને બપોર પછી ફરી પાછા શાળામાં પ્રત્યક્ષ હાજર રહેતા. દૂરથી આવેલ વ્યક્તિઓની પૃચ્છા કરે. છાત્રાલયમાં જમવાની વ્યવસ્થા કરી આપે. વાત ભલે નાની-અમથી લાગે, પણ તેમાં પણ તેમની ચીવટ, લાગણી, વ્યવસ્થા, હૃદયભાવની અભિવ્યક્તિનો પરિચય થાય છે. સમગ્ર કર્મચારીગણ તેમનો પડ્યો બોલ ઝીલે. માત્ર તેમની આભા અને કરુણાથી ભરેલ આંખ! 'પ્યૂન ટુ પ્રિન્સિપાલ' સૌ એક જ ડાળનાં પંખી છીએ. શાળા-સંસ્થા એક જ પરિવાર છે, એ પ્રકારે કામ અને હૃદયભાવનાનાં અમે દર્શન કર્યાં છે.

– **લલિત ગજ્જર,** પૃ.89

● સ્વ. માણેકલાલ પટેલ સાહેબ અને આચાર્ય શ્રી મનુભાઈ સાહેબનાં અનુકંપા અને દૂરંદેશીતાથી એક ઘટનાનો સાક્ષી છું, જે અહીં રજૂ કરું છું: જ્યારે મનુભાઈ

સાહેબ સર્વ વિદ્યાલયના આચાર્ય હતા ત્યારે એક વિદ્યાર્થી છાત્રાલયમાં રહીને અભ્યાસ કરતો હતો. તે વિદ્યાર્થી સુરેન્દ્રનગર જિલ્લાનો એક ખેડૂતપુત્ર હતો. તેના પરિવારની આર્થિક પરિસ્થિતિ સારી ન હતી. ઑફિસમાંથી વારંવાર વિદ્યાર્થીના વાલી પર ફોન જતા હતા ત્યારે વાલીએ પરચૂરણના સિક્કાઓ થેલીમાં લઈને સાહેબની ઑફિસમાં ઢગલો કર્યો હતો. આથી સાહેબને ખ્યાલ આવી ગયો કે વાલીની આર્થિક સ્થિતિ સારી નહીં હોય. તેમણે આ બાબતની જાણ સ્વ. માણેકલાલ સાહેબને કરી હતી, ત્યારે સાહેબે શ્રી મનુભાઈ સાહેબને કહ્યું કે તે પૈસા વાલીને પરત કરો અને વિદ્યાર્થીને ફી વગર ભણાવો.

– **ડૉ. મણિભાઈ એસ. પટેલ,** પૃ.43

● આપ સાહેબશ્રી વર્ષ 1967-68માં આદર્શ સ્કૂલ, સિપોર આવ્યા તે દિવસથી અમારામાં ભણવા અંગેનો દિવ્ય સંચાર શરૂ થયો હોય તેવું લાગવા લાગ્યું. જ્યારે અમો ધોરણ 11મા આવ્યા ત્યારે આજુબાજુ 10થી 12 ગામના વિદ્યાર્થીઓ 4થી 8 કિલોમીટર જેટલું અંતર કાપી પગપાળા ભણવા આવતા, જેમાંથી 50થી 60 વિદ્યાર્થીઓ ધોરણ 11મા હતા, તે સર્વેનો મુસાફરીમાં સમય ઘણો જ બગડતો હોવાથી આપ સાહેબે અમો પ્રત્યે અમી દૃષ્ટિ રાખી તમામ વિદ્યાર્થીઓ માટે સ્કૂલમાં જ રહેવા-જમવાની સગવડો સાથેની હૉસ્ટેલનું આયોજન કર્યું. આમ, અમારી જિંદગીનો નવો અધ્યાય અહીં શરૂ થયો. માત્ર હૉસ્ટેલનું આયોજન જ નહિ, પણ ગુરુકુળ પરંપરાના સમય દરમિયાન ઋષિમુનિઓ જે રીતે ગુરુકુળ આશ્રમ ચલાવતા તે મુજબનું આયોજન કર્યું. આ પ્રકારનું આયોજન કદાચ અમારાં માતાપિતા પણ ન કરી શક્યાં હોત. આપ હૉસ્ટેલમાં સવારે વહેલા આવી જતા તેમજ રાત્રે 11-12 સુધી અમો અભ્યાસ કરતા ત્યાં સુધી હાજર રહેતા. આપશ્રીએ અન્ય શિક્ષકો શ્રી રતિભાઈ પટેલ અને શ્રી લક્ષ્મણભાઈ પટેલને પણ વિદ્યાર્થીઓને અભ્યાસમાં મદદરૂપ થવા હાજર રહેવા માટે જણાવતા. એસ.એસ.સી. માટે શ્રી વી. જે. કુટમુટિયા તથા શ્રી શાહનાં જે પખવાડિક મૅગેઝિન આવતાં તે આપશ્રી રેપર ખોલ્યા વિના અમને વાંચવા આપતા. અમો અમારા ગામ ગયા હોવાના કારણોસર નિશાળમાં હાજર ન રહી શકવાથી, અભ્યાસમાં વિક્ષેપ પડવાથી આપ સાહેબશ્રી મને અંગત રીતે ફ્રી પિરિયડમાં ભણાવતા જે બાબત અવિસ્મરણીય છે. સ્કૂલમાં અભ્યાસપૂર્ણ કર્યા પછી મારી સર્વિસ કચ્છ ખાતે હોવાથી 20 વર્ષ પછી વિસનગર બસ સ્ટેશને અચાનક આપશ્રીને મળવાનું થયું તે દરમિયાન આપ સાહેબશ્રીએ મને ઓળખીને નામજોગ બોલાવ્યો તે હું મારું અહોભાગ્ય સમજું છું.

– **ડૉ. ચુનીલાલ ડી. પટેલ,** પૃ.119

● કોઈ વિદ્યાર્થીઓ હૉસ્ટેલમાં ગેરવર્તણૂક કરે તો તેમને પોતાની આગવી શૈલીથી માર્ગદર્શન આપતા. હૉસ્ટેલમાં રસોઈ કરતા ભાઈશ્રીને હેરાન કરવા વિદ્યાર્થીઓ ખોરાક ખાવામાં અતિરેક કરતા અને રસોઈ ખૂટવાડતા, પણ આપશ્રીએ કોઈ વિદ્યાર્થીઓને આ બાબતે ટકોર કરેલ નથી, પરંતુ રાત્રે પ્રાર્થનામાં વાર્તા સ્વરૂપે માર્ગદર્શન આપતા. તે વાર્તા આજે પણ મને યાદ છે, જેનો સારાંશ હતો કે –

"એક ગામમાં એક ડૉક્ટરે દવાખાનું ખોલ્યું, 6 મહિના સુધી એક પણ દર્દી ન આવ્યો, એટલે ડૉક્ટર, સરપંચ પાસે ગયા અને કહ્યું કે આપના ગામમાં તો કોઈ બીમાર પડતું જ નથી કે શું ? ત્યારે સરપંચે કહ્યું કે અમારા ગામમાં લોકો ભૂખ લાગે ત્યારે જ ખાય અને સાત રોટલીની ભૂખ હોય તો પાંચ રોટલી ખાય એટલે બીમાર પડતા નથી." આમ, આપ આડકતરી રીતે સચોટ ઉદાહરણ સાથે ઉપદેશ આપતા.

● ચાણસ્મામાં કોઈની ખબર કાઢવા જાય તો આર્થિક પરિસ્થિતિ નબળી હોય તો ખબર ન પડે એ રીતે ઓશીકે બસો-ત્રણસો મૂકતા આવે. એમના ધ્યાનમાં આવે તો જરૂરિયાતમંદોના ત્યાં સીધુ પણ પહોંચાડે. એનો કોઈ શોર નહીં કે પ્રચાર નહીં. અમારા ત્યાં ડિજિટલ બી. પી. મોનિટર. આજુબાજુની વૃદ્ધ માજીઓ પૈસા ખર્ચી દાક્તર પાસે ન જાય. મનુકાકા કરતાં-કરતાં ઘરે આવે. BP માપી આપે. કોઈ ચાલવામાં અશક્ત હોય અને કહેવડાવે તો થેલીમાં બી. પી. મોનિટર લઈ નીકળી પડે !

– **કૃપાલિ (મુન્ની) મહેન્દ્ર પટેલ,** પૃ.263

● અમારા ભણતર અને ઘડતરની ચિંતા પૂજ્ય મામાને રહેતી. આઠમા ધોરણમાં આવ્યા ને અમે ત્રણ ભાઈઓને મામા એમની પાસે લઈ ગયા. એક વખતે હું પણ તોફાનમાં ભાગીદાર બન્યો હતો. નિશાળમાં રિસેસ સમયે છોકરીઓએ ખમણની પાર્ટી રાખેલી. અમોએ એમને ચીડવવા ગામની ભીંત પર 'ખમણ ખમણ' ચીતરેલું. વાત સ્કૂલમાં મામા પાસે ગઈ. સૌને આચાર્ય સાહેબનું કહેણ આવ્યું. એમની ઑફિસમાં સૌ લાઇનબંધ ઊભા થઈ ગયા. એમાં સૌ પહેલાં મારો વારો આવ્યો. અમને સૌને ડોલ પોતાં સાથે દીવાલો સાફ કરવા મોકલેલા !

સ્કૂલથી ઘરે કે ઘરેથી સ્કૂલે જવા નીકળે તો રસ્તે વિદ્યાર્થીઓ છુપાઈ જતા. કડકાઈની છાપ સાથે કરુણા પણ એટલી જ. એ કહેતા, 'એક આંખમાં પ્રેમ અને કરુણા અને બીજી આંખમાં શિસ્ત માટે કડકાઈ ભરી દૃષ્ટિ જોઈએ.' મને વહેલી સવારે વાંચવા ઉઠાડે ત્યારે ચા જાતે બનાવે અને પિવડાવે !

– **મનીષ છનાલાલ પટેલ,** પૃ.267

● વાર્ષિકોત્સવ પ્રસંગે મહેમાન પૂ. સચ્ચિદાનંદ મહારાજ દંતાલી પધારવાના હતા. બન્યું એવું કે તે દિવસે જ ધુળેટીનો તહેવાર આવતો હતો. ટેલિફોનિક સગવડ નહીં. રૂબરૂ જવું પડે. મહારાજને રૂબરૂ મળી પરત આવતાં રાતના ૧-૦૦ વાગ્યો. સાહેબને સમાચાર આપવા ઘરે ગયો, તો દાદરો ખુલ્લો. સાહેબ વાંચે. અવાજ સાંભળીને સાહેબ બોલ્યા. આવી ગયા. નાસ્તા-પાણી કરાવીને ઘરે મોકલ્યો. હું ન આવ્યો ત્યાં સુધી સાહેબ જાગતા રહ્યા. કેટલી ચિંતા ! પરિવારના ત્રિભોવનદાસ શુક્લ બીમાર પડ્યા. સારવાર માટે મુંબઈ જવું પડ્યું. અસાધ્ય બીમારીની ખબર પડતાં જ સાહેબ જરૂરી કાગળો સાથે મુંબઈ ગયા. તેમના અવસાન પછી બીજા જ મહિને તેમનું પરિવાર (ફૅમિલી) પેંશન ચાલુ થઈ ગયું. પરિવારના કોઈક સભ્યને કોઈની આગળ હાથ લાંબો ન કરવો પડે એટલા માટે

'આદર્શ ધિરાણ મંડળી'ની રચના કરી અને સુચારુ સંચાલન કર્યું. અનાવૃષ્ટિ, અતિવૃષ્ટિ કે કોઈ કુદરતી હોનારત હોય ત્યારે ગામસમિતિની રચના કરી ગુપ્ત મદદ કરાવે. ગ્રામજનો પણ તેમનો બોલ ઝીલીને ઊમટી પડે. આમ એક અદના શિક્ષક, આચાર્ય, કેળવણીકાર ને સમાજ ચિંતક તરીકે ઊભરી આવ્યા.

– **વજેસિંહ આર. વાઘેલા,** પૃ.171

● આમ તો મને અને પપ્પા(મધુભાઈ ભાવસાર)ને સર્વ વિદ્યાલયના પુસ્તકાલયના કબાટે-કબાટે અને પુસ્તકે-પુસ્તકે મોહનલાલ પટેલે ફેરવેલા, પણ મનુકાકાએ મારા માટે આ પુસ્તકો સંજય સુલભ કરી દીધાં! એકાદ બે પુસ્તકો ઇશ્યૂ કરાવવાના બદલે અમને બે હાથમાં ભરી શકાય એટલાં પુસ્તકો લઈ જવાની છૂટ મળી.... અને એથી જ તો હું ટાગોર અને શરદબાબુ સુધી પહોંચ્યો. સુન્દરમ્ અને ઉમાશંકરની કવિતાઓ પામ્યો. જે. કૃષ્ણમૂર્તિને સ્પર્શ્યો. ચં. ચી. મહેતાની ગઠરિયાઓ પણ છોડી ને દર્શકને પણ અહીં જ દેખ્યા ને કુન્દનિકાબેનનાં સાત પગલાં આકાશ સાથે અહીં જ ઊડ્યાં!! અમદાવાદની એલ. ડી. કૉલેજ ઑફ એન્જિનિયરિંગમાં અભ્યાસ પૂર્ણ કરી બહાર નીકળી પરદેશ જવાને બદલે ગામડાંમાં બેસવાનો જે સંકલ્પ મેં અને તુલાએ કર્યો એમાંના થોડાંક કારણોમાંનું એક કારણ મનુકાકા દ્વારા આ સંજય સુલભ કરી આપવામાં આવેલાં પુસ્તકો પણ ખરાં જ!

– **તુલા-સંજય,** પૃ.23

● એક નાનકડી પ્રેરણદાયી વાત જે મનુભાઈ સાહેબ અમને કહેતા તેનો ઉલ્લેખ અહીં કરું છું. આજકાલ ઘર, ઑફિસ કે રસ્તાઓ પર સી.સી. ટી.વી. કૅમેરા લાગ્યા હોય છે, એટલે કોઈ પણ વ્યક્તિ કંઈક ખોટું કરે તો તરત જે તેની નજર કૅમેરા પર જાય અને કૅમેરા જુએ છે, એટલે તે ખોટું કરતાં ડરે છે, એમ આપણને કોઈક જુએ છે તેવો પ્રસંગ. એક ખેતરમાં આંબો હતો. આંબા પર પુષ્કળ કેરીઓ. કેરીઓ જોઈને લલચાયેલા એક વડીલ આંબા પર ચડ્યા અને તેના નાના દીકરાને કહ્યું જો બેટા ચારેબાજુ નજર રાખજે કોઈ જોઈ જાય તો મને કહેજે હું આંબા પરથી ઊતરી જઈશ. પેલા છોકરાએ તેના બાપને કહ્યું બાપુજી, કોઈ માણસ તો આપણને નથી જોતું, પણ ઉપરથી ભગવાન આપણને જોઈ રહ્યા છે. ખોટું કરતાં દશ વાર વિચાર કરજો.... ભગવાન આપણને જોઈ રહ્યો છે. આવાં માર્મિક ઉદાહરણો સાથે જીવનઘડતરની પ્રેરણા આપનાર મનુભાઈ સાહેબને શત શત વંદન.

– **રમણભાઈ એમ. પટેલ,** પૃ.129

● મારો ચિ. પુત્ર હર્ષદ (હવે ડૉ. હર્ષદ પટેલ) સર્વ વિદ્યાલયમાં ધોરણ-૧૧માં અભ્યાસ કરતો હતો. તે સમયે અર્ધવાર્ષિક પરીક્ષા નવરાત્રી બાદ તૂર્ત જ લેવામાં આવતી હતી. આ પરીક્ષા સંદર્ભે અમે કેટલાક વાલીઓ આચાર્યશ્રી મનુભાઈ સાહેબને તેમની ઑફિસમાં મળવા ગયા હતા. અમે જણાવ્યું હતું કે સાહેબ, આ સમયમાં પરીક્ષા ગોઠવવાથી વિદ્યાર્થીઓ પોતાની મસ્તીમાં નવરાત્રી માણતા રહેતા હોવાથી અભ્યાસમાં

બરોબર ધ્યાન આપી શકતા નથી. પરિણામે આ પરીક્ષાનું પરિણામ વિદ્યાર્થીઓની ક્ષમતા મુજબ આવતું ન હોવાથી હતોત્સાહ થઈ જાય છે, જેની અસર વાર્ષિક પરીક્ષા ઉપર થાય છે. વિદ્યાર્થીમાનસને ધ્યાને લેતાં આ પરીક્ષા નવરાત્રી પૂર્વે જ લઈ લેવામાં આવે તો વિદ્યાર્થીઓ નવરાત્રી માણવાની સાથે જ પોતાના અભ્યાસમાં પણ ધ્યાન આપી શકશે. સાહેબે પોતાના નિર્ણય સામે કોઈ દલીલો કર્યા સિવાય શાંતચિત્તે અમારી વાતને હૈયે ઉતારીને જણાવ્યું કે વાત તો તમારી સાચી છે. તમે સૌએ આ વાત મારા ધ્યાને લાવ્યા તે સારું કર્યું. સાહેબશ્રીએ માત્ર શબ્દોમાં આશ્વાસન ન આપતાં આગામી વર્ષોથી અર્ધવાર્ષિક પરીક્ષા નવરાત્રી પૂર્વે જ લેવાનું શરૂ કર્યું હતું.

– **ડૉ. રમણભાઈ જી. પટેલ,** પૃ.50

● પૂ. મનુભાઈ સાહેબનો પીઢ કેળવણીકાર તરીકેનો પ્રત્યક્ષ લાભ મને અંગત રીતે પણ મળ્યો છે. તેમના અનુભવજન્ય જ્ઞાનનો લાભ મેળવી હું ખરે જ ધન્યતા અનુભવું છું. વાત એમ છે કે મારા પુત્ર ચિ. દીપનને અમે તેનું અંગ્રેજી સારું થાય તેવી ભાવનાથી અમદાવાદની લૉ સોસાયટીના બાલમંદિરમાં પ્રવેશ અપાવ્યો હતો. આ પ્રવેશ પણ અમે કોઈની ઓળખાણના આધારે મેળવ્યો હતો. આ શાળાની પસંદગી કરવાનું કારણ એક જ કે આ શાળાની શ્રેષ્ઠ શાળા તરીકે ગણના થતી હતી. આ બાલમંદિરમાં તેણે બે વર્ષ પસાર કર્યાં હતાં. આ સમયગાળામાં મારા પિતાશ્રી અને પૂ. મનુભાઈ સાહેબ અમદાવાદમાં મારા નિવાસસ્થાને અનાયાસ આવ્યા હતા. ચિ. દીપનના અભ્યાસ અંગે વાતચીત નીકળતાં તેમણે અમને સલાહ આપી કે બાળકને માતૃભાષામાં શિક્ષણ આપવામાં આવે તો તે ઝડપથી સમજી શકે છે અને શીખી પણ શકે છે. અંગ્રેજી ભાષાનું જ્ઞાન જરૂરી છે, પરંતુ બાળકના આ સ્ટેજે નહીં. તમે તેને ગુજરાતી માધ્યમમાં દાખલ કરો. તમને ખૂબ જ સરસ પરિણામ મળશે. અમે તેમની સલાહ મનોમન અવઢવ સાથે સ્વીકારી, પરંતુ તેમની સલાહ સો ટચના સોના જેવી પુરવાર થઈ.

– **કિરીટભાઈ આર. પટેલ,** પૃ.58

● તે શિસ્તના બહુ જ આગ્રહી. અમે નાનાં હતાં ત્યારે કાકા, અરવિંદભાઈ અને હું તેમની આગળ આવવાનું પણ ટાળતાં. મને હજી પણ યાદ છે. મારી નાની બહેન નીતાનું ધો.10નું અંગ્રેજીનું પેપર એમના સહકાર્યકર શિક્ષક પાસે હતું. તે નાપાસ થતી હતી. નીતાએ પપ્પાને આ વાત કરી, પણ તેમણે કંઈ જ ન કરવાનું કહ્યું. આ પરથી તે કેટલા ઈમાનદાર છે તે જાણી શકાય. તેમની બધી જ સફળતામાં મારી મમ્મી પુષ્પાબેનનો મોટો ફાળો હતો. તે અત્યારે હયાત નથી, પણ અમારા સર્વના દિલમાં વસેલી છે.

– **રેણુકા નૈષધ પટેલ,** પૃ.256

● પૂ. મનુભાઈ સાહેબની માનવીય સંવેદનશીલતા અને અન્યને મદદરૂપ થવાની પ્રકૃતિગત ભાવનાનો મને પ્રત્યક્ષ અનુભવ થયો છે. મારી પુત્રવધૂને વર્ષ 2014માં ઇંગ્લૅન્ડ અભ્યાસ અર્થે મોકલવા હેતુ પૈસાની જરૂર પડતાં મેં સર્વ વિદ્યાલય કેળવણી મંડળના

સન્માનનીય ચૅરમૅન શ્રી વલ્લભભાઈ પટેલસાહેબને વિનંતી કરતાં તેમણે મને લોન આપી હતી. આ લોન અરજીના પ્રથમ મુસદ્દાના કાગળની પાછળની બાજુ કોરી હોઈ અજાણતાં જ તેના ઉપર મેં કોઈ કાર્ય હેતુ પૂ. મનુભાઈ સાહેબને ચિઠ્ઠી મોકલી આપી હતી. આ સમયે કાગળની પાછળનું મેટર શું છે તે વિસરાઈ ગયેલું. પ્રસ્તુત ચિઠ્ઠી મળ્યા બાદ સાહેબે મને સંબંધિત સૂચના આપી દીધી, પરંતુ મારા આશ્ચર્ય વચ્ચે તેમણે મને જણાવ્યું કે મણિભાઈ પૈસા મોકલી આપું ? સાહજિક રીતે જ મેં પૂછ્યું કે શા માટે ? તેમણે લાગણીપૂર્વક કહ્યું કે તમારે પૈસાની જરૂર પડશે. સાહેબ આપને શી ખબર ? ત્યારે તેમણે જણાવ્યું કે મને મોકલેલ પત્રની પાછળની બાજુએ નજર ફેરવતાં જાણવા મળ્યું. તેમણે મને ફરીથી કહ્યું કે તમે સંકોચ ન રાખશો. રૂ. 50,000 મોકલી આપું. પૂ. સાહેબનો ગદ્‌ગદિત હૈયે આભાર માનતાં જણાવ્યું કે મને ચૅરમૅન સાહેબે લોન આપી છે અને હવે મારે વધુ પૈસાની જરૂર નથી. પરાઈ પીડ અનુભવીને વૈષ્ણવજન હૃદયી મહાનુભાવો આજે આપણને કેટલા મળે ! કોઈએ સાચું જ કહ્યું છે કે **'परोपकाय संता विभूतयः'** – સજ્જનોનો વૈભવ પરોપકાર માટે હોય છે. યોગાનુયોગ મારું મોસાળ અને મારી જન્મભૂમિ પણ ચાણસ્મા છે. આ બાબતથી અજાણ રહેવા છતાં પૂ. મનુભાઈ સાહેબનો અઢળક સ્નેહ મને મળતો રહ્યો છે, જેમાં તેમના ઉદારચરિત વ્યક્તિત્વનાં દર્શન કરું છું.

– **મણિભાઈ પ્રજાપતિ,** પૃ.66


વ્યક્તિ અને સમાજપરિવર્તન કરવું એ સંસ્થા [સર્વ વિદ્યાલય]નો મુખ્ય ઉદ્દેશ રહ્યો છે. પ્રેતભોજનનો વિરોધ અને નાની વયે લગ્નો ન કરવાં, કન્યાશિક્ષણને ઉત્તેજન આપવું, સાથે જીવનનાં ઉમદા મૂલ્યોને સાકાર કરવાના ભગીરથ પુરુષાર્થો સંસ્થાના મોવડીઓએ કરેલ છે. નંદાસણ પાસેના એક મોટા ગામમાં અગ્રણી વ્યક્તિના અવસાન નિમિત્તે ગામનો જમણવાર યોજાયો હતો. કોઈ કારણથી જમતાં પહેલાં વિવાદ સર્જાયો, જેથી ગામનાં એક મોટા જૂથે જમવાનો બહિષ્કાર કર્યો. વધેલી રસોઈ ટ્રેક્ટરમાં ગોઠવીને છાત્રાલયનાં બાળકોને જમાડવા માટે લઈને આવ્યા. આવનાર અગ્રણીને આ રસોઈ કયા પ્રસંગ માટે બનાવી હતી તે પૂછતાં તેમણે વડીલના મરણ નિમિત્તે બનાવી હતી. મને થોડી મૂંઝવણ થઈ. પૂ. છગનભાએ પ્રેતભોજનનો જિંદગીભર વિરોધ કરેલો, તેમની સંસ્થાનાં બાળકોને આ નિમિત્તે ભોજન આપવું યોગ્ય ગણાય નહિ. સંસ્થાના મંત્રી સાહેબ માણેકલાલ સાહેબને આ જણાવ્યું. સાથે આનો સ્વીકાર આપણી સંસ્થાથી કરી શકાય નહિ તેવી વિનંતી કરી, જેથી સાહેબે તુર્ત જ અનુમતિ આપી અને લાવેલ ભોજન કડીના આર્થિક પછાત વિસ્તારમાં જઈને વહેંચી દેવા જે-તે આગેવાનોને જણાવ્યું. સંસ્થાએ પોતાના આદર્શો અને મૂલ્યોની પુષ્ટિ કરી છે. તેમાં ક્યારેય બાંધછોડ કરેલ નથી. જેમાં સમગ્ર રાજ્યમાં આ સંસ્થાનું ગૌરવ અદકેરું વધી રહેલ છે. સારું શિક્ષણ આર્થિક પછાત બાળકોને શિષ્યવૃત્તિઓ અને છાત્રાલયોની આદર્શ વ્યવસ્થા કરીને સમાજ અને સરકારના અગ્રણીઓમાં વિશ્વાસ અને પ્રેમને પ્રસ્થાપિત કરેલ છે.

– **મનુભાઈ પટેલ,** પૃ.289

•

# આચાર્યશ્રી મનુભાઈ પટેલ વિશે કેટલાક અભિપ્રાયો

■ સંકલન: મણિભાઈ પ્રજાપતિ
ડૉ. ઊર્જિતા પટેલ


'આદર્શ' એટલે અરીસો. અરીસામાં
અવારનવાર ડોકિયું કરી બહારનું રૂપ
ઠીક કરી લઈએ છીએ તેમ આદર્શ-અરીસા-માં
નજર કરી આપણું આન્તર સ્વરૂપ
ઠીક કરતા રહેવું જોઈએ.


ક્યારેક તરુણ મિત્રો હસ્તાક્ષર માગે છે
અને આદર્શ અંગે અંગુલિનિર્દેશ કરવા કહે છે.
હું એક પંક્તિ લખી આપું છું:

'મળે ન આદર્શ કદી ઉછીના.'

આદર્શ બહારથી લાવી શકાતો નથી, અંદરથી
ઊગવો જોઈએ, રગરગમાં રમી રહેવો જોઈએ,
લોહીમાં ધબકવો જોઈએ. એ આપણું આન્તર સ્વ-
રૂપ સંમાર્જિત કરવામાં હંમેશાં મદદગાર બની
રહો.


ઉમાશંકર જોશી

કિશોર: ૧૪-૨-૧૯૭૨



[illegible] વાડાનો એક [illegible]
અને [illegible] સાથે [illegible]
[illegible] રીતે [illegible]
આ સંસ્થાને [illegible]
ગયું. [illegible] બાળકોનાં [illegible]
આનંદ, [illegible], [illegible] ને [illegible]
[illegible] એ [illegible]
[illegible] ને આપણા ગ્રામ[illegible]
સંસ્કારિતાનાં [illegible]
તેના પ્રતીક રૂપ [illegible] આયોજ-
નમાં [illegible] હું [illegible]
પાઠવું છું. [illegible]
[illegible]
આ પ્રવૃત્તિમાં [illegible]
છે.

[illegible]

૧૫-૨-૭૨


[illegible]

પ્રે. કુ. દવે
૨૫-૨-૮૦


'ઉત્થાન'નો ઉપક્રમ ખરેખર અભિનંદનનો
અધિકારી છે. નામ પણ સરસ શોધ્યું છે.
એમાં ભાવના અને અભિલાષનું સૂચન
છે. સારસ્વત પરિવારે સ્વીકારેલી જવાબ-
દારીનું પણ એમાં સૂચન છે. શિક્ષણનો
સમાજને કેન્દ્રમાં રાખીને જ ચાલે. એ
વ્યક્તિને એવી રીતે વિકસાવે, જેથી સમાજ
પણ વિકસે. 'ઉત્થાન' વિદ્યાર્થીનું ઉત્થાન
સાધશે, પરિણામે શાળા અને સમાજનો ઉત્કર્ષ
પણ સધાશે. શિહોર ગામે [illegible] તાલુકાના
સમસ્ત ઉત્થાનની જવાબદારી અંગીકારી હોય
એમ લાગે છે. આ ઉત્તમ પ્રયાસને મારી
અનેકાનેક શુભેચ્છાઓ.

યશવંત શુક્લ
૧૫ ફેબ્રુ. '૭૨

● આજે તા. ૨૩/૧૦/૧૯૭૨ ના રોજ સિપોર આદર્શ શાળામાં વાર્ષિકોત્સવ નિમિત્તે આવવાનું થયું. શાળાનું ચોગાન, મકાન અને વિદ્યાર્થીઓ તથા શિક્ષકમિત્રો વગેરેનો પરિવાર આત્મિય લાગ્યો. શિસ્ત તેમજ વિદ્યાર્થી શિક્ષક વચ્ચેની સ્નેહગાંઠ જોઈને જ સમજી ગયો કે અન્યોન્ય પોત પોતાની રીતે કેવા ઓતપ્રોત છે! ફરી ફરી આવવાનું મન થાય એવું વાતાવરણ જોઈને આજે ય આનંદ થાય છે. આચાર્યશ્રી મનુભાઈ સુંદર વાતાવરણ સર્જી શક્યા છે. વળી આનંદમાં વધારો કરે એવા કવિ મિત્ર સુન્દરમ્ પણ આ ઉત્સવમાં સાથે હતા.

સિપોર — **પન્નાલાલ પટેલ**

તા. ૨૩/૧૦/૧૯૭૨

● 'મનુભાઈ બનવા માટે સતત તલવારની ધાર પર ચાલવું પડે.'

— **સ્વામી સચ્ચિદાનંદ**

● શ્રી મનુભાઈ પટેલ મારાં વર્ષો જૂના પરિચિત આચાર્ય છે. તે જન્મજાત શિક્ષક છે અને ગાંધીવાદના હિમાયતી હોવાથી ગાંધીમૂલ્યોના પણ રક્ષક રહ્યા છે. આ બધાના કારણે મારી દૃષ્ટિએ એમનામાં ત્રણેય મૂલ્યો: 1. મની મોરલ 2. સેક્સ મોરલ 3. પાવર મોરલ હાજરાહાજર દેખાય છે. આવા ઘડાયેલા માણસો જ બીજાનું ઘડતર કરી શકતા હોય છે. પાટીદાર સમાજનું સદ્ભાગ્ય કહેવાય કે છગનબાપા દ્વારા ઘોર તપસ્યા પછી સ્થાપિત થયેલી કડીની સર્વ વિદ્યાલય સંસ્થાના પ્રમુખપદે શ્રી મનુભાઈની વરણી કરવામાં આવી છે. તેઓ કોઈ ખુરશી કે પદના જરા પણ લાલચી નથી. તેમ છતાં સૌ નેતાઓએ આગ્રહ કરીને એમને આ પદ પર બેસાડ્યા છે. તે ડહાપણનું કામ કર્યું ગણાય. મને ખાતરી છે કે પૂર્ણ વૃદ્ધાવસ્થાએ પહોંચેલા શ્રી મનુભાઈ પટેલ આ પદને દીપાવી બતાવશે અને સંસ્થા દ્વારા પાટીદાર સમાજને વધુ ને વધુ ગૌરવાન્વિત કરશે.

— **સ્વામી સચ્ચિદાનંદ**

● શ્રી મનુભાઈ પટેલનું સન્માન થઈ રહ્યું છે, એ વાત જાણીને મને હરખ થયેલો. વર્ષો વીતે પછી પણ સાર્થક વૃદ્ધત્વનું સન્માન થાય એ ઘટના ખરેખર રળિયામણી ગણાય. ગાંધીયુગમાં એવું પર્યાવરણ (ભાવાવરણ) તૈયાર થયું કે ગામના કે તાલુકાના કોઈ યુવાનને સેવક તરીકે જીવન પસાર કરવાનું મન થાય. આવો કોઈ સેવક સંસારમાં રહીને અન્ય માટે કંઈક કરી છૂટવામાં અનોખો પરિતોષ પામે છે. ગાંધીયુગમાં કેટલાય સેવકો ગ્રામકક્ષાએ કે તાલુકાકક્ષાએ ઊગી નીકળે ત્યારે એ ગામ જુદું પડી આવતું જણાય છે. મનુભાઈ આવા ઊગી નીકળેલા સેવક તરીકે આજે પણ જીવી રહ્યા છે.

— **ગુણવંત શાહ**

● આચાર્ય ગરીબ હોય તો ચાલે, પણ ગરીબડો હોય તે ન ચાલે. આચાર્ય નમ્ર હોય તે ચાલે, પણ નમાલો હોય તે ન ચાલે. આચાર્ય હોવું તે જેવીતેવી સંપ્રાપ્તિ નથી,

એવું બ્રિટિશ વડાપ્રધાન અને મોટા ગજાના લેખકશ્રી વિન્સ્ટન ચર્ચિલે કહ્યું હતું. મનુભાઈ ખરા અર્થમાં આચાર્ય હતા, લાચાર્ય ન હતા. તેઓ વારંવાર અમેરિકા જતા હોય છે, ત્યાંથી પણ ક્યારેય મને ફોન કરવાનું ચૂકતા નથી. દરેક ગામમાં એક મનુભાઈ હોવા જોઈએ.

– **ગુણવંત શાહ**

● "લગભગ વીસ વર્ષ પછી ફરીથી આ સંસ્થાની મુલાકાત લેતાં ત્યારનાં સ્મરણો અને આજના ભાવો મારા દિલમાં ઊઠ્યાં. સંસ્કારો, ભણતર અને આદર્શનો મંગળ સુમેળ છે. એની શુભ અસર સૌના મન ઉપર પડે એ સ્પષ્ટ વર્તાય છે. આચાર્યશ્રી મનુભાઈ ભાવનાશીલ આદર્શ આચાર્ય છે. આજના યુવાનો એક નવી ને પડકાર ભરેલી દુનિયામાં જવાના છે. એ માટે ઉત્તમ તૈયારીને પ્રેરણા એમને અહીં મળતાં રહો."

– **ફાધર વાલેસ**

● આચાર્ય શ્રી મનુભાઈ જે. પટેલ મારા ભૂતપૂર્વ વિદ્યાર્થી છે. વલ્લભ વિદ્યાનગરની એમ. બી. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશનમાં હું વર્ષ ૧૯૬૨-૬૩થી ૧૯૬૭-૬૮ દરમિયાન અધ્યાપક હતો. તે ગાળામાં આચાર્ય શ્રી મનુભાઈ બી.એડ્. ડિગ્રીની તાલીમ લેવા એ કૉલેજમાં જોડાયેલ હતા. એક અધ્યાપક તરીકે મારો તેમની સાથે નિકટનો સબંધ રહેતો. આચાર્યશ્રી મનુભાઈને એક ઉત્તમ કેળવણીકાર તરીકે મારા અંતરના અભિનંદન છે અને તેઓને પરમ કૃપાળુ પરમેશ્વર લાંબું નિરામય આયુષ્ય આપે તથા આવતાં વર્ષોમાં આરોગ્ય અને સમાજસેવામાં સુદીર્ઘ સેવા આપતા રહે તેવી શક્તિ આપે તેવી પ્રાર્થના સાથે વંદન પાઠવું છું. કડી સર્વ વિદ્યાલય પરિવારને આચાર્ય શ્રી મનુભાઈનું જાહેર અભિવાદન યોજવા બદલ અભિનંદન.

– **ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી**

● મુ. મનુભાઈ વિશે લખવાનો અવસર આવ્યો, એ બહુ જ સારું લાગ્યું મને. જીવનમાં મળેલાં કેટલાંક વ્યક્તિત્વ હૃદયમાં આનંદ અને આદરનો આત્મીયભાવ જગવતાં હોય છે, મનુભાઈ એ માંહેલા છે. એ એક સજ્જ વિદ્યાર્થીવત્સલ ને એટલા જ વિદ્યાવ્યાસંગી. એમના વ્યક્તિત્વનો જે વિશેષ એ પહેલી મુલાકાતમાં પમાયો ને ઉત્તરોત્તર પાકો થતો ગયો એ હતો કે સાર્વજનિક જીવન વિશે રચનાત્મક મૂલ્યે રસાયેલ સહજ ઝુકાવ એમનો છે.

– **પ્રકાશ ન. શાહ**

● આજે યુનિવર્સિટી સ્તરે પહોંચી ધમધમી રહેલ સર્વ વિદ્યાલય કેળવણી મંડળનું જે આભિજાત્ય મને સ્પર્શી ગયું છે તે પોતાના ઉત્તમ શિક્ષકો ને આચાર્યો માટેની એમની ભાવનું છે. કશીક સમજ ને કદરબૂઝ એને સારું ગળથૂથીગત છે કે શ્રેષ્ઠીઓ વચ્ચે શિક્ષકો છેક ખોવાઈ કે ગૌણ બની જતા નથી. બલકે, મોહનભાઈથી મનુભાઈ સુધીના શિક્ષકોને અહીં અનન્ય માન મળતું રહ્યું છે. મનુભાઈનું નામ એજ્યુકેશન કૉલેજ જોડે જોડાય કે આજે એ કેળવણી મંડળ (કડી)ના પ્રમુખ હોઈ શકે તે વિગત આ સંદર્ભમાં

તરત સાંભરે છે... સરોવરથી કમળ અને કમળથી સરોવર એમ બેઉ પરસ્પર શોભે છે ને, કંઈક એવો જ ઘાટ આ બૃહદ સંસ્થા અને એના શિક્ષકોનો વરતાય છે!

– **પ્રકાશ ન. શાહ**

● 'સંસ્થાને સમયે-સમયે ભેખધારી કાર્યકરો મળતા રહ્યા છે. એમાંના એક શ્રી મનુભાઈ જે. પટેલ (ચાણસ્મા) છે. તેમની એમની શક્તિપરીક્ષા તો એ સિપોરની માધ્યમિક શાળાના આચાર્ય હતા ત્યારથી થઈ ચૂકી હતી. એટલે ઈ.સ. 1984માં સર્વ વિદ્યાલયના આચાર્ય નિવૃત્ત થતાં, સિપોરના કેળવણી મંડળને સર્વ વિદ્યાલયના હિત ખાતર વિનવીને મનુભાઈની સેવાઓ મેળવી.... શ્રી મનુભાઈ પાસે કેળવણીકારની દૃષ્ટિ છે. એમની વિચારસરણી સ્વસ્થ છે. ચિંતન સાહિત્યના ચાહક છે. વહીવટ માટેનો ઉત્તમ વિવેક એમની પાસે છે. સંતુલિત સભાસંચાલન એમનો આગવો વિશેષ છે. એજન્ડા પરની સર્વ આઇટમો અંગેની ઝીણામાં ઝીણી વિગતોથી એ એટલા બધા વાકેફ હોય છે કે સભાનું કાર્ય કશા અવરોધ વગર, વેગીલું અને પ્રમુખશ્રીને યશ આપનારું બની રહે છે. આ કાર્ય કૌશલયુક્ત કલા છે એ કોઈ શ્રી મનુભાઈ પાસેથી જાણી શકે'

– **મોહનલાલ પટેલ**

● પ્રસંગોપાત્તની મિટિંગોમાં શ્રી મનુભાઈ સાથે મળવાનું થતાં કે મોબાઇલથી થતી વાતચીતોમાં કે પ્રસંગોપાત્તનાં ઉદ્‌બોધનોમાં મને સાચા અર્થમાં એક વિદ્યાપુરુષ અને કેળવણીપુરુષનાં દર્શન થયાં છે. તેમનાં વિદગ્ધ ઉદ્‌બોધનોમાં તેમની પોતીકી કોઠાસૂઝ અને વ્યાપક વિષયોને આવરી લેતી વાંચનટેવનો પડઘો સંભળાય છે. સમાજના સ્વસ્થ અને સમરસ ઘડતર માટે તેમના વિચારો આચરણીય અનુભવ્યા છે. શ્વેત ખાદીનાં વસ્ત્રોની ભાવનાનું સાકાર સ્વરૂપ મેં તેમનામાં જોયું છે. તેમનું સરળ અને સ્પષ્ટ કથન સાંભળનારને પણ સ્પર્શી જાય તેવું હોય છે. ગાંધીજીવન મૂલ્યોનું તેમના આચાર-વિચારમાં સહજમાં દર્શન થાય છે. કોઈની લાગણીને ઠેસ ન પહોંચે તેટલી મૃદુતા અને સામેના વ્યક્તિને સાંભળવાની ધીરજમાં ઉમદા શિક્ષક/આચાર્યત્વની મને સહજમાં પ્રતીતિ થાય છે. મને તેમાંથી ઘણું શીખવાનું મળ્યું છે. તેમની સરળતાભરી જિંદગી અને બીજાને માટે જીવવાનું મને ખૂબ જ સ્પર્શી ગયું છે અને તેમને મારા ખાસ મિત્ર ગણતાં ગર્વ અનુભવું છું. આપણે બધા નસીબદાર છીએ કે આપણી સંસ્થાઓને અને આપણને મનુભાઈ મળ્યા.

– **વિઠ્ઠલભાઈ અં. પટેલ**

● આચાર્યશ્રી તરીકે પૂ. મનુભાઈ સાહેબે સર્વ વિદ્યાલયની મૂલ્યવર્ધિત ગુણવત્તાશીલ શિક્ષણ પૂરું પાડવાની શાખને દૃઢતર કરવાની સાથે તેના સંસ્કારસંપન્ન અને સમરસતાપૂર્ણ વાતાવરણના ઘડતરમાં વિશેષ રસ-રુચિ દાખવી હતી. તેમણે ગુરુકુળને સોહે તે રીતે સુચારુ શાળાપ્રશાસન માટે પ્રસ્થાપિત કરેલી ઉમદા પ્રણાલિઓ અને સંપન્ન કરેલાં કાર્યો આજે પણ રોલ મોડેલ સમાન પ્રેરણાદાયી બની રહ્યાં છે. અને ખાસ તો શાળાના વિદ્યાર્થીઓ માટે અને સવિશેષતઃ આશ્રમવાસી વિદ્યાર્થીઓને સાંધ્યપ્રવચનોમાં મુખ્ય ગૃહપતિ તરીકે

જીવન ઘડતરનું જે ભાથું પીરસતા રહ્યા હતા તે આજે પણ તત્કાલીન વિદ્યાર્થીઓ માટે પાથેય બની રહ્યું છે.

– **વલ્લભભાઈ એમ. પટેલ**

● મુ. શ્રી મનુભાઈ તો ભગવદ્ ગીતામાં નિર્દિષ્ટ નિષ્કામ ભક્તિ, કર્મ અને જ્ઞાનના 'ત્રિયોગી' બની રહ્યા છે. 'જ્ઞાનયોગ'ની તો એમણે જીવનભર સાધના કરી. સિપોર હાઈસ્કૂલના આચાર્ય, સર્વ વિદ્યાલય કડીના આચાર્ય-ડાયરેક્ટર, સર્વોદય કેળવણી મંડળના પ્રમુખ તરીકેની એમની કર્તવ્યનિષ્ઠાના પ્રતાપે આ સંસ્થાઓ સાચા અર્થમાં 'વિદ્યાધામો' બન્યાં છે. જેનું બુદ્ધિચાતુર્ય માનવજાતની સમસ્યાઓના તાણાવાણા ઉકેલે, જેનો જ્ઞાનપ્રદીપ સમાજમાં પ્રસરેલો અજ્ઞાનતાનો અંધકાર ભેદી જ્ઞાનનાં તેજકિરણો પ્રગટાવે, જેની આંખોનું અમૃત ભાવોની મધુરતાનો અનુભવ કરાવે, જેનું વાણી-માધુર્ય પ્રેરણા-પીયૂષનું પાન કરાવી પશુતામાંથી માનવતા તરફ પ્રેરે, જેના હૃદયનું ગુણસૌંદર્ય દુનિયાની કુરૂપતાને સ્થાને સુંદરતાનું વાસંતી વાતાવરણ જન્માવે, જેની હૃદય-વીણાના તાર માનવ-કલ્યાણનું સંગીત રેલાવે, જેના રૂંવાડે-રૂંવાડે ઉદ્ભવેલો પરસેવો દુનિયાની મૂરઝાતી ફૂલવાડીને લહેરાવે, જેના વ્યક્તિત્વનાં સર્વ અંગો સમષ્ટિ સાથે અનુસંધાન કરે અને જેના પગલે-પગલે નવસર્જનનાં કમળ પ્રગટે તેને પુણ્યશ્લોક મહાપુરુષ જાણવો. આવા પુણ્યશ્લોક 'મહામાનવ'નું 'સન્માનપત્ર' આજથી 50 વર્ષ પૂર્વે લખવાનું મને સદ્ભાગ્ય પ્રાપ્ત થયેલું.

– **પ્રિ. ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ**

● મનુભાઈ સેવા અને સાદગીનો પર્યાય છે. એમના વ્યક્તિત્વની સૌથી મોટી વિશેષતા એ લાગે છે કે અનેક સંસ્થાઓની જવાબદારીનો ભાર વહન કરતા હોવા છતાં કદાપિ એમણે એવો અણસાર આવવા દીધો નથી. એમનું ભાર વગરનું સહજ અને પ્રેમાળ વ્યક્તિત્વ એમના સંપર્કમાં આવનાર સૌએ અનુભવ્યું છે. શ્વેત કફની, પાયજામામાં એમનું વ્યક્તિત્વ દીપી ઊઠે છે. સાદગી, સરળતા અને સહજતાનું સૌંદર્ય એ એમનું શ્રેષ્ઠ આભૂષણ છે!

– **તુલસીભાઈ પટેલ**

● શ્રી મનુભાઈ સાહેબને પ્રથમ દૃષ્ટિએ નિહાળતાં જ સૌમ્ય, સરળ અને મૃદુ સ્વભાવના આપણને પ્રતીત થાય. શિક્ષણક્ષેત્રે તેમણે મૂલ્યવાન યોગદાન આપી એક આદર્શ ને નિષ્ઠાવાન આચાર્ય તરીકેની તેમની સેવાઓની નોંધ લેતા આનંદ અને ગૌરવ અનુભવું છું. ખાસ નોંધ લેતાં તેમના વિશે એમ કહી શકું કે ગ્રામ્ય વિસ્તારના હજારો વિદ્યાર્થી ભાઈ-બહેનોનાં ઉજ્જવળ ભવિષ્ય બનાવવામાં તેમણે સમગ્ર જીવન સમર્પિત કર્યું છે.

– **મણિભાઈ ઈ. પટેલ (ભમ્મી)**

આજે આ સંસ્થાની મુલાકાત લેવાનો પ્રસંગ પ્રાપ્ત થયો. ભાઈશ્રી મનુભાઈએ ધ્યેયનિષ્ઠાથી ધૂણી ધખાવી છે અને ઉત્સાહી સહકાર્યકરોની મદદથી આ સંસ્થાને આ જિલ્લાની એક આદર્શ સંસ્થામાં વિકસાવી છે એ જોઈ મને અંગત રીતે ગૌરવપૂર્ણ આનંદ

થયો. સંસ્થા એમની રાહબરી તળે સુંદરતમ બનતી રહેશે. એવી મારી દઢ ઈચ્છા છે.

સિપોર — **પ્ર.ચી.પરીખ**

તા. ૮/૧૨/૧૯૭૩ અધ્યક્ષ, રાજય પરીક્ષા બોર્ડ, અમદાવાદ

● 'હું આજે જે કંઈ છું તેમાં મનુભાઈ સાહેબે વર્ગમાં કે વર્ગખંડ બહાર આપેલા શિક્ષણનું મોટું યોગદાન છે.' આવું કહેતા તેમના ઘણા ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને મેં સાંભળ્યા છે. સર્વ વિદ્યાલય કડીનું સદ્‌ભાગ્ય ગણું છું કે, મનુભાઈ જેવા આચાર્ય સંસ્થાને મળ્યાં. સર્વ વિદ્યાલય કડીમાં મનુભાઈને મેં કામ કરતા જોયા છે. શાળાનું જીવંત વાતાવરણ, તેમની નેતૃત્વશક્તિ, ઉત્તમ કોટીનું વ્યવસ્થાતંત્ર, બધાને સાથે લઈને ચાલવાની એક વિશિષ્ટ કુનેહ મનુભાઈમાં જોઈ છે. શાળામાં સાહિત્યિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રવૃત્તિઓ સતત ધમધમ્યા કરતી હોય તેનું પ્રેરકબળ તેઓ બની રહ્યા હતા.

— **આર. સી. રાવલ**

● તેઓ નખશિખ આજન્મ શિક્ષક છે. શિક્ષક-આચાર્ય હોવાનાં ગૌરવ અને શાલીનતા એમના વ્યક્તિત્વમાં સહજ રીતે જ દૃષ્ટિગોચર થતાં સૌને જોવા મળે છે. કડીની શિક્ષણસંસ્થાએ તેમને સેવાનિવૃત્તિ પછી પણ અદ્યાપિપર્યંત જોડી રાખીને તેમની સેવાનો લાભ લઈ રહી છે. સંસ્થા પોતાના કોઈ આચાર્ય નિવૃત્ત થાય એ પછી પોતાના કોઈ શિક્ષણધામનું નામ નિવૃત્ત આચાર્યના નામ સાથે જોડે એવી કલ્પના પણ ભાગ્યે જ થાય, પરંતુ આ કેળવણી મંડળે એમ.એડ્. કૉલેજનું નામ ''આચાર્ય શ્રી મનુભાઈ જે. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન'' કરીને ઉચિત સન્માન કર્યું છે.

— **પ્રિ. સોમાભાઈ પટેલ**

● આપશ્રી સક્રિયતા સાથેની પ્રગતિશીલ અને સાર્થક ભૂમિકા ભજવતા રહ્યા છો. ગામની બધી જ જ્ઞાતિજનોમાં પથરાયેલી યોગ્ય વ્યક્તિઓને જોડવામાં આપની ભૂમિકાને બિરદાવવી રહી.

— **ચંદુલાલ હીરાલાલ પટેલ**

● સંવાદિતાના સાધક શ્રી મનુભાઈ જે. પટેલ મારા નિકટના મિત્ર છે. છેવાડાના માનવીનો વિચાર કરનાર ગાંધીવિચારને વરેલા, માદરે વતનમાં 'મનુકાકા'ના હુલામણા નામથી ઓળખાય છે. અદ્વેષ, મૈત્રી અને કરુણાના ઉપાસક છે.

— **નાથાલાલ જે. સથવારા**

● તેઓશ્રીનું વ્યક્તિત્વ પ્રભાવશાળી છે. તેઓશ્રી શિસ્ત અને સત્યના આગ્રહી છે. તેઓશ્રી પ્રોગ્રામ મેનેજમેન્ટ સારી રીતે કરી શકે છે. આ અંગેનો અનુભવ ચાણસ્માના રામજીમંદિર શતાબ્દી મહોત્સવમાં થયો.

— **અંબાલાલભાઈ રાયચંદદાસ પટેલ**

● મનુભાઈ હાડોહાડ શિક્ષક છે. તેમના હૈયે સતત વિદ્યાર્થી, વાલી, શિક્ષક અને શિક્ષણ હોવાથી શિક્ષણને અવરોધરૂપ બને તે બાબતોથી તેઓ દૂર રહેતા. વળી મૂલ્યોના અત્યંત આગ્રહી હોવાથી સતત વિચાર અને આચારશુદ્ધિ શિક્ષણમાં દરેક તબક્કે હોવી જ જોઈએ તેવું તેમનું દૃઢ મંતવ્ય છે. અન્યોને પોતાની વાતો શાંતિથી પણ મક્કમતાપૂર્વક રજૂ કરી સમજાવતા, ગળે ઉતારતા મેં તેઓશ્રીને અનેક વાર જોયા છે. 'આચરે તે આચાર્ય'નું સૂત્ર શ્રી મનુભાઈએ પોતાના ઉદાહરણ દ્વારા સમાજ સમક્ષ સાબિત કર્યું છે. ગાંધી જીવનમૂલ્યોને પોતાનાં વર્તન અને વ્યવહાર દ્વારા અનેક વખત ચરિતાર્થ કરતા નજરે પડ્યા છે.

**– રણછોડ શાહ**

● શ્રી મનુભાઈની આગવી શાખને લઈ ગુજરાત રાજ્ય આચાર્ય સંઘના પ્રમુખપદને દીપાવ્યું. રાજ્યના આચાર્યોને ઉત્તમ નેતૃત્વ પૂરું પાડ્યું. સિપોર કેળવણી મંડળે તેમની વિદાય ટાણે તેમની માધ્યમિક શિક્ષણ બોર્ડના સભ્યપદની સેવા, આચાર્ય સંઘની સેવા, ગ્રામ્યકક્ષાએ શિક્ષણપ્રેરક અને પૂરક પ્રવૃત્તિઓમાં સહભાગીતાને લઈ, શાળાબાગને 'મનુ સ્મૃતિવન' એવું નામકરણ કરી તકતી લગાવી બાગને મઘમઘતો રાખ્યો. આજે પણ તેમની હયાતી પ્રદર્શિત થતી જણાય છે! ભાગ્યે જ કોઈ આચાર્યને આવું સન્માન તેની શાળાએ દીધું હશે!

**– પ્રિ. નર્મદ ત્રિવેદી**

● આપશ્રીએ વિવેક અને નમ્રતાથી યાત્રા શરૂ કરી શિક્ષણ ફણગાવ્યું છે. તમારાથી શિક્ષક થઈ જવાયું, તમારાથી શિક્ષક તરીકે જીવી જવાયું અને તે છૂટવાનું પણ નથી. શિક્ષકત્વ તમારામાં અવિભાજ્ય છે. તમે શિક્ષણને સ્વધર્મ અને સ્વભાવધર્મ ગણ્યો છે. ત્યારે મારા જેવા અનેકને પશ્નો થાય છે કે શિક્ષણ કોણ આપી શકે? શિક્ષણ આપવાનો ખરેખરે અધિકાર કોનો? અનેક મિત્રો સાથે ચર્ચા વિચારણના અંતે પણ સંતુષ્ટ પ્રત્યુત્તર ન મળ્યો, પણ જ્યારે મનુભાઈના જીવનમાં ડોકિયું કર્યું ત્યારે તેનો સંતોષકારક પ્રત્યુત્તર મળ્યો.

**– ડૉ. કાનજીભાઈ વી. પટેલ**

● તેમનો પુણ્યપ્રકોપ કદી જોયો નથી. એમનાં જીવનમૂલ્યોનો ઉઘાડ આજે સર્વત્ર ફેલાઈ રહ્યો છે – તેમના બહુઆયામી વ્યક્તિત્વની સુગંધ સર્વત્ર ફેલાઈ રહી છે. તેમણે જ્યાં પણ કામ કર્યું ત્યાં પોતાની આગવી પ્રતિભા ઉપસાવી છે. શ્રી મનુભાઈ એક કર્મઠ સારસ્વત તરીકે શોભતા સ્વજન છે. શિક્ષણસેવા માટે તેઓ પારસમણિ પુરવાર થયા છે. તેમનો વિદ્યાર્થીઓ માટે પિતાશ્રીનો વાત્સલ્યભાવ, મિત્રો માટે કૃષ્ણ જેવો સખાભાવ, કર્મચારીઓ માટે માર્ગદર્શક ગુરુભાવ અને સમાજ માટે સેવકભાવ ધરાવતા સદાય મિતભાષી અને ફરજ પ્રત્યે પ્રતિબદ્ધતા ધરાવતા જોયા છે.

**– ડૉ. પ્રભુદાસ પટેલ**

● ગાંધીવિચારનો જીવનમાં અમલ કરી આપશ્રીએ ગાંધીમૂલ્યોને જીવંત રાખ્યાં છે. ચાણસ્માનગરની શૈક્ષણિક, ધાર્મિક, સામાજિક, મેડિકલ, વગેરે સેવાકીય સંસ્થાઓના વિકાસ કાર્યોમાં સક્રિય રસ લઈ માર્ગદર્શક રહ્યા છો. આપશ્રી હાલમાં કેળવણી અને આરોગ્યક્ષેત્રે ખૂબ જ સારી સેવાકીય પ્રવૃત્તિઓ દ્વારા વિકાસ કરી રહ્યા છો. આપની સેવાઓ ખરેખર અમારા માટે પ્રેરણારૂપ છે. નિવૃત્તિ બાદ સરકાર તરફથી મળેલ ગ્રેજ્યુટી, પ્રોવિડન્ડ ફંડ, કોમ્યુટેડ પેન્શન વગેરે નાણાકીય રકમનું માતા-પિતાના નામે 'ચંચળબા જેકીશનદાસ મેમોરિયલ ટ્રસ્ટ' બનાવી શિક્ષણ પ્રસાર, આરોગ્યસેવા, જરૂરિયાતમંદને આર્થિક સહાય જેવી સેવાકીય પ્રવૃત્તિઓ કરીને આપ યુવાપેઢીને પ્રેરણારૂપ થયા છો.

– **ડૉ. મણિભાઈ એસ. પટેલ**

● પૂજ્ય મનુકાકા સ્વભાવે સરળ, સહૃદયથી પ્રશ્નોને સાંભળનાર, કઠિન પરિસ્થિતિને કુનેહથી ઉકેલનાર, સતત કાર્યશીલ, કોઈ પણ કાર્યક્રમને ભવ્ય રીતે સંપન્ન કરવા ઝીણવટભરી બાબતોની કાળજી રાખતા, સૌને સાથે રાખી કામ કરતા પ્રત્યક્ષ જોવાની અને માણવાની અમને અનેક વાર તક મળી છે. કોઈના માટે ક્યારેય ઘસાતું ન બોલવું, સર્વ પ્રત્યે સમદૃષ્ટિ રાખવી તે તેમનો પ્રેરણા લેવા જેવો ગુણ છે.

*'કોઈ મારા માર્ગમાં કંટક ભલેને પાથરે,*
*પણ પુષ્પ તેના માર્ગમાં વેરીશ હું વેરીશ હું.'*

આ પંક્તિ પૂજ્ય મનુકાકાએ પોતાના જીવનમાં ચરિતાર્થ કરી છે તેમ કહેવામાં કશું જ ખોટું નથી. પૂજ્ય મનુકાકાએ પોતાના જીવનમાં એક-એક સદ્‌ગુણોને એકત્ર કરી સાધના કરી જીવનને સુગંધિત કર્યું છે. વિશ્વાસ અને શ્રદ્ધાનો ખજાનો એટલે શ્રી પૂજ્ય મનુકાકા. નિઃસ્વાર્થ સેવાનો ઘૂઘવતો સાગર એટલે પૂજ્ય મનુકાકા. વ્યક્તિ, સમાજ અને સંસ્થાના ઘડતર અને ચણતરના શિલ્પી એવા પૂજ્ય મનુકાકા.

– **શોભનાબેન બાબુભાઈ પટેલ**

● સૂરજ ઊગે અને સંધ્યાનું આગમન થાય દિવસ ક્યાં પસાર થાય તેની ખબર જ ન પડે..! સાયંની પ્રાર્થનાની અમે રાહ જોતા..! વિદ્યાર્થીઆશ્રમની આ અમારી પ્રાર્થના અમારા જીવનઘડતરનું ઊજળું પાસું છે. તેમ કહું તો જરાય અસ્થાને નથી. તે સમયે મધ્યમાં ખાદીના સાદા પહેરવેશમાં બેસતા શ્રી મનુદાદા એક મહાત્માસમ આજે પણ નજર સમક્ષ કેન્દ્રિત થાય છે. પૂજ્ય શ્રી મનુદાદા સાંજની પ્રાર્થનામાં અવશ્ય ઉપસ્થિત હોય... તેમના દ્વારા જીવનના ઘડતરનાં પ્રેરક પ્રવચનો માટે અમારી ઉત્કંઠતા તીવ્ર રહેતી અને પ્રાર્થના બાદ આ પ્રવચનોની ડાયરી બનાવવાની મારી ટેવ આજે પણ યાદ કરું છું અને વ્યવસાયમાં ક્યારેક મૂંઝવણ કે, માનસિક પરિતાપમાં, આ પ્રવચનો મને ઉત્સાહ અને મારાં મનોબળને મજબૂત બનાવે છે.

– **ડૉ. પંકજ રણછોડભાઈ પટેલ**

● ચાણસ્મા જેવા સંવાદ કરતાં વિવાદ ને સંઘર્ષની ભૂમિકા માટે જાણીતા ને વિવિધ જૂથોમાં વહેંચાયેલા ગામમાં જાહેરસેવા કરવી તે લોઢાના ચણા ચાવવા જેવું કામ છે, છતાં મનુભાઈ ચાણસ્માની તમામ સંસ્થાઓમાં સૌને સાથે લઈને, સહકારથી જે કાર્ય કર્યું તે ચાણસ્માના ઇતિહાસમાં સદાય અંકિત રહેશે. દેવદર્શન જવાની ને માળા ફેરવવાની ઉંમરે પણ કાર્યરત રહીને તેમણે ગીતાના કર્મયોગને જીવનમાં સાર્થક કર્યો છે.

**– મણિલાલ એમ. પટેલ**

● અમારું સર્વ વિદ્યાલય આચાર્યપ્રવર શ્રી મનુભાઈ સાહેબ જેવા આચાર્ય મેળવીને ધન્યતા અને ગૌરવની લાગણી અનુભવે છે. તેમણે પુરોગામી આચાર્યશ્રીઓની ઋષિકુળ પરંપરાનો સુયોગ્ય નિર્વાહ કરીને સર્વ વિદ્યાલયને ભારે મોટું ગૌરવ બક્ષ્યું છે. તેમની નિવૃત્તિનાં પ્રાયઃ ૨૮ વર્ષ બાદ પણ તેમના આચાર-વિચારની સોડમ આજે પણ અનુભવવા મળે છે.

**– ડૉ. રમણભાઈ જી. પટેલ**

● પૂ. શ્રી મનુભાઈ સાહેબને એક કેળવણીકારની સાથે જ સંતપ્રકૃતિના અદના માનવી તરીકે પણ અનુભવ્યા છે. તેમનામાં શિક્ષકત્વ, આચાર્યત્વ અને મૅનેજમૅન્ટ ગુરુનો સહજમાં સુભગ સમન્વય થયેલો જોવા મળે છે. સાહેબશ્રી વાદવિવાદ નહીં, પરંતુ સંવાદના પુરસ્કર્તા રહ્યા છે. વર્ગ-૪ના કર્મચારી સાથે પણ તેમનો વ્યવહાર પ્રેમભર્યો જોયો છે. તેમના સ્વભાવમાં ઉગ્રતા, હઠાગ્રહ કે સુપર પાવર જોવા મળેલ નથી.

**– ડૉ. જયંતીભાઈ એમ. પટેલ**

● તેમનામાં એક સાચા કેળવણીકારનાં દર્શન કર્યાં છે. આચાર્ય એટલે શું ? અને સર્વ વિદ્યાલય માટે કેવા આચાર્ય હોવા જોઈએ તેનું તાદશ ઉદાહરણ એટલે પૂ. મનુભાઈ સાહેબ. ખાસ તો તેમની માનવીય સંવેદનશીલ પ્રકૃતિ, સ્પષ્ટ કથન, તટસ્થતા અને આ સાથે જ શિક્ષણના હિતમાં ઉચિત નિર્ણય લેવાનું સામર્થ્ય આવકાર્ય અને અનુકરણીય અનુભવ્યું છે.

**– કિરીટભાઈ આર. પટેલ**

● શ્રી મનુભાઈ સાહેબનાં ધર્મપત્ની શ્રીમતી પુષ્પાબેન અને સાહેબનો સંબંધ ગાંધીજી અને કસ્તૂરબા જેવો જ, સાહેબના બોલે પુષ્પાબેન જે કહે તે કામ કરતાં. સાહેબ અને પુષ્પાબેન વચ્ચે કાયમ હસી-મજાકની વાતો થતી અને સાહેબ મરક-મરક હસતા. તેમના નાનાભાઈશ્રી મહેશભાઈ અને સાહેબ જાણે રામ-લખનની જોડી હોય એવું આજ દિન સુધી મેં જોયું છે.

**– હરિલાલ વરમોરા**

● મનુપ્રસાદ! તમે અમારા જીવનમાં ઉજ્જ્વળ સગાં મળ્યાં તેથી અમારું જીવન અને કુટુંબ પણ ઉજ્જ્વળ થયું. તમારો ખૂબ પ્રેમ અને હૂંફ એક સ્નેહી-સગાં તરીકે મળ્યાં છે તેથી હું તો ધન્ય થયો છું.

– **પ્રહ્‌લાદભાઈ પટેલ**

● તેઓશ્રી વિચારશીલ, સંનિષ્ઠ, દીર્ઘદ્રષ્ટા આચાર્ય અને કેળવણીકાર રહ્યા છે. એમની સેવાઓની ફળશ્રુતિ એટલે આજનો અભિવાદનગ્રંથ. મનુપ્રસાદના સંસ્કારમાં દિવ્યતા, કર્મમાં શ્રેષ્ઠતા, સત્યતા અને પ્રામાણિકતા છે. વાણીમાં મધુરતા, હર્ષિત મુખતા, સંતુષ્ટતા, ધીરજ અને ઉદારતા જેવા દિવ્ય ગુણોનો ગુલદસ્તો એટલે મનુપ્રસાદ. આ ગુલદસ્તાની સુવાસ સંસારમાં ફેલાઈ રહી છે. મને પણ શ્રી મનુભાઈ મોટાભાઈના ભ્રાતૃભાવથી સ્પર્શી ગયા છે.

– **કુ. ઇન્દુબેન પ્રહ્‌લાદભાઈ પટેલ**

● જિંદગીએ જે આપ્યું એ એમણે સ્વીકાર્યું. કોઈ ફરિયાદ નહીં ને કોઈ હરખ નહીં. રબનો ઋણસ્વીકાર કાયમ. અમોએ અમારા બાળપણમાં એમના મેજ પર પાંડુરંગ દાદાનું ગીતામૃતમ જોયું છે. સ્થિતપ્રજ્ઞતા એમનામાં સહજ આવી છે. મજરુહ સુલતાનપુરીના આ શબ્દો એમણે ચરિતાર્થ કર્યા છે:

दर्द भी हमें कुबूल, चैन भी हमें कुबूल
हमनें हर तरह के फूल, हार में पिरो लिए
जो भी प्यार से मिला, हम उसीके हो लिये ।

મારા માટે તો એ રામ છે, લક્ષ્મણ કે ભરતની પાત્રતાને લાયક બનવું અઘરું છે. એમનો પ્રેમ અમને અને અમારાં બાળકોને વિશેષ મળ્યો છે. અમે સૌ મોટાભાઈનાં ઋણી છીએ. વ્યક્તિ તરીકે એમણે એમના બધા જ કિરદારને ન્યાય આપવાની સતત મથામણ કરી છે. અમારા મોટાભાઈ ઉપવનસમા છે. જીવનભર એમણે સુગંધ પ્રસરાવી છે. એ વ્યક્તિ મટીને વિશ્વ માનવી બન્યા છે.


– **મહેન્દ્ર (મહેશ) જે. પટેલ**


# જીવન ઘટનાક્રમ

| | |
|---|---|
| 1937 | 14 જાન્યુઆરી, જન્મઃ વતન ચાણસ્મા |
| 1956 | ધો.11 એસએસ.સી. પરીક્ષા દ્વિતીયવર્ગમાં પાસ |
| 1956-58 | એલ.ડી. આર્ટ્સ કૉલેજમાં, અભ્યાસ |
| 1958 | શિક્ષક, શેઠ જી. સી. હાઈસ્કૂલ, પિલવાઈ |
| 1960 | S.T.C. બૃહદ મુંબઈ રાજ્યમાં પ્રથમ ક્રમે |
| 1964-65 | શેઠ જી. સી. હાઈસ્કૂલ, પિલવાઈ શાળામાંથી સેવા-પગાર સાથે બી.એડ્. માટે ડેપ્યુટ થયા. |
| 1965 | B.Ed. સરદાર પટેલ યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર, યુનિવર્સિટીમાં દ્વિતીય ક્રમે |
| 1865થી 1967 | પ્રમુખ, મહેસાણા જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ |
| 1967થી 1985 | આચાર્યશ્રી, એસ. એમ. ઉપાધ્યાય આદર્શ વિદ્યાલય, સિપોર, તા. વડનગર |
| 1969થી 1971 | મદદનીશ મંત્રી, મહેસાણા જિલ્લા માધ્યમિક આચાર્ય સંઘ |
| 1972થી 1975 | મંત્રી, મહેસાણા જિલ્લા માધ્યમિક આચાર્ય સંઘ |
| 1975થી 1978 | પ્રમુખ, મહેસાણા જિલ્લા માધ્યમિક આચાર્ય સંઘ |
| 1975થી 1993 | કન્વીનર, મહેસાણા જિલ્લા માધ્યમિક શિક્ષકો, આચાર્યો, સંચાલક મંડળ અને કારકૂનોની, જોઇન્ટ કો-ઑર્ડિનેશન કમિટી |
| 1976 | કન્વીનર, મહેસાણા જિલ્લા હાયર સેકન્ડરી સ્ટડી સર્કલ |
| 1976થી 1979 | પ્રમુખ, ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ |
| 1977થી 1980 | ડાયરેક્ટર – મહેસાણા જિલ્લા, ઇન્ટરનૅશનલ એસોસિયેશન ફૉર વર્લ્ડ પીસ બાય અન્ડર સ્ટેન્ડિંગ ઍન્ડ એજ્યુકેશન (UNO). ડૉ. ગુણવંત શાહ પ્રેરિત. |
| 1978 | સભ્ય, મહેસાણા જિલ્લા સમિતિ, વડાપ્રધાન 20 મુદ્દા અમલીકરણ સમિતિ |

| | |
|---|---|
| 1981થી 1985 | પ્રમુખ, મહેસાણા જિલ્લા શાળા સંઘ |
| 1981થી 1985 | સભ્ય, શિક્ષણ સમિતિ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર |
| 1983થી 1987 | સભ્ય, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર |
| 1983થી 1985 | સભ્ય, કાર્યકારિણી સમિતિ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર |
| 1983થી 1985 | સભ્ય પેન્લ ઇન્સ્પેક્શન સમિતિ, ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર |
| 1983થી 1985 | મંત્રી, ચાણસ્મા કેળવણી મંડળ, ચાણસ્મા (સભ્ય તરીકે ચાલુ) |
| 1983થી 1987 | સભ્ય, સલાહકારી સમિતિ, મહેસાણા જિલ્લા રોજગાર ઑફિસ |
| 1983થી 1985 | સભ્ય, સલાહકાર સમિતિ, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા પ્રકાશિત 'માધ્યમિક શિક્ષણ પરીક્ષણ' |
| 1985થી 1995 | મંત્રી, મહેસાણા જિલ્લા શાળા સંઘ |
| 1985થી 1995 | પ્રિન્સિપાલ, રાજરત્ન શેઠ પ્રાણસુખલાલ મફતલાલ મલ્ટીપર્પઝ સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી |
| 1989થી 1993 | સેનેટ સભ્ય, હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણ |
| 1995થી 2000 | કૅમ્પસ ડાયરેક્ટર, સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડી |
| 2000થી 2023 | મંત્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી |
| 2003 | ગુજરાત રાજ્ય પ્રજાસત્તાક દિનની પાટણ મુકામે ઉજવણી પ્રસંગે. મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે પાટણ જિલ્લાના સારસ્વત તરીકેનું સન્માનઃ તામ્રપત્ર અર્પણ થયું. |
| 2020થી 2023 | પ્રમુખ, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી |
| 2023(13 ઓગસ્ટથી) | પ્રમુખ, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી |

# વંશવૃક્ષ


ગોદડદાસ કસળચંદ પટેલ
કચરદાસ
પુરૂષોત્તમદાસ
જેકીશનદાસ
છગનદાસ
ચતુરભાઈ
મોહનભાઈ
જેઠાભાઈ
છોટાભાઈ
રાજેન્દ્રભાઈ (USA)
રમણભાઈ
પ્રહ્લાદભાઈ
કૌશિક
પ્રકાશભાઈ (USA)
કુંજન
હિતેશભાઈ (ચાણસ્મા)
અર્પિત (UK)
સમીર (મુંબઈ)
વિશાલ
પૂર્વ
માહિર
શંભુપ્રસાદ
ચીમનભાઈ
મણિભાઈ (શહીદવીર)
રતિભાઈ (USA)
કિરીટભાઈ (USA)
બાબુભાઈ (USA)
નટુભાઈ (USA)
મનુભાઈ
મહેન્દ્રભાઈ (મહેશભાઈ) (USA)
અમિષ
રાકેશ
અરવિંદભાઈ (CANADA)
હર્ષ (USA)
આદિત્ય


જેકીશનદાસ ગોદડદાસ
ચંચળબા
શાંતાબહેન
હરિપ્રસાદ
મનુભાઈ
પુષ્પાબહેન
કાન્તાબહેન
લીલાબહેન
ચીનુલાલ
અરવિંદભાઈ
શકુંતલા
નીતાબહેન
અભયકુમાર
રિશ્વા
ઉજ્જ્વલ
દેવાંશી
રાહુલ
અની
બ્રીમલ
ધ્રુવ (નૈરોબી)
નતાશા
રેણુકાબહેન
નૈષધકુમાર
આનલ
જિગર
જય
સોનમ
લક્ષ્મીબહેન
છનાલાલ
સુભદ્રાબહેન
નટવરલાલ
મહેન્દ્રભાઈ
કલ્પનાબહેન
કિન્નરી
પુરણ (પુત્ર)
કૃપાલી
જિગર
હર્ષ
રિયા
આદિત્ય

# લેખક પરિચય કોશ



**અની બ્રિમલ પટેલ** **પૃષ્ઠ (268)**

મનુદાદાની દોહિત્રી. નીતાબહેનની દીકરી. અમેરિકામાં મોટેલ બિઝનેસ સાથે સંકળાયેલ છે.



**શ્રી અરવિંદ મનુભાઈ પટેલ** **(253)**

**B.E. (Gold Medalist, M. S. Uni.)**

વતન: ચાણસ્મા. આચાર્યશ્રી મનુભાઈ પટેલના પુત્ર. વ્યવસાયે ઇલેક્ટ્રિક એન્જિનિયર. વડોદરા સ્થિત એ.બી.બી. અને જી.સી.ઈ.એલ. કાર્યક્ષેત્રો રહ્યાં. પ્રાયઃ અઢી દાયકાથી કૅનેડામાં નિવાસ કરે છે. હવે સેવાનિવૃત્ત છે.



**શ્રી અશોકભાઈ સીતારામભાઈ પટેલ** **(222)**

વતન: ચાણસ્મા. અંબિકા કન્સ્ટ્રકશન કંપનીના સંસ્થાપક અને ડેવલપર. પોતાના પિતા અને મનુકાકા જેવા વતનસેવકો પાસેથી સમૃદ્ધ લોકકલ્યાણનો વારસો પ્રાપ્ત. બોરીવલી ગુજરાતી સેવા મંડળ, મુંબઈ, શ્રી લોકકલ્યાણ ટ્રસ્ટ, ચાણસ્મા, ચાણસ્મા-પાટણ તાલુકા ગ્રામ અને વિકાસ હાયર એજ્યુકેશન ટ્રસ્ટ, પલાસરમાં ટ્રસ્ટી તરીકે કાર્યરત.



**શ્રી અંબાલાલ આર. પટેલ. S.S.C.E., P.T.C.** **(178)**

વતન: કરશનપુરા, તા. વડનગર. નિવાસ: 40, સત્યનારાયણ સોસાયટી, ગુરુકુળ રોડ, આઈ.ટી. આઈ ચોકડી, વિસનગર. ગુંજા અનુપમ પ્રાથમિક શાળામાં શિક્ષક તરીકે કારકિર્દીનો પ્રારંભ. આચાર્યપદેથી વયોચિત સેવાનિવૃત્ત. મો. 9429530118.



**શ્રી અંબાલાલ રાયચંદદાસ પટેલ.** **(199)**

**B.Com. (H. L. Commerce College, Ahmedabad, 1956).**

વતન: ચાણસ્મા. તા. 26/10/1956ના રોજ મહેસાણા ડિ. સે. કૉ. ઑ. બૅંક લિ.માં બ્રાન્ચ એજન્ટ તરીકે જોડાયા અને ત્યાર બાદ એકાઉન્ટન્ટ / બ્રાન્ચ ઇન્સ્પેક્ટરમાં પ્રમોશન અને તા. 5/4/1982થી બૅંકના જનરલ મૅનેજર. નિયમ પ્રમાણે 1992માં નિવૃત્ત થવાનું હતું, પરંતુ 12 વર્ષ સુધી એક્સટેન્શન આપતાં 2004માં નિવૃત્ત. ત્યાર બાદ ધાર્મિક, સામાજિક, શૈક્ષણિક, આરોગ્ય સેવાઓમાં પ્રવૃત્ત. નિવાસ: 6, સૂર્યોદયનગર સોસાયટી, રાધનપુર રોડ, મહેસાણા.



**શ્રી આર. સી. રાવલ** **(018)**

વતનઃ પલાસર, તા. ચાણસ્મા, જિ. પાટણ. વર્ષ 1975થી 1984 સુધી સાંતલપુર અને વારાહીમાં માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં શિક્ષક-આચાર્ય તરીકેની કામગીરી. શિક્ષણસેવા વર્ગ-1માં સીધી ભરતીથી જોડાઈને વર્ષ 1985થી 1990 સુધી કચ્છ જિલ્લા શિક્ષણાધિકારી / જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી. વર્ષ 1990થી 1993 સુધી જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી, મહેસાણા. વર્ષ 1993થી 1997 સુધી સચિવ, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, વર્ષ 1997થી 2003 સુધી નિયામક, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક મંડળ અને વર્ષ 2003થી 2015 સુધી ગુજરાત રાજ્યના પ્રાથમિક શિક્ષણ નિયામક. રાજ્યના પ્રાથમિક / માધ્યમિક / ઉચ્ચતર માધ્યમિક શિક્ષણનો વ્યાપ વધારવામાં, શૈક્ષણિક ગુણવત્તા સુધારણામાં અને વહીવટમાં પાદર્શકતા લાવવામાં નિષ્ઠાપૂર્વક કાર્ય. સરનામુંઃ પ્લૉટ નં. 15/2, સેક્ટર-2/એ, સ્વામિનારાયણ મંદિર પાસે, ગાંધીનગર. મો. 9909951495



**પ્રો. ઈલાબેન કે. પટેલ. એમ.એ. (હોમ સાયન્સ)** **(216)**

વતનઃ ચાણસ્મા. ધોરણ 12ની પરીક્ષામાં બોર્ડમાં ચોથો નંબર. 1995થી દેસાઈ ચંદુલાલ મણિલાલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામમાં હોમ સાયન્સ ડિપાર્ટમૅન્ટમાં અધ્યાપક તેમજ અધ્યક્ષ તરીકે સેવારત. 1996થી 2013 સુધી ગુજરાત યુનિવર્સિટી બોર્ડ ઑફ સ્ટડીનાં સભ્ય અને 2018થી ચૅરમૅન તરીકે સેવારત. વીરમગામ કૉલેજમાં 2006થી CWDC વિભાગનાં કન્વીનર. કૉલેજમાં NSS પ્રોગ્રામ ઑફિસર તરીકે સેવાઓ આપી છે. સરનામુંઃ દેસાઈ ચંદુલાલ મણિલાલ આર્ટ્સ ઍન્ડ કૉમર્સ કૉલેજ, વીરમગામ. મો. 9427334574



**શ્રીમતી ઉષાબહેન એમ. પટેલ.** **B.A. B.Ed. M.A.-I** **(106)**


વતનઃ સિપોર / કરશનપુરા, તા. વડનગર. નિવાસઃ 5/બી, કર્મભૂમિ સોસાયટી, તિરુપતિ ટાઉનશિપ પાછળ, ધરોઈ કૉલોની પાસે, વિસનગર - 384315. મો. 9638708494



**ડૉ. ઊર્જિતા પટેલ (1984)** **(306, 314)**

(M.Com., B.Lib. Sc. (Gold Medal), M.Lib. Sc. (Gold Medal)

વતનઃ ઐઠોર, તા. ઊંઝા. અન્યોના સહયોગમાં સંપાદિત એક પુસ્તક પ્રકાશિત. ‘ગુજરાતી બાળસાહિત્યની વાડમયસૂચિ’ અપ્રકાશિત. યુનિવર્સિટી લાઈબ્રેરિયન, કડી સર્વ વિશ્વવિદ્યાલય, સેક્ટર-15, ગાંધીનગર-382016. મો. 9898672575.



**ડૉ. એસ. કે. શુક્લ.** **M.Sc., Ph.D. (M. S. University, Baroda).** **(100)**

સંશોધકનો અનુભવ-47 વર્ષ, ગુજરાત સ્ટેટ ફર્ટિલાઈઝર કૉર્પોરેશન, વડોદરા અને ગુજરાત અલ્કાલીઝ ઍન્ડ કેમિકલ લિમિટેડ, વડોદરા. 3 પેટન્ટ્સ મેળવી છે. 36 શોધપત્રોનું પ્રકાશન. 4 વિદ્યાર્થીઓએ માર્ગદર્શન હેઠળ Ph.D. ડિગ્રી મેળવી છે. 15 વિદ્યાર્થીઓને M.Sc./M.Tech. માટે માર્ગદર્શન. ગુજરાતની વિવિધ યુનિવર્સિટીઓ અને શૈક્ષણિક સંસ્થાઓમાં મુલાકાતી પ્રોફેસર તરીકે

સેવા. યુ.જી.સી. કાર્યક્રમો તથા રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય પરિસંવાદોમાં તજ્જ્ઞ તરીકે આમંત્રિત. અમેરિકન બાયોગ્રાફિકલ ઇન્સ્ટિટ્યૂટ દ્વારા 'Hall of Fame' અવૉર્ડથી અલંકૃત. International Directory of Who's Whoમાં સમાવિષ્ટ. હાલ – ડાયરેક્ટર (ટેક્નિકલ), મેસર્સ હાયડ્રો કેમ (ઇન્ડિયા), બરોડા. Add: 303 Mangal Deep, 13/14 Sampatrao Colony, B.P.C. Road, Vadodara – 390007. Ph. 0265-2334592.




**શ્રી કનુભાઈ આઈ. પટેલ. એમ.એ., બી.એડ્.** **(076)**
સંસ્કૃતના મદદનીશ શિક્ષક (માધ્યમિક વિભાગ), રાજરત્ન શેઠ શ્રી પ્રાણસુખલાલ મફતલાલ વિવિધલક્ષી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી. વિશિષ્ટ સન્માન: જિલ્લા શ્રેષ્ઠ શિક્ષક અવૉર્ડ-2023, અચલા એજ્યુકેશન ટ્રસ્ટ શ્રેષ્ઠ શિક્ષક અવૉર્ડ-2022 અને શિક્ષક ભાવવંદના સન્માન-2021. N.S.S. પ્રોગ્રામ ઑફિસર. છાત્રાલયના ગૃહપતિ તરીકે પણ સેવાઓ આપી છે. લોકસાહિત્ય, યુવાઉત્સવ, સાંસ્કૃતિક કાર્યક્રમ અને સ્ટેજ સંચાલક. સરનામું: 42, મધુવન સોસાયટી, એસ. વી. કૅમ્પસ સામે, કડી – 382715. મો. 9427039871



**શ્રી કનુભાઈ એસ. પટેલ. M.Sc., M.Ed.** **(072)**
વતન: અંબાસણ, તા. જિ. મહેસાણા. પ્રિન્સિપાલ, સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી. નિવાસ: 1, આચાર્યભુવન, સર્વ વિદ્યાલય કૅમ્પસ, રેલવે સ્ટેશનની બાજુમાં, કડી. મો. 9427545365.



**શ્રીમતી કલ્પના મહેન્દ્ર પટેલ (બી.એ.)** **(251)**
વતન: ચાણસ્મા. મહેન્દ્રભાઈનાં જીવનસંગિની.



**ડૉ. કાનજીભાઈ વી. પટેલ (1940) M.A., M.Ed., Ph.D.** **(031)**
વતન: બાલીસણા, તા. પાટણ. સેવાનિવૃત્ત પ્રિન્સિપાલ, એક્સપરિમેન્ટલ હાઈસ્કૂલ, પાટણ. સંસ્થાપક: શાંતિનિકેતન વિદ્યાલય, પાટણ. પૂર્વ સભ્ય: ગુ.રા.મા.શિ. બોર્ડ, ગાંધીનગર. રાષ્ટ્રપતિ દ્વારા શ્રેષ્ઠ શિક્ષકના અવૉર્ડ તેમજ શ્રેષ્ઠ આચાર્યનો કાશીબા અવૉર્ડથી વિભૂષિત. મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદી દ્વારા તામ્રપત્ર એનાયત કરી સન્માનિત. ગુજરાતના રાજ્યપાલશ્રીના હસ્તે સ્કાઉટનો 'થૅન્કબેઝ' અને લાઇફ ટાઇમ એચિવમૅન્ટ અવૉર્ડ. રામાનુજ મૅથ્સ (રાષ્ટ્રીય કક્ષા) દ્વારા લાઇફ ટાઇમ એચિવમૅન્ટ અવૉર્ડ. સરનામું: 14/એ, દેવપુરી સોસાયટી, રાજમહેલ રોડ, પાટણ – 382465. મો. 9978191605.



**શ્રી કિન્નરી મહેન્દ્ર પટેલ** **(259)**
મહેન્દ્રભાઈની મોટી દીકરી. બે દાયકાથી અમેરિકામાં સ્થાયી છે. વ્યવસાયે બૅંક મૅનેજર. કળા અને સાહિત્યમાં રુચિ.




**શ્રી કિરીટભાઈ આર. પટેલ.** B.E. (Chemi, D.D.T.T. Nadiad) **(057)**
વતનઃ કરણનગર. મંત્રીશ્રી, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી. સરનામુંઃ 18, ગ્રીન ફિલ્ડ સોસાયટી, સત્ત્વ વિકાસ સ્કૂલ અને રૉકેટ એકેડેમી પાસે, સિંધુભવન રોડ, અશ્વવિલા બંગ્લોઝ સામે, થલતેજ, અમદાવાદ – 380054. મો. 9825051692




**શ્રી કે. બી. પટેલ** **(122)**
સર્વ વિદ્યાલય, કડીના ભૂતપૂર્વ વિદ્યાર્થી પી.આઈ., પાલનપુર પોલિસ સ્ટેશન, પાલનપુર. મો. 9825929168



**શ્રી કૃપાલી મહેન્દ્ર પટેલ** M.Sc. **(262)**
મહેન્દ્રભાઈની નાની દીકરી. ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાંથી ગોલ્ડ મેડલ સાથે એમ.એસસી. અમેરિકામાંથી ન્યુક્લિયર મેડિસીનનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ અમેરિકામાં કાઇઝર પરમેનેટમાં ન્યુક્લિયર ટેક્નૉલૉજિસ્ટ તરીકે કાર્યરત.



**શ્રી કેશુભાઈ કે. પટેલ.** **(231)**
વતનઃ ચાણસ્મા. પ્રમુખ, ચાણસ્મા પ્રગતિ મંડળ, અમદાવાદ. સેવાનિવૃત્ત આચાર્યશ્રી, એમ. બી. પટેલ જ્ઞાનજ્યોત હાઈસ્કૂલ, અમદાવાદ.



**પ્રિ. ગિરીશભાઈ પટેલ.** M.A., M.Ed., LL.B. **(026)**
માધ્યમિક શિક્ષક તરીકે આઠ વર્ષનો અનુભવ. મહેસાણાની બી.એડ્. કૉલેજમાં 24 વર્ષ અધ્યાપક અને 8 વર્ષ આચાર્ય. 2000માં સેવાનિવૃત્ત. માધ્યમિક શિક્ષણ બોર્ડમાં 10 વર્ષ કામગીરી. બે વખત ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં એજ્યુકેશન ફૅકલ્ટીના બિનહરીફ ડીન. ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ એજ્યુકેશન ફૅકલ્ટીમાં અભ્યાસ સમિતિના સભ્ય તરીકે સેવાઓ આપી. મુ. સ્વ. રીખવચંદ શાહ સાથે માધ્યમિક શાળા સંચાલનમાં સભ્ય, ઉપપ્રમુખ અને પ્રમુખ તરીકે કામગીરી. મુ. માણેકલાલ સાહેબ સાથે પણ કામ કર્યું. ગોઝારિયા કેળવણી મંડળ 1967 જી. એસ.થી કારોબારી સભ્ય અને ઉપપ્રમુખ તરીકે કામગીરી, અત્યારે મંડળમાં ટ્રસ્ટી. નિવાસઃ 6/બી, ન્યૂ ઉમિયા વિજય સોસાયટી, રન્નાપાર્કની બાજુમાં, ઘાટલોડિયા, અમદાવાદ – 61. મો. 9925001608



**શ્રી ગુણવંત શાહ (1937)** **(006)**
પ્રબુદ્ધ ચિંતક, સર્જક અને કેળવણીવિદ્. 139, ટહુકો, વિનાયક સોસાયટી, જૂના પાદરા રોડ, વડોદરા – 390020. ફોન. 0265 – 2340673



**શ્રી ચંદુભાઈ એન. પટેલ** (233)
વતનઃ ચાણસ્મા. સેવાનિવૃત્ત શિક્ષક, શ્રીમતી કે. એ. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ અને શ્રીમતી જે. કે. પટેલ હા. સે. ગર્લ્સ હાઈસ્કૂલ, ચાણસ્મા.



**ડૉ. ચંદુભાઈ મોહનલાલ પટેલ.** એમ.બી.બી.એસ., ડી.પી.એચ. (201)
વતનઃ ચાણસ્મા. સેવાનિવૃત્ત જિલ્લા આરોગ્ય અધિકારી, નિવાસઃ પ્લૉટ નંબર 1343/2, સેક્ટર-7/ડી, ગાંધીનગર. મો. 9825479698



**શ્રી ચંદુલાલ હીરાલાલ પટેલ (1935). B.Sc, B.Ed.** (183)
વતનઃ ચાણસ્મા. સેવાનિવૃત્ત આચાર્ય, શ્રી જે. એન. પટેલ હાઈસ્કૂલ, કામલી, તા. ઊંઝા. પૂર્વ મંત્રી અને પ્રમુખઃ મહેસાણા જિલ્લા આચાર્ય સંઘ, મંત્રીઃ ગુજરાત રાજ્ય આચાર્ય સંઘ. ધરતી વિકાસ મંડળ સંચાલિત 'વડીલ વંદના' ના કન્વીનર તરીકે સેવાઓ આપી. સહલેખકઃ 1. સદ્‌ગત શ્રી અંબાલાલ શિ. પટેલનું જીવનચરિત્ર, ર. ચાણસ્માની પ્રતિભા વંદના-ર-ભાગ, 3. ચાણસ્મા રામજીમંદિર શતાબ્દીમહોત્સવ ગ્રંથ વગેરે. કૉલેજમાં વાર્તાલેખન સ્પર્ધામાં ત્રીજા નંબરે વિજેતા. નિવાસઃ એમ/36-421, યોગેશ્વર એપાર્ટમેન્ટ, સોલા હાઉસિંગ, ઘાટલોડિયા પોલીસ સ્ટેશન પાસે, અમદાવાદ-63. મો. 8128163989. (લેખ મોકલી આપ્યા બાદ તા. 6-10-2023ના રોજ દિવંગત થયા).



**ડૉ. ચુનીલાલ ડી. પટેલ** (118)
નિવૃત્ત મદદનીશ પશુપાલન નિયામક, ગુજરાત રાજ્ય. નિવાસઃ 12/એ, કર્મભૂમિ સોસાયટી, વિસનગર. મો. 9426382230



**ડૉ. જયંતીભાઈ એમ. પટેલ. M.B.B.S.** (055)
વતનઃ કરણનગર. કડીમાં મેડિકલ પ્રેક્ટિસ. સેવાપરાયણ તજ્‌જ્ઞ ડૉક્ટર. મંત્રી, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી. સરનામુંઃ 54, સરદાર પટેલ સોસાયટી, ભાઉપુરા રોડ, કડી. 13/શિવદર્શન સોસાયટી, કારગીલ પેટ્રોલપમ્પ પાછળ, આર્ય ગ્રાન્ડ પ્લૉટ સામે, સોલા, અમદાવાદ. મો. 8320614065



**શ્રી જયંતીભાઈ પટેલ (જે.પી.)** (094)
વતન શંખલપુર, તા. બેચરાજી. શેઠ વી. આર. ભારતીય વિદ્યાલય, વામજમાં તા. 8/2/1973થી જુનિયર ક્લાર્ક, ફાજલ થતાં તા. 19/7/1977થી સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડીમાં જુનિયર ક્લાર્ક તરીકે જોડાતાં ક્રમશ પ્રમોશન

મેળવતાં ઑફિસ સુપરિટેન્ડન્ટ તરીકે તા. 31/5/2009થી વયનિવૃત્ત. મહેસાણા જિલ્લા તેમજ ગુજરાત રાજ્ય વહીવટી કર્મચારી મહામંડળમાં સતત 25 વર્ષ સુધી ઉચ્ચ હોદ્દા પર સેવાઓ આપી. નિવૃત્તિ બાદ સર્વ વિદ્યાલય કૅમ્પસ, કડીમાં સ્વનિર્ભર શાળાઓમાં એપ્રિલ-2013થી ઑફિસ સુપરિન્ટેન્ડેન્ટ, વહીવટીય માર્ગદર્શક તરીકે કાર્યરત. મહેસાણા જિલ્લા પૅન્શનર મંડળના ઉપપ્રમુખ. નિવાસઃ સી/13, અજય એવન્યુ, માર્કેટયાર્ડ રોડ, કડી, 382015. મો. 9909832646, 9427050200



**પ્રો. ડૉ. જાગૃતિ એમ. પટેલ (1971). એમ.એ., પીએચ.ડી. (181)**
વતનઃ સિપોર. પ્રો. ડૉ. ગૌતમ પટેલના માર્ગદર્શન હેઠળ 'બાલકૃષ્ણનું ચરિત્ર' વિષય હેઠળ ગુજરાત યુનિવર્સિટીમાંથી સંસ્કૃતમાં પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત. 6 પુસ્તકો પ્રકાશિત. મહિલા આર્ટ્સ કૉલેજ, વિજાપુરમાં એસોસિએટ પ્રોફેસર. સરનામુંઃ સી/22, શ્રીનાથ પાર્ક સોસાયટી, મણિપુરા રોડ, વિજાપુર – 382870. મો. 9426757929.



**શ્રી જિતુભાઈ સી. નાયક (086)**
મહેસાણા જિલ્લા અને ગુજરાત રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકના અવૉર્ડથી અલંકૃત. 4 પુસ્તકો પ્રકાશિત. પૂર્વ-શિક્ષકઃ સર્વ વિદ્યાલય, કડી. આચાર્ય, શ્રીમતી એચ. ટી. તન્ના, સરસ્વતી વિદ્યાલય, ભૂતિયા, તા. ઈડર, જિ. સાબરકાંઠા. મો. 9228705796.



**પ્રો. જિતેન્દ્ર કા. વ્યાસ (1943). એમ.એ. (208)**
વતનઃ ચાણસ્મા. જાણીતા કવિ તથા વિવેચક. પાટણની પી. કે. કોટાવાલા આર્ટ્સ કૉલેજના ગુજરાતી વિભાગના સેવાનિવૃત્ત અધ્યક્ષ. પ્રથમ કાવ્યસંગ્રહ 'ભમ્મરિયું મધ' (1982) ને વિસનગરની પારેખ વ. હ. જનરલ લાઇબ્રેરીનું પ્રથમ પારિતોષિક અને 'ગુજરાત સાહિત્ય અકાદમી'નું દ્વિતીય પારિતોષિક મળ્યું હતું. બીજો કાવ્યસંગ્રહ 'ફૂલની ચરી' (2012) હે.ઉ.ગુ.યુ., પાટણના એમ.એ.માં પાઠ્યપુસ્તક છે. આ પૂર્વે 'કુમાર'નું 1974ની શ્રેષ્ઠ ગઝલનું પારિતોષિક અને 'કુમાર' નું 1975 માં શ્રેષ્ઠ કવિતાનું પારિતોષિક મળ્યું હતું. કવિ શ્રી નિરંજન ભગત અને રાજેન્દ્ર શાહ નિર્ણાયકો હતા. 200 સંસ્કૃત શ્લોકોના સમશ્લોકી અનુવાદો કર્યા છે. પાટણમાં કાર્યકાળ દરમિયાન કવિ વિષ્ણુ કલાલના સહયોગથી 'ભાલણ સાહિત્યસભા'ની સ્થાપના અને સ્વખર્ચે સંચાલન કર્યું હતું. સરનામુંઃ પ્લૉટ નં. 340/1, સાંઈનાથ ડુપ્લેક્સ, ચર્ચ સામે, સેક્ટર-23, ગાંધીનગર – 382016. મો. 9909286259.




**શ્રી જિતેન્દ્રકુમાર સુખડિયા. (143)**
વતનઃ સિપોર, તા. વડનગર. સિપોર ગામમાં વર્ષો જૂની પેઢી. જીવનઘડતરમાં શ્રી મનુભાઈ સાહેબનો મહત્ત્વનો ફાળો. મો. 9426501083.



**શ્રી જે. એમ. સુથાર. (1953).** **(099)**


**B.Sc. (Physics, M. S. University).**

વતનઃ ઉણાદ, તા. વડનગર. સેવાનિવૃત્ત એ.સી.પી. સીધી ભરતીમાં પી.એસ. આઈ. તરીકે નિયુક્તિ મેળવી ક્રમશઃ પ્રમોશન મેળવતાં એ.સી.પી., સુરતના પદેથી વર્ષ ૨011 માં સેવાનિવૃત્ત. પ્રોજ્જવલતમ કારકિર્દી દરમિયાન 450 જેટલાં ઇનામો પ્રાપ્ત. આ પૈકી વિશેષ ઉલ્લેખનીય છેઃ રાષ્ટ્રપતિ મેડલ (26 જાન્યુઆરી 2000), સુરત મ્યુનિસિપલ કમિશનર દ્વારા 'સન ઑફ ધ સુરત સિટી' અવૉર્ડ વગેરે. નિવાસઃ 6 સૂરજ પાર્ક રો-હાઉસ, શ્રીરામ માર્બલની સામે, અલથાણ રોડ, ભટાર, સુરત – 39૫017. મો. 9925031035



**ડૉ. ડાહ્યાભાઈ એસ. પટેલ. B.V.Sc. & A.H.** **(175)**

વતનઃ સિપોર. સેવાનિવૃત્ત જનરલ મૅનેજર (દૂધ ઉત્પાદન), મધુર ડેરી, ગાંધીનગર. આ પૂર્વે બનાસ ડેરી (પાલનપુર), ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક મંડળી, મધર ડેરી (જૂનાગઢ) વગેરેમાં સેવાઓ આપી. હિપ્નોટિઝમના જ્ઞાતા તરીકે અંધશ્રદ્ધા નિવારણ માટેના કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન કરતા રહે છે. સમાજસેવાક્ષેત્રે જીવનસાથી પસંદગી, 700 સમાજ કડવા પાટીદાર પ્રગતિ મંડળના પ્રમુખ, વગેરેમાં સેવાઓ આપી છે. નિવાસઃ સી/105, મહાલક્ષ્મી-1, પેથાપુર સર્કલ, ગાંધીનગર-382610. મો. 9099945245



**શ્રી ડાહ્યાભાઈ એન. પટેલ (1939).** **(155)**

**એમ.એ. (બનારસ હિન્દુ યુનિવર્સિટી.), બી.એડ્.**

વતનઃ બાલીસણા, તા. જિ. પાટણ. સેવા નિવૃત્ત આચાર્ય, શેઠ સી. વી. વિદ્યાલય અને શ્રી ઈ. લા. પટેલ ઉ. મા. શાળા, 1982-1997; એમ. એન. આર્ટ્સ ઍન્ડ સાયન્સ કૉલેજમાં પાર્ટટાઇમ અધ્યાપક 1972-1978. મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘ (કડી)માં સહમંત્રી 1998-1997. મો. 8511847699.




**શ્રી ડાહ્યાભાઈ એમ. પટેલ. M.Com, M.Ed.** **(162)**

ગુજરાત સરકાર દ્વારા શ્રેષ્ઠ શિક્ષકથી અલંકૃત. પૂર્વ આચાર્યઃ જી. ડી. હાઈસ્કૂલ, વિસનગર. પૂર્વ મહામંત્રીઃ રાજ્ય આચાર્ય સંઘ. ટ્રસ્ટીઃ શ્રી અરવિંદ કેન્દ્ર, વિસનગર. ચૅરમૅનઃ બાવીસી કડવા પાટીદાર સમાજ સેવા ટ્રસ્ટ શિક્ષણ સમિતિ, વિસનગર. મંત્રીશ્રીઃ ઉત્તર ગુજરાત કુમાર-કન્યા કેળવણી મંડળ, વિસનગર. ટ્રસ્ટીઃ ગ્રામ કલ્યાણ ટ્રસ્ટ, કહીપુર. તા. વડનગર. પૂર્વ પ્રમુખઃ મહેસાણા જિલ્લા ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ સંઘ. સરનામુંઃ બી-૨૮, સંતોષનગર સોસાયટી, વિસનગર, જિ. મહેસાણા 384315, મો. 9427685400




**શ્રી તારક પટેલ. M.Sc. (Chemistry).** **(236)**

વતનઃ ચાણસ્મા. આર.એસ.એસ.માં છેલ્લાં 40 વર્ષથી સક્રિય સ્વયંસેવક. હાલ વિશ્વ હિન્દુ પરિષદમાં પશ્ચિમ વિભાગમાં અધ્યક્ષ તરીકેની જવાબદારી. કર્ણાવતી ઉત્તર ગુજરાત ચાણસ્મા પ્રગતિ મંડળ, અમદાવાદ ખાતે કારોબારી સમિતિ સભ્ય.



**પ્રા. તુલસીભાઈ પટેલ. (1939). M.A. (Gold Medalist), (015)**
**હિન્દી શિક્ષા વિશારદ (બી.એડ.), હિન્દી સેવક, સાહિત્યરત્ન.**

વતનઃ મણુંદ, તા. પાટણ. બિલિમોરાની કૉલેજમાં બે વર્ષ અને મહેસાણાની આર્ટ્સ કૉલેજમાં સત્તાવીસ વર્ષ હિન્દીના અધ્યાપક. 55 વર્ષની વયે 1994માં સ્વૈચ્છિક સેવાનિવૃત્ત થયા. કિશોરવયથી સાહિત્ય અને ચિંતનમાં રુચિ. સર્વોદય વિચાર પ્રત્યે આકર્ષણ. પ્રવાસનો શોખ. ભારતનાં પ્રમુખ યાત્રાધામો – પ્રવાસન કેન્દ્રો ઉપરાંત હિમાલયનાં વિવિધ સૌંદર્ય સ્થળોની અવારનવાર યાત્રા. થાઈલૅન્ડ અને અમેરિકાનો પ્રવાસ. બાળઘડતર, શિક્ષણ, સમાજ, પ્રવાસ તથા સાહિત્ય-વિવેચનને લગતાં 15 પુસ્તકોનું પ્રકાશન. જાણીતાં સામયિકોમાં અવારનવાર લેખો પ્રગટ થાય છે. નિષ્પક્ષતા એ એમના લખાણની મુખ્ય વિશેષતા. મો. 9998089633

**શ્રી તુલા-સંજય. (023)**
**(તુલાબહેન – બી.કૉમ.; સંજયભાઈ – બી.ઇ. મિકેનિકલ)**

વતનઃ ચાણસ્મા. ગાંધીજીવનદર્શન અને સર્વોદયી વિચારધારાથી અનુપ્રાણિત. વિશ્વગ્રામ વિચારને ક્રિયાન્વિત કરવા સંકલ્પબદ્ધ. નિશાળના ઓરડામાં પડેલી તિરાડમાંથી માંડીને ઓઝોન પડમાં પડેલાં ગાબડાં સુધીની ચિંતા કરતી આ બેલડી અને તેમના દ્વારા સ્થાપિત સંસ્થા અનેક સન્માનોથી વિભૂષિત થઈ છે. આ પૈકી (1) અંબાલાલ ઍવૉર્ડ (2) ઇન્ડિયન મર્ચન્ટ્સ એસોસિયેશન – મુંબઈનો ઍવૉર્ડ (3) અશોક ગોંધિયા ઍવૉર્ડ (4) નીરુભાઈ દેસાઈ સ્મૃતિ ઍવૉર્ડ (5) જાગૃત જન અભિવાદન ઍવૉર્ડ (6) માનભાઈ ભટ્ટ સ્મારક ઍવૉર્ડ-2013 (7) ધરતી રત્ન ઍવૉર્ડ – 2014 (8) ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ સમાજ ઉત્કર્ષ ઍવૉર્ડ – 2016 (9) Sristigyti Grassroot Sanman – 2016 રાષ્ટ્રપતિભવન, ન્યૂ દિલ્હી, નેશનલ ઇનોવેશન ફાઉન્ડેશન વગેરે દ્વારા સન્માનિત. સરનામુંઃ વિશ્વગ્રામ, મુ. પો. બાસણા, તા. વિસનગર, જિ. મહેસાણા. મો. 9426388234.



**ડૉ. દાઉદભાઈ એ. ઘાંચી. એમ.એ., એમ.એડ્., પીએચ.ડી. (004)**

વતનઃ કલોલ, જિ. ગાંધીનગર. ફુલબ્રાઈટ સ્કૉલર. ગુજરાતના જાણીતા કેળવણીકાર અને શિક્ષણના દૃષ્ટિવંત વ્યવસ્થાપનકાર. માધ્યમિક શિક્ષણ તથા ઉચ્ચ શિક્ષણક્ષેત્રે લોકપ્રિય શિક્ષક અને આચાર્ય તરીકે 35 વર્ષ જેટલી કારકિર્દી. વર્ષ 1962/63થી 1967/68 સુધી એમ. બી. પટેલ કૉલેજ ઑફ એજ્યુકેશન, વલ્લભવિદ્યાનગરમાં અધ્યાપક. હેમચંદ્રાચાર્ય ઉત્તર ગુજરાત યુનિવર્સિટી, પાટણના ઉપકુલપતિ તા. 17/11/1987થી તા. 30/4/1994. (કાર્યકારી કુલપતિ તા. 31/7/1992થી 30/4/1994). સરનામુંઃ પાંચ હાટડી, મસ્જિદ પાસે, બજારમાં ટાવર પાસે, કલોલ, જિ. ગાંધીનગર.



**Smt. Devanshi Rahul Patel (266)**

Grand daughter of Manudada and younger daughter of Arvindbhai. She Started tutoring business in Canada and now run own preschool as an owner and Director in San Antonio, USA.



**શ્રી નરેન્દ્ર પટેલ.** B.E. (Text.) M. S. Uni. Baroda. (109)
વતનઃ સિપોર. કેટલાંક વર્ષ ઇન્ડસ્ટ્રિયલક્ષેત્રમાં નોકરી બાદ સ્વૈચ્છિક રીતે ધો.11 તથા 12ના વિજ્ઞાનપ્રવાહના વિદ્યાર્થીઓ માટે વડોદરામાં ટ્યૂટોરિયલ ક્લાસ શરૂ કર્યા અને મૅથ્સ તથા ફિઝિક્સના વિષયોનું અધ્યાપન વર્ષ 2022 સુધી કર્યું. મહર્ષિ અરવિન્દ આશ્રમ, વડોદરાના બોર્ડ ઉપર સુંદર હસ્તાક્ષરોમાં શ્રી અરવિન્દના મહાકાવ્ય 'સાવિત્રી'માંથી પસંદગીની કંડિકાઓ ઘણાં વર્ષોથી લખી રહ્યા છે. શ્રી અરવિંદ મેમોરિયલ ટ્રસ્ટ, વડોદરાના વાઇસ ચૅરમૅન. શ્રી અરવિંદ વિષયક કેટલીક પુસ્તિકાઓનું સંકલન અને લેખન.




**શ્રી નરોત્તમભાઈ રા. ઉપાધ્યાય.** B.A., B.Ed. (138)
વતનઃ સિપોર. સેવાનિવૃત્ત નિરીક્ષક, નવીન સર્વ વિદ્યાલય, વડનગર. પૂર્વ મંત્રી, શ્રી સિપોર કેળવણી મંડળ. નિવાસઃ 2, સત્યનારાયણ સોસાયટી, આઈ.ટી. આઈ. ચાર રસ્તા, સોના કૉમ્પ્લેક્સ પાછળ, કાંસા, વિસનગર.



**શ્રી નર્મદભાઈ ત્રિવેદી** (1939), M.A., M.Ed. (038)
સેવાનિવૃત્ત પ્રિન્સિપાલ, ઈલોલ હાઈસ્કૂલ જિ. સાબરકાંઠા. પૂર્વ સેનેટ સભ્ય – ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ. પૂર્વ વાઇસ પ્રેસિડેન્ટ – ગુજરાત રાજ્ય ભારત સ્કાઉટ ગાઇડ સંઘ. જિલ્લા અને રાજ્ય આચાર્ય સંઘના પૂર્વ મંત્રી અને પ્રમુખ. અનુકરણીય અને અભિનંદનીય બાબત એ કે તેમણે 28 વર્ષની વયે લીધેલી 5 પ્રતિજ્ઞાઓ અને તેનું આજપર્યંત સાંગોપાંગ પાલનઃ 1. હંમેશાં ખાદી પહેરીશ, 2. પ્રામાણિકપણે જીવન જીવીશ, 3. કોઈ રાજકીય પક્ષમાં જોડાઈશ નહીં, 4. રાજકીય કે રાષ્ટ્રીય માનમરતબો કે અવૉર્ડ સ્વીકારીશ નહીં, 5. મારી શક્તિ – માતૃભૂમિની સેવા માટે જ ખર્ચીશનું અણીશુદ્ધ પાલન કરી રહ્યા છે. તેમના સન્માનમાં અર્પણ કરવામાં આવેલ ગ્રંથ 'સારસ્વત વીર' તેમનાં શિક્ષકત્વ / આચાર્યત્વનું દર્શન કરાવે છે. સરનામુંઃ એ/38, ઉત્સવ બંગ્લોઝ, સુખાપુરા રોડ, રેલવે સ્ટેશન પાસે, મહેસાણા – 38400૨. મો. 9426362545.



**શ્રી નાથાભાઈ જે. સથવારા** (1935). B.A. હિન્દી વિશારદ્. (190)
વતનઃ ચાણસ્મા. સેવાનિવૃત્ત આચાર્ય, સી. એ. શાહ નૂતન વિદ્યાલય, વડાવલી. પાંચ પુસ્તિકાઓનું લેખન – સંપાદન. મિત્રવર્ય શ્રી રતિલાલ પટેલના આમંત્રણથી બે માસ અમેરિકાની યાત્રા. નિવાસઃ 33, જયવીરનગર સોસાયટી, નવા ખોડિયારમંદિર નજીક, મુ. પો. તા. ચાણસ્મા – 384220. મો. 9૨77609084



**શ્રી નાથાભાઈ જોઈતારામભાઈ પટેલ.** (1936) B.A., B.Ed. (153)
વિજાપુર તાલુકાના ધનપુરા ગામના સૌપ્રથમ ગ્રેજ્યુએટ. શેઠ જી. સી. હાઈસ્કૂલમાં જ અધ્યાપક તરીકે જોડાયા અને ત્યાંથી નિવૃત્તિ લીધી. ધનુપરા માધ્યમિક શાળાના પ્રણેતા અને વિકાસના પ્રેરક. શ્રીમતી હીરાબેન સાથે દાંપત્યજીવન શોભાવ્યું. પુત્ર ડૉ. મુકેશભાઈ M.D. (પલ્મેનોલૉજિસ્ટ) ગુજરાતના પ્રથમ

હરોળના ડૉક્ટરમાં ગૌરવભર્યું સ્થાન ધરાવે છે. કલ્પેશભાઈ ફાર્માસિસ્ટ. ત્રણ દીકરીઓમાં ડૉ. કલ્પનાબેન વ્યવસાયે ડૉક્ટર, અંજુબેન અધ્યાપિકા અને હર્ષાબેન ગૃહસ્થધર્મમાં પરાયણ. સરનામું: 1, શુકન સોસાયટી, માઢી આશ્રમ પાસે, ટી. બી. હૉસ્પિટલ રોડ, વિજાપુર મો. 9979646749



**શ્રી નારાણભાઈ આર. રાવળ** **(230)**

વતન: ચાણસ્મા. સેવાનિવૃત્ત આચાર્ય, શ્રીમતી એ. બી. યુ. દોશી હાઈસ્કૂલ, ચુડા, તા. ભેસાણ, જિ. જૂનાગઢ. પૂર્વ-પ્રમુખ, પાટણ જિલ્લા માધ્યમિક શિક્ષક સંઘ. ટ્રસ્ટી-મહાત્મા ગાંધી વિનયમંદિર, ચાણસ્મા. ઉપપ્રમુખ – ચાણસ્મા જાયન્ટ્સ ગ્રૂપ. મહામંત્રી – ગુજરાત રાવળ યોગી સમાજસેવા સંઘ. નિવાસ: 50, જૈન સોસાયટી, રેલવે સ્ટેશન રોડ, ચાણસ્મા, જિ. પાટણ. મો. 9428504732.



**નીતા અભય પરીખ** **(257)**

વતન: વીરમગામ. મનુદાદાનાં નાની દીકરી. તેઓશ્રી પરિવાર સાથે નૈરોબી (કેન્યા)માં નિવાસ કરે છે.



**ડૉ. પંકજ રણછોડભાઈ પટેલ.** **(101)**

**M. S., DNB, (Neuro & Spine Surgery).**

ઍમ્પાયર ડૉક્ટરહાઉસ, છઠ્ઠો માળ, કારગીલ પેટ્રોલપમ્પ પાસે, સોલા ક્રોસ રોડ, એસ. જી. હાઈવે, અમદાવાદ. મો. 9909013436

**પ્રકાશ જી. કૈલા. (B.Com., LLB.)** **(146)**

સરકારી કોન્ટ્રાક્ટર, મોરબી.



**શ્રી પ્રકાશ ન. શાહ (1940). એમ. એ.** **(007)**

પત્રકાર, નિબંધકાર, ચિંતક. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ (2021-2023). પૂર્વ તંત્રી: નિરીક્ષક. સરનામું: બી/302, સંસિતા પ્રથમ, મંગલ વિદ્યાલય પાસે, મહારાષ્ટ્ર સોસાયટી, મીઠાખળી, અમદાવાદ – 380007. મો. 9879919421.



**ડૉ. પ્રભુદાસ આઈ. પટેલ (1941). M.A., B.Ed., LL.B., Ph. D.** **(035)**

વતન: સાંથળ, તા. જોટાણા. સેવાનિવૃત્ત પ્રિન્સિપાલ, વિદ્યાનગર હાઈસ્કૂલ, અમદાવાદ. ગુજરાત રાજ્યના (1986) અને ભારત સરકાર (1988)ના 'શ્રેષ્ઠ શિક્ષક' અવૉર્ડોથી અલંકૃત. પ્રમુખ: સાંથળ કેળવણી મંડળ; ટ્રસ્ટી: ધરતી વિકાસ મંડળ, વિશ્વ ઉમિયા ફાઉન્ડેશન, વિદ્યાનગર હાઈસ્કૂલ વગેરે. મુખ્ય સંપાદક: 'વિશ્વ ઉમિયા ધામ'. સરનામું: 12, પંચામૃત બંગ્લોઝ-1, સિમ્સ હૉસ્પિટલ સામે, સાયન્સ સિટી રોડ, સોલા, અમદાવાદ–60. મો. 9825316617.



**શ્રી પ્રભુદાસ પટેલ** **(160)**

સેવાનિવૃત્ત આચાર્ય, શેઠ સી. એમ. હાઈસ્કૂલ ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, સેક્ટર-23, ગાંધીનગર. મૅનેજિંગ ડાયરેક્ટર, સહજાનંદ સ્કૂલ ઑફ એચિવર, ગાંધીનગર. નિવાસઃ 384, સુરભી બંગલોઝ, સેક્ટર-8/બી, ડૉ. અમી શાહ હૉસ્પિટલ પાસે, ગાંધીનગર. મો. 9924245488



**શ્રી ફુલજીભાઈ ડુંગરભાઈ પટેલ.** **(067)**
**એમ.એ., એ.એમ., એમ.એડ., એમ.ફીલ.**

વતનઃ ધરમપુર, તા. કડી. પ્રારંભમાં ચિત્ર અને વ્યાયામ શિક્ષક. સમયાન્તરે ઉચ્ચશિક્ષણ મેળવતાં હાઈસ્કૂલમાં શિક્ષક અને આચાર્ય. 1994માં રાજ્યના શ્રેષ્ઠ શિક્ષકનો અવૉર્ડ પ્રાપ્ત. સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડીમાં આચાર્ય અને છાત્રાલયના મુખ્ય ગૃહપતિ (1995થી 2008). નિવૃત્તિ બાદ ઉમિયા કે. વી. સી. શિક્ષણ સંકુલ, અમદાવાદમાં 2 વર્ષ, શ્રી માણેકબા વિનયવિહાર, અડાલજમાં – 4 (ચાર) વર્ષ, સ્વામી વિવેકાનંદ એજ્યુકેશન ટ્રસ્ટ, કડીમાં 2 વર્ષ કૅમ્પસ નિયામક તરીકે સેવાઓ આપી. નિવાસઃ 64, સાકાર સોસાયટી, બાલીપર દરગાહ પાસે, કડી. મો. 9601296915



**શ્રી બાબુભાઈ એન. શ્રીમાળી** **(141)**

ભૂતપૂર્વ વિદ્યાર્થી, આદર્શ વિદ્યાલય, સિપોર (1973-76). સેવાનિવૃત્ત, માધ્યમિક શિક્ષક, (1982-2016) – ધી બી. ઍન્ડ એચ. હાઈસ્કૂલ, ધંધુકા, જિ. અમદાવાદ. સરનામુંઃ 2, વિનયનગર સોસાયટી ગુરુકુળ સ્કૂલ સામે, આઈટીઆઈ રોડ, કાંસા એન. એ. વિસનગર- 384315. મો. 7984272334



**શ્રી બાબુભાઈ કે. પટેલ.** **(134)**
**B.Sc., B.Ed., M.A., M.Ed., LL.B.**

વતનઃ કરશનપુરા, તા. વડનગર. આચાર્ય શ્રી બામનાથ હાઈસ્કૂલ, બામણવા, તા. વિજાપુર અને શ્રી એસ. કે. પટેલ સ્વામિનારાયણ વિદ્યાલય, કાંસા એન.એ. વિસનગર. પૂર્વ પ્રમુખઃ મહેસાણા જિલ્લા માધ્યમિક શાળા સંઘ, પૂર્વ પ્રમુખઃ વિસનગર તાલુકા વ્યાયામ મંડળ, પૂર્વ મંત્રીઃ વિસનગર તાલુકા માધ્ય. અને ઉ.મા. શાળા ધિરાણ મંડળી, વિસનગર તથા પૂર્વ ઉપપ્રમુખઃ વિસનગર શહેર કર્મચારીઓની ધિરાણ મંડળી, વિસનગર. ટ્રસ્ટી – કૅમ્પસ ડાયરેક્ટર, શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, કાંસા એન.એ., વિસનગર. સરનામુંઃ 6/બી, કર્મભૂમિ સોસાયટી, ધરોઈ કૉલોની રોડ, વિસનગર-384315 મો. 9426414650



**શ્રી બાબુભાઈ ગંગારામદાસ પટેલ** **(126)**

વતનઃ શેલાવી. શ્રેષ્ઠ શિક્ષક તરીકે ગુજરાતના રાજપાલશ્રી અને ભારતના રાષ્ટ્રપતિ દ્વારા પુરસ્કૃત. વતન શેલાવી (તા. ચાણસ્મા)ની પ્રાથમિક શાળાના શિક્ષક / આચાર્યશ્રી તરીકે સેવાનિવૃત્ત. હાલમાં શેલાવીની ‘શ્રી નરસિંહદાસ રણછોડદાસ પટેલ આંખની હૉસ્પિટલ અને જીવનસંધ્યા વૃદ્ધાશ્રમના માનદ સંચાલક. સરનામુંઃ મુ. શેલાવી, પો. પલાસર, તા. ચાણસ્મા, જિ. પાટણ. મો. 9925310249.



**સાધુ ભક્તિપ્રિયદાસજી** **(001)**
પૂ. સંતશ્રી બી.એ.પી. એસ.




**પ્રો. ભગીરથભાઈ અંબાલાલ પટેલ (1954)** **(197)**
વતન: ચાણસ્મા. પ્રિન્ટિંગ ટેક્નોલૉજીના અભ્યાસક્રમમાં ગોલ્ડમેડલ સાથે ડિગ્રી મેળવી એન.આઈ.ડી.માં ટ્રેનિંગ. આર. સી. ટેક્નિકલ ઇન્સ્ટિટ્યૂટમાં અમદાવાદમાં 34 વર્ષ પ્રાધ્યાપક તરીકે સેવા આપી પ્રિન્ટિંગ ટેક્નોલૉજીમાં હેડ ઑફ ધ ડિપાર્ટમેન્ટ તરીકે 2012માં સેવાનિવૃત્ત. ગુજરાત રાજ્ય પ્રિન્ટિંગ ઍન્ડ સ્ટેશનરી, ટૅક્નિકલ એજ્યુકેશન બોર્ડ, ગુજરાત ટૅક્નૉલૉજીકલ યુનિવર્સિટી, ગુજરાત રાજ્ય શાળા પાઠ્યપુસ્તક બોર્ડ, ગુજરાત રાજ્ય યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ વગેરેમાં પ્રિન્ટિંગ ટેક્નૉલૉજીના તજજ્ઞ તરીકે સેવાઓ આપી રહ્યા છે. 'ઉમિયાજ્યોત' અને 'ઉમિયાદર્શન' સામયિકોના સંપાદક. અમદાવાદ રોટરી ક્લબના પૂર્વ પ્રેસિડેન્ટ. વિવિધક્ષેત્રે સમાજસેવા બદલ ગુજરાત રાજ્યના રાજ્યપાલ ડૉ. શ્રીમતી કમલાજીના હસ્તે 9-4-2012ના રોજ 'સમાજ શ્રેષ્ઠી' ઍવૉર્ડ દ્વારા સન્માનિત.



**શ્રી ભરતભાઈ બી. વૈદ્ય. B.Pharm.** **(140)**
વતન: સિપોર. અંબિકા મેડિકલ સ્ટોર, સ્ટેશન રોડ, ખેરાલુ, જિ. મહેસાણા. નિવાસ: 1, વૈદ્યવાસ, દેસાઈવાડો, ખેરાલુ. મો. 9426530851



**શ્રી ભાનુપ્રસાદ એન. રાજગોર. M.A., M.Ed.** **(115)**
સંયુક્ત નિયામકશ્રી, (ગુજરાત શિક્ષણસેવા વર્ગ-1). ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગરમાં ધોરણ-9થી 12ના અભ્યાસક્રમ તેમજ પરીક્ષા પદ્ધતિ અંગેની કામગીરી. શ્રી મનુભાઈ સાહેબના વિદ્યાર્થી નિવાસ: બ્લૉક નં. 258/૨, ગ-1 ટાઇપ ક્વાર્ટર, સેક્ટર-19, ગાંધીનગર. મો. 9099057093.



**ડૉ. મણિભાઈ ઈ. પ્રજાપતિ (1938). એમ.એ., પીએચ.ડી.** **(013)**
વતન: મણુંદ, તા. જિ. પાટણ. શૈક્ષણિક સંસ્થાઓમાં સંસ્કૃતના પ્રોફેસર અને નિયામક, તેમજ પ્રિન્સિપાલ તરીકે કુલ-45 વર્ષનો અધ્યાપકીય અનુભવ. સેવાનિવૃત્ત પ્રિન્સિપાલ, આર્ટ્સ-કૉમર્સ કૉલેજ, થરા અને પૂર્વ-ડાયરેક્ટર, શંકરાચાર્ય એકેડેમી, દ્વારકા પ્રકાશિત પુસ્તકો: 34. ભારતના રાષ્ટ્રપતિ દ્વારા સંસ્કૃતના વિદ્વાન તરીકે સન્માનિત. ગુજરાત સંસ્કૃત સાહિત્ય અકાદમીનો 'ગૌરવ પુરસ્કાર', 'રાષ્ટ્રીય સંસ્કૃત', સંસ્થાન દ્વારા 'શાસ્ત્રચૂડામણિ' ઍવૉર્ડ, પૂ. મોરારિબાપુ પ્રેરિત 'વાચસ્પતિ ઍવૉર્ડ', સોમનાથ ટ્રસ્ટ દ્વારા 'સોમનાથ સુવર્ણચંદ્રક' – ઇત્યાદિ સન્માન અવૉર્ડ પ્રાપ્ત થયા છે. આનર્ત સંસ્કૃત-સંસ્કૃતિ સ્વાધ્યાય સંસ્થાન, મહેસાણાના સ્થાપક-પ્રમુખ, માર્ગદર્શન હેઠળ 10

વિદ્યાર્થીઓએ સંસ્કૃતમાં પીએચ.ડી. ડિગ્રી મેળવી. સરનામું: 11, નીલકંઠ બંગ્લોઝ, નીલકંઠમહાદેવ રોડ, નાગલપુર, મહેસાણા-ર. મો. 9879632816.




**શ્રી મણિભાઈ ઈશ્વરભાઈ પટેલ 'મમ્મી' (1933).** **(049)**

શ્રી ઉમિયા માતાજી સંસ્થાન ઊંઝા તથા કડવા પાટીદાર સમાજના છેલ્લાં 50 વર્ષથી અગ્રણી સેવક. શ્રી ઉમિયામાતાજી સંસ્થાન, ઊંઝાના પૂર્વ પ્રમુખ. હાલમાં કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીના ઉપપ્રમુખ. ઐતિહાસિક અને અણમોલ સ્મૃતિગ્રંથ 'કડવા પાટીદાર કુળદેવી શ્રી ઉમિયામાતાજી, ઊંઝા 18મી શતાબ્દી રજતજયંતી મહોત્સવ, 2009નું દર્શન: સ્મૃતિગ્રંથ'નું પ્રશંસ્ય સંપાદન. સરનામું: કેવન સોસાયટી, વિસનગર રોડ, ઊંઝા. મો.9601391011

**ડૉ. મણિભાઈ એસ. પટેલ (1943)** **(041)**



વતન : લણવા, જિ.પાટણ. સર્વ વિદ્યાલયના ભૂતપૂર્વ વિદ્યાર્થી. કડી વિસ્તારમાં દાતંના તજજ્ઞ અને સેવાભાવી ડૉક્ટર તરીકે ખ્યાતિપ્રાપ્ત. તેમની ચક્ષુદાન મેળવવાની પ્રવૃત્તિની 'જનકલ્યાણ સાર્વજનિક ચેરિટેબર ટ્રસ્ટે' નોંધ લઈને ગુજરાતના આ ક્ષેત્રના ૩૮ કર્મશીલોમાં તેમનો સમાવેશ કર્યો છે. તેમણે ગુજરાત સ્ટેટ ડેન્ટલ એસોસિએશનના વાઈસ પ્રેસિડેન્ટ અને ઓનરરી ટ્રેઝરર, તેમજ લાયન્સ કલબ, કડીના મંત્રી, પ્રમુખ, ઝોન ચેરમેન, લાયન્સ કલબ સંચાલિત ચક્ષુબેંકના ચેરમેન વગેરે હોદ્દાઓ ઉપર સેવાઓ આપી છે. લાયન ડિસ્ટ્રિક્ટ ૩૨૩/બી/૨ દ્વારા કેટલાક અવોર્ડ્સથી અલંકૃત છે. શ્રી કડી નાગરિક સહકારી બેંકના ડિરેક્ટર તરીકે ૧૭ વર્ષ સુધી સેવા આપી ચુક્યા છે. ૧૯૮૬-૮૭ થી ક. પા. કે. ઉ. મંડળ, કડીના મંત્રીશ્રી અને વર્ષ ૨૦૦૭-૦૮ થી ૨૦૨૩ સુધી સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડીના મંત્રીશ્રી તરીકે સેવાઓ આપ્યા બાદ ઓગસ્ટ ૨૦૨૩થી કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખશ્રી તરીકે સેવાઓ આપી રહ્યા છે. તેમના ડેન્ટિસ્ટ પુત્ર ડૉ. આનંદ પટેલ કડીમાં સ્વતંત્ર કિલનિક ધરાવે છે. સરનામું : ૧૦, અંકુર સોસાયટી, થોળ રોડ, કડી, જિ. મહેસાણા. મો. ૯૪૨૭૫૪૩૬૨૭.



**શ્રી મણિભાઈ પ્રજાપતિ (1947)** **([11], 60, 273, 306, 314)**


**એમ.એ. (ગુજ.યુનિ.), એમ.એ. (લફબરો યુનિ., ઇંગ્લૅન્ડ).**

વતન: અલોડા, તા. જિ. મહેસાણા. સેવાનિવૃત્ત યુનિવર્સિટી લાઇબ્રેરિયન અને કૉ-ઑર્ડિનેટર, ગ્રંથાલય અને માહિતી વિજ્ઞાન વિભાગ, પાટણ યુનિવર્સિટી, તથા કાર્યકારી કુલસચિવ (2007-2008). પ્રકાશન નિયામક, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર. 12 વિદ્યાર્થીઓએ માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.ની ડિગ્રી મેળવી. સંસ્કૃત, ગુજરાતી, ઇતિહાસ અને ગ્રંથાલય વિજ્ઞાનનાં 30 પુસ્તકોનું સંપાદન (વ્યક્તિગત/અન્યોના સહયોગમાં). 260 પુસ્તકોની સમીક્ષા / પરિચયો પ્રકાશિત. ભારત સરકાર દ્વારા Indo-British T.C.T.P. ઍવૉર્ડ અંતર્ગત પસંદ કરીને ગ્રંથાલય વિજ્ઞાનમાં અભ્યાસ અર્થે ઇંગ્લૅન્ડ મોકલવામાં આવ્યા હતા. સંપાદક: 'સર્વ વિશ્વવિદ્યાલય વૃત્ત.' 'સારસ્વત અવૉર્ડ' અને 'પી. સી. શાહ ચંદ્રક' પ્રાપ્ત. સરનામું: એ/4, એલ.ડી.આર.પી. એન્જિનિયરિંગ કૉલેજ સ્ટાફ ક્વાર્ટર્સ, એલડીઆરપી કેમ્પસ, સેક્ટર-15, ગાંધીનગર. 382016. મો. 9601273836.



**શ્રી મણિલાલ એમ. પટેલ** **(220)**

વતનઃ રૂપપુર, તા. ચાણસ્મા. વરિષ્ઠ પત્રકાર, કટારલેખક અને રાજકીય વિશ્લેષક 'જનસત્તા', 'પ્રભાત', 'દિવ્યભાસ્કર', 'સંદેશ' અને 'ગુજરાત ગાર્ડિયન' જેવાં દૈનિકો તેમજ 20 જેટલાં શિષ્ટ સામયિકોમાં કટાર લેખન. 10 જેટલાં પુસ્તકોનું લેખન – પ્રકાશન. ગુજરાત યુનિવર્સિટી, ગુજરાતી સાહિત્ય પરિષદ, હિરામણિ અને ઉ.ગુ. યુનિવર્સિટીમાં પત્રકારત્વનું અધ્યાપન. 'દિવ્યભાસ્કર'ના સમીક્ષા સલાહકાર પણ રહ્યા છે. ટીવી ચૅનલોમાં રાજકીય વિશ્લેષકની ભૂમિકા. 10થી વધુ ઍવૉર્ડ પ્રાપ્ત. નિવાસઃ 25, અખંડ આનંદ સોસાયટી, અખબારનગર, નવા વાડજ, અમદાવાદ-13. ફોનઃ 079-27641891



**શ્રી મનસુખ સલ્લા** **(009)**

જાણીતા કેળવણીવિદ્, ચિંતક અને લેખક.

મો. 9879861666

**શ્રી મનીષ છનાલાલ પટેલ** **(267)**




વતનઃ ગોઝારિયા. મનુદાદાના ભાણેજ. ટહુકો ગાર્ડન રેસ્ટોરન્ટ (ગાંધીનગર) ના માલિક. નિવાસઃ ગાંધીનગર. મો. 9825687849

**શ્રી મનુભાઈ એસ. સોલંકી.** **(087)**




નિવૃત્ત અધ્યાપક, સર્વ વિદ્યાલય, કડી (ઉ. મા. વિભાગ, 1991-2016) રહેઠાણઃ બી/11, તુલસીધામ સોસાયટી, રાણીપ, અમદાવાદ. મો. 9904517532

**શ્રી મનુભાઈ ગિરિજાશંકર રાવલ (1945). (M.A., B.Ed.)** **(158)**



પ્રમુખઃ અમદાવાદ ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ (1980-82), પ્રમુખઃ ગુજરાત રાજ્ય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળ (1984-1985), પ્રમુખ, ગુજરાત રાજ્ય માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક આચાર્ય સંઘ (1988-91), ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણબોર્ડમાં નિયુક્ત (1998-2004), ચૅરમૅન, અમદાવાદ મ્યુ. સ્કૂલબોર્ડ (2008-11), 2013થી 22: ઉપાધ્યક્ષ : ગુજરાત રાજ્ય શાળા સંચાલક મહામંડળ (2013-22), 2023થી અધ્યક્ષ, સભ્યઃ શિક્ષક ભરતી સમિતિ, નિવાસઃ 3, વિશ્વાસ બંગલોઝ, ઘાટલોડિયા, અમદાવાદ. મો. 9825006515



**શ્રી મનુભાઈ શિવરામભાઈ પટેલ. B.Sc, B.Ed.** **(227)**

વતનઃ ચાણસ્મા. 10 વર્ષ ઉચ્ચ માધ્યમિક વિભાગમાં શિક્ષક અને 23 વર્ષ માધ્ય.-ઉ.માધ્યમિક શાળામાં આચાર્ય. 2 વર્ષ અમદાવાદ જિલ્લા આચાર્ય સંઘના ઉપપ્રમુખ. 10 વર્ષ અમદાવાદ જિલ્લા QDC કન્વીનર. વિજ્ઞાનમેળામાં શિક્ષક/આચાર્ય માટેની વ્યક્તિગત સ્પર્ધામાં 1987થી 1992 સુધી જિલ્લા કક્ષાએ પ્રથમ સ્થાન. લાયન્સ ક્લબ ઑફ ઘાટલોડિયા, અમદાવાદના ટ્રેઝરર, સેક્રેટરી, વા.પ્રેસિડેન્ટ, પ્રેસિડેન્ટ. લાયન્સ ક્લબ ઑફ અમદાવાદ (ડિસ્ટ્રિ. 323 બી) ડિસ્ટ્રિક્ટ ચેરમેન (એજ્યુકેશન). ચાણસ્મા કેળવણી મંડળ, ચાણસ્મામાં કારોબારી સભ્ય. સરનામુંઃ 14, સ્વસ્તિક બંગલો વિભાગ-2, હાઈકોર્ટ સામે, ગણેશકુંજ બંગલોની સામે, ઘાટલોડિયા, અમદાવાદ. મો. 9998338252




**ડૉ. મમતાબેન પંડિત. M.A., Ph.D.** **(215)**

વતનઃ ચાણસ્મા. પલાસર કૉલેજમાં સંસ્કૃત વિષયનાં પ્રાધ્યાપિકા. પ્રજ્ઞાપુરાણકથા, શિવકથા, ભાગવતકથા અને સામાજિક – ધાર્મિક કાર્યક્રમો દ્વારા પ. પૂ. ગુરુદેવના વિચારોને ગાયત્રી પરિવારના માધ્યમ દ્વારા સમાજમાં પહોંચાડવાના કાર્યમાં સક્રિય. 6 પુસ્તકોનું પ્રકાશન અને 40 જેટલાં સંશોધન પેપર પ્રસ્તુત. નિવાસઃ 'गुरुकृपा हि केवलम्' 26, કવચ સોસાયટી, 52નું નેળિયું, રાધનપુર રોડ, મહેસાણા-2, મો. 9925623270




**શ્રી મયૂર કનૈયાલાલ પટેલ. I.P.S.** **(097)**

આચાર્યશ્રી મનુભાઈ સાહેબના વિદ્યાર્થી. પ્રથમ પ્રયત્ને વર્ષ 2006માં સિવિલ સર્વિસની પરીક્ષા ઉત્તીર્ણ કરતાં ઝારખંડ જેવા નક્ષલ પ્રભાવિત રાજ્યમાં 13 વર્ષ S.P. તરીકે સેવાઓ આપ્યા બાદ છેલ્લાં બે વર્ષથી બોકારોમાં D.I.G. તરીકે સેવાઓ આપી રહ્યા છે.



**શ્રી મહિપતસિંહ ડોડિયા. G.A.S.** **(107)**

ડેપ્યૂટી કલેક્ટર. મહેસૂલ વિભાગ, સચિવાલય, ગાંધીનગર.



**શ્રી મહેન્દ્ર જે. પટેલ. B.Sc. (Agri.)** **(244)**

વતનઃ ચાણસ્મા. આચાર્યશ્રી મનુભાઈ પટેલના નાનાભાઈ. જી.એસ.એફ.સી. અને બૅંક ઑફ બરોડા કાર્યક્ષેત્રો રહ્યાં. સાહિત્યના અભિભાવક, સ્વૈચ્છિક નિવૃત્ત. 13 વર્ષથી પરિવાર સાથે અમેરિકા સ્થાયી થયા છે. સરનામુંઃ 13929, Coachmans Cir, Germantown MD 20874, USA. Ph. 91 9687774676.



**શ્રી મહેન્દ્રભાઈ અમથાભાઈ દેસાઈ.** LL.B. **(219)**

વતનઃ ચાણસ્મા. લેબર કૉર્ટમાં વકીલાત. પિતાશ્રી 'સમાજરત્ન' અમથાભાઈ દેસાઈના અવસાન બાદ મજૂર મહાજન સંઘ દ્વારા સર્વાનુમતે મંત્રી તરીકે નિયુક્તિ. સરનામુંઃ મજૂર મહાજન સંઘ, ગાંધી મજૂર સેવાલય, પો.બૉ. નં. 10, ભદ્ર, અમદાવાદ. ફોનઃ 079-25506857, 25506158.



**શ્રી મહેન્દ્રભાઈ આર. પટેલ.** B.E. (Civil) **(106)**

વતનઃ કરશનપુરા, તા. વડનગર. સેવાનિવૃત્તઃ કાર્યપાલક ઇજનેર (સિવિલ), ગુજરાત એનર્જી ટ્રાન્સમિશન કૉર્પોરેશન લિમિટેડ (GETCO). નિવાસઃ 5/બી, કર્મભૂમિ સોસાયટી, તિરુપતિ ટાઉનશિપ પાછળ, ધરોઈ કૉલોની પાસે, વિસનગર-384315. મો. 9925212410.



**શ્રી મહેશ મહેતા.** M.A. (Eng.), M.Ed., MBA **(112)**

નાયબ શિક્ષણ નિયામક (મહેકમ). હાલનો હોદ્દોઃ સચિવ, સમગ્ર શિક્ષા, ગુજરાત રાજ્ય. પ્રાથમિક શિક્ષણ, માધ્યમિક શિક્ષણ, બાળકેળવણી. વગેરે ક્ષેત્રમાં 100 કરતાં વધુ નવાચાર (ઇનોવેશન)નું નિર્માણ અને અમલીકરણ. વર્ષ 1987-88માં રોટરેક્ટ ક્લબ, પાલનપુરના સભ્ય તરીકે આંધ્રપ્રદેશ રાજ્યની મુલાકાત દરમિયાન ગુડવીલ ઍમ્બેસેડર ઍવૉર્ડ રોટરી ઇન્ટરનેશનલ તરફથી પ્રાપ્ત. ભારતના શિક્ષણમંત્રી, પ્રકાશ જાવડેકરશ્રીના હસ્તે 'વહીવટી પારદર્શિતા' વિભાગમાં 'વાય નોટ ટુડે ઇનોવેશન માટે ઍવૉર્ડથી સન્માનિત. આચાર્ય મનુભાઈ સાહેબના શિષ્ય. મો. 9429517853



**શ્રી મહેશકુમાર બાબુલાલ શાહ.** M.Com., LL.B. **(123)**

વતન – સિપોર. બૅંક ઑફ બરોડા, ખેરાલુ શાખામાંથી વય મર્યાદાના કારણે સેવાનિવૃત્ત. નવકાર બંગલો, ડૉ. ઝવેરી હૉસ્પિટલ પાસે, સ્ટેશન રોડ, વિસનગર-384315, મો. 9327656174, 9924993295.



**શ્રી મહેશ મણિલાલ પટેલ.** **(132)**

વતન સિપોર. કન્સ્ટ્રક્શન વ્યવસાય સાથે સંકળાયેલા છે. ઘણી મોટી સ્કીમ્સ સફળતાપૂર્વક સંપન્ન કરેલ છે. Voracious Reader છે. મો. 9925041047



**શ્રી માણેકલાલ એમ. પટેલ.** M.A., M.Phil., B.Ed. **(092)**


સેવાનિવૃત્ત સુપરવાઇઝર, સર્વ વિદ્યાલય, કડી. 1961માં સર્વ વિદ્યાલયમાંથી મૅટ્રિક પાસ કર્યા બાદ 196૨ માં લાઇબ્રેરીમાં પાર્ટટાઇમ નોકરી કરી. ચાલુ નોકરીએ એમ.એ.,એમ.ફિલ. બી.એડ્. સુધી અભ્યાસ કરતાં 1972થી સર્વ વિદ્યાલય, કડીમાં શિક્ષક, 1988-1996 સુધી સુપરવાઇઝર. 1996માં સ્વૈચ્છિક નિવૃત્તિ લઈ 'શ્રી સરસ્વતી કન્યા કેળવણી મંડળ', નાની કડીમાં માનદમંત્રી.



**ડૉ. માનસિંહભાઈ જે. ચૌધરી. (150)**

**M.A., Ph.D., B.Ed., D.P.Ed., N.D.S.**

ચીફ સલાહકાર – ગુજરાત રાજ્ય એ. ટી. ફેડરેશન. ગુજરાત રાજ્ય ટ્રેનિંગ કમિશનર. શ્રેષ્ઠ શિક્ષકના રાષ્ટ્રીય ઍવૉર્ડ સાથે 7 રાષ્ટ્રીય અવૉર્ડ પ્રાપ્ત (ભારતમાં માત્ર એકમાત્ર). 17 દેશોમાં સ્કાઉટમાં ભારતનું નેતૃત્વ. નિવાસઃ 4, સારસ્વત સોસાયટી, વિસનગર રોડ, મહેસાણા – 384001, વતનઃ ચિત્રોડા મોટા, તા. વિસનગર મો. 9879115449



**પદ્મશ્રી માલજીભાઈ દેસાઈ (021)**

ગાંધીજીવન-દર્શનના સંનિષ્ઠ હિમાયતી. સંચાલક – ગાંધીઆશ્રમ, ઝીલિયા, તા. પાટણ. બનાસકાંઠા અને કચ્છના પછાત વિસ્તારોમાં શિક્ષણની આહ્‌લેક જગાડવા 25 જેટલાં વિદ્યાલયો શરૂ કરાવ્યાં. ઝીલિયામાં કૉલેજ શિક્ષણ સુધીની સંસ્થાઓની સ્થાપના. પૂર્વ ધારાસભ્ય, ગુજરાત જળ સંપત્તિ નિગમના પૂર્વ ચૅરમૅન, ગુજરાત ખાદી અને ગ્રામોદ્યોગ મંડળ, સાબરમતી આશ્રમના પ્રમુખ, નઈ તાલીમ સંઘના પ્રમુખ વગેરે સંસ્થાઓમાં નોંધપાત્ર સેવાઓ આપી છે. અમૃતમહોત્સવની ઉજવણી પ્રસંગે પ્રાપ્ત ફંડ શિક્ષણ, આરોગ્ય અને કુદરતી આફતોમાં મદદરૂપ નીવડવા માટે 'શ્રી માલજીભાઈ દેસાઈ ફાઉન્ડેશન'ને અર્પણ કરી દીધું છે. તેઓશ્રી રાજ્ય અને રાષ્ટ્રીયસ્તરના બહુવિધ અવૉર્ડાથી વિભૂષિત છે, જેમ કે, ભારતના રાષ્ટ્રપતિ દ્વારા 'પદ્મશ્રી', 'દર્શક ઍવૉર્ડ', 'સફળ ધારાસભ્ય અવૉર્ડ', 'ગ્લોરી ઑફ ગુજરાત ઍવૉર્ડ', 'રબારી સમાજ શિક્ષણરત્ન અવૉર્ડ' વગેરે. સંપર્કઃ ગાંધીઆશ્રમ, મુ. પો. ઝીલિયા, તા. ચાણસ્મા, જિ. પાટણ. ફોનઃ 02734-288૫70 મો. 9825413075



**ડૉ. મિહિર જોષી. (1941). (025)**

**MBBS (નેશનલ મેડિકલ કૉલેજ, કોલકતા)**

વતન-વડનગર. ટ્રસ્ટીશિપના સિદ્ધાંતને આત્મસાત્ કરીને વિસનગરમાં જ્યોતિ હૉસ્પિટલની તા. 14/11/1970ના રોજ સ્થાપના. આજે પણ હૉસ્પિટલના સૈદ્ધાંતિક સંચાલનમાં સક્રિય રહી સેવાઓ આપી રહ્યા છે. અંધત્વ નિવારણ કાર્યક્રમમાં જીવન સમર્પણ. સરનામુંઃ જ્યોતિ હૉસ્પિટલ, વિસનગર. ફોન. 02765-232331



**શ્રી પ. પૂ. પન્યાસપ્રવર શ્રી મૃદુરત્નસાગરજી મ. સા. (096)**

**(1964). B.Com.**

વતનઃ સિપોર. પિતાઃ મહાસુખલાલજી શાહ, માતાઃ સુભદ્રાબહેન. દીક્ષાઃ સિપોરની કુમાર શાળામાં તા. 7/6/1984. આચાર્યપદ – તા. 28/11/2016, બેંગ્લોર. ગુજરાત, માલવા, રાજસ્થાન, મહારાષ્ટ્ર, કર્ણાટક, તમિલનાડુ અને આંધ્ર પ્રદેશમાં વિચરણ. શાસન પ્રભાવનાઃ છરી પાલિત સંઘ, ઉપધાન, પ્રતિષ્ઠા, દીક્ષા, આયંબિલ શાળા, પાઠશાળા, શિબિર ઇત્યાદિ. આદર્શ વિદ્યાલય, સિપોરના પૂર્વ-વિદ્યાર્થી અને આચાર્યશ્રી મનુભાઈ પટેલ સાહેબના શિષ્ય.



**શ્રી રજનીકાન્ત ભટ્ટ. (1940)** **(238)**
**B.A., LLB.**
વતન: ચાણસ્મા. કારકિર્દીનો પ્રારંભ વીરમગામની એમ. જે. હાઈસ્કૂલથી શરૂ કર્યો. ગુજરાત રાજ્ય સહકારી સંઘ, અમદાવાદમાં કૉ.ઑપરેટિવ એજ્યુકેશન ઈન્સ્ટ્રકટર. લિવરની બીમારીના કારણે પ્રમોશન જતું કરી હેડ ઑફિસ અમદાવાદમાં સિનિયર કારકુન તરીકે નિવૃત્તિપર્યંત સેવાઓ આપતાં કેશિયરના પદેથી 1998માં સેવાનિવૃત્ત. સરનામું: નાગરવાડો, જેકરણદાસનો માઢ, ચાણસ્મા; પ, પુષ્પમ સોસાયટી, સાબરમતી ડી કેબિન, પો. રેલવે કૉલોની, અમદાવાદ-19. મો. 9879845714 (રજનીકાન્ત ભટ્ટ) 9725355925 (ધર્મિષ્ઠા ભટ્ટ).



**શ્રી રણછોડભાઈ કે. પટેલ. (1939).** **(166)**
**એમ.એ., બી.એડ્. રાષ્ટ્રભાષા રત્ન.**
વતન: ચડાસણા. સેવાનિવૃત્ત શિક્ષક: શેઠ જી. સી. હાઈસ્કૂલ, પિલવાઈ. સરનામું: બી/1, આશ્કા બંગ્લોઝ, સ્પર્શ પેલેસ સામે, પી.ડી.પી.યુ. રોડ, રાયસણ, ગાંધીનગર-382007. મો. 7621033742.



**શ્રી રણછોડ શાહ. બી.એસસી., એમ.એડ્.** **(028)**
મૅનિજિંગ ટ્રસ્ટી, અમિત્ય સ્કૂલ – ભરૂચ. એમિકસ ઇન્ટરનેશનલ સ્કૂલ – ભરૂચ અને વડોદરા. વિવિધ શાળાઓમાં આચાર્યશ્રી તરીકે 21 વર્ષનો અને ડભોઈ, સુરત અને આણંદની એજ્યુકેશન કૉલેજોમાં ટ્યૂટર/વ્યાખ્યાતા તરીકે 5 વર્ષનો અનુભવ. દારેસલામ (તાન્ઝાનિયા)ના શિક્ષણ મંત્રાલયમાં શિક્ષણ અધિકારી તરીકે સેવાઓ આપી હતી. શિક્ષણ વિષયક 20થી અધિક પુસ્તકોનું પ્રકાશન. અમેરિકા, મલેશિયા, સિંગાપોર, થાઈલૅન્ડ, તાન્ઝાનિયા, ઇજિપ્ત વગેરે દેશોની સુપ્રસિદ્ધ શૈક્ષણિક સંસ્થાઓની મુલાકાત. સરનામું: અમિત્ય સેકન્ડરી ઍન્ડ હાયર સેકન્ડરી સ્કૂલ, નીલકંઠ રોડ, નવા કેબલ પુલ પાસે, ભરૂચ. મો. 9979861631.



**શ્રી રતિલાલ જે. પટેલ** **(271)**
વતન: રાંધેજા, તા. ગાંધીનગર. શ્રી મહેન્દ્રભાઈની નાની દીકરી ચિ. કૃપાલીના સસરા. ગલ્ફના દેશોમાં પેટ્રોલિયમ અને રિફાઈનરીઝ કંપનીઓમાં પ્રોજેક્ટ મૅનેજર તરીકે સેવાઓ આપી. છેલ્લા બે દાયકાથી અમેરિકામાં નિવાસ કરે છે.



**ડૉ. રમણભાઈ જી. પટેલ. (1947). M.B.B.S.** **(050)**
વતન: કરણનગર. 1971થી કડીમાં પ્રેક્ટિસ. ઉમદા સેવાભાવી ડૉક્ટર તરીકેની શાખ. કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડીમાં વર્ષ 2010થી મંત્રી તરીકે સેવાઓ આપી રહ્યા છે. કડી મેડિકલ ઍસોસિયેશનના મંત્રી, કડી જેસીસ અને કડી જુનિયર ચૅમ્બરના પ્રમુખ તરીકે તેમજ સંકટ નિવારણ સોસાયટીમાં તેમજ કડી નાગરિક સહકારી બૅંકમાં ડાયરેક્ટર તરીકે પ્રશસ્ય

સેવાઓ આપી ચૂક્યા છે. આ ઉપરાંત સમાજસેવાનાં વિવિધ સંગઠનો સાથે જોડાઈને સામાજિક ઉત્તરદાયિત્વના નિર્વાહ હેતુ સેવાઓ આપી રહ્યા છે. મંડળના પૂર્વ પ્રમુખ ડૉ. કનુભાઈ પટેલ અને ડૉ. જયંતીભાઈ પટેલ તેમના સહાધ્યાયીઓ રહ્યા હતા. ગર્વરૂપ ઘટના એ છે ડૉ. રમણભાઈની ત્રણ પેઢીઓ – (ડૉ. રમણભાઈ ડૉ. હર્ષદભાઈ, ડૉ. રાજ) મેડિકલક્ષેત્રે કાર્યરત છે. સરનામું: 11, અંકુર સોસાયટી, હાઈવે રોડ, કડી મો. 9824721099.



**શ્રી રમણભાઈ એમ. પટેલ (1947)** **(128)**

વતન: લવારપુર, જિ. ગાંધીનગર. સેવાનિવૃત્ત આચાર્ય, શાહપુર માધ્યમિક શાળા, શાહપુર, જિ. ગાંધીનગર.




**શ્રી રમણભાઈ ભીખાભાઈ પટેલ** **(130)**

વતન: સિપોર. પૂર્વ-આચાર્ય, ઉ. મા. વિભાગ, મ્યુનિસિપલ હાઈસ્કૂલ, ખેરાલુ. મો. 9409463811.



**શ્રી રમણલાલ ઈ. પટેલ** **(165)**


વતન: મલેકપુર, તા. વડનગર. નિવૃત્ત આચાર્ય. નિવૃત્તિ બાદ હાલ છેલ્લાં 34 વર્ષથી માનદ વ્યવસ્થાપક અને ટ્રસ્ટી, જ્યોતિ હૉસ્પિટલ – વિસનગરને સેવાઓ આપી રહ્યા છે. શિક્ષણક્ષેત્રે બાલમંદિર, પ્રાથમિક શિક્ષક, માધ્યમિક શિક્ષક અને આચાર્ય સુધીની સેવાઓ. ગાંધીવિચાર સાથે સર્વોદયની પ્રવૃત્તિઓમાં સક્રિય. સમાજના છેવાડાના માનવીની વ્યથાઓ સમજવા સેવાયજ્ઞોમાં નિયમિત હાજરી. નિવાસ: 21/બી, સુરક્ષા સોસાયટી, વિસનગર. મો. 94287534077



**ડૉ. રાજુજી પરમાર (1942)** **(148)**

**એમ.એ., એમ.ફીલ. પીએચ.ડી. બી.એડ્., એચ.એસ.એસ.**

શિક્ષક/આચાર્ય પ્રાથમિક શાળાથી બી.એડ્. કૉલેજ સુધી. ભારત સરકાર દ્વારા સંસ્કૃતિ તથા શિક્ષણમાં બે વાર રાષ્ટ્રપતિ અવૉર્ડ તથા ગુજરાત સરકારના શ્રેષ્ઠ શિક્ષકના ઍવૉર્ડથી વિભૂષિત. કેટલાક વિદ્યાર્થીઓએ આ વિરલ વ્યક્તિત્વના પરિચયમાં આવ્યા પછી અનુભવ્યું છે કે ‘કોઈ શાપિત ગાંધર્વ માનવદેહ ધરી પૃથ્વી પર રાજુજી રૂપે અવતર્યો છે.’ નિવાસ: 1, લીલીવાડી, ગાયત્રી મંદિર પાસે, વિસનગર. મો. 9925006009



**રિયા હર્ષ પટેલ. M.E. (Comp, USA)** **(264)**

વતન: ચાણસ્મા. શ્રી મહેન્દ્રભાઈ જે. પટેલની પુત્રવધૂ. અમેરિકાની ઓરેકલ કંપનીમાં નોકરી. સંગીત અને તબલાવાદનનો શોખ.



**Rishva Ujjwal Patel.** **(265)**
**B.Sc. (Biotechnology), M.B.A. (Finance).**
Grand daughter of Manudada and elder daughter of Arvindbhai. Currently own and manage a hotel business at USA.



**રેણુકા નૈષધ પટેલ** **(256)**
મનુદાદાનાં મોટાં દીકરી. સર્વોદય આશ્રમ માઢીવાળા સ્વ. રામુભાઈ પટેલનાં પુત્રવધૂ.



**ડૉ. રેણુકાબેન રાજેન્દ્રસિંહ સોલંકી.** **(180)**
**એમ.એ., પીએચ.ડી.**
વતનઃ સિપોર. ડીન/આચાર્ય, ગોકુળ ગ્લોબલ યુનિવર્સિટી, સિદ્ધપુર. મો. 9879112448.



**શ્રી રોનક સુરેશભાઈ ભાવસાર M.A. (English)** **(241)**
વતનઃ ચાણસ્મા.




**શ્રી લલિત પી. ગજ્જર.** **(089)**
**M.A., હિન્દી રત્ન**
લોકકલાના અભ્યાસી. સેવાનિવૃત્ત વહીવટી કર્મચારી, સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી મો. 8905268943



**શ્રી વજેસિંહ રણછોડજી વાઘેલા (1940).** **(170)**
**એમ.એ., હિન્દી વિનીત**
વતનઃ નાની દાઉ, પો. મોટી દાઉ, તા. જિ. મહેસાણા. 1960થી 1965 ઉ. બુનિયાદી પ્રાથમિક શાળા, મોટી દાઉ, તા. જિ. મહેસાણા. 1965થી 1968 પ્ર.હ.દ. વિદ્યાવિહાર, વાલમ, તા. વિસનગર. 1968થી 1998 શ્રી શં. મા. આદર્શ વિદ્યાલય (માધ્યમિક અને ઉચ્ચ. માધ્યમિક વિભાગ), સિપોર, તા. ખેરાલુ. માધ્યામિક શિક્ષક સંઘ મહેસાણા જિલ્લા અને રાજ્યકક્ષાએ પ્રતિનિધિ. મો. 9924393353



**શ્રી વલ્લભભાઈ એમ. પટેલ 'સરદાર' (1969).** **([09], 045)**
પ્રેસિડેન્ટ, કડી સર્વ વિશ્વવિદ્યાલય, ગાંધીનગર. ચૅરમૅન, સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, કડી-ગાંધીનગર અને કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળ, કડી. ભારતના રાષ્ટ્રપતિ દ્વારા ઇન્ડિયન રેલવે ફાઈનાન્સ કૉર્પોરેશન, (રેલવે મંત્રાલય, નવી દિલ્હી). નોન ઑફિશ્યલ ઇન્ડેપેન્ડન્ટ ડાયરેક્ટર તરીકે ત્રણ વર્ષ (2021-2024) માટે નિયુક્ત. સરનામુંઃ 22, સરદાર સોસાયટી, ભાઉપુરા, કડી. મો. 9825036236



**શ્રી વસંતભાઈ આત્મારામ પટેલ (જય માતાજી).** **(195)**
**ડિપ્લોમા ઇન ઇલેક્ટ્રિકલ એન્જિનિયરિંગ.**
વતનઃ ચાણસ્મા. મનુદાદાના રૂપાણી પરિવારના સ્વજન. 1983-84માં બી.વી. એમ. ઇલેક્ટ્રિકલ કંપનીની સ્થાપના કરીને તેના નેજા હેઠળ માઈક્રોસ્ટાર બૅટરી સેપરેટરનું ઉત્પાદન શરૂ કરતાં વર્ષ 2015 સુધી સમગ્ર ભારતમાં ખ્યાતિ મેળવી. જય માતાજી એન્ટરપ્રાઈઝ નામક કંપનીના સ્થાપક. 'બ્રહ્માકુમારીઝ' તથા 'ધરતી'ના સહમંત્રી. વતન ચાણસ્માના મેડિકલ ઍન્ડ સોશિયલ ડેવલપમૅન્ટ ટ્રસ્ટ સંચાલિત કે. બી. જનરલ હૉસ્પિટલ અને એસ. કે. પટેલ પ્રસૂતિગૃહના પ્રમુખ.



**પ્રો. ડૉ. વિઠ્ઠલભાઈ અં. પટેલ (1936).** **(010)**
**એમ.એસસી., પીએચ.ડી.**
વતન શેરથા. ગણિતશાસ્ત્રમાં યુનિવર્સિટી ઑફ કેલિફૉર્નિયા, બર્કલી (યુએસએ.)માંથી વિશ્વવિખ્યાત વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇન્સ્ટાઈનના પુત્ર હાન્સ આલ્બર્ટ આઇન્સ્ટાઈનના માર્ગદર્શન હેઠળ પીએચ.ડી.ની ડિગ્રી પ્રાપ્ત કરી છે. એમિરિટસ પ્રોફેસર, હમ્બોલ્ટ સ્ટેટ યુનિવર્સિટી, આર્કેટા (યુએસએ). 5 પુસ્તકો પ્રકાશતિ. 'Numerical Analysis' (1994) એક પ્રશિષ્ટ પુસ્તક તરીકે ખ્યાતિપ્રાપ્ત છે. 'સારસ્વત ઍવૉર્ડ', 'એ. આર. રાવ વિશિષ્ટ પુરસ્કાર' (2023) વગેરેથી અલંકૃત. સરનામુંઃ 'સ્વરાજ', નરસિંહજીના મંદિર પાસે, ઉવારસદ રોડ, મુ. પો. શેરથા, તા. જિ. ગાંધીનગર. મો. 9824019042.



**પ્રો. વિનોદચંદ્ર બાબુલાલ પટેલ.** **(120)**
**એમ.એ., બી.એડ્., પીએચ.ડી.**
વતનઃ સિપોર. આચાર્યશ્રી મનુભાઈ પટેલ સાહેબના વિદ્યાર્થી. મહિલા આર્ટ્સ કૉલેજ, વિજાપુરમાં સંસ્કૃતના એસોસિએટ પ્રોફેસર. સંસ્કૃતશાસ્ત્રોમાં ચંદ્રનું મહત્ત્વ વિશે પીએચ.ડી. સરનામુંઃ 95, સ્નેહકુંજ બંગલોઝ, ભાવસોર બસસ્ટૉપ સામે, વિસનગર રોડ, વિજાપુર-382870. મો. 9327967374.



**શ્રી વિવેક પ્રહ્લાદભાઈ પટેલ. B.E. (Civil)** **(206)**
વતનઃ ચાણસ્મા. બોર્ડ સભ્ય – ગુજરાત ટેક્નલજી યુનિવર્સિટી; એક્ઝિક્યુટિવ કાઉન્સિલ સભ્ય – ચિલ્ડ્રન યુનિવર્સિટી, સ્ટેન્ડિંગ સમિતિ સભ્ય તથા આયોજન અને વિકાસ સમિતિ – ટીચર્સ યુનિવર્સિટી. ચૅરમૅન – ક્રીડા ભારતી, ગુજરાત પ્રાન્ત. ડાયરેક્ટર – જેમ્બી કેમ લિમિટેડ, મેનેજિંગ ટ્રસ્ટી – આનંદ

નિકેતન, સેટેલાઇટ (અમદાવાદ), આનંદ નિકેતન, સુઘડ (ગાંધીનગર) અને નાલંદા વિદ્યાલય, ઘાટલોડિયા (અમદાવાદ). આ ઉપરાંત 15થી અધિક ઉચ્ચ સંસ્થાઓમાં સભ્ય/ટ્રસ્ટી/પ્રેસિડેન્ટ. સરનામું: ૫૫, રચના સોસાયટી, સેટલાઇટ રોડ, અમદાવાદ-15. મો. 9825006585



**શ્રી વિષ્ણુભાઈ ઈશ્વરદાસ પટેલ** **(174)**

વતન: ભટાસણ, તા. કડી. નિવૃત્ત આચાર્ય – કુમાર બી. એચ. ગાર્ડી સર્વોદય વિદ્યાવિહાર, શિહોર, તા. વીરમગામ. હાલ – ઓરલૅન્ડો અમેરિકા.



**શ્રી વિષ્ણુભાઈ પી. પટેલ. (1958). B.Com.** **(235)**

પૂર્વ મૅનેજર, ધી ચાણસ્મા નાગરિક સહકારી બૅંક લિ., નારણપુરા અમદાવાદ. 1997માં બ્રાન્ચ મૅનેજર તરીકે પ્રમોશન મળતાં, નારણપુરા અમદાવાદ શાખામાં બદલી થતાં અમદાવાદમાં નિવાસ. 2016માં મૅનેજર તરીકે સેવાનિવૃત્ત. અમદાવાદમાં વતન અને સમાજની સંસ્થાઓમાં માનદ સેવાઓમાં કાર્યરત. સરનામું: એ/11, આકાશ એપાર્ટમૅન્ટ, વૈભવ બંગલો વિ-3 સામે, ગુલાબ ટાવર રોડ, સતાધાર ચાર રસ્તા, ઘાટલોડિયા, અમદાવાદ. મો. 7990252320



**શકુંતલા અરવિંદ પટેલ** **(255)**


વતન: ચાણસ્મા. આચાર્યશ્રી મનુભાઈ પટેલનાં પુત્રવધૂ. છેલ્લાં 25 વર્ષથી કૅનેડામાં નિવાસ કરે છે.

**શ્રી શં. મા. ઉપાધ્યાય આદર્શ વિદ્યાલય (સિપોર) શાળા પરિવાર. (167)**



**કુ. શોભનાબેન બાબુભાઈ પટેલ (1959).** **(203)**
**બી.એસસી., એમ.એડ્.**

વતન: ચાણસ્મા. 1980થી શિક્ષિકા તરીકેની કારકિર્દીનો પ્રારંભ. સેવાનિવૃત્ત આચાર્યા, શ્રીમતી કે. એ. પટેલ ગર્લ્સ હાઈસ્કૂલ અને શ્રીમતી જે. કે. પટેલ હાયર સેકન્ડરી ગર્લ્સ હાઈસ્કૂલ, ચાણસ્મા. વર્ષ 2007માં ગુજરાત રાજ્યનો શ્રેષ્ઠ આચાર્યના અવૉર્ડથી વિભૂષિત. ચાણસ્મા કેળવણી મંડળ, ચાણસ્મા-મંત્રી, મેડિકલ ઍન્ડ સોશિયલ ડેવલપમેન્ટ ટ્રસ્ટ, ચાણસ્મા – મંત્રી અને મહાત્મા ગાંધી વિનય મંદિર, ચાણસ્મા – ટ્રસ્ટી અને મંત્રી.



**શ્રી શૈલેશ શાહ** **(144)**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશ પાર્કની બાજુમાં, ઉસ્માનપુરા, અમદાવાદ-380012



**શ્રી શ્યામજીભાઈ એમ. દેસાઈ. B.A., B.Ed.** **(080)**
વતનઃ આદિવાડા, તા. બેચરાજી, જિ. મહેસાણા. ગ્રામસેવા કેન્દ્ર શંખેશ્વરમાં આદ્યસ્થાપક તરીકે તા. 12/6/76થી સેવાઓ. સેવાનિવૃત્ત શિક્ષક, સર્વ વિદ્યાલય હા. કડી. નિવાસઃ 50, નીલકંઠ વીલા બંગ્લોઝ, ડી.પી.એસ. સ્કૂલ પાસે, જિ.અમદાવાદ. મો. 9427471991



**સ્વામિ સચ્ચિદાનંદ** **(002)**
પ્રબુદ્ધ ચિંતક અને સંત. 140થી અધિક વિચારોત્તેજક પુસ્તકોના સર્જક. ભારતના રાષ્ટ્રપતિ દ્વારા 'પદ્મશ્રી'થી અલંકૃત, સરનામુ : ભક્તિનિકેતન આશ્રમ, દંતાલી, તા. પેટલાદ. ફોન. 02697-252480



**સંદીપ પટેલ 'કસક'** **(242)**
વતનઃ ચાણસ્મા. કવિ, લેખક, કટારલેખક. 12 મૌલિક/સંપાદિત પુસ્તકોનું વ્યક્તિગત/અન્યોના સહયોગમાં પ્રકાશન. કાર્યકારી આચાર્ય, શ્રીમતી એમ. જે. મેવાડા શિવશક્તિ વિદ્યામંદિર, દિઓલી. તા. ઈડર, સરનામુંઃ 25, મધુવન 80 બંગ્લોઝ વલાસણ રોડ, મુ. મણિયોર પો. ઉમેદગઢ, તા. ઈડર, જિ. સાબરકાંઠા મો. 9429745229, 7041244660



**શ્રી સીતારામભાઈ કાશીરામ પટેલ. M.A, B.Ed.** **(222)**
વતનઃ ચાણસ્મા. નિવૃત્ત આચાર્યઃ સંસ્કાર વિદ્યાલય, સેટેલાઈટ, અમદાવાદ. ગુજરાત સરકારના શ્રેષ્ઠ શિક્ષક અવૉર્ડથી અલંકૃત, 2007, રાજ્ય શાળા સંચાલક અવૉર્ડથી સન્માનિત, 2023. મંત્રીઃ ચાણસ્મા કેળવણી મંડળ, 2011થી 2023. નિવાસઃ એ/1, દેવ બંગ્લોઝ, સાયન્સ સિટી રોડ, સોલા, અમદાવાદ-61, મો. 9824041580



**સુભદ્રાબેન નટવરલાલ પટેલ (બી.એ., બી.એડ્.)** **(243)**
વતનઃ ગોઝારિયા. મનુદાદાનાં નાનાં બહેન. દીકરા સાથે પૂના રહે છે. પાંડુરંગદાદાના સ્વાધ્યાય પરિવારનાં મોટાં બહેન તરીકે પ્રવૃત્તિઓમાં સતત સક્રિય.



**ડૉ. સુરેશ સી. પંડ્યા. એમ.એસ. (ઈ.એન.ટી)** **(104)**
આદર્શ વિદ્યાલય, સિપોરના ભૂતપૂર્વ વિદ્યાર્થી અને શ્રી મનુભાઈ પટેલ સાહેબના શિષ્ય. વિસનગર ખાતે છેલ્લાં 35 વર્ષથી કાન, નાક, ગળાના સર્જન તરીકે સેવા આપી રહ્યા છે. નિવાસઃ 6/7, વિઠ્ઠલ પાર્ક સોસાયટી, ધરોઈ કૉલોની રોડ, એમ. એન. કૉલેજ પાછળ, વિસનગર-384315. મો. 9824065901



**પ્રિ. સોમાભાઈ પટેલ – 'સોમલ' (1935).** **(193)**
**એમ.એ., એમ.ફિલ., પી.જી.ડિપ્લોમા ઈન લિંગ્વિસ્ટિકસ, એ.એમ. (આર્ટ માસ્ટર), ડિપ્લોમા ઈન આર્ટ (પેઈન્ટિંગ).**
વતનઃ ચાણસ્મા. નિવૃત્ત પ્રિન્સિપાલ, સરસપુર આર્ટ્સ એન્ડ કૉમર્સ કૉલેજ, અમદાવાદ. તંત્રીઃ 'ધરતી' માસિક. નિવૃત્તિ બાદ અમદાવાદ દૂરદર્શન કેન્દ્રમાં કેઝ્યુઅલ ટ્રાન્સલેટર તથા સમાચાર સંપાદનની સહાયક કામગીરી દસ વર્ષ. સાહિત્ય-વિવેચન, ભાષાવિજ્ઞાન, બાળસાહિત્ય, ચિત્રકલા અને સામાન્ય જ્ઞાનનાં કુલ 100 ઉપરાંત પુસ્તકોનું સર્જન. 'બત્રીસ બોધક બાળવાર્તાઓ' પુસ્તકને એન.સી.ઈ.આર.ટી. – નવી દિલ્હી યોજિત 25મી રાષ્ટ્રીય સ્પર્ધામાં પ્રથમ પારિતોષિક અને રાષ્ટ્રીય ઍવૉર્ડ પ્રાપ્ત. એમ.એ.ના અભ્યાસ દરમિયાન ગુજરાત યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ માટે યોજાયેલ કાવ્યસ્પર્ધામાં શ્રેષ્ઠ કાવ્યકૃતિ માટે સુવર્ણચંદ્રક પ્રાપ્ત. 'સારસ્વત અવૉર્ડ'થી અલંકૃત. મો. 9726485116



**શ્રી હરિલાલ વરમોરા.** **(073)**
**એમ.એ., ડી.પી.એડ્.**
પૂર્વ શિક્ષક, સુપરવાઇઝર અને ગૃહપતિ, સર્વ વિદ્યાલય હાઈસ્કૂલ, કડી. સરનામુંઃ એ/40૨, શ્રીધર શિલ્પ, કુડાસણ, ગાંધીનગર. મો. 9427081480



**શ્રી લેફ્ટનન્ટ કર્નલ હસમુખભાઈ એમ. પટેલ. (1939).** **(053)**
વતનઃ કડી. પ્રિન્સ ઑફ વેલ્સ રૉયલ ઇંડિયન મિલેટરી કૉલેજ, દહેરાદુન (1951-55), નેશનલ ડિફેન્સ એકેડેમી, ખડકવાસલા (1956-58), ઇંડિયન મિલેટરી એકેડેમી (1959) – PGD in IR & PM. 1962માં ચીન, 1965 અને 1971માં પાકિસ્તાન સામેના યુદ્ધમાં ભાગ લીધો હતો. મંત્રી – સર્વ વિદ્યાલય કેળવણી મંડળ, ગાંધીનગર શાખા. સરનામુંઃ 203/બી, સત્યમ સ્કાયલાઇન એપાર્ટમૅન્ટ, ટોરેન્ટ પાવર ઑફિસની સામે, સોલા રોડ, નારણપુરા, અમદાવાદ-13. મો. 9727376082.



**શ્રી હસમુખભાઈ એમ. પટેલ M.A., B.Ed.** **(168)**
પૂર્વ આચાર્ય, આદર્શ વિદ્યાલય, સિપોર (2004થી 2021). (પૂર્વ સેનેટ મેમ્બર એચ. એન. જી. યુનિવર્સિટી પાટણ). સરનામુંઃ 6 – પરિશ્રમ સોસાયટી, સંતોષનગર સોસાયટી પાસે, ધરોઈ કૉલોની રોડ – વિસનગર, જિ. મહેસાણા મો. 9925489089




**શ્રી હિતેન્દ્રગીરી બી. ગોસાઈ** **(172)**
આચાર્યશ્રી, શ્રી શં. મા. ઉપાધ્યાય આદર્શ વિદ્યાલય, સિપોર, તા. વડનગર.

# તસવીરોના આયનામાં : આચાર્યશ્રી મનુભાઈ પટેલ



મહામહિમ રાષ્ટ્રપતિશ્રી શંકરદયાળ શર્મા દ્વારા સન્માનિત (વર્ષ : 1993)


मानव संसाधन
विकास मंत्रालय
(शिक्षा विभाग)

MINISTRY OF HUMAN
RESOURCE DEVELOPMENT
(Department of Education)

अध्यापकों के लिये
राष्ट्रीय पुरस्कार

NATIONAL AWARDS
FOR TEACHERS

1993

अध्यापन के क्षेत्र में प्रशंसनीय
लोक सेवा के लिये सम्मानार्थ
प्रदान किया जाता है।

Given in public recognition
of valuable services to the
community as a teacher
of outstanding merit.

श्री मनुभाई जे. पटेल,
प्रधानाचार्य,
राजरत्न सेठ श्री पी. एम.
बहुयोजन सर्व विद्यालय हाई स्कूल
कडी-382715, गुजरात

Shri Manubhai J. Patel.
Principal.
Rajratna Sheth Shree P. M.
Multipurpose Sarva
Vidyalaya High School,
Kadi - 382715, Gujarat.

एम. बी. गिरि
सचिव भारत सरकार
नई दिल्ली
5 सितम्बर 1994

Secretary to Government of India
New Delhi 5th Sept. 1994



મુખ્યમંત્રીશ્રી નરેન્દ્ર મોદી દ્વારા તામ્રપત્રથી સન્માનિત



સ્વામીશ્રી સચ્ચિદાનંદજી દ્વારા સન્માનિત



આદર્શ વિદ્યાલય સિપોર ખાતે બબલભાઈ મહેતા, પુરુષોત્તમ માવળંકર અને ડૉ. વસંતભાઈ પરીખ સાથે



આચાર્યશ્રી પુરુષોત્તમ માવળંકરના પ્રવચનને માણી રહેલા ડૉ. વસંત પરીખ અને સિપોરના આગેવાનો સાથે



આદર્શ વિદ્યાલય, સિપોર ખાતે કવિશ્રી ઉમાશંકર જોષી અને સાક્ષર યશવંત શુક્લ સાથે

કવિશ્રી ઉમાશંકર જોષી
અને કવિશ્રી સ્નેહરશ્મિનું
શાળા પરિવાર
અને ગ્રામજનો સ્વાગત
કરી રહ્યા છે.





કવિશ્રી સુંદરમ્ અને જ્ઞાનપીઠ પુરસ્કારથી સન્માનિત પન્નાલાલ પટેલ સાથે



શિક્ષણમંત્રીશ્રી ગોરધનદાસ ચોખાવાલા અને ધારાસભ્યશ્રી જમુભાઈ ભટ્ટ સાથે



વિખ્યાત ગણિતજ્ઞ અને
કુલપતિશ્રી
પી. સી. વૈદ્ય સાહેબના
હસ્તે મેમેન્ટો સ્વીકાર

સર્વ વિદ્યાલય કેળવણી મંડળના
આર્ષદષ્ટા સંવર્ધક ચેરમેનશ્રી
માણેકલાલ પટેલ સાહેબ સાથે





સહકારી પ્રણેતા અને
પૂર્વમંત્રીશ્રી આત્મારામકાકા
દ્વારા સન્માનિત



સર્વ વિદ્યાલય કેળવણી મંડળના ચેરમેનશ્રી વલ્લભભાઈ, કડવા પાટીદાર કેળવણી ઉત્તેજક મંડળના પ્રમુખ ડૉ. મણિભાઈ એસ. પટેલ અને ડૉ. રમણભાઈ સાથે.



સ્વ. માણેકલાલ એમ. પટેલસાહેબની પ્રતિમાના અનાવરણ પ્રસંગે
ઉપસ્થિત મહાનુભાવો (તા. 12/01/2016)



ગુજરાત યુનિવર્સિટીના કુલપતિ પ્રો. કે. એસ. શાસ્ત્રી સંસ્થાની મુલાકાતે પધારેલા તે સમયે
શ્રી માણેકલાલ પટેલ, ડૉ. રામભાઈ પટેલ, ડૉ. મણિભાઈ પટેલ વગેરે.

આર. જી. પટેલ હાઈસ્કૂલનું ખાતમુહૂર્ત કરતાં દાતા શ્રીમતી રાઈબહેન તથા શ્રી ગોપાળદાસ પટેલ. આ પ્રસંગે વકીલ શ્રી ધનાભાઈ પટેલ વગેરે મંડળના મોવડીઓ દશ્યમાન થાય છે.





શિક્ષણમંત્રીશ્રી નવલભાઈ શાહ દ્વારા સન્માનિત



ચેરમેનશ્રી માણેકલાલ સાહેબ અને શ્રી નરસિંહભાઈ કે. પટેલ સાથે



ડૉ. શ્રી રામભાઈના સ્મૃતિગ્રંથના અનાવરણ પ્રસંગે ચેરમેનશ્રી વલ્લભભાઈ પટેલ, ડૉ. મણિભાઈ એસ. પટેલ ડૉ. રમણભાઈ પટેલ સાથે



ચેરમેનશ્રી માણેકલાલ પટેલ સાહેબ સાથે



શ્રી આત્મારામકાકા, કાલુપુર બેંકના પ્રમુખશ્રી બળદેવભાઈ ડોસાભાઈ, ધારાસભ્યશ્રી નીતિનભાઈ પટેલ અને આચાર્યશ્રી કાનજીભાઈ પટેલ દ્વારા સન્માનિત



સર્વ વિદ્યાલયમાં આયોજિત સમારોહમાં ડૉ. રામભાઈ પટેલ, આચાર્યશ્રી મનુભાઈ જે. પટેલ વગેરે દૃશ્યમાન થાય છે.



વિદ્યાર્થી આશ્રમ ભવનનું નિરીક્ષણ કરી રહેલા સર્વશ્રી ડૉ. રામભાઈ પટેલ, શ્રી માણેકલાલ એમ. પટેલસાહેબ, આચાર્ય શ્રી મનુભાઈ પટેલ વગેરે.



મંડળના મંત્રીશ્રી મનુભાઈ પટેલ સન્માનપત્રનું વાંચન કરી રહ્યા છે.



પ્રો. ડૉ. વિઠ્ઠલભાઈ પટેલનું સન્માન કરતા..




રાષ્ટ્રપતિ એવોર્ડ એનાયત થતાં શ્રી માણેકલાલ સાહેબ દ્વારા સન્માનિત




આદર્શ વિદ્યાલય, સિપોર ખાતે સ્વામીશ્રી સચ્ચિદાનંદજી,
ડૉ. શ્રી દ્વારકાદાસ જોષી અને રતનબેન સાથે



સિપોર ખાતે મુખ્યમંત્રીશ્રી બાબુભાઈ જશભાઈ પટેલ, શ્રી સાંકળચંદ પટેલ, શ્રી મોતીભાઈ ચૌધરી સાથે



આચાર્યશ્રી યશવંત શુક્લ, આચાર્યશ્રી પુરુષોત્તમ માવળંકર અને સરપંચશ્રી પ્રેમશંકર શુક્લ દ્વારા સિપોર ખાતેથી વિદાય સન્માન અને સ્મૃતિચિહ્ન અર્પણ



વિદાય સન્માન પ્રસંગે સિપોરના અગ્રણી અને ઉદ્યોગપતિશ્રી દેવશંકરભાઈના હસ્તે મેમેન્ટો સ્વીકાર.




સિપોર ખાતે શ્રી યશવંત શુક્લ, શ્રી માવળંકર સાહેબ અને ડૉ. વસંતભાઈના સાંનિધ્યમાં વિદાય સમારંભ




સિપોર ખાતે સ્વામીશ્રી સચ્ચિદાનંદજી, ડૉ. શ્રી વસંતભાઈ પરીખ, રત્નપ્રભાબેનની ઉપસ્થિતિમાં સન્માન સમારંભ




સિપોર ખાતે શબ્દો-વાણીથી સન્માનતા સ્વામીશ્રી સચ્ચિદાનંદજી




આદર્શ વિદ્યાલય, સિપોર ખાતે ઉપવનનું નામાભિધાન 'મનુભાઈ તપોભૂમિ'




ચાણસ્મા ખાતે સ્વામીશ્રી સચ્ચિદાનંદજી (દંતાલી) સ્વામીશ્રી સચ્ચિદાનંદજી (ચાણસ્મા), શ્રી નથ્થુભાઈ, શ્રી પી. પી. પટેલ અને નગરજનોની ઉપસ્થિતિમાં સન્માન સમારોહ




શહીદવીર મણિભાઈના સ્મારકના અનાવરણ પ્રસંગે સ્વામીશ્રી સચ્ચિદાનંદ, શ્રી સચ્ચિદાનંદજી (ચાણસ્મા), મંત્રીશ્રી નીતિનભાઈ, ધારાસભ્યશ્રી અરવિંદભાઈ અને ગં. સ્વ. પાર્વતીબહેન, શ્રી માણેકલાલ સાહેબ સાથે



સર્વોદયી અને ભૂમિપુત્રના સંપાદકશ્રી કાન્તિભાઈ શાહ અને ગ્રામભારતી અમરાપુરના આચાર્યશ્રી ઈશ્વરભાઈ શી. પટેલ સાથે ચાણસ્માના ઘરે ભોજન



લોકનિકેતનના સંસ્થાપક ભૂતપૂર્વ મંત્રી અને
સંસંદસભ્યશ્રી હરિસિંહભાઈ ચાવડા દ્વારા સન્માનિત



ગાંધી આશ્રમ, ઝિલીયાના સંચાલક અને
ધારાસભ્યશ્રી માલજીભાઈ દેસાઈ દ્વારા સન્માનિત



કોરોનાની માંદગી પછી ડૉ. મણિભાઈ
પટેલ અને શારદાબેનની શુભેચ્છા મુલાકાત




આચાર્યશ્રી ચંદુભાઈને મેમેન્ટો અર્પણ..



સૌજન્ય : ચિત્રકાર 'સોમલ' (1958)



પ્રો. ડૉ. વિઠ્ઠલભાઈ પટેલ અને અન્ય કાર્યકરો સાથે



દત્ત પરિવારના
પૂ. પ્રેમઅવધૂતજીને પ્રણામ



કે. બી. જનરલ હૉસ્પિટલ, ચાણસ્મા ખાતે કથાકાર-સંતશ્રી રમેશભાઈ ઓઝા સાથે



સિપોર ખાતે કુલપતિશ્રી પી. સી. વૈદ્યસાહેબ અને સહકાર્યકરો




શિક્ષણશાસ્ત્રી આચાર્યશ્રી દાઉદભાઈ ઘાંચી સાથે



જ્યોતિ હૉસ્પિટલ વિસનગરના
ડૉ. મિહીરભાઈ જોષી સાથે



ઉપપ્રમુખશ્રી નીતિનભાઈ પટેલ સમક્ષ ચાણસ્મા
નજીક સ્થપાનાર (સંભવિત) કેમીકલ વેસ્ટ
પ્લાન્ટનો વિરોધ દર્જ કરાવતું આવેદનપત્ર સુપરત



ચાણસ્માની આચાર્ય ત્રિપુટી શ્રી ચંદુભાઈ પટેલ, શ્રી નાથાભાઈ સથવારા
અને શ્રી મનુભાઈ જે. પટેલ



બદ્રીનાથ - કેદારનાથના પ્રવાસે
લક્ષ્મીબેન અને છનાલાલ સાથે




ચિ. આદિત્ય દાદાની આંગળી પકડીને...




શાળા પરિવાર પ્રવાસે. દિલ્હી ખાતે વડાપ્રધાન શ્રીમતી ઇન્દિરા ગાંધી સાથે એમના નિવાસ સ્થાને

યુવાનીથી જીવનસંધ્યા સુધીનું પ્રયાણ







પૂ. બાપુજી જેકીશનદાસ



પૂ. બા ચંચળબા





પૂ. મોટાભાઈ શંભુપ્રસાદ

✶

પૂ. શાન્તાભાભી

મનુભાઈ

✶

પુષ્પાબેન









બનેવીશ્રી હરિપ્રસાદ

✶

બહેનશ્રી શાન્તાબેન

જીવનસંગિની પુષ્પાબેન સાથે





પુષ્પાબેન અને શહીદવીર મણિભાઈનાં પત્ની પૂ. પાર્વતીબેન



વોશિંગ્ટન ડી. સી. સ્થિત (બેલ્ટ્સવીલ) સ્વામિનારાયણ મંદિર ખાતે નિરાંતની પળો !



સ્ટેચ્યુ ઑફ યુનિટીના પ્રવાસે, સાથે છે બચુભાઈ

કોવીડ (કોરાના)ની કસોટીમાંથી પાર ઉતર્યા પછીની જિંદગી



ચિ. પૂર્વ સાથે



ઘરના આંગણે નિરાંતની પળો



સમાચારપત્રનું વાંચન, દેશ-દુનિયાની ખબર



પ્રસન્ન મુદ્રામાં



અમેરિકા ખાતે ચિ. હર્ષના લગ્નપ્રસંગે અમેરિકા અને કેનેડા સ્થિત બૃહદ પરિવાર શ્રી બાબુભાઈ, શ્રી રતુભાઈ, શ્રી કિરીટભાઈ, શ્રી કમળાબેન, શ્રી ઊર્મિલાબેન, શ્રી સવિતાબેન, શ્રી ચંદ્રિકાબેન વગેરે સાથે.



કેનેડા ખાતે ચિ. દેવાંશીના લગ્નમાં ઉપસ્થિતિ
નીતાબેન, મહેશભાઈ, પન્નાબેન, મનુભાઈ, શંકુતલા, અરવિંદભાઈ અને રેણુકાબેન



બહેનો-બનેવીઓ સાથે
સવિતાબેન-અમૃતલાલ, છનાલાલ-લક્ષ્મીબેન, સુભદ્રાબેન-નટવરલાલ અને ડૉ. અમૃતલાલ



બહેન-બનેવી
લીલાબેન – ચીનુલાલ



દીકરી-જમાઈ
રેણુકા – નૈષધકુમાર



દીકરી-જમાઈ
નીતા – અભયકુમાર





હર્ષ-રિયા અને આદિત્ય

બહેનો : કાન્તાબેન, લીલાબેન,
લક્ષ્મીબેન, સુભદ્રાબેન,
બનેવી ચીનુલાલ અને
દીકરા-દીકરીઓ સાથે



ચિ. હર્ષ, રેણુકાબેન, નીતાબેન,
કિન્નરી, કૃપાલી, જિગર, જય,
સોનમ, પુરણ વગેરે સાથે



ચિ. કૃપાલિના લગ્નપ્રસંગે,
પૂ. શાન્તાબા, પ્રહ્લાદભાઈ,
રામુભાઈ, નથ્થુભાઈ અને
સ્નેહીજનો સાથે



ચિ. કૃપાલી સંગે
વોશિંગ્ટન ડી. સી. દર્શન



અમેરિકા-કેનેડા સ્થિત મનુભાઈનો પરિવાર



ઉત્તરાયણ મનુભાઈનો જન્મદિવસ. ચાણસ્મા ખાતે પાંચેક વર્ષથી કુટુંબી અને મોહલ્લાજનો સાથે નિયમિત ઉજવણીનું દ્રશ્ય



ચાણસ્મા ખાતેનું પૈતૃક નિવાસસ્થાન

# મૂલ્યનિષ્ઠ બહુમુખી પ્રતિભાનો દસ્તાવેજ

શિક્ષકને આપણે માત્ર શિક્ષક તરીકે જોઈએ, જાણીએ અને નાણીએ, તો તે સાચા શિક્ષકની પ્રતિભાને ઘણી વાર અન્યાયકર્તા બની રહે છે. હકીકતમાં તો શિક્ષક એ પોતાના જ્ઞાનનું, સંવેદનાનું, આચરણનું, વિચારનું અને કાર્યનું પોતાના વિદ્યાર્થીઓમાં રૂપાંતર સાધે છે અને આ રૂપાંતર સાધવા માટેનો એનો પુરુષાર્થ એ જ એનું ખરેખરું શિક્ષકત્વ.

આવા શિક્ષકત્વનું આકાશદર્શન આપણે **'સર્વ વિદ્યાલય, કડીના ઋષિકુળ પરંપરાના આચાર્ય શ્રી મનુભાઈ જે. પટેલ અભિવાદનગ્રંથ'** એ શ્રી મણિભાઈ પ્રજાપતિ સંપાદિત ગ્રંથમાંથી પામી શકીએ છીએ. ૩૯૬ પૃષ્ઠો અને ૧૨૦ લેખોમાં વિવિધ ક્ષેત્રની વ્યક્તિઓએ અર્વાચીન કાળના ઋષિપરંપરાના આચાર્ય એવા શ્રી મનુભાઈ જે. પટેલના જીવનનો સંપૂર્ણ અને સર્વગ્રાહી પરિચય મળી રહે, તેવો પ્રયાસ કર્યો છે. એ ઋષિકુળની પરંપરાનો પાંચમો મણકો એટલે આદરણીયશ્રી મનુભાઈ જે. પટેલનો આ અભિવાદન ગ્રંથ. એક અર્થમાં કહીએ તો આ ચરિત્ર-ગ્રંથનું અધ્યયન એ પ્રત્યેક શિક્ષકને માટે પ્રગતિની પગદંડી બની રહેશે. વળી એમાં પણ આ ગ્રંથના સંપાદક શ્રી મણિભાઈ પ્રજાપતિએ પોતાની આગવી સંપાદન સૂઝથી આમાં સમાવેશ પામેલા લેખોને સાત વિભાગમાં વર્ગીકૃત કરીને આચાર્યશ્રી મનુભાઈ પટેલના સમગ્ર જીવનનો સર્વાંગી પરિચય આપવાનો પ્રયાસ કર્યો છે. વિશેષ તો એમની સાથેની પ્રશ્નોત્તરી રજૂ કરીને એને પૂરો ઘાટ આપ્યો છે. જેમ કોઈ સ્થપતિ મૂર્તિને આખરી ઓપ આપે તેમ.

આચાર્ય શ્રી મનુભાઈ પટેલ એવા આચાર્ય છે કે જે વિદ્યાર્થીઓને જ નહીં, બલ્કે પોતાની આસપાસના સમાજના શિક્ષણની ચિંતા કરે છે. સર્વોદય અને ગાંધીવિચારને પોતાના જીવનકાર્યમાં ઉગાડે છે. આ એક એવો શિક્ષક છે કે જેને નાની કે સામાન્ય વ્યક્તિઓ તરફ સૌહાર્દ, સાથીઓ પ્રત્યે સંવેદના, જીવનવ્યવહારમાં પ્રમાણિકતા અને વહીવટી પારદર્શકતાનો પરિચય આપ્યો છે. આમ આ એક ગ્રંથ એવા આચાર્યની ઓળખ આપે છે કે જેમનું ભીતર અને બાહ્ય બંને એકરૂપ છે. આવા શિક્ષણના ઋષિની કેટલીય ઘટનાઓ આ અભિવાદન ગ્રંથમાંથી પ્રાપ્ત થાય છે અને એ જ ભાવિ પેઢીને માટે એક માર્ગસૂચક બની રહે છે. એક ઋષિતુલ્ય આચાર્યશ્રીની મનોસૃષ્ટિ અને કાર્યસૃષ્ટિનો વિવિધ ક્ષેત્રની વ્યક્તિઓ દ્વારા પરિચય પ્રાપ્ત થાય છે; જેમ કોઈ કલાકાર એક પછી એક રેખા દોરીને અને એમાં રંગ પૂરીને સમગ્ર ચિત્ર સર્જે તેમ. આ માટે આપણે ગ્રંથ-સંપાદક શ્રી મણિભાઈ પ્રજાપતિના પણ આભારી છીએ.

ડૉ. કુમારપાળ દેસાઈ

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ
કડી-૩૮૨૭૧૫ (૨૦૨૪)